
# શ્રી પદ્મનંદિ-પંચવિંશતિ



આચાર્યવર શ્રી પદ્મનંદિસ્વામી

પ્રકાશક :
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

ૐ

परमात्मने नमः।

# શ્રી ઋષભજિન સ્તોત્ર પ્રવચન

## (અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શ્રી પદ્મનંદીઆચાર્યદેવ વિરચિત પદ્મનંદી પંચવિંશતિકા ગ્રંથમાંથી શ્રી ઋષભજિન સ્તોત્ર ઉપર પ્રવચન

**શ્રાવણ વદ ૧૨, શુક્રવાર તા. ૧૯-૮-૧૯૬૦**
**ઋષભજિન સ્તોત્ર ગાથા-૧, પ્રવચન-૧**

આ ઋષભદેવ ભગવાનનું સ્તોત્ર એટલે ભક્તિ છે. ધર્મી જીવને ધર્મ એટલે આ આત્માનો જે જ્ઞાન અને આનંદ એનો સ્વભાવ છે, સવારે ચાલે છે કે શક્તિનો એ ભંડાર છે આત્મા, અનંત અનંત સંખ્યાએ શક્તિઓ (રહેલી છે). અનાદિઅનંત આત્મામાં શક્તિ રહે એ તો કાળ છે. પણ આ આત્મતત્ત્વમાં આ પરમાણુ, દેહથી જુદું તત્ત્વ છે અને એના વર્તમાન દશામાં પુણ્ય અને પાપના ભાવો શુભાશુભ થાય એની કૃત્રિમતાથી, અકૃત્રિમ ચૈતન્યનિધાન, અનંત ગુણની ખાણ, એવો શક્તિવંત આત્મા, એની જેને શ્રદ્ધા-જ્ઞાન અને ભાન થાય એને ધર્મી કહેવાય છે. એ ધર્મીને ધર્માત્મા, પરમાત્મા ઉપર ભક્તિનો શુભભાવ આવ્યા વિના રહેતો નથી. સમજાણું કાંઈ?

શાસ્ત્રમાં તો એમ કહે છે કે મુક્તિ એ સર્વજ્ઞની કૃપાનું ફળ છે. શું કીધું? મુક્તિ સર્વજ્ઞની કૃપાનું ફળ છે. ભગવાન એક સેકન્ડના અસંખ્ય ભાગમાં જેનો જ્ઞાન નિધિ સ્વભાવ સત્યપણે પૂર્ણ જે અંતર સત્‌પણે છે, ભર્યો છે એવી જેને વિકાસદશા જેની વર્તમાન અવસ્થામાં થઈ ગઈ એવા સર્વજ્ઞ પરમાત્મા, એની જે વાણી આવી, એ વાણીનું નિમિત્ત અને આત્મા પોતાના

ચૈતન્ય સ્વભાવને જાણે એથી જાણે ભગવાનની આજ્ઞા અને કૃપાનું ફળ જાણે મને મુક્તિ મળી. કહો, વજુભાઈ! નિમિત્તથી કાંઈ થાય નહિ, પરથી કાંઈ થાય નહિ ને વળી આ (આમ કહે). એનો અર્થ એ છે ખરેખર તો કે ચૈતન્યનિધાન, અનંત ગુણનો પ્રભુ ધરનાર પ્રભુત્વ શક્તિનો પિંડ આત્મા છે. એની જેને દૃષ્ટિ, સ્થિરતા થઈને વ્યક્તતા પૂર્ણતા થઈ, એક આ આત્માને આદર્શ તરીકે, અરીસા તરીકે કે જેવું એનું સ્વરૂપ છે એવું મારું છે, એમ અંતરમાં જેણે આત્માના સ્વભાવની શુદ્ધતાની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા દ્વારા પૂર્ણતા જેણે પ્રાપ્ત કરી એવા પરમાત્મા પ્રત્યે ધર્માત્માને ભક્તિ થયા વિના રહેતી નથી. અને એ એમ જ કહે, પ્રભુ! હું મુક્ત થયો અથવા મને આત્માનું ભાન થયું એ આપની કૃપાનું ફળ છે. કેમ કે પરંપરાએ આપને અમારા બધા જીવો ઉપર વાત્સલ્ય વર્તે (છે). ભાઈ! એમાં છે ને?

હે નાથ! સર્વજ્ઞ પરમાત્મા અરિહંત દેવ પ્રભુ એ તો વીતરાગ છે. અનંત અનંત જેની શક્તિનું, સ્વભાવનું સત્ત્વ છે તેની વ્યક્તતા-પ્રગટતા થઈ છે. તેને કહે છે કે પ્રભુ! આપ તો અમારા પ્રત્યે વાત્સલ્ય-પ્રેમ કરનારા છો. લ્યો! ભગવાન વાત્સલ્ય કરતા હશે? અકષાય કરુણા એને છે. અકષાય કરુણા. પૂર્વે વિકલ્પ રાગ હતો કે હું પૂર્ણ આત્મ સ્વભાવને પામું. એવો જ્યારે વિકલ્પ તૂટીને પૂર્ણતા થઈ ત્યારે જાણે જગતની કરુણા માટે, એની વાણી વરસતી હોય એમ ભક્તો પોતાના આત્માના સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન ને ઉલ્લાસમાં એમ કહે છે કે પ્રભુ! આ અમે ધર્મ પામ્યા એ આપની કૃપા અને કરુણાનું ફળ છે. સમજાય છે કાંઈ? ઈશ્વરચંદજી! ભારે ભાઈ!

એ અકષાય કરુણા એટલે? આમ જ્યારે આત્માનું ભાન થયું પછી વિકલ્પ તો રાગ રહ્યો એથી પૂર્ણ થાઉં એમ થયું અને જગતના પ્રાણી આ આત્માના આ સ્વભાવની નિધિરૂપ ચૈતન્ય ચમત્કાર ભગવાન, એને એ સમજે, ઓળખે અને પામે. એમ એ ભગવાન સર્વજ્ઞ થવા પહેલા પણ એમને એવો રાગ હતો. રાગ ટળ્યા પછી પણ અકષાય કરુણા એમ રહી છે એમ આચાર્યોએ વીતરાગી કરુણાને આપ પ્રભુ અમારા ઉપર પ્રેમ ધરાવો છો (એમ કહ્યું છે). પ્રેમ તો પોતે કરે છે ત્યાં. સમજાય છે?

મહાપ્રભુ મહાપ્રભુ. મહાપ્રભુ એટલે? કે જેની શક્તિમાં તો પ્રભુતા પૂર્ણ હતી, બધાને છે, પણ જેની દશામાં મહાપ્રભુતા પ્રગટ થઈ ગઈ. એને કહે (છે), પ્રભુ! આપની કૃપાએ અમને આ ધર્મ સમજાય છે, હોં! ઈશ્વરચંદજી! કૃપા કેવી આ? બીજા ઈશ્વર જેમ બીજાનું કાંઈક કરતા હશે? પોતાનો પ્રેમ છે ને ભગવાન પ્રત્યે? આહાહા..! હે નાથ! આપની આ નિધિ પ્રગટી આપને! અને અમે તો આપના દાસાનુદાસ સેવક છીએ. આપના ચરણરજ સેવક છીએ. પ્રભુ! અમને તો એમ લાગે છે કે અમારા પ્રત્યે આપને વાત્સલ્ય પ્રેમ વર્તે છે. સમજાણું કાંઈ? એવો ભાવ સર્વજ્ઞ પરમાત્મા અરિહંતદેવ અને સિદ્ધ ભગવાનને જે જાણે, ઓળખે એને આવા પરમાત્મા પ્રત્યે ઉલ્લાસ, ભક્તિ, પૂજા, વંદન, સ્તુતિ, સ્તવન, સ્મરણ

એવો ભાવ શુભ આવ્યા વિના રહે નહિ. છે એ શુભરાગ પુણ્યબંધનનું કારણ, પણ પૂર્ણતાની પ્રાપ્તિ પોતાને ન હોય ત્યારે એ ભાવ ભક્તિનો ઉલ્લાસ આવે.

અરે..! તને ભગવાનની ભક્તિ નથી ઉલ્લસતી? કહે છે ને? 'નિયમસાર'. 'પદ્મપ્રભમલધારી' મુનિ. અરે..! તને ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથ (પ્રત્યે ભક્તિ નથી આવતી?). એનો અર્થ એ છે કે આમ રાગ-દ્વેષ, નિમિત્ત અને અલ્પજ્ઞની રુચિ તૂટીને અને આ આત્મા સ્વભાવની મૂર્તિ છે એવી પ્રતીત અને સમ્યગ્દર્શન જો તને થયું અને ભાન (થઈને) જો આત્માની ભક્તિ તને થઈ તો ભગવાનની ભક્તિ તને આવ્યા વિના રહે નહિ. અને ભગવાનની ભક્તિ તને ન આવે તો સંસારના મોટા મગરમચ્છના મુખમાં તું પડ્યો છો. ભવ દરિયે ચોર્યાશીના અવતારમાં (તું પડ્યો છો). જેણે ભવ તોડ્યા, ભગવાને તોડ્યા અને ભવ તોડવાની વાતું કરી. જેણે ભવ એટલે રાગ અને દ્વેષ અને રાગ-દ્વેષ, પુણ્ય-પાપ મારા એવું જે અજ્ઞાન, એ અજ્ઞાન અને રાગ-દ્વેષ ટાળીને જેણે જ્ઞાન અને વીતરાગતા પ્રગટ કરી, એવા પરમાત્માની જો ભક્તિ તને ન હોય, એણે તો ભવ ટાળ્યા અને ભવ ટાળવાની વાત કરુણાથી અકષાય હૃદયથી કહી રહ્યા છે, તો એવા ભગવાન પ્રત્યે તને જો પ્રેમ ન આવે અને એના કરતાં બાયડી, છોકરા, શરીર, કુટુંબ, લક્ષ્મી, આબરૂ પ્રત્યે પ્રેમ અધિકપણે ત્યાં લુંટાઈ જાય તો કહે છે કે મોટો મૂઢ છો. સંસારના મધદરિયે મહા મગરમચ્છના મુખમાં પડ્યો છો.

મગરમચ્છનો સ્વભાવ જોયો છે? સાંભળ્યો છે? એ પગ પકડે એને મૂકે નહિ. એ પકડી જાણે છે. છોડી નથી જાણતો મગરમચ્છ. ભાઈ! એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? મગરમચ્છ કોઈપણ બાળકને, ઓલાને પડ્યું હોય ને પકડ્યો પગ, પછી ખલાસ! એ તો દરિયામાં મધ્યમાં ખેંચીને લઈ ગયે છૂટકો છે. મધ્યમાં લઈ જઈને પછી ખાય. પકડતા એને આવડે છે. છોડતાં નથી આવડતું. એમ અનાદિનો અજ્ઞાની આ સ્વભાવ ચૈતન્યજ્યોત જ્ઞાતા-દ્રષ્ટા છે. જગતનો સાક્ષી દીવો છે. એવી તને રુચિ જો થાય તો સર્વજ્ઞ પરમાત્મા પ્રત્યે ભક્તિનો રાગ આવ્યા વિના રહે નહિ. નહિતર મગરમચ્છે પકડ્યો અજ્ઞાનથી પકડાઈ ગયો છો. એ પકડાણો એ પકડાણો. અજ્ઞાનભાવમાં છૂટવાનો સ્વભાવ નથી. એ મગરમચ્છ ટાંગો પકડે, છોડતા આવડે નહિ. અજ્ઞાની પકડી રાખે આમ. આ દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ થાય ને, એ રાગ છે (એને) પકડતા આવડે છે અજ્ઞાનમાં, છોડતાં આવડતું નથી. સમજાય છે કાંઈ?

અહીં મુનિ છે. જંગલમાં વસનારા છઠ્ઠે-સાતમે ગુણસ્થાને જુલનારા પદ્મનંદિ આચાર્ય છે. હજાર વર્ષ પહેલા જંગલમાં એમણે ભગવાનની સ્તુતિ કરી છે. જાણે ઋષભદેવ ભગવાન સામે બિરાજતા હોય અને ભક્ત જાણે એને કાંડુ પકડીને (કહે છે), ઊભા રહો પ્રભ! ઓહોહો..! સંમતભદ્રમાં આવે છે એ. અહીં ઋષભદેવની સ્તુતિ જંગલમાં રચી છે. ધર્મીને ધર્મ કર્તવ્ય આત્માનું ભાન થયું તેમાં તેને આવી ભક્તિનો ભાવ હોય એ જણાવવા આ સ્તુતિ અને ભક્તિનું વર્ણન કરવામાં આવ્યું.

'**જય**' પહેલો શબ્દ પડ્યો છે. પહેલો શ્લોક.

**जय उसह णाहिणंदण तिहुवणिलएक्कदीव तित्थयर।**
**जय सयलजीववच्छल णिम्मलगुणरयणणिहि णाह।।१।।**

'**શ્રીમાન! નાભિ રાજાના પુત્ર,...**' હવે નામથી ઓળખાવે છે. કુળથી ઓળખાવે છે પહેલું. પછી એની જાતથી (ઓળખાવશે). પ્રભુ! આ અનાદિ મુક્ત નહોતા એમ જણાવવું છે. પ્રભુનો આત્મા કે કોઈ આત્મા, તીર્થંકરો થયા એ અનાદિ મુક્ત નહોતા. એ પૂર્વે આત્મજ્ઞાન પામ્યા પછી તીર્થંકરગોત્ર બાંધ્યું અને પછી કોઈ કુળમાં તેનો જન્મ થયો છે. એવા પરમાત્મા તેના માતા-પિતાથી તેને ઓળખાવે છે. એ કાંઈ પરમાત્મા (અનાદિથી મુક્ત નથી). કેટલાક કહે કે અનાદિ મુક્ત છે. ના. એવા એવા તીર્થંકરને તીર્થંકર કહેવાય નહિ.

તીર્થંકર અને જે જગતના તીર્થના પ્રવર્તન કરનારા કોઈ કુળમાં જન્મે છે. શરીરપણે. નિશ્ચયથી તો પોતાની પર્યાયમાં જન્મે છે. પણ બહાર એ બતાવે છે કે આ જે તીર્થંકરની સ્તુતિ કરું છું એ અનાદિનો એ આત્મા છે પણ એની દશા અનાદિની નહોતી. દશા થઈ જ્યારે સર્વજ્ઞપદની એ કાળે એના માતા-પિતા કોણ હતા એ બતાવીને ભગવાનની સ્તુતિ કરે છે.

'**શ્રીમાન! નાભિ રાજાના પુત્ર,...**' ભગવાન તો પુત્ર હોય નહિ. કહો, સમજાણું કાંઈ? ઓળખાવે છે કે ઋષભદેવનો આત્મા કાંઈ બાકી રાગ રહી ગયો હતો, પુણ્યબંધન થયું તો એ નાભિરાજાના કુળમાં અવતર્યા. એટલે નાભિ રાજાની સ્ત્રી એવા મરુદેવી માતા એના કૂખમાં (અવતર્યા). એમ કરીને એનું અસ્તિત્વ ક્યાં હતું, ક્યાંથી આવ્યા, એના માતા-પિતા એ છે, અદ્ધરથી લખિતંગ નથી. સમજાય છે કાંઈ? એ તીર્થંકર નાભિરાજાના પુત્ર એક વાત કહી. હવે એ તો નિમિત્તથી પિતાની વાતથી એને ઓળખાવ્યા.

હવે 'પ્રવચનસાર'માં પહેલું ચાલ્યું છે કે હું ભક્તિ કરનાર, વંદન કરનાર કોણ? અને કોને વંદન કરું છું? પહેલું આવે છે ને? હું, 'કુંદકુંદાચાર્ય' કહે છે કે હું ભગવાનને વંદન કરું છું. હું કોણ? અને જેને વંદન કરું છું એ કોણ, બેયનું મને ભાન છે. સમજાય છે? એ ભગવાનને વાસ્તવિક વંદન અને સ્તુતિ અને ભક્તિ કરી શકે. આમ ને આમ આંધળી દોડે અનાદિકાળથી કોણ અરિહંત છે (એનું સ્વરૂપ ઓળખ્યા વિના) ણમો અરિહંતાણં (કરે છે). ક્યાં ગયા કેવલચંદભાઈ? સમજાણું? ન્યાં જોડે બેઠા છે. ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં. કોને ખબર કે અરિહંત કેવા હશે. એ તો એક ત્યાં ભગવાન છે. ત્રણ કાળનું જાણે છે, આવા છે. પણ શું છે? ત્રણ કાળનું જાણે એવી શક્તિ શું, એની પ્રગટ દશા શું અને તું એને વંદન કરનાર કઈ સ્થિતિમાં ઊભો છો અને કઈ સ્થિતિમાં વંદન જેને કરે છો તેની કઈ સ્થિતિ છે? એના વાસ્તવિક જ્ઞાન વિના એની શ્રદ્ધા પણ સાચી નથી અને એની ભગવાન પ્રત્યે ભક્તિ પણ સાચી નથી. કહો, સમજાણું કાંઈ? એથી પહેલી વાત (કરતાં) એના પિતાના નામથી ઓળખાવ્યા. હજી અવતારમાં અહીં આવ્યા છે. ત્યારે સર્વજ્ઞ થઈને આવ્યા નથી

પણ એ ભવમાં સર્વજ્ઞ થવાના છે.

'**તથા ઉર્ધ્વલોક, મધ્યલોક, અધોલોકરૂપી ઘરના દીપક...**' છે. કેવા છે પ્રભુ સર્વજ્ઞ પરમાત્મા? 'કુંદકુંદાચાર્યે' એ કહ્યું, હું વંદન કરનાર કોણ? પ્રભુ! વંદન કરનાર હું આત્મા. જ્ઞાન-દર્શન સ્વભાવથી ભરેલો હું. એ હું. પુણ્ય-પાપના રાગ ઉઠે એ હું નહિ. હું એક જ્ઞાન-દર્શનના સ્વભાવથી ભરેલો પદાર્થ એ હું. આપ કેવા છો? ત્રણ કાળ ત્રણ લોકને જેણે એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ જાણ્યા. એવા સર્વજ્ઞપદને હું આ નમસ્કાર કરું છું. કહો, સમજાણું આમાં કાંઈ? કહે છે, ત્રણ લોકના દીપક છો. આ તો ત્રણ લોકનો દીવો છે. સર્વજ્ઞપદ અંદર પ્રગટ્યું, ત્રણ લોકને જણવનાર દીવો છે. ઉર્ધ્વલોકમાં શું, મધ્યલોકમાં શું અને અધોલોકમાં શું, એ ત્રણ લોકના દીપક. અહીં તો ત્રણની વાત કરી. લોકાલોકના દીપક છે.

ચૈતન્ય દીવો પ્રભુ આપને એવો પગટ્યો છે, એવા અજવાળા પ્રગટ્યા છે. પ્રગટ્યા છે એનો અર્થ? કે આપની અંદર જ્ઞાન કળી અંદર જે હતી, જ્ઞાનકળી-સ્વભાવ એમાં એકાગ્ર થઈને જે કેવળજ્ઞાન ખીલ્યું છે, કેવળજ્ઞાન ખીલ્યું છે. જુઓ! આ ભાન ક્યાંથી થયું? ક્યાંથી આવ્યું? એવા ભાનસહિત ભગવાનને વંદન કરે છે. આહાહા..! કોણ જાણે આંધળી દોડે.. ભગવાનજીભાઈ! રૂપિયા આપો કે ભાઈ! મંદિર કરો. .. પછી? એ ભગવાન કોણ છે પણ અંદર જેને તું બિરાજમાન કરે છે? તું એને પધરાવે છે કઈ રીતે છે? અને એના મૂળ ભાવ નિક્ષેપ સ્વરૂપ છે ઈ શું છે? ખબર ન મળે. ભાવ શું ભગવાન જાણે. ભાવનિક્ષેપ શું, બધું આ ભગવાન. આ ભગવાન જાણે તારી (દેશે), મૂર્તિ તારી દેશે અને મૂર્તિ તને કલ્યાણ કરી દેશે.

ભાઈ! એ તો શુભભાવ આવે ત્યારે તેને નિક્ષેપ વ્યવહાર લાગુ પડે છે. પણ કોને? જેને એના સર્વજ્ઞ પદના પ્રાપ્તની પ્રભુતાની જેને ખબર છે. પ્રભુ! આપ તો ત્રણ લોકના દીવા છો. કર્તા નહિ. એટલે એમ ઠરાવ્યું. કોઈ એમ કહે કે ભગવાન આ જગતના કર્તા છે કે કાંઈ આપે છે કે કાંઈક દે છે કે કાંઈક લે છે, એવા પ્રભુ હોઈ શકે નહિ. એને પ્રભુ કહેવાય નહિ. એ તો ત્રણ લોકના પ્રકાશક છે-જાણનાર છે. શું છે હું અને શું છે તે, તેનું સર્વજ્ઞપદે જ્ઞાન થયું છે. એવું પદ જેના દૃષ્ટિમાં, શ્રદ્ધા-જ્ઞાનમાં આવ્યું છે એ સર્વજ્ઞ ભગવાનની સ્તુતિ કરે છે. કહો, સમજાયું? ઈશ્વરચંદજી! આ ઈશ્વરને ઓળખાવે છે.

'**ઊર્ધ્વલોક-મધ્યલોક-અધોલોકરૂપ જે ઘર...**' પાછું આ ઘર. જગતનું ઘર હોય છે ને. ઘરમાં એક દીવો હોય તો આમ પ્રકાશ આપે. આ ત્રણ લોકનો દીવો. ત્રણ લોકનું ઘર. એમાં એક દીવો પ્રભુ! આખું ચૈતન્ય કેવળજ્ઞાન પ્રકાશ્યું છે, એ સર્વજ્ઞની અમને પ્રતીત થઈ છે. આપ સર્વજ્ઞ છો એમ અમને ભરોસો આવ્યો છે. કેમ? કે એ સર્વજ્ઞપદ આપે અંતરના સ્વભાવમાંથી ખીલવીને પ્રગટ કર્યું છે. અમે પણ અમારા ચૈતન્યના એક સમયના સામર્થ્યના

સ્વભાવની પ્રતીત, રુચિ અમે કરી છે. અને અમે સર્વજ્ઞપદને શક્તિ રૂપે પ્રતીત કરી છે. આપને વ્યક્તતારૂપે પ્રગટ્યું છે. હે પ્રભુ! આપ તો ત્રણ લોકના દીવા છો. એનો અર્થ કર્યો આ હું પણ ત્રણ લોકનો જાણનાર અને દેખનાર છું. સમજાય છે કાંઈ? પૂર્ણચંદજી! શું છે?

આ તો કહે, લ્યો! ભગવાનની પૂજા-ભક્તિ .. આપણે આટલી બધી ચર્ચાઓ અને તત્ત્વની વાત અને ઉપાદાનથી કામ થાય, નિશ્ચયથી કામ થાય, વ્યવહાર તો રાગ આવે એ બંધનું કારણ (છે). આવી ચર્ચાઓ આપણા પરંપરા મા-બાપોને ખબર નહોતી. આપણા મા-બાપ ને બધા.. કેવળચંદભાઈ! તમારા બાપને હતી ખબર આ? આ બધી વાતુંની? કાંઈ સાંભળ્યું નહોતું ત્યાં. એક જણે પ્રશ્ન કર્યો. ભાઈ! અમારા બાપને તો આવી કાંઈ ખબર નહોતી. ઉપાદાન શું ને નિમિત્ત શું ને નિશ્ચય શું અને વ્યવહાર શું? ત્યારે એ બધા પૂજા-ભક્તિ કરતા એને ધર્મ થાતો હશે કે નહિ? ભગવાનજીભાઈ! આ પ્રશ્ન કર્યો. અરે..! ભગવાન!

એમ કે આવી બધી ચર્ચાઓ જે અત્યારે ચાલે છે તત્ત્વની, એ તત્ત્વની ચર્ચાની તો ગંધ પણ નહોતી આપણા મા-બાપ ને કુટુંબ પાસે. તો એ લોકો પૂજા-ભક્તિ કરતા તો ધર્મ છે કે નહિ? કહે હા. ઓલો કહે ધર્મ છે. કેમ? ભગવાનને માને છે ને, ભગવાનની પૂજા કરે છે. અરે..! માનતો નથી, સાંભળને હવે. પૂજા-ભક્તિ કરતા હતા અમારા બાપ. અને આમ જાત્રા કાઢતા હતા ને બબ્બે લાખ-પાંચ લાખ ખર્ચતા હતા. એ લોકોને કાંઈ ધર્મ થાતો હશે કે નહિ? એ કુંવરચંદજી! પ્રશ્ન કર્યો એક ફેરી. પછી એક પંડિતે જવાબ આપ્યો એને. એને પણ ધર્મ થાશે. ભગવાન માનતા હતા ને, આ ભગવાન છે. અને પૂજામાં ભાવ થાતો હતો ને. ભાવ છે ને એ ભાવ, માટે એને ધર્મ થાતો હતો. અરે..! ભગવાન! એ ધર્મની ખબર પણ નથી ત્યાં ધર્મ ક્યાંથી થતા હતા? ધૂળમાં? ત્યાં દેરાસરમાં જઈને ટોકરા વગાડે કે આ કરે કે પૂજા કરે. ધર્મ ક્યાં હતો? ધર્મ...

આમ કહે છે, પ્રભુ! આપ ત્રણ લોકના દીવા છો. જુઓ! આ ગુણથી વર્ણન (કરે છે). પહેલું પિતાથી વર્ણન કર્યું હતું. સાથે ને સાથે નાખે છે. પ્રભુ! આપ ત્રણ લોકના દીવા છો. એટલે? ત્રણ કાળમાં જેટલા પદાર્થો છે તે બધાના આપ તો જાણનાર-દેખનાર છો. જાણનાર-દેખનાર સિવાય આપે કોઈનું કાંઈ કર્યું નથી. પાછું કહેશે વાત્સલ્ય હજી, હોં પાછા. જુઓ! આ ઓળખાણ સર્વજ્ઞ અને એની સાથે આત્માની પીછાણ. એ પીછાણવાળો ભગવાનને આમ ઉભા રાખીને (કહે છે), ભગવાન! ઊભા રહો, અમે પણ ઊભા છીએ. વજુભાઈ! અમારો આત્મા જ્ઞાન નિધિ ચૈતન્ય સ્વરૂપ છે. અમે તો જ્ઞાતા-દૃષ્ટા છીએ. આ રાગ ભક્તિનો આવે એનો (હું) કર્તા નથી પણ આવે છે. આવે છે. છતાં એ રાગ ધર્મ નથી અને એ આવ્યા વિના રહેતો નથી. ઉપકારીના ઉપકારને માટે એ ભાવ આવ્યા વિના રહેતો નથી. છતાં અમે કહીએ છીએ કે પ્રભુ! આપે તો પૂર્ણ પ્રગટ કર્યું એ તો ત્રણ લોકના દીવા ત્રણ લોકને પ્રકાશ્યા છે. ત્રણ લોકમાંથી કોઈ પરમાણુ, કોઈ જીવને આપે બનાવ્યો

(નથી). બનાવ્યો છે? સ્તુતિમાં આવે છે પૂજામાં. પ્રભુ! આ જગતના ઈશ તો એને કહેવાય કે કાંઈક જીવો બનાવે જગતના. અને આ તમે પ્રગટ્યા પછી તો જગતના જીવોનો સંહાર થઈને મુક્તિમાં જાય છે. તમે તો ઘટાડી દ્યો છો. શું કીધું? ભગવાનજીભાઈ! શું કહ્યું?

જગદીશ કોને કહેવાય? જગદીશ કોને કહેવાય? કે જગતના જીવોને બનાવે, રચે, વધારો કરે. પ્રભુ! તમે જગદીશ આ તે કઈ જાતના? ત્રણ કાળનું જ્ઞાન આપે કર્યું અને આપે જે વાણી સમજાવી, એથી જગતના જીવોની સંખ્યા ઘટી અને મુક્તિને પામે છે. ત્યારે ઓલા લોકો કહે, જગત ઈશ એને કહેવાય કે જગતમાં જીવો ઘટે તો એને બનાવે નવા. કહે છે, ના, ના. એ જગતનો ઈશ કહેવાય નહિ.

જગતનો ઈશ એને કહીએ કે જેના જ્ઞાનમાં સ્વપરપ્રકાશક ત્રણ કાળ ત્રણ લોક જણાણા એવો જેણે ઉપદેશ કર્યો કે તું આત્મા પણ ચિદાનંદ સ્વરૂપ છો. જ્ઞાનમૂર્તિ પ્રભુ તું છો. એ રાગ-વિકલ્પ આવે એ તારું સ્વરૂપ નથી. અમે પૂર્ણ થયા ત્યારે પ્રકાશનારા છીએ. તો અધૂરામાં પણ પ્રકાશક શક્તિના ભાન વિના અમારા પૂર્ણ પ્રકાશની પ્રતીત અને ભક્તિ તને સાચી હોઈ શકે નહિ. મોહનભાઈ! બરાબર હશે? ઓલો કહે કે હા, એમાં ધર્મ થાય. અરે..! ભાનેય ક્યાં હતું, ધર્મ ધૂળેય થાય નહિ ત્યાં. આમ કહે છે. પ્રભુ! ત્રણ લોકના દીવા. જ્યાં હોય ત્યાં આપ તો પ્રકાશી રહ્યા છો. કોઈ અધોમાં નારકીને બનાવ્યા, ઊર્ધ્વમાં સ્વર્ગને બનાવ્યા, મધ્યમાં મનુષ્ય અને તિર્યંચને બનાવ્યા કે એને સહાય કરી ને એને માટે અવતાર ધર્યો, એવા ભગવાન હોઈ શકે નહિ. કહો, સમજાણું કાંઈ?

ભગવાન પરમાત્મા ત્રણ લોકના દીવા. અને '**ધર્મતીર્થની પ્રવૃત્તિ કરનારા...**' '**तित्थयर**' છે ને? '**तित्थयर**' આપ તો ધર્મની પ્રવૃત્તિ કરનારા. ઓહોહો..! ધર્મતીર્થની પ્રવૃત્તિ. નિમિત્ત રૂપે. એવું સર્વજ્ઞપદ પ્રભુ આપનું પ્રગટ્યું છે ને. એ વાણી નીકળીને. એ આપે તો પરપદાર્થના કર્તા-હર્તા વિનાનો આત્માને ખોલ્યો અને પ્રકાશ્યો, એવું આપે કહ્યું. કોઈ ચીજનો આત્મા અનાદિઅનંત કોઈ પદાર્થ, એની કોઈ દશાનો આત્મા કર્તા-હર્તા છે નહિ. એમ આપે ત્રણ લોકના પ્રકાશકપણે પ્રકાશ કર્યો અને જગતને એ કહ્યું, ધર્મતીર્થની પ્રવૃત્તિ. એટલે જ્ઞાતા ચિદાનંદ જ્ઞાનમૂર્તિ છે. એને જાણવો-દેખવો એ જ તમારું સ્વરૂપ છે. અધૂરી દશા હોય તો ભક્તિનો ભાવ આદિ નમસ્કાર સ્મરણ જાપ આવ્યા વિના રહે નહિ. પણ એ પુણ્યબંધનનું કારણ છે. ઓહોહો..! જુઓને! અત્યારે આ ચાલે છે ને ઘણા? વર્ષીતપ ને જપ ને તપ ને બધા જાણે ધર્મ છે. ધૂળમાંય ધર્મ નથી. અજ્ઞાનીએ એમાં ધર્મ મનાવ્યો અને માની રહ્યા છે. સમજાણું કાંઈ? કેમ હશે આમાં? ભગવાનજીભાઈ! આ બધા સુકાતા હશે મફતના?

અરે..! પ્રભુ! ભાઈ! અનંતકાળની ચીજ... અહીં તો ત્રણ લોકના દીપકને એવી પ્રવૃત્તિ બતાવી. શું બતાવી? સર્વજ્ઞપદ મારું છે અને સર્વજ્ઞપણે પ્રગટ થયા છીએ, તમે સર્વજ્ઞપણે પ્રગટ થાઓ. એનો અર્થ કે તમારા જ્ઞાનસ્વભાવ તરફ દષ્ટિ અને રુચિ કરો. એ ધર્મની પ્રવૃત્તિના

કરાવનારા ભગવાન નિમિત્તરૂપે કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! એવા ઝઘડા અને તોફાન. બાપુ! આવા કાળ મળ્યા, એ જીભ નહિ મળે, કાન નહિ મળે ત્યારે શું કરીશ? અને અત્યારે કાન અને જીભ છે તો એનાથી શું કરીશ? સમજાણું કાંઈ? એ તું નયથી તારા જ્ઞાનને જાણ. આ વસ્તુ ત્રિકાળ શુદ્ધ ચૈતન્ય એકસ્વરૂપ છે. એ તો પ્રકાશ દીવો જગતનો છે. ભલે રાગ હો મારી દશામાં. પણ એ રાગ પુણ્ય, દયા, દાન કે જપ-તપનો વિકલ્પ ઉઠે રાગ એ મારું મૂળ સ્વરૂપ નથી. હું પણ સર્વજ્ઞની જેમ અલ્પજ્ઞ પર્યાયમાં પણ હું જાણક દૃષ્ટા છું એવું ભાન થયેલો ભગવાનની ભક્તિ કરી રહ્યો છે. સમજાણું કાંઈ? નેમિદાસભાઈ! શું હશે આ? લાખ-બે લાખના મંદિર કરે ત્યાં એમ થઈ જાય કે આપણે (ધર્મ કર્યો). કર્યા છે એણે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કાંઈ કર્યું નથી. રાગ મંદ કર્યો હોય તો પુણ્ય થાશે. એ તો એને કાળે તે સંયોગ ભજવાના જ હતા. ભગવાનજીભાઈ! હવે ભગવાનજીભાઈનો વારો આવ્યો. પહેલા નાનાલાલભાઈનો હતો, પછી નેમિદાસભાઈનો, હવે ભગવાનજીભાઈનો. કહો, સમજાણું કાંઈ? પહેલું થયું છે ને રાજકોટ, ૨૦૦૬ની સાલ. પછી ૨૦૧૦મી થઈ. ...

'**ધર્મતીર્થની પ્રવૃત્તિ...**' એ શું કહ્યું? કે આપ જ્ઞાનરૂપી ધર્મ આત્માનો, જાણવું-દેખવું એવો જે સ્વભાવ, એની શ્રદ્ધા-જ્ઞાન અને રમણતા રૂપી ધર્મ એની તીર્થની પ્રવૃત્તિ કરનારા, એ તરવાનો ઉપાય છે એવું આપે જગતને સમજાવ્યું છે. સમજાણું કાંઈ? એવા '**હે ઋષભદેવ ભગવાન!**' એવા '**હે ઋષભદેવ ભગવાન!**' '**उसह**' આવ્યું ને પહેલું? મૂળ તો આમ પિતાથી અને પવિત્રતાથી ઓળખાવ્યા છે. નહિતર તો એ નામ છે ને એમાં જ ઋષભતિ ઈતિ ઋષતિ ઈતિ ગચ્છતિ ઈતિ પરમપદ. પોતાના પવિત્ર પૂર્ણ પદ પ્રત્યે જેની ગતિ વહે છે અને પ્રગટ દશા થઈ ગઈ છે એ બધા આત્માઓને ઋષભદેવ કહેવામાં આવે છે. ઋષતિ ગચ્છતિ પરમપદ. પોતાનું નિજાનંદ પૂર્ણ સ્વરૂપ, જે અલ્પજ્ઞ અને રાગ-દ્વેષ ને નિમિત્તથી રહિત છે, તેના પદમાં ધસીને, રહીને, ટકીને, થંભીને પૂર્ણ દશા જેણે પ્રગટ કરી, એવા પરમાત્માને ઋષભથી ઓળખાવવામાં આવે છે.

'**હે ઋષભદેવ ભગવાન! આપ આ લોકમાં સદા જયવંત રહો.**' પ્રભુ! આ લોકમાં આપ સદા જયવંત રહો. એમ કહીને શું કહ્યું ધર્મી જીવે ભક્તિમાં? કે આપ સર્વજ્ઞપદ જે પૂર્ણ આનંદ, અનંતજ્ઞાન, દર્શન, આનંદ ને વીર્ય પ્રગટ્યું છે ને, એ જયવંત રહો. એ એમને એમ ટકી રહો. સાધ્યદશા જે પૂર્ણ પ્રગટી (એ) એમ ને એમ રહો. એમ ને એમ રહો. એનો અર્થ કે એ સાધ્યને અમે શ્રદ્ધા કરનારા, અમારા સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન કરનારા, અમારી સાધકદશા પણ જયવંત રહો. વજુભાઈ! એટલે કે અમને રાગ થાઓ અને રાગ જયવંત રહો, અમને રાગ આવો એ ટકી રહો, એમ ધર્મીની શ્રદ્ધા ને જ્ઞાનમાં હોતા નથી. સમજાણું

કાંઈ?

ભગવાન પરમાત્મા ત્રિલોકનાથ આપને જે પૂર્ણ દશા પ્રગટ થઈ, પ્રભુ! જયવંત રહો. એ એમ ટકી રહો સાધ્ય સ્વભાવ. અને એ સાધ્યને અનુમોદનારા અમે અમારા જ્ઞાન અને આનંદ અમારી ચીજ છે, એને અમે શ્રદ્ધા-જ્ઞાનમાં લેનારા, અમારી દશા પણ આ રીતે જ સાધકપણે જયવંત રહી અને સાધ્યની પૂર્ણ દશા અમને પણ થાઓ. કહો, સમજાણું કાંઈ આમાં?

જુઓને! મુનિ છે, ભાવલિંગી સંત છે. જેની દશા નગ્ન છે-દિગંબર દશા. જંગલમાં વસનારા. ભાવલિંગી સંત જૈનદર્શનમાં એટલે વાસ્તવિક તત્ત્વની દૃષ્ટિમાં તો એવા જેને ભાવ અંતર દૃષ્ટિનું ભાન થયું અને પછી ચારિત્રની રમણતા જ્યાં પ્રગટી, એની સહજ દશા નગ્ન (થઈ જાય). એટલી ઉદાસીનતા વીતરાગતા થઈ જાય કે એને સહજ દિગંબરદશા થઈ વનવાસમાં જ વસે. એટલા પરમાત્માના અંતર સ્વરૂપ સાથે સાવધાની હોય. કહો, સમજાણું કાંઈ?

મોટો આડતિયો હોય ને પૈસા બહુ દેતો હોય અને મદદ કરતો હોય એને બધી રીતે ઓળખતો હોય. એના ઘર, એના છોકરા, એની છોડીયું બધાને ઓળખે કે નહિ? કેવલચંદભાઈ! બધાને ઓળખે. અમારો મોટો આડતિયો. ભાઈ, એની પાસે પાંચ કરોડ રૂપિયા છે અને આટલી પેદાશ છે અને એટલું આ આમ છે. અને એના છોકરા અહીં રહ્યા છે અને એનું અહીં છે. બધી ઓળખાણ હોય, લ્યો. કારણ કે ભાઈ, અમારો અન્નદાતા છે. એમ કહે કે નહિ? અમારો અન્નદાતા છે. અન્નદાતા તો કાંઈ ધૂળેય નથી.

અહીં ધર્માત્મા એક સમયમાં સર્વજ્ઞ અમારા આડતિયા આ અમને અન્નદાતા અમારા ચૈતન્ય પ્રાણને પુષ્ટિ આપનારા, નિમિત્ત તરીકે વ્યવહારે એમ કહેવાય છે ને? એ તો વાત ચાલે છે અહીં. વાત્સલ્ય લેશે હમણાં ઈ. '**હે ભગવાન! આપ ત્રણ લોકમાં સદા જયવંત રહો.**' આપ તો આ લોકમાં જયવંત રહો. ઓહોહો..! અંતર સ્વરૂપમાં... આ શરીર, વાણી, મન ટકો કે ન ટકો એ કાંઈ અમારા અધિકારની વાત નથી. એ અમારા અવયવો જ નથી. શું? ધર્મી એમ સમજે છે, માને છે કે આ અમારા અવયવો જ નથી. અમારા અવયવો તો એક સમયમાં અનંત ગુણો જે અંદર પડ્યા એ અમારા અવયવ છે. અવયવ સમજાય છે? આ શરીર અવયવી કહેવાય છે ને આખું? આખું. અને આ એના અવયવ હાથ-પગ. ના. આપણે શરીર પણ નથી અને એના અવયવ પણ નથી.

ધર્મી સમ્યગ્દૃષ્ટિની વીતરાગ પરમાત્માના શાસનમાં જેને ધર્મદશા શ્રદ્ધારૂપે પ્રગટી છે, જ્ઞાનમાં જણાણું છે અને રમણતા એની યથાશક્તિ પ્રમાણે થઈ છે, એ એમ જાણે છે કે, આ શરીર આદિ અવયવો અમારા નહિ. ભગવાનને ક્યાં એ અવયવ છે? ભગવાનને તો અહીં કહેશે, વાત્સલ્ય અને અનંતગુણના નિધાન છો. આપને શરીર-બરીર નથી. એમ ધર્મી જીવ પોતાની શ્રદ્ધા-જ્ઞાનમાં એમ લ્યે છે કે આ અવયવો તો જડના છે ને. અમે તો અવયવી આત્મા

અને એના અવયવ એટલે ભાગ એટલે અંશ એ અમારા અનંતા ગુણો છે. અને બહુ ગણો ક્ષેત્રથી તો અમારા અસંખ્ય પ્રદેશ છે. પ્રદેશ અસંખ્ય. એક પરમાણુ જેટલી જગ્યા રોકે એટલા ભાગને પ્રદેશ કહેવામાં આવે છે. એ પ્રદેશોમાં અનંત ગુણો પડ્યા છે. તો પ્રદેશ અમારો અવયવ અને ગુણ અમારા અવયવ. એનો ધરનાર એવા અમે અવયવી છીએ.

પ્રભુ! આપ એવા છો. કઈ રીતે કહે છે એ? '**સમસ્ત જીવો ઉપર વાત્સલ્ય ધારણ કરનારા...**' પછી ઓલો બોલ લેશે. પ્રભુ! અમારા પ્રત્યે તો આપને પ્રેમ વર્તે છે, હોં! લે! વાત્સલ્ય. ઓલા કહે છે ને એક, નહિ? ઓલા કેવા? ધર્મ. માણેકચંદજી. ભગવાનને બધા પ્રત્યે વાત્સલ્ય વર્તે છે. પણ એ કયું વાત્સલ્ય? ભાઈ! એ નિઃશંક, નિઃકાંક્ષ, વાત્સલ્ય (આદિ) આઠ ગુણ સમકિતના છે એનો વ્યવહાર જે વાત્સલ્ય છે એ નહિ. શું કહ્યું? ધર્મી જીવને આત્માના શુદ્ધ ચૈતન્ય સ્વભાવ, એની પ્રતીત-રુચિનું ભાન થવું એ પહેલી ધર્મની દશા. એમાં એ આઠ ગુણો હોય વ્યવહારે. નિશ્ચયથી સ્વભાવમાં, વ્યવહારે વાત્સલ્ય ભગવાન પ્રત્યે, દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે, સાધર્મી પ્રત્યે (હોય છે). જેમ વાછડા ઉપર ગાયને, વાછરડી કે વાછરડા ઉપર ગાયને પ્રેમ હોય છે, એમ ધર્મીને શુભરાગમાં સાધર્મીજનો પ્રત્યે પ્રેમ હોય છે, વાત્સલ્ય હોય છે. અને અંતરમાં ચૈતન્ય નિધાન પડ્યું છે એના પ્રત્યે નિર્વિકલ્પ વાત્સલ્ય હોય છે. સમજાય છે કાંઈ? ભગવાનને નિર્વિકલ્પ વાત્સલ્ય વર્તે છે. રાગ નથી એને.

એ કહે છે કે પ્રભુ! અમને તો વાત્સલ્ય રાગ રૂપે વિકલ્પ આવે છે. અને અંતર વાત્સલ્ય અમારો નિર્મળ આનંદ સ્વભાવ એનું અમને વાત્સલ્યપણું, પ્રેમપણું, પ્રીતિપણું વર્તે છે. એ તો અહીં નિર્જરા અધિકારમાં ન આવ્યું? પ્રીતિ-રુચિ. આત્મામાં પ્રીતિ કર, રુચિ કર, સંતોષ કર અને એમાં એકાકાર થઈને તૃપ્તિ પામ. નિર્જરા અધિકારમાં આવ્યું. એ નિર્જરા છે. લોકો કહે ને કે, આ અપવાસ કર્યા, આ કર્યું અને નિર્જરા (થઈ ગઈ). અરે..! ધૂળમાંય નિર્જરા નથી, સાંભળને હવે. મરી ગયો એવો અનંત કાળ કરીને. તને બનાવનારા, મનાવનારા પણ એવા મળ્યા. જુકાવનારા મળ્યા. જૂકી ગયો જ્યાં ત્યાં. મંદીરો કર્યા અને ધર્મ થઈ ગયો, અપવાસ કર્યા અને ધર્મ થઈ ગયો, આ સામાયિક પોષા એણે માનેલા કર્યા (અને ધર્મ થઈ ગયો). ધૂળમાંય ધર્મ નથી. સામાયિક પોષા ક્યાંથી લાવ્યો તું હજી? આત્મા એકલો સમતાનો પિંડ ચિદાનંદ જ્ઞાતા-દષ્ટા એક રજકણને હલાવે, મૂકે, છોડે નહિ. એક રાગના તીર્થંકર ગોત્રના ભાવને પણ બાંધે અને છોડે નહિ. એવો આત્મા જ્ઞાતાના શ્રદ્ધા-જ્ઞાનના ભાન વિના એને કાંઈ પણ તપ હોઈ શકતા નથી.

અહીં તો કહે છે, પ્રભુ! '**આપ સકળ જીવો પર વાત્સલ્ય ધારણ કરો છો...**' બસ! અભવિ ઉપર પણ? હે પ્રભુ! મારા પ્રત્યે આપને વાત્સલ્ય છે ને? આપના કેવળજ્ઞાનની જે દશા, એમાં આપના પૂર્ણ જ્ઞાનમાં વર્તમાન હું આપનો ભક્ત છું એમ ભાસ્યું છે. સ્વભાવનો ભક્ત અને રાગથી ભક્ત વ્યવહારે એમ આપના જ્ઞાનમાં ભાસ્યું એ આપનું જ મારા પ્રત્યે

વાસ્તલ્ય છે. વજુભાઈ! સમજાણું?

વિરજીભાઈએ વાત નહોતી કરી એક મુસલમાનની એક ફેરી? એક મોટો મુસલમાન હતો ભાઈ કરોડપતિ. લાલપર કે એવામાં. કરોડપતિ મુસલમાન. પછી એનો જુનીનો એક દીકરો. જુની બાઈ મરી ગઈ. એનો દીકરો (હતો). નવી પરણ્યા. નવીને છોકરા નાના નાના. પછી આને કહે જુદો થા હવે. એય..! નેમિદાસભાઈ! જુઓ! છોકરા હોય તો સખ નથી અને ન હોય તો પણ સખ નથી. એની વાત અહીં છે નહિ કાંઈ. ઓલા જૂના છોકરાને કહે, તું જુદો પડ. કરોડ રૂપિયા ને કેટલી મૂડી, કેટલી પેદાશ અને કેટલા મકાનો લાખોના. ત્યારે કહે, જો ભાઈ! તને આઠ હજાર રૂપિયા આપીશ અને આ મકાન એક બીજું નાનું સાધારણ બે-પાંચ હજારનું. દીકરો કહે છે, બાપા! આપનો મારા પ્રત્યે પ્રેમ છે ને એ બસ છે. મારી પાસે પૈસા ઘણા છે. આઠ હજાર. ઓલો કરોડપતિ, એનો દીકરો. કેવળચંદભાઈ! કહે છે, બાપા! મારા પ્રત્યે આપને પ્રેમ છે ને એટલું બસ છે. આઠ હજારથી સંતોષ છે. લાવો હું સહી કરી દઉં. નાનું મકાન પાંચ હજારનું આપ્યું. લાવો સહી કરી દઉં. મારો હક હવે કાંઈ તમારામાં નથી. સહી કરી દીધી. એમાં એનો બાપ મરી ગયો. એની નવી મા, છોકરા નાના. એણે બોલાવ્યા. આ ટ્રસ્ટને સોંપીશ તો ખાઈ જશે. કરોડ રૂપિયા. એને બોલાવ્યો. ભાઈ! આ લખ્યું છે ને ખત એ ફાડી નાખ. ત્યારે (શું હવે)? આ છે ને એ બધા તારા જ છે. હવે આ ત્રણ તારા ભાઈઓ છે એને ભાગ દેવો હોય તો દેજે. ..ચંદભાઈ! પણ ઓલા બીજા ખાઈ જશે. પણ તું મારો દીકરો છો ને. મારા ધણીનો દીકરો છો અને મારો દીકરો છો. એ ખત ફાડી નાખ. આ રૂપિયા કરોડ, આ વેપાર, દુકાનો આ બધી. તારે હાથ, તારે કરવું (હોય એ કર). તારે ચાર ભાગ પાડવા હોય તો પાડજે અને જેમ કરવું હોય એમ કરજે. પણ બાપા! ..

અહીં કહે છે, પ્રભુ સર્વજ્ઞ પરમાત્માની મારી વર્તમાન દશામાં, આ તારા કેવળજ્ઞાનમાં મારા પ્રત્યે વાત્સલ્ય ભાસે છે તો આપના જ્ઞાનમાં મને સર્વજ્ઞ પ્રત્યે પ્રેમ વર્તી રહ્યો છે. આપને મારા પ્રત્યે પ્રેમ છે એમ હું કહું છું. મારે બીજું કાંઈ જોઈતું નથી. કહો, સમજાણું કાંઈ? આહાહા..! વાહ રે ભગત, જુઓ તો ખરા! આમ કરવું, આ કરવું ને માથા ફોડ અને અંદર કાંઈ વિવેકની ખબર નહિ. એમ ન હોય, પ્રભુ! ધર્મ કાંઈક બીજી ચીજ છે, ભાઈ! એ ભક્તિ બીજી ચીજ છે, ધર્મ પણ કાંઈક બીજી ચીજ છે એની ખબરું વિના એકલા માથા ફોડ કરે. બાપુ! એ જન્મ-મરણના અંત એમાં નહિ આવે. મનાવી લેશે દુનિયા તો. દુનિયા તો ગાંડી ને ગાંડા ભર્યા ગામે ગામ. કેવળચંદભાઈ! ગામે ગામ ગાંડા.

હે પ્રભુ! આહાહા..! મુનિને અંદરમાં ઉછળે છે. ભગવાન તો કેટલા અબજો વર્ષ પહેલા થઈ ગયા. એક ક્રોડાક્રોડી સાગર. આમ કહે છે કે હે ભગવાન! આપ તો સકલ જીવ ઉપર વાત્સલ્ય ધરનારા. સકલ જીવ ઉપર, બધા જીવ ઉપર. બધા ઉપર વીતરાગતા વર્તે છે આપને

તો. એમ અમારા આત્મામાં પણ પ્રભુ! બધા આત્મા પ્રત્યે (સમદૃષ્ટિ વર્તે છે). ઓહો..! અમે જ્ઞાતા-દૃષ્ટા છીએ એમ અમને વર્તે છે. પદ્મપ્રભમલધારીદેવ મુનિ તો કહે છે ને? કે અમને ભેદજ્ઞાનીઓ પ્રત્યે.. વીતરાગતા બહુ ઊંચી છે ને! રાગ નથી અને અજ્ઞાનીઓ પ્રત્યે દ્વેષ નથી. અમે તો અમારા ચૈતન્ય સ્વભાવ જાણક નિધિ, એમાં પડ્યા છીએ. અમારે બે પ્રત્યે સમભાવ છે. એટલે પહેલું જ્ઞાતા-દૃષ્ટાપણું નક્કી કરીને પછી જે વિકલ્પ ઉઠે છે જરી, ત્યારે કહે છે કે હે પ્રભુ! આપને તો અમારા બધા જીવ ઉપર વાત્સલ્ય છે, હોં! આપના બધા પુત્ર છીએ.

કહો, એકકોર કહે છે, 'સંમતભદ્રાચાર્ય' કહે છે, પ્રભુ! આપને બધા વંદન કરશે, હોં! પણ અભવિ નહિ વંદન કરે. કેવળચંદજી! સંમતભદ્રાચાર્ય. બધા પગે લાગશે પ્રભુ! પણ એ અભવી નહિ નમે. કેમ કે એને ગાંઠ છે અંદરમાં. રાગ ને પુણ્યનો વિકલ્પ ને દેહની ક્રિયા એ મારી ક્રિયા છે અને શુભરાગ ઉત્પન્ન થાય તે મારું સાધન છે. અને હિતકર કરીને બાથ ભીડીને રાગમાં પડ્યો છે, એ શુભરાગ બાથ ભીડીને પડ્યો. એ રાગ તોડે એવા વીતરાગ પ્રત્યે એને પ્રીતિ અને રુચિ થશે નહિ. બહારથી ભલે આમ-આમ આમ-આમ કરે, અંદરમાં એ નમશે નહિ. સમજાણું કાંઈ? સમજાય છે આમાં? કેવળચંદભાઈ! જુઓ! આ વીતરાગ માર્ગ શું છે એ ભક્તિમાં જરી કહેવાય છે. આહાહા..! ભારે વાત, ભાઈ!

'**સકલ જીવ ઉપર વાસ્તલ્ય ધારણ કરનારા...**' બધા જીવો. અભવિ પ્રત્યે પણ .. પણ ઓલા નમતા નથી ને? આપ વીતરાગ છો ને. સર્વજ્ઞપદે બધું જાણ્યું. એની દશા એમ છે, આની દશા એમ છે. એ આપ બધા જાણનાર છો. અમે તો કહીએ છીએ કે સકલ જીવના વાત્સલ્ય તમે છો એમ જ અમને ભાસે છે. અમને એ ભાસે છે. અમને સર્વજ્ઞપદ ઉપર પ્રેમ ઉલ્લસે છે અને સર્વજ્ઞ બધાના જાણનાર છે. એ અપેક્ષાએ વાત્સલ્ય કરનારા (છો). તો અમે પણ કહીએ કે પ્રભુ! આપ સર્વના વાત્સલ્ય કરનારા છો. અમને કોઈ પ્રત્યે દ્વેષ કે રાગ નથી. અસ્થિરતાનો જરી આવે છે એને કાઢી નાખીને કહીએ (છીએ), પ્રભુ! આપ તો સર્વના વાત્સલ્ય કરનાર (છો), હું પણ એવો જ છું, લ્યો! વજુભાઈ! શું હશે આ?

હવે કહે છે. ત્યાં વાત્સલ્ય કરનારા લીધા. હવે અંદર લીધું, ભાઈ! '**નિર્મળ ગુણરૂપી રત્નોના નિધાન...**' નિર્મળ ગુણરૂપી રત્નોના નિધાન છો, પ્રભુ! નિધાન તો લક્ષ્મી નિધાન છે. લક્ષ્મીને પણ પારખનાર કોણ? ચૈતન્ય લક્ષ્મી. જે કોઈપણ પદાર્થની મુખ્યતામાં જ્ઞાનસ્વરૂપે ભગવાન ન હોય તો આ છે શું? આ છે શું? એને જાણે કોણ? હું આ આત્મામાં, હે નાથ! આપને નિર્મળ ગુણરૂપી રત્નનો નિધિ છે. લ્યો, આ નિધિ-તમારી લક્ષ્મી અને આ તમારી પુંજી. એમ ન કહ્યું, પ્રભુ! આ જગતમાં તમે કાંઈ રાગ કર્યો અને પુણ્ય બાંધ્યું અને તીર્થંકરગોત્ર બાંધ્યું એ બધુ તમારું નિધિ અને નિધાન છે. ના. સમજાણું કાંઈ? આપે તો

તીર્થંકર ગોત્ર બાંધ્યું. આહાહા..! સમવસરણ ધર્મસભા, ઈન્દ્રોની હાજરી, સિંહ અને વાઘ જ્યાં નમે. કેસરિયા સિંહ હોય. જેને દેખીને હરણને ત્રાસ (થાય) એવા સિંહ ભગવાનને દેખીને નમે આમ. વાઘ ત્રાડુ મારતા બહારથી આવતા હોય. અહીં આવે ત્યાં ઓહો..! પ્રભુ! આપને આવા નમન કરનારા, આવા .. કરનારા માટે આપ તો મહા નિધાન, દુનિયા ભક્તિ કરે માટે પુણ્યના નિધાન છો. એમ છે? ના. આપ તો ગુણના નિધાન છો. એમ કહીને હું પણ અનંત ચૈતન્યરત્ન. જુઓ! આપણે સવારમાં શક્તિનું વર્ણન આવશે. એ શક્તિઓ એટલે ગુણો. ગુણો એ રત્નોનું નિધાન આત્મા. એને ઓળખો અને એની શ્રદ્ધા-જ્ઞાન કરવા. એમાં આ કહે છે કે પ્રભુ! હું પણ એમ છું એમાં ભેગું આવી જાય છે.

મારા આત્મપદાર્થમાં દયા, દાન, વિકલ્પ ઉઠે છે એ કાંઈ મારું નિધાન નથી, મારી લક્ષ્મી નથી, મારા સ્વરૂપમાં જે (નથી), એ તો આંગતુક મહેમાન છે. એ મહેમાન કાંઈ ઘરના માલિક ન થાય. અંદર ઘરમાં ચૈતન્યપ્રભુ એક સેકન્ડના અસંખ્ય ભાગમાં અનંત ગુણોનું નિધાન ભગવાન આપ છો, હોં! ભગવાન! આપ અનંત ગુણના નિધાન છો. અરે..! કઈ દૃષ્ટિએ તેં જોયું? સમજાય છે કાંઈ? કઈ દૃષ્ટિએ જોયું? પ્રભુ! આ આત્મા અનંત ગુણનો નિધાન છે ને મારો, એ દૃષ્ટિએ આપને વ્યક્ત રૂપે પૂર્ણ જોયા. સમજાણું કે નહિ આમાં?

'**નિર્મળ ગુણરૂપી રત્નોના નિધાન એવા હે નાથ!**' નાથ! નાથ કોને કહે? મળેલી ચીજનું રક્ષણ કરે અને અણમળેલીને મેળવે, આપે. પત્નિનો પતિ નાથ કહેવાય છે ને? અથવા પ્રજાનો રાજા નાથ કહેવાય. કેમ? પ્રજાને દુઃખ હોય એ મટાડે અને સુખની સામગ્રી હોય એને ઘટવા દે નહિ. એમ પત્નિ એનો પતિ નાથ કહેવાય છે. એને મળેલી ચીજની ઊણપ થવા ન દે અને ન મળી હોય એને આપે. એ તો પુણ્ય હોય તો આપે અને મળે, એ અહીં વાત (નથી), આત્યારે તો દાખલો છે.

ભગવાન સર્વજ્ઞ પરમાત્મા... ધન્નાલાલજી! સમજાય છે? આ ભક્તિ, આ ભક્તિ. સમજીને આનું નામ ભક્તિ છે. અરે..! ભગવાન! બાપા! જ્યાં નિશ્ચયની ભક્તિ શક્તિની પ્રગટી છે ત્યાં તેને પરમાત્માની વ્યવહાર ભક્તિનો વિકલ્પ એને મુખ્ય કરતો નથી અને મુખ્ય કરે છે સ્વભાવને. તેને વ્યવહાર ભક્તિ પુણ્યની કહેવામાં આવે છે. જાવ. આમ કરશો ને આમ કરશો... આમ કરતા કરતા આમ થઈ જશે. ભગવાનની પૂજા કરે અને ભક્તિ કરે અને ભગવાનની શ્રદ્ધા છે. ના, અહીં કહે છે, ભગવાનની શ્રદ્ધા નથી. ભગવાન એટલે આત્મા મહિમાવંત જેના એક એક ગુણની કળી શક્તિરૂપે પૂર્ણ પડી છે અને પૂર્ણનો અર્થ જ શક્તિ છે એટલે એમાં મર્યાદા શું? એવા પૂર્ણ કળીથી પડેલો પ્રભુ, એને એની એકાગ્રતાથી ખીલવવું, એવી શ્રદ્ધા-જ્ઞાનનું જ્યાં ધર્મનું ભાન નથી એ ભગવાનની ભક્તિ વ્યવહારે પણ કરી શકતો નથી. કહો, સમજાણું કાંઈ?

'**આપ આ લોકમાં સદા જયવંત રહો.**' શું કહે છે? પ્રભુ! આ લોકમાં જયવંત

રહો, નાથ! સમજાય છે? લોટ માગવા આવતા ને બ્રાહ્મણ? એ એમ બોલતા. લક્ષ્મીને એ શું કાંઈક બોલતા. મહાલક્ષ્મી પ્રસન્ન. મહાલક્ષ્મી પ્રસન્ન. કેમ વજુભાઈ! નાની ઉંમરમાં બધું જોયેલું હોય ને.

મુમુક્ષુ :- એ વિના બાયું લોટ શેનો આપે?

ઉત્તર :- બાયું લોટ ન હોય તો એમ કહે કે આજે લોટ ઘણો છે. થઈ રહ્યો હોય ને લોટ. લોટ નથી એમ ન કહે. કારણ કે લોટ નથી તો તો થઈ રહ્યું. ગરીબ થઈ જશું, રાંકા થઈ જશું આપણે. હવે લોટ નથી એમ કહેવામાં રાંકા શું? એ તો ભાષા એને સમજાવવાની. આ જ લોટ ઘણો છે. ઘણો છે એટલે? ભાષા જ ઊંધી જગતની.

અહીં તો લોટ ભર્યો છે આત્મામાં, કહે છે, સકળ ગુણનું નિધાન ભગવાન આત્મા જયવંત રહો. તમારા શ્રદ્ધા-જ્ઞાન અને ચતુષ્ટય પ્રગટ્યા છે એ એમ ને એમ રહો. એ તો રહેવાના જ છે. ઈ કંઈ આને કીધે રહેવાના છે? પણ કહેનારને આ ચૈતન્ય ધ્રુવ ચિદાનંદ મૂર્તિ ધ્રુવની દૃષ્ટિ થતાં જે ધ્યેય પકડાણું છે એના અનંતા ગુણો એમ ને એમ પડ્યા છે. એને શ્રદ્ધા-જ્ઞાન દ્વારા કહે છે કે જયવંત રહો. એટલે પ્રગટ દશાનું પરિણમન સદા ચાલુ રહો. તો ભગવાનને પણ કહે છે કે, સદા જયવંત રહો. કહો, સમજાણું કાંઈ? લ્યો, એ નાથ.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે પ્રાપ્તિ ધર્મીને પોતાની થઈ હોય એટલી ભગવાનની વાણી અને એનું શ્રવણ-મનન-ચિંતવન એ તો વિકલ્પ છે, પણ સ્વભાવના સાધન તરફ જે જાય છે એને એટલું તો ઘટવાનું હવે નથી. અને ભગવાનનું સ્મરણ સ્વરૂપ એટલે પરમાત્મા પોતે જ છે એવા..

કેવળીની સ્તુતિ કોને કહેવી એમ કહ્યું ને? 'સમયસાર'માં શિષ્યે પૂછ્યું. પ્રભુ! કેવળીની સ્તુતિ કોને કહેવી? સર્વજ્ઞ ભગવાનની સ્તુતિ કોને કહેવી? ૩૧મી (ગાથા). **'जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं'** ગુરુને શિષ્યે પ્રશ્ન કર્યો, ભગવાન કેવળજ્ઞાનની સ્તુતિ કોને કહેવી?

ત્યારે ઉત્તર આપે છે 'કુંદકુંદાચાર્ય', ભાઈ! કેવળીની સ્તુતિ એને કહીએ કે કેવળજ્ઞાન ભંડાર અંદર પડ્યો છે એની તરફ દૃષ્ટિ કરતાં એને પાંચ ઇન્દ્રિયના વિષયો, પાંચ ઇન્દ્રિયો જડ અને ભાવઇન્દ્રિય એટલે એક એક ઇન્દ્રિયનો અંશ એક વિષયને જાણવા પૂરતું જે ખંડ ખંડ છે, એના બધાને ભૂંસાડીયો વાળી-રુચિ છોડી અને અખંડ ચૈતન્ય અસંગી પદાર્થમાં દૃષ્ટિ કરનાર, એને અમે કેવળજ્ઞાનની સ્તુતિ કહીએ છીએ. ભગવાન! પણ આપને પૂછ્યું અમે કાંઈક અને જવાબ કાંઈક? વજુભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પૂછ્યું હતું કેવળીની સ્તુતિ કેમ કરવી? પણ એનો અર્થ પ્રભુ! તું એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ગુણનો નિધાન ચૈતન્ય શક્તિ સત્ત્વ, સ્વભાવ ધ્રુવતા જે છે એને અંતરની

અધિકતામાં ન લેતા અને રાગ ને અલ્પજ્ઞતા ને નિમિત્તને અધિકતા આપ ત્યાં સુધી એ કેવળીની સ્તુતિ કરનાર કહેવામાં આવતા નથી. સમજાય છે આમાં કાંઈ? ..ભાઈ! અધિકપણું લક્ષ્મીને આપે, બાયડીને આપે, છોકરાને, અરે..! પુણ્યના પરિણામને અધિકપણે અંદર માને. આ બહુ કર્યું, ભારે કર્યું.. ભારે કર્યું... દયા, દાન, વ્રત, જપ, તપનો વિકલ્પ ઉઠ્યો એ બહુ મેં કર્યું. એને અધિક માનનાર ચૈતન્યના સ્વભાવને હીણો હીણો, દરિદ્ર અને કમજોર માનનાર એ ભગવાનનો વેરી છે. એને કેવળીની સ્તુતિ કરતાં આવડતી નથી. સમજાય છે કાંઈ? ધન્નાલાલજી!

મુમુક્ષુ :- ભગવાનનો વેરી...

ઉત્તર :- વેરી છે. એને અધિક બનાવ્યો, એને અધિક બનાવ્યો-રાગને અધિક બનાવ્યો, વિશેષ બનાવ્યો, નિમિત્તને અધિક બનાવ્યું ને? ચૈતન્યમૂર્તિ એક સમયમાં જ્ઞાયકમૂર્તિ પ્રભુ છે એને અધિક શ્રદ્ધા-જ્ઞાનમાં બનાવતો નથી (તો તું) ભગવાનનો કેવળીનો વેરી છો. સ્તુતિ કરનાર પોતાનો સ્વભાવ એક સેકન્ડના અસંખ્ય ભાગમાં, જે સકળ ગુણ રહ્યું પહેલું કહ્યું હતું ને? એવું નિધાન તું ને હું બેય. એવા પોતાના સકળ ગુણનો ધરનાર ભગવાન, એના પ્રત્યે ...

પોતાની શક્તિ સત્ત્વ એટલે કે વસ્તુ તરીકે આખી વસ્તુ તરીકે એમાં વાસ-વસેલા શક્તિઓ અને ગુણો, એનો ધરનાર આત્મા પ્રત્યે જેને અધિકતાની, મહત્તાની મોટપ, મહત્તાની વહાલપ આવતી નથી અને દેહાદિની ક્રિયા ને પુણ્ય પરિણામની અધિકતા અને વહાલપ આવે છે એ ભગવાનનો પાકો શત્રુ છે. એ ભગવાનની ભક્તિ કરતા આવડતી નથી.

અહીં એ કહ્યું છે ને? હે પ્રભુ! આપ તો નાથ છો ને. અમારા સાધક સ્વભાવની જે શ્રદ્ધા એની અમે રક્ષા કરનારા, આપ રક્ષા કરનારા. અને વધીને અમારી પાસે ચારિત્રની, શાંતિની, આનંદની પૂર્ણતા નથી, એ પૂર્ણતામાં આપ નિમિત્ત છો માટે અમારા પુર્ણતાના નાથ જ આપ છો. અમારા સાધકના નાથ એટલે એને ઓછપ અને ઉણપ થવા દે (નહિ). પાછા પડવાની વાત નથી એમ કહે છે. ઓહોહો..! પાછુ પડવું એટલે સમજાણું? પેલા પૂછે ને કે આ સમકિત પામીને પડી જાય કે નહિ? સાંભળને! પહેલેથી પડવું પડવું માંડ્યું તેં? નેમિદાસભાઈ! તને અધિકતા કોની ભાસી કે જેની મોટપ છોડીને આમાં હેઠો આવી જાઉં તો? હેઠો આવી જાઉં તો? બીજાની મોટપ કરું તો એમ થાય કે નહિ? તો પછી તને વર્તમાન જ્ઞાન અને આનંદ એવો ધ્રુવ સ્વભાવ, એની મોટપ અને મહિમા અને અધિકતા દૃષ્ટિમાં આવતી નથી. પડ્યો જ છો. હવે પડ્યો છો એને પડીશ કે નહિ એ પ્રશ્ન ક્યાં છે? સમજાણું કાંઈ?

અહીં આચાર્ય કહે છે, હે નાથ! પહેલી કડીમાં જ ઉપાડ્યું છે આખું. મુનિ હતા, ભાવલિંગી સંત હતા. જંગલમાં તાડપત્ર ઉપર આ શ્લોકો કોતરાઈ ગયા છે. તાડપત્ર ઉપર, હોં! જુઓ!

આ ભક્તિ, આ ભાન, આ સેવક, આ દાસ, સ્વામી ભગવાન વ્યવહારે, નિશ્ચયથી સહજાત્મસ્વરૂપ પોતે સ્વામી, ભાનપૂર્વકની ભક્તિને વાસ્તવિક વ્યવહારે ભક્તિ કહેવામાં આવે છે. એ વ્યવહારે વાસ્તવિક એમ.

'**હે નાથ! આપ આ લોકમાં સદા જયવંત રહો.**' અમારા સ્વરૂપમાં મદદ કરવા, ટેકો આપવા નિમિત્તરૂપે જે કહ્યું છે તે સદાય રહો. અમારા લક્ષની દોરીમાંથી આપ ન ખસશો. અમારા લક્ષના બાણમાંથી આપ ખસશો નહિ. અમારું ધ્યેય પરમાત્મા પ્રત્યે છે. એટલે કે અમારી પૂર્ણ દશા પ્રગટ થવા પ્રત્યે અમારું લક્ષ છે. એથી આ પરમાત્મા પૂર્ણ અમારા લક્ષમાંથી પ્રભુ! એ ખસશો નહિ. અમારા હૃદયમાંથી જાશો નહિ. એમ કહે છે, લ્યો! અમારા હૃદયમાંથી જાશો નહિ. સદા જયવંત રહો. એમ કરીને આત્માની સ્તુતિ-ભક્તિના વર્ણનમાં ભગવાનની ભક્તિનું વર્ણન કર્યું છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૧૩, શનિવાર તા. ૨૦-૮-૧૯૬૦**
**ઋષભજિન સ્તોત્ર ગાથા-૨-૩, પ્રવચન-૨**

આ 'ઋષભદેવ' ભગવાનની સ્તુતિ (ચાલે છે). પદ્મનંદીઆચાર્ય મહારાજ હજાર વર્ષ કે નવસો વર્ષ લગભગ પહેલા જંગલમાં વસતા હતા. એ પોતાના આત્માનો સ્વભાવ પરમાત્મ પદ જે પામ્યા એવો જ પામવાનો મારો સ્વભાવ છે અને મારું સ્વરૂપ જ્ઞાનાનંદ પુણ્ય-પાપના વિકલ્પના કારણ રહિત અને દેહાદિની ક્રિયાના સંયોગ રહિત મારી ચીજ અંદરના સ્વભાવમાં અખંડ આનંદના ભરચક સ્વભાવથી ભરેલો પદાર્થ એવી અંતર્મુખ દૃષ્ટિ અને જ્ઞાન અને રમણતાની ભૂમિકામાં રમતા એને પરમાત્માની ભક્તિનો વિકલ્પ આવ્યો. સર્વજ્ઞ પરમાત્મા આદિ જિનેશ્વર ઋષભદેવ ભગવાન. એવો ભાવ ભક્તોને ભગવાન પ્રત્યે આવ્યા વિના રહેતો નથી. સમજાય છે કાંઈ?

કોઈ કહે, પણ આવી નિશ્ચયની વાત જ્યાં છે ત્યાં વળી ભગવાનની ભક્તિ શી? ભાઈ! એ જ કહે છે. એથી તો પહેલી વાત થઈ. આમ આત્મા જેને ક્ષણે ને પળે જેમ હથેળીમાં આંબળું દેખાય, એમ ક્ષણે ને પળે સપ્તમ અંતર દશા અપ્રમત્ત આનંદની દેખાય છે, અનુભવાય છે અને બીજે ક્ષણે જરી શુભરાગ આવે છે તો કોઈ વખતે અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યના ભાવનો પણ મુનિને શુભરાગ હોય અને કોઈ વખતે પરમાત્મા કે દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ભક્તિનો પણ ભાવ ધર્મીને સ્વલક્ષી દૃષ્ટિ હોવા છતાં પૂર્ણતાની પ્રાપ્તિ ન હોય ત્યાં એવો ભાવ આવ્યા વિના રહે નહિ. છતાં ધર્મી એને પુણ્યબંધનનું કારણ સમજે. એને રાગની મંદતાના ભાવ ભગવાન પ્રત્યેના પ્રેમ, વહાલપ અને ભક્તિના ઉછાળામાં એને-શુભભાવને એ પુણ્યબંધનો સ્વભાવ જાણે.

ધર્મ તો એ રાગરહિત અખંડાનંદ પ્રભુ ચૈતન્ય છું એવી જેણે શ્રદ્ધા-જ્ઞાનમાં ચીજને ધારી છે, આખી ચીજને જેણે શ્રદ્ધા-જ્ઞાનમાં ધારીને, ટકાવીને, અવલંબીને ધ્યેય કર્યું છે, એનાં જે દશા થઈ તેને એ ધર્મ સમજે છે. કહો, સમજાય છે કાંઈ? કેવળચંદભાઈ! આ પૂજા-ભક્તિમાં ધર્મ નથી એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તો તો એને ભક્તિનો ભાવ છૂટીને પૂર્ણાનંદની પ્રાપ્તિ ન કરે. પણ પૂર્ણાનંદની પ્રાપ્તિ તો, એ ભગવાનને પણ બીજા પ્રત્યેનો જે ધર્મ પ્રત્યે લાગણી કે બીજા સમજે એ વગેરે વિકલ્પ ઉઠતો હતો એનો અભાવ કરીને સ્વભાવની પૂર્ણ પ્રાપ્તિ કરી છે. છતાં એને પહેલી શરૂઆતની ભૂમિકામાં એવો ભાવ પરમાત્મા પ્રત્યે, સર્વજ્ઞદેવ પ્રત્યે સ્વલક્ષી રુચિ, દૃષ્ટિ ને રમણતા હોવા છતાં પરલક્ષીનો ભાવ પૂર્ણતાની પ્રાપ્તિ પહેલા આવ્યા વિના રહેતો નથી.

પહેલી સ્તુતિ પહેલી ગાથામાં કરી.

હવે બીજી ગાથા. બોલો.

**सयलसुरसुरमणिउडकिरणकब्बुरियपाटपीढ तुमं।**
**धण्णा पेच्छंति थुणंति जवंति झायंति जिणणाह।।२।।**

'**સમસ્ત સુરઅસુરના ચિત્રવિચિત્ર મણિઓથી સહિત મુગટના કિરણો વડે તેમનું સિંહાસન ચિત્રવિચિત્ર છે.**' શું કહે છે? ભગવાન પૂર્વે વિકલ્પમાં પહેલાં હતા ત્યારે જે પુણ્ય બંધાઈ ગયું એ પુણ્યના સંયોગ રૂપે શું મળે છે એ વાત સાથે જણાવવા માગે છે. અમને પણ ભગવાન પ્રત્યે ભક્તિ અને શુભરાગનો જે ભાવ આવ્યો એ મનનો વિસ્તાર છે, પ્રસાર છે, ચિત્ત એમાં જોડાણું છે. એના ફળ તરીકે તો સંયોગો મળશે. એ વાત અમારા લક્ષમાં અને શ્રદ્ધામાં છે. એમ જણાવતા ભગવાનને પણ કહે છે કે, હે પ્રભુ! આપનું સિંહાસન કોઈ આપને પૂર્વના પુણ્યને કારણે, શુભરાગને કારણે એ પુણ્ય બંધાણું એનું જે સિંહાસન- આપની બેઠક. લે! વીતરાગ થયા અને બેઠક સિહાંસનની! એ તો અદ્ધર બેસે છે. પણ નીચે એને સિંહાસન હોય છે. એનાથી ચાર તસુ ઊંચું નિરાલંબન એ જિન પરમાત્માનો દેહ સર્વજ્ઞદેવનો હોય છે. પણ હેઠે સિંહાસન છે એના પૂર્વના પુણ્યના ફળને વર્ણન કરી અને કહે છે અને પોતાની દૃષ્ટિમાં પણ રાખે છે. અમે જે આપની ભક્તિ અને સ્તુતિએ કરીએ છીએ એમાં અમને શુભભાવ થાય છે, એના ફળમાં સ્વભાવની પ્રાપ્તિ નહિ થાય. એના ફળ તરીકે તો સંયોગો પ્રાપ્ત થશે. બરાબર હશે? ધન્નાલાલજી! આ બધા ધર્મ ધર્મ કરે છે. એમાં ધર્મ થાય છે, ધર્મ થાય છે, એમ કહે છે.

મુમુક્ષુ :- રયણસારમાં કુંદુકંદાચાર્ય..

ઉત્તર :- રયણસારમાં એ તો વ્યવહાર ધર્મની વાત કરી છે. નિશ્ચયની ધર્મની વાત નથી. નિશ્ચય નામ સત્ય ધર્મ. આમ ચિદાનંદ જ્યાં ઘોળાય છે અને એની અંતરની એકાગ્રતાની દશાની શુદ્ધતાની વ્યક્તતા એ ધર્મ છે.

આચાર્ય 'કુંદકુંદાચાર્ય' જ 'પ્રવચનસાર'માં કહે છે. 'પ્રવચનસાર'માં નહિ. ૧૭૨ ગાથામાં નહિ? કે શુભ-અશુભભાવ, એ શુભભાવનું ફળ એ અશુભભાવનું ફળ એ બળબળતા અંગારા જેવું છે. અશુભભાવ એનું ફળ હિંસા, જુઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, કામ, ક્રોધ, મમતા, કમાવું, રળવું એવી વૃત્તિઓનો ભાવ, એના ફળમાં તો બળબળતા અંગારા મળશે. બરાબર હશે આમાં? અને શુભભાવના ફળમાં કળકળતા પાણીના ઊનાની દાઝ જેવું ફળ મળશે. આ તો ઝળહળ પાણી લીધું છે, ભાઈ! ઘી પણ લીધું છે. પણ કલકલ કરતું પાણી હોય ઊનું અને ઘી જેવું ઊનું હોય, એવા શુભભાવમાં સંયોગરૂપી ફળ મળી અને એમાં કળકળતો રાગ થઈને જીવ દુઃખી થાય છે. ઓહોહો..! કહો, સમજાણું કાંઈ? એ કાંઈક શબ્દ છે ખરો. સુખદુઃખમાં બળબળતો. નહિ? ૧૭૨માં. ૧૭૨. 'પંચાસ્તિકાય' હોં! 'પ્રવચનસાર'

નહિ. 'પંચાસ્તિકાય' નહિ? કહો, સમજાણું કાંઈ? આહાહા..!

જુઓ તો ખરા! પોતે સ્તુતિ કરે, ભક્તિ કરે, વિકલ્પ આવે, મુનિઓ પણ સિદ્ધ ભક્તિ નથી કરતાં? જ્યાં દીક્ષા માટે જાય ત્યાં સિદ્ધ ભક્તિ સ્તોત્ર કરે પછી આહારાદિની ક્રિયા બનવાની હોય તો બને. અહીં કહે છે કે ભગવાન આત્મા, હે પ્રભુ! આપની અમને ભક્તિનો શુભરાગ અને અમારા ચૈતન્ય ધાતુ જ્ઞાનાનંદની જે અંતર ભક્તિ નિશ્ચયથી વર્તે છે એનું ફળ તો શાંતિ છે, પણ આપના ફળમાં જે ભક્તિના રાગમાં આપને પણ એ સિંહાસન આદિ વીતરાગ થયા પછી મળ્યા છે. એ કાંઈ રાગથી કે જે ભાવે તીર્થંકરગોત્ર બાંધ્યું એ ભાવે પ્રભુ આપને પણ કાંઈ વીતરાગતા થઈ નથી. આત્માની શાંતિ કાંઈ એ ભાવે થઈ નથી. એ ભાવે તો આ સંયોગો બંધાણા કર્મના. કારણ કે શુભભાવ એ સંયોગીભાવ છે. સ્વભાવિકભાવ નથી.

એ નામ સ્મરણ, ભગવાનનું નામ સ્મરણ, જાપ, ભગવાનનું પરનું ધ્યાન અને પર ભગવાનને દેખવા, દર્શન કરવા એવો ભાવ ધર્મી જીવને પણ અશુભ ન હોય ત્યારે એ કાળે ભક્તિનો શુભભાવ આવ્યા વિના રહે નહિ. મંદિર, પૂજા, ભક્તિ ભાવ હોય પણ ધર્મીની દૃષ્ટિમાં એ શુભભાવના ફળ તરીકે એમ સમજે કે પ્રભુ! એ તો સંયોગીભાવ તે સંયોગને પ્રાપ્ત (કરાવવાનું) કારણ છે. અમારો આત્મા એના સ્વભાવની પ્રાપ્તિ કાંઈ સંયોગીભાવથી થતી નથી. કહો, બરાબર હશે આમાં? નેમિદાસભાઈ! તો આવું બધું સાંભળીને નહિ કરાવે આ બધા મંદિર-બંદિરને. આ બે બેઠા છે જોડે. નેમિદાસભાઈએ કરાવ્યું અને ભગવાનજીભાઈ કરાવે છે હજી તો. થાય છે ત્યાં જામનગર. કો'ક કહેતું હતું, મહા સુદ આઠમનું ત્યાં ખાતમુહૂર્ત (છે). મધુવનમાં શ્વેતાંબરમાં એક મોટો મહોત્સવ છે. મહા સુદ આઠમનો. ભગવાનની પ્રતિષ્ઠા છે ને કંઈક છે. મહા સુદ સાતમ કાંઈક દિવસ એવો આવતો લાગે છે. ભગવાનજીભાઈ! ત્યાં પણ મુહૂર્ત આવ્યું છે કો'કનું, કહે છે.

અહીં કહે છે, ભાવ તો એવો હોય, ભાઈ! જ્યાં સુધી અરાગી-વીતરાગી આત્માની દશા ન થાય અને શ્રદ્ધા વીતરાગ સ્વભાવ એવો આત્મા તેના પ્રત્યે રુચિ, શ્રદ્ધા, જ્ઞાન હોવા છતાં રાગની રુચિ નહિ, રાગનો આદર નહિ છતાં, આદર નહિ છતાં આવ્યા વિના રહે નહિ. તો કહે છે, પ્રભુ! આપને જે સિંહાસન મળ્યું છે ને. એ સિહાંસન ઉપર શું થાય છે? ત્યાં ઈન્દ્રો મોટા મુગટવાળા.. કહે છે કે '**સમસ્ત સુરઅસુરના ચિત્રવિચિત્ર મણિઓથી સહિત મુગટના કિરણો વડે જેમનું સિહાંસન ચિત્રવિચિત્ર છે.**' એમ કહીને એમ કહે છે કે સિંહાસન મળ્યું અને ઈન્દ્રો આવીને આમ મણિરત્નના મુગટમાં, મણિરત્નો આમ જડ્યા છે, એના કિરણો પડે છે સિંહાસનમાં. એ બધા પુણ્યના ફળ તરીકે આપને પ્રાપ્ત થયું છે. સમજાય છે કાંઈ?

હવે કહે છે, '**એવા હે જિનનાથ!**' એવા હે વીતરાગી પ્રભુ! પોતાનો કલ્યાણ સ્વભાવ

ચૈતન્યની જાતની પહેલી દૃષ્ટિ અને રુચિ કર્યા વિના એને-શુભરાગને વ્યવહાર ભક્તિનો આરોપ પણ કહેવામાં આવતો નથી. પણ જ્યારે આત્મા જ્ઞાયક ચૈતન્ય સ્વરૂપ સહજ આનંદ જ્ઞાનનો પિંડ છું, હું જગતના કોઈ વિકલ્પ, રાગ આ ભક્તિનો આવે એની કર્તાબુદ્ધિ (નથી) અને દૃષ્ટિમાં એ કર્તૃત્વ નથી, છતાં આવે છે તેને એ પુણ્યબંધનું કારણ તરીકે સમજી અને કહે છે, પ્રભુ! હે જિનેન્દ્ર! હે વીતરાગ! '**જે મનુષ્ય આપને દેખે છે...**' વીતરાગ ઋષભદેવ પરમાત્માને લક્ષમાં લેતાં અને આમ નિશ્ચયથી તો ભગવાન જ્ઞાયકમૂર્તિ ચૈતન્યને લક્ષમાં લઈને કહે છે કે હે પ્રભુ! આપને દેખે છે.

આપને દેખે છે એમાં બે પ્રકાર. એક ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ શુદ્ધ રાગરહિત છું એમ જે શ્રદ્ધા-જ્ઞાનથી આત્માને દેખે છે અને શુભરાગ થતાં ભગવાનની પ્રતિમા, મૂર્તિ કે સાક્ષાત્ ભગવાન સમવસરણમાં બિરાજતા હોય એને દેખે છે, એ ધન્ય છે કહે છે. એને ધન્ય કહીએ છીએ. ભગવાનજીભાઈ! બાયડીને નથી દેખતો અશુભરાગથી? છોકરાને નથી ભાળતો અશુભરાગથી? આમ હૈયાનો હાર ને મારા નેત્રને આંખુ ઠરે દીકરા, મારા કાળજા ઠરે તને દેખીને. નથી વાતું કરતા? ગપેગપ હોં! કુંવરજીભાઈ! આ બધું ગપેગપ ચાલ્યું છે બધું. પણ મોહની ગાંઠ છે એવી જબરી.

'માયા બડી મોહની જેના વજ્રમય ગાળા, એ સાંગો કહે સલવાણા કંઈક જડ્યા ને કંઈક પાળા.' પાળા સમજો છો? પગથી ચાલે એને પાળા કહે અને જે ઊંટ ઉપર બેસીને ચાલે... જેલ હોય છે ને જેલ? કેદમાં કોઈ ઊંટ ઉપર બેઠો હોય અને કોઈ નીચે બેઠો હોય. બધા સલવાણા છે જેલમાં.

એમ કોઈ સંસારમાં અને ત્યાગીમાં પણ જેને આ આત્મા ચિદાનંદની મૂર્તિ (છે) એવી ખોલવાની દૃષ્ટિ અને રુચિ થઈ નથી અને એકલા શુભ-અશુભરાગના બંધનના જડની જેલમાં, એ જડ એ વિકાર જે ચૈતન્ય જે તેને અંધકારમય ભાવ, એની જેલમાં બંધાણા છે એ પછી ત્યાગી થયા હોય તોપણ એ ભોગી જેવા જ છે. સમજાય છે કાંઈ?

અહીં કહે છે કે પ્રભુ! આપને જે દેખે છે ને. આહાહા..! આમ જ્ઞાયક ચૈતન્ય દેખે છે શ્રદ્ધા-જ્ઞાનમાં અને શુભરાગ થતાં ભગવાન આમ પરમાત્મા સર્વજ્ઞ છો એમ દેખે છે એને પુણ્ય બંધ થાય છે, સ્વભાવને દેખવાની જેટલી એકાગ્રતા (થાય છે) તેમાં સંવર અને નિર્જરા થાય છે. સંવર-નિર્જરા એટલે ધર્મ. તેને ધન્ય કહીએ છીએ. સમ્યગ્જ્ઞાન, દર્શન વિના પણ ધર્મની સાધારણ જિજ્ઞાસામાં પણ અશુભભાવના નાશ કાળે કે અભાવ કાળે વ્યવહારે એને શુભભાવ પણ આવ્યા વિના રહેતો નથી. પણ તેને ધર્મ વ્યવહારે છે એમ કહેવામાં આવતું નથી. ઓહોહો..! શેઠિયા-બેઠિયા થયા હોય ને પૈસા-બૈસા થયા હોય ને પાંચ-પચાસ હજાર લાખ-બે લાખ ખર્ચે ત્યાં ધર્મ ધુરંધર ને ભારે ધર્મ કર્યો કહે છે. કેવળચંદભાઈ! ધૂળમાંય નથી. હજી તને આ જન્મ-મરણના આરા લાવવા, એ ચોર્યાશીના અવતારમાં અનાદિકાળથી

ધોકા ખાય ખાયને મરીને પૂરા ઉતરી ગયા અંદર. શું તારી ચીજ છે તેની તને ખબર નથી. મોટો રાજા અનંત વાર થયો, રાંક અનંત વાર થયો, નારકી અનંત વાર થયો, સ્વર્ગનો દેવ અનંત વાર નવમી ગ્રૈવેયકનો થયો, પણ ચૈતન્યની શાંતિની શ્રદ્ધા શું છે અને એનું જ્ઞાન, એના ભાન વિના ચુરા થઈ ગયા એના.

વર્તમાન દશામાં.. નથી આવતું આ? આત્મહણો ભવંતિ. આત્માના હણનાર છે. પરને હું જીવાડી શકું છું, પરને હું મારી શકું છું, હું પૈસા રળી શકું છું, હું પૈસા વાપરી શકું છું, હું વ્યવસ્થા કુટુંબની, નાતની, દેશની કરી શકું છું. અને તેની રક્ષામાં મારી વ્યવસ્થાનો ભાગ છે, એમ જે માને છે અને પુણ્ય અને પાપના પરિણામ એને આત્માના સ્વભાવ સાથે એકપણે કરીને પડ્યો છે સોડ તાણીને, આત્મહણો ભવંતિ. ભગવાન 'કુંદકુંદાચાર્ય' કહે છે, ભાઈ! આત્મા હણાય છે, હોં! ઘા વાગે છે, ભાઈ! આમ ચામડા ઉતરડીને ઊના પાણી છાંટે અને છાંટે ખાર-ખાર. બળતરા.. બળતરા.. અરે..! ભાઈ! બળતરા શરીરની નથી. અંદરમાં આકુળતાની વૃત્તિઓ ઊભી થાય, પરમસ્વભાવ એવો ભગવાન, એને સ્મરણમાં, શ્રદ્ધા-જ્ઞાનમાં ન લે (અને) એકલી આકુળતા.. આકુળતા.. આકુળતામાં બળી રહ્યો, ઝળહળી સળગી રહ્યો છે. આહાહા..! અને એમ માને કે અમે હવે કાંઈક કર્યા. કોઈ શુભભાવ થયા હોય, પુણ્યબંધન અમે કાંઈક કર્યું અને અમે હવે કાંઈક ઊંચા આવશું. ઊંચા શું ધૂળમાં આવે? પ્રભુ! આપને આપના પ્રભુત્વ અંતરના સ્વભાવને દેખે છે અને આપની બાહ્ય સર્વજ્ઞ આદિ પ્રભુતાને વ્યવહારથી દેખે છે, આપનું જપ કરે છે, આપની સ્તુતિ કરે છે.

શું કહે છે? આ મુનિ છે, ભાવલિંગી સંત છે. એકાવતારી-એક ભવે મુક્તિ પામવાના છે, સર્વજ્ઞપદને પામવાના છે. એ પણ જ્યારે આવા ભક્તિના કાળે આમ ઉછળી રહ્યા છે પ્રભુ પ્રત્યે. પ્રભુ! આહાહા..! અમારી પ્રભુતાના લક્ષે તમારી પ્રભુતાના ગાણા અમે ગાઈએ છીએ. સમજાણું કાંઈ? છતાં પાછા એના વાંધા એટલા. પણ એ રાગ આવ્યો એ કારણ થયું કે નહિ અંતરમાં આત્માના સ્વભાવને પ્રગટ કરવા માટે? ભાઈ! કારણ હોય તો એને છોડીને પૂર્ણ કેમ પ્રાપ્તિ કરે? અંતરમાં એ તો ગુમ થઈ ગયા ધ્યાનમાં. અંતર ચિદાનંદ સ્વરૂપના અંતરના ઘોલનમાં સાતમે ગુણસ્થાને મુનિ આવે અને છઠ્ઠે આવે એ પાછા ખસીને ત્યાં જાય છે અને છઠ્ઠી ભૂમિકામાં આવે ત્યારે આવા વિકલ્પો હોય તો એ વિકલ્પની આત્માના સ્વભાવ માટે કાંઈ કિંમત હોય તો છોડીને અપ્રમત્ત અંદરમાં ક્ષણે ક્ષણે કેમ થાય? બરાબર છે? ધન્નાલાલજી! તકરાર તો ઘણી કરશે પંડિત લોકો. અનાદિકાળથી છે. એ તો અનાદિકાળથી ચાલ્યું આવે છે. ભાઈ! તારી ચીજ શું છે અને તું કેમ પ્રાપ્ત કરીશ એની તને ખબર નથી.

કહે છે કે હે ભગવાન! તમારી સ્તુતિ કરીએ છીએ. ભગવાનની સ્તુતિમાં શુભભાવ છે. પોતાના ભગવાનની સ્તુતિ જ્ઞાનસ્વભાવ કેવળજ્ઞાનમાં એકાકાર થવું એ નિશ્ચય સ્તુતિ. ભગવાનની સ્તુતિ એ વ્યવહાર સ્તુતિ. અને આપનું જપ કરે છે. જપના બે પ્રકાર. આત્મા આનંદસ્વરૂપની

એકાગ્રતા એ આત્માનો જપ છે અને ભગવાનનું સ્મરણ કરવું એ ભગવાનનો વ્યવહાર જપ છે. એ શુભરાગ છે. ઓહો..! એ તો પહેલું કહ્યું. એવા રાગથી સિંહાસન આદિ ઋદ્ધિ મળશે, હોં! એમ કહે છે. અને અમારા ચૈતન્યની અંદર શ્રદ્ધા-જ્ઞાન-જપ-ધ્યાન ને દેખવા એનાથી પૂર્ણની પ્રાપ્તિ એના સ્વભાવથી જ થશે. બીજાથી થશે નહિ. આવી શ્રદ્ધાના દોર જેણે અંતરમાં મહાન નિર્મળ કર્યા છે અને એ નિર્મળ દોરને રસ્તે ચાલ્યો જાય તેને આવી ભક્તિનો ભાવ આવે એને વ્યવહાર ભક્તિ કહેવામાં આવે છે.

'**જપ અને ધ્યાન કરે છે તે મનુષ્ય ધન્ય છે.**' પ્રભુ આપનું ધ્યાન કરે. એકલા ભગવાનનું ધ્યાન નહિ, હોં! રાત્રે પ્રશ્ન કરતા ને? કોણે કીધું? કે ભગવાનનું ચિંતવન કેમ કરવું? ભાઈ! પહેલો તો આ આત્માનો સ્વભાવ બરાબર શાસ્ત્રથી, ગુરુગમથી એને લક્ષમાં, વાસ્તવિક શું છે એમ લેવો જોઈએ. અને લઈને તેના તરફની પ્રયત્ન પરાયણતા દ્વારા શ્રદ્ધા-જ્ઞાનનો અનુભવ કરી અને જે આત્માને શ્રદ્ધા-જ્ઞાનની શાંતિ મળે એ ખરી ભક્તિ છે. એ ખરું ધ્યાન છે. એ સ્થિર ન રહી શકે ત્યારે ભગવાનની વિચારણા પણ આવે. શુભ વિકલ્પ હોય તો કહે છે કે નિશ્ચયથી નિશ્ચય પ્રકારે ધન્ય છે અને વ્યવહારથી વ્યવહાર પ્રકારે એ મનુષ્યને ધન્ય વ્યવહારથી કહેવામાં આવે છે. પણ નિશ્ચયની ભાનની ભૂમિકા હોય તો. નહિતર એકલા જપ અને ધ્યાન એ કાંઈ આત્માના સ્વભાવને શાંતિ આપનારા નથી.

હે જિનેન્દ્ર! મોટા મોટા સુર અસુર પણ આવીને આપને નમસ્કાર કરે છે. મોટા મોટા ઈન્દ્રો. હવે ત્યાં ક્યાં સાધારણનું ગજુ છે, એમ કહે છે. એટલે સાધારણ પ્રાણી નહિ, મોટા મોટા મહાત્મા સંતો પણ આત્માનું ધ્યાન કરે છે અને મોટા મોટા ઈન્દ્રો ને નરેન્દ્રો ને ચક્રવર્તી ને બળદેવ પણ ભગવાનના દર્શન કરવા આવે છે. બેય રીતે લેવું. આત્મા મોટો એનું ધ્યાન, નમસ્કાર અને ભગવાન મોટા. એને મોટા મોટા આવીને નમસ્કાર કરે છે.

'**આ રીતે દરેક મનુષ્યને આપના દર્શનનો તથા આપની સ્તુતિનો અને આપના જપ અને ધ્યાનનો અવસર સુલભ રીતે મળી શકતો નથી.**' એમ કહેતા કહે છે, અનંત કાળના રઝળ્યા, અનંત કાળના રખડ્યા એવા ચૈતન્યમૂર્તિને પોતાના સ્વભાવની શ્રદ્ધા જ્ઞાનનો અવસર મળતો નથી. અને એવો અવસર મળીને સાચા પરમાત્માના દર્શન, ભગવાનની ભક્તિ આદિ એવા શુભભાવ પણ થવા એ વ્યવહારે પણ દુર્લભ છે. નિશ્ચયથી સ્વભાવના દર્શન દુર્લભ, વ્યવહારે ભગવાનના દર્શન દુર્લભ છે. કહો, સમજાણું કાંઈ? '**સુલભ રીતે મળી શકતો નથી.**'

'**તેથી જે મનુષ્ય એવો પુણ્યભાવ છે...**' જે પુણ્યવાન છે કે જેને આપના દર્શન... કહો, સમજાણું? '**આપના દર્શન મળે છે, તેમ જ આપની સ્તુતિ તથા જપ અને ધ્યાનનો પણ અવસર મળે છે તે મનુષ્ય સંસારમાં ધન્ય છે.**' અર્થાત્ એવા મનુષ્યને અમે ધન્યવાદ આપીએ છીએ. ઓલા નિશ્ચય અને વ્યવહારની બેય સાથે વાત છે, હોં!

બાયડી-છોકરાનું સ્મરણ કરે છે કે નહિ? ટાણે આ આવી કે નહિ? દીકરી આવી કે નહિ? દીકરો આવ્યો કે નહિ? લગન વખતે પ્રસંગ હોય તો આપણા લગનની શોભા વધશે. માંડવાની શોભા વધશે એવું કાગળમાં લખે. તમારે આવ્યે માંડવાની શોભા વધશે. ધૂળમાંય નથી શોભા. તારો માંડવોય નથી અને શોભાય નથી. વજુભાઈ! લખે કે નહિ ત્યાં?

મુમુક્ષુ :- લખવું જ પડે.

સમાધાન :- ધૂળમાં સળગી રહ્યો છે બધો બળતરામાં. પણ જ્યાં અહીં સારો વેવાઈ હોય, સારો વેવલો હોય એટલે સગો અને કુટુંબી કોઈ, એના દીકરાના ઓલા. ખરે ટાણે આપને આવવું જોઈએ, અમારી શોભામાં વધારો થશે.

અહીં કહે છે, પ્રભુ! આવ્યું છે ને? પ્રવચનસારમાં નથી આવ્યું? શરૂઆતમાં. પ્રભુ! અમારું ચિદાનંદ સ્વરૂપ છે ને, એની શ્રદ્ધા-જ્ઞાન કરીને અમે સ્વરૂપની રમણતા ઉપશમ કરવા ધારીએ છીએ. પ્રભુ! અમારા સ્વયંવરમાં આપની હાજરી હોવી જોઈએ. અરિહંતોને, સિદ્ધોને બોલાવે છે. ઓહો..હો..! પ્રભુ! અમે આત્માની સાથે લગ્ન કરવા માંડ્યા છે. ચિદાનંદ પ્રભુ અખંડાનંદની અંદર લગની લાગી છે અને હવે ઉપશમભાવ, ચારિત્રભાવ, શાંતભાવ, ધર્મભાવ અમે ગ્રહણ કરવા માગીએ છીએ. ગ્રહણ તો કરેલો છે પણ એ જાતની વિધિ બીજાને બતાવવી છે ને. એવા ભાવ ટાણે હે અરિહંતો! અનંત સિદ્ધો! મારા સ્વયંવર મંડપની ચારિત્રદશામાં આપની હાજરી હોવી જોઈએ. આપની હાજરીથી અમારા ચારિત્રની શોભા વધશે. કેવળચંદભાઈ! કહો આ વાત આવી આવે છે. ઓલા બાયડી-છોકરાને સંભારે, દીકરીને સંભારે, જમાઈને સંભારે, દીકરાને સંભારે.

અહીં કહે છે... આહાહા..! પ્રભુ! તારી પ્રભુતા તને તો પ્રગટ કરી. સમજાણું? પ્રિતમ નથી કહેતા? પ્રિતમ કહે છે ને? ભગવાનને પ્રિતમ કહેવાય છે. કેમ? કે એ પ્રિયતમ છે. એ પ્રિતમ વ્યવહારે પ્રિતમ એટલે પ્રિયતમ છે. નેમિદાસભાઈ! શું કીધું? દેવચંદજી સ્તુતિ કરે છે ત્યાં કહે છે,

ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો ઓર ન ચાહુ કંથ,
રિઝ્યો સાહેબ સંગ ન પરિહરે, ભાંગે સાદિ અનંત. ભાંગે સાદિ અનંત
ઋષભ જિનેશ્વર પ્રીતમ મ્હારો.

પ્રિતમનો અર્થ પ્રિયતમ-પ્રિયતમ. એ પ્રિય નહિ, પ્રિયતર નહિ અને પ્રિયતમ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા નિશ્ચયથી પ્રિયતમ છે. સમજાણું કાંઈ? પ્રિયતમ. આત્મા અખંડાનંદ એ પ્રિયતમ. પ્રિતમ તો આત્મા પોતાની પર્યાયનો સ્વામી શુદ્ધનો થાય એ પોતે પ્રિયતમ છે. એ પોતે જ પ્રિતમ છે. અને એવા કાળમાં પૂર્ણ વીતરાગતા ન હોય ત્યારે તેને સર્વજ્ઞ પરમાત્મા પણ વ્યવહારે પ્રિયતમ-પ્રિતમ કહેવામાં આવે છે. પ્રભુ! તારા પ્રત્યે અમને પ્રેમ છે. ઈષ્ટ નથી કહેતા? ઈષ્ટદેવ કહે છે ને? અષ્ટદેવ કહો, પ્રેમ કહો. એને ધર્મીને જેવો પ્રેમ

સાધર્મી અને સર્વજ્ઞ ને દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે હોય, એવો પ્રેમ વિષયના નિમિત્તો બાયડી, છોકરા, કુટુંબ અને પૈસા (પ્રત્યે) એવો પ્રેમ એને હોતો નથી. સમજાય છે કાંઈ?

જેવો પ્રેમ સર્વજ્ઞ પરમાત્મા ને આત્મા પ્રત્યે હોય, એવો પ્રેમ એને વિષય અને કષાય ને માન ને અભિમાનના બધા નિમિત્તો છે પૈસા, આબરૂ, કીર્તિ, ધૂળ ધમાહા, એના પ્રત્યે ધર્મીને એવો પ્રેમ હોતો નથી. અને જો વધારે પ્રેમ એ લઈ જાય તો ભગવાન પ્રત્યે તેને પ્રેમ નથી અને આત્માના સ્વભાવ પ્રત્યે પણ એને પ્રેમ નથી. એ તો મૂઢ અને અજ્ઞાની ચાર ગતિમાં રખડવાના રસ્તામાં-પંથે પડ્યો છે.

અહીં તો કહે છે, પ્રભુ! આપને જ્યાં આમ દેખે... આહાહા..! અમારા પ્રિયતમ પ્રભુ વ્યવહારે. નિશ્ચયથી પ્રિયતમ પ્રભુ આત્મા. શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપ એ અમારી પ્રિયતમ ચીજ છે. વ્યવહારે પ્રિતમ તમે. તમારું દર્શન, તમારું જાપ, તમારું ધ્યાન પ્રભુ કરનારને અમે ધન્ય કહીએ છીએ. હવે બીજો આધાર આપે છે જરી. છે ને? આ .. કાંઈ નામ નથી ત્યાં લખ્યું. બોલો!

....

જુઓ! મુનિ પોતે પણ ભગવાનની એ સ્તુતિ કરીને (કહે છે), **'જે મનુષ્યો પુષ્પો વડે જિનેન્દ્ર ભગવાનનું પૂજન કરે છે.'** ધર્મીને પોતાના પ્રિયતમ એવો આત્મા એના પ્રત્યે પ્રીતિ-રુચિ વર્તતા થકા શુભરાગ કાળે તેને ભગવાનની પૂજાનો ભાવ આવે છે. પુષ્પો વડે જે મુનિ, જે કોઈ જીવો હે જિનેન્દ્ર! આપનું પૂજન કરે છે. ભારે ભાઈ! વળી પુષ્પ આવ્યા. ફૂલ આવ્યા, એકેન્દ્રિય જીવ મરે. અરે..! ભાઈ! એ શુભભાવમાં એ ભાવમાં એવું નિમિત્ત અંદર આવે છે. એકેન્દ્રિયમાં ફૂલ આદિ જીવો એનું આમ ભગવાન પ્રત્યે મૂકે છે, હે પ્રભુ! આ કામબાણે અમને હેરાન કર્યા, આ કામબાણના ફૂલ છે. અમે છોડવા માગીએ છીએ કામબાણ. અમારા આત્માના જ્ઞાનાનંદમાં રહેવા માગીએ છીએ. તો આપને આ ફૂલ મૂકીને શુભભાવ જે થાય તેને તે પુણ્યબંધનનું કારણ જાણે છે. એનું ફળ કહેશે પાછું.

**'જે મનુષ્ય પુષ્પો વડે જિનેન્દ્ર ભગવાનનું પૂજન કરે છે તે મનુષ્ય પરભવમાં મંદ હાસ્ય સહિત એવી દેવાંગનાઓના નેત્રો વડે પૂજાય છે...'** જુઓ! શું કહ્યું? એમાં સાથે વાત રાખે છે. સ્વભાવની શ્રદ્ધા જ્ઞાન પણ મારી પાસે છે એમ રાખે છે અને હે પ્રભુ! આપની પુષ્પો વડે શુભભાવથી પૂજા કરે છે ને, એ તો સ્મરણ કરવું, જાપ કરવો, પૂજા-ભક્તિ બધો શુભભાવ છે. કોઈ એમ કહે કે, ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં કરીએ તો કાંઈ વધારે..? ના. એ શુભભાવ છે. સમજાણું કાંઈ? અને ભગવાનની પૂજા વખતે જે પુષ્પ વડે શુભભાવ થાય (એનું) ફળ કે મંદ હાસ્ય સહિત તે પરભવમાં એવી દેવાંગનાઓના નેત્રો વડે પૂજાય. એટલે મોટો દેવ (થાય).

દિવ્ય શક્તિ આત્માની છે, એની જેટલી દૃષ્ટિ અને એકાગ્રતાનો વિકાસ થાય એના ફળ

રૂપે તો શાંતિ અને આનંદ આવે. પણ જેટલો ભગવાનની પૂજામાં શુભભાવ થાય એના ફળમાં દેવાંગનાઓ, એના નેત્રોમાં એની પ્રીતિ લાગે એ દેવ પ્રત્યે. પૂર્વે ભગવાન પ્રત્યે પ્રીતિથી પૂજા કરી છે તો એના ફળમાં દેવાંગનાઓ એને નેત્રો વડે પૂજે એટલે બહુમાન કરે. સમજાય છે કાંઈ? વળી આ ક્યાં આવ્યું પૂજાય ને આ થાય? ભાઈ! શુભભાવના ફળ તરીકે એવી સ્થિતિને પ્રાપ્ત (થાય). પણ ધર્મી જીવને વર્તમાન શુભભાવનો અંતર આદર હોતો નથી, તો ત્યાં એના ફળનો આદર એને હોતો નથી. પણ એ આવ્યા વિના રહેતું નથી. કહો, સમજાણું કાંઈ?

એક પંડિત કહેતા હતા. ઘણાં વર્ષની વાત છે (સંવત) ૧૯૯૧-૯૨ની. એક પંડિત કહે કે, આ શું શાસ્ત્રમાં લખ્યું? અહીં પાળે બ્રહ્મચર્ય અને ત્યાં મળે ઈન્દ્રાણીઓ? સમજાણું? અહીં પાળે બ્રહ્મચર્ય અને મુનિપણું ત્યાગ અને એના ફળમાં મળે ત્યાં ઈન્દ્રાણીઓ! આ શાસ્ત્ર કેવા? પંડિત પાછો શાસ્ત્રનો. અરે..! ભાઈ! તમને કોણે શીખવ્યું આ? બ્રહ્મચર્ય એટલે આત્મા જ્ઞાનાનંદ-બ્રહ્માનંદ એની શ્રદ્ધા, જ્ઞાનની રમણતા, એના ફળમાં એવી દેવાંગનાઓ છે? ના ના. એમાં જરી ભક્તિનો રાગ કે મહાવ્રતનો રાગ રહી ગયો છે અને પૂર્ણતાની પ્રાપ્તિ કરી નથી, સ્વભાવ ચૈતન્યની શ્રદ્ધા-જ્ઞાનની શ્રેણીએ ચડ્યો છે, પૂર્ણની પ્રાપ્તિ થઈ નથી અને દેહનું આયુષ્ય પૂર્ણ થઈ ગયું. એ ક્યાં અવતરશે? કીધું. ક્યાં ગધેડામાં અવતરશે? વજુભાઈ! ત્યારે કહે, આવી રીતે તો અમને (સમજાણું નથી). પણ તમે શાસ્ત્રના અર્થ સમજો નહિ અને પંડિતાઈને નામે (એમ પ્રરૂપણા કરો કે), જાવ શાસ્ત્રમાં આમ લખ્યું. એના ફળમાં... એના ફળમાં નથી. સાંભળ તો ખરો.

આત્મા સચ્ચિદાનંદ મૂર્તિ સિદ્ધ સમાન સદા પદ મેરો. એવા ચૈતન્યની શ્રદ્ધા-જ્ઞાનમાં કોઈ મારે કારણ રાગ કે નિમિત્તનું નથી. એવી સ્વતંત્ર શ્રદ્ધા-જ્ઞાન કર્યા, કાંઈક રમણતા પણ થોડી થઈ. પૂર્ણ રમણતા હોય તો તો કેવળજ્ઞાન થઈને દેહ છૂટી જાય અને અશરીરી થઈ જાય. હવે પૂર્ણ રમણતા નથી ત્યારે કચાશમાં રાગ આવ્યા વિના રહેતો નથી. અને એ રાગ ભક્તિ આદિ, પૂજા આદિનો, મહાવ્રત આદિનો હોય, એના ફળમાં અવતાર ક્યાં મળે? મુખ્ય તો થાય નહિ, પૂર્ણ પ્રાપ્તિ નથી. ત્યારે એ પ્રાણી નરકમાં જશે? ઢોરમાં જશે? ઢોર સમજ્યા? તિર્યંચ. મનુષ્યમાં ન જાય. ધર્મીના એટલા પુણ્ય હોય છે મનુષ્ય તિર્યંચના કે એ મનુષ્ય મરીને મનુષ્ય ન થાય. ધર્મી જીવ સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય મરીને ઢોર ન થાય. ઢોર મરીને ઢોર ન થાય. તિર્યંચમાં પણ સમ્યગ્દર્શન હોય છે. પણ એ તિર્યંચ સમકિતી તિર્યંચ ન થાય, એ તિર્યંચ મરીને મનુષ્ય પણ ન થાય. એને આત્માના જે દિવ્ય શક્તિનું ભાન થઈને પ્રતીત વર્તે છે, એમાં ભગવાન પ્રત્યે, સર્વજ્ઞ પ્રત્યેનો ભાવ અને દયા-દાન આદિનો ભાવ થયો એના ફળમાં એ સ્વર્ગની ઈન્દ્રાણીઓ એના ફળમાં મળશે.

મુમુક્ષુ :- રાગનું ફળ છે.

ઉત્તર :- રાગનું ફળ છે. એ ધર્મનું, ગુણનું નથી. અને ન હોય તો ત્યારે એને અવતાર ક્યાં લેવો? ત્યારે એણે કહ્યું હોં, પણ આવી રીતે અમને કોઈ સમજાવતું નથી. પણ સમજાવતું નથી પણ તમે પાધરા નાસ્તિથી શાસ્ત્રના અર્થો ઊંધા કરે. શાસ્ત્ર આમ કહે છે... શાસ્ત્ર આમ કહે છે. હવે શાસ્ત્ર શું કહે છે? એને સમજવામાં..

અહીં તો આવ્યું કે પુષ્પો વડે હે ભગવાન! આપની પૂજા કરે એ દેવાંગના નેત્રોથી પૂજાય. એટલે? બે વાત કરી. એ દેવાંગનાઓ એને મળે અને દેવાંગનાઓનો એને આદર હોય. એ આદર કરે દેવને. કારણ કે અહીં ભગવાનનો આદર કર્યો છે પુષ્પો વડે. અને આત્મામાં ભાન વર્તે છે કે રાગ મારી ચીજ નથી. એ રાગ આવ્યા વિના રહેતો નથી. તો રાગનો આદર નથી છતાં તે રાગના ફળમાં એને ઈન્દ્રાણી (કહે છે), ખમ્મા અન્નદાતા! ક્યાંથી આપ પધાર્યા? ક્યાંથી આવ્યા? ક્યાંથી આપનો અહીં જન્મ થયો? એમ ઈન્દ્રાણીઓ એના નેત્રના પુષ્પ વડે (પૂજાય છે). અહીં કીધું હતું ને? પુષ્પ વડે ભગવાનને પૂજે. નેત્ર કમળરૂપી પુષ્પ ઈન્દ્રાણીના. એ દેવ થઈને સમકિતી ધર્મી એ નેત્રરૂપી કમળના ફૂલથી પૂજાશે. સમજાણું કાંઈ? ભારે ભાઈ!

આ લાલચ તો આપી નથી ને? તેથી તો પહેલી વાત કરી. અરે..! ભગવાન! આ તો વીતરાગી સંતોની વાણી છે. એના કારણ શું? એના ફળ શું? અને તે ફળ કઈ જાતનું ક્યાં મળે? એની વ્યવસ્થાની વાત છે. ભગવાનની પુષ્પ વડે જે ભક્તિ કરે એના ફળમાં ઈન્દ્રાણીઓના નેત્રો રૂપી પુષ્પો એનાથી એ પૂજાશે. એટલે એવા સંયોગમાં એનો અવતાર થશે. છતાં ધર્મીની દૃષ્ટિ (ત્યાં નથી). સમજાણું કાંઈ? એ આગળ આવશે. આગળ તો કેટલી ગાથા ચાલી. છેલ્લે તો એ લેશે કે હે નાથ! એ ઈન્દ્રના અવતાર કે સ્વર્ગના અવતાર થશે ખરા. અમને લાગે છે. અમે પંચમકાળના મુનિ છીએ. પંચમકાળમાં અમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ નથી. પણ અમે અત્યારથી જ એ રાગનો નિષેધ કરીએ છીએ અને રાગના ફળનો અનાદર કરતા જઈએ છીએ. એ નહિ રે નહિ. એ સડેલા તરણા જેવા ઈન્દ્રના ભોગ અને ઈન્દ્રાણીના નેત્રોથી અમારો આદર એ સડેલા ઉકરડા (જેવા ભાસે છે). ઉકરડા સમજો છો? ઢેર હોતા હૈ ન? સડે હુએ તરણા કા. કૂડા કા ઢેર. ઐસા હમ સમજતે હૈં, મુનિ કહે છે. પણ મળ્યા વિના નહિ રહે, હોં! કારણ કે રાગનું ફળ સંયોગીભાવનું ફળ શું હોય? સંયોગ હોય. ભલે દયા, દાન, ભગવાનની પૂજાનો ભાવ (હોય) પણ એ સંયોગી (ભાવ છે), સ્વભાવિક ભાવ નથી. માટે સંયોગના ફળમાં સંયોગ આવા મળશે.

**'હે પ્રભુ! જે મનુષ્ય એકવાર પણ જિનેન્દ્રદેવને વંદન કરે છે તે મનુષ્ય અહર્નિશ (ત્રણ લોકમાં) વંદનીય થાય છે.'** શું કહે છે? ત્રણ લોકમાં વંદનીય. એકવાર પણ ચૈતન્યની શ્રદ્ધા જ્ઞાનના ભાન દ્વારા અંતરનું વંદન સ્વરૂપનું કર્યું અને આમ વંદન કરે છે, તો કહે છે કે એ પુણ્ય એવું બંધાશે કે ત્રણ લોકમાં વંદનીક જે તીર્થંકર થાશે. સાતિશય પુણ્ય એવું બંધાશે કે જે પુણ્યના ફળમાં ત્રણ લોકના દેવો અને ત્રણ લોકના ઈન્દ્રો કે અધિપતિઓ એને વંદન

કરશે. સમજાય છે કાંઈ? એ તો એનું સ્વરૂપ બતાવે છે. એને લાલચ આપીને કે આમ કર આમ. એમ કરવાની કર્તાબુદ્ધિ જ્યાં નથી. આહાહા..! ભારે વાત પણ ભાઈ! સમજાણું કાંઈ?

ત્રણ લોકમાં તેને વંદન કરે છે. '**તે મનુષ્ય અહર્નિશ (ત્રણ લોકમાં) વંદનીય...**' અહર્નિશ. તીર્થંકર પ્રકૃતિ બંધાય જાય કે કોઈ મહાન ગણધર આદિ પદ પ્રાપ્ત થાય કે અનેક પ્રકારના બાહ્યના ઈન્દ્રાદિના પદ મળે. તો લોકો આમ ખમ્મા-ખમ્મા (કરે). એ ભગવાનની પૂર્ણતાની ખમ્મા-ખમ્મા કરી છે. ભગવાન સર્વજ્ઞને અનંતચતુષ્ટય પ્રાપ્ત છે ભગવાન. અનંત જ્ઞાન, દર્શન, આનંદ અને વીર્ય. ખમ્મા-ખમ્મા તમારું સાધ્યપદ પ્રગટ્યું. અહો..! જયવંત રહો. એમ જેણે કર્યું છે. એને આત્માના ભૂમિકાના ભાનના કાળમાં ભાવ આવ્યો. ત્રણ લોકના મનુષ્યો કે દેવો એને વંદન કરશે. શું કહે છે આ? નેમિદાસભાઈ! ત્રણ લોકના વંદનીક કોને? સમકિતી જીવને ઈન્દ્રો આદિ કે તીર્થંકર વંદનીક હોય છે. સમજાણું કાંઈ?

એટલે કહે છે કે પ્રભુ! અમારો આત્મસ્વભાવ તરણઉપાય, એને તો અમે જાણીએ છીએ કે આત્મા કેમ તરે અને પૂર્ણની પ્રાપ્તિ થાય. તો આપ તરીને, તરણતારણ થઈને બેઠા, એમને અમે વંદન અને ભક્તિ કરીએ (છીએ). ત્રણ લોકમાં એનો વંદન ને આદર થશે. એવા શુભરાગના ફળને વાસ્તવિક સ્થિતિ શું છે એ વર્ણન કરે છે.

'**અર્થાત્ ત્રણ લોક આવીને તેને વંદન કરે છે. જે મનુષ્ય એકવાર પણ જિનેન્દ્ર ભગવાનની સ્તુતિ કરે છે...**' એકવાર. ઓહોહો..! આદિ જ કરી નથી કોઈ દિ' એકવાર, કહે છે. આમ ચૈતન્ય ભગવાન, પ્રભુ ચૈતન્ય ચમત્કારના નિજરસથી ભરેલો આત્મા એની જેણે શ્રદ્ધા-જ્ઞાન અને ભાવ કર્યા અને પૂર્ણ પ્રાપ્તિ પરમાત્માને થઈ, એની સ્તુતિ જે કરે છે તેની ત્રણ લોકમાં મોટા મોટા ઈન્દ્રો સ્તુતિ કરે છે. તેની પરલોકમાં. અહીં આમ કરે તો પરલોકમાં એને ઈન્દ્રો આદિ પણ આદર કરશે. કહો, સમજાણું કાંઈ?

અહીં તો ઉત્કૃષ્ટ લોકોત્તર પુણ્યનું વર્ણન કરે છે. સાધારણ પુણ્ય બાંધીને સ્વર્ગમાં જાય છે ત્યારે ત્યાં દેવો આદિની સભા ભરાય છે. તો સભા ભરાતા એ સાધારણ આરાધક પુણ્ય જેના નથી એ બોલવા માગે તો બીજા દેવો આવીને (કહે), મા ભાષ્ય, દેવા. બોલીશ નહિ. બેસી જાવ. નેમિદાસભાઈ! એણે આત્માને બેસાડી દીધો હતો અને સ્વભાવનું ભાન કર્યું નહોતું અને એકલો રાગનો આદર (કરીને) એવા પુણ્ય બંધાણા. સભા ભરાણી હોય ને બોલવા જાય, મોઢા આગળ પડવા જાય. (તો કહે), બેસી જાવ. અને આરાધક પુણ્યવાળા ધર્મના ધ્યાન અને આત્માના ભાનસહિત જેણે આવા પુણ્ય કર્યા, ભગવાનની સ્તુતિ કરી, એના પુણ્યમાં ત્યાં અવતર્યા. એકકોર આમ બેઠો હોય. અરે..! કોણ છે પાછળ બેઠા એ? આવો... આવો... આવો... આવો... આવો... અરે..! બોલો તો ખરા કાંઈક. શું બેઠા તમે? અરે..! તમારા વચનો છે એ ઝરવા તો દ્યો. ભગવાનજીભાઈ! એય..! કેવળચંદભાઈ! શેની

વાત ચાલે છે આ? આમ ભગવાનને સ્તવ્યા છે ને. ભગવાનને આમ આદર આપ્યો છે ને પૂર્ણ સ્વભાવનો વિકલ્પ દ્વારા. એવો આદર. અંતર તો આદર આપ્યો છે. કહે છે કે એના ફળમાં દેવલોકના દેવો પણ આદર સ્તુતિ કરશે. આવો, બેસો, પધારો, મોઢા આગળ બોલો. કાંઈક બોલો, કાંઈક સ્તુતિ કરો, કાંઈક અમને ચર્ચા-વાર્તા ધર્મની સંભળાવો. એમ એવા ભગવાનની જેણે સ્તુતિ કરી એની સ્તુતિ સ્વર્ગમાં દેવો પણ કરશે. શું હશે આ? ધીરુભાઈ! લાલચ નહિ હોયને? ભાઈ! અહીં લાલચ ક્યાં? અહીં તો વીતરાગતા છે ને. વીતરાગભાવ. આહાહા..!

૧૭૨ ગાથામાં એ કહ્યું છે નહિ? 'પંચાસ્તિકાય'માં. એક વીતરાગભાવ અગ્રેસરપણે.. વીતરાગભાવ... વીતરાગભાવ... એક રજકણની પીડા આ દેહની કોણ આદરે? કોણ કરે? કોણ ભોગવે? રાગનો કણ એ ક્યાં મારી ચીજ છે? શુભરાગ. એવી જેની દૃષ્ટિ, એની જેની સ્થિરતા એ આખા શાસ્ત્ર ને સર્વજ્ઞ પરમાત્માના સિદ્ધાંત અને શાસ્ત્રનું તાત્પર્ય છે. ઉપેક્ષા કર રાગની અને નિમિત્તની, સ્વભાવનો આશ્રય કર. એવા વીતરાગભાવમાં લાલચું હોઈ શકે નહિ. પણ એ ધર્માત્માને શુભભાવ થાય. એના ભાવ તરીકે એને શું ફળ મળે એની અહીં વાત કરી રહ્યા છે.

**'અને જે મનુષ્ય એકવાર પણ જિનેન્દ્ર ભગવાનનું ધ્યાન કરે છે...'** એકવાર એટલે અનાદિકાળનું અજ્ઞાન ટાળી અને છેદી અને જ્ઞાનાનંદના આદરના ધ્યાનમાં એક ક્ષણ રહ્યો, જન્મ-મરણના આરા (એના) અંત આવી ગયા. ભગવાન! તારી સ્તુતિ પૂર્ણાનંદ પ્રાપ્તિ થઈ, એની એકવાર પણ નિશ્ચય સહિત કરે છે તે **'સમસ્ત કર્મો રહિત થઈ જાય છે.'** એ સમસ્ત કર્મો રહિત થઈ જાય છે. **'અને મોટા મોટા યોગીશ્વરો પણ તેનું ધ્યાન કરે છે.'** કહો, ભગવાનનું ધ્યાન કરનાર ભગવાન થઈ જાય. તેને યોગીશ્વરો પણ એનું ધ્યાન કરે છે. સિદ્ધપદ અને અરિહંતપદમાં ભળી જાય. શુભરાગ તરીકે તો સમવસરણ કે બહારની ચીજો પ્રાપ્ત થાય અને સ્વભાવના ધ્યાન તરીકે પૂર્ણતા થાય. બીજા દેવો કે ઈન્દ્રો કે ગણધરો પણ એનું ધ્યાન કરે. જેણે હે ભગવાન! આપનું ધ્યાન કર્યું, તેનું ઈન્દ્રો પણ ધ્યાન કરે છે.

**'માટે ભવ્ય જીવોએ ભગવાનનું પૂજન, વંદન, સ્તુતિ અને ધ્યાન સર્વદા કરવું જોઈએ.'** સર્વદાનો અર્થ બે પ્રકારે છે, હોં! આત્માના જ્ઞાનની સર્વદા દૃષ્ટિ રાખવી જોઈએ અને ભગવાનની ભક્તિ આદિ, સ્તુતિ આદિનું ધ્યાન પણ એને હોવું જોઈએ.

**चम्मच्छिणा व दिट्ठे इ तइ लोए ण माइ महहरिसो।**
**णाणच्छिणा उणो जिण ण-याणिमो किं परप्फुरइ।।३।।**

**'હે જિનેન્દ્ર!'** હે ભગવાન! **'અમે આપને ચર્મ ચક્ષુથી પણ દેખીએ તોપણ અમને એવો ભારે હર્ષ થાય છે.'** એવો ભારે હર્ષ થાય છે. શું કહે છે? ચર્મ ચક્ષુથી એટલે

વિકલ્પ દ્વારા પણ અમે ભગવાનને ભાળીએ. એ વિકલ્પ એ ચર્મ ચક્ષુ. શુભરાગ. અંતરનો નિર્વિકલ્પ સ્વભાવ એનું તો શું કરીએ? નિર્વિકલ્પની પ્રાપ્તિ થતાં અમને કેટલો આનંદ આવશે? નિર્વિકલ્પની પૂર્ણ પ્રાપ્તિ. સમજાય છે કાંઈ આમાં? આમ ગુણી-ગુણનો ભેદ નહિ. એવા અભેદની શ્રદ્ધા જ્ઞાનની દૃષ્ટિ પ્રગટતાં, પછી રમણતા થતાં અમને નિર્વિકલ્પ નામ અભેદ દશા પૂર્ણ પ્રગટશે એના આનંદની તો શું વાત કરવી? એના આનંદની તો શું વાત સમજવી? પણ પ્રભુ! આપને આમ વિકલ્પ દ્વારા પણ જો અમારી દૃષ્ટિ સ્વભાવની રાખીને આપને જોઈએ છીએ તો અમને એટલું પુણ્ય થાય છે. '**ભારે હર્ષ થાય છે. એ હર્ષ ત્રણ લોકમાં સમાતો નથી.**' ઓહોહો..! ભારે વાત, ભાઈ! એનો અર્થ હરખ... હરખ... હરખ... હરખ... આ હરખજમણ નથી કરતા? મલૂકચંદભાઈ! શું હશે આ? આ છોકરા-બોકરા પરણાવે અને પછી જાય ને શું કહેવાય? વરોઠી કરે. પછી ઓલો કરે હરખજમણ સામો. આજ તો હરખજમણ છે. ધૂળના નથી. પાપના જમણ છે.

અહીં તો કહે છે, પ્રભુ! અમારા ચૈતન્ય નિધાન, એને જોવાને અમને જે હરખ વર્તે છે, શ્રદ્ધા-જ્ઞાન વર્તે છે અને એની પૂર્ણતાથી અમને શું આનંદ આવશે એની તો શું વાત કરવી? પણ આપના દર્શનથી અમને ત્રણ લોકમાં એ પુણ્ય સમાશે નહિ એવું પુણ્ય બંધાશે. એ પુણ્યનો વિસ્તાર કરીએ, ત્રણ લોકમાં સમાય નહિ એવું પુણ્ય બંધાશે અમને. અને જે કોઈ આમ કરશે એને એવા પુણ્ય બંધાય છે. નેમિદાસભાઈ! ઓહો..! ત્રણ લોકના જાણનાર થાશું અને ત્રણ લોક એટલે લોકાલોકના, અંદરના ભાન દ્વારા, અને શુભભાવથી આપને આમ જોયા છે ને. આહાહા..!

ઈન્દ્રો, ભગવાન જ્યારે જન્મે છે ને ત્યારે ઈન્દ્રો હજાર આંખથી આમ જોવે છે. હજાર નેત્રથી. એટલું તો સુંદર રૂપ, એટલી તો એની પુણ્ય પ્રકૃતિનો પ્રભાવ. ઓહોહો..! આ છે કોણ? આ શરીર શું આ! પૂર્વે તીર્થંકરપ્રકૃતિ બાંધી હતી એ વિકલ્પથી. એમાં આ જે પુણ્ય બંધાઈ ગયું ત્રણ લોકમાં એનો હર્ષ નહિ માય, કહે છે. ત્રણ લોકના જીવને હરખ (વેદાશે). ભગવાનનો જન્મ થાય તો ત્રણ લોકમાં ઘડી શાતા થઈ જાય. શું કીધું? તીર્થંકર પરમાત્માનો જન્મ થાય ને જન્મ? ત્રણ લોકમાં ઘડી શાતા થઈ જાય. શેને લઈને? એ તો ઓલાની યોગ્યતા એની. આના પુણ્યનો વિકલ્પ જે હતો, (એના ફળમાં) ત્રણ લોકમાં શાતા (થશે). એવું તો પ્રભુ આપના દર્શન અને આપની સ્તુતિનું ફળ છે. શું છે આ? ધન્નાલાલજી! શું છે? આટલું બધું? ત્રણ લોકમાં સમાતું નથી, કહે છે. ઓહોહો..! બાહ્ય પુણ્ય એટલા કે ત્રણ લોકમાં એ પુણ્ય પ્રસરે, પહોળા થાય. નથી લોકો બહુ પુણ્ય હોય તો એમ કહે છે કે ઓહોહો..! આના કાંઈ પુણ્ય! હામ દામ ને ઠામ. વાતું નથી કરતા લોકો? ધૂળમાંય નથી હવે મરીને જાશે હેઠે. નેમિદાસભાઈ! શું કહે છે? આને તો હામ બહુ, હિંમત બહુ, ઠામ બહુ, મકાનો બહુ અને હામ-દામ બહુ. ધૂળ બહુ. એમ. હામ, દામ ને ઠામ. આહાહા..!

કાંઈ ન મળે ભાઈ! એ હામ, દામ, એ ઠામ નહિ. અસંખ્ય પ્રદેશી ચૈતન્ય ઠામ એમાં હામ આત્માની પુરુષાર્થની ઉગ્રતા હિંમત દ્વારા એકાગ્ર થવું અને પોતાનો દામ અંતર લક્ષ્મી ભરી એમાં ઠરવું. એ હામ, દામ ને ઠામવાળો કહેવાય છે.

પણ અહીં તો કહે છે કે પ્રભુ! અમને અમારું ઠામ ત્રણ લોકમાં અમારા પુણ્યનો હરખ નહિ સમાય. સમ્યગ્દર્શનસહિતની વાત કરે છે હોં! આ બધી. મિથ્યાદષ્ટિને એવું પુણ્ય હોય નહિ. જ્યાં ત્રણ લોક ત્રણ કાળને જાણનારો ચૈતન્ય. એવા લોકાલોકને જાણવાનો સ્વભાવ, એવી જેને અધિકતા અને મહિમા રાગરહિત થઈને આવી છે. એના પુણ્યમાં પણ ત્રણ લોકમાં હરખ ન સમાય એવું પુણ્ય બંધાય. એવું એના ફળનું વર્ણન કરે છે.

'**તો પછી જો અમે જ્ઞાનરૂપી નેત્રથી આપને દેખીએ...**' ઓહો..! શું કીધું? ચર્મ આંખ. આ આંખ. આંખ તો ઠીક, પેલો વિકલ્પ છે. ભગવાન આત્મા શાંતરસથી બિરાજમાન પરમાત્મા. જિન નહિ પણ જિન સરિખા. જિન પ્રતિમા જિન સારખી. જિન પ્રતિમા જિન સારખી. પ્રભુ! અમારી અંતર વીતરાગી આલોકન દષ્ટિ સહિત આપને જ્યારે અમે આલોકીએ અને વિકલ્પથી આપની પૂજા ભક્તિ કરીએ છીએ ત્યારે પ્રભુ! એના ફળની તો શું વાત કરીએ? પણ જો જ્ઞાનનેત્રથી આપને જોયા, એટલે જ્ઞાનનેત્રથી અંતરમાં ઠરીને પૂર્ણતાને પામ્યા તો એના આનંદની શું વાત કરવી? સમજાણું કાંઈ? આમાં જુઓ તાત્ત્વિક વાત પણ ભેગી આવે છે કે નહિ આમાં? એ તાત્ત્વિ વાત છે, એકલી ભક્તિની વાત નથી.

મુમુક્ષુ :- એકલી ભક્તિ હોય નહિ.

ઉત્તર :- એકલી ભક્તિને વ્યવહાર ભક્તિને, વ્યવહાર ભક્તિ કહેતા જ નથી. નિશ્ચય ભક્તિ સહિત ભક્તિ એટલે કે સમ્યક્. નિશ્ચય ભક્તિ એટલે આત્મા રાગરહિત પૂર્ણાનંદની પ્રતીતિ તે નિશ્ચય ભક્તિ એટલે સમ્યક્. અને ભગવાનની શ્રદ્ધા આદિની ભક્તિનો રાગ તે વ્યવહાર સમકિત એટલે કે વ્યવહાર ભક્તિ. વ્યવહાર ભક્તિના ફળમાં ત્રણ લોકમાં હરખ ન સમાય એવું અમને પ્રાપ્ત થશે. અથવા એના કરનારને પ્રાપ્ત થશે. એમ એનું વર્ણન કરે છે.

'**તો અમને કેટલો આનંદ થાય એ અમે જાણી શકતા નથી.**' એટલે કે વર્તમાનમાં અમને હજી કેવળજ્ઞાનની, આનંદની પૂર્ણ દશા નથી. પૂર્ણ આનંદ, નેત્ર દ્વારા અંતરમાં નિહાળીને ઠરશું અને કેવળજ્ઞાન પામશું ત્યારે એના આનંદની શું વાત કરવી? પણ આપ પૂર્ણાનંદને પ્રાપ્ત થયા અને પૂર્ણાનંદ આત્માની દૃષ્ટિ થતાં, પૂર્ણાનંદને પ્રાપ્તના દર્શનથી અમને આટલા પુણ્ય બંધાય તો અંતરની પવિત્રતા પ્રગટ થયે શું આનંદ અમને નહિ આવે. એમ કરીને ભગવાની સ્તુતિ કરી છે. કહો, સમજાણું?

'**આ ચર્મચક્ષુથી...**' ચર્મચક્ષુનો વિષય પરિમિત અને ઘણો થોડો છે. આંખનો વિષય કેટલો? આમ ભગવાનને ભાળે, રાગને ભાળે. એ બધો ચર્મચક્ષુ છે. અંતરના જ્ઞાનનેત્રથી

જોતાં આત્મા અપરિમિત સ્વભાવ છે. એને જાણવાના સ્વભાવ વિના ઇન્દ્રિયના જ્ઞાનથી અને વિકલ્પથી કેટલું જાણે? વિકલ્પથી કેટલું જાણે? ચૌદ પૂર્વના ભણતર અને બધા વિકલ્પથી કાંઈ થાય છે? અંતર ચૈતન્ય સ્વભાવ ઉછળે છે અંદર. ભર દરિયો ઉછળે છે અંદરથી. આહાહા..! મધદરિયો ભરતીમાં આવે એ ભરતી કાંઈ બહારના પાણીથી આવતી નથી. અંદરથી ચૈતન્યમૂર્તિ અપરિમિતને અમે જોઈએ તો કહે છે કે અમારું શું કહેવું? પણ આ ઇન્દ્રિયનો વિષય અને વિકલ્પનો વિષય જ પરિમિત છે. શુભરાગનો વિષય પરિમિત છે. ભગવાનને જોવે તો એટલું અલ્પ થાય છે. કહો, સમજાણું?

'**ચર્મચક્ષુ વડે આપનું...**' આપનું છે ને? '**સમસ્ત સ્વરૂપ અમને દેખાઈ શકતું નથી. છતાં પણ હે પ્રભુ! જો ચર્મચક્ષુથી આપને જે કાંઈ સ્વરૂપ દેખાય...**' દૃષ્ટિગોચર અમને થાય '**તેમનાથી પણ અને ભારે હર્ષ થાય છે.**' એવો ભારે હર્ષ થાય છે કે બીજે તો શું પરંતુ ત્રણ લોકમાં પણ સમાતો નથી. ત્રણ લોકમાં ન સમાય એવો અમને હરખ થાય છે. '**તો પછી અમે જ્ઞાનરૂપી નેત્ર વડે આપને જો બરાબર સમસ્ત સ્વરૂપને દેખીએ...**' સમસ્ત સ્વરૂપની વ્યાખ્યા છે હોં અહીંયાં. '**તો અમને નથી જાણતા કે અમને કેટલો આનંદ પ્રાપ્ત થશે.**' એમ કહેતાં શુભરાગથી તો પરિમિતતા અમુક હદ જણાય છે જ્ઞાનમાં. અને જ્ઞાનની વર્તમાન દશાને અંતર્મુખ એકાકાર જ્ઞાતા-જ્ઞેય અને જ્ઞાનના ભેદ ટાળીને એકાકાર થઈને જે પૂર્ણાનંદની પ્રાપ્તિ થાય એ આનંદની શું વાત કરીએ. એ અમને અત્યારે ખબર પડતી નથી. એ થશે ત્યારે એનો અનુભવ થશે. પણ અત્યારે અમે કહીએ છીએ કે અમારો આનંદ અમને પ્રગટ થશે. અને અત્યારે આ પરિમિત જ્ઞાનથી-આપને રાગથી જોઈએ છીએ. એનું અમે પરિમિત બહારનું ત્રણ લોકમાં ન સમાય એવું પુણ્ય અને એવો હરખ અમને પ્રાપ્ત થશે. એમ નિશ્ચય અને વ્યવહાર બે પ્રકારે સ્તુતિના ફળ અને સ્તુતિનું વર્ણન કરે છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૧૪, રવિવાર તા. ૨૧-૮-૧૯૬૦**
**ઋષભજિન સ્તોત્ર-ગાથા-૪ થી ૭, પ્રવચન-૩**

પદ્મનંદી આચાર્ય દિગંબર સંત ભાવલિંગી મુનિ આત્માના સહજાનંદ સ્વરૂપમાં ઉગ્રપણે ઝુલનાર, એવી સ્વતંત્ર સ્વભાવની દશામાં પરમાત્માની ભક્તિ કરે છે. જે આદિશ્વર ભગવાન જેને અબજો વર્ષના આંતરા, અસંખ્ય અબજ વર્ષના અંતર પડ્યા એનું અંતર ભાંગીને આમ ભગવાન પરમાત્મા અરિહંત સાક્ષાત્ જ્યારે (બિરાજતા) એની વાત છે, હોં! સિદ્ધ થયા એની અહીંયાં વાત નથી. ઋષભદેવ ભગવાન સિદ્ધ થયા એની વાત નથી. અરિહંતપદે જાએ અત્યારે બિરાજે છે એમ કરીને ભગવાનની સ્તુતિ મુનિ પદ્મનંદિઆચાર્ય કરે છે.

ખરેખર તો સ્તુતિમાં બે પ્રકાર છે. એ અહીં કહે છે, જુઓ! ત્રણ ગાથા તો થઈને? ત્રણ ગાથા થઈ. પ્રભુ! આપને ચર્મચક્ષુથી દેખે તેના હરખનો પાર ત્રણ લોકમાં ન સમાય એટલો હોય. તો જેણે આ જ્ઞાન, જ્ઞાનની વર્તમાન દશા દ્વારા જ્ઞાયકને ઓળખીને જ્ઞાયકની પૂર્ણતા જેણે પ્રાપ્ત કરી, એના આનંદ અને અતીન્દ્રિય નિર્વિકલ્પ નામ રાગ મિશ્રિત દશા છૂટી અને અરાગી વીતરાગી આત્માની સ્તુતિ, ભક્તિ જે પરિણતિ થાય એના આનંદનું શું કહેવું? શાંતિભાઈ! આ સ્તુતિ કરે છે ઋષભદેવ ભગવાનની. સમજાય છે? એ તો આગળ હમણાં આવશે, માતાની વાત ને ઈ.

આમ ઈન્દ્રો, ભગવાનનો જ્યારે જન્મ થાય છે-આ દેહની સ્થિતિ, અંતર જન્મ તો પોતાની નિર્મળ પર્યાયમાં થાય છે અને વૃદ્ધિગત થાય છે. જ્યારે ભગવાન જન્મે છે દેહથી નિમિત્ત તરીકે મરુદેવી માતાની કૂંખેથી, (ત્યારે) ઈન્દ્ર આવે છે. ઈન્દ્ર આવીને માતાને વંદન કરે છે. નમો રત્નકૂખ ધારીણી! હે રત્નને કૂખમાં રાખનારી માતા! ભાષા તો સહેલી છે. સમજાય છે ને? નેમિચંદજી! થોડું થોડું ધ્યાન રાખે તો સમજાય (એવી) છે. ઈન્દ્ર આવીને માતાનું સ્તવન કરે છે. માતા! આપના પેટરૂપી પટારો રત્નનો, એમાં ભગવાન આવ્યા અને જન્મ્યા, માતા! નમો. નમસ્કાર કરું છું. જગતની તું માતા છો. ભગવાનની માતા એ જગતની માતા.

પછી કહે છે, બાળ વયે હોં! હજી. ત્રણ જ્ઞાન થયા છે ભગવાનને તો. ત્રણ જ્ઞાન તો લઈને આવ્યા છે. કહે છે કે, માતા! એ આપનો પુત્ર જે છે ને એ 'પુત્ર તમારો ધણી હમારો, તરણ તારણ જહાજ રે...' ત્રણ જ્ઞાનના ધણી ઈન્દ્રને શુભવિકલ્પથી જ્યારે ભક્તિ ઉછળે છે. માતાના કૂખમાંથી (જન્મ્યા પછી) જ્યારે મેરુ પર્વત ઉપર સ્નાન કરાવી અને લાવીને ગોદમાં જ્યારે ઠરે એટલે સ્થાપે છે ત્યારે ઈન્દ્ર કહે છે,

પુત્ર તમારો ધણી હમારો તરણ તારણ જાજ રે.

માતા જતન કરીને રાખજો...

કેવળચંદભાઈ! કોણ કહે છે આ? કેવળચંદભાઈ?

માતા જતન કરીને રાખજો. તુમ સુત અમ આધાર રે...

હે માતા! તમારો પુત્ર અમારો આધાર છે. જુઓ! એક વ્યવહાર ભક્તિ વિકલ્પ ઉઠતાં પણ કેટલી થાય છે! સમજાય છે કાંઈ? આમ મા-બાપને નથી કહેતા કે આપ તો શિરછત્ર છો. આપની છત્રછાયાએ પિતાજી અમે ઉછર્યા, મોટા થયા, આપના વિરહ પડે છે અમને. છેલ્લી સ્થિતિએ એમ કહે કે નહિ? ચંદુભાઈ! આપની છત્રછાયા નીચે અમે મોટા થયા, મલાયા, અમને આપે સુવરાવ્યા. તમે હવે ચાલ્યા જાવ છો, અમને અંદર વિરહ લાગે છે. આ તો બહારના અશુભ રાગની વાત છે.

આમ ભગવાનનું શરીર જોવે છે. સ્નાન કરીને લાવે છે. એ શરીર તો જુઓ કેવું! જન્મતા .. લઈને ત્યાં આમ પાંડુક શિલા ઉપર બિરાજમાન કરે અને કેટલા પાણીનો મોટો ઘડો એવો આવે છે. ૧૦૮ ઘડા માથે નાખે.

મુમુક્ષુ :- ડૉક્ટર કેમ માને?

સમાધાન :- ડૉક્ટર કેટલાક છે આમાં? ચંદુભાઈ એક છે કે બીજા છે કોઈ?

ભાઈ! જેનું આત્મસ્વરૂપ અંતરમાં આનંદ સચ્ચિદાનંદ ધ્રુવને ખીલવાની કળી જેને પરિણમી છે અંદર, પણ અધૂરાશ છે એટલે રાગ હતો (તેથી) તીર્થંકર ગોત્ર બંધાઈ ગયેલું એટલે શરીરનો સંયોગ આવ્યો. પણ એ શરીર પણ એવું હોય. જેમ ચૈતન્ય ધ્રુવ વજ્રમય ચૈતન્યપ્રભુ, એની દૃષ્ટિમાં એકાકાર થઈને કોતરણી કરીને પરિણમન કરે છે, એમાં બાકી રહેલો રાગ, એનું પુણ્ય બંધાણું એમાં શરીર મળ્યું. એવું શરીર કે હજાર ઘડા ૧૦૮ ઘડામાં કેટલું પાણી કેટલી મોટી મોટી વાતો છે. છે હોં! બધું એમ છે. બીજો તો જન્મતાવેંત પાણી એકવાર નાખે તો મરી જાય. ચંદુભાઈ!

અરે..! ભાઈ! એ આત્માનો સ્વભાવ અચિંત્ય અને તેની ભૂમિકામાં થતો રાગ ને પુણ્ય પણ કોઈ સત્‌પુણ્ય છે. એ પુણ્યને પણ સત્‌પુણ્ય કહેવાય છે. સમજાય છે કાંઈ? આત્માની અખંડાનંદ ચૈતન્ય જ્યોત જે નિર્મળાનંદ, જેનો પરથી પૃથક્‌પણે, સંયોગ અને રાગની પૃથક્‌પણે જેની ઝળક ચૈતન્યની અંદર દૃષ્ટિમાં લઈને ઉઠી છે એવા વજ્રમય ચૈતન્યની સંભાળમાં જે કાંઈ વિકલ્પ ભગવાનની ભક્તિ આદિનો આવે છે કે તીર્થંકરોને જગતના જીવો ધર્મ સમજે એવી વૃત્તિ ઉઠે છે કે હું પૂર્ણ થાઉં એ વૃત્તિ થાય છે, એના ફળમાં શરીર વજ્ર વજ્ર જેવું. ગમે તેટલા પાણી પડે. એમ સ્નાન કરાવીને માતાની ગોદમાં મૂકે છે.

(ઈન્દ્ર કહે છે), માતા! આ પુત્ર તો તમારો, પણ અમારો ધણી છે, હોં! લે એલા ઈન્દ્ર! પણ તું એકાવતારી ક્ષાયિક સમકિતી. એક ભવ ત્યાંથી કરીને મનુષ્ય થઈને મોક્ષ જવાના. પણ એ ભક્તિ સ્વરૂપની જેને પ્રગટી છે એને સ્વરૂપને પ્રાપ્ત પુરુષ પ્રત્યે ભક્તિનો એવો

ભાવ આવ્યા વિના રહેતો નથી. ચંદુભાઈ! છતાં જ્ઞાની સમજે છે કે એ રાગ બંધનું કારણ છે, પુણ્યબંધનું કારણ છે, હેય છે, આદરણીય ખરેખર નથી. વ્યવહારે વ્યવહાર આદરણીય છે એમ જાણે છે. પરમાર્થ દૃષ્ટિમાં એ આદરણીય નથી. આધાર, માતા! તારો દીકરો તો અમારો ધણી અને અમારો આધાર છે. તરણ તારણ (છે). માતા જતન કરીને (રાખજે).

વળી એકકોર ક્રમબદ્ધે થાવું હોય તે થાય. વળી આ શું? ભાઈ! એવા વિકલ્પો આવે અને એવી વાણી પણ વાણીને કાળે નીકળે. જતન કરીને રાખજો, માતા! આ મોટા થશે, મુનિ થશે, કેવળજ્ઞાન પામશે. અમારા આધાર છે. દિવ્યધ્વનિ અમારે સમવસરણમાં એમની પાસે સાંભળવી છે. એવો ભાવ સમ્યગ્દૃષ્ટિ જીવને આવ્યા વિના રહેતો નથી.

અહીં હવે એના જ્ઞાનની વ્યાખ્યા કરે છે, જુઓ! પ્રભુ! આપનું કેવું જ્ઞાન છે? જુઓ! આ જ્ઞાન. પૂર્ણ પામ્યા ત્યારની વાત. આ તો શરૂઆતમાં ભક્તિ આવી ઈન્દ્રો કરે છે. જ્યારે પૂર્ણ જ્ઞાન પામે છે ત્યારે એ જ્ઞાનનો વિસ્તાર કેવો? એમ લક્ષમાં લઈને પદ્મનંદિ આચાર્ય ભગવાનની સ્તુતિ કરી રહ્યા છે.

ગાથા-૪.

**तं जिण णाणमणंतंत विसईकयसयलवत्थुवित्थारं।**
**जो थुणइ सो पयासइ समुद्दकहमवडसालूरो।।४।।**

**'હે જિનેન્દ્ર! જેણે સમસ્ત વસ્તુઓના વિસ્તારને વિષય કરી લીધો છે એવા અનંત જ્ઞાન સ્વરૂપ આપની જે પુરુષ સ્તુતિ કરે છે તે પુરુષ કૂપમંડુક (કૂવાનો દેડકો સમુદ્રના વિસ્તારનું વર્ણન કરે છે) તેના જેવું છે.'** જરી શું કહે છે ભક્તિ કરતાં ભગવાન પરમાત્મા, હે નાથ! આ શુભ વિકલ્પ ઉઠે છે ને અમને. આપના અનંત-અનંત બેહદ એક સમયમાં, સેકન્ડના એક અસંખ્ય ભાગમાં ત્રણ કાળ ત્રણ લોકનો જે વિસ્તાર, સામાન્ય અને વિશેષ, એક એક સમયની પર્યાય, પ્રભુ! આપના જ્ઞાનમાં પ્રત્યક્ષપણે જણાય છે. સમજાય છે?

ભગવાનના કેવળજ્ઞાનમાં સર્વ પદાર્થનો વિસ્તાર ક્ષેત્રથી, કાળથી, દ્રવ્યથી અને ભાવથી જેટલું સ્વરૂપ છે એ ભગવાનના જ્ઞાનમાં આવી ગયું છે. કહે છે કે ભગવાન! આપના એ કેવળજ્ઞાનની સ્તુતિ શી રીતે થાય? દેડકો કૂવામાં રહેલો, એને દરિયાનો દેડકો એક આવ્યો એના કૂવામાં. ત્યારે દરિયાનો દેડકો કહે છે કે ભાઈ! હું જે સ્થાનમાં રહું છું ને, એ સ્થાન મોટુ બહુ છે. કૂવાનો દેડકો કહે પેટ ફૂલાવીને કે કેવડું? આટલું તો નહિ હોય ને તારું સ્થાન? ભાઈ! એ માપ એમ આવે એવું નથી. એ કૂવાની અંદરની પેઢલીમાં એક પેઢલીથી બીજે પેઢલીએ કૂદીને કૂવાનો દેડકો પડે કે લે, તારા દરિયાનું માપ આટલું તો હશે ને? કેટલું વળી આથી વધારે હશે? ના ના, ભાઈ! એ તારા પેટના ફૂલાવે દરિયાના માપ ન આવે. પણ તારા કૂદકે કૂદકે પણ એ દરિયાના માપ ન આવે.

એમ સર્વજ્ઞ પરમાત્માની વિકલ્પના ભાવ દ્વારા, શુભરાગ દ્વારા એની સ્તુતિ કરે, પ્રભુ! પાર ન આવે. એની કેવળજ્ઞાનની પરમાત્માની સ્તુતિ વિકલ્પ દ્વારા પાર પડે નહિ. એ તો રાગથી રહિત થઈ અંતર ચૈતન્યના જ્ઞાનમાં ગુમ થાય, સ્વભાવની શક્તિના પિંડમાં પ્રભુ આત્મા પોતે ગુમ થાય ત્યારે જ એ ભગવાનની સ્તુતિ કરી શકે એમ કહેવામાં આવે છે. કહો, વજુભાઈ!

અહીં તો ભાઈ! ભગવાન પાસે ઘણી સ્તુતિ અને ભક્તિ કરે. 'તારજો રે તારજો મહારાજ શિવપદ અમને આપો.' સ્તુતિ આવે કે નહિ? કેવળચંદભાઈ! કહે છે, બાપુ! એ સર્વજ્ઞ પરમાત્મા, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ (સર્વને જાણે છે). દ્રવ્ય એટલ વસ્તુ અનંત છે, ક્ષેત્ર અનંત છે, કાળ અનાદિઅનંત છે. ભાવ-એક એક દ્રવ્યના અનંતા ગુણો એ સંખ્યાએ માપ આવે એવા નથી. અને તેની ત્રણ કાળની પર્યાયો ભગવાનના જ્ઞાનમાં આવી, એની સ્તુતિ શુભરાગ દ્વારા થઈ શકે એવું છે નહિ. એ તો વ્યવહાર સ્તુતિ છે, કહે છે. નિશ્ચય સ્તુતિ તો તારી જેણે કરી એને કેવળજ્ઞાન થયા વિના રહે નહિ. સમજાય છે કાંઈ?

આમાં જ વાંધા ઉઠ્યા છે ને અત્યારે ઘણાં. ભગવાને જ્ઞાનમાં બધું ભાળ્યું છે. પણ બધું નિયત-અનિયત બે ભાળ્યા છે. મોટા મોટા નામ ધરાવનારા આમ અત્યારે ગબોડા મારે છે. ભગવાને ભાળ્યું પણ જગતના પદાર્થો જે સમયે આ જ સમયે આ પર્યાય થશે એમ નહિ. આડી અવળી પણ થાય એને પણ જાણે અને ક્રમસર થાય એને પણ જાણે. નેમિદાસભાઈ! શું કરે છે કાંઈ ખબર પડતી નથી. આ ભગવાનને ઓળખે છે અને ભગવાનની વાત કરે છે કે નહિ આ તે સર્વજ્ઞની. આચાર્ય (કહે છે), એક સમયનું જ્ઞાન પ્રભુ! તારા જ્ઞાનનો વિસ્તાર અપાર-અપાર! ઓહોહો..!

એક આત્મા એનો એક જ્ઞાનગુણ, શક્તિ, સત્ત્વ અને એની એક સમયની પૂર્ણ પ્રગટેલી દશા, એની સ્તુતિ કરનાર (કહે છે), અપાર.. અપાર.. અપાર (છે). પ્રભુ! એ આપની વિકલ્પ દ્વારા સ્તુતિ કરે છે એ તો કૂવાના દેડકા જેવા છે. સમજાય છે કાંઈ? એને આત્માનું જ્ઞાન ત્રણ કાળ ત્રણ લોકને જાણે એવો વિસ્તારપણાનો વિષય એને પ્રગટ થશે નહિ એમ કહે છે. ચંદુભાઈ! તારી ભક્તિમાં પણ આ? આ પ્રભુ આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ચૈતન્ય જ્યોત સ્વભાવના સામર્થ્યથી ભરી છે. એમાં ડૂબકી મારીને જે આપની સ્તુતિ એટલે કે સ્વની સ્તુતિ કરે એ આપની સ્તુતિ ખરેખર કરે છે અને એને જ્ઞાનમાં ત્રણ કાળ ત્રણ લોકનો વિસ્તાર ખ્યાલમાં એટલે જ્ઞાનના પરિણમનમાં આવી જાય છે અને એ ખરી ભક્તિ કરનાર અને સ્તુતિ કરનાર એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? સંભળાય છે? એમ છેટે કેમ બેઠા છો?

'**જેમ કૂવાનો દેડકો સમુદ્રની કથા કરી શકતું નથી.**' ક્યાં સમુદ્રનું માપ! કેવળજ્ઞાન એટલે? લોકો એમ કહે છે કે વર્તમાનમાં વિચારકોમાં વિશિષ્ટ જે હોય તે કેવળજ્ઞાની કહેવાય. જ્યારે જ્યારે. જ્યારે જ્યારે તે તે કાળમાં વિશિષ્ટ વિચારક હોય એને સર્વનો જાણનાર એવા

સર્વજ્ઞ કહેવાય. અરે..! ભગવાન! તું તો કૂવાના દેડકા જેવો તારો કૂદકો છે. એને કેવળજ્ઞાની કહેવાય નહિ. બાપુ! અરિહંત. ણમો અરિહંતાણં. નમસ્કાર હો અરિહંતને. ક્યારે થાય? કે પોતાનો આત્મા રાગ રૂપી વેરીને રુચિમાંથી ખસેડી અને સ્વભાવ ચૈતન્યની ઝળક સર્વજ્ઞ પરમાત્મ તત્ત્વ હું છું એવી દૃષ્ટિ કરે ત્યારે તેને કેવળજ્ઞાનની સ્તુતિ કહેવામાં આવે. શાંતિભાઈ! ભારે વાતું, ભાઈ! એ કેવળજ્ઞાનની એણે સ્તુતિ કરી. એકલા જ્ઞાનની સ્તુતિ કરી રાગને ભેળવ્યા વિના. એકલા જ્ઞાન સ્વભાવની સ્તુતિ કરી. એ કેવળજ્ઞાન પામવાનો. એને ત્રણ કાળ અને ત્રણ લોકનું જ્ઞાન એક સમયમાં આવવાનું.

ત્યારે કહે છે, એણે જાણ્યું એ પ્રમાણે થાય તો પછી આપણે પુરુષાર્થ ક્યાં રહ્યો આમાં? હવે મોટા વાંધા છે ને. આજ ક્રમબદ્ધ ચાલ્યું આપણે, અત્યારે એકથી અઢી ચાલ્યું ને. જાણ્યું એવું થાય. હજી એ વિષય આવ્યો નથી, પછી લેશે. ક્રમબદ્ધ જ્યાં બહાર પ્રમુખપણે આવ્યું ત્યારે આ બધા સર્વજ્ઞમાં પણ, કેવળજ્ઞાનીમાં પણ વાંધા ઉઠાવવા માંડ્યા. એ હવે આવશે, નહિ? ભગવાન! ધીરો થા.

જે તારી ચીજ છે એ ચીજ તો જ્ઞાનનું સત્ત્વ છે એકલું. અને જ્ઞાનનું સત્ત્વ જે છે, એક સાકરની.. શું કહેવાય છે આ? સેક્રીન. શું કહે છે એ? સેક્રીન હોય થોડી પણ મીઠાશ કેટલી હોય છે? પરમાણુ માટીમાં પણ મીઠાશ મોટો સાકરનો ગાંગડો અને સેક્રીન. કેટલી મીઠાશનો ફેર! એ મીઠાશ તે તેની દશા છે. તે તેની અવસ્થા છે. ગુણ તો એનામાં રસરૂપે પડ્યો એ ત્રિકાળ છે. પરમાણુમાં પણ. તો એ મીઠાશમાં પણ એ સાકરના ગાંગડા કરતાં સેક્રીનમાં મીઠાશનો સ્વાદ કેટલો? એ બધી અવસ્થા ક્યાંથી થઈ? એ પરમાણુના રસગુણમાંથી આવી છે.

એમ ભગવાન આત્મા એ સર્વજ્ઞ પરમાત્મા ક્યાંથી થયા? કહે છે કે જે આત્માનો અંતર સર્વજ્ઞ સ્વભાવ, એનો અંતર આશ્રય લઈ, પ્રતીત અનુભવ કરીને સર્વજ્ઞ થયા. એવી પ્રતીત અને અનુભવ કરે એ ભગવાનની સ્તુતિ કરનાર કહેવાય. અને વિકલ્પ ઊઠે તે વ્યવહાર સ્તુતિ કહેવામાં આવે છે. નિશ્ચય સ્તુતિ હોય તો તેને વિકલ્પનો વ્યવહાર સ્તુતિ કહેવામાં આવે. વ્યવહાર તે પુણ્યબંધનું કારણ, નિશ્ચય સ્તુતિ તે મુક્તિ એટલે વર્તમાન રાગથી મુક્ત થવાનું કારણ. સમજાય છે કાંઈ? એમાં પણ તકરાર (કરે છે), નહિ. ભગવાનની પૂજામાં શુભભાવ છે. એ શુભભાવમાં સંવર નિર્જરા કાંઈક છે. અરે..! શુભભાવમાં સંવર નિર્જરા નથી. એ તો આચાર્ય ભક્તિમાં વાત કરે ત્યારે એમ જ કરે ને. પ્રભુ! આપની સ્તુતિ કરે. એટલે આપની એટલે આત્માની. એમ. ઓહોહો..! બહુ ફેર.

વખાણ કરે, જેના કેવળજ્ઞાનના વખાણ. કેવળજ્ઞાનની સત્તાનો સ્વીકાર. એક સેકન્ડના અસંખ્ય ભાગમાં કેવળજ્ઞાનની હયાતી આ જગતમાં છે. એવો સ્વીકાર એ સત્તાના ચૈતન્ય સ્વભાવનો આશ્રય લીધા વિના એનો સ્વીકાર થાય નહિ. અને એને કેવળજ્ઞાન પ્રગટ્યા વિના

રહે નહિ. કહો, સમજાણું કાંઈ? એ ભગવાનને ભાળે. એ ભગવાનને ભાળે ક્યારે કહેવાય? કે ભગવાન મહિમાવંત આત્મપદાર્થ (છે) એની પ્રતીત ને જ્ઞાન કર્યું ત્યારે ભગવાનને વ્યવહારે ભાળ્યા અને પોતાના ભગવાનને નિશ્ચયે ભાળ્યા, એને કેવળજ્ઞાન થયા વિના રહે નહિ.

'**હે જિનેન્દ્ર! જીવ પુરુષ જ્ઞાનસ્વરૂપ આપનું...**' જુઓ! આપ તો જ્ઞાનસ્વરૂપ છો. પ્રભુ! આપ તો જ્ઞાનસ્વરૂપ છો. સ્વ-રૂપ છો જ્ઞાનનું. હું પણ એક જ્ઞાનસ્વરૂપ આત્મા છું. રાગાદિ અને પર આદિ મારું સ્વરૂપ નથી. '**આપનું સ્તવન...**' છે ને? '**તથા આપને નમસ્કાર નથી કરતો તેનું જ્ઞાન સમસ્ત પદાર્થોને વિષય કરનારું નથી હોતું.**' આપની સ્તુતિ કરતો નથી, આપની ભક્તિ કરતો નથી. એટલે? કે આપે કહેલું આત્મતત્ત્વ તે નિજ તત્ત્વની અંતર સ્તુતિ-ભક્તિ એકાગ્રતા કરતો નથી '**એને સકળ લોકનો વિષય થાય એવું કેવળજ્ઞાન કોઈ દિ' પ્રગટ થતું નથી.**' કહો, સમજાણું કાંઈ? વચ્ચે શુભભાવ આવે, એનો હરખ માય નહિ એટલું પુણ્ય બંધાય. અને આ પવિત્રતાની પ્રગટ દશા થાય એને વાસ્તવિક સ્તુતિ અને ભક્તિ કહે છે. '**પરંતુ જે મનુષ્ય આપની ભક્તિપૂર્વક સ્તુતિ કરે છે તેને વિસ્તૃત જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.**'

પાંચમી.

**अम्हारिसाण तुह गोत्तकित्तणेण वि जिणेस संचरइ।**
**आएसं मग्गंती पुरओ हियइच्छिया लच्छी।।५।।**

ઓહોહો..! જુઓ આ. હે પરમાત્મા! હે સર્વજ્ઞદેવ! અરિહંત પ્રભુ ઋષભનાથ પૂર્ણાનંદને પ્રાપ્તિરૂપ પુરુષ! '**હે જિનેન્દ્ર!**' હે પ્રભુ! '**આપના નામના કીર્તનમાત્રથી...**' પાઠમાં છે ને? '**गोत्तकित्तणेण**' '**गोत्तकित्तणेण**' એ ગોત્ર તો નિમિત્તથી વાત છે. સમજાય છે? ભગવાન ઋષભદેવ આ ગોત્રના હતા. નાભિ રાજાના પુત્ર હતા. એમ આપનું નામ '**કીર્તનમાત્રથી પણ અમારા જેવાને...**' લ્યો! મુનિ કહે છે. '**આપના નામના કીર્તનમાત્રથી પણ અમારા જેવા મનુષ્યોની આગળ આજ્ઞા માગતી લક્ષ્મી દોડતી ફરે છે.**' લ્યો! શું કહે છે આ? ભગવાન! આપનું જે જ્ઞાન અને આનંદ સ્વરૂપ, એવા જેમાં તમે અવતર્યા એનું નામ લઈએ ને નામ, પણ એ નામમાં ઓલું સ્વરૂપનું સ્મરણ આવે એને નામ કહેવાય છે. નામ આત્મા. અતતિ ગચ્છતિ ઈતિ આત્મા. પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં પરિણમે તેને આત્મા કહેવાય. એવો આત્મા જ્યાં જન્મ્યા એના ગોત્રનું નામ લેતાં એ આત્માનું સ્મરણ થાય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એનું છે. એકલા નામમાત્રથી તો પુણ્ય બંધાય. એય..! કેવળચંદભાઈ! આ બધા લાકડા સલવી દે સૌને. કે દેખો ભાઈ! ભગવાનનું નામ (લેવાથી આમ થાય). આવે છે ને વાત એક ડોશીની? સાંભળી હતી ઘણાં વર્ષ પહેલાં, એક માટલી છે ને ગામ?

ક્યાં ગયા ધીરુભાઈ? નથી? માટલી ગામ છે ને તમારા ગામ પાસે. નહિ? જામનગર પાસે? માટલી છે ને માટલી. મતવા માટલી. માટલીમાં ગયા હતા ત્યાં એક બ્રાહ્મણ આવ્યો. ઘણા વર્ષની વાત છે હોં! એ. (સંવત) ૧૯૮૧ની સાલ. ૮૧ની સાલની વાત છે. પછી ત્યાં આવ્યો. કહે કે, ઓહોહો..! નામમાં આવો ગુણ છે! શું છે નામમાં? આ તમારા ગામનું નામ માટલી છે, કીધું. માટલી (નામ હોય તો) તે માટલી પાણી ભરવાની થઈ ગઈ? એમ ભગવાનનું નામ... (ત્યારે એ કહે), હા. હા. એક ડોશી હતા. એમ એણે દાખલો આપ્યો. ડોશી હતા તો કોઈ દિ' ભગવાનનું નામ-રામનું નામ લે નહિ કોઈ દિ'. પછી એને મરતા મરતા મરતા એને રામનું નામ લેવા માટે એક સારું રામપાત્ર (મંગાવ્યું). રામપાત્ર હોય છે ને રામપાત્ર? એ રામપાત્ર બતાવ્યું. ડોશી! આ શું છે? તો ઓલી ભડની દીકરી હતી. એટલે કહે કે એ સંકોરું છે ઈ. જો રામનું નામ લેત, આ રામપાત્ર એમ કહે તો બેડો પાર થાય. ધૂળમાંય ન થાય. કુંવરજીભાઈ! ઓલી પણ બોલી સંકોરું, પાછું રામ પાત્ર ન કીધું.

મુમુક્ષુ :- ગામડાના ...

ઉત્તર :- ગામડામાં તો રામપાત્ર.. બિચારીને એને ખબર પણ નહિ કે આ શું છે.

મુમુક્ષુ :- એ રામપાત્ર કહેવાય એટલી પણ ખબર ન હોય.

ઉત્તર :- એ એને ખબર પણ ન હોય. આ સંકોરુ કહેવાય. સંકોરું? રામનું નામ લેવા માટે સંકોરું લાવ્યો તોપણ રામનું નામ લેતી નથી. જો રામનું નામ લે તો એનું કલ્યાણ થઈ જાય. એમ નથી ધૂળમાંય. નમો અરિહંતાણં... અરિહંતાણં... અરિહંતાણં... ગોખીને મરી જાય. અનંત વાર જાપ કરે તો એ શુભરાગ છે. એ કાંઈ ધર્મ-બર્મ નથી. એનાથી કલ્યાણ નથી. શાંતિભાઈ!

મુમુક્ષુ :- ભગવાનનું નામ કોઈ નહિ લ્યે.

ઉત્તર :- એ તો નામ આવ્યા વિના રહે નહિ. અહીં પણ એ કીધું છે ને ત્યાં પણ કહ્યું છે ને. અનુભવ પ્રકાશમાં, નહિ? ત્યાં પણ કીધું છે 'દીપચંદજી'એ. પ્રભુ! આપના નામમાં એવી તાકાત છે કે નામમાત્ર લેવાથી પણ પાપનો નાશ થઈ જાય અને કલ્યાણ થઈ જાય. એનો અર્થ એ છે એ નામ જેનું છે એનો આત્મા કઈ જાતની ચીજને પામ્યો છે, એ ચીજ મારી ચીજમાં એ વસ્તુ ભરેલી છે, એવું નામ નામ નમન. નમન નામ વળવું નામ ઢળવું નામ જોડાવું. અંતર સ્વરૂપ પૂર્ણાનંદ જ્ઞાનથી ભરેલો, એમાં નમે તેને ભગવાનનું નામ લીધું કહેવાય છે. કહો, સમજાણું કાંઈ? ધન્નાલાલજી ક્યાં છે? નામમાં લખ્યું છે, દેખો!

મુમુક્ષુ :- અંતરંગમાં જ્યાં સુધી ન જાય...

ઉત્તર :- અંતરંગમાં નમન નમન થાય. નમન નમનમાં ફેર છે. સમજાય છે? એક .. આમ બીજાને પકડવો હોય તો આમ નમીને પકડે. દીપડો હોય છે ને? દીપડાને પકડે છે. વિનય... વિનય... વિનયથી આમ (નમે છે). પ્રભુ! ભગવાન પાસે સિંહ આવે, વાઘ આવે

સમવસરણમાં. આમ બે પગ હેઠે રહે. હોય સિંહ. અને ફણીધર નાગ જંગલમાંથી ભગવાનના દર્શન કરવા આવે સમવસરણમાં. ત્યાં તો હાથ ક્યાં છે એને. આમ મોઢું નમી જાય. આમ ઉપરથી ફેણ માંડેને સામે? એ ફેણ આમ ન માંડતા માથુ આમ આમ કરે. એ નમન અંદરના શુભ વિકલ્પથી સર્વજ્ઞ પરમાત્માનું બહુમાન કરે છે એને પુણ્યબંધન થાય છે. અને જે સર્વજ્ઞ સ્વભાવી પ્રભુ આત્મા, એમાં નમ્યો છે અને રાગની અધિકતા જેણે દૃષ્ટિમાંથી છોડી છે અને અધિકતા જેણે સ્વભાવની દૃષ્ટિમાં લીધી એણે ભગવાનનું નામ લીધું એમ પરમાર્થે કહેવામાં આવે છે. આહાહા..! ભારે વાત, ભાઈ! આમાં તો આમ છે, જુઓ! અર્થ ફેરવી નાખો છો. ચંદુભાઈ! બધા આરોપ આપે છે માણસ, લ્યો. સાચી વાત છે?

**'અમારા જેવા મનુષ્યની પાસે આજ્ઞા માગતી લક્ષ્મી દોડી આવે છે.'** એક તો એ કે અમે અમારા ચૈતન્ય સ્વભાવમાં પ્રભુ તમારી શક્તિની જે વ્યક્તતા થઈ એનું અમારામાં સામર્થ્ય છે એમ નમીએ તો અંતરની લક્ષ્મી પણ દોડતી અલ્પ કાળમાં આવે અને આપની ભક્તિનો જે શુભરાગ થયો, એમાં એવું પુણ્ય બંધાય, જ્યાં જશો ત્યાં લક્ષ્મી મોઢા આગળ આજ્ઞા માગતી (આવશે). શું જોઈએ, શું પૈસા, શું આબરૂ કીર્તિના ઢગલા ઉપરથી. તીર્થંકરપણું સમવસરણ મળે. એના જેવી લક્ષ્મી કાંઈ ઈન્દ્રની ઋદ્ધિ (પણ નથી). એ ભગવાનના સ્મરણની સ્તુતિ, સ્વભાવના ભૂમિકાના ભાનમાં આવો રાગ થાય તો બહારની લક્ષ્મી દોડતી આવે એમ કહે છે. દોડતી આવે, અમારે ગોતવા જાવું પડે નહિ. ગોતવા સમજો છો? શોધવું-શોધન. ઢૂંઢના નહિ પડતા. તો લક્ષ્મી દોડતી આવે છે. લક્ષ્મી શબ્દે આબરૂ, કીર્તિ, પૈસા એ બધું લક્ષ્મીમાં જાય છે. પુત્ર, પુત્રી, સ્ત્રી, જગતમાં ઠાઠ માઠ જે કહેવાય, એ પ્રભુ! તારી ભક્તિના શુભરાગમાં એ લક્ષ્મી દોડતી આવે. એટલે અમારે હઠથી મેળવવી અને પ્રયત્નથી મેળવવી એમ હોઈ શકે નહિ. અને આત્માનો સ્વભાવ, એમાં અમારું નમન થાય એ તમને જ અમે નમ્યા છીએ. ત્યારે જ અમે તમારી સ્તુતિ કરી કહેવાય છે. એથી અમારી કેવળજ્ઞાન લક્ષ્મી પણ અલ્પ (કાળમાં પ્રગટ થવાની).

.. એટલે આટલી લક્ષ્મી આવે એનો અર્થ એ કે ઈચ્છા મંદ હોય છતાં લક્ષ્મીના ઢગલા, આબરૂના ઢગલા, કીર્તિના ઢગલા (થાય). તીર્થંકર જ્યાં ઉપજે, અરે..! મહાપુણ્યાનુબંધી પુણ્ય આત્માના ભાનની ભૂમિકામાં જ્યાં બંધાય, એ પુત્ર જ્યાં જન્મે ત્યાંના આગળ પાછળના પથરા નિલમપણે પરિણમી જાય અને દરિયાના માછલામાં મોતી પાકે તેવા લાખો માછલા જ્યાં કુંવર જન્મે (ત્યાં થાય). જેણે ભગવાનની ભક્તિ કરી છે એટલે ચૈતન્ય સચ્ચિદાનંદ ચૈતન્ય ચમત્કારની પ્રીતિ, રુચિને જેણે એને પ્રીતમ બનાવ્યો છે, એવા પરમાત્મ સ્વરૂપનું પોતાનું ધ્યાન કર્યું છે એની લક્ષ્મી અંતરની તો દોડતી આવે અલ્પ કાળમાં, પણ શુભરાગ થયો એ જ્યાં જાય ત્યાં એને દુનિયા પાસેથી ભાગ પડાવવો ન પડે. (હિન પુણ્યવાનની) લક્ષ્મી આબરૂ-કીર્તિ એની ચાલી જાય. અત્યારે જુઓને આ રાજા. પૂંછડા વેરો ને આ શું

કહે છે બધો? વારસા વેરો, ચુલા વેરો. નાખે છે ને બધું? ચૂલા વેરો નથી. કહો, સમજાણું? આગળ હતું પહેલાં. આ બીજી રીતે લૂંટવાની એક રીત છે. પણ એમાં જે આમ પૈસાને મેળવે એ રાજા એ રાજા નહિ. રાજ્યતે ઈતિ શોભતે ઈતિ રાજા.

પ્રભુ! અમે અમારા ચૈતન્યના... આપને પ્રગટ (થયેલી) પરમાત્મદશા, એના ભાનની ભૂમિકાની અમે રુચિ, દૃષ્ટિ અને પ્રતીત કરી છે. એના ભાનમાં અમને કેવળજ્ઞાન પણ અલ્પ કાળમાં દોડતું આવશે. દોડતું આવશે એમ કહે છે. અને શુભરાગથી બાહ્ય લક્ષ્મી પણ આજ્ઞા માગતી મોઢા આગળ જાશે. અમે જ્યાં જન્મશું ત્યાં મોઢા આગળ એવું સ્થળ (આવશે). એવા સ્થળ, એવા મા-બાપ, એવા ક્ષેત્ર, એવો સંયોગ, એવા મિત્રો એ બધા ત્યાં હાજર હશે. અમારે મેળવવા પડે નહિ. કહો, સમજાણું કાંઈ?

આ ઓલી વાત નથી કરતા? એક પુણ્યહિન પ્રાણી હતો. તો અહીં ઘરે હંમેશા જુવારનો રોટલો અને કળથી ખાતો. કળથી સમજો છો? કળથી હોય છે. કુળથી સમજો છો? ધન્નાલાલજી? કાળુ આટલું નાનું કઠણ અનાજ હોય છે. તો ઘરે જુવાર... જુવાર સમજો છો? જુવારનો રોટલો અને કળથી ખાતો હતો. એક વાર વિચાર થયો કે સદાયનું આ છે. લાવને આજ દીકરી ને બહેનને ત્યાં જાવ. ત્યાં તો લાપસી અને લાડવા મળશે. ત્યાં જાય ત્યાં એને પણ ઘરમાં નવી જુવાર આવેલી અને કળથી નવી આવેલી. એને વિચાર થયો કે આજે જુવારના રોટલા અને કુળથી કરીએ. એમાં આવ્યો ઓલો દસ વાગે બરાબર. આવો. આવો. જ્યાં કળથી ને રોટલો પડ્યો, જય નારાયણ. મોઢા આગળ આવીને પડી ગયો. હું જાણું કે આને મૂકીને આવું ને ક્યાંક બહેન દીકરીને ત્યાં જાઉં તો લાપસી મળશે. શાંતિભાઈ! જય જુવાર માતા! મારા નસીબમાં એ મોઢા આગળ હતી. ઓલા કહે, પણ હમણાં નવી જુવાર આમ તાજી આવી છે અને કળથી પણ.. કળથી મેવા કહેવાય છે, હોં! શાક એવું સરસ કર્યું છે. ચડી ગયું ફર્સ્ટ ક્લાસ. પચી જશે તમારા. બાજરાનો રોટલો કે જુવારનો. નાખ્યું એમાં ઘી. ઓય માળું, આ એનું એ નસીબમાં મોઢા આગળ આવ્યું આ તો.

અહીં સર્વજ્ઞની સ્તુતિ કરતાં મુનિ મહારાજ ભાવલિંગી સંત છે (એમ કહે છે), અમે જ્યાં જશું ત્યાં પુણ્યના ફળ મોઢા આગળ આવશે. સમજાય છે કાંઈ? અને પવિત્રતા પ્રગટ થવાની દોડતી. એટલે? અલ્પ કાળમાં શીઘ્ર કાળમાં અમે કેવળજ્ઞાન લેવાના છીએ અને પુણ્યના સંયોગો પણ દોડતા અમને આવવાના. એ પ્રભુ તારી ભક્તિનું ફળ છે. એમ કરીને વિનયથી વર્ણવે છે. ભગવાનજીભાઈ!

'**હે જિનેન્દ્ર! આપના નામમાં પણ એટલી શક્તિ છે.**' નામમાં શક્તિ છે એમ લખ્યું છે, જુઓ! કે '**આપના નામના કીર્તનમાત્રથી જ અમારા જેવા મનુષ્યોની આજ્ઞા માત્રથી લક્ષ્મી-કીર્તિ...**' સમજાય છે? લક્ષ્મી '**દોડતી ફરે છે.**' લ્યો! '**આજ્ઞા માગતી.**' તો પછી જે મનુષ્ય સાક્ષાત્ આપને પ્રાપ્ત કરી લે છે, સાક્ષાત્ પ્રાપ્ત કરી લે છે એટલે આત્માનો

સાક્ષાત્ રાગરહિત, મનના સંગ રહિત અસંગ પદાર્થને સાક્ષાત્ પ્રાપ્ત કરે એને તો શું કહેવું? તેની તો વાત જ શી? '**તેને તો જરૂર અંતરંગ તથા બાહ્ય લક્ષ્મીની પ્રાપ્તિ થશે.**' જુઓ! આ ભગવાનની ભક્તિ. આ સમજણના ભાનની ભૂમિકામાં ભક્તિ. એકલા રાગડા (તાણે) અને એકલા બહારના સમજ્યા વિના કરે એને પુણ્યબંધન થાય. પણ સાથે મિથ્યાદૃષ્ટિ એ પુણ્યના પરિણામનું કલ્યાણનું કારણ માનીને એમાં ઘૂંટાયા કરે એને મિથ્યાત્વ નામ અસત્ય દૃષ્ટિ, દુઃખ દૃષ્ટિનો લાભ થાય. એને આ લક્ષ્મી નિશ્ચય અને વ્યવહાર એકેય મળે નહિ.

છઠ્ઠી.

**जासि सिरी तइ संते तुव अवइण्णम्मि तीए णट्ठाए।**
**संके जणियाणिट्ठा दिट्ठा सव्वट्ठसिद्धी वि।।६।।**

'**હે જિન સર્વજ્ઞ!**' હે જિનેશ્વર! '**જ્યારે આપ સર્વાર્થસિદ્ધિના વિમાનમાં હતા...**' જુઓ! હવે શું કહે છે? પરમાત્મા પૂર્ણ આનંદ અને પૂર્ણ સ્વરૂપ ચતુષ્ટય દર્શન-જ્ઞાન-ચારિત્ર અને આનંદને પામ્યા, એવા પરમાત્માનું જેને અંતર લક્ષ અને દૃષ્ટિ થઈ અને એ પરમાત્માની ભક્તિ જેને ઉછળી, જ્યાં ત્યાં પરમાત્મા ભાળે. જ્યાં-ત્યાં એ પરમાત્મા-પરમાત્મા. એની જ મહિમા અને અધિકતા ભાળે છે. પ્રભુ! આ ઋષુભદેવ ભગવાન સર્વાર્થસિદ્ધમાંથી આવ્યા છે. સર્વાર્થસિદ્ધ એક દેવ છે માથે. વૈમાનિકનો છેલ્લો. એ આવ્યા છે મહાવિદેહ ક્ષેત્રમાંથી. ત્યાં મહામુનિ હતા અને તીર્થંકરગોત્ર ત્યાં બાંધેલું હતું. ત્યાંથી દેહ છૂટી સર્વાર્થસિદ્ધ દેવ વૈમાનિકનો છેલ્લું વિમાન છે. એમાં એમનો અવતાર થયેલો. મહા આત્મા.

કહે છે, પ્રભુ! આપ સર્વાર્થસિદ્ધ વિમાનમાં હતા ને ત્યારે એની જે શોભા હતી એ આપ ત્યાંથી નીકળીને જ્યારે મરુદેવીની કૂંખે આવ્યા (તો) ત્યાંની શોભા લૂંટાઈ ગઈ. સમજાય છે? અહીં તો કહે છે કે જ્ઞાનાનંદ સ્વરૂપ પ્રભુ આત્માની પ્રાપ્તિ થઈ ત્યારે ઓલા રાગ અને પુણ્યની શોભા કહેવાય છે. નહિતર એ શોભા-બોભા કહેવાતી નથી. પ્રભુ! આપ સર્વાર્થસિદ્ધમાં હતા ત્યારે જે વિમાનની જેવી શોભા હતી, તે શોભા આપ આ પૃથ્વીતળ પધારતા '**આપના વિયોગથી થયેલા દુઃખને લીધે નષ્ટ થઈ ગઈ.**' લ્યો, શું કીધું? ત્યાં સર્વાર્થસિદ્ધના વિમાનને દુઃખ થયું કે આહાહા..! અમથું આમ નથી કહેવાતું? પુણ્યવંત પ્રાણી, પૈસા આદિ હોય એને જ્યારે બાળવા લઈ ગયા. પહેલા જ્યાં સુધી હતું ત્યાં સુધી આમ શોભા ભરેલું બધું લાગે. એ તો ઓલા પુણ્ય છે ને એટલે પોતાને મહિમા એના ઉપર (આવે). ઘર શોભતું ભરેલું બધું લાગે. જ્યાં બાળીને આવ્યા મસાણમાંથી... આહાહા..! સુનકાર-સુનકાર. શિરછત્ર ગયા. આજ્ઞા એની હતી અમારા ઉપર એગયા.

એમ ભગવાન આપ સર્વાર્થસિદ્ધ.. જુઓ! આ ભગવાન.

હરતા ફરતા પ્રગટ હરિ દેખું. અરે મારું જીવવું સફળ તવ લેખું.
મુક્તાનંદનો નાથ વિહારી રે, ઓધા જીવનદોરી હમારી રે.

પરમાત્મા પાપના હરનાર ને વિકારનો નાશ કરનાર એવા હરિ નામ પરમાત્મા. એ હરિ હોં! બીજા હરિ હરિ કહે છે એ નહિ. શાંતિભાઈ! પાપ .. હરતિ ઈતિ હરિ. જેણે વિકારના પુણ્ય-પાપના ... ઢગલાને હણીને જેણે આત્મદશા પ્રગટ કરી, એવી જેને શ્રદ્ધા આત્માની થતાં ભગવાનની વ્યવહારે શ્રદ્ધા લક્ષમાં વર્તે છે, એ કહે છે કે 'હરતા ફરતા પ્રગટ પ્રભુ દેખું.' પ્રભુ! સર્વાર્થસિદ્ધમાં પણ તું હતો તો શોભા (હતી), હોં! પણ ત્યાંથી તું નીકળ્યો ત્યાં દુઃખ થયું એને. નષ્ટ થઈ ગઈ ત્યાંની શોભા. અને અહીંની શોભા (થઈ ગઈ). શું કહે છે આ?

આત્મા પૂર્ણાનંદ પ્રભુ, એની પ્રતીત, રુચિને લઈને બધી શોભાઓ છે. ત્યારે એ શુભભાવને પણ વ્યવહારની ઉપમા અપાય છે. અને એ આત્માની શોભા ખસી અને રાગથી આત્માનું સમીપણું ટળ્યું, રાગ ને પુણ્યનું સમીપપણું થયું (એ તો દુઃખદાયક છે). અને રાગ ને પુણ્યનું સમીપપણું ટળીને સ્વભાવનું સમીપપણું થયું તો પુણ્યને શોભા વ્યવહારની કહેવામાં આવે છે. અને એકલા રાગનું સમીપપણું રહ્યું તો પ્રભુ એ તો દુઃખદાયક છે. કહો, સમજાણું કાંઈ?

ઓહો..! મુનિઓએ તો વીતરાગપણાના ગાણા ગાયા છે. 'ધર્મ જિનેશ્વર ગાઉ રંગ શું.' 'આનંદઘનજી' કહે છે.

ધર્મ જિનેશ્વર ગાઉ રંગ શું. ભંગમ પડશો હો પ્રિત જિનેશ્વર,
બીજો મનમંદિર આણું નહિ, એ અમ કુળ વટ રીત જિનેશ્વર,
એ અમ કુળ વટ રીત જિનેશ્વર, ધર્મ જિનેશ્વર ગાઉં રંગ શું.

ધર્મ નામ આત્માનો પવિત્ર શુદ્ધ ચૈતન્ય સ્વભાવનો જ્યાં આદર અંદર થયો, એના ગાણા ગાઈએ ત્યાં હે નાથ! હે આત્મા! રાગની એક્તારૂપ જે અંદર ભંગ પડે એ થશો નહિ. 'ભંગમ પડશો પ્રિત...' પ્રભુ! આત્માના સ્વભાવની પ્રીતિ, રુચિ ને સંતોષ જાગ્યો, એ હવે ભંગ ન પડશો. એમ ભગવાનને સ્તવન કરતાં પોતાના સ્વભાવનું સ્તવન કરે છે. વાસ્તવિક તો આમ છે. કેવળચંદભાઈ!

'બીજો મન મંદિર આણું નહિ.' આત્માની વીતરાગ દૃષ્ટિ અને વીતરાગ સ્વભાવ સિવાય રાગને, પરને મનમંદિરમાં અંતરમાં આવવા ન દઉં. 'ભંગ ન પડશો પ્રીત (જિનેશ્વર), બીજો મનમંદિર આણું નહિ એ અમ કુળવટ રીત...' અનંતા તીર્થંકરો, સર્વજ્ઞો પરમાત્મા થયા, એના કુળના કેડાયત અમે. નેમિદાસભાઈ! એમ કહે છે. એના કુળના કેડાયત અમે. એ અમારા કુળવટની રીત તૂટશે નહિ. એ અમ કુળવટ રીત.

અહીં એમ કહે છે કે હે પ્રભુ! આપ જ્યારે બિરાજતા વિમાનમાં (ત્યારે) એવી શોભા એની લાગતી. અને ત્યાંથી છૂટ્યા (એટલે) શોભા ગઈ. એમ હું શંકા નામ અનુમાન કરું છું. અનુમાન એટલે આ તો એક .. છે. શોભા તો છે ઈ આત્માની છે. એ વિમાન તો ત્યાં ને ત્યાં છે. એ કાંઈ ત્યાંથી ઓછા વત્તા થતાં નથી. પણ પ્રભુ ત્યાં બિરાજતા અને

અમારી જે લક્ષ અને દૃષ્ટિ હતી, અમારી દૃષ્ટિમાં આત્મા જ્યાં હતો એને લઈને બધી શોભા છે. બાકી બહારની સામગ્રી, બાયડી, છોકરા, કુટુંબ ને ખમા ખમા છન્નું હજારી સ્ત્રી ચક્રવર્તીને, છન્નું કરોડ પાયદળ, રતનના ઢગલા જેને ઘરે. એ એની શોભા નથી. શોભા તો ચૈતન્ય તત્ત્વની છે. એવા સ્વભાવને પામીને ત્યાં પડ્યા હતા એથી વિમાનની શોભા હતી. ત્યાંથી નીકળ્યા, એની શોભા નષ્ટ થઈ ગઈ.

'**હે ભગવન્! આપમાં એક પ્રકારની અતિ મહાન ખૂબી વર્તે છે.**' ખુબી એ છે કે જ્યાં આપ નિવાસ કરો છો ત્યાં જ... કહો, સમજાણું? '**ત્યાં જ ઉત્તમ શોભા રહે છે. કેમકે જ્યારે આપ સર્વાર્થસિદ્ધિ નામના વિમાનમાં બિરાજમાન હતા ત્યારે તે વિમાનની ઘણી મોટી શોભા હતી.**' ઘણી મોટી શોભા હતી. '**પરંતુ જ્યારે આપ ત્યાંથી ઉતરીને આ પૃથ્વી ઉપર પધાર્યા...**' અવતર્યા '**ત્યારે તે વિમાનની શોભા પહેલા જેવી ન રહી. પણ આ પૃથ્વીતળની શોભા અધિક થઈ ગઈ.**' આ તું (જ્યાં) હોય ત્યાં (બધી શોભા છે). 'નિયમસાર'માં કહે છે ને આચાર્ય? મારા દર્શનમાં પણ આત્મા, જ્ઞાનમાં પણ આત્મા અને ચારિત્રમાં પણ આત્મા. '**जस्स संणिहिदो अप्पा**' '**जस्स संणिहिदो अप्पा**'. જ્યાં આત્મા જેના અંતર સ્વભાવની દૃષ્ટિમાં, સમીપમાં વર્તે છે ત્યાં બધું દર્શન, ત્યાં જ્ઞાન બધું, ચારિત્ર ને આનંદ ને શાંતિ ને શોભા છે. પણ આત્મા દૃષ્ટિના સમીપમાંથી ગયો અને પુણ્ય ને પાપ ને નિમિત્તની દૃષ્ટિના સમીપમાં આવ્યો, બધી શોભા ભ્રષ્ટ (થઈ ગઈ). ચંદુભાઈ! આવે છે ને? 'નિયમસાર'માં આવે છે.

'**जस्स संणिहिदो अप्पा**'. જેનો આત્મા સંનિદ્ધિ-નજીકમાં વર્તે છે. અને રાગ ને પુણ્ય ને નિમિત્ત જેના વિયોગમાં વર્તે છે દૃષ્ટિમાં. પૃથક્‌પણે કહો, વિયોગપણે કહો, જુદાપણે કહો. અને જેની દૃષ્ટિમાં રાગરહિત, પુણ્ય-પાપના મલિનભાવ રહિત ચૈતન્યસ્વભાવની સમીપતામાં જે વર્તે છે ત્યાં દર્શન છે, ત્યાં જ્ઞાન છે, ત્યાં ચારિત્ર છે, ત્યાં તપ છે અને ત્યાં ધર્મ છે. બીજે ક્યાંય ધર્મ હોતો નથી. તો અહીં કહે છે, અહીંયાં પૃથ્વીતળની શોભા હવે અધિક થઈ ગઈ. ત્યાંની શોભા ટળીને અહીંની થઈ.

સાતમી.

**णाहिघरे वसुहारावडणं जं सुइरमिहं तुहोयरणा।**
**आसि णहाहि जिणेसर तेण धरा वसुमई जाया।।७।।**

લ્યો! હવે અહીંનું લીધું. આહાહા..! જ્યાં હોય ત્યાં તું અને તારા જ્ઞાનના ગાણા અને જ્ઞાનની પ્રીતિ-રુચિ ન હોય તો તું ક્યાંય બીજે નથી.

'**હે જિનેશ્વર! આપ જ્યારે આ પૃથ્વીતળ ઉપર અવતર્યા ત્યારે નાભિરાજાના ઘરમાં ઘણા કાળ સુધી...**' શું કીધું? '**આકાશમાંથી ઘણા કાળ સુધી જે ધનની વૃષ્ટિ થઈ,...**' ધનની ધારા. ધનની ધારા અર્થાત્ ધનની વર્ષા થઈ '**તેને લીધે આ પૃથ્વી વસુમતિ...**'

શું કહે છે? વસુ એટલે પૃથ્વી. વસુ એટલે પૈસો. આ વસુ વિનાના નર પશુ નથી કહેવાતા? વસુ વિનાના નર પશુ. ભગવાનજીભાઈ! કહેવાની વાત છે. અને જ્યાં વસુ હોય ત્યાં ગાંડા હોય એ ડાહ્યા કહેવાય.

મુમુક્ષુ :- ગાંગજીભાઈ કહેવાય.

ઉત્તર :- હા. વસુ આવી એટલે ગાંગજીભાઈ, નહિતર ગાંગલો કહેવાતા. કેવળચંદભાઈ! એ દુનિયાની વાતું. વસુ એ નહિ.

અહીં તો વસુ એટલે લક્ષ્મી. આત્માની લક્ષ્મી જે છે એ જ્યાં અંતરમાંથી શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રમાં પ્રગટી ત્યારે શોભાને પામ્યો. હું શોભાને પામ્યો અને પૃથ્વી પણ શોભાને પામી. અહીં તો કહે છે કે એ પૃથ્વી ત્યારથી વસુમતિ કહેવામાં આવી. પહેલી વસુમતિ નહોતી. વસુ નામ લક્ષ્મીવાળી ત્યારે કહેવાણી. છે તો અનાદિની પણ આમ પૃથ્વીને પણ એ જ્ઞાનથી ભાળે છે. અમે પૃથ્વીને નથી જોતા, અમે અમારા જ્ઞાનને જોઈએ છીએ. શું કહ્યું સમજાણું?

ત્યાં વિમાનની શોભે જે હતી તે અમારા જ્ઞાનનું જ્ઞેય, એમાં એ જ્ઞેયને ખરેખર નથી અમે જોતાં. અમે તો તે કાળે પણ અમારા જ્ઞાનને જ જોતા, અમે સ્વર્ગમાં હતા ત્યારે બીજા ભવમાં. એમ પરમાત્મા આપ પણ આપના જ્ઞાનને જ ભાળતા અને જોતા. અહીં નીચે અવતર્યા તો વસુ-પૃથ્વીને આપ નથી જોતા. પૃથ્વીથી શોભા નથી. આપના જ્ઞાનની ઊર્ધ્વતા પહેલી (થઈ),... જેના જ્ઞાનમાં સ્વ આવ્યા વિના પરનું જ્ઞાન થાય નહિ. એટલે જ્ઞાનની જેમાં મુખ્યતા થઈ, એને લઈને આ બધી શોભા પૃથ્વીની થઈ છે. સમજાણું કાંઈ? સમજવું ભારે મુશ્કેલ પડે એવું છે. કુંવરજીભાઈ! શું આમાં એક એક કડી યાદ રહે એવું છે?

મુમુક્ષુ :- આ કડીનો મુદ્દો-વસુનો યાદ રહે.

ઉત્તર :- એ વસુ અને ધૂળમાં એ વસુ ક્યાં હતી? એ વસુના ઢગલા પડ્યા હોય અને પછી દુઃખ આવે શરીરમાં, રોગ આવે. શાસ્ત્રમાં એમ લેખ છે કે તું મારી મારી લક્ષ્મી કરતો અને એના ઢગલા કર તારી પાસે અને ઢગલા કરીને પ્રાર્થના કર. હે લક્ષ્મી! તારા માટે ખાધા નથી, પીધા નથી, સખના સુતા નથી અને છોકરા માટે, મેળવવા માટે મરી ગયો આખી જીંદગી. આ ઢગલા (થયા પણ) હવે મારી દુર્ગતિ થાશે અહીંથી મરીને. તો કાંઈક તું શરણ કરજે લક્ષ્મી!

મુમુક્ષુ :- લક્ષ્મીએ કંઈ જવાબ આપ્યો કે નહિ?

ઉત્તર :- આપ્યો એણે કે અમે કોઈના થયા નથી અને કોઈના અમે ક્યાંય રહ્યા નથી. તું મફતનો મમતા કરીને અહીં ચોંટ્યો છો. લક્ષ્મીના ઢગલા એવું આવે છે, ભાઈ આમાં. સૂયગડાંગમાં એક લેખ આવે છે. લક્ષ્મીવાળો હતો એક મોટો અને પછી એની મરવાની તૈયારી થઈ. પછી એમ કે લક્ષ્મીના ગંજ કરાવ્યા બધા. કે મારી પેદાશ મારી પાસે બતાવો મને.

આમ ઢગલા કર્યા.

મુમુક્ષુ :- સિકંદર..

ઉત્તર :- ના, એ તો સિકંદરની વાત જુદી છે. આ તો શ્વેતાંબરમાં સૂયગડાંગમાં આવે છે. એ તો આવે છે, મને ખબર છે સિકંદરની. ખબર તો હોય ને બધી વાતુંની. ઘણી નાની ઉંમરથી સાંભળતા આવીએ ને. એ સિકંદર મરી ગયો ત્યારે કહે આ બધા ઢગલા કરો. અને મરતા ટાણે જેણે મારા વરખાસન ખાધા એવા ડૉક્ટરોને, વૈદોને, હકીમોને માથે આ મડદું ઉપાડજો. સમજાય છે? હકીમોને અમે વારસા આપ્યા એ અમને રાખી શક્યા નથી. ત્યારે મારો જનાજો એ વૈદો, હકીમોને માથે (ઉપડાવજો). લોકોને ખબર પડે કે આટલા અબજો રૂપિયા હતા છતાં કોઈ આને રાખી શક્યા નહિ. આ હકીમો માથે ઉપાડીને દાટવા લઈ જાય છે. કહો, બરાબર હશે કે નહિ? કુંવરજીભાઈ! કોણ રાખતું હશે? હકીમ રાખતો હશે? હકીમ એને લઈ જાવ. અને આ મારા બધા જે બંધુકોના જે લશ્કરો મડદા મોઢા આગળ કરજો. જનાજાની મોઢા આગળ રાખજો, ઢગલા કરજો અને ત્યાં કબરમાં જ્યાં દાટો ત્યાં ઢગલા દેખાડજો કે આ મરી ગયો, કાંઈ લઈ ગયો નથી અને કાંઈ હો.. હા.. હા.. મરી ગયો તે મરી ગયો. હકીમે રાખ્યો નહિ, પૈસે રાખ્યો નહિ, દીકરાએ રાખ્યો નહિ. મોટા મોટા લશ્કરના બંધુકો જ્યાં હજારો .. કરે ને આમ ફલાણું ફલાણું કરે છે ને. ઉતરે ત્યારે નથી કરતા આમ કરીને?

મુમુક્ષુ :- સલામી આપે.

ઉત્તર :- સલામી આપે, સલામી. ત્યાં આપી હતીને એક ફેરી દયાશંકરભાઈની. ઓલા મેદાનમાં. આપણે છે ને દેરાસર પાસે મેદાન? દયાશંકરભાઈને બધા પોલીસે સલામી આપી. એ દયાશંકર પાછા બેસી ગયા જુનાગઢ.

અહીં તો કહે છે, અરે..! એ બહારની સલામી ને બહાર થોથે થોથાં મહાણમાં, એ મહાણમાં લાકડા ચીતરામણ કરીને, રંધો મારીને કે પાલેસ કરીને એને બાળે કે એવા ને એવા લાકડા ને છાણે બાળે એમાં મડદાને કાંઈ નથી. હશે એમાં કાંઈ શોભા હશે કે નહિ મડદાની? ઓલામાં આવે છે. મડદાને એવું કહે. મડદું હોય ને એને ચાર નાળીયેર બાંધ્યા હોય ને. ચાર બાજુ ચાર. દુઃખ થાય એના ઘરનાને. અરે..! પણ નાળીયેર બાંધ્યા છે ને. અર..ર..! પણ આ વીસ વર્ષનો જુવાન. અઢાર વર્ષની મૂકીને ગયો, ચાલ્યો જાય. હાય-હાય. 'હાર બળે લકડી, કાસ બળે જો કેસ.' ઘાસ બળે એમ કેસ બળે છે. આહાહા..! અરે..! એ અહીં વાત નથી અહીં તો કહે છે.

અહીં તો જેણે શાશ્વત ચૈતન્ય તત્ત્વ દૃષ્ટિમાં લીધું એની લક્ષ્મીની શોભા તેના કાળમાં એને પોતાને પ્રગટ અહીં થઈ છે. હું જ્યાં લક્ષ્મી આત્માના ચૈતન્યની લક્ષ્મી સહિત હોઉં ત્યાં જ મારી અને પરની બધી શોભા. એને લઈને છે. પરને લઈને કાંઈ મારી શોભા નથી.

ધનની વર્ષા થઈ. શું કહે છે? ભગવાન જન્મ્યા પહેલા, છ મહિના પહેલા ઈન્દ્રો આવીને વર્ષા કરે. આકાશમાંથી પોતે વર્ષા કરે, આકાશના પરમાણુઓનો સ્કંધ, કુદરતી સ્વભાવિક પુરુષ છે અને આત્માના ભાનની ભૂમિકા લઈને આવેલ છે તો તે પરમાણુના સ્કંધ હીરા અને રતનપણે પરિણમીને ઢગલા એના શું કહેવાય એના મકાનના આંગણામાં, એ મકાનના આંગણામાં આકાશમાંથી હીરા પડે. ઓહોહો..! અને ઈન્દ્રો આવીને વર્ષા કરે. પ્રભુ! આપની શોભા તો જુઓ! એ આપની શોભાને લઈને આ બધી શોભા છે. આપે જો ચૈતન્યમૂર્તિના ભાન ન કર્યા હોય તો શોભા ક્યાંય છે નહિ. કહો, આ છ મહિના એ અને નવ મહિના માતાના પેટમાં રહે છે ત્યાં સુધી ઈન્દ્રો નવ મહિના વર્ષા કરે છે. ઈન્દ્રો આવીને. ઈન્દ્રો જેના સેવકો, ઈન્દ્રો જેના કીંકર. કીંકર. શું કરીએ? શું દઈએ? શું લઈએ? એવું પુણ્ય આત્માની સત્ શક્તિના સ્વભાવના અવલંબે જેની ભૂમિકા છે એને એવા રાગની વૃત્તિમાં આવું પુણ્ય બંધાય. ત્યારે તે પુણ્યન વ્યવહાર સત્પુણ્યનો આરોપ દેવામાં આવે છે. એ સત્પુણ્ય, લ્યો. આ સત્સ્વભાવ પ્રગટ્યો. એટલે રાગ થયું તેને સત્પુણ્ય કહેવામાં આવ્યું. ત્યારે એ પુણ્યની શોભા થઈ.

**'આકાશમાંથી જે વસુની ધારા, ધનની વર્ષા થઈ તેને લીધે આ પૃથ્વી વસુમતિ થઈ.'** નહિતર તો વસુમતિ આ હતી નહિ. તારે લઈને પ્રભુ છે, તારે લઈને આ બધું છે. એટલે ચૈતન્ય સ્વભાવ નિર્લેપ, નિર્દોષ, નિર્ગ્રંથસ્વરૂપી પ્રભુ, એની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતાને લઈને બધી ક્રિયાઓ વ્યવહારની, પૂજા ને ભક્તિ ને દયા ને દાનને વ્રત ને વ્યવહારની શોભા આત્મામાં આવે. નહિતર એને વ્યવહાર પણ કહેવાતો નથી. કહો, સમજાણું આમાં કાંઈ? **'પૃથ્વીનું નામ વસુમતિ છે અને જે ધનને ધારણ કરનારી હોય તેને વસુમતિ કહેવાય છે. તેથી ગ્રંથકાર ઉત્પ્રેક્ષા અલંકાર કરે છે.'** એ જાતની વિચારધારામાં પુણ્યનો ઠાઠ એને ન ગણતા પવિત્રતાને ગણી અને પુણ્યની શોભા વ્યવહારે છે એમ કહેવા માગે છે.

**'વળી આ પૃથ્વીનું જે વસુમતિ નામ પડ્યું છે તે ભગવાનના આપની કૃપાથી જ પડ્યું છે.'** હે ભગવાન! આપની કૃપાથી પડ્યું છે. **'કેમ કે જ્યારે આપ સર્વાર્થસિદ્ધિ વિમાનમાંથી આ પૃથ્વી મંડળ ઉપર આવ્યા, પૃથ્વી મંડળ ઉપર અવતર્યા ત્યારે બરાબર પંદર માસ-મહિના સુધી રત્નોની વૃષ્ટિ થઈ.'** જગતને આચાર્ય તો કહેવા માગે છે કે પવિત્રતાની ભૂમિકામાં પુણ્યના ફળ કેવા (હોય) એ લોકોને વિશ્વાસમાં આવે એવા નથી. પવિત્ર ચૈતન્ય શક્તિનો પ્રભુ, એની તો પ્રતીત કેમ આવે? પણ એના પ્રતીતની ભૂમિકામાં બંધાયેલો રાગ અને રાગના ફળરૂપે જે સંયોગ આવ્યો, પંદર મહિના રત્નોની વૃષ્ટિ (થાય). વિશ્વાસમાં આવે નહિ માણસને. સમજાય છે? પંદર મહિના વૃષ્ટિ. છ મહિના પહેલાં જ્યાં નરકમાંથી પણ નીકળે તીર્થંકર, જેમ આ શ્રેણિક રાજા અત્યારે નરકમાં છે. ચોર્યાશી હજાર વર્ષનું આયુષ્ય છે. જ્યારે છ માસ બાકી રહેશે ત્યારે તીર્થંકરપણે જ્યાં અવતરશે, આયુષ્ય બંધાશે. આયુષ્ય બંધાશે એટલે દેવો આવીને અહીં માતાને ત્યાં એના આંગણામાં રત્નની

વૃષ્ટિ કરશે. અને પછી માતાના ઉદરમાં આવ્યા પછી તો નવ મહિના વૃષ્ટિ (થશે). પંદર મહિના. સવા વર્ષ. સવાયુ કામ છે એનું. ભગવાનજીભાઈ! રતનના ઢગલા. અહીં પાંચ-પચ્ચીસ લાખ થાય ત્યાં ઓહોહો..! આપણે મેળવ્યા, આપણને મળ્યા. ધૂળેય મળી નથી. મમતા મળી છે. આ અમને મળ્યા એવી મમતા (મળી છે).

અહીં આચાર્ય મહારાજ કહે છે કે, પ્રભુ! વસુમતિ આપને લઈને નામ પૃથ્વીનું પડ્યું, હોં! આપ હો ત્યાં વસુમતિ, આપ ન હોય ત્યાં આ પૃથ્વીને વસુમતિ કહેતા નથી. સમજાય છે આમાં? '**જ્યારે આપ સર્વાર્થસિદ્ધિ વિમાનમાંથી આ પૃથ્વી મંડળ ઉપર આવ્યા ત્યારે બરાબર પંદર મહિના રત્નોની વૃષ્ટિ થઈ. આ પૃથ્વીનું નામ ત્યારે પૃથ્વી મંડળમાં નાભિ રાજાના ઘરે વૃષ્ટિ થઈ હતી. તેથી પૃથ્વીનું સમસ્ત દારિદ્ર દૂર થયું.**' શું કહે છે? એટલી બહારમાં લક્ષ્મી આવી કે જગતના પ્રાણીઓ નિર્ધનના દરિદ્ર ટળ્યા. અમે પણ પ્રભુ '**આપની જ્યાં વસ્તુની સ્થિતિને સંભાળીએ છીએ, જોઈએ છીએ ત્યારે અમારું દારિદ્રપણું નાશ થઈ જાય છે.**' અને દારિદ્રપણું નાશ થઈને પુણ્ય બંધાતા જે લક્ષ્મી બહાર આવે એનું વ્યવહારે દારિદ્રપણું અમારું અને પરનું પણ નાશ થાય. એ બધી શોભા ચૈતન્ય ચમત્કાર આત્માના, પરમાત્માના ગુણ ગાવામાં છે. એ પરમાત્મા સર્વજ્ઞ છે એ પ્રતીતમાં આવવા અને એ પ્રતીતથી સ્વસન્મુખ થાવું, આ એની શોભા એ બધી શોભા છે. એ સિવાય બીજી શોભા હોતી નથી. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૦), સોમવાર તા. ૨૨-૮-૧૯૬૦**
**ઋષભજિન સ્તોત્ર-ગાથા-૮ થી ૧૧, પ્રવચન-૪**

(આત્મા) સચ્ચિદાનંદ સ્વરૂપ છે એનું ભાન થયું એથી જૂનો પ્રવાહ તાજો થઈને નવો સમ્યગ્દર્શન જ્ઞાનમાં પ્રગટ્યો. તો ભગવાનને ઘણો કાળ થયો એટલે જાણે ભગવાન અમારી સમીપે હોય એમ ધર્મીને લાગે છે. આ તો ઘણો કાળ થયો પણ જાણે સમવસરણમાં બિરાજતા હોય એ રીતે પંચમકાળના મુનિએ સ્તુતિ કરી છે. પોતાનું સ્વરૂપ દૂર જે દૃષ્ટિમાં હતું, રાગ ને વિકલ્પ ને નિમિત્તના કાળમાં જે દૃષ્ટિ અટવાઈ હતી, તે દૃષ્ટિએ ચૈતન્ય નિજઘર જોયું. નિજઘર શ્રદ્ધા-જ્ઞાનમાં લીધું. એને પોતાનો આત્મા પણ સમીપ છે અને એને સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ દૂર કાળે થયા એ પણ જાણે વર્તમાનમાં સમીપમાં છે તેમ મુનિ ભક્તિ કરી રહ્યા છે. એ પ્રમાણે ધર્માત્માને કેવી ભક્તિ હોય એનું પણ વર્ણન સાથે કરે છે.

ભગવાનને કહ્યું. સાતમી ગાથામાં કહ્યું ને? પ્રભુ! આપ સર્વાર્થસિદ્ધ વિમાનમાં હતા ત્યાંથી આવ્યા છે ભગવાન ઋષભદેવ. એ સ્થાન પણ બતાવ્યું. કાંઈ મુક્તિમાંથી આવ્યા નથી. સમજાય છે કાંઈ? જે કાંઈ અવતાર થાય એ તીર્થંકર હો કે કોઈપણ હો, એ કોઈ મુક્તિમાંથી આવે, સિદ્ધ થયેલી દશામાંથી જન્મે એમ હોઈ શકતું નથી. એ વર્ણન સમજાવવા (કહે છે કે), પ્રભુ! આપે પૂર્વે પૂર્ણાનંદ આદિની કેટલીક પ્રાપ્તિ તો શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રમાં કરેલી, બાકી રાગ રહ્યો એનું પુણ્ય બંધાણું (એના ફળમાં) સર્વાર્થસિદ્ધમાં ગયા. પ્રભુ! પણ તમે ત્યાં હતા ત્યારે એ દેવની શોભા હતી, હોં! સર્વાર્થસિદ્ધના વિમાનની. હેઠે ઉતર્યા એટલે સર્વાર્થસિદ્ધની શોભા નષ્ટ થઈ એમ હું માનું છું. કહો, નેમિદાસભાઈ! શું હશે આ? મુનિઓ આવા અલંકાર કરતા હશે? આ તો પંચ મહાવ્રતધારી છે. ચંદુભાઈ! પંચ મહાવ્રતધારી છે? અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહનો વિકલ્પ એને વ્યવહારે પંચ મહાવ્રતનો આવે છે. અંતર દૃષ્ટિમાં એ રાગનો નિષેધ અને આત્માની શુદ્ધ પરિણતિ વહે છે. એ કહે છે કે પ્રભુ! હું એમ શંકા કરું છું (કે) આપ સર્વાર્થસિદ્ધમાં હતા ત્યારે એની શોભા (હતી), હોં! પ્રભુ! અહીં હેઠે ઉતર્યા ને, આ વસુમતિ પૃથ્વી નહોતી કહેવાતી. આપ જ્યારે માતાના ગોદમાં આવ્યા એ પહેલાં ઈન્દ્રોએ છ માસ સુધી રત્નોની વર્ષા કરી અને માતાની ગોદમાં સવા નવ મહિના રહ્યા. રત્ન વરસ્યા બહારમાં, અંતરમાં ચૈતન્યરત્નની પ્રાપ્તિ આપને છે અને પૂર્વના પુણ્યને કારણે બહારની પણ રત્નની વૃષ્ટિ થઈ. આ વસુમતિ ત્યારથી પૃથ્વીને હું કહેવા માગુ છું. પૃથ્વીનું નામ લેતા પણ પ્રભુનું સ્મરણ છે એમ કહે છે. કહો, સમજાણું કાંઈ?

પૃથ્વી નામ વસુમતિ. એ તો પ્રભુ! તારે લઈને (છે). માણસો નથી કહેતા? કે ભાઈ! શોભા બધી આને લઈને છે. એમ આત્માની શોભા જ્ઞાન ને શુદ્ધ ચૈતન્યની શ્રદ્ધા, જ્ઞાન

જેણે કર્યા એને લઈને બધી શોભા આત્માની કહેવાય છે. અને શુભરાગ ને ભક્તિ ને વ્યવહાર પણ એને જ કહેવામાં આવે છે.

હવે અહીં આઠમી ગાથામાં (કહે છે),

**स च्चिय सुरणवियपया मरुएवी पहु ठिओ सि जंगब्भे।**
**पुरओ पट्टो बज्झइ मज्झे से पुत्तवंतीणं।।८।।**

હે પ્રભુ! **'હે જિનેન્દ્ર! આપ મરૂદેવી માતાના ગર્ભમાં સ્થિત થયાં...'** ત્યાંથી આવ્યા અને અહીંયાં સ્થિત (થયા) એવો વ્યવહાર પણ હજી નિમિત્ત-નિમિત્ત સંબંધ છે, સર્વજ્ઞપદ પ્રાપ્ત થયા પહેલાં. એમ કોઈ કહી દે કે બધા મુક્તિમાંથી પાછા આવે છે અને અવતાર ધારણ કરે. એ વસ્તુના તત્ત્વને સમજતા નથી. જેણે રાગ ને પુણ્ય-પાપની રુચિ છોડીને સ્વભાવની રુચિ કરી એ વિપરીત રુચિ થવા દેતો નથી. એ સ્થિરતા પૂર્ણ કરીને જેણે અસ્થિરતા ટાળીને પૂર્ણ પદની પ્રાપ્તિ થાય એના તત્ત્વનો સ્વભાવ ફરીને અવતાર ધારણ કરે એવો હોઈ શકે નહિ. કેવળચંદભાઈ! લ્યો, આ તો તત્ત્વની વાત (આવે છે). અહીં તો જૈનના નામે બધા કહે, ભગવાન અહીં થયા, જ્યોતમાં જ્યોત મળી (ગઈ).

એક ફેરી કહેતા હતા ને. ત્યાં (સંવત) ૧૯૯૫માં હતા ને. મણિયાર છે ને મણિયાર? રાજકોટમાં નથી? .. છે ને? એ આવ્યા હતા ૧૯૯૫માં. જ્યોતમાં જ્યોત મિલાઈ. જે આત્માની અહીંથી મુક્તિ થઈ પછી જ્યોત ત્યાં છે એમાં ભેગા ભળી ગયા. તત્ત્વની સ્થિતિ શું છે અને વાસ્તવિકત એનો શું સ્વભાવ એની ખબરું નહિ અને જૈનના વાડામાં ભક્તિ કરી, પૂજા કરી અને ભગવાન સાચા. શેના સાચા? તને હજી ભગવાનનું શું સ્વરૂપ? તારા આત્માનું શું સ્વરૂપ? એના ભાન વિના ભગવાન શેમાં ભળ્યા? ક્યાંથી લાવ્યો? ભગવાન કોઈ સત્તામાં નિર્મળ થઈને પરસત્તામાં ભળી જાય એમ કોઈ દિ' હોઈ શકે નહિ. અનાદિ આત્મતત્ત્વની સત્તા વિકારપણે હો કે નિર્વિકારપણે હો, એની સત્તાનું સર્વસ્વ પરસત્તાથી ભિન્નપણું જ વર્તી રહ્યું છે. સમજાય છે કાંઈ? મુક્તિ થાય એટલે ત્યાં બધા ભેગા (થઈ જાય).

એક જણા કહેતા હતા, મુક્તિમાં પણ ચોકા જુદા? ચંદુભાઈ! એક જણો વળી વેદાંતિક દૃષ્ટિ થઈ ગયેલી અને બધું વાંચે 'સમયસાર' ને આ બધું હોં! 'સમયસાર' ને ભક્તામરમાં ઓલું આવે છે ને વિભુ. એટલે સર્વવ્યાપક જેવી દૃષ્ટિ થઈ ગઈ. પછી કહે, મુક્તિમાં પણ બધા ચોકા જુદા હશે? ચોકા એટલે સમજાણું? સૌની સત્તા જુદી હશે? અહીં તો સૌ જુદી સત્તા રાખીને બેઠા (છે). અહીં તો ચુલા જુદા જુદા કરે છે ને? પણ ત્યાં ચુલા જુદા? અરે..! ભાઈ! આ વસ્તુ જ કોઈ અનાદિઅનંત સ્વયંસિદ્ધ સત્‌સ્વરૂપ છે. એની ભાનની દશા ન હોય તો એ વિકારની લાગણી ને રુચિમાં અટવાઈને ચોર્યાશીમાં રખડે. પણ એ પોતાની સત્તામાં છે એ બધું. એની સત્તા પરને લઈને નથી. અને એ વિકારી સત્તાના અંશમાં અસ્તિત્વ.. એ પણ સત્ છે ને? એનું પર્યાયમાં સત્‌પણું જે વિકારનું હતું, એને આત્માના સ્વભાવના

ભાન દ્વારા વિકારનું સત્પણું વ્યય થયું-નાશ (થયો), નિર્વિકારી સત્નો અંશ વર્તમાન પરિણતિ નિર્મળ પ્રગટી, એને ફરીને અવતરવું કે અવતાર હોઈ શકે નહિ. અને એ બીજી સત્તામાં ભળી જાય (એમ વસ્તુસ્થિતિ નથી). ઈશ્વરચંદજી! કહે છે ને? એકમાં અનેક. નથી આવતું? બધું આવે છે. સિદ્ધની સ્તુતિ. એકમાંહી અનેક રાજે. શી રીતે અનેક રાજે? અર્થ આવડે છે કાંઈ? એ તો જ્યાં પરમાત્મા પોતાના પૂર્ણાનંદનો, સહજાનંદનો આલહાદ સ્વતંત્ર સ્વભાવને આશ્રયે જ્યાં અનુભવી રહ્યા છે, એ સ્થાનમાં બીજા અનંતા પરમાત્મા સિદ્ધ સ્વભાવે બિરાજમાન છે. પણ એક સત્તા બીજી સત્તારૂપે થાય એમ કોઈ દિ' બનતું નથી.

એથી આચાર્ય કહે, પ્રભુ! આપ સર્વાર્થસિદ્ધમાંથી આવ્યા ત્યારે પ્રભુ! '**આપ મરુદેવીમાતાના ગર્ભમાં સ્થિત થયા.**' જ્યાં સુધી રાગ હતો અને રાગને લઈને ભલે તીર્થંકરગોત્ર બંધાણું પણ માતાના પેટમાં પોતાની યોગ્યતાથી આવ્યા છે. કર્મને લઈને નહિ. સમજાય છે? કર્મ તો નિમિત્તમાત્ર (છે). એમ નહિ. માતાના પેટમાં, તે માતા તેના જ પેટમાં રહેવાની એની યોગ્યતા (હતી). ઈન્દ્રો આવીને પેટ સાફ કરે. જેમ મોટા રાજા આવતા હોય ત્યારે આંગણા ને મહેલ ને બધું સાફ કરે છે કે નહિ? સાફ કરે કે નહિ? હરિજન પાસે સાફ સાફ કરો, બધું સાફ કરો. મહારાજ આવવાના છે, ફલાણાં આવવાના છે. એમ ત્રણ લોકના નાથ આત્માની શુદ્ધ પદવીનું તો ભાન થયું, પણ તીર્થંકરપણાના પ્રકૃતિના પરમાણુ બંધનમાં (હતા), પોતાની યોગ્યતા એ પ્રકારની હતી, એને કારણે જ્યારે અહીંયાં માતાના પેટમાં આવવા પહેલાં ઈન્દ્રોએ ભગવાનની માતાનું પેટ સાફ કર્યું. રત્નના પટારા જેવું, એમાં ભગવાન આવીને સ્થિત થયા. '**તેથી મરૂદેવી માતાના ચરણ ઈન્દ્રાણી અને દેવો દ્વારા નમસ્કૃત થયા.**' લ્યો! આ તો સમકિતી છે માતા. સમજાય છે? એને ઈન્દ્રો આવીને નમસ્કાર કરે. વજુભાઈ! ક્યે ગુણસ્થાને છે? સમકિતી છે. પણ..

મુમુક્ષુ :- ભગવાન...?

ઉત્તર :- ભગવાન પણ સમકિતી છે. આ તો હજી એની માતાને વંદન કરે છે એમ મારે તો અહીં કહેવું છે.

'**મરૂદેવીના ચરણ ઈન્દ્રાણી અને દેવો દ્વારા નમસ્કૃત થયા.**' અહો..! માતા! કહે છે ને કે સ્ત્રી નરકની ખાણ છે. નરકની ખાણ એ નથી. તારા પરિણામ ઊંધા તું કર તો તારો ભાવ નરકની ખાણ છે. સ્ત્રી તો અહીં કહે છે કે જેના ગર્ભમાં ત્રણ લોકના નાથ પરમાત્મદશા તે ભવે, તે દેહે, એ પરમાણુ છેલ્લા છે હવે સંયોગમાં, એ પરમાણુનો વિયોગ થઈ, અભાવ થઈને પરમાત્મદશા એ ભવમાં પ્રગટશે એવા ચરમદેહ જે તીર્થંકર માતાના પેટમાં આવ્યા. ઈન્દ્રાણી અને દેવો એમના ચરણને નમસ્કાર કરે. કહો, સમજાણું કાંઈ? શેનો પ્રતાપ છે? એ પવિત્રતા પ્રભુની પ્રગટેલી છે. એ તો નિમિત્તમાત્ર છે. એની માતાની પણ એવી યોગ્યતા છે. માતાની એવી (યોગ્યતા). બે છીપનું મોતી, એ પૂર્ણાનંદ જેને એ ભવમાં થવો

હોય એના માતા-પિતા પણ મોક્ષગામી જ હોય. ભલે માતા એકાદ ભવ કરે પણ એને અનંત ભવ હોય તો કે એ માતાનો જીવ અભવિ હોય, એમ ત્રણ કાળ ત્રણ લોકમાં બનતું નથી. એ ભગવાનને લઈને હોય એમ નહિ. ઓહોહો..! ધન્નાલાલજી! ભગવાનના પેટમાં આવે છે તો એ કારણે માતા એકાવતારી છે કે નહિ?

મુમુક્ષુ :- અપને-અપને કારણ સે હૈ.

ઉત્તર :- પોતાને કારણેક છે? એ કહે છે. એ નિમિત્ત-નિમિત્ત સંબંધ બતાવી એનો આત્મા જ એવો કોઈ તૈયાર થયેલો માતા સ્ત્રીનો હોય તો એના ગર્ભમાં તીર્થંકર આવ્યા અને તેના ચરણની ઈન્દ્રાણીઓ અને દેવો આવીને જેને નમસ્કૃત કરે. નમસ્કાર હો! રત્નકૂખ ધારિણી. રત્નનને કૂખમાં રાખનારી માતા! અમારો તને નમસ્કાર! ત્રણ લોકના નાથ ચૈતન્યમૂર્તિ, ક્ષાયિક સમકિત આદિ ઋદ્ધિના ધરનાર, એને તો અમે નમસ્કાર કરીએ પણ તારા પેટમાં આવ્યા માટે તને પણ નમસ્કાર કરીએ છીએ. એવી એની માતાની પણ યોગ્યતા છે. કહો, સમજાણું કાંઈ?

**'તેથી તે મરૂદેવી માતાના ચરણ ઈન્દ્રાણી દેવો દ્વારા નમસ્કૃત થયા અને જેટલી પુત્રવતી સ્ત્રીઓ હતી તે બધામાં મરૂદેવીનું સ્થાન (પદ) સૌથી પ્રથમ હતું.'** એની ઉત્કૃષ્ટતા બતાવી. માતા! ધન્ય છે! ધન્ય માતાઓ જગતમાં છે. એ શ્લોક નીચે લખ્યો છે. ભક્તામરમાં આવે છે ને. બોલો શ્લોક. છે? એમાં નથી? આમાં કેમ છે વધારે?

**स्त्रीणां शतानि शतशो जनयन्ति पुत्रा-**
**न्नान्या सतुं त्वदुपमें जननी प्रसूता।**
**सर्वा दिशो दधति भानि सहस्त्ररश्मिं**
**प्राच्येव दिग्जनयति स्कुरदंशुजालम्।।२२।।**

આ લખ્યું ક્યાંથી? હરિભાઈ! ઉપરથી? એમાં (-ભક્તામરમાં) આવ્યું, ઠીક! શું કહે છે? દિશાઓ તો ઘણી છે જગતમાં. પણ સૂર્યનો જન્મ તો પૂર્વ દિશા આપે.

**स्त्रीणां शतानि शतशो जनयन्ति पुत्रा-**
**न्नान्या सतुं त्वदुपमें जननी प्रसूता।**
**सर्वा दिशो दधति भानि सहस्त्ररश्मिं**

બધી દિશાઓને દિશા કહેવાય છે પણ હજાર સૂર્યકિરણ જે ખીલે એ તો પૂર્વ દિશામાં જ હોય. એ પૂર્વ દિશામાં હોય, બીજી દિશામાં હોય નહિ. એમ હજારો સ્ત્રીઓ પુત્રને જન્મે છે પણ માતા તેં પુત્રને જન્મ આપ્યો એ તું એક જ હો. કેવળચંદભાઈ! શું આ વાત કરે છે?

જુઓને! ઈન્દ્રો એકાવતારી, એકભવતારી. ઈન્દ્ર શક્રેન્દ્ર છે, એની ઈન્દ્રાણી છે (બન્ને) એક ભવે મોક્ષ જનારા. નિશ્ચયથી સર્વજ્ઞે કહેલું. પતિ-પત્નિ બેય. ઈન્દ્રાણી તો આવી ત્યારે

તો મિથ્યાત્વ લઈને આવી હતી. કારણ કે સ્ત્રીમાં સમકિતી ઉત્પન્ન ન થાય. અને શક્રેન્દ્ર જે પોતે (છે) એ તો આત્મભાન લઈને અવતર્યા હતા અને સ્ત્રીનો દેહ ધારણ થાય એ તો મિથ્યાત્વ હોય તો જ થાય. છતાં એ ઇન્દ્રાણીની એવી યોગ્યતા હોય કે ભગવાન આદિ પાસે જઈને સમ્યગ્દર્શન પામે અને એને એક જ ભવ આ દેહનો અને છેલ્લો મનુષ્યનો (હોય). બેય એકભવતારી થઈને મોક્ષગામી હોય. સમજાય છે કાંઈ? આ જુઓ નિમિત્ત-નિમિત્ત સંબંધે માતા અને પિતા પણ આવા હોય છે. એ ભગવાનને કારણે નહિ. શું હશે આમાં? નેમિદાસભાઈ! ભગવાનને કારણે .. આવી કે નહિ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ના ના. એમાં બીજું લખ્યું છે.

કહે છે કે એ માતા પણ એવી આત્માની જાતવાળી હોય કે જેને અલ્પ ભવમાં પૂર્ણ મુક્તિ, પૂર્ણાનંદની સિદ્ધ સમાન એની દશા થવાની હોય અને પિતાની પણ સિદ્ધની દશા થવાની હોય. એવા જ માતા-પિતાના છીપમાં એ તીર્થંકરનો જીવ મોતી રૂપે પાકે. બીજે એ હોઈ શકે નહિ. એવો જ કોઈ સહજ નિમિત્ત-નિમિત્ત સંબંધ બની રહે છે. માણસને એમાંથી (એમ લાગે કે) આનાથી આ થયું, આનાથી આ થયું એ વાત અંદરથી ખસતી નથી. જુઓને! હાથ-પગ બધા છે. એ હાથ-પગ અહીં છે અને બીજાને નથી. એ નથી એને ઇચ્છા થાય કે આને આમ કરું. પણ કાંઈ છે નહિ માટે થતું નથી. અને અહીં ઇચ્છા થાય માટે હાથ આદિ હલે એમ છે નહિ. એ નિમિત્ત-નિમિત્ત સંબંધની વ્યાખ્યામાં એમ કહેવાય કે આ ભગવાનને કારણે માતા-પિતા (થયા). આવા અમૃતચંદ્રાચાર્યને કારણે આવી ટીકા થઈ અને કુંદકુંદાચાર્યને કારણે આવા શાસ્ત્રો લખાણા.

અમૃતચંદ્રાચાર્ય કહે છે, ભાઈ! આ જગતના જે પદાર્થો છે આત્મા, પરમાણુ, છએ દ્રવ્યો એ જ્ઞેય થવાને લાયક છે. પણ આ ભાષા તેને જ્ઞેય તરીકે સમજુતી આપે એવી ભાષામાં તાકાત નથી. અને અમે આ વ્યાખ્યા કરનારા છીએ, છ દ્રવ્ય જગતની ચીજો તે પ્રમેય થવાને લાયક એને કારણે પરિણમી રહ્યા છે. ભાષાના પુદ્ગલો ભાષાને કારણે થઈ રહ્યા છે અને અમે વ્યાખ્યા અને અમે વ્યાખ્યાતા, કહેનારા, ભાષા વ્યાખ્યા અને જગતના પદાર્થો વ્યાખ્યેય કરવા યોગ્ય એમ માનીશ નહિ. 'પ્રવચનસાર'માં ભાઈ! છેલ્લા શ્લોકમાં કહ્યું છે ને? છેલ્લા. ન માનીશ, હોં! અમે તો આત્મા છીએ. એ નિમિત્ત નિમિત્ત સંબંધે ઓળખાવવું જુદી વાત છે પણ નિમિત્ત સંબંધમાં ઘોડો થઈ જઈશ નહિ કે અમે ટીકા કરી. એની પાછી ટીકા કરી, લ્યો, આ લખ્યું. જુઓ! એના નિમિત્તથી લખાણું માટે એનો ઉપકાર માનવો જોઈએ. એમાં લખ્યું છે. 'સમયસાર'માં પાછળ પંડિત 'જયચંદ્રજી'એ લખ્યું છે. આવ્યા. વાત ત્યાં થઈ ત્યાં આવ્યા પાછા ઓરડીએ. લ્યો, આમાં તો આમ કહ્યું છે. શું કહ્યું છે આમાં? પહેલું સાંભળ્યું નહિ? શબ્દોની રચનાની પરિણમન વ્યાખ્યા તે ભાષાની પર્યાય છે. વ્યાખ્યેય

પદાર્થો તે તેને કાળે જ્ઞેયપણે પરિણમી રહ્યા છે. વ્યાખ્યાતા હું એનો છું એ ત્રણ કાળમાં માનશો નહિ. ઓહોહો..! ચંદુભાઈ!

ત્યાં તો એમ કહ્યું છે કે મોહમાં હે જન ન નાચો. એવો મોહ મિથ્યા ભ્રમ કરી અને અમે વ્યાખ્યા કરનારા અને વ્યાખ્યા ભાષાની અને જણાવાયોગ્ય પદાર્થ ભાષા દ્વારા (જણાણા). ના. એ તો જ્ઞાનમાં પોતાના જ્ઞાનને કારણે જ્ઞેયો ભાસે છે. ભાષાને કારણે, પરને કારણે અને ભાષાનું પરિણમન સ્વતંત્ર થાય તો એના કર્તા-હર્તા અમે નથી. ધન્નાલાલજી! શું છે? વ્યવહારનો લોપ થઈ જાય છે. એનું નામ જ વ્યવહાર યથાર્થ જ્ઞાનમાં આવે છે. છે. સર્વજ્ઞની વાણી એ તો વિકલ્પ છે નહિ. વાણીના કર્તા ભગવાન છે જ નહિ. અને ભગવાને દુનિયાને વાણી દ્વારા સમજાવ્યું અને વાણી દ્વારા બીજા જગતને-જ્ઞેયને સમજે એ વસ્તુનું સ્વરૂપ એમ નથી. એ તો નિમિત્ત-નિમિત્ત સંબંધથી કથન (છે).

અહીં પણ એ કહે છે. હે ભગવાન! આપ માતાના ગર્ભમાં આવ્યા. માતા પૂજનિક થઈ ગઈ. દેવો અને ઇન્દ્રાણીઓએ એની પૂજા કરી અને જેટલી પુત્રવતી સ્ત્રીઓ હતી એ બધાયમાં મરૂદેવી ઉત્કૃષ્ટ સમજવામાં આવી. એક પૂર્વ દિશાને શોભા મળી. એણે સૂર્યને જન્મ આપ્યો. દિશાઓ તો દશે છે. ઊર્ધ્વ, અધો, .. પશ્ચિમ આદિ. ઉત્તર દિશા, દક્ષિણ દિશા પણ એ પૂર્વમાં જ એ દિશાની શોભા છે. એમ ઘણી સ્ત્રીઓ પુત્રને જન્મ આપે. માતા! તેં જે તીર્થંકરને જન્મ આપ્યો તેથી તારી શોભા એને લઈને છે. એ નિમિત્તના કથન (છે). એ તો શોભા એટલી લઈને આવ્યા છે. નેમિચંદજી! સમજાણું કાંઈ? આ સમજવાની વાત છે. કો'ક કહે છે કે દિલ્હીમાં બહુ ગડબડ છે. બહુ ગડબડ છે. શું કરીએ? સમજે પોતાથી, બીજું શું કરે? કોઈની ગડબડી કોઈ કાઢી શકતું નથી.

અહીં કહે છે, એ પૂર્વ દિશાની શોભા સૂર્યને લઈને (છે). એમ હે નાથ! હે દેવી! માતા! તારી શોભા આ પ્રભુ આવ્યા ને પધાર્યા ને, તેથી છે. ઓહો..! એ તો નિમિત્ત-નિમિત્તની (વાત છે). પ્રભુને કારણે એની શોભા અને આ શોભા અહીં છે માટે ભગવાનને આવવું પડ્યું. એમ હશે કે નહિ? ચંદુભાઈ! આની શોભા થવાની હશે માતાની એટલે ભગવાનને આવવું પડ્યું. વજુભાઈ! શું કીધું? એ તો નિમિત્ત-નિમિત્ત સંબંધથી ભક્તિમાં શુભરાગ આવ્યો છે ને. એમાં નિમિત્ત છે ભગવાન. નૈમિત્તિક પોતાની થયેલી વિકારી શુભરાગની પર્યાય (છે). અંતર સ્વભાવમાં સમીપતા વર્તતા છતાં ભગવાનની ભક્તિ કરે છે, હે નાથ! ઘણાં જન્મે, હોં! આમેય દુનિયામાં નથી કહેતા?

જનની જણતો ભક્ત જણ અને કાં દાતા કાં શૂર
નહિતર રહેજે વાંજણી પણ મત ગુમાવીશ નુર.

કહેવાય છે ને? ઓલામાં આવે છે આ બધા (બોલે). જનની જણે કોણ? એ તો નિમિત્ત-નિમિત્ત સંબંધથી કથન છે. હે માતા! જનની જણ તો ભક્ત જણ. આત્માના સ્વભાવની

ભક્તિ કરનાર એવા આત્માને જન્મજે. અને કાં દાતા. દાતા.. દાતા... દાતા... ઉદારપણે કરીને બીજાને જગતને દાનાદિ આપે અને પોતાના સ્વભાવનું પોતાને દાન આપે. કાં દાતા કાં કા શુર. શુરવીર. વીરને પકવજે. નહિતર રહેજે વાંજણી. આ શરીરના નૂર ગુમાવીશ નહિ. ઈશ્વરચંદજી! ત્યાં કોઈને લઈને કોઈનું નૂર ઘટતું હશે? અને કોઈને લઈને પૃથ્વી માટે એને લઈને એની શોભા હશે? ભક્તજનો ભગવાન જ્યાં જન્મ્યા એ માતાને પણ ધન્ય કહે છે.

'**સંસારમાં ઘણી સ્ત્રીઓ પુત્રને ઉત્પન્ન કરનારી છે. એમાંથી મરૂદેવીને ચરણે ઈન્દ્રાણી તથા દેવોએ કેમ નમસ્કાર કર્યો? અને તેના જ ચરણોની કેમ સેવા કરી? એનું કારણ માત્ર આ જ છે કે હે પ્રભુ! મરૂદેવી માતાના ગર્ભમાં આપ આવીને બિરાજમાન થયા હતા તેથી તેની એટલી પ્રતિષ્ઠા થઈ. અને પુત્રને જન્મ દેનારી જેટલી સ્ત્રીઓ હતી તથા છે તે બધાયમાં તેને ઉત્તમ સમજવામાં આવી.**' ધન્ય માતા! એ ઓલા ધર્મની ધન્યને લઈને આ તો બધી (વાતો કરી છે). ધન્ય.. ધન્ય માતા! આહાહા..! જગતમાં પુત્રનો જન્મ આપે, પણ તેં જે પુત્રને જન્મ આપ્યો આ કારણે તને પણ અમે નમસ્કાર કરીએ છીએ.

નવમી.

**अंकत्थे तइ दिट्ठे जंतेण सुरायलं सुरिंदेण।**
**अणिमेसत्तबहुत्तं सयलं णयणाण पडिवण्णं।।९।।**

'**ભગવાનના દર્શનથી ઈન્દ્રના હજાર નેત્રો સફળ થયાં.**' જુઓ! હવે નેત્રો આવ્યા. સમજાય છે? ત્યાં કહ્યું હતું, પછી અહીં મરુ દેવી આવ્યા. પછી આવ્યા હવે નેત્રો. આહાહા..! જન્મ પછી. પ્રભુ આમ જન્મ્યાને ત્યાંથી ઉપાડીને મૂકી છે વાત, ઠેઠથી. સર્વાર્થસિદ્ધમાંથી લઈને આવ્યા છે. પ્રભુ! આપ જ્યારે જન્મ્યાને અને ઈન્દ્રોએ આમ હાથમાં લીધાને. ઈન્દ્રાણી લઈને આમ આપે. અને આમ હજાર નેત્રથી આપને જોયા. પ્રભુ! એના નેત્ર સફળ. એના હજાર નેત્રો કરેલા સફળ.

'**હે જિનેન્દ્ર! જે વખતે આપને લઈને ઈન્દ્ર મેરુ પર્વત તરફ ચાલ્યા અને આપને ગોદમાં બેઠેલા તેણે દેખ્યા તે વખતે તેના નેત્રોનું અનિમેષપણું (ચમચમકાર રહિતપણું)...**' આમ ચમકે ને. એની આંખ .. કહે છે ને. સમજાણું કાંઈ? અહીં કહે છે કે હે નાથ! ટમકાર રહિતપણું એટલે દેવોના નેત્રો મિંચાતા નથી. આમ (જોવે છે). પણ પ્રભુ એના નેત્રો મિચાતા નથી એની સફળતા ક્યારે થઈ? આપના રૂપને જ્યારે આમ જોયું... ઓહોહો..! ત્યારે એના નેત્રની સફળતા. સમજાણું કાંઈ? એમ આત્માના જ્ઞાનરૂપી નેત્રો એને હે નાથ! આ આત્મા સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ છે, એ નજરું પડતા આત્મા નજરમાં નિધાન જોયો અને પ્રતીતમાં આવ્યો ત્યારે તેના જ્ઞાનનેત્રો સફળ થયા. એ .. નેત્રો ત્યારે સફળ કહેવાય છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ એમ છે જરી. ચંદુભાઈ! કહો, સમજાણું કાંઈ?

એ નિશ્ચય ભક્તિ સહિતની વ્યવહારભક્તિનું વર્ણન કરે છે. નેત્ર આ આંખ શું? ઇન્દ્રિયો શું? ખંડ ખંડ ઇન્દ્રિય એ જ્ઞાનની વિકાસ શક્તિ જે નેત્રને સ્થાને ગણવામાં આવે એની સફળતા ક્યારે ગણાય? એ જ્ઞાનની દશા દ્વારા ભગવાન ચૈતન્ય જે નિર્મળ નિધાન પરમાત્મસ્વરૂપ છે, એની નજરે પડતાં શ્રદ્ધા-જ્ઞાન થતાં તે જ્ઞાનના નેત્રની સફળતા કહેવાય છે. નહિતર ભણ્યા-ગણ્યાની કાંઈ સફળતા નથી. કહો, સમજાણું કે નહિ આમાં? નરભેરામભાઈ! વકિલાત-બકિલાતનું કાંઈ ન મળે, કહે છે. ધૂળધાણી. છોકરા માટે મજૂરી કરી કરીને મરી જવાય.

મુમુક્ષુ :- છોકરા માટે કોણ કરે છે?

ઉત્તર :- નથી કરતા? પોતાના .. માટે કરે છે. અહીં આવ્યો હતો ને ઓલો તમારો? નટુને ઘણું કહ્યું હતું, હોં!

**'આપને ગોદમાં બેઠેલા તેણે દેખ્યા. પ્રભુ એના નેત્ર સફળ છે.'** એનો શુભભાવ ભક્તિનો ઉછળ્યો એ વ્યવહારે સફળ અને અંતરમાં જ્ઞાનની પર્યાયના નેત્ર દ્વારા ચૈતન્યપ્રકાશ પુંજ જ્ઞાયક સમસ્વભાવી ચૈતન્યસૂર્ય છે એવા સૂર્યને આત્માની જ્ઞાનની પર્યાયે જાણતાં એ જ્ઞાન થોડું હોય તોપણ સફળ છે. નવ પૂર્વ ને અગિયાર અંગનું જ્ઞાન ન હો પણ અલ્પ જ્ઞાન પણ પોતાના સ્વભાવને જો જાણે, માને ને ઓળખે તો તે અલ્પ જ્ઞાન પણ હજાર નેત્રના જેવા સફળ છે. એ સિવાય અગિયાર અંગ અને નવ પૂર્વ ભણે તોપણ સફળ નથી. આમ દેવોને ઓલું ન હોય. સમજ્યાને? પલક-પલક. પલક ન મારે પણ કહે છે પલક ન મારવાની કિંમત નહિ. પલક ન મારવાની કિંમત તો તમને જોયા તેથી થઈ. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

જ્યાં જ્યાં ભગવાન સર્વજ્ઞ પરમાત્મા અથવા સર્વજ્ઞ જ્ઞ સ્વભાવી આત્મા, એને જોવો, જાણવો અને માનવો એની જ આ જગતની અંદર શોભા છે. આ દુકાનને બહુ ભાળે અને જોવે અને આ મકાન ને.. ઇન્દ્રો ત્યાં ક્યાં હતા? પણ ઇન્દ્રિયોનો એમાં ઉપયોગ કરે, વકિલાતમાં, કોર્ટમાં, ફલાણું એ બધું સફળપણું કહેવાય કે નહિ?

મુમુક્ષુ :- કામ તો આવે છે.

ઉત્તર :- શું આવે છે?

મુમુક્ષુ :- ભવ માટે સફળપણું.

ઉત્તર :- ભવ માટે સફળ એ તો કીધું છે 'પ્રવચનસાર'માં. સફળ તારી ક્રિયા, બાપા! શી રીતે? કે જે કાંઈ દુનિયાના ઇન્દ્રિયજ્ઞાનમાં અને ઇન્દ્રિય તરફના જુકાવમાં જે તને પુણ્ય ને પાપ, દયા, દાન, વિકલ્પ આદિ ઉઠ્યો (એ) સફળ છે ભાઈ તારો. એટલે? એટલે અનાદિ કાળથી ભવનું ફળપણું જે પાકતું આવે છે એ જ ભવ પાકશે તને. ચંદુભાઈ! 'પ્રવચનસાર'માં

કહ્યું છે. સફળ-સફળ છે તારું. અને ધર્માત્માની ક્રિયા અફળ છે. કેમકે ધર્માત્મા પોતાના જ્ઞાનનેત્ર અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર દ્વારા આત્મામાં શ્રદ્ધા-જ્ઞાનને ઠરે છે (તેથી) એનું અફળ છે. અનાદિનું ભવફળ ફળે છે એ ફળશે નહિ. એ ભવ નહિ ફળે. એને પરમાત્મપદ ફળશે. એ ફળ્યું ન કહેવાય. ભવ ફળે એને સફળ કહેવાય. અનાદિનું ફળ્યું એ ફળ્યું કહેવાય. કહો, સમજાણું આમાં કાંઈ?

**'હે પ્રભુ! ઈન્દ્રોના નેત્રોનું પલભર પલકારરહિતપણું અને તથા અધિકપણું...'** એ ઘણી આંખ છે ને. **'આપને દેખવાથી સફળ થયું. જો તે આપના સ્વરૂપને ન દેખત તો તેના નેત્રનું પલકરહિતપણું તેમજ એ હજાર નેત્રનું ધારણ કરવું એ સર્વથા નિષ્ફળ જ છે.'** નિષ્ફળ જ ગણાત. આહાહા..! ભગવાન! તારા દર્શન થયા ને. સફળ (થયા). .. જિનવર પરમાત્મા દીઠ્યા ત્યારે કહેવાય કે એને જ્ઞાતા-દ્રષ્ટાની દૃષ્ટિ થઈને દેખે ત્યારે ભગવાનને એણે દેખ્યા કહેવાય. ઓહો..! સમજાય છે કાંઈ? આ ભક્તિ પણ કેવી હોય એનું અહીં વર્ણન ચાલે છે. સવારમાં તો નિશ્ચયની વસ્તુ, દૃષ્ટિનો વિષય, શક્તિનું સામર્થ્ય વર્ણન, એની સાથે અહીંયાં શુભરાગ કેવો હોય ભક્તિવાળાનો એનું વર્ણન કર્યું છે. નિશ્ચય તો સાથે પડ્યો જ છે. નિશ્ચય જો દૃષ્ટિ ને યથાર્થ ભાન ન હોય તો આવી ભક્તિને ગણવામાં આવતી નથી. એને વ્યવહાર પણ કહેવામાં નથી આવતો. કહો, સમજાણું?

**'આ કથન દ્વારા એમ કહ્યું હે જિનેન્દ્ર! આપના સમાન રૂપવાન આ જગતમાં બીજો કઈ પણ મનુષ્ય નથી.'** ઓહો..! એના પુણ્ય શું કહેવું! અનંત કાળમાં જે આત્માની શુદ્ધ સત્તા અને શુદ્ધ ચૈતન્યમૂર્તિના ભાન વિનાના જે પુણ્ય બંધાણા એ કાંઈ અપૂર્વ નહોતું. આ તો પુણ્ય પણ અપૂર્વ. સમજાણું કાંઈ? 'શ્રીમદ્'માં એક પત્રમાં આવે છે. પૂર્વે આવો દેહ ન ધર્યો હોય તો હવે પછી બીજો અપૂર્વ દેહ ધરશું. અપૂર્વ એટલે એ પરમાણુની જાત જ બીજી આવશે. ઓહો..! કેમકે અનંત કાળમાં જે ચૈતન્યના પ્રકાશની સત્‌ની પ્રતીત વિના પુણ્યના પરમાણુ બંધાયેલા એના નિમિત્ત રૂપે જે પરમાણુનો સંયોગ દેહનો આવે અને ચૈતન્યના સ્વભાવની ભૂમિકામાં જે પુણ્યના પરિણામ થાય અને એમાં પરમાણુ જે આવે એ જાત જ બીજી હોય. ઓહો..! સમજાય છે કાંઈ? આ તો સમજાય એવું છે, હોં! કુંવરજીભાઈ! જરી બપોરે તો સમજાય (એવું છે). ઝીણું સવારમાં (આવે છે). પણ મહેનત કરવી નહિ અને માથાકૂટ કરવી. ઘાણીના બળદની જેમ સવારથી સાંજ હાલી હાલીને હાલ્યો. જ્યાં પાટો ખોલ્યો ત્યાં એ ઘાણી અને એ ઘાંચી. એમ જિંદગીમાં.. કો'કે લખ્યું છે ને? રળવું નહિ ને.. ક્યાં આવ્યો હતો શબ્દ? ક્યાંક શબ્દ આવ્યો હતો. ... રળવું. એમ કાંઈક આવ્યું હતું. વાડીભાઈના પત્રમાં જ ક્યાંક આવ્યું હતું. એ તમે ખરું રળો છો. નહિ? એમ કાંઈક આવ્યું હતું. શાંતિભાઈ વાંચે છે. શાંતિભાઈ છે કે નહિ? એય..! શાંતિભાઈ! રખડતા ગયા, જુઓ! ટાણે ન હોય ઈ. વજુભાઈ તો બહુ એને કહે. ટાણે ન હોય. શું આજે કાંઈક કહેતા

હતાને વજુભાઈ, નહિ?

મુમુક્ષુ :- બધા સ્વાર્થ તો સાંભળવાનો કરે છે, નિઃસ્વાર્થ..

ઉત્તર :- વજુભાઈ ... મહારાજ આ બધું વાંચશે. આપણે સાંભળશું. પણ સાંભળવા તમે ક્યાં નવરા બેસો છો. તમારે તો એટલી નવરાશ નથી. જગતના પ્રાણીને સત્ સાંભળવું એની નવરાશ નથી. સત્ય વસ્તુ કોણ છે સત્ય ધારા ચૈતન્ય સમજવાની કે સમજાવવાની શું છે? એ વખત મળે નહિ, ઓલો વખત ઘાણીના ઘાંચી જેવો મળે. આખો દિ ને રાત. રળવું... રળવું.. ને રળવું. રળવું. એક પાઈની કમાણી ન મળે એમાં. અને નવરો (થાય નહિ). પ્રભુ! જરી નિવૃત્ત તો થા... નિવૃત્ત તો થા.

અહીં તો કહે છે કે એ જ્ઞાનને પામ્યાની સફળતા (ત્યારે કહેવાય કે) આત્માની અંદરની દૃષ્ટિ થાય અને ભગવાનને ભાળે અને વ્યવહારમાં ભગવાનને જોવે તો એનું સફળપણું (છે), બીજી રીતે સફળપણું નથી. આત્મા સમાન રૂપવાન નથી. એટલે? પુણ્યનું રૂપપણું પણ બીજી જાતનું હોય છે. એ જીવને શરીર, રૂપ, આબરૂ અનંત કાળમાં નહોતી મળી એવા શુભ પરિણામ સત્તાની ભૂમિકાના ભાનની સત્તામાં થયા એવા પરિણામની જાત પણ પૂર્વે નહોતી થઈ અને એના બંધ રૂપે પરમાણુ બંધાય એવા પણ કોઈ દિ' નહોતા અને ફળરૂપે પરમાણુ આવે એવા પણ સંયોગરૂપે કોઈ દિ' આવ્યા નથી. સમજાય છે કાંઈ આમાં? ઈશ્વરચંદજી!

આમેય કહ્યું છે ભગવાનને. પ્રભુ! આ જેટલા શાંતરસના પરમાણુ જગતમાં હતા એ આપના શરીરમાં આવ્યા. હવે એકેય બાકી રહ્યો નથી. આપની શાંતિ ઉપશમરસ અવિકારી સ્વભાવ આપને પૂર્ણ પ્રગટ્યો. એના જે આ ડાબલા-શરીર. મોટો હીરો પાંચ કરોડનો હોય એને મૂકવાનું ઠામ એટલે ડાબલી પણ જુદી જાતની હોય. એમ ભગવાન ચૈતન્ય રત્ન જેમાં-દેહમાં સર્વજ્ઞપદને પામવાના છે અને તે પણ તીર્થંકર પાછા... સમજાય છે? એ શરીરનો ડાબલો પણ જુદી જાતનો. એનું રૂપ ઈન્દ્રો હજાર આંખથી દેખે તો તૃપ્તિ ન થાય. એમ પ્રભુ તારું ચૈતન્યરૂપ એ જ્ઞાનથી વારંવાર જો તોપણ તૃપ્તિ થશે નહિ. સ્થિર... સ્થિર... સ્થિર થઈને પૂર્ણ ક્યારે પ્રાપ્ત કરું? પૂર્ણ ક્યારે પ્રાપ્ત કરું? એવા ચૈતન્ય નિધાન, એને શ્રદ્ધા જ્ઞાનથી જો તો તારા ચૈતન્યના ચમત્કારની અનંતતા એનો પાર ન આવે છતાં શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતામાં એ આવી જાય છે. કહો, સમજાણું કાંઈ?

ગોદમાં એ વાત શું કરે છે? અહીંથી લઈ જતા ગોદની વાત છે, હોં! ભગવાનને જ્યારે અહીંથી લઈ જાય છે ને ત્યારે ઈન્દ્રના ગોદમાં બેસાડે છે. અને જ્યારે પાંડુક શિલા ઉપર પધરાવે છે ત્યારે તો ભગવાનને આમ સીધા બેસાડે છે. પાંડુક શિલા ઉપર સીધા બેસાડે છે. શિલા ઉપર બેસાડે છે. ન્યાં પણ લખ્યું છે ... શક્રેન્દ્ર ગોદમાં બેસાડે છે. આ કોઈ સિદ્ધ ભગવાન અને જાણે અહીં... શરીર તો ન હોય સિદ્ધને, પણ આ શરીર જ કોઈ જુદી જાતનું.

સર્વોત્કૃષ્ટ પરમાણુની પર્યાય સર્વોત્કૃષ્ટ તીર્થંકર ગોત્રનો ભાવ થયેલો એ પુણ્યનું શું કહેવું! અચિંત્ય જેના પુણ્ય છે. પ્રભુ! આપના રૂપને દેખ્યા ત્યારે ઇન્દ્રના નેત્ર સફળ થયા. નહિતર એના નેત્ર સફળ હતા નહિ. એટલે બેય રીતે એની .. છે. કહો, નરભેરામભાઈ! સમજાય છે આમાં? આમ છોકરાને જોવે એમ નહિ. આ છોકરો સારો છે અને આ છે ને આ.. ઓહોહો..! .. પાક્યો છે ને. હવે પાક્યા. ધૂળ પાકી છે ત્યાં. એય..! પ્રેમચંદભાઈ!

દસમી.

**तित्थत्तणमावण्णो मेरू तुह जम्मण्हाणजलजोए।**
**तं तस्स सूरपमुहा पयाहिणं जिण कुणंति सया।।१०।।**

સર્વાર્થસિદ્ધમાં પહેલા લીધા નજરમાં. પછી મરૂદેવી માતા નાભિરાજાના ઘરે જન્મ્યા એટલે પૃથ્વીને વસુમતિ કીધી પછી માતાને ધન્ય કહ્યા અને પછી નેત્રને ધન્ય કહ્યા. હવે ભગવાનને મેરુ પર્વત ઉપર લઈ જાય છે એને ઉદ્દેશીને ભક્તિ કહે છે. ઓહોહો..! શું પણ આચાર્ય! જંગલમાં રહીને નિર્લેપ દશા શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્રની પ્રગટી છે. છતાં વિકલ્પ આવ્યો છે ને (તો) આવા ભક્તિના સૂત્રો તાડપત્રો ઉપર લખાઈ ગયા છે. અમે એના કર્તા નહિ અને અમે એના ભોક્તા નહિ. એનું ફળ અમને ન હો. અમારું તો અમારી પાસે છે. એનું ફળ અમને વેદનમાં જ્ઞાન-દર્શન અને ચારિત્રના કર્તાના કાળે જ એનું વેદન અમને ભોક્તાપણું છે. એના ફળને ભવિષ્યમાં ભોગવશું એવું છે નહિ.

હે પ્રભુ! '**હે જિનેશ્વર! મેરુ પર્વત ઉપર જ્યારે આપનો જન્માભિષેક થયો...**' જન્મ અભિષેક. હજારો ઘડા ભગવાનને આમ... ઇન્દ્રો હોં! એકાવતારી આમ. બરાબર આમ કડ બાંધી અને ઊભા હોય. ફક્ત ફક્ત આમ રોમ રોમમાં એને ભક્તિ ઉછળી છે ભગવાન પ્રત્યેની. આત્મામાં પણ આનંદના પ્રહલાદ શ્રદ્ધા જ્ઞાન થતાં પ્રદેશે પ્રદેશે પ્રહલાદ આત્માને થઈ જાય. એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મ કહેવામાં આવે છે. આહાહા...! સમજાણું કાંઈ? અસંખ્ય પ્રદેશી ધામ પ્રભુ, એમાં એકાગ્ર થતાં અંતરની શક્તિની વ્યક્તતાથી અસંખ્ય પ્રદેશો પર્યાયમાં વ્યાપક આનંદને પામે. પ્રસાદપણાને, આહલાદપણાને પામે એમાં કોઈ પ્રદેશ બાકી રહે નહિ. એવો ભગવાન આત્માએ પોતામાં એકાગ્ર થઈને પોતાનો જન્માભિષેક કર્યો. જન્મ નામ સમ્યગ્દર્શન, ચારિત્રને જન્મ આપ્યો એ અવતાર સફળ છે.

અહીં કહે છે કે '**જ્યારે આપનો જન્માભિષેક થયો ત્યારે તે અભિષેકના જળના સંબંધથી મેરુને તીર્થપણું પ્રાપ્ત થયું...**' શું કીધું? ભગવાન એ મેરુ તીર્થ થઈ ગયું. ધર્માત્મા સર્વજ્ઞ આદિ, મુનિઓ આદિ જ્યાં બિરાજમાન હોય એ ક્ષેત્રને તીર્થ કહે છે. નિમિત્ત તરીકે તીર્થ કહે છે. તીર્થ તો તરવાનો ઉપાય અંદર પ્રગટ્યો એટલે પોતે તીર્થ છે. ભગવાન તો એના નિમિત્તપણે કહેનારા છે. પણ જે ક્ષેત્રે ધર્માત્મા બિરાજે છે એ ક્ષેત્રને પણ તીર્થ કહેવાય છે. ઓહો..! ભગવાન આપને મેરુ પર્વત ઉપર લઈ ગયા. પણ એ તો ચોથે ગુણસ્થાને

હતા, છઠ્ઠે ગુણસ્થાને નહોતા. ત્યાં મેરુ પર્વત તીર્થપણાને પામ્યું? સમજાણું કાંઈ? મુનિ થાશે ત્યારે મેરુ પર્વતે લઈ જાય. પણ કહે છે કે એ ચૈતન્ય રતનની ભાનની દશા પ્રગટી અને આ પૂર્વના મહાપુણ્યને કારણે આ દશા શરીરની (થઈ), એવા શરીરને લઈને ઈન્દ્ર જ્યારે મેરુ પર્વત ઉપર લઈ ગયા, ત્યાં જે જન્માભિષેક થયો ત્યારે તીર્થપણું પ્રાપ્ત થયું મેરુને.

'**તેથી સૂર્ય-ચંદ્ર વગેરે...**' સમજાણું? '**વગેરે સદાય તે મેરુપર્વતની પ્રદક્ષિણા કરે છે.**' લ્યો! ફેરા મારે છે આમ. શું કહે છે? એના લક્ષમાં જ્યાં ભગવાન બિરાજ્યાને તેથી આ મેરુ પર્વત થઈ ગયો તીર્થરૂપ. તેથી આ સૂર્ય-ચંદ્ર છે ને એ ફર્યા જ કરે છે. કુદરતના જે ચંદ્ર, સૂર્ય જ્યોતિષો મેરુને આંટા મારે એ તો અનાદિની રીત છે. કાંઈ નવી નથી. પણ પ્રભુ જ્યારે આપને ત્યાં લઈ ગયા ને, એથી તે મેરુ પર્વતને તીર્થપણાની ઉપમા આપી. એને લઈને જ્યોતિષો ત્યાં (આંટા મારે છે). તીર્થને પ્રદક્ષિણા મારે છે કે નહિ? આ ભગવાનને પ્રદક્ષિણા આપે અંદરમાં. એ બધો વ્યવહાર છે હોં! વ્યવહાર છે. ખુશી ખુશી (થઈને) જોવે. ઓલા પરણે ત્યારે નથી છોકરાને કહેતા? આ ગાતા નથી તમારે વરઘોડા ચડે ત્યારે? ફલાણો પરણે એનો દાદો આમ જોવે અને એનો ભાઈ આમ જોવે. શું કાંઈક કહે છે કે નહિ? એય..! કુંવરજીભાઈ! આની કોર જોવે ને તેની કોર જોવે. એવું કાંઈક ગાય છે. એય..! ચંદુભાઈ! ભાઈનો કાકો...

મુમુક્ષુ :- એને બધી ખબર.

ઉત્તર :- એણે તો બધી .. કરી છે ને. આને નથી ખબર. હમણાં નટુ પરણ્યો છે. ઓલા ગાય, બાયડ્યુ ગાય, નવરી હોય ને તો ગાય સવારમાં ઉઠીને. ભાઈનો કાકો આની કોર જોવે ને ઓલી કોર જોવે. ઓલાને મલાવે. આહાહા..! ધૂળમાંય જોવા આવે. ત્યાં શું મડદા ચામડાના .. છે ઓલા.

ભગવાન ત્રિલોકનાથ ચૈતન્યમૂર્તિ જ્યાં આગળ આવ્યા અને જ્યાં જન્માભિષેક થયો ત્યાં કહે છે કે દેવો ચારે કોર પ્રદક્ષિણા આપે છે. ઓહોહો..! ભગવાન અહીં બેઠા હતા, ભગવાન અહીં બેઠા હતા. બીજામાં નથી આવતું? કે ફલાણા સહજાનંદ મહારાજ અહીં બેઠા હતા, અહીં ખાતા હતા, અહીં ધોતા હતા, આ ઘોડીએ ચડ્યા હતા, એની માથે પાઘડી. આવે છે કે નહિ? કેવળચંદભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા. હા. પાઘડી છે ને. ફલાણું આમ ને ફલાણું આમ.

એ તો એક ચીજ શું છે એ સમજવા જેવી. પણ એને સ્મરણ કરવાના બધા નિમિત્તો (છે). ભગવાન જ જેના સ્મરણમાં વર્તે છે અને ચૈતન્ય સ્વભાવ જ જેની દૃષ્ટિની સમીપમાં વર્તે છે એને તો, મેરુ પર્વત (ઉપર) ભગવાન બિરાજે (છે) માટે આ પણ ભગવાનને કારણે તીર્થપણાને પામ્યો. નહિતર એ પત્થર છે એ તીર્થપણાને પામે નહિ. એ રીતે એમ કરીને

ભગવાનની જ મહિમા ગાઈ છે. કહો, સમજાણું કાંઈ? પ્રદક્ષિણા કરે છે.

**'આચાર્ય ઉત્પ્રેક્ષા અલંકાર કરીને કહે છે.'** છે સત્ય બોલનારા. પણ મહિમા કરે ત્યારે... એટલે દુનિયામાં નથી કહેતા? આ લગન કરે ત્યારે એમ કહે છે કે નહિ? મોતી શું કહે છે? થાળ ભર્યો રે સગ મોતીએ. હરામ એક મોતી હોય તો ઘરે. પણ આ વાઘરી ને કોળી જો પરણેને તો એ ગાય. થાળ ભર્યો રે સગ મોતીએ રે. આમ ગાય છે ને? એવા લડાવે તો લડાવે. ઓલા લેવા જાય ને શું કહેવાય? ઠામડા. કુંભારને ત્યાં.

મુમુક્ષુ :- ચાક વધાવા.

ઉત્તર :- ચાક. પણ એવા ગાય. પણ એલા ખોટું બોલો છો શું, એની એને ખબર નથી. ઓલા દીકરાના પ્રેમ આગળ બીજું સૂઝતું નથી.

એમ જેને ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ એની શ્રદ્ધા-જ્ઞાન થયા અને એવા પૂર્ણપદને પામવાનું શરીર જેને છેલ્લું મળ્યું એવા ભગવાનના ગાણા તે સર્વોત્કૃષ્ટપણે ગાય છે. એ થાળ ભર્યા સાચા એના કહે છે. સવારમાં ઊગ્યો શું કાંઈ કહે છે ને? આ સૂર્ય. સોના સમો સૂર્ય ઊગ્યો. હવે સૂરજ તો છે ઈ છે. પણ પોતાના પ્રીતિના છોકરાના આહલાદમાં છેલ્લું હોય, પહેલું હોય, બાપા! ૬૦ વર્ષે છોકરો આ છેલ્લો છે. લગનમાં જે હોય ઈ, મલાવવાનું આ છે. એની મા ગાઠિયા ખાધા હોય, દાળું ખાય પછી કંઠ બેસી જાય. બીજા કહે, પણ હવે ઓછુ બોલોને. પણ બોલ્યા વિના ચાલે કાંઈ? એ કંઠમાં ફેરફાર થાય તોય રાડુ પાડ્યા કરે. ઘૂમ્યા કરે માંડવા હેઠે અને જ્યાં એના છોકરા.. સમજાય છે? એના મહેમાનો ઉતર્યા હોય ને ઘૂમ્યા ઘૂમ કરે ચારેકોર આમ... આમ.. માય નહિ હરખ. ધૂળમાંય હરખ નથી. પાપનો છે.

અહીં સર્વજ્ઞ પરમાત્માને દેખીને અથવા સર્વજ્ઞ જે દેહમાં થવાના એવા ભગવાનને દેખીને પ્રભુ! આ તારી પ્રદક્ષિણા દેવો કરે છે, હોં! એ તીર્થપણાને પામ્યો આપને લઈને, કહે છે. સમજાણું? **'મેરુ પર્વત ઉપર જ્યાં સુધી આપનું જન્માભિષેક નહોતું ત્યાં સુધી તે મેરુ પર્વત સામાન્ય પર્વતોની સમાન હતો.'** એ નવું નથી, હોં! છે તો અનાદિનું. પણ એને આમ નવી આદિ થઈ છે ને પોતાને. ધર્મની આદિ થઈને પ્રદક્ષિણા દેવા માંડ્યો હવે આત્મા ઉપર. ફરી ફરીને આત્મા, ફરી ફરીને ચૈતન્યમૂર્તિ નિધાન હું શુદ્ધ છું. એવી શ્રદ્ધા અને જ્ઞાનમાં આશ્રય એ છે એટલે કહે છે કે પ્રભુ! આ મેરુ પર્વત તો સામાન્ય પર્વતમાં ગણાતો હોં! આપ નહોતા ત્યારે. પણ એ તો અનાદિના ભગવાન (થાય છે). પહેલા હશે કે નહિ કોઈ દિ' ભગવાન? નેમિદાસભાઈ! પહેલા ભગવાન હતા? પહેલા કોઈ દિ' હોય નહિ. અનાદિના છે. એ તો આ ચોવીસીની અપેક્ષાએ આદિશ્વર ભગવાનને પહેલા ગણીને એની સ્તુતિમાં પોતે અનાદિ સાધકજીવ તો અનાદિના છે. ધર્મને પામેલા, ધર્મને પ્રાપ્ત કરીને સર્વજ્ઞપદ પામેલા અને સંસારની પૂર્ણ નિગોદ દશાને પામેલા જીવો અનાદિના છે.

પણ જ્યારે સાધકને ભાન આંખ ઉઘડી, અરે..! અમે રાગ નહિ, હોં, પુણ્ય નહિ અમે, એ દેહની ક્રિયા અમે નહિ. અમે ચૈતન્ય સ્વભાવ છીએ. ત્યારે કહે છે કે આદિ થઈ. આ ત્યારથી અમારી શોભા છે. એ મેરુ પર્વત તો સામાન્ય ગણાતો. પણ પ્રભુ આપની પ્રદક્ષિણા જ્યારે જન્માભિષેકમાં થઈ ત્યારે તે .. સ્થાનમાં જળના સંબંધથી મેરુ પર્વત તીર્થ અર્થાત્ પવિત્ર સ્થાન બની ગયો છે. અને એ વાત સંસારમાં પ્રત્યક્ષ ગોચર છે કે જે વસ્તુ પવિત્ર હોય તેની લોકો ભક્તિ તથા પ્રદક્ષિણા વગેરે કરે છે. પછી ભગવાનની મૂર્તિ સ્થાપે છે નિક્ષેપે. ભાવનિક્ષેપ પોતાનો ભાવ છે કે નહિ? સમજાણું?

ખરેખર ભગવાનની મૂર્તિની પૂજાનો વિકલ્પ, વિષય એ નિશ્ચયથી સમ્યગ્જ્ઞાન પ્રગટ્યું છે ત્યારે નય વિષય કરનાર છે ત્યારે એ સ્થાપના નિક્ષેપ તેનો વિષય થાય છે. સમજાણું કાંઈ? જ્યારે આત્મા ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ છે એવું ભાવશ્રુત જ્ઞાન થયું ત્યારે એમાં બે પડખા પડી ગયા-નિશ્ચય અને વ્યવહારનયના. ત્યારે એ નયનો વિષય હોય. તો નિશ્ચયનયનો વિષય ચોથે. વિકલ્પ ઉઠ્યો ત્યારે વિષય પર થયો. ત્યારે નિક્ષેપ.. આ ભગવાન છે. એમ વ્યવહારે નિક્ષેપ છે. એ વાસ્તવિક નિક્ષેપનું લક્ષ અને વિષય કરનાર જ્ઞાનીનો જ વિકલ્પ હોય છે અથવા જ્ઞાનીનું જ જ્ઞાન હોય. અજ્ઞાનીને એ વ્યવહાર નિક્ષેપ લાગુ પડતો નથી. કહો, ચંદુભાઈ! ઓહોહો..!

અહીં એ કહે છે કે '**ત્યારથી એ વાત સંસારમાં પણ કહે છે કે પવિત્ર હોય એને લોકો પ્રદક્ષિણા આપે છે. રાત દિન તેની પ્રદક્ષિણા કર્યા કરે છે.**' કોણ? આ મેરુને પવિત્ર સમજીને રાત દિન કરે છે. '**એમ માલૂમ અમને તો પડે છે.**' ૧૧.

**मेरुसिरे पडणुच्छलियणीरताडणपणट्ठदेवाणं।**
**तं वित्तं तुह ण्हाणं तह जह णहमासि संकिण्णं।।११।।**

મુનિ છઠ્ઠે ગુણસ્થાને ભાવલિંગી સંત અમૃતના ઓડકાર ક્ષણે પળે આવે છે. અપ્રમત્ત દશા ક્ષણે આવે છે, બીજે ક્ષણે વિકલ્પ ઉઠે છે જરી ભક્તિનો. આ ભક્તિ લખતા લખતા સપ્તમ ગુણસ્થાન અનેક વાર આવે છે. સમજાય છે કાંઈ? એ ચારિત્રદશા, એ મુનિદશા, એ ગુરુદશા, એ કેવળજ્ઞાન પામવાની તૈયારીવાળા કેવા હોય, કહે છે કે એને અપ્રમત્ત તો આમ ક્ષણમાં આવે. ક્ષણમાં વળી પ્રમત્ત પંચ મહાવ્રતનો અહિંસા આદિનો ભક્તિનો વિકલ્પ ઉઠે છે એને પણ આવી ભક્તિ ઉઠે છે. આવી ભક્તિનો ભાવ (આવે), એવી વસ્તુની સહજ મર્યાદા છે. તેવો ભાવ મુનિને પણ આવ્યા વિના રહેતો નથી. અહીં તો પહેલેથી કહે, નહિ. એ નહિ. મૂર્તિ નહિ, પૂજા નહિ, ફલાણું નહિ, ઢીકણું નહિ. તને નથી પ્રગટ્યું સમ્યગ્જ્ઞાન, નથી પ્રગટ્યો નયભાગ અને નથી નિક્ષેપ વિષય કોનો કોણ કરે એની તને ખબર નથી. સમજાણું કાંઈ?

અહીં કહે છે **'હે પ્રભુ! મેરુ પર્વતના મસ્તક ઉપર આપનું સ્નાન થતાં...'** હવે ત્યાં ટીકા કરે. લ્યો, ઈન્દ્રોએ આવા પાણી રેડ્યા, ફલાણું કર્યું, ઢીંકણું કર્યું. સાંભળને ભાઈ! એનો ભાવ શું છે? સમજાણું? એનો ભાવ આમ.. આહાહા..! .. પૂતળું નથી કરતા? પછી એને સ્નાન નથી કરાવતા? પણ આ ધનતેરસે કાંઈક કરતા તો હશે કે નહિ? શું કાંઈક કરે? રૂપિયા ધોવે ને એવું કાંઈ કરે છે કે નહિ?

મુમુક્ષુ :- ધનને સાફ કરે.

ઉત્તર :- કુંવરજીભાઈ! આ ધનતેરસ આવે છે ને? તો શું કરતા હશે કે નહિ કાંઈ? આ ચોપડા તો પૂજે છે ને લ્યો ને. શારદા... શારદા. અમાસને દિ' આમ. આહાહા..! પૈસા વહાલા અને રળવું ને ઢગલા જાણે થાય.

મુમુક્ષુ :- લખે છે ને શાળિભદ્રની ઋદ્ધિ હજો.

ઉત્તર :- શાળિભદ્રની ઋદ્ધિ હજો અને બાહુબળનું બળ હજો. કોની સાથે લડવું છે તારે? શું છે? અને શાળિભદ્રની ઋદ્ધિ હજો. એ ૯૯ એ ૯૯ પેટી નાખીશ ક્યાં? મોટી પેટી ૯૯. આવા તો મૂઢ જીવ, જેના પુણ્યના ઠેકાણા ન મળે, પુણ્યની શ્રદ્ધા ન મળે અને જાણે આ ચોપડા સાદા પૂજું એટલે આ મને મળે. એ શારદા નહિ.

સ્વરૂપ કેવળજ્ઞાનની લક્ષ્મીને પામેલા એવા પરમાત્મા... આવે છે ને? અનેકાંતમય મૂર્તિ નથી આવતું? બીજા શ્લોકમાં 'સમયસાર'માં આવે છે. અનેકાંતમય મૂર્તિ. સરસ્વતી તો એ છે. સમ્યક્ શ્રુતજ્ઞાન. ભગવાન કેવળજ્ઞાન, સમ્યક્ (શ્રુતજ્ઞાન) અને ભગવાનની મૂર્તિ વ્યવહારે પૂજનિક ગણવામાં આવે છે. એવું અનાદિનું સ્વરૂપ સનાતન ચાલ્યું આવે છે. એ કોઈ નવી વાત નથી. નરભેરામભાઈ! ક્યાં ગયા જગજીવનભાઈ? કહો, સમજાણું આમાં?

હે ભગવાન! **'આપનું સ્નાન થતાં નીચે પડીને ઉછળતું જે પાણી...'** ભગવાનને આમ સ્નાન કરાવેને? તો પાણી પડે ને ધોધ? તો ઉછળે આમ. પાણી ઉછળે. પાણી ઉછળે, ધોધ ઉછળે. ઓહોહો..! **'એને કારણે નીચે પડીને ઉછળતું જે પાણી એના તાડનથી .. એવી દશા થઈ...'** દેવો તો લાખો-કરોડો દેવો આવે છે. દેવોને ઓલું પાણી વાગે ને તો દેવો પ્રસરી જાય. છૂટા છૂટા છૂટા આકાશમાં આખા વ્યાપી જાય છે. કહે છે કે એ દેવોની એવી દશા થઈ **'કે જાણે ચારે તરફથી આકાશ જ વ્યાપ્ત થઈ ગયું હોય અથવા તે ધોધમાર પાણીના મારથી બચવા માટે દેવોએ જાણે કે આકાશનો આશ્રય લીધો હોય એમ આકાશ દેવો વડે છવાઈ ગયું છે.'** લ્યો, એ .. નાખ્યું. આહાહા..!

પદ્મનંદીમાં આવ્યું છે. પહેલામાં. આ અધિકાર ઋષભદેવનો. પહેલામાં આવ્યું છે ને? ભગવાન! આપનો જ્યારે જન્માભિષેક થયો, ઈન્દ્રો હાથ આમ પહોળા કરીને આપની ભક્તિ કરતા હતા. ત્યાંના વાદળાનો ઘટ્ટ ભાગ હતો ને એ વાદળા તૂટી ગયા. એ આ વાદળા દેખાય છે કટકા પડ્યા. સમજાણું કાંઈ? ક્ષણભંગુર વાદળા. એ ક્ષણભંગુર એટલે કટકા થઈ

ગયા. આહાહા..! શું કહે છે? ઈન્દ્રો પ્રભુની ભક્તિ કરતા હાથ લાંબા થયા ને ઓલા વાદળા તૂટી ગયા. અને એમાંનો આ કટકો થોડો દેખાય છે.

એમ ધર્માત્મા ભક્તિ કરતા જ્યારે આમ ઉછાળો આવે છે કે ચૈતન્યપ્રભુ જ્ઞાયક ને આનંદનો કંદ છે એમ જ્યારે વિકાસ દૃષ્ટિનો થયો, એ વાદળાની જે આડ હતી ને અનાદિની? કટકા થઈ ગયા. થોડો થોડો ભાગ જરી કટકો રહી ગયો જરી. એ જ્ઞાન જાણે છે કે આ કટકો છે. એ હમણાં તૂટીને ખલાસ થઈ જશે. સમજાય છે કાંઈ? ઓહો..! ભારે ભાઈ ભક્તિ!

'**આકાશ જ છવાઈ ગયું.**' એમ. પાણી ઉછળ્યું ને. આમ ચૈતન્ય સ્વભાવની ધારા ઉછળી. આમ બહારમાં જન્માભિષેકનું પાણી ઉછળ્યું એટલે દેવોને આમ તાડન થયું ને... અંતરમાં ચૈતન્યની જ્ઞાનધારા, સમ્યક્ ધારા શ્રદ્ધા-જ્ઞાન દ્વારા ઉછળે (એમાં) કોઈ કારણ-ફારણ રાગ ને નિમિત્તનું છે નહિ. એવી ધારા ઉછળતાં છવાઈ ગયું આમ બધું. જ્ઞાન છવાઈ ગયું. બધાને જાણવું-દેખવું રહી ગયું. જાણવું-દેખવું છવાઈ ગયું. કોઈપણ ચીજ હો એને જ્ઞાન જાણે-દેખે છે. એવી પ્રભુ આપની ભક્તિ અને અમારી ભક્તિ આત્માની, બેય થતાં આમ દેવો ત્યાં છવાઈ જાય છે, અહીં આત્મા બધાને જાણી લે છે. એને જાણવાનું કાંઈ બાકી રહેતું નથી. કહો, નરભેરામભાઈ! સમજાય છે આ? આ દાનનો અધિકાર નથી, આ ભક્તિનો છે. કહો, સમજાણું કાંઈ?

'**પાણીના મારથી બચવા માટે દેવોએ જાણે કે આકાશનો અત્યંત આશ્રય લીધો હોય.**' ભગવાનની ભક્તિના શુભભાવમાં પણ પાપના દળિયા છૂટી જાય છે. ભગવાનની ભક્તિના શુભભાવમાં પાપના દળિયાની સ્થિતિ, રસ પણ ઘટી જાય છે. અને સ્વભાવની ચૈતન્ય ભગવાન દેવની સ્તુતિ-ભક્તિની એકાગ્રતામાં પુણ્ય-પાપની બેય સ્થિતિ, પાપની ઘટે, પુણ્યની ઘટે, રસ પાપનો ઘટે, પુણ્યનો વધે. સમજાણું કાંઈ? એ ઘટાડવું-બટાડવું એ તો વ્યવહારથી વાત છે હોં! એની લાયકાત છે એટલે ત્યાં ઘટવાની લાયકાત હોય. વાંધા લીધા છે ને બધાએ આ? સંક્રમણ થાય, અપકર્ષણ થાય એમાં ક્રમબદ્ધ ક્યાં રહ્યું? શાસ્ત્રમાં તો આમ કહ્યું છે કે આવા ભાવ થાય ત્યારે કર્મ આમ પલટી જાય, આવા ભાવ થાય ત્યારે સ્થિતિ ઘટી જાય, આવા ભાવ થાય ત્યારે સ્થિતિ વધી જાય. અરે..! ભગવાન! સાંભળતો ખરો. એ બધા નિમિત્ત-નિમિત્ત સંબંધના કથનો (છે). એ વખતે સ્થિતિ ઘટવાને યોગ્ય જ પરમાણુના ક્રમમાં હોય છે. બાપુ! પદાર્થની વ્યવસ્થા અને પદાર્થની જે મર્યાદા (છે) એ ખ્યાલમાં ન આવે તો એકેય પદાર્થ તને શ્રદ્ધામાં સાચો આવતો નથી. સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે કે જે દેવોની એટલી બધી ત્યાં ભીડ હતી કે પાણીના પથાર પડતાં જે ઉછળ્યું પાણી (તેનાથી) આકાશ વ્યાપી ગયું. એટલા તો દેવો આપની ભક્તિમાં આવ્યા હતા, એમ કહે છે. સમજાણું કાંઈ? અહીં સાધારણ માણસને તો... એ વખત મળે નહિ, ભાઈ! વખત મળે નહિ. દુકાન ને આમ જાવું હોય ક્યાંક બીજે ત્યારે બધો વખત મળે.

ઉઘરાણીએ જાવું હોય તો મળે, ગામડામાં વકીલાત કરવા જાવું હોય તો મળે. ભગવાન ગામમાં બિરાજતા હોય દર્શન કરવાનો વખત મળે નહિ. કારણ કે એ તો પુણ્ય છે અને ભગવાન તો જડ છે ત્યાં ક્યાં... કહો, સમજાણું કાંઈ? ચંદુભાઈ!

અરે..! ભાઈ! તને ચૈતન્યની કિંમત આવી હોય તો ભગવાનમાં પણ તું પ્રભુ છો એમ વ્યવહારે એમ તને ભાસ્યા વિના રહે નહિ. 'જિન પ્રતિમા જિન સારખી...' 'જિન પ્રતિમા જિન સારખી...' ભગવાનના સમીપમાં જાણે જાઉં છું એવો પ્રહલાદ અને ભક્તિ આવ્યા વિના રહે નહિ. અહીં તો આચાર્ય મહારાજ પોતાની ભક્તિ સ્વની અને ભગવાનની ભક્તિ બેય સાથે વર્ણવી રહ્યા છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૧, મંગળવાર તા. ૨૩-૧-૧૯૬૦**
**ઋષભજિન સ્તોત્રગાથા-૧૨ થી ૧૫, પ્રવચન-૫**

આ પદ્મનંદી પંચવિંશતિમાં ઋષભદેવ ભગવાનનું સ્તોત્ર છે. એની આ વ્યાખ્યા ચાલે છે. સવારમાં આત્મદ્રવ્યમાં શક્તિઓની ભક્તિની વ્યાખ્યા ચાલે છે. એટલે આ આત્મતત્ત્વની અંદર જે સામર્થ્ય અને તાકાત છે એવો તાકાતનો ધરનાર આત્મા તેની ભક્તિ એટલે શ્રદ્ધા-જ્ઞાન કરવું એને આત્માની શક્તિની ભક્તિ કહેવાય છે.

અત્યારે વ્યવહારના લક્ષે ઋષભદેવ ભગવાન પરમાત્મા, એની ભક્તિ, શક્તિવાન ભક્તિની દૃષ્ટિની ભૂમિકામાં ઋષભદેવ ભગવાનની ભક્તિ કેવી હોય છે એ મુનિરાજ પોતે વર્ણન કરી રહ્યા છે. કહો, નરભેરામભાઈ! આ મુનિઓ પણ ભક્તિ-પૂજા કરે છે, હોં! સમજાણું કાંઈ? જંગલમાં દિગંબર મુનિ હતા. છઠ્ઠે ગુણસ્થાને, પોતે છઠ્ઠી-સાતમી ગુણસ્થાનની ભૂમિકામાં ઝુલનારા, એમને ભગવાન પરમાત્મા પ્રત્યે ભક્તિનો ઉલ્લાસ આવતાં આ સ્તોત્ર પોતે રચાઈ ગયું. એમાં અહીં અગિયાર ગાથા ચાલી. અગિયાર આવી ને?

શું કીધું અગિયારમાં? હે પરમાત્મા! આપનો મેરુ પર્વત ઉપર જ્યારે જન્માભિષેક થયો ત્યારે પાણી એટલું બધું હતું કે પાણીનો પછાડ પડ્યો અને ઉછળ્યું પાણી. એને લઈને દેવો આકાશમાં વ્યાપી ગયા.

એમ ભગવાન આત્મા પોતાના જ્ઞાનજળ સ્વરૂપમાં એકાગ્ર થતાં એટલી જ્ઞાનની દશા પ્રગટ થાય કે એ લોકાલોકને અથવા શ્રુતજ્ઞાનના પ્રમાણમાં એને પરોક્ષ જે જાણવાનું છે એ બધું જણાય જાય. કહો, કેવળચંદભાઈ! જુઓ! આ ભક્તિ ચાલે છે.

હવે ૧૨મી ગાથા.

**णाह तुह जम्मण्हाणे हरिणो मेरुम्मि णच्चमाणस्स।**
**वेल्लिरभुयाहि भग्गा तइ अज्ज वि भंगुरा मेहा।।१२।।**

આહાહા..! હે પ્રભુ! ઋષભદેવ ભગવાન તો ઘણા ક્રોડાક્રોડ સાગરોપમને આંતરે થઈ ગયા. પણ સમીપમાં વર્તતા હોય એમ ભક્તિ કરે છે. દુનિયામાં રાગ થાય છે. ધણી પરદેશમાં હોય અને પત્ની દેશમાં હોય તો નથી કહેતા કે મારો જીવ ત્યાં વળગ્યો છે. દેહ-હાડકા અહીં પડ્યા પણ જીવ તો ત્યાં વળગ્યો છે. કેવળચંદભાઈ! એમ કહેવાય છે કે નહિ? કાગળમાં લખે. બહુ રાગ હોય ને (એટલે) કાગળમાં લખે કે દેહ જુદાં પણ મારો જીવ તો ત્યાં વળગ્યો છે. એમ આત્મા એક સમયમાં શુદ્ધ ચિદાનંદની મૂર્તિ, એવી જેને વિકાર અને સંયોગના નિમિત્તથી રુચિ ખસીને આત્મા પ્રત્યે પ્રેમ જાગ્યો છે, રુચિ જાગી છે, દૃષ્ટિ-શ્રદ્ધા જાગી એને પરમાત્માના વિરહમાં પણ પરમાત્મા જાણે નજીક છે, સમીપ છે, તેમ તેની ભક્તિ

કરી રહ્યા છે. કહો, સમજાણું કાંઈ?

માણસ એમ કહે, આ શું વળી પાછું? એક કોર નિશ્ચય વસ્તુ આવી... નેમિદાસભાઈ! વળી આ મંદિરો ને આ પૂજા ને લાખો રૂપિયાના ખર્ચા. કેટલા ખર્ચા! મુંબઈમાં તો મોટું ચાર લાખનું તો મંદિર (કર્યું). અને બે લાખ સત્તાણુ હજારની ઊપજ. એક લાખ નેવું હજારનો ખર્ચ. આ મોટી ધામધુમ હાથી ને ઓહોહો..! સો વર્ષમાં (આવું થયું નથી). આ શું છે? કેટલાક તર્ક કરે એય..! નરભેરામભાઈ! કરે તર્ક. પણ ભાન નથી એને કે સંસારમાં પણ જ્યાં જેને પ્રેમ અને પ્રીતિ છે ત્યાં ઉછાળે છે. છોકરાના લગન વખતે નથી ઉછાળતો? સમજાય છે?

મુમુક્ષુ :- દિલ્હી સુધી ગયા હતા.

ઉત્તર :- હા. દિલ્હી સુધી ગયા. એ વળી ઠીક યાદ આવ્યું. દિલ્હી જાન લઈને ગયા. કોઈ દિ' જોયું નહોતું દિલ્હી. ત્યાં દિલ્હી પરણાવવા ગયા.

મુમુક્ષુ :- હા, પણ લઈ ગયા હતા ને...

ઉત્તર :- પણ ભાઈ એ કંઈ જાતે ગયા વિના, એ કાંઈ આમ નજરે મલાવા દેખ્યા વિના કાંઈ સંતોષ થાય? જાતે ત્યાં જાવું જોઈએને.

અહીં કહે છે કે આ જાત ચૈતન્યપ્રભુ, ઓહો..! પરમાનંદની શુદ્ધ ચૈતન્યમૂર્તિ એવા નિર્વિકાર પરમાત્મા એવો આત્મા, એની પ્રતીત અને શ્રદ્ધા થઈ, એને નિર્વિકારી પરમાત્મા જેને પૂર્ણ દશા પ્રગટી એના પ્રત્યે ભક્તિ અને પ્રેમ અને રાગ આવ્યા વિના રહે નહિ. અને રાગ એ જાતનો ન આવે અને એમ કહે કે અમને ભગવાન પ્રત્યે રાગ આવતો નથી. એ મૂઢ જીવ મિથ્યાદૃષ્ટિ છે. નથી એને આત્માના સાધક સ્વભાવનું ભાન અને સાધકમાં ભક્તિનો કેવો ભાવ હોય એની પણ એને ખબર નથી.

અહીં આચાર્ય મહારાજ વાત પોતાના હૃદયની પણ કરી રહ્યા છે અને આમ ભક્તિને પણ મલાવી રહ્યા છે. **'હે પ્રભુ! આપના જન્મસ્થાન વખતે ઈન્દ્રે જ્યારે પોતાની લાંબી ભૂજાઓ ફેલાવી...'** જન્મસ્થાન (વખતે) મેરુ પર્વત ઉપર ઈન્દ્ર, હજી એકાવતારી, હોં! જેને એક દેહ છેલ્લો છે, એ ઈન્દ્ર અને ઈન્દ્રાણી પહેલા સ્વર્ગના એને બેયને છેલ્લો દેહ છે. ત્યાંથી નીકળી મનુષ્યપણું પામી અને કેવળજ્ઞાન પામીને મોક્ષ જવાના છે. એવા શક્રેન્દ્ર ક્ષાયિક સમકિતી એકભવતારી, એ જ્યારે જન્માભિષેકમાં જાય છે ત્યાં આગળ એટલો આનંદ આવી જાય છે પ્રભુની ભક્તિ પ્રત્યે. હજી પ્રભુ તો બાળક છે. એના પ્રત્યે અહીં આત્મા સાધક સ્વભાવે જાગ્યો, પૂર્ણ સાધ્ય થયું તેને.. પૂર્ણ સાધ્ય આને થશે હજી. હજી તો થયું છે ક્યાં એને? થશે. પોતે ચોથે ગુણસ્થાને છે અને એ પણ ચોથે છે. છતાં એટલી ભક્તિ ભગવાન પ્રત્યે આવી કે મહારાજ! પ્રભુ આપનો જન્મ થયો ત્યારે ઈન્દ્રે હાથ આમ પહોળા કર્યા. આમ વિસ્તાર કર્યો. ત્યારે વાદળાની જે ઘટા હતી, વાદળાની ઘટા અખંડ

એક હતી, (ઈન્દ્રે) આમ હાથ કર્યા ત્યાં વાદળા ખંડ ખંડ થઈ ગયા. અને વાદળા ખંડ ખંડમાં વાદળું જે કાંઈ દેખાય ક્ષણભંગુરતા એ ક્ષણભંગુરતા પ્રભુ તે દિ'ની છે. સમજાય છે કાંઈ? એ વાદળા કોઈ દિ' એકઠા થાય નહિ. એ કટકા થયા તે કટકા થયા. ક્ષણભંગુર વાદળા છે. ક્ષણિક છે, એ બધા ખલાસ થઈ જશે.

એમ ભગવાન અમારો આત્મા આપનું સ્વરૂપ જે છે એવું અમારું છે એમ અમને ભાન થયું (ત્યાં) અનાદિના વાદળા કર્મના અખંડ (હતા), જેમાં ખંડ વિના પડ્યા હતા એમ જ્યાં .. કરી કે અરે..! ચિદાનંદ રાગરહિત છે એવી ઓળખાણ અને ભાન થયા (તો) એ ખંડ ખંડ (થઈને) વાદળા તૂટી ગયા. સમજાય છે કાંઈ? સમજાય છે? નેમીચંદજી! ભાષા તો ભાઈ અમારી ગુજરાતી છે ને. આમ હાથ પહોળા કરે છે ને. નાચે છે. આનંદ થયો. તો ભગવાનને દેખીને નાચે છે. અહીં તો હજી શરમ આવે. સમજાણું? ..ચંદભાઈ! બરાબર છે, લ્યો. અહીં તો હજી શરમ આવે. કારણ કે સોંસરવું નીકળવું અને એ ભગવાનના દર્શન કરવા અને એ પીળું લૂગડું પહેર્યું હોય તો ઉઘાડા પડી જવાય. કેવળચંદભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ મૂર્તિ માનતા હશે? આ મૂર્તિની પૂજા? ફલાણું આ?

ઈન્દ્ર જેને એકાવતારીપણું છે, ઉપરથી ઉતરીને માતા પાસે જ્યારે જન્મે છે ત્યારે ઈન્દ્રાણી જઈ બાળકને લાવે છે, હાથમાં ત્યાં લઈ જાય છે. એના સ્નાન કરતા એટલો આનંદ આવી જાય છે એને (કે) ભક્તિનો ઉછાળો (આવે છે). છે તો એ શુભભાવ. પણ એ ભક્તિ આવ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ? શ્રીપાલજી! ભક્તિ. મેરુ પર્વત ઉપર લઈ ગયા. કહે છે કે ભગવાન! એ વાદળા ખંડ ખંડ ક્ષણભંગુર (છે), હોં! ક્ષણભંગુર.

એમ અમારે પણ થોડા કર્મ બાકી રહ્યા છે અને અમારો નિત્ય ધ્રુવ ચૈતન્યમૂર્તિ અમારી દૃષ્ટિ અને શ્રદ્ધામાં અમે લીધો છે. હવે કર્મ બાકી રહ્યા એ ક્ષણભંગુર છે. કહો, સમજાણું? આ એમ કહે છે એમાં. શું કીધું? ભગવાનજીભાઈ! આહાહા..! અરે.. ભગવાનને ઓળખે અને ભગવાનના ભેટા થાય એને વાદળા કર્મના ખંડ ખંડ ન થાય અને રહેલા ક્ષણભંગુર અને અનિત્ય ન થાય તો એ ભગવાનનો ભેટો થયો નથી. ભગવાનને ભાળ્યા નથી, ભગવાનને જોયા નથી, ભગવાનના દર્શન કર્યા નથી. કીધું હતું ને તે દિ' (સંવત) ૧૯૭૨ની સાલમાં તે દિ' વાત સંપ્રદાયમાં અમારે ચાલી. ૭૨ની સાલ. ૪૪ વર્ષ થયા. ૪૪ વર્ષ.

એ કહે, ભગવાને કેવળજ્ઞાનીએ દીઠું હશે તે પ્રમાણે ભવ થશે. ભગવાને જે પ્રમાણે દીઠા તે પ્રમાણે ભવમાં આપણો આત્મપુરુષાર્થ કાંઈ ન કરી શકે. નવ વાડે બ્રહ્મચર્ય પાળો, નવ કોટીએ સંથારા કરો. સંથારો સમજો છો? સમાધિ મરણ. સંલેખના, નવ નવ પ્રકારે સંલેખના કરો, નવ નવ વાડે (બ્રહ્મચર્ય પાળો). નવ વાડ હોય છે ને? બ્રહ્મચર્ય પાળવાની. નવ વાડે બ્રહ્મચર્ય પાળો પણ ભવ નહિ ઘટે. એવી વાત ૧૯૭૨માં ચાલી હતી. ભવ ન ઘટે તો

શું બોલો છો? ભગવાનને નામે તમે શું ઉડાવ્યું આ? આગમની વાણી એવી હોઈ શકે નહિ. સર્વજ્ઞ પરમાત્મા જેના હૃદયમાં બેઠા,.. ઓહો..! ભગવાન પૂર્ણાનંદની પ્રાપ્તિની પર્યાયની .. એની વાણીમાં પણ એવી વાણી ન હોય કે તારે ભવ નહિ ઘટે. એ તો કહે, અમને તેં ઓળખ્યા, અમારા દ્રવ્ય-ગુણ અને પર્યાય.. એવી તો અહીં ક્યાં હતી દ્રવ્ય-ગુણ-પર્યાયની ત્યાં. કહો, સમજાણું કાંઈ? પણ એને ઓળખ્યા અને કેવળજ્ઞાન જેને બેઠું અંદર, ભગવાન એની વાણીમાં ભવના નાશની વાણી છે. ભગવાનની વાણી જેને બેસે અને ભગવાનની જેને રુચિ થાય એના તો ભવનો નાશ થાય. એ ભગવાનના જ્ઞાનમાં એમ ભાળ્યું છે. આવું તમારું લપ કરો છો એવું ભાળ્યું નથી. તમને અનંત ભવ ભાળ્યા હશે કીધું. શું બોલો છો આ? એય.. ચંદુભાઈ! આ તો ૭૨ના ફાગણ સુદ ૧૩ની વાત છે. ફાગણ સુદી ૧૩, ૧૯૭૨. ૪૪ વર્ષ થયા. સમજાય છે કાંઈ?

અહીં કહે છે કે હે નાથ! ઓહોહો..! પૂર્ણાનંદની પ્રાપ્તિ! એવો અમને વિકલ્પ આવ્યો તમારા પ્રત્યે ભક્તિનો અને અમારું જ્ઞાન પણ સ્વને જાણતા આપને જાણવા માટે ઘોળાઈ રહ્યું છે એવી સ્થિતિમાં કર્મના કટકા થઈ ગયા. નિદ્ધત અને નિકાચિત અને ધૂળ ગમે તે બંધાણી હોય, આ થોડા બાકી રહ્યા પ્રભુ એ ક્ષણભંગુર છે. સમજાય છે કાંઈ? ક્ષણભંગુર છે, અનિત્ય છે, નાશ થવાને તૈયાર થઈ રહ્યા છે. એ હવે રહેવાના નથી.

'**ભૂજાઓ વડે વાદળાઓ ભગ્ન થઈ ગયા હતા. તે વાદળા આજે પણ ક્ષણભંગુર દેખાય છે.**' ક્ષણભંગુર દેખાય છે. ઓહો..! જ્યાં દેખો ત્યાં વાદળા જ દેખતાં એ કહ્યું. ભગવાનના સર્વાર્થસિદ્ધમાં દેખ્યા તો કહે પ્રભુ! તારે લઈને ત્યાં શોભા (હતી). નાભિ રાજાને ઘરે આવ્યા તો પૃથ્વી વસુમતિ તારે લઈને (થઈ). મરુદેવી માતા કૂંખમાં આવ્યા માટે બીજી સ્ત્રીઓ કરતા ધન્ય થઈ ગઈ અને આ વાદળા જ્યાં જન્માભિષેક કરતાં ... થઈ ગયું અંદર, તૂટી ગયા કટકા થઈ ગયા.

'**ગ્રંથકાર ઉત્પ્રેક્ષા અલંકાર કરે છે કે વાદળાઓ ક્ષણભંગુર દેખાય છે તેની ક્ષણભંગુરતાનું કારણ એ છે કે...**' જુઓ! છે કે નહિ? લખ્યું છે, જુઓ! ગજાધરલાલ છે ને? કોણ છે એ? '**જ્યારે મેરુ પર્વત ઉપર ભગવાનનો જન્માભિષેક થયો ત્યારે આનંદમાં આવી જઈને...**' આ દુનિયામાં પણ નથી ઓલા લગન-બગન પ્રસંગ કરે તો કાંઈ પહેરામણી કરે, ફલાણું કરે ત્યારે આનંદમાં નથી આવતા? જોયું છે? પહેલા આ કાઠીઓ, હવે તો બધું ઘટી ગયું, પહેલા કાઠીઓમાં એવું હતું આ કાઠીઓ હોય છે ને કાઠી? કાઠી ગરાસિયા. એ લોકાના ચારણ હોય ચારણ. એના સમજ્યા ને? શું કહેવાય? એ બધા બારોટ જેવા. ... લગન હોય એના ત્યારે આમ ઘોડીયું પાંચ-પાંચ હજાર દાગીના પહેરાવેલી ઘોડીયું એને આપે. એકબીજા વેવાઈ ચડે. કન્યાના બાપા અને આ. ચડે ચડે એકબીજાને. ગયા હોયને ત્યાં. આ કહે કે આ ઘોડી આપું છું. બીજો કહે, ઘોડી નહિ હજાર દાગીનો આપી દઉં.

બીજો કહે...

મુમુક્ષુ :- ગામ આપી દઉં.

ઉત્તર :- ગામ તો ક્યાં હતું એની પાસે.

મુમુક્ષુ :- ગામ પણ આપે.

ઉત્તર :- ગામ પણ આપે, ઝાઝા ગામ હોય તો. આ તો ગામ તો મેં સાધારણ લીધું. એને વળી ગપ મારવા હોય કોણ જાણે. કહો, સમજાણું કાંઈ? ક્યાં આપવું છે અને લેવું છે એમ કહે. પણ આ તો સાંભળ્યું છે ભાઈ! હોં! આમ બેસે ડેલીએ અને લગ્નનો પ્રસંગ. અને જ્યારે વળાવાનું ટાણું હોય ત્યારે બેય ચડે ... એના બારોટને દેવા માટે. પાંચ હજારના શું ઘોડાનો કહેવાય? .. સોનાનો મહોર પાંચ હજારનો અને ઘોડી. ઓલા ચારણ પણ એ વખતે આમ એવું કરે કે એવી ખુશાલી બતાવે, એવી બતાવે, વાહ રે વાહ! વિક્રમ ભોજ રાજા. કહે છે કે એલા રાગના માર્યા એ વખતે પણ આ પ્રકારે એની પ્રશંસા કરે છે.

અહીં તો ત્રણ લોકના નાથને આમ નજરે ભાળતા સર્વજ્ઞ પરમાત્મા અરિહંત દેવ સમવસરણમાં જાણે બિરાજે છે. પ્રભુ! ઓહોહો..! આનંદમાં આવીને. શું કહ્યું છે? જુઓ! **'આનંદમાં આવી જઈને ઈન્દ્રે એ મેરુ પર્વત ઉપર પોતાની ભુજાઓ ફેલાવીને ભગવાનની સામે નૃત્ય કર્યું હતું.'** કોણે? ઈન્દ્ર એકાવતારી ઘુઘરા બાંધીને નાચે. બાળક હશે? તો શું છે? બાળક જ છે. શરીરની ક્રિયા તો શરીરને કારણે થાય. ભક્તિનો ભાવ ઉછળ્યો છે. ભગવાનની પ્રતિમા પાસે... અરે..! અહીંયાં નંદીશ્વર દ્વીપ છે કે નહિ? આખો દ્વીપ છે નંદીશ્વર. જ્યાં શાશ્વત મણિરત્નની પ્રતિમાઓ ભગવાનની શાશ્વત છે. ત્યાં બાર મહિનામાં ત્રણ અષ્ટાનિકા આવે છે. કારતક સુદ આઠમથી-પૂનમ, ફાગણ સુદ આઠમથી પૂનમ, આસો સુદ આઠમથી પૂનમ. આઠ આઠ દિ' સુધી ઈન્દ્રો ત્યાં જાય છે અને બાળકની પેઠે ભગવાનની (સામે) આમ હાથમાં કડતાલ લઈ અને ભક્તિ કરે, ભક્તિ. કહો, સમજાણું કાંઈ? જેમ થનગનાટ છોકરો નથી કરતો બાપ પાસે? રાગમાં આવે ત્યારે બાપ પણ પછી ગલગલિયા જેવી ભાષા નથી કરતો? હે બાપા! હે બાપુ! હે ભાઈ! એમ નથી કરતાં? નરભેરામભાઈ!

એમ ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા સર્વજ્ઞદેવ આનંદમૂર્તિ ઉપશમરસના ઢગલા, અકષાયરસને પામીને ઢગલા ગંજ પડ્યા દેહમાં, એ દેહના પરમાણુ અને નિમિત્ત-નિમિત્ત સંબંધ થોડો અઘાતિ કર્મ છે તો રહ્યો છે. એવા અરિહંતને લક્ષીને કહે છે કે હે પ્રભુ! આપ તો સર્વજ્ઞ તો પછી થશો, પણ જ્યારે ત્યાં હતા અને આનંદ ઈન્દ્રોને આવ્યો (કે) નૃત્ય (કરતાં) આમ નાચે. પગ નાચે. કહો, સમજાણું કાંઈ? એ કાંઈ ભક્તિ ઝાલી રહેતી હશે?

ઓલામાં આવતું નથી? 'ચંચળ નારી કા નેણ છૂપે નહિ, દાતા છૂપે નહિ ઘેર માગણ આયા. ભાગ્ય છૂપે નહિ ભભૂત લગાયા, ચંદ્ર છૂપે નહિ બાદલ છાયા.' વાદળા આવી જાય તો ચંદ્રનો ખ્યાલ નથી આવતો? ચંદ્રનો ખ્યાલ આવે છે કે નહિ? કે ચંદ્ર છે. ભલે વાદળા

આવ્યા. એમ ભાગ્ય છૂપે નહિ ભભૂત લગાયા. સાધુ થઈ જાય અને ભભૂત લગાવે એથી આ પુણ્યવંત પ્રાણી છે એ કંઈ ઢાંક્યા રહે? એની પુણ્યવંતતા, એનો પ્રતાપ, એની શક્તિ પણ ઢાંકી રહે નહિ. 'ચંચળ નારી કો નેણ છૂપે નહિ.' ચપળ સ્ત્રી હોય એની આંખ ગતિ કર્યા કરે. અને 'દાતા છૂપે નહિ ઘેર માગણ આયા.' એ ઘેર માગવા આવ્યો અને દાતા કહે, તને શું આપું? ચાર આના આપું?

એક જણો કહેતો હતો, ભાઈ! આઠ દિ' મહિનો સુધી એના પગ દાબ્યા વાણંદે. આ તો બધા ઘણા છે ને. પછી એના સાળા આને પૂછે છે કે તારા આ વાણંદને આપણે આઠ આના આપશું? આ તો ઘણા વર્ષની વાત છે, હોં! ૫૦-૬૦ વર્ષની વાત છે. સમજ્યાને? એ સાસરે ગયેલો, નવી પરણેલો. અને નવીને છોકરું કાંઈ નહિ, જૂનીને નહોતું. કાંઈ નહોતું. એના સાસરે ગયેલા અને ઓલા વાણંદ રોજ (પગ દબાવે). શેઠના જમાઈ છે એટલે (વાણંદ પગ દાબે). પછી કેટલાક વખત પછી કહે, આપણે આને આઠ આના અને શ્રીફળ આપશું? એનો સાળો સમજી ગયો, કહે, આટલું ઘણું છે, હોં! ઓલો વાણંદ કહે કે આ શું? મહિનો (થયો). તું શેઠિયો છો, દીકરો નથી. અમારી અહીં દિકરી છે ત્યાં તારે ઘરે એને દીકરો નથી. અને મહિનો દિ' સુધી તારા પગ દાબ્યા રાત્રે. વાણંદ દાબે ને ઓલા આવીને? ખુશી થઈ ગયો તો આઠ આના. પછી એના સાળાએ એમ પણ કીધું કે કાંઈ ન આપો તો કાંઈ જરૂર નથી. એ તો આપણો વાણંદ છે. સમજ્યા ને? સમજી ગયો કે આ મફતની આબરૂ ગુમાવે છે.

એમ ભગવાનની જ્યારે ભક્તિ ઉછળે એ કાંઈ ઢાંક્યા રહેતા હશે? .. હે ભગવાન! આમ કરજો. પ્રભુ! આ .. આમ થાય ને આમ થાય. ઢીંકણું થાય. અરે..! ભગવાનની પૂજા, ભક્તિમાં એવો આનંદ અને ઉત્સાહની ભક્તિ આવ્યા વિના રહે નહિ. છતાં ધર્મી જાણે છે કે એ શુભભાવ છે. શુભભાવ પુણ્યભાવ પાપથી બચવા માટે આવે છે. ધર્મ નથી, મોક્ષ નથી, મોક્ષનું કારણ નથી. આરોપથી કહે છે કે ભગવાન! આપની ભક્તિ અમને મોક્ષનું કારણ થાય છે. કહો, સમજાય છે કાંઈ?

**'નૃત્ય કર્યું હતું. અને તે વખતે તેની ફેલાયેલી ભુજાઓ વડે વાદળાઓ ભગ્ન થઈ ગયા હતા એ અત્યારે પણ વાદળાઓમાં ક્ષણભંગુરતા છે.'** એ કારણે, હોં! એની ક્ષણભંગુરતાનું કારણ બીજું કોઈ નથી. એમ પરમાત્માની ભક્તિ (કરે છે). જેવા પરમાત્મા દ્રવ્યે શક્તિવાન, શક્તિ અને પર્યાયે છે, એની જેને અંતરમાં મહિમા સ્વદ્રવ્ય સન્મુખ થઈને થઈ, એની કર્મની અવસ્થા, ક્ષણભંગુરતા અત્યારે પણ દેખાય છે. તે કાળે થઈ તે અત્યારે કહે છે અમારે સાધક જીવને કર્મ ચાલ્યા જાય છે. ધ્રુવતાના આશ્રયે સ્થિરતા પ્રગટ થતી જાય છે. આ એને નિશ્ચય અને ભગવાન પ્રત્યેનો વિકલ્પ તેને વ્યવહારભક્તિ કહે છે.

તેરમી.

**जाण बहुएहिं वित्ती जाया कप्पदुमेहिं तेहिं विणा।**
**एक्केण वि ताण तए पयाण परिकप्पिया णाह।।१३।।**

**'હે નાથ!'** હે પ્રભુ! જુઓ, કહે છે, **'જે પ્રજાઓની આજીવિકા અનેક પ્રકારના કલ્પવૃક્ષોથી થતી હતી...'** હવે લાવ્યા અહીં. જન્માભિષેક કર્યા પછી રાજા થયા ને? ત્યારે એ વખતે ૠષભદેવ ભગવાનના વખતમાં પહેલાં કલ્પવૃક્ષોથી જીવન હતું. કોઈ રાંધે કે રોટલા કરે ચુલા ને એવું કાંઈ હતું નહિ. કલ્પવૃક્ષો હતા દસ પ્રકારના. એવો જ એનો પૃથ્વીનો અને તે યુગનો એવો સ્વભાવ કે મનુષ્યો હોય એ બહેન ને ભાઈ જ હોય. એ જ પતિ-પત્ની થાય. બે જ હોય અને બે થાય પાછા. અને એ કલ્પવૃક્ષથી જ એના જીવન હતા.

કહે છે, પ્રભુ! આપ જ્યારે પૃથ્વી ઉપર આવ્યા ત્યારે તે કાળે કલ્પવૃક્ષોની જે બીજા જીવોને આજીવિકા થતી હતી તે કલ્પવૃક્ષના અભાવમાં એકલા આપે જ તે પ્રજાઓની આજીવિકા કરી છે. ભગવાનને વિકલ્પ એવો આવ્યો હતો, નીતિથી બતાવ્યો હતો. સમજાય છે? કે જો ભાઈ! જગતના નિયમમાં જ્યાં પ્રજાનો એવો પ્રસંગ આવે એટલે કુળકર કે તીર્થંકરનો જીવ એવી રીતે જન્મે અને એને ભાવ એવો આવે કે આ પ્રજાને આજીવિકા કેમ કરવી એની ખબર નથી. કલ્પવૃક્ષો ખલાસ થઈ ગયા. ભાઈ! તમે આમ કરો, આનું આમ કરો, તાવડી આમ કરો, અનાજ આમ પકવો, આ શેરડી લાંબી લાંબી છે એને આમ કરો, એના કટકા કરો, એમાંથી રસ નીકળશે. એમાંથી આમ કરો તો એમાંથી ગોળ થાશે, સાકર થાશે. એવું બધું (શીખવ્યું). ભગવાનજીભાઈ!

ત્યારે ઓલા શું કહે છે? જુઓ! ભગવાને પણ આમ જગતના ઉદ્ધાર માટે કર્યું. સાંભળને! એ વખતે એવી સ્થિતિ હોય એટલે સમ્યગ્દૃષ્ટિ તીર્થંકર છે, ત્રણ જ્ઞાનના ધણી છે. અને એની પદવી પ્રમાણમાં એને એવો રાગ આવ્યા વિના રહે નહિ. પ્રભુ! કલ્પવૃક્ષના અભાવે, કલ્પવૃક્ષ નહોતા ત્યારે આપે એકલાએ દસ કલ્પવૃક્ષનું પૂરું પાડ્યું. જે કલ્પવૃક્ષથી આજીવિકા થાતી (તે) આનાથી થઈ. સમજાય છે કાંઈ? એમ અનાદિ કાળનો આત્મા પુણ્ય અને પાપના ફળથી જે નભી રહ્યો હતો અને જ્યાં દૃષ્ટિ આત્માની કલ્પવૃક્ષમાં-ચૈતન્યમૂર્તિ(માં પડી તો) આ એકે પૂરું પડ્યું જીવનનું. ભગવાન આત્મા જ્ઞાતા-દૃષ્ટાના કંદ સ્વરૂપ છે, એ જ મારી ચીજ (છે). એને કારણે સુખ, શાંતિ, વીર્ય જે ગણીએ તે એ આત્મામાંથી પ્રાપ્ત થાય છે. અને કલ્પવૃક્ષના અભાવમાં આપે પૂરું કર્યું. કહો, સમજાણું કાંઈ? કરી શક્યા હશે? વ્યવહારના કથનો એવા આવે. સમજાય છે? એ આવ્યું છે ને, જુઓને!

**'જ્યાં સુધી ૠષભદેવ ભગવાનની ઉત્પત્તિ આ પૃથ્વી તળ ઉપર નહોતી થઈ ત્યાં સુધી આ જંબુદ્વીપમાં ભોગભૂમિની રચના હતી અને તે ભોગભૂમિની સ્થિતિમાં બધા જીવો ભોગવિલાસી હતા.'** ભોગ એટલે કંઈ કરવું ને રાંધવું નહિ. એ જાતની ખાવા-પીવાની ક્રિયા થાતી. કેમ કે તે યુગલિયા ઉત્પન્ન થતા હતા. યુગલ એટલે બે. અને તેમને

બધાને '**જ્યારે જે વાતની જરૂર પડતી...**' જે વાતની જરૂર એ તો વાત કરી છે, પણ એ તો જરૂર પડતી હોય એટલા પ્રકારના કલ્પવૃક્ષ હતા. એણે ક્યાં ત્યાં ભાળ્યા છે બીજા ભજીયા ને ફલાણું ને ઢીંકણું. ખાવાને જોઈએ તો અન્ન મળે, પીવાને જોઈએ તો રસ મળે, દીવા મળે, મકાન જ એવા ઉગ્યા કે મહેલાત જેવા મકાન હોય. સૂવા-બેસવાને એ મળે. એમ દસ પ્રકારની ચીજો ત્યાં હતી.

'**ત્યાં આગળ .. જરૂર પડતી ત્યારે તે વસ્તુની પ્રાપ્તિ માટે તેઓને પ્રયત્ન કરવો પડતો ન હતો. પરંતુ તેઓ સીધા કલ્પવૃક્ષ પાસે પહોંચી જતાં. અને જે વાતની તેમને અભિલાષા હોય તે અભિલાષાની પૂર્તિ તે કલ્પવૃક્ષની સામે કહેવામાત્રથી થઈ.**' કહેવામાત્રથી થઈ. એ તો કહેવામાત્રનો અર્થ કે એ ત્યાં હતી. હોય જ તૈયાર. ખાવાની-પીવાની ચીજો આદિ લૂગડા આદિ. જેમ આ કેળ થાય છે ને? કેળું. એના પાંદડા કેટલા પહોળા છે! તો એક ઝાડ એવું જ હોય સુંવાળા, પાતળા રેશમ જેવા એના પાંદડા નીકળે એટલે એ કપડામાં કામ આવે. એવી ચીજો (પ્રાપ્ત થાય એવા) દસ પ્રકારના કલ્પવૃક્ષ હતા. ભગવાન! જ્યારે એનો અભાવ થયો ત્યારે આપે એકલાએ બધાનું પૂરું કર્યું. કહો, સમજાણું?

'**કલ્પવૃક્ષ મોજૂદ હતા અને તેઓ જુદી જુદી સામગ્રી દઈને જીવોને આનંદ દેતા હતા.**' દેતા એટલે એ તો હતી ત્યાં. અને એને જે કલ્પના હતી કે મને ભૂખ લાગી છે, તૃષા લાગી છે, (તે મળવાથી) સંતોષ થઈ જાય. એ તો ખાતા આટલું. ત્રણ ગાવના લાંબા, ખાય બોરની જેટલા ઠળિયાનો ખોરાક. ત્રણ દિવસ પછી તે પાછા (ખાય). એ કાંઈ ખોરાક ઝાઝો હોય તો શરીર સારું રહે અને થોડો હોય તો મોળું પડે એવું છે નહિ. છે ને અત્યારે ઘણાને એ જાતની (માન્યતા કે) ખૂબ ખાવ. પેટ ભરો. તો શરીર સારું રહે. એમ નથી. શરીરમાં તે પરમાણુઓ ખોરાક કેમ પરિણમે છે એ ઉપર ત્યાં શક્તિનો, શરીરની શક્તિનો હોં! આત્માની શક્તિ તો ક્યાં ત્યાં એને એમાં હતી. અહીં તો પછી વધારે ખોસો. લાડવા ખાવ, ઘી ખાવ, સાલમપાક ઉડાવો, લસણિયા ઉડાવો. જાણે શું કહેવાય ઓલા લાડવા કહે છે જામનગરના અડદિયા. લ્યો, એ વળી ... શરીર થાય પુષ્ટ. સાલમપાક ખાય ને સાલમપાક. મૂસળીપાક. હોય છે કે નહિ ઠંડીના દિવસોમાં. (ખાઈએ તો) શરીર પુષ્ટ રહે. ધૂળમાંય નથી રહેતું. એ તો શાતાનો ઉદય હોય તો જેમ એ પુદ્‌ગલ પરિણમે એવી શક્તિ દેખાય છે.

અહીં તો ત્રણ ગાઉના યુગલિયા એક બોર જેટલો આહાર લે. પ્રભુ! પણ એ પણ ઘટી ગયું. આહારના કારણો એ પણ ઘટી ગયા. ત્યારે આપે બધાનું પૂરું પાડ્યું. એ વાત કરે છે. અન્ન દેતા હતા. '**પણ જ્યારે ભગવાન આદિનાથનો જન્મ થયો ત્યારે જંબુદ્વીપમાં ભરતક્ષેત્રમાં કર્મભૂમિની રચના થઈ હતી. ભોગભૂમિની રચના ન હતી. એટલે કલ્પવૃક્ષો પણ નષ્ટ થઈ ગયા અને ત્યારે જીવો ભૂખે મરવા લાગ્યા અને તેમને પોતાની**

**આજીવિકાની ફિકર થઈ.**' આવ્યા ભગવાન (પાસે). પ્રભુ! અમને ભૂખ લાગી છે, હોં! આ કેમ કરવું અમને ખબર પડતી નથી. શું છે આ? અરે..! ભાઈઓ એ અનાજ લાંબા લાંબા ઊગ્યા છે ને એ દાણા છે. એ દાણા છે. ત્યારે શું કરવું? એ દાણાને લાવો. એક પત્થર લાવે. એ બોંત્તેર કળાના જાણ હતા. પત્થરની બનાવે ઘંટી. એને બતાવે કે જુઓ! આની હેઠે દળવા. એમાંથી લોટ કાઢવો. ત્યારે રાંધવું શી રીતે? લ્યો, આ માટી. એમાં પાણી નાખીને બનાવે પીંડો. હાથી હોય ને હાથી? એના કુંભસ્થળ ઉપર એમ કરે, સૂકવે .. નાખવા. જુઓ! આમાં રોટલી (પકાવે). રોટી સમજે રોટી? રોટી એમાં પકાવે. એવું બતાવવાનો રાગ એ પ્રસંગે ભગવાનના જન્મ કાળે આવી સ્થિહતિ હોય એટલે એવું ત્યાં બન્યા વિના રહે નહિ. વાણી વાણીની ક્રિયા કરે છે, હોં! જડ જડની ક્રિયા કરે. એમાં આત્માને કાંઈ છે નહિ.

'**ભગવાન આદિશ્વરે તેમને અસિ-મસિ અને વાણી...**' અસિ એટલે તલવાર, મસિ એટલે લખવું, વાણીજ્ય-વેપાર. '**વગેરેનો ઉપદેશ દયો.**' એ જાતનો ઉપદેશ વાણીનો યોગ હતો. વાંધા એથી કરે માણસ. ભગવાને ઉપદેશ આપ્યો કે નહિ એ વખતે? અરે..! ભગવાન! તને ક્રમની ખબર નથી. ભગવાન! એ વાણીનો ક્રમ જ્યારે હોય છે ને ત્યારે એવી જ વાણી નીકળે. એને એવો વિકલ્પ હોય છે ત્યારે વિકલ્પને કારણે નહિ. અને વિકલ્પનો પણ એનો ક્રમ છે. એવા કાળમાં ભગવાન જન્મ્યા એટલે એવો જ એને વિકલ્પ આવવાનો યોગ જ હોય. ત્યારે ઉપદેશ આપ્યો ને? આ લખાણ તો આવ્યા કે ઉપદેશ આપ્યો. ધન્નાલાલજી! પંડિતજી તકરાર કરે છે. ભગવાને ઉપદેશ આપ્યો આજીવિકાનો. માટે તમારે પણ દેવો (જોઈએ). કોણ ઉપદેશ આપે? પ્રભુ! કાલે નહોતું કહ્યું? એમાં 'અમૃતચંદ્રાચાર્યે'. કોણ બોલે છે? પ્રભુ! આ વાણી કોણ બોલે છે? શબ્દોની શક્તિથી આ ટીકા થઈ ગઈ છે. અમે એના કરનારા નથી. નરભેરામભાઈ! ઓહોહો..!

મુમુક્ષુ :- બધું એને કારણે થયું.

ઉત્તર :- ભાષાને કારણે એ શબ્દ પરિણમી ગયા. અમને વ્યાખ્યાતા બનાવીને તમે મોહમાં ન નાચશો. અમે એ વાણીના કર્તા નથી. ત્યારે આ ઉપદેશ આપ્યો તો વાણીના કર્તા હશે? કે આમ હું આપું એમ હશે? એ કાળે વાણીનો યોગ જ ભાષાના ક્રમમાં આવવાનો હોય તેવી વાણી આવે. અને આ યુગલિયા દુઃખી છે માટે લાવ હું એને (ઉપદેશ) દઉં, એ વિકલ્પ આવે એ એને કારણે પણ આવતો નથી. તો તો એ યુગલીયા કર્તા થયા અને એનો વિકલ્પ તેનું કાર્ય થયું. અને વિકલ્પ કર્તા અને ભાષા કાર્ય એમ પણ હોઈ શકતું નથી. ભારે ઝીણી વાત, ભાઈ! રાગ આવ્યો માટે આ ઉપદેશ નીકળ્યો એમ નથી. ઉપદેશને કાળે વાણીનો યોગ હોય ત્યારે નીકળે. વાણીનો યોગ ન હોય તો ન નીકળે.

ભગવાનને ૬૬ દિવસ સુધી વાણી બંધ રહી. સાંભળ્યું છે કે નહિ? મહાવીર ભગવાન.

કેવળજ્ઞાન થયું વૈશાખ સુદ ૧૦ અને વાણી છૂટી શ્રાવણ વદ એકમે. આપણે અષાઢ વદ એકમ, શ્રાવણ વદ એકમ. બે મહિના છ દિવસ સુધી વાણીનો યોગ જ નહોતો. વાણી ક્યાંથી નીકળે? ગણધર ન આવ્યા માટે ન નીકળી એમ લોકો ભ્રમ કરે છે. એમ નથી. આહાહા..! ભારે જગતની દૃષ્ટિ. એ તો ગણધરના પુણ્ય, એને સાંભળવાનો વિકલ્પ, એને એ જાતના જાણવાનો ઉઘાડ અને અહીં વાણીનું નીકળવું. અહીં શું છે? સાંભળનારને શુભરાગનો વિકલ્પ છે, એ જાતનો ક્ષયોપશમ આ સાંભળવાની યોગ્યતાવાળો છે, વાણી વાણીને કાળે નીકળે, વિકલ્પને કાળે વિકલ્પ હોય. એનો કર્તા-હર્તા આત્મા છે નહિ. ભારે વાત, ભાઈ! ટીકા કરી તો કહે અમે નહિ. એ તો મોટા પુરુષ તો એમ જ કહે ને. વળી એમ કોઈ કહે. ભાઈ મોટા પુરુષો કરે ખરા અને ના પાડે.

મુમુક્ષુ :- લઘુતા બતાવે.

ઉત્તર :- ના. ના. ના. એમ છે જ નહિ. લઘુતા એટલી કે એનો કર્તા જ આત્મા નથી. પણ ઉપદેશમાં એવા વાક્યો આવે એને વ્યવહારનયથી એમ કહેવાય કે એમણે ઉપદેશ આપ્યો. આપે કોણ? દે કોણ? લે કોણ?

અહીં તો કહે છે કે એવો ઉપદેશ દીધો '**અને બીજા પણ અનેક પ્રકારના લૌકિક ઉપદેશ દીધાં.**' એને કેમ બોલવું? કેમ શીખવું? સમજ્યાને? બધું શીખવ્યું. બે દીકરી હતી એને લીપી અને અંક લીપી આદિ શીખવી. '**પહેલાના જેવું જ સુખ થયું.**' એટલે પહેલાં કલ્પવૃક્ષ વખતે જે સાધન હતા એવું જ એને સુખ (થયું). -સુખ એની કલ્પનાનું. '**આ રીતે કર્મભૂમિ આદિમાં ભગવાન આદિનાથે કલ્પવૃક્ષનું કામ કર્યું. એથી ગ્રંથકાર એ વાતને ધ્યાનમાં લઈને ભગવાનની સ્તુતિ કરે છે કે હે પ્રભુ! જે પ્રજાઓની આજીવિકા ભોગભૂમિથી..**' રચના વખતે ભોગભૂમિની જમીનની રચનાથી સ્થાપી '**અનેક કલ્પવૃક્ષો દ્વારા થઈ એ આજીવિકા કર્મભૂમિ વખતે કલ્પવૃક્ષો વગર પણ આપે એકલાએ જ કરી દીધી. તેથી હે ભગવાન! આ કલ્પવૃક્ષથી પણ ઉત્તમ કલ્પવૃક્ષ છો.**' કલ્પવૃક્ષથી પણ ઉત્તમ કલ્પવૃક્ષ. ... હોય એ ફળ મળે છે.

હે ભગવાન! આપે આવા દાન જગતને કર્યા. એ જાતનો શુભરાગ આવે અને એ જાતનું થવાનું હોય તો થાય. અહીં પણ આત્મા કલ્પવૃક્ષ સમાન છે. ભગવાનના સાક્ષાત્ વિરહ હોય, કેવળીની વાણીના વિરહ હોય તોપણ ભગવાન એકલો આત્મા જ કલ્પવૃક્ષ સમાન છે. પોતાના સ્વભાવની સંભાળ કરતા કેવળજ્ઞાનના કાળે જે જીવો સમ્યગ્દર્શન-જ્ઞાન પામતા એવું પણ ભગવાન! આ તારા અમને અત્યારે ભરતમાં વિરહ પડ્યા. સમજાય છે કાંઈ? એ યુગલિયાને કલ્પવૃક્ષના વિરહ હતા. અમને કલ્પવૃક્ષ સમાન પૂર્ણ કેવળજ્ઞાની પરમાત્મા તારા અમને ભરતક્ષેત્રમાં વિરહ પડ્યા. પણ પ્રભુ તારા વિરહમાં પણ આવો નિશ્ચય કલ્પવૃક્ષ અમારો આત્મા છે. એનાથી અમે કામ લઈએ છીએ. કહો, સમજાણું કાંઈ?

બાપ મરી જાય તો કહે ને કે બાપાનું કામ આ કરે. અને બાપો બેઠો હોય તોય છોકરાને કહે. જા જા તું જા ને. હું તે તું છો ને. એમ કહે. હું તે તું જ છો ને. તું અને હુંમાં ફેર જુદા ક્યાં છે? કુંવરજીભાઈ! એમ કહે કોઈ વખતે. આમ તો પોતે જાતે જાય તો સંતોષ થાય. નરભેરામભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાંય હવે કામ (ન આવે). એ બધા છોકરા એને નથી થયા? એ બધા એના કરતા ડાહ્યા અને હોંશિયાર હોય. પણ આ જ્યાં હું... હું... હું... હોય ને. જ્યાં-ત્યાં મેં કર્યા, 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' કૂતરો તાણે. મગનભાઈ! શું હશે? કૂતરા જેવા જ છે ને શું છે બીજું ત્યાં? ભારે વાત, ભાઈ! નેમિદાસભાઈ!

અહીં કહે છે કે પોતે કોઈના કામ કરી શકે અને પોતે જાય તો ઓલાને ઠીક પડે અને છોકરો જાય તો ઠીક ન પડે એ વસ્તુની સ્થિતિમાં નથી. ભ્રમણાએ ઘર ઘાલ્યા. હું જાઉં તો તે મંડપની શોભા વધે. વહુરુને એકલા મોકલીએ એ કરતાં આપણે સાથે જઈએ તો વધારે થાય. હવે મફતનો પડે ને એમાં જો ત્યાં સર્પ-બર્પ કરડ્યો અને મરે ત્યાં... અરે..! હવે આ કરતા તો ન આવ્યા હોત ને. મરી પણ જાય છે કે નહિ? ઘણીવાર ત્યાં જાય ત્યાં ખલાસ થઈ જાય. અરે..! પણ તારો આત્મા કલ્પવૃક્ષ સમાન અહીં છે. એની શ્રદ્ધા-જ્ઞાનનો પ્રયત્ન કર. શું કરવું? કેટલાક વળી એમ કહે છે, લ્યો. મહારાજ! તમે કહો છો પણ અમારે કરવું શું? પણ આ શેની માંડી છે આ?

આ કહેવાય છે તેને (ઓળખે). પૃથક્ પૃથક્ તત્ત્વો, રાગ, અજીવ, આત્મા, ગુણ, પર્યાય, દ્રવ્ય જેમ જેમ છે તેને પહેલો પીછાણ, ઓળખાણ કર અને એ ઓળખાણ દ્વારા અંતર તરફમાં પ્રયત્નનો પ્રયાસ કર. એ માટે તો આ કહેવાય છે. શ્રદ્ધા તો કર પહેલી. પહેલામાં પહેલી શ્રદ્ધા કે વસ્તુ આ સ્થિતિએ પમાય એમ છે. રાગથી નહિ, નિમિત્તથી નહિ, પર્યાયના આશ્રયે નહિ. વસ્તુના આશ્રયે પમાય એવો એ આત્મા નથી. આવી જાતની રુચિ કરે તો સ્વભાવ તરફ પ્રયોગ કરી શકે. એવી પ્રથમ શ્રદ્ધા, જ્ઞાન, એનું વીર્ય એ પાક્કું એણે નક્કી કરવું જોઈએ. એકલો આત્મા પૂરું પાડી શકે એવો છે. કહો, સમજાણું કાંઈ? ૧૩ થઈ. કલ્પવૃક્ષ લખ્યા છે આમાં પણ હરિભાઈએ. દસ લખ્યા છે ને? દસ કલ્પવૃક્ષ લખ્યા છે. ચિતર્યા છે. એ એનાથી ચિતરને ને. બોલો.

**'હે ભગવન્! પૃથ્વીને સનાથ કરીને પૃથ્વીનો ઉલ્લાસ...'** લ્યો! શું કહે છે? ભગવાન અહીં આવ્યાને નીચે. ત્યારે કહે છે, આ વરસાદ વરસેને વરસાદ? ત્યારે અંકુરા થાય ને અંકુરા? પૃથ્વી ખુશી થઈ ગઈ. કહે છે કે એમ દેખતા પ્રભુ! આપ નીચે ઉતર્યાને અને અહીં આવ્યા કે આ જુઓને! આ પૃથ્વી પણ જાણે અંકુરા ફૂટ્યા હોય. નવી પરણિત સ્ત્રી હોય,

નવી પરણિત સ્ત્રી હોય અને એના રોમ રોમ જેમ ખુશ થઈ જાય છે, એમ આ પૃથ્વી પણ પ્રભુ આપના હેઠે ઉતરવાથી પૃથ્વી ખુશી થઈ ગઈ. એની અંદર આમાં અંકુરા જામ્યા ચારે કોર. એ વાત કરે છે. બોલો.

**पहुणा तए सणाहा धरासि तीए कहण्णहा वूढो।**
**णवधणसमयसमुल्लसियसासछम्मेण रोमंचो।।१४।।**

**'હે જિનેન્દ્ર! હે પ્રભુ! આપે જ આ પૃથ્વીને સનાથ કરી છે.'** ઓહો..! નહિતર નિર્ધણી હતી આ પૃથ્વી. પણ આપ ઉપરથી આવ્યા (એટલે) આ પૃથ્વી સનાથ થઈ, સનાથ થઈ. આહાહા..! સમજાણું? **'કેમ કે જો એમ ન હોત તો નવીન મેઘ વખતે શ્વાસોશ્વાસના બહાને તેનામાં રોમાંચ કેમ થાત?'** શું કહે છે? **'જે સ્ત્રી વિવાહની અત્યંત અભિલાષીણી હોય તેના જો વિવાહ થઈ જાય...'** એટલે કે તે સનાથ બને **'તો તેના શરીરમાં જેમ રોમાંચ ઉલ્લસી જાય છે અને તે રોમાંચના ઉલ્લાસથી તેની સનાથતાનું અનુમાન થઈ જાય છે.'** કે આ સ્ત્રી પરણી લાગે છે, કુંવારી નથી. એના શરીરમાં પણ એ જાતની પુષ્ટિ આદિ દેખાય છે.

તેમ હે પ્રભુ! આપ જ્યારે આ પૃથ્વી અવતર્યા ત્યારે પૃથ્વીમાં રોમાંચ થયો. એ રોમાંચ દ્વારા અમે એ વાત જાણી લીધી કે આપે આ પૃથ્વીને સનાથ કરી છે. આમ બધું થઈ ગયું ને. આખી વનસ્પતિ પાકી ને એટલે એ દ્વારા જાણે આ તો સનાથ થઈ ગઈ. એની શરીર પુષ્ટિ થઈ ગઈ, કહે છે. તારે લઈને આ બધી પૃથ્વીની શોભા છે. કહો, સમજાણું કાંઈ? એ ભગવાન પરમાત્મા સર્વજ્ઞ ત્રિલોકનાથ ચૈતન્ય ચમત્કાર કલ્પવૃક્ષ. એની જેને અંતર સન્મુખ થઈને દૃષ્ટિ-જ્ઞાન થયા એને જે ભગવાનની શ્રદ્ધાનો રાગ આવ્યો એમાં આટલો ઉલ્લાસ એને આવી જાય છે. કહો, સમજાણું કાંઈ?

ભગવાનની ભક્તિમાં મુનિઓ આમ ઉલ્લાસમાં આવી ગયા છે. હે પ્રભુ! ઓહો..! આવી ચીજ અમે જાણી નહોતી, આવી વાણી અમે સાંભળી નહોતી, આવું જ્ઞાન અમે જોયું નહોતું. આવા શ્રદ્ધાના બીજડાં ક્યાંથી ઊગે એ અમને ખબર નહોતી. પ્રભુ! આપે અવતરીને જ આ બધું કર્યું. નેમિદાસભાઈ! ભારે કરી વાત. આ પૃથ્વી ઉપર અવતર્યા ત્યારે પૃથ્વીમાં રોમાંચ ખડા થઈ ગયા. શરીરમાં રોમાંચ ખડા થઈ ગયા. એમ પ્રભુ આપની ભક્તિમાં, આત્માની ભક્તિમાં અસંખ્ય પ્રદેશે આનંદનો પ્રહલાદ રૂપી રોમાંચ ખડા થઈ ગયા. સમજાણું કાંઈ? પ્રદેશો પુષ્ટિ થઈ ગઈ. ફૂલ્યા. અસંખ્ય પ્રદેશરૂપી અમારી પૃથ્વી. પૃથ્વી છે ને સ્વક્ષેત્ર એ ભાઈ! ક્ષેત્ર કહો, પૃથ્વી કહો. આવે છે કે નહિ? 'પંચાધ્યાયી'માં આવે છે.

અસંખ્ય પ્રદેશરૂપી અમારી પૃથ્વી. પ્રભુ! આપ જ્યારે અવતર્યા, એટલે કે આપનું ભાન અમને થયું અને અમારો આત્મા શુદ્ધ ચિદાનંદ છે એમ ભાન થયું (તો) સનાથ થઈ ગયો હવે. સનાથ થયો આત્મા. સનાથ રક્ષણ કરવા તૈયાર. રાગ ને પુણ્ય ને નિમિત્તની રુચિ છૂટી

આત્માના અસંખ્ય પ્રદેશે શ્રદ્ધાનું ભાન થયું. રોમાંચ અસંખ્ય પ્રદેશે (થઈ ગયો). પ્રહલાદ-પ્રહલાદ આનંદ થયો. માટે તમે અવતર્યા ત્યારે આમ થયું એ અમારા શુભભાવની ભક્તિ. આ અમે જન્મ્યા ત્યારે અમને આમ જન્મ્યા એ ધર્મ થાય ત્યારે નવો અવતાર ગણાય છે. સાચું હશે આ? શું કીધું?

સમ્યગ્દષ્ટિનું જીવન અંતરમાં અનાદિ કાળથી નહોતું થયું તે નવું થયું. અને અમથું મુનિ આવે ત્યારે નથી કહેતા? અણગારે જાયા. અણગાર જ્યારે મુનિ ભાવલિંગી સંત થાય અણગારે જાયા. નવી દશા ચારિત્ર ઉદય થયો. ચારિત્રનો ઉદય થયો. અવતર્યો ચારિત્રમાં જ્યાં જન્મ થયો ચારિત્રનો. આહાહા..! ધન્ય... ધન્ય... ધન્ય... એ આનંદના કુંજમાં, એ આનંદની કુંજમાં જેમ આ લોકો બાગમાં ફરવા નથી જાતા? બરાબર સરખું ફરીને આમ ને તેમ ને. ફલાણે. મુંબઈમાં છે ને ઓલો મોટો બાગ ક્યો માથે? શું છે? હેંગીંગ ગાર્ડન. અંગ્રેજી શબ્દો બધા. છે ને ઓલા મલબારી ટેકરી ઉપર. હજારો માણસો. હજારો માણસો વહેલા ઉઠે. કલાક કલાક દોઢ કલાક માથે આમ ઢગલાબંધ ફરતા હોય. અને હેઠે મુંબઈ જોવે. ઓહો..! ચારે બાજુ બહુ છે ઝાડ. એક ફેરી ગયા હતા અમે ત્યાં, વહેલા ઉઠીને. શરદી થઈ ગઈ ત્યાં. ન્યાં કાંઈ ફરવાનું હતું નહિ. મલબારી ટેકરીમાં ઉતર્યા. ફરવાનું કાંઈ ન મળે. રામજીભાઈ કહે, અહીંયા છે. ત્યાં તો શરદી ઘણી હતી. એમાં લોકો ખુશી ખુશી (થઈ જાય). પણ એ તો ઢગલાબંધ આવતા બાયુ ને આદમી. આહા..! આ બધા ફૂલઝાડ.

અરે..! પ્રભુ! તારો આત્મબાગ તો અહીં છે. સમજાય છે કાંઈ? આત્મારામ, આત્માનું આરામ એ અખંડાનંદ પ્રભુ. એનો આરામનો બાગ તો તારું સ્વરૂપ છે. એની શ્રદ્ધા-જ્ઞાન થતાં અસંખ્ય પ્રદેશ ફાલી નીકળે છે. પ્રભુ અમે અવતર્યા અને તમે અવતર્યા ત્યારે અમને આ પૃથ્વીનું સનાથપણું ભાળ્યું. અમે અવતર્યા ત્યારે અમારું સનાથપણું અમને (થયું). કેટલામી થઈ? પંદરમી.

**विज्जु व्व घणे रंगे दिट्ठपणट्ठा पणच्चिरी अमरी।**
**जइया तइया वि तए रायसिरी तारिसी दिट्ठा।।१५।।**

હવે દીક્ષાને લાવ્યા. ત્યાંથી લાવ્યાને? સર્વાર્થસિદ્ધિથી (વર્ણન) કરતા કરતા કરતા. હવે ભગવાન એકવાર બેઠા હતા આમ સિંહાસન ઉપર. અને એમને દીક્ષાનો કાળ-પ્રસંગ આવ્યો. ઈન્દ્રોએ આવીને દેવીઓનો નાચ ઉતાર્યો એમાં. ઈન્દ્રોએ દેવીઓનો નાચ (ઉતાર્યો). એમાં એક દેવીની એવી સ્થિતિ હતી કે તે કાળે સ્થિતિ પૂરી થવાની.

**'હે વીતરાગ! જેવી રીતે વાદળમાં વીજળી દેખાયને નષ્ટ થઈ જાય છે તેવી રીતે નૃત્ય કરતી નિલાંજના નામની દેવીને પહેલાં દેખીને પછી તેને નષ્ટ થઈ જ્યારે આપે દેખી ત્યારે રાજલક્ષ્મીને પણ આપે તેવી જ દેખી.'** અર્થાત્ તેને પણ આપે તેવી જ ચંચળ, ક્ષણભંગુર જાણી લીધી. આ એક બીજો પ્રસંગ કહે છે. મૂળ તો ભગવાન

દૃષ્ટિ ને ત્રણ જ્ઞાન તો લઈને આવ્યા છે. પણ અત્યારે હવે એને જાતિસ્મરણ મતિનો એક ભેદ નિર્મળ થવાનો પ્રસંગ છે. એમાં ભગવાન સિંહાસન પર બેઠા હતા. એમાં ઇન્દ્રે આવીને દેવીઓનો નાચ (ઉતાર્યો). એમાં નિલાંજના દેવીની આયુષ્યની સ્થિતિ એટલી હતી. એ નાચતી નાચતી નાશ થઈ ગઈ. વાદળામાં જેમ વીજળીનો ચમત્કાર આવીને ખલાસ થઈ જાય, એમ ઓલી નાચતી નષ્ટ થઈ ગઈ. ઇન્દ્રે એના સ્થાનમાં બીજી દેવીને મૂકી. ભગવાનના ખ્યાલમાં આવ્યું કે નહિ, આ દેવી જે નાચતી હતી તે ખલાસ થઈ ગઈ. ઓહો..! આ તો એક વિશેષ વૈરાગ્યનું નિમિત્ત છે. એ નિલાંજનાને કારણે વૈરાગ્ય થયો હોય તો એને દેખનારા તો ઘણા હતા. લોકો આ નિમિત્તની તકરાર કરે છે ને. ધન્નાલાલજી! તકરાર કરે છે. દેખો! ભગવાનને નિલાંજનાને દેખીને (વૈરાગ્ય આવ્યો). નિલાંજનાને દેખવા તો લાખો હજારો માણસ બેઠા હતા. પણ ભગવાનનો ઉપાદાનનો કાળ એવો હતો.. આહા..! ક્ષણભંગુર! આમ દેવીનું નાચ, એના અંગોપાંગ, એના લૂગડાં, દાગીના આમ નાચતી હતી. સ્થિતિ પૂરી થઈ તો દેહ છૂટી ગયો. એને તો કપૂરની ગોટી. કપૂરની ગોટી જેમ વીખાઈ જાય એમ દેહ વીંખાઈ ગયો અને આત્મા પરલોકમાં ચાલ્યો ગયો. એને ઠેકાણે નાચમાં ભંગ ન પડે એથી દેવે બીજી દેવાંગનાને ત્યાં ગોઠવી. પણ ભગવાનના ખ્યાલમાં આવી ગયું. ત્રણ જ્ઞાનના ધણી છે, વિચિક્ષણ છે. ઓહો..! આ! આ રાજ ને લક્ષ્મી આવી! હવે નહિ. હવે .. એ વખતે એમને જાતિસ્મરણ થાય છે. એટલે ભવની ભાનની વિશેષ શુદ્ધિ દશા થાય છે અને વૈરાગ્ય (આવે છે). લોકાંતિક દેવો આવે છે. કહે છે, પ્રભુ! આપને ચારિત્રનો કાળ છે. દીક્ષાનો કાળ છે. એ બહાના લઈને (અહીંયાં) ભગવાનની ભક્તિ કરી છે. કહો, સમજાણું?

**'એ વખતે ભગવાન આદિનાથ આનંદથી સિહાંસન ઉપર બિરાજમાન હતા.'** એટલે આમ .. '**નિલાંજના નામની અપ્સરાનું નૃત્ય દેખી રહ્યા હતા. ત્યાં અચાનક તે અપ્સરા અંતર્લીન થઈ અને પાછી ફરીને પ્રગટ થઈ.**' અર્થાત્ '**નૃત્યુ કરતાં કરતાં નિલાંજના દેવીનો દેહાંત થઈ ગયો અને તે જ જગ્યાએ તરત જ બીજું દેવીનું રૂપ ગોઠવી દીધું. આ દૃશ્ય દેખીને ભગવાનને એવો વિચાર આવ્યો કે જેમ આ અપ્સરાનું આયુષ્ય...**' આવે દેખાવ તો ભાઈ ઘણા જગતમાં ભાળે છે લ્યો. ૨૦-૨૦ વર્ષના જુવાન અચાનક કોઈ મોટરમાં, કોઈ કાંઈમાં, કોઈ વિમાનમાં. જુઓને એવું ઘણું સંભળાય છે પંદર દિ'એ અને મહિને કે વિમાન પડ્યું, વીસ માણસ મરી ગયા, ફલાણામાં આ થયું. પણ ભડનો દીકરો એવો કઠણ. કારણ કે એવું તો સાંભળીએ છીએને. એમ કહે છે ને? એવું તો સાંભળીએ છીએ ઘણા વર્ષથી. આહાહા..!

અહીં જે ઉપાદાનની લાયકાત હતી. આમ જોયું જ્યાં.. આહાહા..! આ સ્ત્રીઓ. સ્ત્રી છે ને. ભગવાનને હજી રાગ હતો. પુત્રો છે ભરત અને બાહુબલ જેવા તો જેને પુત્રો છે. આ બધા નાચવા. અમારું શરણ અમારામાં છે. અમને ભાન છે. પણ અમને આટલો વૈરાગ્ય

નહોતો. આ નિમિત્તમાં લક્ષ જતાં વૈરાગ્ય થઈ ગયો. અંદરમાંથી વૈરાગ્ય થઈને એ વિચાર આવ્યો કે '**જેમ આ અપ્સરા તત્કાળ લીન થઈ અંતર્લીન અને બીજી પ્રગટી છે. તેમ આ રાજલક્ષ્મીનો સ્વભાવ પણ ચંચળ છે.**' તે પણ ચંચળ છે. કહો, બરાબર હશે? સ્વભાવ પણ એવો ચંચળ છે. મેઘના વાદળા ચડે. એક ક્ષણમાં વાદળું ખલાસ થઈને પાણી પડી જાય. શું થયું આ?

એવું આવે છે ને ભાઈ! કોઈ વખત મેઘને દેખીને ભગવાનને જાતિસ્મરણ થયું છે. કોઈને તારો ખર્યો. હનુમાનનું આવે છે ને? હનુમાન. હનુમાનજી હતા ને. વાંદરા નહોતા, હોં! એ તો કામદેવ હતા. એના રાજમાં, કુળમાં એની ધજામાં વાંદરાનું ચિહ્ન હતું. એના કુળમાં એ વાંદર કુળ કહેવાય. એટલે એનું નામ એવું ગોત્રનું કુળનું હતું. એ તો કામદેવ પુરુષ. જેનું રૂપ ત્રણ ખંડમાં એના જેવું છ ખંડમાં નહિ. એવું જેનું રૂપ હતું. એ હનુમાન જ્યારે આમ બેઠા છે. છે ને આપણે ત્યાં ચિત્ર છે. એક તારો ખરે છે ઉપરથી. આ શું? આ શું? એ તારો .. પ્રકાશનો પુંજ થોડીવાર દેખાઈને નષ્ટ થઈ ગયો. ઓહો..! આ બધી ઋદ્ધિ નિઃસાર સ્વપ્ના જેવી છે. અરે..! અમે આ પ્રમાદમાં અત્યાર સુધી ભૂલ્યા. અમને અંતરની દૃષ્ટિની ખબર હતી પણ આ વૈરાગ્યની અમને જાગૃતી નહોતી. આ એ નિમિત્તે વૈરાગ્ય થઈ ગયો. કેવળચંદભાઈ! એને કારણે થયો ને? ઓલા નિમિત્તવાળા વાંધા ઉઠાવે છે. દેખો! આ કારણે એને વૈરાગ્ય થયો. હવે એ દેખતા તો બધા એની પાસે બેઠા હતા. આ શું થયું? શું થયું? એમ કહેવા માંડ્યા. આ શું થયું આને? પણ તને શું થયું? અમને કાંઈ થયું નથી, અમે તો જોઈએ છીએ.

અરે..! ભાઈ! એ ઉપાદાન આત્માની જેટલી પોતાની તૈયારી હોય તે પ્રમાણે કાર્ય થાય. તેમાં ત્યારે નિમિત્ત સામી ચીજને કહેવાય. એવા નિમિત્તો ઘણા દેખ્યા પણ કાંઈ રૂવાંટુ ઊભું થાતું નથી. હમુકો ભડનો દીકરો પાકો થતો જાય છે. પાકો-પાકો. એવા કેટલાય જોયા હોય. વૃદ્ધ માણસે જોયા હોય કે નહિ? નરભેરામભાઈ! માણસ મરી જાય ત્યારે તો કેટલા જોયા હોય? કેટલાને બાળી આવ્યા હોય, લ્યો! એ જન્મ-મરણ થયા જ કરે છે. આપણે શું, એ તો થયા કરે.

અહીં તો એ સિદ્ધ કરવું છે કે ભગવાને દેખ્યું માટે વૈરાગ્ય થયો એમ નથી. પોતાને વૈરાગ્યની જાગૃતિ (આવે છે). આહાહા..! અરે..! આ સ્થિતિ! નિલાંજના જેવી દેવી એનું આયુષ્ય આ ક્ષણભંગુર! શરીર ક્ષણભંગુર, રાજ ક્ષણભંગુર, આબરૂ ક્ષણભંગુર, ખમ્મા-ખમ્મા કરનારા રાજાઓ બધા ક્ષણભંગુરો. અમે તો વીતરાગ દશા પ્રગટ કરવા અવતર્યા છીએ. જુઓ! આ સ્મરણ કરે છે પોતે. મુનિ પણ આ રીતે ભક્તિ કરે છે કે અમે પણ વૈરાગ્યમાં આગળ વધીને સ્થિરતા પૂર્ણ અમને થાય એવી જ અમે ભાવના ભાવીએ છીએ. કહો, સમજાણું કાંઈ?

**'આમ થવાથી તે વખતે તુરત જ ભગવાનને વૈરાગ્ય થઈ ગયો. તે અવસ્થાને ધ્યાનમાં લઈને ગ્રંથકાર આ શ્લોકમાં ભગવાનની સ્તુતિ કરી રહ્યા છે.'** શું પ્રભુ આપના વૈરાગ્યની દશા! શાંતિનાથ ભગવાન ત્રણ જ્ઞાનના ધણી, ત્રણ જ્ઞાન તો લઈને આવ્યા છે. દીક્ષા વખતે જાય છે, વૈરાગ્ય થાય છે. એને તો છન્નું હજારી સ્ત્રીઓ છે. છન્નું હજાર સ્ત્રીઓ પદમણી જેવી. પછી કહે છે કે સ્ત્રીઓ! અમે તમારા નથી, તમે અમારા નથી. અમે ચારિત્ર અંગીકાર કરશું. જંટીયા તાણે છે અને માથા ફોડે છે સ્ત્રીઓ. અરે..! સ્ત્રીઓ! તમને એમ લાગતું હોય કે અત્યાર સુધી તમારા રાગ અને તમારી ચેષ્ટાઓથી જો અમે રહ્યા હોઈએ એમ તમને લાગતું હોય તો એ વાત છોડી દેજો. અમને રાગ હતો ત્યાં સુધી અમે અટક્યા હતા. તમારી પ્રીતિ અને તમારી ચેષ્ટાઓ અને તમારા હાવભાવ અને તમારી આ જાતની અનુકૂળતા એને લઈને અમે અટક્યા હતા એ વાત ભૂલી જજો. ભૂલી જાવ. અમને રાગ હતો માટે અટક્યા, એ રાગ અમારો છૂટી ગયો. તમારા કારણે હવે એ રાગ ઊભો થાય એ હવે છે નહિ. અમે વનવાસ જશું. આત્માના સ્વરૂપના સાધન કરશું. અમે આ ભવે મુક્તિ થવા અવતર્યા છીએ. એ મુક્તિની પ્રાપ્તિ હવે થોડા કાળમાં જ અમે કરવાના. છૂટી જાવ, અમારા કોઈ નથી. અમે કોઈને આપ્યા નથી, અમે કોઈને રાણી તરીકે બોલાવ્યા હોય તો એ રાગ હતો તેથી. અમારે રાણી ન હોય. અમારે પુત્ર ન હોય, અમારે પુત્રીઓ ન હોય, અમારે વેવાઈ-વેવલા ન હોય. શરીર જ અમારું નથી. અમને ભાન હતું પણ અમને વૈરાગ્ય નહોતો.

.. વૈરાગ્ય જો એટલો હોય તો તો સંસારમાં રહે નહિ. અને એ રહ્યા છે એ કાંઈ બહારના સંયોગને કારણે રહ્યા નથી. પોતાનો પ્રમાદ અને રાગ (તેને કારણે રહ્યા છે). અહીં પણ જે કાંઈ કહે છે. વાંક કાઢે શું કરીએ? ભાઈ! એ છોકરાને બધું ઉપાડતા આવડતું નથી, લેતા આવડતું નથી, કરતાં નથી આવડતું એટલે અમારે રોકાવું પડે. આ તો સામાન્ય સાધારણ વાત છે, હોં! કેવળચંદભાઈ! એને બરાબર આવડે નહિ માટે અમારે રોકાવું પડે. નહિતર તો ઘણો અમને વૈરાગ્ય થાય છે, ઘણું છૂટવાનો વિચાર આવે છે. પણ આ એક જોડીએ ત્યાં તેર સંધાય. તેર તૂટે છે. સંધાય છે એટલે ઓલી મમતાના સાંધા સંધાય છે. એમાં ક્યાંય છૂટવાના આરા નથી. પણ તારે કારણે કે એને કારણે? કેમ હશે? ભગવાનજીભાઈ! એનું પણ નક્કી ન કરે અને પરને આવા નિમિત્ત અમને મળી જાય ને. અમે આમ કરશું. અમને ભાઈ, આવા નિમિત્ત મળે તો અમે વૈરાગ્ય ક્યાં નથી કરવા માગતા? સાંભળને હવે? નિમિત્તથી વૈરાગ્ય થતાં હશે કે તારાથી?

અહીં આચાર્ય મહારાજ એ વાતનો પ્રસંગ લક્ષમાં લઈ અને ભગવાનની સ્તુતિ (કરે છે). પ્રભુ! આપ તો વૈરાગ્યને પામી ગયા. એમ સારા એવા નિમિત્તો હોય તો અમને પણ વૈરાગ્ય અંદર થાય છે એમ પોતાની જાગૃતિ બતાવે છે. 'શ્રીમદ્'માં કહે છે કે નહિ? ગમે તેવા

તુચ્છ વિષયોમાં પણ.. આવે છે ને? 'ઉજ્વળ આત્માનો સ્વતઃ વેગ વૈરાગ્યમાં ઝંપલાવવું તે છે.' એ પોતાને કારણે. ગમે તેવા તુચ્છ વિષયો હોય ક્ષણભંગુર. દાંત કાઢે, કોઈ ફલાણું કરે. આહાહા..! આ શું છે? અરે..! આ આત્મા ક્યાં છે એની એને ખબર નથી. આ શું ખડ ખડ હસે અને આ શું કરે છે? આ મરી ગયો. આ દેહ છૂટ્યો, આનું આ થયું. 'ગમે તેવા તુચ્છ વિષયમાં ઉજ્વળ આત્માઓનો સ્વતઃવેગ' સ્વતઃવેગ પોતાને કારણે 'વૈરાગ્યમાં ઝંપલાવવું તે છે.' એમ ભગવાનના આત્માની ઉજ્જ્વળતાને કારણે આ પ્રસંગ દેખીને વૈરાગ્ય થઈ ગયો. એ પોતાને કારણે વૈરાગ્ય થયો. પરને કારણે થયો નથી. વિશેષ કહેશું...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૨, બુધવાર તા. ૨૪-૮-૧૯૬૦**
**ઋષભજિન સ્તોત્ર-ગાથા-૧૬ થી ૨૦, પ્રવચન-૬**

આ પદ્મનંદી પંચવિંશતિમાં ઋષભદેવ ભગવાનના સ્તોત્રનો અધિકાર છે. જેને આત્માના ધર્મની રુચિ અને દૃષ્ટિ થઈ એને ભગવાન પ્રત્યે ભક્તિ આવ્યા વિના રહે નહિ. સમજાય છે? એવો વ્યવહાર (આવે છે). આત્મા પરમાનંદ અને વીતરાગી અવિકારી સ્વભાવ છે અને ખરેખર વિકાર અને નિમિત્તનો નિષેધ થઈને સ્વભાવનું ભાન થયું એને વ્યવહારથી સ્વભાવ થાય એવી દૃષ્ટિ હોતી નથી. છતાં વ્યવહાર વચ્ચે નિશ્ચય આત્માનું જ્ઞાતાનું ભાન થતાં, પૂર્ણ પરમાત્માની દશા જેને પ્રગટી અથવા એવા ભગવાનની પ્રતિમા-મૂર્તિ, એના પ્રત્યે ભક્તિ અને આહલાદ આવ્યા વિના રહે નહિ. કેમ કે જ્યાં નય પ્રગટી, પ્રમાણજ્ઞાન પ્રગટ્યું, સ્વભાવનું ભાન થઈને પ્રમાણ નામ દ્રવ્ય અને વર્તમાન પર્યાય બેયનું જ્ઞાન થયું, એ પ્રમાણનો ભાગ જે નય એવો એક વ્યવહારનય (છે), એમાં ભગવાનની ભક્તિનો કે નિક્ષેપ પરમાત્માની મૂર્તિમાં થાય એવો વ્યવહારનય વિષયી જ્યાં પ્રગટ્યો ત્યાં એને વિષય આવો આવ્યા વિના રહે નહિ. સમજાય છે કાંઈ?

શાસ્ત્રમાં તો એવા લેખ પણ આવે છે. મુનિ આદિ ધ્યાનમાં બેઠા હોય. આ પાર્શ્વનાથનું આવે છે ને? ભાઈ! પેલાનું વિમાન નીકળ્યું. થંભી ગયું વિમાન. વંદન ન કરે, આદર ન કરે અને થંભી ગયું. ધર્માત્મા વચ્ચે ધ્યાનમાં બિરાજતા હોય અને એના ઉપરથી વિમાન નીકળે અને એનો વિનય એના હૃદયમાં ન હોય (તો એ) થંભી ગયું, અટકી ગયું વિમાન. અટકતા એને વેર ઉલસ્યું ઉલટાનું. આ કોણ છે? હું ચાલ્યો જાઉં છું આમ અને મારા વિમાનને અટકાવે છે. એણે અટકાવ્યું નથી કાંઈ ભગવાને. પણ કુદરતના નિયમમાં (એમ છે કે) જ્યાં ધર્મી જીવ છે એના શિર ઉપર ચાલવું-માથા ઉપર ચાલવું એવું એને હોઈ શકે નહિ. એમ છતાં વિમાન થંભી ગયું એટલે ઓલાનો વિરોધ કાઢ્યો. આ કોણ ઊંઘે છે? .. ઝળહળાટ માથે ભગવાન ઉપર નાખ્યા, પથરા નાખ્યા, અગ્નિઓ નાખી. ભગવાન તો પોતાના ધ્યાનમાં હતા. કેવળજ્ઞાન નહોતા પામ્યા. પાર્શ્વનાથ ભગવાન. પછી તો ધરણેન્દ્ર આદિ આવીને એને હઠાવ્યો.

એમ જેને આત્માના ધર્મનું ભાન થાય એને પ્રતિમા, ભગવાન એનો વિરોધ એની દૃષ્ટિમાં ન હોય અને તેથી તેની દૃષ્ટિમાં ભક્તિનો ઉલ્લાસ આવ્યા વિના રહે નહિ. એવા ધર્માત્મા મુનિ હોય કે ભગવાનની પ્રતિમા, મંદિરો જ્યાં હોય ત્યાં એ નીકળે અને એને વંદનનો ભાવ ન થાય અને વંદન ન કરે તો એ દૃષ્ટિ મિથ્યા છે. સમજાય છે કાંઈ? ભગવાનજીભાઈ! આ ક્યાંથી કાઢ્યો પાછો વ્યવહાર? ...ચંદજી! આખી જિંદગી જેને ભગવાની પ્રતિમા અને

મૂર્તિ પ્રેમ આવે જ નહિ અને ભક્તિનો ભાવ આવે જ નહિ. એ તો મિથ્યાદૃષ્ટિ છે. એની દૃષ્ટિ સાચી નથી. સમજાય છે આમાં કાંઈ? નરભેરામભાઈ! આ દાનનો અધિકાર નથી હોં! આ અધિકાર ભક્તિનો છે. એટલું સારું છે કહે છે. અહીં તો દાન અત્યારે તો આ ભક્તિનું જે વસ્તુનું સ્વરૂપ છે...

મુમુક્ષુ :- બેયમાં ભૂલ્યા છે એમ કહે છે એ.

ઉત્તર :- ઠીક કહે છે ઈ.

આમ આહાહા..! જુઓ! આ મુનિ છે. ભાવલિંગી સંત છે. છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલે છે અને આમ ભગવાનને યાદ કરે છે. આખું એનું જીવનચરિત્ર ઋષભદેવ ભગવાન સર્વાર્થસિદ્ધમાંથી આવ્યા ત્યારથી માંડીને મોક્ષ પધારશે ત્યાં સુધી બધી સ્તુતિ કરશે. સમજાય છે કાંઈ? તમારે શું કહેવાય? આ ફિલ્મ પાડે છે ને?

મુમુક્ષુ :- આજે જ દેખાડવાનો વિચાર છે.

ઉત્તર :- આજે દેખાડવાનો વિચાર છે. રાત્રે આ ચર્ચાનું શું થશે? સમજાણું?

ફિલ્મમાં જેમ એને બધું રૂપ બતાવે છે, એમ પોતાના હૃદયચિત્રમાં ભગવાન અહીં હતા. અરે..! પ્રભુ! આપ ઋષભદેવ ભગવાન સર્વાર્થસિદ્ધમાં હતા ને. પ્રભુ! ત્યાંની શોભા તો તમે હતા તો હતી, હોં! આહાહા..! ત્યાંથી અહીં આવ્યા. આ પૃથ્વી પર નાભિરાજાની (રાણીને) કૂંખે અવતર્યા ત્યારે પૃથ્વીને વસુમતિ નામ અપાણું. માતાની કૂંખે આવ્યા (તો) માતા બીજી સ્ત્રીઓમાં ધન્ય થઈ ગઈ. ત્યાંથી આપને જન્માભિષેક (માટે) મેરુ પર્વત ઉપર લઈ ગયા, પ્રભુ! એ જન્મ અભિષેક કરતાં એ મેરુ પર્વતે તીર્થરૂપને ધારણ કર્યું. ઓહોહો..! પહેલેથી ઉપાડ્યું છે ને. અને તેના પાણી ઉછળ્યા તો દેવો આમ વિંખાઈને આકાશમાં વ્યાપી ગયા. ઓહોહો..!

ભગવાન! અને ત્યાંથી જ્યારે આપને વૈરાગ્યના પ્રસંગ બન્યો, દીક્ષા લેવાનો પ્રસંગ આવી ગયો ને? એટલે કે અંજના, અંજના શું નિલાંજના દેવી આમ નાચતી હતી. આમ એક પછી એક ઉતાર્યું છે. આખું જીવન પરમાત્માનું હૃદયમાં ચિતરાઈ ગયેલું છે. અહીં પૂછે કે જુઓ! એને છેલ્લે શું હતું આમાં? ભગવાન ક્યાંથી આવ્યા? ભગવાન કોણ હતા? એ કહે બહુ આપણને કાંઈ યાદ નથી. છોકરો કે દિ' જન્મ્યો એની જન્માક્ષરી અમે લખી છે. ભગવાનજીભાઈ! નરભેરામભાઈ! સમજાણું? એની જન્માક્ષરી લખીને રાખી છે. બ્રાહ્મણને બોલાવ્યો હતો.

ભગવાન પરમાત્મા અરિહંત સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ, જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન એવા અરિહંતો ક્યાંથી આવ્યા? શું થયું? કેમ એને જન્માભિષેક ઈન્દ્રોએ કર્યો? ઈન્દ્રો આમ નાચી ઉઠ્યા. ઓહોહો..! કેવળચંદભાઈ! છતાં એની દૃષ્ટિમાં એ રાગ તે અંતર સાધનનું કારણ છે એમ નથી. આહાહા..! આ દુનિયાને વાંધા એ છે ને કે વ્યવહાર તે

નિશ્ચયનું કારણ છે. એ વ્યવહાર એનાથી નિશ્ચય પમાય છે. ભગવાનનો માર્ગ વ્યવહારથી વધારે મુખ્ય છે. વાત તદ્દન દૃષ્ટિ વિપરીત છે. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! બેય ચાલે છે આ તો. બે નય છે ને?

એટલે અહીંયાં જ્યારે ભક્તિના વિષયનું વર્ણન, પૂજા, દાન આદિનું ચાલે તો ભગવાનમાં અર્પાઈ જાય. ઈન્દ્રો આવીને નાચે. છતાં એ દેહની ક્રિયા તો દેહને ક્રમ કાળે થાય છે. એના કાંઈ આત્મા કર્તા નથી. પણ એ વખતે રાગ આવ્યો છે એને એ ધર્મના સાધન તરીકે, ઉપચાર તરીકે, આરોપ તરીકે કહે છે. ખરું એ સાધન નથી. અંતર સ્વભાવની એકાગ્રતા એ મારું સાધન છે. એમાં રાગની મંદતા તેને નિમિત્ત તરીકે કહેવામાં આવે. નિમિત્ત તરીકે એટલે કે એ છે તો આ છે એમ નહિ. એનાથી આ થાય છે એમ નહિ. પણ એવી ભૂમિકા આવ્યા વિના રહેતી નથી. કેમ ધન્નાલાલજી! ભારે વાંધા ઉઠવે જગત, જુઓ!

અહીં હવે આચાર્ય ક્યાં લીધું? વૈરાગ્ય થયો નિલંજનાને દેખીને. એ તો પોતાનો કાળ વૈરાગ્ય હતો. હવે જ્યારે દીક્ષા લીધી. ભગવાને દીક્ષા લીધી. ઋષભદેવ ભગવાન આદ્ય તીર્થંકર આ ભરતક્ષેત્રમાં ત્યારે પ્રભુ! આ પૃથ્વી આપના વિરહથી રડે છે. એ શ્લોસક કહે છે. બોલો. ૧૬મો છે ને.

**वेरग्गदिणे सहसा वसुहा जुण्णं व जं मुक्का।**
**देव तए सा अज्ज वि विलवइ सरिजलरवा वराई।।१६।।**

હે જિનેશ! હે પ્રભુ! '**હે દેવ! જે દિવસે આપને વૈરાગ્ય થયો...**' આહાહા..! જુઓ! વૈરાગ્યને સ્મરે છે. હે નાથ! આપે બધા પદાર્થો સ્ત્રી, કુટુંબ, પરિવાર, ભરત જેવા પુત્ર, બાહુબલી જેવા એના દીકરા, દીકરીઓ, મોટો પરિવાર, અનેક હજાર રાણીઓ. વૈરાગ્ય-વૈરાગ્ય, ઉદાસ-ઉદાસ. એ વૈરાગ્યને કાળે પ્રભુ! એ '**દિવસે આપે આ પૃથ્વીને જીર્ણ તૃણની જેમ છોડી દીધી.**' શું કહે છે? સડેલું તરણું જેમ છૂટે. ગુંગો જેમ હાથમાં આવીને છૂટે, એમ આપે આ પૃથ્વીની મમતા છોડી.

એમ કહીને કહે છે કે પ્રભુ! આત્મા પોતાના જ્ઞાનાનંદમાં લપેટ થાય છે, એકાકાર થાય છે એથી આ રાગના .. જેને પોતાના વ્યવહાર તરીકે કલ્પ્યા હતા, જેમાં મમતામાં રહ્યા હતા એને એક ક્ષણમાં આમ છોડી દીધા. હવે અમે અમારા સ્વરૂપનું સાધન કરશું. પૂર્ણ પ્રાપ્તિ માટેનો આ અવતાર છે. અમારો આ પૂર્ણ પ્રાપ્તિ, પરમાનંદની પ્રાપ્તિનો આ અવતાર છે. આ શરીર પછી બીજું શરીર અમારે નથી. ઈન્દ્રોએ આવીને અમારા જન્માભિષેક કર્યા. હવે અમને દીક્ષાના કાળ આવ્યા છે. વૈરાગ્ય થઈને અમે હવે ચારિત્ર ધારણ કરશું. એમ કહીને મુનિ મહારાજ ભગવાનની સ્તુતિ કરતાં પોતાને ચારિત્ર છે એની વિશેષ-વિશેષ પ્રતિષ્ઠા કરે છે. સમજાય છે કાંઈ?

આ રીતે જે ત્રણ જ્ઞાન તો લઈને આવ્યા અને દીક્ષા લેવા તૈયાર થયા એ ચારિત્ર

વિના એમને પણ મુક્તિ હોઈ શકતી નથી. પણ ક્યું ચારિત્ર? માણસ કહે, જુઓ! એના વિના ચારિત્ર નહિ. આ થયું... આ થયું... હમણાં વાંચ્યું હતું ને કાંઈક ભાઈએ. જુઓ! આચાર્ય થયા. જુઓ! .. પડ્યા નથી. કેટલાક અમારા મુમુક્ષુ બંધુઓ આ વ્રત, તપને ભાર કહે છે. અરે..! ભગવાન! ચૈતન્ય શુદ્ધ ચિદાનંદની જ્યાં સહજ સ્વભાવ સરળ સુલભ એવી દૃષ્ટિ ને સ્થિરતા થઈ નથી, ત્યાં એના તપ અને ક્લેશ બધા ભાર આચાર્યે કર્યા છે. સમજાય છે?

આચાર્ય મહારાજ કહે છે કે એ તપનો ભાર તું વહે છે, ભાઈ! મુનિ જંગલમાં (રહીને કહે છે). પંચ મહાવ્રતનો રાગ, હજારો રાણીનો ત્યાગ અને મહિના-મહિના અપવાસ, છ છ મહિનાના અપવાસ. આચાર્ય કહે છે કે ભાઈ! ક્લેશ અને ભાર વહન કરે છો, હોં! કેમ? એ તો રાગની મંદતાનો ક્લેશ છે. એ ભાર છે, બોજો છે, ધર્મ નહિ. આહાહા..! ધર્મ તો આમ ચારિત્ર આમ વૈરાગ્ય... વૈરાગ્ય. ધર્મ તે દુઃખદાયક નથી કે કષ્ટ સહન કરવા પડે, બહુ દુઃખ સહન કરે એને ચારિત્ર થાય અને એને ધર્મ થાય એમ છે નહિ. એમ છે કે નહિ? ..ચંદજી! આ દુનિયા એમ કહે છે, બહુ સહન કરવું પડે છે. કરી તો જુઓ તપસ્યા, કરી તો જુઓ અપવાસ. હવે ધૂળ તારા (અપવાસ), અભવિ પણ એવું અનંત વાર કરે છે.

આચાર્ય તો કહે છે.. ભાઈ! એક લેખ આવ્યો છે. ધર્મનો ભાર. એમ કરીને જૈન ગેજેટમાં લેખ આપ્યો છે. વાંચતા હતા.. એમ કે આ બધા અમારા મુમુક્ષુ આમાંથી કાંઈક સમજશે. એમ કે આ બધો ભાર છે વ્રત, તપ, ફલાણાનો. પણ એમાં આચાર્ય કહે છે કે બાપા! તારા આત્મદર્શન સહજસ્વરૂપ, .. અવિકારી, અનાકુળ ચૈતન્યની દૃષ્ટિ અને તેને એકાકાર કર્યા વિના એ રાગ ને કષાયની મંદતા અને શરીરની નગ્નતાને નભાવવા એ ભાર છે. સમજાય છે કાંઈ? બોજો (છે) અંદર. આહા..! આ કેમ નભશે મૃત્યુ સુધી? અંદર રાગ જ પોતે ભાર છે, બોજો છે. કહો, સમજાય છે કાંઈ? એવા ચૈતન્ય રાગ રહિતની દૃષ્ટિ થઈ ત્યારે પોતે ચારિત્રવંત મુનિ તો ભાવલિંગી સંત નગ્ન દિગંબર છે.

જેટલા જૈન દર્શનમાં સાચા સાધુ સંત હોય એ બધા દિગંબર જ હોય. અંતર દૃષ્ટિ આત્માની થઈ અને પછી ત્રણ કષાયનો નાશ થાય, એની દશા વ્યવહારથી બાહ્ય શરીરની તદ્દન નગ્ન જ થઈ જાય. એને વસ્ત્રનો તાણો રહે નહિ. એવી સહજ દશા બાહ્યમાં નગ્ન, અભ્યંતરમાં અઠ્યાવીશ મૂળગુણ રાગ અને અંતરમાં આત્મસ્વભાવ સ્વરૂપની, ત્રણ કષાયના નાશની અનાકુળ દશાનો આનંદ, એને સાધુ અને એને જૈનના પંચ મહાવ્રતધારી કહેવામાં આવે છે. સમજાય છે? બીજાને સાધુ તરીકે માનવા, મનાવવા, માનતાને રૂડું જાણવા એ બધા મિથ્યાદર્શનને પોષનારા છે. સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે, પ્રભુ! '**તે દિવસે આપે આ પૃથ્વીને જીર્ણ તૃણની જેમ...**' જીર્ણ તરણું એમ. સડેલું તરણું છૂટતાં મમતા રહેતી હશે? કે અરે..! આ સડેલા તરણા ઉકરડા

કેમ નાખી દીધા બહાર ખેતરમાં? એમ આખી પૃથ્વીને, સ્ત્રી, કુટુંબ, પરિવાર અમને રાગભાવ હતો એટલે એમાં અમારું લક્ષ જતું. અમે અમારા સ્વભાવની એકાગ્રતાના પૂર્ણ સાધન માટે નીકળીએ છીએ. વનવાસ અમે રહેશું. વૈરાગ્ય થયો.

**'પૃથ્વીને જીર્ણ તૃણની સમાન છોડી ત્યારથી તે દિનથી પૃથ્વી હજી પણ નદીના બહાને વલોપાત કરી રહી છે.'** આપણે સવારે નહોતા સાંભળતા ક્યાંક ઓલો કકળાટ? એવું કાંઈક છે. પાણી વહે છે, કલ કલ કલ થાતું હતું. .. એ વખતે આ યાદ કર્યું હતું, નહિ? કો'ક કહે કે કાલે આવશે આ. ધીરુભાઈએને? શું કહે છે? મહારાજ! આપ તો પૃથ્વીના ધણી નૃપતિ હતા. નૃ-પતિ, મનુષ્યના પતિ, પૃથ્વીપતિ. પત્નિઓના પતિ, ભગવાન બધાને તૃણવત જાણી આત્માના અંતર વૈરાગ્ય સાધનમાં જીવ્યા. આ પૃથ્વી નદીને બહાને વલોપાત કરે છે. શું કીધું આમાં? નરભેરામભાઈ! શું કીધું?

ઓલી નદીમાં ખળખળાટ ન થાય? ખખડાટ થાય ને આમ? અવાજ થાય ને અવાજ? ખળખળ હોય ત્યાં કલ... કલ... કલ... કલ... કલ... કલ (અવાજ થાય). એ દેખીને પણ આચાર્ય મહારાજને એ પૃથ્વીનો ત્યાગ કર્યો ને પ્રભુએ (એટલે) આ પૃથ્વી નદીના પાણીના બહાને કલ-કલ રોઈ રહી છે. સમજાય છે? અમને છોડી દીધા. અમને સડેલા તરણાની જેમ છોડ્યા. અમને મારા કરીને ભગવાને પહેલા પોષ્યા હતા. એણે મારા કરીને પોષ્યા નહોતા. પણ એ તો એમ માને ને. ઓલા બધા રાજાઓ. ભગવાને દીક્ષા લીધી. દસ હજાર રાજા સાથે હતા. બહુ સમર્થ પુરુષ. એ વખતે આ ચોવીસીના આદિપુરુષ એટલે મહાસમર્થ (હતા). પછી બીજા હજારો રાજા ખમ્મા અન્નદાતા (કરતા). એ ઊભા થાય તો ઊભા થાય, ખાવા ટાણે ખાય, વહેલા ખાવા ઉઠે નહિ. એની વ્યવહાર સજ્જનતાની મર્યાદા જે જાળવવામાં, ઊભા થાય તો ઊભા થાય. એ ઊભા હોય અને પોતે બેસી રહે એમ હોય નહિ. એવી જાળવણી જેની. ભગવાને દીક્ષા લીધી. હજારો રાજા (દીક્ષા લઈને ચાલી નીકળ્યા). આહા..! ભગવાનને ત્યાગ થાય અને હવે આપણે ઘરમાં (ન રહેવાય). દેખાદેખી, દેખાદેખી. વજુભાઈ! શું? આણે છોડ્યું, લાવને આપણે છોડીએ. આ દીક્ષા લે, લાવ ને આપણે દીક્ષા લઈએ. આના વરઘોડા મોટા થાય, સફળ એક વરઘોડે .. હાલને દીક્ષા પાળશું પછી. પાળવું હતું ક્યાં, ત્યાં ધૂળધાણી અજ્ઞાનદશા છે. કોને કહેવી દીક્ષા અને કોને કહેવી શ્રદ્ધા હજી એની તને ખબર નથી.

હજારો રાજાએ (દીક્ષા લીધી). ચાર હજાર રાજા. દેખાદેખી કરી. જ્યાં ટાણા આવ્યા. કહેવતું છે ને? 'ભૂખ્યા મરતા ભાગ ગયા.' કહે છે ને? શું કહે છે? સાધુ ચેલા બહુત ભૂખે મરતા ભાગ ગયા. આવે છે એ ભાષા. એ ભગવાનની (સાથે નીકળેલા) ચાર હજાર (રાજાઓ) હળવે-હળવે નીકળતા ગયા. વયા ગયા. આ તો ભારે.. કેટલા દિ' આપણે સહન કરવું? પંદર દિ', મહિનો, બે મહિના આ ખસતા નથી. કોઈ પંદિર દિ'એ ભાગ્યા, કોઈ મહિને

ભાગ્યા. આ તો છ મહિના સુધી ઊભા રહ્યા ધ્યાનમાં. આ શું પણ આપણે? હવે એ પહેલા એને પૂછ્યા વિના ખવાય કેમ? એને પૂછ્યા વિના ઘરે જવાય કેમ? નાગા સાથે. હળવે હળવે ચારેય હજાર રવાના થઈ ગયા. ખોટા દેખાદેખીવાળા ક્યાં સુધી ટકતા હશે? સમજાણું કાંઈ? વજુભાઈ!

એમ જેને આત્મા શું, ધર્મ શું, વ્યવહાર શું, નિશ્ચય શું, નિમિત્ત શું, ઉપાદાન શું એની ખબર નથી અને એ ખબર વિના વાડામાં આવીને ભરાય એ ક્યાં સુધી ટકતા હશે? એ ટકી શકે નહિ. ચાલો ત્યાં. પણ શું છે ત્યાં? આ ચીજ શું છે આત્મા? વિકાર શું, પર્યાય શું, ગુણ શું, દ્રવ્ય શું, સંયોગે તે તે પ્રકારની નિર્મળતા પર્યાયના કાળમાં તેને ઉચિત નિમિત્ત કેવું હોય... સમજાય છે? એવી જેને ખબરું નથી, એવા વિવેક જેને નથી એ ધર્મના શ્રવણમાં પણ ટકી શકશે નહિ. ટકી નહિ શકે, ભાગશે બાવા થઈને જાવ. ભાગો ભાઈ. આમાં તો કાંઈ બીજું છે. આમાં કાંઈ આપણને સમજાતું નથી.

આચાર્ય મહારાજ (કહે છે), પ્રભુ! આપના વિરહે પૃથ્વીઓ રોવે. આહાહા..! સમજાય છે? એને થાવ. અમારે શું? એની દીનતાને લઈને કાંઈ અમને દીનતા નથી. અમે તો પ્રભુતાના સાધનમાં ચડ્યા છીએ. અમે છોડ્યું પણ નથી અને મૂક્યું પણ નથી. સમજાણું કાંઈ? કોને કોણ છોડે? કોને કોણ મૂકે? એ ચીજ ક્યાં તેનામાં હતી? અમને જરી રાગ હતો એથી એને નિમિત્ત-નિમિત્ત સંબંધનો વ્યવહાર લાગુ પડતો. અમને રાગ ગયો, એ ચીજો સાથે સંબંધ અમારો તૂટ્યો. એ રોવે તો અમારે કાંઈ છે નહિ. એમ અહીંયાં આચાર્ય કહે છે કે દુનિયા અમારા આત્મધર્મની ચારિત્રદશાના વર્ણનમાં ન સમજે અને નાગા દેખીને દુનિયા પ્રતિકૂળ થાય. એ રોવે તો એને ઘરે. અમારે કાંઈ છે નહિ. સમજાણું કાંઈ?

**'નદીમાં જળનો પ્રવાહ વહે છે ત્યારે તે કલ.. કલ.. શબ્દ થાય છે. તેને અનુલક્ષીને...'** એને અનુલક્ષીને **'ગ્રંથકાર ઉત્પ્રેક્ષા કરે છે કે હે પ્રભુ! આ નદી જે કલ કલ શબ્દ કરી રહી છે તે કલ કલ શબ્દ તેનો નથી. પરંતુ આ પૃથ્વીના વિલાપનો તે કલ કલ રવ છે.'** કલ કલ રવ છે. રવ-અવાજ. કલ કલ-રવ અવાજ થાય છે, આમ કલ... કલ... કલ... કકળાટ કરી મૂકે. અરેરે..! પ્રભુ! અમને મૂકીને ચાલ્યા ગયા? પૃથ્વી કલ કલ કરે છે, હોં! ઓલી નદીને બહાને. આહાહા..! આંસુ વહાવે છે. આંસુ. રોવે. અમને કંઈ નથી, ભાઈ! માણસ મરી જતો હશે પછી ઓલા રોવે ત્યાં ઊભો રહેતો હશે? અરે..! બાપા! પણ અત્યારે મરી ન જવાય. હમણાં ચુરમાના લાડવા કર્યા છે. હજી અમે ખાધા નથી.

મુમુક્ષુ :- મરી ગયા પછી..

ઉત્તર :- ત્યાં ન ખવાય એ વખતે. એ વખતે તો પછી દાબી રાખો. સાંજે ન ખવાય. લાડવા ન ખવાય. કોણ જાણે પછી છોકરાને કહે, ખાઈ લ્યો, ખાઈ લ્યો, જાવ.

મુમુક્ષુ :- થોડું મોડું જાહેર કરે.

ઉત્તર :- મોડું જાહેર કરે. ત્યાં સુધી દાબી રાખો. શું કહે? મડદાને ઢાંકી રાખો. મડદાને ઢાંકી રાખો. અરે..! તને કકળાટ આવતો નથી કે આહાહા..! આ ચીજ જાય છે અને હું પણ કેટલો કાળ રહેવાનો છું? અહીં કહે છે કે દુનિયા અમારે માટે પ્રતિકૂળતાના રવ શબ્દો કાઢે અમને એનું કાંઈ છે નહિ. કહો, સમજાણું કાંઈ?

**'કેમ કે જે દિવસે આપને વૈરાગ્ય થયો તે દિવસે આપે આ બિચારી પૃથ્વીને સડેલા તરણાની માફક છોડી દીધી. આપ તેના નાથ હતા એથી આપના દ્વારા એવું અપમાન થતાં...'** પૃથ્વીને અપમાન લાગ્યું. પોતે કરે છે.. અમે અમારા સ્વભાવના સાધનમાં આવીએ છીએ. અમને કોઈ પદાર્થમાં મમત્વ અમારે હોઈ શકે નહિ. અમારે સંબંધ ન હોઈ શકે. '**વિલાપ કરી રહી છે. બીજું કોઈ કારણ નથી.**' સમજાણું? નદી કરી છે ને કંઈક વહાણ કર્યું છે અંદર.

૧૭મી.

**अइसोहिओ सि तइया काउस्सग्गट्ठिओ तुमं णाह।**
**धम्मिक्क धरारंभे उब्भीकयमूलखंभो व्व।।१७।।**

હે ભગવાન! હવે ક્યાં લીધું? દીક્ષા તો લીધી. હવે ભગવાન ધ્યાનમાં ઊભા છે. ત્યાં લીધી વાત. પછી (વાત) ઉતારતા ઉતારતા કાયોત્સર્ગ કર્યો. આ કાયોત્સર્ગ અત્યારે કરે છે ... જાણેણં.. એ નહિ. સમજાય છે? તાહુકાય ઠાણેણં... શું તાહુકાય? હજી ભાનેય નથી તને. કાયા શું, વાણી શું? મન શું? કેમ એનાથી ખસાય અને રાગ પણ છોડ્યો છૂટે નહિ એવું મારું સિદ્ધ સ્વરૂપ છે. એવા સ્વભાવના ભાન વિના કાયોત્સર્ગ હોઈ શકે નહિ.

'**હે નાથ! જ્યારે આપ કાયોત્સર્ગ સહિત બિરાજમાન હતા...**' ધ્યાનમાં. ચૈતન્યની દૃષ્ટિ એની અવસ્થાની દૃષ્ટિ અંતરમાં મૂકીને, અંદરમાં ઝૂકાવીને ગુમ થતા હતા અંદર. કાયોત્સર્ગ. કાયા ને રાગ ને કાર્મણ ને તૈજસ. તૈજસ ને ઔદારિક ત્રણેયનું આપને લક્ષ નહોતું. આપ તો લક્ષના ધ્યેયમાં ચૈતન્યને પકડીને ધ્યાન કરતા હતા. ત્યારે '**ધર્મરૂપી ઘરના નિર્માણ માટેના ઊંડા મૂળ સ્થંભની જેમ આપ અત્યંત શોભાયમાન છો.**' ધર્મના થાંભલા. પ્રભુ! આપ (સ્તંભ સમાન છો). મોટું મકાન હોય ને? એનો વચ્ચેનો થાંભલો હોય ને? એમ આપ ધર્મના સ્તંભ જેવા દેખાતા હતા. હરિભાઈએ ન્યાં નાખ્યું છે. ઓલું બાહુબલીજીનું છે ને ચિત્ર. જે જે ઠેકાણે જોઈએ ત્યાં નાખવું જોઈએ ને. એ તો કળાબાજ છે ને. કહો, સમજાણું કાંઈ? શું કીધું?

આખા ઘરમાં એક થાંભલો હોય ને મોઢ? અમથોય તો આ ખોટા હોય એને પણ કહે થાંભલા તો, હોં! નરભેરામભાઈ! એમ પણ કહે, ગધેડાની જેમ માથે ધોકા પડતા હોય તોપણ કહે. અમે આ ઘરના થાંભલા છીએ. નથી કહેતા ત્યાં? શું કહેવાય? ખળામાં દાણા

કાઢે ને? ખળામાં દાણા. ખળા સમજો છો? અનાજનું ... ત્યાં આમ મોટું લાકડું હોય લાકડું. એને આધારે બધો એ માંડવો ટક્યો હોય તો અનાજ અંદર પડ્યું રહે. એવો શાસ્ત્રમાં પાઠ છે. એમ પ્રભુ! આપ આમ ધ્યાન કરતા હતા. ધર્મના સ્તંભ, ધર્મના થાંભલા આપ હતા. એ ધર્મને ટકાવવા માટે આપ સ્તંભરૂપ પ્રભુ ઊભા હતા. જુઓ! બાહુબલીજી. જોયું છે? શ્રવણબેલગોલા. બાહુબલીજીની ૫૭ ફૂટની મૂર્તિ. એનો આ ફોટો નાખ્યો છે. એટલો વૈરાગ્ય દેખાય, એટલી પુણ્યતા દેખાય. નરભેરામભાઈ! બાબરા અને કુંડલાના ઘર બધા જોયા છે કે નહિ? બેય ગામના. અને દામનગર.

શ્રવણબેલગોલા. ભગવાન બાહુબલીજી ત્યાં આમ ઊભા છે. ઓહોહો..! એ તો કોઈ અજાયબી ચીજ! આમ નીરખીને જાણે એમ થઈ જાય.. આહા..! નિર્વિકલ્પ ધ્યાનના થાંભલા, આમ ચડ્યા છે અંદરના ધ્યાનમાં. એને વેલડી વીંટાઈ ગઈ છે, ખબર પણ નથી. ખબરું નથી. ધ્યાનમાં મસ્ત છે. સમજાય છે? ૫૭ ફૂટની મોટી મૂર્તિ છે. ઓહો..! છેટેથી ક્યાંયથી એનું મસ્તક દેખાય છે.

એમ ભગવાન ૠષભદેવ ભગવાન એમના પિતા ધ્યાનમાં હતા. પ્રભુ! આપ તો ધર્મના થાંભલા. ઓહો..! ચારિત્ર એ ધર્મ છે ને? એ જ અહીં કહે છે. ચારિત્ર જ્યાં આપે લીધું અને ધ્યાનમાં આ ધર્મનો સ્તંભ ત્યાં થઈ ગયો. ઠરીને શીતળ હીમ થઈ ગયા, પ્રભુ! આમ રાગથી ખસી સ્વરૂપની ધારા છઠ્ઠે ગુણસ્થાને આપ બિરાજો વિકલ્પ જ્યારે એને છોડીને, ઠરીને ધ્યાનમાં મસ્ત છો એ ધ્યાનની પ્રશંસા કરે છે. સમજાણું કાંઈ? છઠ્ઠે ગુણસ્થાને તો પંચ મહાવ્રતનો રાગ હોય પ્રમાદનો. એ સારો હોય તો એને છોડીને ધર્મસ્થિરતા કેમ કરે? એ જો આત્માનું સાધન હોય તો એને છોડીને સ્થિરતા કેમ કરે? ચારિત્ર અંદરમાં સ્વસ્વરૂપમાં રમતા. સમજાણું? ‘કલ્પવૃક્ષ સમ સંયમ કેરી જહાં શીતલ છાયા.’ એ ચારિત્રની દશા તો મનુષ્યદેહમાં અંતરની દૃષ્ટિ કરીને સ્વરૂપમાં આમ ઠરે એને ચારિત્ર કહે છે. આ લોકો લૂગડા છોડ્યા કે લૂગડા ફેરવ્યા અને કાંઈક ઉઘાડે પગે ચાલ્યા અને ઊના પાણી પીધા અને આ દીક્ષા છે. દીક્ષા નથી દખ્યા છે. સમજાણું કાંઈ? દખ્યા થયા, દખ્યા મોટા વધારે. અનંત સંસાર વધારશે સમુકો. આહાહા..! બાપુ! તને ચારિત્રની ખબર નથી. ચારિત્ર તો આમ શરીર, વાણી, મનથી ભિન્ન દૃષ્ટિ થઈ ગઈ, પુણ્ય-પાપના રાગથી ભિન્ન થઈ ગઈ અને ચારિત્ર પ્રગટ્યું સ્વરૂપની રમણતાના આનંદમાં. એવું ચારિત્ર પૂરુષ વિના હોઈ શકે નહિ. સ્ત્રીને ચારિત્ર હોઈ શકે નહિ કોઈ દિ’ ત્રણ કાળ ત્રણ લોકમાં. સમજાય છે કાંઈ? એવી ચારિત્રની દશા પુરુષનો દેહ હોય ત્યાં દેહાતીત થઈને દૃષ્ટિ કરીને ઠરે છે એને ધર્મ ને ચારિત્ર હોય. બીજાને ચારિત્ર હોતા નથી.

કહે છે, આપ તો ઊંચા ધર્મના થાંભળા. ઊંચા એમ કહ્યું પાછું, હોં! ‘**ઊંચા સ્તંભની જેમ આપ અત્યંત શોભતા હતા.**’ હે ભગવાન! જ્યારે આપ કાયોત્સર્ગ મુદ્રાસહિત વનમાં

ઊભા હતા. .. આ મારા શ્રાવક ને આ મારા ખેતર ને આ અમારા પુસ્તક ને આ અમારા ભંડાર ને આ અમારી.. ત્યાં શ્રદ્ધાના પણ ઠેકાણા નથી હજી તો. હજી તો સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર કોને કહેવા? સાચા દેવ કોને કહેવા? સાચા ગુરુ ચારિત્રવંત કોને કહેવા? સાચા શાસ્ત્ર કોને કહેવા? એની જેની ઓળખાણની શ્રદ્ધા નથી અને એમાં ગોટા ઉઠાવે (એ) મિથ્યાદષ્ટિ જીવ છે. એને વળી ત્યાગ કેવા ને દીક્ષા કેવી ને ચારિત્ર કેવા? કહો, સમજાણું કાંઈ? કેવળચંદભાઈ! ઝીણી વાતું છે, ભાઈ! કહે છે ને, 'આનંદ કહે પરમાનંદા માણસે માણસે ફેર. એક લાખે તો ન મળે ને એક ત્રાંબિયાના તેર.' એમ વાતે વાતે સત્ય અને અસત્યનો ફેર છે.

સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્માનું કહેલું ચારિત્ર, કહે છે કે ધર્મનો થાંભલો! આમ ઠરી ગયા છે. પેલો વિકલ્પ ઉઠે એ ચારિત્ર નહિ, એમ કહે છે. પંચ મહાવ્રત, અહિંસા, સત્ય, દત્તની વૃત્તિ ઉઠે છે એ ચારિત્ર નહિ, દેહની નગ્નતા ચારિત્ર નહિ. ઓહોહો..! પ્રભુ ધર્મના સ્તંભ. 'કુંદકુંદાચાર્ય' ધર્મના થાંભલા. જેણે ધર્મના સ્તંભ રોપ્યા, કલ્પવૃક્ષ રોપ્યા આ ભરતક્ષેત્રમાં... આ ચારિત્રના પ્રણેતા અમે ઊભા. 'પ્રવચનસાર'માં બે અધિકાર જ્ઞાન અને જ્ઞેયનો અધિકાર કરી અથવા જ્ઞાન અને દર્શનનો ... જ્યાં ચારિત્રનું વર્ણન કરે છે કે ચારિત્રદશા શું અને ચારિત્રની ભૂમિકામાં કેવા વિકલ્પોની જાત હોય અને શરીરની કેવી જાત નગ્ન આદિ હોય એનું વર્ણન કરતા પહેલાં ધર્મ એટલે ચારિત્રના પ્રણેતા, ચારિત્ર કેવું હોય તેનો નિશ્ચય કેવો હોય, તેનો વ્યવહાર કેવો હોય, તેમાં અસદ્‌ભુત તરીકે નગ્ન દશા પણ કેવી હોય, એના જાણનાર પ્રણેતા કહેનારા આ અમે ઊભા. સમજાય છે કાંઈ? એમ અહીંયાં આચાર્ય... આવે છે ને? ઉત્તમચંદભાઈ! 'પ્રવચનસાર'માં. એકવાર એની ઓળખાણ તો કરે કે ચારિત્ર કેવા હોય અને સમ્યગ્દર્શન વિના ચારિત્ર કેવા? અને ચારિત્ર વિના એ મુનિપણાના નામ ધરાવવા એ બધા રખડવાના રસ્તા છે. ચોર્યાશીના અવતારમાં નિગોદ-નરકના સાધક બધા છે. એને આત્માની ચીજની ખબર નથી.

કહે છે, વનમાં થંભી ગયા આમ. ચૈતન્ય અસંખ્ય પ્રદેશી અનંત ગુણનું ધામ. (એમાં) ગયા અંદર, ઠરી ગયા. સમજાય છે? જ્યાં ચૈતન્ય ત્યાં સર્વ ગુણ કેવળી બોલે એમ. એ ત્યાં આગળ પ્રગટ અનુભવો આત્મા નિર્મળ કરો સપ્રેમ. પ્રેમની પ્રીતિ, રુચિથી ઠર્યા અંદર. વિકલ્પ ઉઠે દયાનો, પરને ન મારું. ના, એ રાગ પણ ધર્મ નહિ. એ રાગ પણ ચારિત્ર નહિ. પંચ મહાવ્રતના ભાવ એ ચારિત્ર નહિ. સ્થિર થઈ ગયા એ ચારિત્ર. એમ કહેવા માગે છે. ચારિત્રની ઓળખાણ આપીને પોતાના ચારિત્રમાં પ્રશંસના પોતે પોતાની કરે છે. ભગવાનની પ્રશંસા કરે છે.

**'આપ આ ધર્મરૂપી ઘરને ટકાવવા માટે મુખ્ય સ્તંભ છો.'** લ્યો! **'જેમ મૂળ થાંભલાને આધારે ઘર ટકી રહે છે તેમ આપના દ્વારા જ આ ધર્મ વિદ્યમાન હતો.'**

આપે ધર્મ સાધન કર્યું અને આપે એવી કથનશૈલી કેવળીમાં કરી. અહીં તો હજી ચારિત્ર સુધીની વાત કરે છે.

**हिययत्थझाणसिहिडज्झमाण सहसा सरीरधूमो व्व।**
**सहइ जिण तुज्झ सीसे महुयरकुलसंणिहो केसभरो।।१८।।**

હવે ધ્યાનના કાળે ઓલા વાળ દેખાય છે ને કાળા? એ વાળને દેખીને ભગવાનને કહે છે, હે નાથ! એ વાળ નહિ, હોં! આપને નિર્જરા થાય છે એ અમને જણાય છે એમ કહે છે, ભાઈ! આપના કર્મ બળે છે એ અમને ખબર પડે છે. આમ દર્શનપૂર્વક જ્યાં સ્થિરતા થઈ છે ત્યાં કર્મના ભૂક્કા ઊડે છે. અને કર્મ સળગ્યા એમાંથી ઉઠ્યો ધૂમાડો, એ આ ધૂમાડો આવીને દેખાય છે. સમજાણું કાંઈ?

**'હે પ્રભુ! આપના મસ્તક પર ભ્રમર સમાન કાળા વાળનો જે સમૂહ છે તે એવો શોભિત દેખાય છે કે જાણે આપના હૃદયમાં શુદ્ધ ધ્યાનરૂપી અગ્નિ...'** આનંદકંદને ધ્યેયને પકડી અને ઠરી ગયા છો એ **'અગ્નિથી ભસ્મિભૂત કરવામાં આવેલ કાર્મણ શરીરનો ધૂમાડો ઊડતો હોય.'** એ કાર્મણ શરીરના રજકણો ધૂમાડા ઉડે છે, કહે છે. બળીને રાખ થાય છે. ઓહોહો..! પાછું કહ્યું કે કેવું ધ્યાન કર્મને બાળે. આ ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... કરે, લ્યો! બહુ ધ્યાન સારું. શું ધૂળનું ધ્યાન હતું? ણમો અરિહંતાણ એ તો શુભરાગ છે. એ તો પુણ્યબંધનનું કારણ છે. નિર્જરા-બિર્જરા નથી ત્યાં. એય..! નરભેરામભાઈ! આ શું કહેવું એને અવાજ નથી નીકળતો, લ્યો!

ઓહોહો..! માળા જપે છે. ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... દેહ છૂટી ગયો. ઓહોહો..! સમાધિ મરણ. તને શી ખબર પડે સમાધિમરણનું શું સ્વરૂપ હોય? એ તો અભવિને પણ એવું (હોય). જેને એક ભવ ઘટે નહિ એવા અભવિ પણ ભગવાનનું સ્મરણ (કરે છે), ણમો અરિહંતાણં. શુભભાવ (છે). દેહ છૂટે. જાય સ્વર્ગ પુણ્યાદિ હોય તો. ચાર ગતિમાં રખડે. એને ધ્યાન કહેતા નથી. એને ધર્મધ્યાન અને ચારિત્ર કહેતા નથી. ચારિત્રમાં ધ્યાન કેવું હોય? એકાગ્ર થવાથી કર્મના રજકણો બળી જાય. બળે એટલે પર્યાય ફરે. અને જાણે ધૂમાડો થઈને માથામાં દેખાતો નજરે પડે કે પ્રભુ! આપની ધ્યાનાગ્નિ સળગી છે અંદર. ઓહો..! ખબર પડતી હશે? અહીં તો કહે, ખબર ન પડે, ભાઈ! આપણને કાંઈ ખબર ન પડે. આપણને નિર્જરા થાય કેટલી, શુદ્ધિ થાય કેટલી. આ તો પરની માટે વાત કરે છે.

બેઠા છે ધ્યાનમાં પ્રભુ. કાળા વાળ દેખાય છે. તીર્થંકરના શરીરમાં તો કોઈ દિ' વૃદ્ધાવસ્થા આવે જ નહિ. એને વાળ ધોળા ન હોય, વૃદ્ધાવસ્થા ન હોય, ચામડી .. પડે નહિ. કુંવરજીભાઈ! એના શરીર મોળા ન પડે. આ કહીએ છીએ ને કે ઓળખાણ કરે, શ્રદ્ધા-જ્ઞાન કરે તો એવા શરીર રાગ રહી ગયો એમાંથી આવે. એના માટે વાત થાય છે? આમ ભગવાન વૃદ્ધાવસ્થા

જેવા દેખાય એટલે ઉંમર મોટી હોય તોપણ એનામાં વૃદ્ધાવસ્થા દેખાય નહિ. એ જ કહે છે કે કાળા વાળ. લ્યો, કેટલા વખતે ..ની દીક્ષા છે? ૮૩ લાખ પૂર્વ. ૮૪ લાખ પૂર્વનો એક ભાગ રહી ગયો. એક લાખ પૂર્વ. ૮૩ લાખ. એટલા ભાગ ગયા. જેમ ૮૪ વર્ષનું આયુષ્ય હોય અને ૮૩ વર્ષે બહાર નીકળે તો કેટલો ભાગ રહી ગયો? એમ ૮૩ લાખ પૂર્વ ગયા. એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ અને ૫૬ હજાર કરોડ વર્ષ જાય છે. એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ અને ૫૬ હજાર કરોડ. એવા એવા ૮૩ લાખ પૂર્વ રહ્યા. કેટલા દીકરાના દીકરા અને કેટલી રાણી કેટલું. ... કહે છે કે પ્રભુ! આપના વાળ તો કાળા હતા, હોં! એમ કરીને શરીરમાં વૃદ્ધાવસ્થા પણ નહોતી (એમ કહે છે). ઓહોહો..! કુંવરજીભાઈ! આ ૮૪ વર્ષનું આયુષ્ય હોય ને તો ૮૩ વર્ષે સંસાર છોડે તો એક વર્ષ બાકી હોય તોય કાળા ને કાળા વાળ રહે. નેમિદાસભાઈ! અહીં તો ધોળા થઈ ગયા છે અહીં બધા. અહીં ધોળા થઈ ગયા છે. આ ભગવાન ૮૩ લાખ પૂર્વે નીકળ્યા, શરીર તો જાણે યુવાન હોય અને કાળા વાળ આમ ભ્રમરની જેમ ચક્કર મારીને પડ્યા હોય. પ્રભુ! અમને તો એમ દેખાય છે ને. આપ રાગના વિકલ્પથી છૂટી અને નિર્વિકલ્પ ધ્યાનમાં પડ્યા એ કર્મના ધૂમાડા થઈ ગયા અને માથે દેખાય છે. સમજાણું કાંઈ?

(સંવત) ૧૯૭૬માં એક વાત થઈ હતી ને, કીધી હતી ને એક ફેરી? ..માં હતા ને, મગનભાઈ. છોટાભાઈ! ઓલા મગનભાઈ નહોતા મગનભાઈ અને વજુભાઈ બે. દશાશ્રીમાળી. ૧૯૭૬માં પહેલા વહેલા ગયેલા.

મુમુક્ષુ :- ...ના ભાઈ?

ઉત્તર :- હા. ભૂરાભાઈના બાપા મગનભાઈ.

૭૬ની સાલ. પહેલા વહેલા વીરમગામથી ત્યાં ગયા. ત્યાં સામા આવ્યા બધા માણસો. પ્રેમ તો (ખરો ને). બધું નામ તો સાંભળેલું ને. ૭૬ની વાત છે. કેટલા વર્ષ થયા? ૪૦. ૪૦ થયા? નહિ ૪૨. ૪૦-૪૦ બરાબર છે. ૨૪ ને ૧૬. ૪૦. સામા આવ્યા બધા. મગનભાઈ કહે, મહારાજ! જંગલમાં એક નદી હતી એને કાંઠે એક દેરી હતી. ઢાંકણાવાળી. આમ દેરી ખુલ્લી અને માથે ઢંકણ અને ચાર થાંભલા. અહીં મહારાજ રહેવું છે? આ હજી ગામમાં જિંદગીમાં (પહેલી વાર) આવ્યા અને આ બોલે છે શું? હશે કાંઈક, કીધું. ગામમાં ગયા પછી વાત. અહીં રહેવું છે? મહારાજ! ગામમાં ગયા. એક આવ્યા. કહે, મહારાજ! મેં તો તમને જીંદગીમાં જોયા નથી પણ રાત્રે સ્વપ્નામાં આવ્યા હતા ને તમને એક લંગોટી ભાળી અને શરીર આવું ભાળ્યું હતું, લ્યો. એ તો એમ બોલ્યા હતા, સાધુ મેં ભાળ્યા. એ તો લંગોટીને સાધુ કહેતા ને. અને આવી રીતે નગ્ન સાધુ... ૭૬ની વાત છે. ભાળ્યા. અને હું પછી આમ ધ્યાન કરતો હતો વિચાર અંદર ત્યાં ઓલા પરમાણુ મને ભળાતા હતા અંદર ખસ્યા એ. ધોળા ખરવા માંડ્યા. ઈ કેમ હશે? કીધું, એમ ન દેખાય, ભાઈ! પણ વિચારમાં

માણસ વિચાર કરે, એકાગ્ર થાય. એ કરે. વાંચન-બાંચન ખરું. તત્ત્વની તો વાત હતી ક્યાં? શુભભાવમાં સંવર ને એ બધી વાતું ચાલતી.

અંદર આમ કરતા અહીંથી જાણે પરમાણુ ધોળા ખરી જાય છે. એવો પ્રશ્ન કર્યો. નરભેરામભાઈ! પણ એવો વખતે લીધો હોય એને ખબર પડે ને? કીધું, ભાઈ! એ પરમાણુ ખરે એ નજરે દેખાય નહિ. કાર્મણના પરમાણુ બહુ સૂક્ષ્મ છે. એ નજરે દેખાય નહિ. અહીં તો કહે છે કે અમે દેખીએ છીએ તમારા ધ્યનામાં કર્મને બળ્યા, ધૂમાડેપણે નીકળ્યા એ બળી ગયા છે એને દેખીએ છીએ. ઓહોહો..! આ નિર્જરા થાય અને શુદ્ધિ વધે એની ખબર પડે કે નહિ એમ કહે છે. ધન્નાલાલજી! સમજાય છે? આહાહા..!

ભાવલિંગી સંત જે ધર્મના થાંભલા, એ ભગવાનની આમ સ્તુતિ કરતા આહલાદમાં ભગવાનને જાણે નજીકમાં ઉભા હોય (એમ દેખીને કહે છે), પ્રભુ! આપ તો ધ્યાન કરો છો ને. જુઓ! આ ધ્યાન છે. લે, એલા પણ એ તો ક્યાંય મોક્ષમાં પધાર્યા છે. એ તો મોક્ષમાં પધાર્યા છે. ભલે પધાર્યા પણ કઈ સ્થિતિથી પધાર્યા એનું અમે સ્મરણ કરીએ છીએ. એનું અમે જ્ઞાન કરીએ છીએ. કોઈ દેહની ક્રિયાથી કર્મ ખપતા નથી એમ કહે છે. દયા, દાન, વ્રત, તપના ભાવનો વિકલ્પ એ રાગ કહેવાય. એનાથી કર્મ-બર્મ ખપતા નથી. અને સમ્યગ્દર્શન વિના, ચારિત્ર વિના પણ કર્મ ખપતા નથી.

કહે છે, પ્રભુ! એ ગ્રંથકાર ઉત્પ્રેક્ષા કરે છે કે હે પ્રભુ! આપના મસ્તક ઉપર જે આ વાળોનો સમૂહ (છે) તે વાળોનો સમૂહ નથી, હોં! લે. વાળ છે તે વાળ નથી. પરંતુ વૈરાગ્ય સંયુક્ત આપના હૃદયમાં જે ઝળહળતા ધ્યાનરૂપી અગ્નિ વડે. ઝળહળતા અગ્નિ એકાગ્ર થઈ. બળબળતી અગ્નિ, ઝળહળતી અગ્નિ. ભાષા હોય છે ને બધી? કકળાટવાળા પરિણામ. એ કકળાટનું આવ્યું હતું, હોં! કકળાટનું. ૧૭૨માં આવે છે. એ ભાષા છે ને બધી? લહલહતો શેરો અને કળકળતું પાણી છે ને એવી ભાષા કે નહિ?

અહીં કહે છે કે એવા ઝળહળતા ધ્યાનરૂપી અગ્નિ વડે ભસ્મ કરવામાં આવેલું જે આપનું કાર્મણ શરીર તેને તે .. છે. પ્રભુ! આપ અશરીરી થવાના. એ અશરીરીનું સાધન કરો છો એ કાર્મણ શરીર બળતું જાય છે, બળી જાય છે. એ નવા કાર્માણ શરીરનું કારણ છે. શરીર-બરીર આપને ભવિષ્યમાં રહેવાનું નથી. કાર્મણ સળગવા ઉઠ્યું છે.

**कम्मकलंकचउक्के णट्ठे णिम्मलसमाहिभईए।**
**तुह णाणदप्पणे च्चिय लोयालोयं पडिप्फलियं।।१९।।**

આહાહા..! હવે ધ્યાનનું ફળ કેવળજ્ઞાન લાવ્યા. સર્વાર્થસિદ્ધિથી ઉપાડ્યું છે. આખું જીવન ખ્યાલમાં તરવરે છે. '**હે જિનેશ!**' હે પ્રભુ! '**નિર્મળ સમાધિના પ્રભાવથી...**' જુઓ! આ પ્રભાવ કીધો. કોઈ પંચ મહાવ્રતના વિકલ્પ દ્વારા કે નગ્ન દશા દ્વારા કે અપવાસની ક્રિયા દ્વારા એ કર્મ ખપ્યા નથી. પણ '**નિર્મળ સમાધિના પ્રભાવથી ચાર ઘાતિ કર્મોનો નાશ**

**થતાં...**' ભગવાનને ઓળખ્યા. એ ભગવાનને ઓળખ્યા. પ્રભુ! આવા ચાર કર્મ નાશ થયા એની આ તારી વાણી છે. અમે વાણીને ઓળખીએ અને તને પણ ઓળખીએ. કહો, સમજાણું કાંઈ?

'**ચાર ઘાતિ કર્મોની...**' જુઓ! અસ્તિતા સ્થાપી. કર્મનો આપે નાશ કર્યો '**છતાં આપના સમ્યગ્જ્ઞાનરૂપી દર્પણમાં...**' લ્યો! દર્પણ આવ્યું, ભાઈ! '**આલોક તથા અલોક પ્રતિબિંબિત થવા લાગ્યા.**' એવું પ્રભુ કેવળજ્ઞાન, આત્માની સમાધિ, શાંતિ એમાં ઠરતાં પુણ્ય-પાપના મહાવ્રત અને અવ્રતના રાગરહિત થઈ, સ્વભાવમાં ઠરતાં એના પ્રભાવથી ચાર ઘાતિ કર્મનો નાશ થયો, કેવળજ્ઞાન એવું પ્રગટ્યું કે આમ દર્પણમાં જેમ દેખાય વસ્તુ સામે, એમ આપના ચૈતન્ય દર્પણમાં લોકાલોક પ્રતિબિંબિત થાય છે. લ્યો, આવું કેવળજ્ઞાન હોય છે એમ સિદ્ધ કરે છે. હમણાં દાખલો આપ્યો હતો ને, ભાઈએ. ફૂલચંદજીએ. આપણે શક્તિમાં પણ આવશે, હોં. સમજાણું?

'**લોક અને અલોક પ્રતિબિંબિત થવા લાગ્યા...**' કોઈ બાકી ન રહ્યું ભગવાનના જ્ઞાનમાં એમ કહે છે. એક સમયમાં ત્રણ કાળ અને ત્રણ લોક ભૂત, ભવિષ્ય ને વર્તમાન, ઊર્ધ્વ, મધ્ય અને અધો અને અલોક ખાલી. અનંત દ્રવ્ય, અનંત ક્ષેત્ર, અનંત કાળ, અનંત ભાવ, અનંત ભવ જગતના. આપના જ્ઞાનમાં બધા આવી ગયા. આપના જ્ઞાનમાં નોંધ છે, ત્રણ કાળ ત્રણ લોકની. ઓહો..! સમજાણું? '**જ્યાં સુધી આ આત્માનું અખંડજ્ઞાન, કેવળજ્ઞાન પ્રગટતું નથી ત્યાં સુધી તે લોકાલોકના પદાર્થને જાણી શકતો નથી.**' એક વાત એ કરી. '**પણ જ્યારે તેને કેવળજ્ઞાન પ્રગટે છે ત્યારે તે લોકાલોકના પદાર્થોને જાણવા લાગે છે.**' લ્યો! આ લોકો હજી રાડ પાડે. ના, ભગવાન ન જાણે. ભગવાન પરને ન જાણે, ભગવાન તો સ્વને જાણે.

સવારમાં આવ્યુંને કે આત્મદર્શનમય હજી બાકી છે. બધું જાણવું કે દેખવું એ તો આત્મદર્શન અને આત્મજ્ઞાનમય શક્તિનો વિકાસ એમાં છે. પરને લઈને એમાં ક્યાં છે? એ પોતાનો સ્વભાવ, સર્વજ્ઞશક્તિથી ભરેલો છે. એની જે પ્રતીત અને શ્રદ્ધા થઈ છે, ભાન થયા, એમાં ઠર્યા, ચાર ઘનઘાતિ (કર્મનો) નાશ થયો. કેવળજ્ઞાન થયું. લોકાલોક, દર્પણમાં જેમ જણાય એમ જણાય. જુઓ! આ અરિહંતપદની અને કેવળજ્ઞાનની ઓળખાણ. અહીં તો હજી (એમ કહે), એમાં ન જણાય. ભગવાને જો બધું જાણ્યું હોય તો છેલ્લી મારી પર્યાય કઈ એ ભગવાન કહી દે. કહો, છેલ્લી પર્યાય મારી. એલા પણ છેલ્લી પર્યાય (હોય) તો પછી દ્રવ્ય પણ ન રહ્યું. આહાહા..! અને આ બધા ત્યાગી નામ ધરાવનારા પાછા. જો ભગવાને ત્રણ કાળ જાણ્યા હોય તો ભૂતકાળની મારી પહેલી પર્યાય કઈ હતી એમ જણાવી દે. નહિ-નહિ. સામાન્ય જાણ્યું છે, બધું ભિન્ન ભિન્ન પાડીને જાણ્યું નથી.

અહીં કહે છે કે ભિન્ન-ભિન્ન પાડી ત્રણ કાળ ત્રણ લોક જાણ્યા વિના રહ્યા નથી. ત્રણ

કાળ જાણ્યા તો ત્રણ કાળનો અંત આવી ગયો જ્ઞાનમાં, તો ત્યાં પણ અંત આવી જાય છે. એમ નથી. ત્રણ કાળ ત્રણ લોક ખ્યાલમાં આવ્યા છે. દર્પણમાં જેમ બીજી ચીજ જણાય, દર્પણ જડ છે. દર્પણ જડ છે એને ખ્યાલ નથી કે મારામાં પ્રતિબિંબ કોણ થાય છે? ચૈતન્યદર્પણ? જ્ઞાયક જ્યોત છે. આત્માનું પુણ્ય-પાપના રાગથી ખસી સ્વરૂપનું ધ્યાન કર્યું ત્યારે કેવળજ્ઞાન થયું એમાં લોકાલોકના પદાર્થો પ્રતિભાસે છે. કોઈ બાકી રહેતા નથી. કહો, સમજાણું?

**'પ્રભુ! જ્યારે તેને કેવળજ્ઞાન પ્રગટે છે ત્યારે તે લોકાલોકના પદાર્થને જાણવા લાગે છે. આવા સમ્યગ્જ્ઞાનની પ્રગટતા તેરમા ગુણસ્થાને જ્યારે પ્રકૃષ્ટ ધ્યાન વડે ચાર ઘાતિયા કર્મનો નાશ થાય ત્યારે થાય છે.'** લ્યો! તેરમે ગુણસ્થાને. ગુણસ્થાન તેરમું. ત્યારે વળી કેટલા ગુણસ્થાન હશે? એ તો આંકડો તો આવડતો હશે. એમાં કાંઈ પૂછવાનું ન હોય. એવું પૂછીને શું કરે એ તો? તપાસ થાય. એનું શું છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તો તો ઠીક પડે. સો એ સો માર્ક મળે. ઓલો એકેય માર્ક મળતો નથી.

આમાં કહે છે કે, ભગવાન! આપને તેરમી ભૂમિકા પ્રગટી આત્માની દશા. ચોથી ભૂમિકા સમ્યગ્દર્શન લઈને આવેલા, મુનિ થયા તો છઠ્ઠું સાતમું, કેવળ થયું ત્યારે તેરમું. બધા ગુણસ્થાનની દશા કેવી હોય એ પણ એના ખ્યાલમાં આવી ગઈ છે. એ વખતે પ્રભુ, આપને સમ્યગ્જ્ઞાનની જ્યોત પ્રગટી. સમ્યગ્જ્ઞાન તો હતું પહેલેથી. પણ પૂર્ણ પ્રગટ્યું. કોઈ ચીજ જાણ્યા વિના રહી નહિ. એ ધ્યાન વડે ઘાતિયા કર્મનો નાશ થતાં આપ સમસ્ત લોકાલોકના સારી રીતે જ્ઞાતા થયા. ગુજરાતી છે ને આમાં. લોકાલોકના બધી સારી રીતે. સારી રીતે. કોઈ બાકી રહ્યું નહિ. આવું કેવળજ્ઞાન, આવું સર્વજ્ઞપદ પ્રભુ આપને પ્રગટ્યું. ક્રોડાક્રોડ સાગરોપમ થયા પણ અમને ખાત્રી છે કે આપ કેવળજ્ઞાની હતા. કહો, સમજાણું?

**आवरणाईणि तए समूलमुम्मूलियाइ दट्ठूण।**
**कम्मचउक्केण मुयं व णाह भीएण सेसेण।।२०।।**

આહાહા..! જુઓને! હવે શું વાત લીધી? પ્રભુ! આપને ચાર કર્મનો નાશ થયો. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત બળ, અનંત વીર્ય પ્રગટ્યું. હવે ચાર કર્મ જે બાકી રહ્યા ને, (એ) બળી દોરડીવત મરેલા પડ્યા છે. કહે છે ને? વાંધા ઉઠાવે છે ને બેમાં? નહિ, ચાર ઘાતિકર્મ બળી દોરડીવત ન હોય. હોય તો એટલા અટક્યા છે. બળી દોરડીવત ન કહેવાય. એમ એ સંપ્રદાયમાં કહેવામાં આવે છે. એમ નથી. 'શ્રીમદ્'માં આવે છે ને અપૂર્વ અવસરમાં. ચાર અઘાતિ કર્મ બળી દોરડી વત્. બળી દોરડી એટલે બળી દોરડી સમજો છો? .. આકારમાત્ર પડ્યો છે. યોગ્યતા પોતાની છે એટલે પોતે રહ્યા છે અને કર્મ તો મડદા જેવા રહ્યા, મડદા જેવા રહ્યા એમ પણ સાથે વાત (કરે છે).

**'હે જિનેન્દ્ર પ્રભુ! આપે જ્યારે જ્ઞાનાવરણાદિ ઘાતિયા કર્મોને મૂળમાંથી સર્વથા**

**નાશ કરી દીધા...**’ મૂળમાંથી કાઢી નાખ્યા. ‘**ત્યારે તે સર્વથા નષ્ટ જ્ઞાનાવરણાદિ કર્મોને બાકી રહેલા ચાર અઘાતિયા કર્મો પણ ભયને લીધે આપના આત્મામાં મરેલા જેવા થઈ ગયા છે.**’ આહાહા..! કઈ શૈલીએ વાત કરે છે! નાશ થયા કે થયા મરેલા પડ્યા છે હવે. અઘાતિ તો મડદા. હજી વળી સંપ્રદાયમાં આમ પણ કહે, ભગવાન ચાર અઘાતિ કર્મને લઈને રહ્યા. પૂર્વે એમણે જોગ સેવ્યો હતો. એનાથી બંધાણા કર્મ, એ કર્મના ફળ તરીકે એને રહેવું પડે છે. એમ નથી. પોતાની યોગ્યતા એટલી છે, ચાર કર્મ બળેલા મડદાં જેવા પડ્યા (છે). મરી ગયા એ હવે ઊભા થવાના નથી. એને જોર આપે. ચાર અઘાતિનું જોર. જુઓ! એમાં વેદનીને લઈને આમ થાય, આયુષ્યને લઈને એટલું રહેવું પડે, ફલાણાના ગોત્રને લઈને આમ થાય, નામ કર્મને લઈને. અહીં તો આચાર્ય પ્રભુ કહે છે, એ તો બળેલા છે. મરી ગયેલા ભાળું છું. ચાર કર્મનો નાશ કર્યો એટલે બાકી રહેલા તે મડદાં છે.

‘**જ્યારે જ્ઞાનાવરણાદિ ચાર...**’ નામ છે ને ..ચાર? ‘**ચાર કર્મોનો સર્વથા નાશ થઈ જાય.**’ સર્વથા હોં! થોડો (પણ) બાકી નહિ. ‘**ત્યારે બાકીના વેદની, આયુ, નામ અને ગોત્ર એ ચાર અઘાતિ કર્મો પણ બળે છે.**’ હિન થઈ જાય. ‘**એ આશયને મનમાં રાખીને ગ્રંથકાર ઉત્પ્રેક્ષા કરે છે કે હે ભગવાન! આપના આત્મામાં અઘાતિકર્મો જે મૃત જેવા અસત્વ થઈને પડ્યા છે. તેમની અસત્વતાનું કારણ એ છે કે જ્યારે આપે અત્યંત પ્રબળ ચાર ઘાતિયા કર્મો હતા.**’ જોરદાર હતા. ઘન ઘાતિ કહે છે ને એને. આત્માને કાંઈ ઘાત કરતા હશે કે નહિ? એક દ્રવ્ય બીજા દ્રવ્યને કંઈ ઘાત કરે એ ત્રણ કાળમાં બને નહિ. એ તો નિમિત્તના કથન છે. આત્મા પોતાના જ્ઞાન, દર્શન, વીર્ય ને આનંદની દશાની હીણારૂપે પરિણમન થાય ત્યારે તે ચાર કર્મ અઘાતિને નિમિત્ત તરીકે ઘનઘાતિ બળ્યા પછી બાકી રહી ગયા. એ ઘાતિયા કર્મોને પણ નાશ કરી નાખ્યો. ‘**ત્યારે તે અઘાતિ કર્મો અત્યંત ભારે ભય થયો...**’ લ્યો! ‘**કે અમને પણ હવે નિર્મૂળ કરી નાખશે. આ કારણે તે અઘાતિ કર્મો મરેલા જેવા અસત્વ થઈને જ આપના આત્મામાં રહ્યા છે.**’ સમજાણું કાંઈ?

‘શ્રીમદ્’ કહ્યું ને એમાં? ‘દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો, તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે.’ સમજાણું? આત્મા રાગ ને પુણ્યના ભાવથી ભિન્ન ભાનમાં આવ્યો, એ જ રીતે પ્રક્ષીણ સ્વરૂપની એકાગ્રતા કરતાં ચારિત્રમોહને પ્રક્ષીણપણે નાશ થતાં વિલોકીએ છીએ. તેથી પણ હોં! સ્વભાવના સાધન દ્વારા ચારિત્રમોહ પણ પ્રક્ષીણ થતાં જોવે છે. ભગવાનને કહે છે, પ્રભુ! આપના ચાર ઘાતિ કર્મ નાશ થયા, અઘાતિને મડદા જેવા અમે ભાળીએ છીએ. એમાં મોટા વાંધા. કોઈ કહે કે આમ છે ને કોઈ કહે આમ છે. અરે..! ભગવાન સાંભળ તો ખરો. એ અઘાતિ કર્મોનો સમયે સમયે જે ઉદય આવે છે ને? એને તો ભગવાન ‘કુંદકુંદાચાર્ય’ કહે છે કે ક્ષાયિક કહીએ છીએ. ક્ષાયિક જ કહીએ છીએ. ક્ષણે ક્ષણે નિર્મળતા વધતી જાય

છે. પડ્યા એ તો મડદા જેવા છે. એ કાંઈ ઊભા થઈને આત્માને નુક્સાન કરે આનંદને, જ્ઞાનને એવું કાંઈ છે નહિ. મોહ હતો ત્યાં સુધી અઘાતિને નિમિત્ત તરીકે કહેવાતા. મોહ ટળ્યા પછી એની કોઈ સામર્થ્ય રહ્યું નહિ. એમ કરીને ચાર અઘાતિ બાકી રહ્યા એના લક્ષને અનુલક્ષી કરીને પણ ભગવાનની સ્તુતિ (કરી છે). અને સ્વરૂપ આવું હોય છે અને એના ભક્તો ભક્તિ કરનાર આ રીતે શ્રદ્ધા-જ્ઞાન કરે છે અને એને બહુમાન આવે છે. તેમ વર્ણવી રહ્યા છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૩, ગુરુવાર તા. ૨૫-૮-૧૯૬૦**
**ઋષભજિન સ્તોત્ર-ગાથા-૨૧ થી ૨૬, પ્રવચન-૭**

આ ઋષભદેવ ભગવાનની સ્તુતિ ચાલે છે. આ આત્મા જેને પૂર્ણ પર્યાયપણે પ્રગટ થયો એવા પરમાત્માને સાધ્યમાં, લક્ષમાં લઈને આ સ્તુતિ કરવામાં આવી છે. કેમ કે જેને આત્મધર્મ પામવો (હોય) અને પામ્યા હોય એમાં સર્વજ્ઞ પરમાત્મા તે નિમિત્ત રૂપે દેવ તરીકે હોય છે. જેને આત્માની દિવ્યશક્તિઓ આત્મપદાર્થમાં પડી છે એની જેને ભક્તિ જાગી છે એટલે શક્તિવાન એવો જે આત્મા, એની જેને અંતરમાં ભક્તિ નામ રુચિ નામ પ્રીતિ નામ પરિણમન થયું છે એને નિશ્ચયભક્તિ કહેવામાં આવે છે. એટલે સાચી ભક્તિ. એને સર્વજ્ઞ પરમાત્મા પૂર્ણ દેવ જેને દિવ્ય શક્તિ પ્રગટ પૂર્ણ વર્તમાનમાં વર્તે (છે) એના પ્રતિ ભક્તિનો રાગ, ઉલ્લાસ, પ્રેમ, પ્રતીતિ, પ્રીતિ આવ્યા વિના રહે નહિ અને એની ઓળખાણ પણ એને-ધર્મી જીવને હોય.

સ્તુતિ કરતા આચાર્ય મહારાજ ઋષભદેવ ભગવાન આ ભરત ક્ષેત્રમાં આદ્ય હતા ત્યાંથી એમની સ્તુતિ કરી છે. એ ભગવાન ઋષભદેવનો આત્મા સર્વાર્થસિદ્ધમાં હતો ત્યાંથી આવ્યા. ત્યાંથી એની શરૂઆત કરી છે. (ઈ) કરતાં અહીંયાં ક્યાં સુધી આવ્યું? પહેલું તો (કહ્યું), હે નાથ! આપ સર્વાર્થસિદ્ધમાં હતા. ત્યાં આપને લઈને એ વિમાનની શોભા હતી. એ આપ જ્યારે અહીંયાં પૃથ્વીતળ ઉપર નાભિરાજને કુળે આવ્યા, એની શોભા નષ્ટ થઈ ગઈ છે. પ્રભુ! આપને લઈને શોભા હતી ત્યાં. આપ અહીંયાં આવ્યા તો કુળની શોભા આપને લઈને થઈ. અને માતાની શોભા પણ આપ પેટમાં આવ્યા (તો) એ માતા પણ બધી સ્ત્રીઓમાં ઊંચામાં ઊંચી ગણતરીમાં આવી અને એને પટબંધ બંધાણો કે જ્યાં તીર્થંકર ત્રણ લોકના નાથ જેના પેટમાં આવે એ સ્ત્રી એક, બે, ભવ કરીને મુક્તિ પામે એવી જેની લાયકાત હોય. ભગવાનને કારણે નહિ. નેમચંદભાઈ! ભગવાનને કારણે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હવે તો ઘણું થયું આ જુઓને, જૈન તત્ત્વમિમાંસા. સમજાણું કાંઈ?

ભગવાનનો આત્મા જ્યાં માતાના પેટમાં (આવ્યો), એનો આત્મા અલ્પ ભવે મુક્તિ પામે એવો જ હોય. માતાને પણ ધન્ય છે. પછી પ્રભુ! આપને જન્માભિષેકમાં લઈ ગયા એ મેરુ તીર્થપણાને પામ્યો. તેથી હું તો એમ માનું છું કે જ્યોતિષીના દેવો આપનો જન્માભિષેક ત્યાં થયો તેથી તેની પ્રદક્ષિણા દઈ રહ્યા છે. કહો, સમજાણું કાંઈ? એમ ભક્તિના ગુણમાં સ્મૃતિમાં આવતા એના ગુણો પ્રત્યે જ્યારે ઉલ્લાસ આવે એટલે આવી ભક્તિ થયા વિના રહે નહિ. ત્યાંથી પ્રભુ જ્યારે આપ અહીંયાં આવ્યા અને ક્રમે જ્યારે વૈરાગ્ય થયો, વૈરાગ્ય

થયો. નિલાંજના દેવીની આયુષ્યની સ્થિતિ પૂરી થતાં આપ સિંહાસનમાં બેઠા હતા. આપે જોયું કે ઓહો..! આ દેવીની સ્થિતિ પૂરી થઈ. આ બધું વિનશ્વર છે. એવો લક્ષ કરીને આપે વૈરાગ્ય કરી અને આ સંસારને છોડી દીધો.

એ સંસારને છોડતાં, પ્રભુ! આ પૃથ્વી, જ્યારે આપે સડેલા તરણા સમાન પૃથ્વીને જાણી અને છોડીને વીતરાગ વૈરાગ્યપણે થયા ત્યારે આ પૃથ્વી નદીને બહાને કલકલ કરીને રોવે છે આ. નેમચંદભાઈ! જ્યાં હોય ત્યાં એ ભક્તિ ભાળે. આપના વિરહે પૃથ્વી રોવે, પ્રભુ! આપના વિરહ અમને પડ્યા, પૂર્ણ સર્વજ્ઞ દશાના અમને વિરહ અને આપ સર્વજ્ઞપદને પામેલા એનો વ્યવહારે અમારે વિરહ. સમજાય છે? એનો અમને હે નાથ! ખેદ વર્તે છે. અહો..! આવા ભરતક્ષેત્રમાં જન્મ્યા, એમાં અમારી પૂર્ણ દશાની પ્રાપ્તિના અમને વિરહ છે. અને આ પૂર્ણ પ્રાપ્ત પુરુષનો પણ અમને ભરતક્ષેત્રમાં વર્તમાન વિરહ પડ્યો. એ માટે આ પૃથ્વી રડે (છે). પ્રભુ! અમને ખેદ એનો થાય છે. ઓહોહો..! કહો, સમજાય છે કાંઈ? દુનિયાની ચીજ નાશ થાય, એમ એમાંથી અમારે કાંઈ નથી. એ તો બધી ક્ષણભંગુર છે. સમજાય છે? પછી કહ્યું હતું ને કે આમ શક્રેન્દ્ર જ્યારે આપની સ્તુતિમાં નાચ કરતા હતા, હાથ પહોળા (કર્યા) ત્યાં વાદળા તૂટી ગયા. ખંડ ખંડ રહ્યો એ ક્ષણભંગુરે રહ્યો છે. એમ ભગવાન આત્મા રાગ ને પુણ્યના વિકલ્પની રુચિ છોડીને સ્વભાવની દૃષ્ટિ કરતાં એ કર્મો બાકી (રહ્યાં) તે ક્ષણભંગુર નાશવાન જેવા રહ્યા છે.

પછી (સ્તુતિ) કરતાં (કહે છે), નાથ! આપે ચાર ઘાતિ કર્મનો નાશ કર્યો અને સમ્યક્ કેવળજ્ઞાન પામ્યા. ચાર અઘાતિ રહ્યા એ મડદા જેવા રહ્યા હવે. એણે જાણ્યું કે આ ચારને મારી નાખ્યા મોટા જોધાને. આપણે શું હિસાબમાં? મર્યા જેવા, બળી દોરડી જેવા અઘાતિ કર્મ પડ્યા છે. એ છેલ્લું ત્યાં સુધી આવ્યું છે.

૨૧મી ગાથા. હવે સમવસરણમાં ભગવાન બિરાજે છે એને ઉદ્દેશીને ભક્તિનો વિકલ્પ વર્ણવે છે. ભગવાન સમવસરણમાં પૂર્વના પુણ્યને લઈને જે ધર્મસભા ઈન્દ્રો આવીને રચે છે, એનું લક્ષ કરીને એ સિંહાસન આદિ પુણ્યનું ફળ અને એમાં મુનિઓ આદિ બિરાજે છે, એના આપ નાયક અને શોભાની અંદર શણગાર છો. એને લઈને મુનિઓની બધાની શોભા છે. એ ઉદ્દેશીને વાત કરે છે. ૨૧.

**णाणामणिणिम्माणे दव ठिओ सहसि समवसरणम्मि।**
**उवरिं व संणिविट्ठो जियाण जोईण सव्वाणं।।२१।।**

**'હે જિનેન્દ્ર!'** હે પ્રભુ! **'ચિત્રવિચિત્ર મણિઓથી જેની રચના કરવામાં આવી હતી.'** સિંહાસન. મહા ઈન્દ્રો રચે છે સમવસરણ-ધર્મસભા. એ રચાઈ જાય છે અને ઈન્દ્ર કહે છે, પ્રભુ! આ તો કોઈ આપના પુણ્ય જ રચી નાખે છે. અમને આવી ખબર નહિ એવું આ રચાઈ જાય છે. એ પૂર્વના તીર્થંકર પ્રકૃતિનો પુણ્યનો ઉદય આવ્યો છે તે કાળે

ત્યાં કેવળજ્ઞાન પ્રગટ્યું છે. બેય સાથે છે. એથી જ્યાં ઈન્દ્રો આમ રચે છે ધર્મસભા.. ઓહોહો..! આપના પુણ્ય પણ શું! અને આપને પૂર્ણ આનંદદશાની પવિત્રતાની પ્રાપ્તિ આશ્ચર્યજનક છે. બેય આશ્ચર્યજનક છે. એમ ઈન્દ્રને પણ ત્યાં લાગે છે.

કહે છે, '**મણિઓથી જેની રચના વિચિત્રથી સિંહાસન થયું છે એવા સમવસરણમાં...**' એવું સમવસરણ. આખું સમવરણ. સાધારણ પુણ્યના પ્રાણીને એનું સમવસરણ કેવું હોય એનો ખ્યાલ નથી આવતો. કેટલાક તો એમ કહે કે એ બધી શાસ્ત્રમાં અતિશય યુક્તિ કરીને વર્ણન કર્યા છે. આહાહા..! અરે..! તને ખબર નથી, ભાઈ! જ્યાં આત્માનું સ્વરૂપ અંતરના ચૈતન્યના ખજાના રાગ ને જ્ઞાનની એકતાબુદ્ધિ તોડી અને આત્માનું ભાન થયું એમાં એ ભૂમિકામાં જે શુભરાગ હોય એને એમાં તીર્થંકર થવાને લાયક જે દ્રવ્ય હોય, એના પુણ્યના પરિણામ એને જે આવે અને એના બંધનમાં તીર્થંકર પ્રકૃતિ થતાં એના ફળની અતિશયતા અત્યંત પ્રગટી છે.

સમવસરણ આમ.. સાધારણ (માણસ) કહે, ના ના. એ તો આમ છે ને તેમ છે. ઘણા માણસો જૈન સંપ્રદાયમાં જન્મીને પણ આવા સમવસરણ આદિની વિશેષતાની અતિશયતા શ્રદ્ધામાં લેતા નથી. એ તો બધું એક સારા પુરુષ હોય અને એને માથે આમ હોય, સારી ખુરશીએ બેસાડ્યા હોય અને માથે છત્ર તડકો પડતો હોય ને હાલતા હોય તો છત્ર રાખે એવું ભગવાનને હશે. નરભેરામભાઈ! ભાળ્યું નથી, બાપા! તેં આત્માના ચમત્કાર જોયા નથી. જેના અંતર્મુહૂર્તે ભગવાન આત્મા અખંડાનંદ જાગતો શ્રદ્ધા જ્ઞાનમાં જાગ્યો, એના પુણ્યના પરિણામ અનંત કાળમાં નહિ થયેલા એવી જાતના હોય છે. અને એના પુણ્યના બંધનમાં પણ તીર્થંકર પ્રકૃતિના પરમાણુ એને અનંત કાળમાં એ પર્યાયપણે પરિણમ્યા એવું હોતું નથી. અને એના ફળરૂપે આમ મણિરત્નથી બનેલું સમવસરણ. પ્રભુ! એક તો પુણ્યનું ફળ વર્ણવ્યું.

બીજું. આપ જ્યારે સમવસરણમાં બિરાજતા હતા એમાં જેટલા મુનિઓ હતા. ઓહોહો..! સંતો, દિગંબર મુનિઓ આત્મધ્યાનમાં મસ્ત, અસંખ્ય વર્ષના આંતરે પણ રહેલા એને આચાર્ય મહારાજ આમ નજીક-સમીપતા કરે છે. ભગવાન તો મોક્ષ પધાર્યા છે અત્યારે તો. પણ સમવસરણની હયાતીની સત્તાની સમીપતામાં જ્યારે હું બેઠો છું, એમ કરીને વર્ણન કરી રહ્યા છે. ભગવાન એ મુનિઓ હતા. એ '**સમસ્ત મુનિઓ ઉપર બિરાજમાન એવા આપ અત્યંત શોભાને પ્રાપ્ત થતાં હતા.**' આપની શોભા. આમ મુનિઓના ટોળા, ગણધરો, ચાર ચાર જ્ઞાનના ધણી. અંતર્મુહૂર્તમાં દિવ્યધ્વનિ સાંભળી અને બાર અંગની રચના કરવાની જેની તાકાત, એવા સંતોના ટોળા મહા અપ્રતિહત દર્શન-જ્ઞાન-ચારિત્રને આરાધન કરનારા, એવા મુનિઓના ટોળામાં પ્રભુ! આપ એવા શોભતા... એવા શોભતા... આપની સભામાં તો એ જ હોય. સમજાય છે કાંઈ?

આ ગોળા મારતા હોય ને આ બધા નથી અંદર? એ સભામાં એવા હોય. રાજા પાસે

આ બધા મુખ.. ભેગા નથી થતાં? નરભેરામભાઈ! આ સાધારણ હોય ને કોઈ પાંચ, દસ હજાર, પચાસ હજાર, લાખ, બે લાખ મળતા હોય એ રાજા. એની પાસે .. રચાયેલી હોય. ઓલી નહોતી વાત કરતી. રીંગણા બહુ સારા. રાજાને કીધું ને. રીંગણા સારા નહિ... રીંગણા સારા નહિ... એમ રાજાએ કહ્યું. ત્યારે દિવાન બધા એના મુખ્ય મંડળી હોય ને કહે, હા સાહેબ. બીજે દિવસે કહ્યું કે રીંગણા સારા નહિ. એમાં બગાડ થાય, એમાં જીવાત હોય. કહે હા, સાહેબ. આજ કેમ આ? અમે રીંગણાના બાપના નોકર છીએ? આપ કહો એમ અમે કહીએ. પણ શેના કહીએ? કુંવરજીભાઈ! એ બધા માખણીયા ચોપડે, હોં! બધા માખણ ચોપડે. આ ફલાણા આમ છે, અમારા રાજા આવા, અમારા શેઠિયા આવા, અમારા ઢીકણા આવા. બહારથી માખણ અને અંદરમાં સમજતા હોય (કે) છે મોટો મૂરખ. વજુભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એનો રાજા તો હુશિયાર (હતો). પણ એ ગાંડો થઈ ગયો છેવટે એનું મગજ ફરી ગયું ને એવું થઈ ગયું હતું. એમાં દસ લાખનો તાલુકો.. ગયો ત્યાં આમ આંખમાંથી આંસુ વયા ગયા. હાય હાય. થઈ રહ્યું .. ગયો. પરાધીન.. પરાધીન. પ્રભુ! એ સંતોના ટોળામાં આપની શોભા, હોં! એ આ મુખમંડળીયા અને વિકથા કરનારા અને પાપને માનનારા મિથ્યાદૃષ્ટિ જીવો, એની સભાના આપ નાયક ન હો.. ન હો. આપના સાધક જીવો એની આપની શોભા એથી શોભતા હતા કે વાહ!

એમ કહે છે કે અમારા સાધક સ્વરૂપ અમે આત્માના સ્વરૂપને સાધીએ છીએ, એમાં સાધ્યની શોભા પૂર્ણાનંદની પ્રાપ્તિ એની શોભા છે. એને સાધ્યને લઈને આ સાધકપણું શોભે છે. હેમચંદભાઈ! જુઓ! આ મુનિઓ સ્તુતિ કરે છે આ. ૨૧ થઈ. ૨૨.

**लोउत्तरा वि सा समवसरणसोहा जिणेस तुह पाए।**
**लहिऊण लहइ महिमं रविणो णलिणि व्व कुसुमड्ढा(ड्ढा)।।२२।।**

'**હે ભગવાન!**' હે પ્રભુ! '**જેવી રીતે પુષ્પમાં સ્થિત કમલિની...**' એ પુષ્પનો વેલો મોટો. સમજાણું? '**કમલિની સૂર્યના કિરણો પામીને વિશેષ-અધિક મહિમાને પ્રાપ્ત થાય છે.**' વેલો હોય કમળનો અને એ કમળ ખીલ્યા હોય. એ ખીલ્યામાં પણ સૂર્યના કિરણ નિમિત્ત થાય ત્યારે તે કમળ ખીલી નીકળે છે, આમ ખીલી નીકળે છે. સૂર્ય.. કમળ. '**તેવી રીતે જોકે સમવસરણની શોભા સ્વભાવથી જ લોકોત્તર હોય છે.**' એ રચના અલૌકિક! એ વખતના પરમાણુની પર્યાયો એ ભગવાનના પુણ્યનું નિમિત્ત અને નૈમિત્તિક અવસ્થાનો કાળ તેનો ત્યાં જ એ પરિણમે. એ એના પુણ્યનું નિમિત્ત છે અને ત્યાં ઉપાદાન તે પ્રકારે થવાનું છે. પુણ્યવંત પ્રાણી મકાન કરાવે ને? એ મકાનની શોભા બીજી જાતની થાય. અને પાપીના મકાન કરે ત્યારે આપણે આમ ધાર્યું હતું, પણ આ સારું ન લાગ્યું, હોં! આ ભણકાર આવે છે આમાં. આમાં આમ થાય છે... આમાં આમ થાય છે. એના મકાનમાં પણ ફેર

પડે. એમ કહે છે, પ્રભુ! આપના કોઈ પુણ્ય એવા કે જ્યારે સમવસરણમાં આપ બિરાજતા હતા ત્યારે... તેવી રીતે સમવસરણની શોભા સ્વભાવથી જ જોકે હતી. કમળ તો પોતાથી જ ખીલેલું હોય પણ સૂર્યનું કિરણ પામતા વધારે ખીલવટ થાય છે. એમ સમવસરણની શોભા તો સહેજે હતી પણ આપના બિરાજમાન (થવાથી) વધારે શોભા છે. ઓહોહો..! જુઓ! એ પુણ્ય અને પુણ્યના કાળ જ્યારે આવા બંધાયેલા, એ વખતે એનો સ્વભાવ શું? એવા સ્વભાવની અસ્તિપૂર્વક તે પ્રતીતમાં લઈને આ ભક્તિ કરે છે. ખબર ન મળે ભગવાન કોણ, અરિહંત કોણ? 'કુંદકુંદાચાર્ય' કહે છે ને 'પ્રવચનસાર' ૮૦મી ગાથામાં.

**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।**
**सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्संलयं।।८०।।**

જે કોઈ આત્મા સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા, એનો આત્મા શું? એનો ગુણ શું? અને એની વર્તમાન અવસ્થા શું? દશા શું? એનું વાસ્તવિક સ્વરૂપ જાણે અને એની વ્યંજન આકૃતિ પર્યાય વગેરે શું? એને બરાબર જાણે અને એ જાણે તેવી તુલના કરનારો હું આત્મા છું. એવો જ હું આત્મા છું. એમ આત્મા સાથે મિંઢવે-મેળવે. મિંઢવે સમજો છો? નેમિચંદજી! મિંઢવે એ અમારી કાઠિયાવાડી ભાષા છે. મિલાન કરે મિલાન. એવા સર્વજ્ઞ પરમાત્મા હતા, એનું દ્રવ્ય ગુણની ખાણ. એના ગુણો અચિંત્ય અચિંત્ય શક્તિનો ભંડાર, એની પર્યાય પૂર્ણ નિર્મળ થયેલી અને એનો આકાર શરીર પરમ ઔદારિક પ્રમાણે હતો અને એના સમવસરણની શોભા અત્યંત અલૌકિક! એવું જે જ્ઞાન કરે એ આત્માની સાથે મેળવે, એને સમ્યગ્દર્શન અને ક્ષાયિક સમ્યક્ થયા વિના રહે નહિ એવો જ હું આત્મા છું.

એમ કહે છે કે પ્રભુ! સમવસરણની શોભા તો મહાન અચિંત્ય હતી. લોકોત્તર જ હોય છે. તો પણ હે જિનેન્દ્ર! '**આપના ચરણકમળને પામીને તે અત્યંત વિશેષ મહિમાને ધારણ કરે છે.**' ૨૩.

**णिद्दोसो अकलंको अजडो चंदो ब्व सहसि तं तह वि।**
**सीहासणायलत्थो जिणिंद कयकुवलयाणंदो।।२३।।**

ભાવાર્થમાં પણ એ જ છે. આપના ચરણકમળ આમ બિરાજ્યા (તો) શોભા વધી ગઈ. શોભા સમવસરણની વધી. ઓહોહો..! પ્રભુ! એમ આત્મા પોતાના નિજ રૂપને પ્રકાશે, શ્રદ્ધે, ઓળખે એ વખતના પુણ્યની શોભા પણ જુદી. એના પુણ્યના ફળની શોભા ભગવાન આચાર્યદેવ કહે છે, ધર્મીજીવના પુણ્ય એવા હોય છે કે એ પુણ્યના ફળ તરીકે જ્યાં જન્મે એને લક્ષ્મી આદિના સાધનો ક્યાંયથી ગોતવા-શોધવા પડે નહિ. એ તો પહેલું આવી ગયું હતું ને. લક્ષ્મી અમારા મોઢા આગળ દોડતી આજ્ઞા માગે. પ્રભુ! આપની ભક્તિ કરે તેને લક્ષ્મી તો દોડતી મોઢા આગળ આજ્ઞા માગતી ચાલી આવે. આ વલખાને ઝાંવા નાખે છે ને જ્યાં ત્યાં. જલસા ઉડાવવા અને આ કરવા અને કોઈ રીતે અમને માન આપે, અમે મોટાઈમાં ગણાઈએ,

અમે લક્ષ્મીની ગણતરીમાં, શ્રીમંતના અંકની ગણતરીમાં બેઠકમાં ગણાઈએ એ માટે ઝાંવા નાખતા હોય છે. ઝાંવા સમજાય છે? શું કહે?

મુમુક્ષુ :- વલખા નાખ્યા.

ઉત્તર :- વલખા તો હજી આપણી ભાષા છે, એની એ પાછી. ઝાપટા. આમ કરું... આમ કરું... આમ કરું... ધર્મી પોતાના સ્વતંત્ર સ્વભાવને જેણે સાધ્યો છે, એના પુણ્યને પણ સ્વતંત્ર અને તેને સત્‌પુણ્ય કહેવામાં આવે છે. એના ફળની શોભા.. પ્રભુ! એને તો પુણ્ય હતું પણ આપના જ્ઞાન અને આનંદનું નિમિત્ત મળ્યું એથી એની શોભા વધી ગઈ. કહો, સમજાણું કાંઈ? ૨૩.

'**હે જિનેન્દ્ર!**' હે પ્રભુ! '**જોકે આપ...**' હવે ચંદ્રમાની સાથે મેળવે છે ભગવાનને. બધી ઊંચી ઊંચી ચીજો બધી હલકી (લાગે છે) પ્રભુ આપની પાસે. સમજાય છે કાંઈ? આપ જ બધામાં શોભાયમાન અને અધિકપણે બિરાજો છો. '**હે જિનેન્દ્ર આપ તો નિર્દોષ છો અને ચંદ્રમાં દોષ નામ રાત્રિ સહિત છે.**' દોષ એટલે રાત્રિમાં જ ચંદ્ર હોય. આપ તો રાત ને દિ' સદાય પ્રકાશમાન છો. ચંદ્રની સાથે આપને ઉપમા આપવી એ પણ તમને શોભતી નથી. કહો, સમજાણું કાંઈ?

'**આપ દોષરહિત છો ત્યારે ચંદ્ર તો દોષ નામ રાત્રિસહિત છે અર્થાત્ સદોષ છે. આપ તો કર્મકલંકરહિત છો, કિંતુ ચંદ્રમામાં કર્મકલંકસહિત છે.**' છે ને દેખાય છે ને ઓલું હરણ આદિનું ચિહ્ન નથી દેખાતું? ચંદ્રમામાં હરણ આદિનું ચિહ્ન દેખાય છે ને? કહે છે, એમાં તો કલંક છે, પ્રભુ! એની ઉપમા તમને શું દઉં? આપ તો નિષ્કલંક અખંડાનંદ પ્રભુ નિર્મળ ઈષ્ટ પરિણતિથી પરિણમી રહ્યા છો. આપને તો અનિષ્ટ એવા વિકારોનો તો વ્યય નામ સર્વથા નાશ થઈ ગયો છે. માટે ચંદ્રમાની ઉપમા પણ આપને શોભતી નથી.

'**ચંદ્રમાં કર્મકલંકસહિત છે તથા આપ તો જડતારહિત છો.**' ચંદ્ર તો જડ પરમાણુ છે, એની પર્યાય છે. આપનામાં જડતા નથી. એ તો જડતા સહિત છે. '**કિંતુ ચંદ્રમા જડતાસહિત છે.**' જડ છે ને? પરમાણુ છે કે નહિ? '**તેથી એ રીતે તો આપમાં અને ચંદ્રમામાં ભેદ છે...**' જુદાઈ છે, એકતા છે નહિ. '**પરંતુ જેવી રીતે ચંદ્રમાં પર્વતના શિખર પર સ્થિત છે...**' ઊગેને ત્યારે. '**અને રાત્રિ વિકાસિત અમોને આનંદ દે છે.**' આનંદ દે છે એટલે? ખીલે છે. રાત્રિ વિકાસિત કમળ હોય છે એ ચંદ્ર હોય ત્યારે ખીલે, સૂર્ય હોય ત્યારે (બીડાઈ થઈ જાય). અને સૂર્યવિકાસી કમળ સૂર્યને કાળે ખીલે, ચંદ્રને કાળે બંધ થઈ જાય. ભગવાન! આપ તો સૂર્યવિકાસી કમળને આનંદ દેનારા. ચંદ્ર એ વિકાસી કમળને આનંદ દેનારા અર્થે ખીલી નીકળે છે આમ. હસે છે. હસે છે આમ. '**તેથી તે શોભાને પ્રાપ્ત થાય છે.**'

'**તેવી રીતે આપ પણ પર્વત સમાન સિંહાસન ઉપર સ્થિત હતા.**' આખું સમવસરણ,

એમાં ગંધકુટિ અને એમાં સિંહાસન, એના ઉપર આમ ભગવાન બિરાજે નિરાલંબી. '**તથા સમસ્ત પૃથ્વી મંડળને આનંદ દીધો.**' લ્યો! શું કીધું? ચંદ્રમાએ તો એને-કમળને આનંદ આપ્યો. આનંદ એટલે ખીલવ્યા. ભગવાન! આપે તો ઘણા પ્રાણીને ખીલવી દીધા. ઘણા પ્રાણીનો ઉદ્ધાર અને ખીલવી દીધા. જોકે ખીલવાની તાકાત તો એનાથી (છે). અહીં નિમિત્તથી વર્ણન કર્યું છે. આપ જ્યાં ઉગ્યા સૂર્ય સમાન (તો) ઘણા ખીલી ગયા.

આપ ઉગ્યા પછી અઢાર ક્રોડાક્રોડી સાગરોપમમાં આ ભરતક્ષેત્રમાં નરકમાં જનારા મનુષ્યો નહોતા. સમજાય છે કાંઈ? આ ભરતક્ષેત્રમાં અઢાર ક્રોડાક્રોડ સાગરોપમમાં કોઈ નરકમાં જનારા નહોતા, મોક્ષમાં જનારા નહોતા, એકેન્દ્રિયમાં જનારા નહોતા, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચો ઇન્દ્રિય, પંચેન્દ્રિય, મનુષ્યમાં મરીને જનારા નહોતા. એ દેવમાં જનારા હતા. પણ જ્યાં ભગવાનની વાણી નીકળી ત્યારે ઊંધા પડેલાને નરક, નિગોદના ભાવ આવ્યા અને નરક, નિગોદની તૈયારી કરી રહ્યા. એમાં નિમિત્ત આપ છો એમ અમે કહેતા જ નથી, કહે છે. સમજાય છે કાંઈ?

આ ઊંધું પડ્યું હોય ને ત્યારે સાચી વાત બહાર આવે ત્યારે ખળભળાટ... ખળભળાટ... ઊંધા પડે. પહેલા એમ ને એમ પડ્યા હોય એ વધારે ઊંધા પડે. એ એના નિમિત્તથી ઊંધા નથી, એ તો એની અવળાઈના જ કારણે ઊંધા પડ્યા છે. ભગવાનની જ્યાં વાણી નીકળી અઢાર ક્રોડાક્રોડી સાગરોપમમાં ચોવીસ દંડક અને પચ્ચીસમાં મુક્તિ, એક દેવમાં જવાની સ્થિતિ હતી. જ્યાં વાણી નીકળી તો કોઈ કાંઈ ને કોઈ કાંઈ ને કોઈ કાંઈ. કોઈ નરકમાં ગયા, કોઈ નિગોદમાં ગયા, કોઈ મોક્ષ થયો, કોઈ મનુષ્યપણામાં ગયા, તિર્યંચમાં ગયા, કોઈ વિકલેન્દ્રિયમાં ગયા. નરભેરામભાઈ! શું કીધું?

મુમુક્ષુ :- ભગવાનની વાણી સાંભળ્યા પછી આ બધું થયું.

ઉત્તર :- પછી આ બધું થયું. પહેલા નહોતા. એ નહિ. પ્રભુ! આપ એમાં નિમિત્ત ન કહેવાઓ. આપને કારણે તો ભવ્ય જીવોના હૃદયકમળ ખીલી ગયા. આપે જ્યાં ધોધમાર ચૈતન્યના સ્વભાવની મહિમાનું વર્ણન કર્યું, ખજાના ખોલીને જગતને બતાવ્યા, ભગવાન કંઈકના હૃદય કમળ ખીલી ગયા. કંઈકના ખીલી ગયા. એમ આપ એમાં નિમિત્ત થયા છો. એનાથી ખીલી ગયા. ખીલી ગયા સમજો છો? પ્રગટ થઈ ગયા. કહો, સમજાણું?

'**તથા આપે પૃથ્વીમંડળને આનંદ જ દીધો.**' આનંદ જ દીધો હતો. આત્માઓ અતીન્દ્રિય આનંદના ઝંખનારા જિજ્ઞાસુ હતા, એને આપે આનંદ આપ્યો. આપે આનંદ આપ્યો. એ તો નમોત્થુણંમાં નથી આવતું? જીવ દયાણં બોહિ દયાણં. આવે છે કે નહિ? નરભેરામભાઈ! નમોત્થુણં પાઠમાં. જીવ દયાણં. હે નાથ! અમને આપે જીવ આપ્યો. એમ કહે છે. 'શ્રીમદ્'માં પણ આવે છે કે નહિ? 'તે તો પ્રભુએ આપ્યો' આત્મા અમને આપ્યો. જેને આત્માનું ભાન થવામાં જે નિમિત્ત છે એના ઉપર આરોપથી (એમ કહેવાય કે) પ્રભુ! અમને તો આત્મા

આપ્યો ને. અમે ગાંડા હતા, પાગલ હતા. અમને આત્મા સમજાવ્યો, આત્મા જગાડ્યો. આપે તો આખો આત્મા અમને આપ્યો. અમને કેમ ખાવું, કેમ પીવું, કેમ બોલવું કાંઈ ખબર નહોતી. અમને કેમ જ્ઞાનની વિચિક્ષણતા શું કાંઈ ખબર નહોતી. આપે જ અમને આખો આત્મા આપ્યો. એમ નમોત્થુણંમાં આવે છે ઈ. જીવ દયાણં. જીવનો દાતાર ભગવાન છે. બોધિના દાતાર ભગવાન છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપી બોધિના ભગવાન દાતાર છે. એની પાસે દેવાની ચીજ આ છે. કહો, સમજાણું કાંઈ?

અષ્ટપાહુડમાં આવે છે. પ્રભુ! આપ તો દેવ છો ને. દેવ તો દે. તેને દેવ કહીએ. શું દયો? આપ તો ચારેય અમને આપો છો. પૈસો અમને આપો છો, કામ પણ અમને આપો છો, પુણ્ય પણ અમને આપો છો અને મોક્ષ પણ આપો છો. 'કુંદકુંદાચાર્ય' એમ કહે છે. એક વાર 'કુંદકુંદાચાર્ય' કહે કે ભગવાનની ભક્તિના વિકલ્પથી પણ ચૈતન્યને શાંતિ મળતી નથી. એ તો સ્વાધીનથી મળે છે. પણ નિમિત્તની વ્યાખ્યા કરતાં પ્રભુ! આપને જ્યારે ઓળખ્યા એટલે અમારું ભાન અમને થયું. ત્યારે અમને મોક્ષ પણ મળવાની તૈયારી થઈ, અમને ધર્મનું સાધન પણ થયું. પુણ્ય પણ અમને અલૌકિક થયા અને એ પુણ્યમાં અર્થ ને કામ જે મળશે એવા અર્થ ને કામ આપની ભક્તિ પહેલાં અનંત કાળમાં કોઈ દિ' મળ્યા નહોતા એવા મળશે. વજુભાઈ! ભગવાન દે છે. આમાં કીધું ને, જુઓને!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ હાથ પહોળો કરે, આમ કહે કે અન્નદાતા! આમ આપો... આમ આપો... અમને આપો. ખરેખર તો સંપ્રદાન તો પોતાની પર્યાયનું પોતે કરીને પોતાને આપે છે. પણ નિમિત્તમાં હે નાથ! આપ તો ચાર પ્રકારના ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચારેય પુરુષાર્થના દાતા છો. કપુણ્ય તરીકે ધર્મ, અર્થ અને કામ અને મોક્ષ આત્માનો પુરુષાર્થ. ચારેયના આપ દાતાર છો. નિશ્ચય અને વ્યવહાર દશા બેયને સમજાવનારા તમે (છો) માટે બેયના તમે જ દાતાર છો. કહો, સમજાણું કાંઈ? જુઓ! આ સર્વજ્ઞદેવ સિવાય બીજા દેવો સાચા નથી અને એ દેવ જ પોતે ચાર દેવામાં કે નિમિત્ત થવામાં સમર્થ છે. બીજા તો લક્ષ્મી દેવામાં પણ સમર્થ નથી. લ્યો! ઓહોહો..! લક્ષ્મી તો કેવી? કામ પણ એના ભોગો કેવા? અને એનું પુણ્ય પણ કેવું? એ તો સ્વભાવની ભૂમિકામાં બંધાય. અલૌકિક તરીકે આપે દીધા એમ અમે કહીએ છીએ. હજારીમલજી! શું કહે છે? ઉત્તમચંદભાઈ! ભગવાન દે છે. 'અષ્ટપાહુડ'માં (કહ્યું છે). દેવાનો અર્થ નિમિત્તનું કથન (છે). આપનું નિમિત્ત અને આપનું જ્ઞાન જ્યારે અમે અમારામાં કર્યું, એ ચારેય બોલો એવા પ્રગટ્યા કે અનંત કાળમાં એ અર્થ ને કામ ને ધર્મ નામ પુણ્ય એવું હતું જ નહિ અમારી પાસે. બરાબર છે? વજુભાઈ! ઓહોહો..! આનંદ દેનારા.

'**તેથી આપ પણ ચંદ્રમા સમાન જ શોભાયમાન છો.**' શોભાયમાન છો. શોભાયમાન

થતા હતા. ૨૪.

**अच्छंतु ताव इयरा फुरियाविवेया णमंतसिरसिहरा।**
**होइ असोओ रुक्खो वि णाह तह संणिहाणत्थो।।२४।।**

ઓહો..! આચાર્ય કહે છે, હવે આ પ્રાતિહાર્યને લક્ષ કરીને સ્તુતિ કરે છે. ભગવાનને આઠ પ્રાતિહાર્ય-અતિશય પુણ્યની શોભા આઠ હોય છે ને? એમાં પહેલું અશોક વૃક્ષ લે છે. કહો, સમજાણું કાંઈ? અશોક-અશોક. હે ભગવાન!

મુમુક્ષુ :- અશોક છે ને ભગવાન?

ઉત્તર :- ભગવાન અશોક છે. શોક વિનાના, રાગ વિનાના વીતરાગ, એનું પહેલું પ્રાતિહાર્ય અશોકવૃક્ષ છે. કહો, સમજાણું કાંઈ?

આચાર્ય કહે છે કે, હે પ્રભુ! '**હે જિનેન્દ્ર! જેમને જ્ઞાનની જ્યોતિ સ્ફુરાયમાન છે અને જે આપને મસ્તક નમાવીને નમસ્કાર કરે...**' શું કહે છે? જે આત્માઓ ચૈતન્ય સ્વરૂપથી જાગૃત થઈને આપને ઓળખ્યા એવા જે ચૈતન્યના જાગનારા, સમજનારા આપને નમસ્કાર કરે એ તો ચૈતન્ય થઈને વીતરાગ થાય. '**એવા ભવ્ય જીવો તો દૂર રહો.**' એની તો શું વાત કરવી? પણ ચૈતન્ય સર્વજ્ઞપદને.. 'શ્રીમદ્' કહે છે ને કે સર્વજ્ઞને પણ કોઈ અપૂર્વ ભાવથી જાણ્યો હોય તો તેને સર્વજ્ઞ જાણ્યા કહેવાય. નહિતર સર્વજ્ઞ જાણ્યા કહેવાય નહિ. સ્વસંવેદનજ્ઞાનની તાકાત છે કે અલ્પ સમયમાં તે સર્વજ્ઞ થશે અને સર્વજ્ઞ મારો સ્વભાવ છે. વ્યવહાર-બ્યવહાર બધો નિષેધ છે. દૃષ્ટિમાં રાગ ને પુણ્ય ને નિમિત્તનું અવલંબન અને આશ્રય એનો હોતો નથી. એવું જેને ભાન (થયું છે) એ આપને નમસ્કાર કરે એ તો શું વાત કરવી? એના પુણ્ય અને એની પવિત્રતાવાળો માણસ આત્મા નમસ્કાર (કરે), એને શું કહીએ?

'**કિન્તુ ભગવાન! આપની સમીપ રહેતું જડ એવું વૃક્ષ પણ અશોક થઈ જાય છે.**' અશોક વૃક્ષ આવ્યું ને? અશોક વૃક્ષ. કહો, ઈશ્વરચંદજી! ઈશ્વર. છે ને તમારો અશોક? એને કીધું, અશોકવૃક્ષનું આજે આવશે. અશોક. પ્રભુ! આપને ભવ્ય જીવો આત્માના ચૈતન્ય મહિમાને સમજીને એવા જે આપને નમે છે, અંતરમાં નમે છે અને આપને પણ નમે છે એની તો શું વાત કરવી? એને તો અમે દૂર રાખીએ છીએ. પણ આપની સમીપ અશોક વૃક્ષ જે ઝાડ (છે), જડ ઝાડ પણ આપના સમીપે અશોકપણાની ઉપમાને પામે છે. તો જે ચૈતન્ય જાગૃતવાળા આપની સેવા કરે એને વીતરાગતા અને કેવળજ્ઞાન થાય એમાં કાંઈ નવીનતા નથી. કહો, સમજાણું કાંઈ? આ બધી ભક્તિમાં તો અત્યારે વ્યવહારની જ વાત આવે ને?

નિશ્ચયમાં ઉપાદાનથી કાર્ય થાય, નિમિત્ત ઉપસ્થિત માત્ર છે. સમજાણું કાંઈ? કથનથી વ્યવહારથી આવે ત્યારે તો એ જ વાત છે. ઉપાદાનથી જ કાર્ય છે. એમાં કાર્ય કાંઈ નિમિત્તથી

થતું નથી. પણ નિમિત્તના પ્રભાવમાં ભક્તિનો ઉલ્લાસ આવ્યો છે તેથી ભક્તોના એવા જ વચનો નીકળે. નીકળે છે એવા. આપે જ તાર્યા, જગતથી ઉગાર્યા. આ ચોર્યાશીના રખડપાટા આપનાથી નષ્ટ થયા, પ્રભુ! આપ ન મળ્યા હોત તો અમે ક્યાં ચોર્યાશી લાખમાં રખડત. એમ કહે. કહો, સમજાણું કાંઈ? વિનય છે, વિનય છે.

કહે છે, પ્રભુ! સમ્યગ્જ્ઞાનને પામેલા ભવ્ય જીવની તો શું વાત કરવી? આપને નમસ્કાર કરે એને ઇન્દ્રો પછી નમસ્કાર કરશે. એ નમસ્કરણીય થઈ જશે. પણ અશોક ઝાડ.. પ્રભુ! એ જડ ઝાડ આપના નજીકમાં આવ્યું ને આપની માથે રહે છે (તો) એ પણ અશોક થઈ ગયું. એનું નામ પણ અશોક આપને લઈને પાડવામાં આવ્યું છે. ક્યાં ગયા ધન્નાલાલજી? સમજાણું કાંઈ? ઓહોહો..! એ પુણ્યના પરિણામ પણ જુદી જાતના કહે છે. આપના સમીપમાં, ચૈતન્યના સમીપમાં આવીને વિકલ્પ ઉઠ્યો એ પુણ્ય પરિણામ પણ જુદી જાતના. એને મળેલું શરીર પણ.. ભવિષ્યમાં હોં! આરાધક થયા પછી, એના શરીરના રજકણોની અવસ્થા પણ અનંત કાળમાં નહિ થયેલી થવાની. અનંત કાળમાં નહિ થયેલી થવાની. એની વાણી પણ જુદી, એનું કુળ જુદું, એની કીર્તિ જુદી, એની નિરોગતા આદિ ઘણા બોલો આવે છે ને શાસ્ત્રમાં.

આરાધક પુણ્યના ધણી જ્યારે જાય છે. અવતરે છે ત્યારે એને કીર્તિ, કુળ, આબરૂ વગેરે સાધનો ત્યાં સંપન્ન હોય છે. એને સહેજે હોય છે. એને મેળવવા પડતા નથી. એમ ભગવાન અહીં કહે છે. પ્રભુ! ઝાડ જડપણું જે છે તે અશોકપણાને પામે તો અમે તો ચૈતન્ય છીએ, હોં! આપની સમીપે ચાલ્યા આવીએ. ચાલતા આવતા અમે વીતરાગ થઈ જવાના છીએ. કોની સમીપતા હશે? અહીં સમીપતા છે એ ભગવાનની સમીપતાનો આરોપ કરીને ભક્તો (કહે છે), પ્રભુ! આપે તો મુક્તિ આપીને અમને. અને ત્યાં સુધી ભક્તો બોલે. પ્રભુ! આપ મુક્તિ કરતાં આપની ભક્તિ અમારે વધી જાય છે. કનેમચંદભાઈ! આવે છે ને સ્તુતિમાં? 'મુક્તિ કરતા ભક્તિ અમારે તો વધારે છે.' એટલે? ભક્તિ તો નિશ્ચયની છે. પણ અત્યારે વિકલ્પ ઉઠ્યો છે, આપના ઉપર લક્ષ (જાય છે), એ એની મુખ્યતા થઈ ગઈ વ્યવહારે. પરમાર્થે તો અમારી મુખ્યતા અમારી મુક્તિ અમારે આશ્રયે થાય છે. આરોપ કરીને ભક્તો વિકલ્પમાં (એમ કહે), આપે તાર્યા, ઉગાર્યા, રખડતા રાખ્યા. રખડતા રાખ્યા. એટલે? રખડતા રાખ્યા એના બે અર્થ થાય. રખડતા રાખ્યા. રખડતા સમજો છો? રુલતા હૈ ન? રાખ્યા એટલે બંધ કર્યા. રાખ્યા નહિ. રખડતા અવતાર ચોર્યાશીના અવતારમાં પ્રભુ ઓહોહો...! આ વસ્તુની ઓળખાણ અને આ ચૈતન્યની જાતને જણાવી, આપથી તરી ગયા. પ્રભુ! ઝાડ અશોકપણાને પામે તો અમે વીતરાગપણાને પામીએ એમાં કોઈ નવીનતા નથી. આ રાગની માગણી નથી કરી, હોં! રાગ થઈને અમે આમ થાય. અમે તો વીતરાગપણાને પામીએ. અમારો સ્વભાવ વીતરાગ એની સમીપમાં જઈએ. અમે વીતરાગપણાને પામશું.

**'હે જિનેન્દ્ર! જેમને જ્ઞાન વર્તે છે અર્થાત્ જે જ્ઞાની છે તથા આપને મસ્તક જુકાવીને જે કરવાવાળા છે...'** જુકાવીને આમ. મસ્તક જુકાવવું ને આ બધા નિમિત્તના કથન છે, હોં! મસ્તક જુકાવવાનો અર્થ અંદર નરમાશ વર્તે છે. મસ્તક આમ જુકવું કે ન જુકવું એ આત્માના વિકલ્પને આધીન નથી. આહાહા..! આવા કથનો આવે ને અને માણસ એના અર્થ સમજે નહિ અને ગોટા વાળે. માથું જડ છે, માટી છે આ તો. અનંત પરમાણુનો પિંડ છે. એનું પરિણમન તો એને લઈને સ્વતંત્ર છે. આત્મા નમન કરવાનો વિકલ્પ કરે માટે નમે એમ છે નહિ. પણ નિમિત્ત-નિમિત્ત સંબંધમાં જ્યારે એવો વિનય હોય ત્યારે શરીરનું મસ્તકનું નમવું પણ હોય છે. એવા નિમિત્ત-નિમિત્ત સંબંધને લઈને ભક્તો એમ કહે છે કે પ્રભુ! ભવ્ય જીવો જ્યારે આપને નમસ્કા કરે... ઓહોહો..! .. ભક્તિ લોકોની. બાયડીને માટે જો રાજી કરવા બહાર પરદેશમાં ગયો હોય અને કાંઈક બે મહિને, ચાર મહિને આવે તો બધા ભેગા થાય કે કાંઈક લાવ્યા. કુંવરજીભાઈ! છોકરા બધા ભેગા થાય. શું બાપા લાવ્યા અમારા માટે? ઘડિયાળ લાવ્યા? ફલાણું લાવ્યા? સાડલો લાવ્યા?

એક ઠેકાણે .. વાત હતી. સરપદળ છે ને સરપદળ? ત્યાં ગયેલા હતા. સામે મકાન હતું. ધણી આવેલો અને સાડલો લઈને આવ્યો બાયડી માટે. આમ બારણું ઉઘાડ્યું (અને પૂછ્યું) આવ્યા. કાંઈક લાવ્યા? ઠીક! કાંઈક લાવ્યા કે નહિ અમારી માટે? છ મહિના બહાર ગયેલા, રખડી આવ્યા. ફલાણે, ઢીંકણે કોઈ પરદેશમાં. છોકરા માટે પેંડા લાવે, ઓલા માટે સાડલો લાવે, ઓલા માટા કાંઈક લાવે.

ભગવાનની પાસે જનારા, એલા આવ્યો અહીંયાં? શું લાવ્યો? ઓય, આ ક્યાં ઉતાર્યું પાછું? નરભેરામભાઈ! ભક્તિ ભેટણું લાવ્યો? એમ કહે છે. આવતું નથી ઓલામાં? આવે છે ને ક્યાંક? ભક્તિ ભેટણું લઈ આવ્યો. પ્રભુ ભક્તિ. એ ભેટ લઈને આવ્યા છું. ઓહોહો..! આવો અવિકારી વીતરાગ સ્વભાવ અને આપ જ અમારા વાત્સલ્ય કરનાર. આવી ગયું છે ને પહેલું? સકળ જીવ ઉપર વાત્સલ્ય પ્રભુ આપનું (વર્તે છે). ઓહોહો..! જેમ ગાય એના વાછરડા અથવા વાછરડી ઉપર પ્રેમ કરે છે ને. પ્રભુ! અમે તો આપના બચ્ચા છીએ. આપ ગાય સમાન છો. આપ અમારા ઉપર વાત્સલ્ય કરનારા છો. ઓહોહો..! હજારીમલજી! વળી વાત્સલ્ય ભગવાનને ક્યાંથી આવ્યું? અકષાય કરુણા, અકષાય કરુણા. ઓહોહો..! 'કરુણા હમ પાવત હે તુમકી વાત રહી ગુરુ ગમકી.' કરુણા એટલે કેવળજ્ઞાનમાં, આપના કેવળજ્ઞાનમાં ભાસ્યું કે આ પ્રાણી એકાવતારી અલ્પ ભવમાં મુક્તિ જનાર છે. પ્રભુ! એ આપની કરુણા અમારા ઉપર વર્તે છે. ભગવાનજીભાઈ! ઓહો..! કરુણા અમારા ઉપર વર્તે છે.

આપના કેવળજ્ઞાનના ધોધ, અમને વાણી દ્વારા જ્યારે આપે સમજાવ્યા એ અમને કરુણા અમારા આત્મા ઉપર થઈ. આપની કરુણા હતી તો કરુણા થઈ એમ ભક્તો ભગવાનને કહે છે. ગણધરોની પણ એમ વાણી નીકળે છે. .. આહાહા..! આપના વિરહે અમે રખડ્યા,

આપના સમીપમાં આવ્યા. અમે એકાવતારી અથવા એક ભવમાં, આ જ ભવમાં પૂર્ણાનંદની પ્રાપ્તિ કરીને મુક્તિને પામશું.

અહીં કહે છે, '**આવા કરવાવાળા એવા ભવ્યજીવ આપની પાસે રહીને તથા આપનો ઉપદેશ સાંભળીને શોક રહિત થઈ ગયા.**' શોક રહિત થઈ જાય. કેમ કે આપની વાણી વીતરાગ થવાની છે. શું કીધું? એ પણ ન્યાય નાખ્યો એમાં. આપની વાણીમાં વીતરાગતા નીતરે છે. ક્યાંય રાગ કરવો કે રાગ ટાળવો એવું સ્વરૂપમાં નથી. વીતરાગતા નીતરે. અશોકપણું નીતરે છે, વીતરાગતા નીતરે છે. કહ્યું નહિ?

વચનામૃત વીતરાગના પરમ શાંત રસમૂળ,
ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ.

કાયરને આમ હાય.. હાય.. આવ્યું હતું ને? ભાઈ! ... નહોતું આવ્યું ઓલામાં? વાણી સત્‌ની સાંભળીને કેટલાક ભડકે છે. ભડકે છે. ઉપાદાનથી કાર્ય થાય, નિશ્ચયથી મોક્ષમાર્ગ હોય, વિકલ્પ આવે એ બંધમાર્ગ છે. વ્યવહારને આશ્રયે ત્રણ કાળમાં દયા, દાન, વ્રત, ભક્તિ, જપ, તપના રાગથી મુક્તિ નથી, આશ્રય નથી. ખરેખર એ કારણ પણ નથી. સાંભળીને આમ ભેંસને દેખીને ઊંટ ભડકે. ભેંસ કહે છે ને? ભેંસને દેખીને ઊંટ ભડકે. એમ સાંભળીને ભડકે છે. હમણાં લખ્યું હતું, આમાં આવ્યું હતું. .. આ શું? આ શું? આ શું? સાંભળને હવે. ભડકે છે શું? શરીરની ક્રિયા ધૂળની ક્યાંય રહી ગઈ. એ તો જડમાં છે. કેટલાક તો એમ કહે પંડિત (નામ) ધરાવીને, લ્યો! એ સોનગઢિયા તો કહે છે કે આ હાથ આમ થાય, ભગવાનની (ભક્તિમાં), શરીરથી તો ધર્મ પણ ન થાય અને પુણ્ય પણ ન થાય. વાત એની સાચી છે. એમ જ કહેવાય છે અને એમ જ છે. ભગવાન એમ કહે છે. અહીં નથી કહેતા? જુઓને. કહો, સમજાણું? આપ તો. '**આપનો ઉપદેશ સાંભળી શોકરહિત થઈ જાય.**' એટલે શું કીધું? ઉપદેશમાં શું આવ્યું હતું? ઉપેક્ષા પુણ્યની વ્યવહારની, નિમિત્તની ઉપેક્ષા કર, સ્વભાવની અપેક્ષા કર. ચૌદ પૂર્વની વાણીની ચાર અંગમાં આ જ ઉપદેશ છે.

ભગવાન! આપના ઉપદેશને પામીને જીવો અશોક થઈ જાય છે. તો જેવું ઉપદેશમાં હતું એવું અંદર પ્રયોગમાં મૂક્યું ત્યારે તેના ફળરૂપે વીતરાગતા આવી જાય છે. ...ચંદભાઈ! રાગ રાખવાનું હશે ઉપદેશમાં? એ ભગવાનનો ઉપદેશ હોય નહિ, એમ કહે છે. આહાહા..! આપના ઉપદેશમાં તો વીતરાગતા, અવિકારતા, અકષાયતા, સ્વાભાવિક શુદ્ધિની પવિત્રતા કેમ પ્રગટે એ જ વાત નીતરી રહી છે. અશોક-શોકરહિત થાય છે.

'**એમાં તો કોઈ આશ્ચય નથી. કિંતુ વૃક્ષ જે જડ છે તે પણ આપની સમીપતા માત્રથી અશોક થઈ જાય છે.**' અશોક તો છે. પણ અલંકારથી આમ વીતરાગતા તરવરે છે ને દૃષ્ટિમાં? ભગવાનની પૂર્ણ વીતરાગતા પણ સાધ્યમાં, લક્ષ્યમાં લીધી છે એટલે ઝાડને પણ કહે છે કે તું પણ અશોક છો. જા. વીતરાગતા લાગુ પડે. તને પણ વીતરાગતા લાગુ

પડે છે. કહો, સમજાણું આમાં? **'એમાં ઘણું મોટું આશ્ચર્ય છે. માત્રથી અશોક થઈ જાય એમાં મોટું આશ્ચર્ય છે.'** ૨૫.

**छत्तत्तयमालंबियाणिम्मलमुत्ताहलच्छला तुज्झ।**
**जणलोयणेसु वरिसइ अमयं पि व णाह बिंदूहिं।।२५।।**

હવે છત્ર. છત્ર-છત્ર. ભગવાન સર્વજ્ઞપદને પામે તીર્થંકરદેવ, ત્યાં એ બિરાજમાન હોય એના ઉપર ત્રણ છત્ર હોય છે. એ અતિશયોક્તિ નથી હોં! પણ એ અતિશયતા છે. આમ ત્રણ છત્ર છે. મુક્તાફળના હાર જેવા જાણે આમ દેખાતા હોય માથે. એને કાંઈ નથી, હોં! એ તો વીતરાગ છે. એના શરીરને અડતા નથી. શરીર નીચે અડે નહિ અને ઉપર પણ અડે નહિ. નીચે સિંહાસનને અડે નહિ, ઉપર છત્રને અડે નહિ. વચમાં શરીર આમ નિરાલંબન પડ્યું હોય. ઓહોહો..! સિહાંસન ઉપર ચાર તસુ. ઓલા ઉપરથી હેઠે. સમજાણું? ઓલા અંતરીક્ષમાં છે ને? ભગવાન આમ ઉપર રહે છે. આ અંતરીક્ષ પાર્શ્વનાથ. અંતરીક્ષ પાર્શ્વનાથ ને? ગયા હતા ને ત્યાં? ઓલા કહે કે આ ઉપર છે. ભાઈ! જોવા દયો હેઠે. હેઠે ત્રણ ઠેકાણે અડેલું છે, કીધું. આપણને ભાઈ વાત બેસતી નથી. એવા .. વાતું બહુ કરવી.. સમજ્યાને? જેમ હોય તેમ એને જાણવું જોઈએ. અંતરીક્ષ પાર્શ્વનાથ ભગવાન છે ને, ગયા હતા અમે. ત્રણ ઠેકાણે અડેલું છે. એક ઠેકાણે જરીક નહોતું એટલે હોય એવું એમાં શું? રાખ્યું હોય. તો કહે, પહેલા ઊંચી હતી. હવે પહેલા ઊંચી એ અમારે નક્કી શી રીતે કરવું અત્યારે? પહેલા ઊંચી હતી. લોકો ખોટી કલ્પનાના અતિશયો વળગાડે છે મૂર્તિને. એમ આ નથી. વજુભાઈ! હતા કે નહિ તમે? આ ઓલું લૂગડું .. કાઢનારા કાઢે, આમ હળવેક દઈને ઓલી કોરથી કાઢે. જુઓ! આ નીચેથી લૂગડું નીકળી ગયું. ઓલી કોર હેઠે ઓલું હોય ત્યાં લૂગડું ન રાખે અને આમ કરે તો નીકળી ગયું. નીકળ્યા. વસ્તુ સ્થિતિ તો જેમ હોય એમાં તો કોઈ અતિશય ખોટા પણ કલ્પે છે. આ અતિશય ખોટા નથી, આ તો વસ્તુની સ્થિતિ છે.

ત્યારે કોઈ કહે કે ભગવાન વીતરાગ પૂર્ણ વીતરાગ એને વળી છત્ર શા? એને સિંહાસન શા? એને સમવસરણ શા? એને કાંઈ નથી, સાંભળને! એ તો પૂર્વના પુણ્યના સંયોગ તરીકે એવી સ્થિતિ થયા વિના રહે નહિ. થાય છે. એને કાંઈ નથી. એ છત્રને બહાને કહે છે, **'હે ભગવાન!'** જે ત્રણ છત્ર છે ને આપના ઉપર? **'તે લટકતા નિર્મળ મુક્તાફળના બ્હાને મનુષ્યની આંખમાં અમૃતની વર્ષા કરતા હોય એમ ભાસે છે.'** એટલે શું કહે છે?

**'હે ભગવાન! જે સમયે ભવ્ય જીવો આપના છત્ર દેખે છે તે સમયે તેમને એટલો આનંદ થાય છે કે તે આનંદને લઈને તેમની આંખમાંથી અશ્રુપાત થયા કરે છે.'** અશ્રુપાત થવા લાગે છે. થવા લાગે છે. હરખના આંસુ આવે છે. એટલે? આત્માના સ્વરૂપને અને આપને બેને જોતાં અંતરના સ્વરૂપમાં આનંદ આવે છે. આપની ભક્તિમાં હરખ આવે છે એટલે આંખમાંથી આંસુ નીકળે છે. અને તે કાળે તે અશુભ પરિણામ નથી, અશુભ

કર્મો ટળી જાય છે. કહો, સમજાણું કાંઈ? ભગવાનનો ઉપદેશ સાંભળે (તો) અમૃત વરસતું હોય જાણે, અમૃત વરસે. કર્ણને અમૃત વરસતા હોય એમ લાગે. સમજાય છે? મૃતક હોય એને 'આત્મસિદ્ધિ' સંભળાવા લાગ્યા. કાન આમ કરી નાખ્યા. કોઈ દિ' પ્રેમ કર્યા નથી અને અંદર પીડા હોય મરવાની છેલ્લી. આ ક્યાં સુધી હાંકશે?

સર્વજ્ઞની વાણી એવા પ્રેમાળ ભવ્ય જીવો હોય છે કહે છે કે પ્રભુ! આપની વાણીનો ધોધ નીકળે છે ને, તો અમને તો અમૃત વરસે છે એમ લાગે છે. કે જેથી અમૃતના આંસુ અમારી આંખમાંથી પડ્યા જ કરે છે, આમ ધારા.. આનંદધારાના ઝરણા વહે છે. અનાકુળ સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાનના ઝરણા વહે છે અને પુણ્ય પરિણામમાં વિકલ્પ આવતા, આમ હરખ આવતા આંખમાંથી આંસુ ચાલ્યા જાય છે અને કર્મો અમારા નિર્જરી જાય છે. ઓહોહો..! પછી એકલા વળગે કે ભગવાનની ભક્તિથી કર્મ નિર્જરી જતા હશે.

અહીં તો સ્વ અને પરની બેને સાથે રાખીને વાત છે. અહીં એ કહે છે કે જે સમયે '**ભવ્યને આંખમાંથી અશ્રુપાત...**' અશ્રુપાત. આહાહા..! તારા વિરહ. 'કુંદકુંદાચાર્યે' કહ્યું ને? અમને પ્રભુ! ભગવાન ત્રિલોકનાથના વિરહ ભરતક્ષેત્રે. ધ્યાનમાં આવે છે ત્યાં સમવસરણની રચના ચિંતવે છે. 'કુંદકુંદાચાર્ય' મહારાજ અહીં નગ્ન દિગંબર સંત ભાવલિંગી (બિરાજતા). વિરહ જ્યાં અંદર પડે છે, રચના (ચિંતવે છે). ત્યાં એવી અંદર પુણ્ય અને પવિત્રતાનો યોગ (કે) ભગવાનના મુખમાંથી વાણી નીકળે છે. સત્ ધર્મ વૃદ્ધિ હો. સત્ ધર્મ વૃદ્ધિ હો. જુઓ! ક્યાં ભગવાન અને ક્યાં કુંદકુંદાચાર્ય! જુઓ! જગતમાં નિમિત્ત નૈમિત્તિક સંબંધ. એવો જ નિમિત્ત સંબંધ કે અહીં આમ છે. ત્યાં શક્તિથી અથવા દેવો આવીને ભગવાન પાસે કુંદકુંદાચાર્ય જાય છે. સાક્ષાત્ ભરતક્ષેત્રના મુનિ એ સાક્ષાત્ મહાવિદેહક્ષેત્રમાં બિરાજતા પ્રભુના દર્શન કરે છે. એને કેટલો હરખ હશે? કેવળચંદભાઈ! સમજાણું આમાં?

એ કુંદકુંદાચાર્ય બે હજાર વર્ષ પહેલા અહીંયાં થયા. ભગવાન દૂર હતા એને નજીક કર્યા. વ્યવહારે બાહ્યમાં નજીક કર્યા. અંદર તો નજીક હતા જ, ભગવાન આત્માના સ્વભાવ સમીપે. આઠ દિ' સુધી સમવસરણમાં રહ્યા. દિવ્યધ્વનિ અમૃત વરસ્યા. સમજાય છે? આમ આનંદ... આનંદ... આનંદ... રોમ રોમ ખડા થઈ ગયા. રોમ રોમ ઊભા થઈ ગયા. આવીને આ શાસ્ત્રની રચના (કરી). 'સમયસાર', 'પંચાસ્તિકાય', 'પ્રવચનસાર', 'નિયમસાર' એવા મહા અજોડ રત્નો સર્વજ્ઞની વાણીને તુલના કરે એવી વાણી એવા શાસ્ત્રો રચ્યા. એને આનંદ અંદરનો અને બહારનો કેટલો હશે? કહો, સમજાણું?

અહીં કહે છે, પ્રભુ! આ છત્રને બહાને અમે આમ જોઈએ ને. આમ ટગ... ટગ... ટગ... જોઈએ છીએ ને. એટલે માણસને બહુ ટગ-ટગ જોવે તો આંખ સરખી ન રહે તો પાણી ઝરી જાય. એમ અમારા આત્માને ટગ-ટગ કરીને જોઈએ છીએ અને તમારા ભક્તિના ભાવે અમે તમને જોઈએ છીએ (તો) અમને આનંદ આવી જાય છે. સમજાણું કાંઈ? છોકરો ક્યાંકથી

આવતો હોય તો કેટલો આમ બાથ ભીડે, જોયું છે? સમજાણું? બાથ ભીડે. આહાહા..! બાપા! તું કર્મી જાગ્યો, બાપા! અમારા કુળમાં હોં! નરભેરામભાઈ! ધૂળેય કર્મી નથી હવે. નરકમાં ને નિગોદમાં લઈ જવાને કર્મી છે. હાલ, અમે જઈએ ત્યાં તમે બધા.

ભગવાન ત્રિલોકના પરમાત્મા એને જે દેખે છે ને જોવે ને સાંભળે ને સમજે છે એ કર્મી ખરા કાર્યનો કરનાર આત્મા. ભગવાને પૂર્ણ કાર્ય કર્યા. એની વાણી નીકળી, હરખ-હરખ ભેટો થઈ જાય છે આમ જાણે. ભગવાનને મળીએ... ભગવાનને મળીએ... એવું થઈ જાય. અને સમવસરણમાં જે જીવ નજીકમાં જાય એના શરીરને દેખે એમાં સાત ભવ ભાળે. ભગવાનના ભેટા (થાય એમાં). અનંતા ભવનો નાશ થયો અને સાત ભવ હોય તો. હજી એક-બે ભવ હોય એ (દેખાય). શરીર આમ દેખે પરમઔદારિક. આમ નજર ટગ-ટગ છે. અંદર ટગ-ટગ છે ને આમ નિર્મળતા થઈ જાય છે. પ્રભુ! આ છત્રને બહાને અમને જાણે આમ દેખીને આંસુ આવતા હોય અમૃતના, એમ અમે દેખીએ છીએ. કહો, સમજાણું કાંઈ? એ ૨૫. ૨૫ થઈને? ૨૬.

**कयलोयलोयगुप्पलहरिसाइ सुरेसहत्थचलियाइं।**
**तुह देव सरय हरकिरणकयाइं व चमराइं।।२६।।**

‘**હે પ્રભુ!**’ હવે ત્રીજું. પહેલો (અતિશય) અશોક (વૃક્ષ) લીધો, બીજો છત્ર લીધો, ત્રીજો ચામર. હવા લાગતી હશે ભગવાનને? પણ ઈન્દ્રોને, દેવોને ભક્તિના ઉછાળામાં ચોસઠ ચામર ભગવાનને (ઢાળે છે). એ તો વીતરાગ છે. ખમ્મા અન્નદાતા! એમ કરીને ઈન્દ્રો ચામર ઢાળે છે. એમ ખમ્મા આત્માના સ્વભાવને! એમ કરી આત્મા પોતાના સ્વભાવને સંમત થઈને અનુમોદે છે.

‘**હે જિનેન્દ્ર! જેને જોવાથી સમસ્ત લોકના નેત્રો રૂપી કમળ હર્ષિત થાય છે અને જેને મોટા મોટા ઈન્દ્રો ઢાળે એવા આપના ચામર એ જાણે કે શરદઋતુના ચંદ્રમાં કીરણોથી બનાવ્યા હોય એમ લાગે છે.**’ ભારે ભાઈ! શરદઋતુનો ચંદ્ર શીતળ ઠંડો બહુ હોય અને ધોળા બહુ હોય. એના કિરણો લાવીને જાણે પ્રભુ આ બનાવ્યું હોય. ચામર. એવા ઈન્દ્રો આપને ચામર ઢાળે છે. શરદઋતુ. શીતળ... શીતળ... શીતળ... એમ આત્મા. પ્રભુ! આપ શીતળ-શીતળ થઈ ગયા અંદર. ઠરી ગયા... ઠરી ગયા... ઉપશમ સ્વભાવ અકષાયભાવે. અમે પણ અમારા અકષાયભાવમાં આમ શરદઋતુની શીતળતા જેમ ઠરીએ એ અમારી મુક્તિના ઉપાય અને મુક્તિના મંડપ છે. આપના તો આમ જાણે એટલા પુણ્ય, આપની પવિત્રતા કે શરદઋતુ, કુદરતની ઋતુ પણ જાણે એમાંથી કિરણો આવીને આ બન્યા. ગાંડપણું તો નહિ હોય ને આ? વજુભાઈ! મુનિ છે ને પંચ મહાવ્રતધારી. અસત્ય બોલવાનો તો ત્યાગ છે. એ ભક્તિથી આશ્રય પામીને ભગવાનની ભક્તિ કરે છે. એવો ભાવ ધર્મીને આવ્યા વિના રહેતો નથી. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૭, સોમવાર તા. ૨૯-૮-૧૯૬૦**
**ઋષભજિન સ્તોત્ર-ગાથા-૨૭ થી ૩૦, પ્રવચન-૮**

યહ પદ્મનંદી પંચવિંશતિ નામકા ગ્રંથ હૈ. પદ્મનંદિ એક મહાન આચાર્ય દિગંબર સંત હો ગયે હૈં. ભાવલિંગી સંત. કરીબ ૯૦૦ સાલ પહલે (હુએ હૈં). વનવાસી સંત થે, આત્મજ્ઞાની ધ્યાની આત્મામેં છઠ્ઠી-સપ્તમ ભૂમિકા જિનકો પ્રગટ હુઈ થી. ઐસે ભાવલિંગી સંત (થે). અધ્યાત્મકી દૃષ્ટિકા ભી ઉસમેં બહુત કથન હૈ ઔર ધર્મીજીવકો ભગવાનકી ભક્તિ, પૂજાકા ભી ભાવ આતા હૈ. હૈ શુભભાવ, હૈ શુભભાવ, વહ ધર્મ નહીં હૈ તો ભી શુભભાવ ધર્મીકો આયે બિના રહતા નહીં.

મુમુક્ષુ :- શુભકા અર્થ ક્યા હોતા હૈ?

ઉત્તર :- શુભકા અર્થ પુણ્યબંધકા કારણ, ધર્મ નહીં. લેકિન વહ બાત શ્રવણમેં-ધર્મકા શ્રવણ કરના ઐસા ભી શુભભાવ આતા હૈ, કથન કરના, ઉપદેશ કરના ઐસા ભી શુભભાવ ધર્મીકો આતા હૈ. શુભભાવ આવે નહીં તો વીતરાગ હો જાયે. ઔર શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાનકી પરિણતિ હોને કે બાવજૂદ જબતક શુદ્ધઉપયોગ અંતરમેં રમે નહીં, તબતક ઐસા શુભભાવ આયે બિના રહતા નહીં. ભગવાનકી વાણી શ્રવણ કરના, સુનાના, વાંચન કરના, પૃચ્છના કરના, ઉસકા ઉત્તર સુનના, ઉસકા વિચાર વિકલ્પ દ્વારા કરના વહ સબ શુભભાવ હી હૈ. મોતીલાલજી! શુભભાવ હી હૈ.

વહ શુભભાવ, ધર્મ ભૂમિકામેં કર્મધારા રૂપ રાગ ઉસકી ભૂમિકાકે યોગ્ય ચૌથે ગુણસ્થાનમેં સમકિતીકો અવિરત સમ્યગ્દૃષ્ટિકો ભી આતા હૈ, પંચમ ગુણસ્થાનમેં શ્રાવકકો ઔર છઠ્ઠે ગુણસ્થાનમેં મુનિકો ભી ભક્તિકા રાગ આતા હૈ. વહ ભી યાત્રા, ભક્તિ, પૂજા, દયા, દાનકા ભાવ આતા હૈ, વહ શુભરાગ હૈ. નેમચંદભાઈ! પંચ મહાવ્રતકા ભાવ આતા હૈ કિ નહીં? પંચ મહાવ્રત ભી શુભરાગ હૈ, શુભઉપયોગ હૈ. ધર્મ નહીં. વાસ્તવમેં ધર્મકા કારણ ભી નહીં હૈ. તો ભી ભૂમિકામેં સર્વજ્ઞપદ અપના નિજપદકા જ્ઞાતા-દૃષ્ટાકા ભાન હુઆ તો સર્વજ્ઞ પરમાત્મા જો હો ગયે ઉનકી ભક્તિ, પૂજાકા શ્રવણ, મનનકા, વિનય કરનેકા જો ભાવ હૈ (વહ) સબ શુભભાવ હી હૈ. ઐસે ભગવાનકી પૂજા, ભક્તિકા ભી ભાવ આતા હૈ, ઉસકા નામ શુભભાવ હૈ.

ઉસ શુભભાવ કો મિથ્યાત્વ માને વહ મૂઢ જીવ હૈ, અજ્ઞાની હૈ. અશુભ ભી આતા હૈ. સમ્યગ્દૃષ્ટિકો અશુભ નહીં આતા. સ્ત્રીકા વિષય-ભોગ, રાગ, ધંધા-પાની કરનેકા ભાવ ઉસે આયે બિના રહતા હૈ? પંચમ ગુણસ્થાનમેં, ચૌથે ગુણસ્થાનમેં ભી અશુભભાવ તો આર્તધ્યાન, રૌદ્રધ્યાન હૈ, આતા હૈ ઔર રૌદ્રધ્યાન, આર્તધ્યાન જબ હો, તબ ઉસસે બચનેકો ઐસા શુભભાવ દયાકા, દાનકા, પૂજાકા, ભક્તિકા, વ્રતકા, તપકા વહ સબ શુભભાવ હૈ, આતે હૈં. આચાર્ય મહારાજ વર્ણન કરતે હૈં. કોઈ અકેલા નિશ્ચયાભાસી હો જાયે કિ નહીં, આત્મામેં શુભભાવ આતે હૈં તો વહ અધર્મ હૈ ઔર ઉસકો મિથ્યાત્વ માનના વહ બાત સચ્ચી નહીં હૈ. સમજમેં આયા? કઠિન બાત. હજારીમલજી! શુદ્ધભાવકા ભાન નહીં

અથવા શુભભાવમેં ધર્મ માન લેતે હૈં, અથવા શુભભાવમેં મિથ્યાત્વ માન લેતે હૈં, દોનોં બાત જૂઠી હૈ. કૈસે ઉસકા મિલાન કરના? ..ચંદજી! લોગ કહતે હૈં, વ્યવહારકા લોપ હો જાતા હૈ. સુન તો સહી. વ્યવહાર તો, મહાન કુંદકુંદાચાર્યદેવ મહાન સર્વજ્ઞ પરમાત્મા હુએ ઉસસે પહલે તીર્થંકરદેવ છદ્મસ્થ (દશામેં થે), તબ છઠ્ઠી-સાતવીં ભૂમિકામેં વિચરતે હૈં તો ઉનકો ભી શુભઉપયોગ તો આતા હી હૈ, હોતા હી હૈ. વહ મિથ્યાત્વ નહીં હૈ, અજ્ઞાન નહીં હૈ. વહ અધર્મ હૈ. અધર્મ અર્થાત્ આત્માકા સ્વભાવ શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, રમણતાસે વિરૂદ્ધ હૈ તો ઉસકો અધર્મ ભી કહતે હૈં. લેકિન અશુભભાવ અધર્મ હૈ, ઉસકી તુલનામેં શુભભાવકે અધર્મમેં મંદ કષાય હૈ. ઉસકો જ્ઞાની જાનતે હૈં કિ પુણ્યબંધકા કારણ હૈ. ઉસકે ફલમેં શ્રવણ, મનનકા, વીતરાગકી વાણી આદિ મિલના હોતા હૈ. ઉસમેં આત્માકી શાંતિ ઉસકે કારણસે નહીં હોતી, ધર્મ ઉસકે કારણસે નહીં હૈ, લેકિન આયે બિના રહતા નહીં. યા તો અકેલે નિશ્ચયમેં ચલા જાયે, યા અકેલે વ્યવહારસે ધર્મ માનકર ખુશ હો જાયે કિ હમને કર લિયા ધર્મ.

આચાર્ય કહતે હૈં, દેખો! ૨૬ ગાથા હો ગઈ. જંગલમેં વિચરનેવાલે છઠ્ઠે-સાતવેં ગુણસ્થાનમેં બિરાજમાન મુનિ ભાવલિંગી, અપ્રમત્ત દશા આત્માકા આનંદ, શુદ્ધોપયોગ (વર્તતા હૈ). ક્ષણમેં શુદ્ધઉપયોગ આતા હૈ ઔર ક્ષણમેં છઠ્ઠી ભૂમિકાકા શુભરાગ આતા હૈ. પ્રભુકી ભક્તિ કરતે હૈં. ચાંવર તક આયા હૈ. ભગવાનકે અષ્ટ પ્રાતિહાર્યકા વર્ણન કરતે હૈં. એક તો અસ્તિત્વકા વર્ણન કરતે હૈં કિ ભગવાન હૈં ઉનકો અષ્ટ પ્રાતિહાર્ય થે. સમવસરણ થા, ધર્મસભા થી. દેવ, સમકિતી ભી ભક્તિ કરનેકો આતે હૈં. ઈન્દ્રોં એકાવતારી-એકભવતારી, ઐસે ઈન્દ્ર ભી ભગવાનકી ભક્તિ કરતે થે. ઉસમેં ચંવર તક આ ગયા. છત્ર, ચંવર, સિંહાસન, અબ પુષ્પવૃષ્ટિ અષ્ટ પ્રાતિહાર્યમેં હૈ ન. દેવ પુષ્પવૃષ્ટિ કરતે હૈં ન. દેવોં આકર ભગવાનકે સમવસરણમેં પુષ્પવૃષ્ટિકી ભક્તિ કરતે હૈં. ઉસકે બહાને યે પુષ્પવૃષ્ટિ ક્યા હૈ, ઉસકા થોડા અલંકાર લગાકર આચાર્ય મહારાજ ભક્તિ કરતે હૈં. ૨૭વીં ગાથા.

**विहलीकय पंचसरो जिण! तुमम्मि काऊण।**
**अमरकयपुष्फविट्ठी, छला इव बहु मुअइ कुसुमसरो।।२७।।**

‘**હે ભગવાન જિનેન્દ્રદેવ! આપકે સામને જિસ કામદેવકે પાંચો બાણ નિષ્ફલ હો ગયે હૈં...**’ બાણ નિષ્ફલ હો ગયે. ક્યા કહતે હૈં? યે પાંચ ઈન્દ્રિયોંકે વિષય હૈં ન? વિષય. ઉસે કામદેવકી ઉપમા દેતે હૈં. પાંચ ઈન્દ્રિયકે વિષય, ઉસકા જો રાગ. હે ભગવાન! ઈન પાંચ ઈન્દ્રિયોંકે કામબાણને આપકો વિષયકે બાણ મારે, લેકિન આપકે આગે નિષ્ફલ હો ગયે. આપ વીતરાગ અરાગી અંતર આનંદકી દશામેં પરિણમિત હોકર ઉસ કામબાણકો નિષ્ફલ કર દિયા. કામબાણકી અસર આપકો હુયી નહીં. બડે-બડે કિતને હી દેવ ધારણ કરનેવાલે કામ, સ્ત્રીકા વિષય અથવા પ્રશંસા આદિકે શબ્દકે રાગમેં ઘુસ જાતે હૈં.

પ્રભુ! દેવોંને આપ પર જો પુષ્પવૃષ્ટિ કી વહ ક્યા હૈ? હમ ક્યા માનતે હૈં? કિ પાંચો બાણ નિષ્ફલ હો ગયે. ‘**ઐસા વહ કામદેવ, દેવોં દ્વારા આપકે ઉપર કી હુઈ જો પુષ્પોંકી વર્ષા,...**’ પુષ્પવૃષ્ટિકે બહાને ‘**માનો અપને પુષ્પબાણોંકા ત્યાગ કર રહા હૈ, ઐસા માલૂમ હોતા હૈ.**’ આહાહા..!

ઉસમેં ભી ભક્તિ ઉનકો ભાસિત હોતી હૈ. દેખિયે! ઈન્દ્ર એકાવતારી હો. શક્રેન્દ્ર ઔર ઉસકી શચીરાની, દોનોં એકભવતારી હોતે હૈં. વહાંસે નિકલકર, એક ભવ ધારણકર, કેવલજ્ઞાન પાકર દોનોં મોક્ષ જાનેવાલે હૈં. અનાદિ જિતને શક્રેન્દ્ર ઔર ઉસકી શચિ રાણી હોતી હૈ (એકાવતારી હી હોતે હૈં). શચિ ઉત્પન્ન હોનેકે કાલમેં તો મિથ્યાત્વ સહિત ઉત્પન્ન હોતી હૈ. સ્ત્રી હૈ ન. લેકિન બાદમેં આત્મજ્ઞાન, સમ્યગ્દર્શન પ્રાપ્ત કરતી હૈ. વહ રાની ઔર ઉસકા પતિ ઈન્દ્રિ, દોનોં આખિરકા મનુષ્યદેભ ધારણ કરકે મુક્તિ પ્રાપ્ત કરતે હૈં. વહ ઈન્દ્ર આકર પુષ્પવૃષ્ટિ કરતા હૈ ઔર દેવ આકર ભગવાનકે સમવસરણમેં (પુષ્પવૃષ્ટિ કરતે હૈં). તો કહતે હૈં, પ્રભુ! વહ પુષ્પવૃષ્ટિ નહીં હૈ. તો ક્યા હૈ? કામબાણ નિષ્ફલ ગયા, કામદેવ નિષ્ફલ ગયા તો કામદેવને પુષ્પોંકી આપકે ઉપર વર્ષા કી. અહો.. ધન્ય હૈ, ધન્ય હૈ, મહારાજ! વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા આપકી વીતરાગદશા, ઉસમેં હમારા કામબાણ આપકે પાસ નિષ્ફલ ગયા.

**ભાવાર્થ :- 'આપકે અતિરિક્ત જિતને દેવ હૈં, ઉનકો કામદેવને માર-મારકર વશમેં કર લિયા હૈ.'** કિસીકો પ્રશંસાને, કિસીકો સ્ત્રીકે કટાક્ષને, કિસીકો સ્ત્રીકે વિષયસે, કિસીકો જગતકે માનસે સબ હને હુએ, છેદિત હુએ સભી દેવોંકો ઘાવ લગે હૈં. આપકે અતિરિક્ત કોઈ દેવ સચ્ચે દેવ રહે નહીં. કામબાણને ઉસકો ઘાવ મારા હૈ, ઘાયલ કર દિયા હૈ, ઘાયલ કર દિયા હૈ. કામબાણને ઉસકો માર-મારકર ઘાયલ કર દિયા. રાગમેં એકાકાર કર દિયા.

**'કિન્તુ હે પ્રભો! જબ વહી કામદેવ, અપને બાણોંસે આપકો વશ કરને આયા, તબ આપકે સામને ઉસકે બાણ, કુછ કર હી નહીં સકે.'** કુછ કર હી નહીં સકે. વીતરાગ.. વીતરાગ. અપને આનંદ સ્વરૂપમેં લીન હો ગયે, પ્રભુ! આપકો કામબાણકા વિકલ્પ કહાંસે હો? આપકે નિર્વિકલ્પ આનંદમેં આપ ઝુલતે થે, ઉસકે ફલસ્વરૂપ આપકો કેવલજ્ઞાન હો ગયા. આપકે સામને વહ કુછ કર નહીં સકા. **'ઈસલિયે ઉસ કામદેવકે સમસ્ત બાણ, આપકે સામને વિફલ હો ગયે.'** ફલ બિનાકે હુએ. ઉસકા કુછ ફલ-રાગ ઉત્પન્ન નહીં કર સકા. **'જિસસે માલૂમ હોતા હૈ કિ જબ દેવોંને આપકે ઊપર ફૂલોંકી વર્ષા કી...'** યહ બાત સત્ય હોગી કિ નહીં? સમવસરણ ધર્મસભા હોતી હૈ વહાં અભી ભગવાનકે પાસ ધર્મસભા હૈ. શ્રી સીમંધરપ્રભુ બિરાજતે હૈં. વહાં ભી અષ્ટ પ્રાતિહાર્ય સદા હોતે હૈં. દેવ પુષ્પવૃષ્ટિ કરતે હૈં. યે ક્યા? નેમચંદભાઈ! પુષ્પવૃષ્ટિ કર સકે નહીં, જડકી ક્રિયા કર સકે નહીં, પરદ્રવ્યકા પરિણમન અપને અધિકારકી બાત નહીં હૈ. કૌન કહતા હૈ અધિકારકી બાત? પરંતુ આત્મજ્ઞાની ધર્માત્મા સમ્યગ્દૃષ્ટિકો ઐસા શુભભાવ આતા હૈ, તબ ઐસી વૃષ્ટિકી ક્રિયાકા ઉસકા કાલ હોતા હૈ, ઉસકે કારણસે હોતા હૈ. ઉસમેં શુભભાવકો નિમિત્ત કહનેમેં આતા હૈ. કર્તા નહીં. સમ્યગ્દૃષ્ટિ ઉસ શુભભાવકા કર્તા ભી નહીં હૈ. યે બડી કઠિન બાત. કહાં ગયે? ધન્નાલાલજી! શુભભાવકા કર્તા નહીં હૈ તો કરતા ક્યોં હૈ? અરે..! સુન તો સહી. પ્રભુ! તુજે ચૈતન્યતત્ત્વકી લીલા (માલૂમ નહી).

સ્વભાવકા સાગર ભગવાન, ઉસકી દૃષ્ટિ હુયી તો સ્વભાવ જિસકો પ્રગટ હુઆ તો ઉસકે ઊપર પુષ્પવૃષ્ટિ કરતે હૈં. વહ ક્રિયા તો ઉસ સમય પુષ્પકી હોનેવાલી પરમાણુકે ક્રમબદ્ધમેં આતી હૈ. ઉસમેં સમ્યગ્દૃષ્ટિકા શુભભાવ નિમિત્ત પડતા હૈ. નિમિત્ત પડતા હૈ ઉસકા અર્થ વહ નિમિત્ત હુઆ તો વહાં

(કાર્ય) હુઆ ઐસા નહીં. હોનેવાલા થા. યહ બાત જગતકો નહીં બૈઠતી. હોનેવાલી થી તો ઈન્દ્ર, દેવ ઘરપર બૈઠે રહે તો વહાં ક્યોં નહીં હુઈ? સુન તો સહી, પ્રભુ! તુજે ચૈતન્યકી લીલા (માલૂમ નહીં હૈ). ઉસકા શુભભાવ હોતા હૈ, તબ ઐસી ક્રિયા જો હોનેવાલી હૈ ઉસકે કાલમેં હુએ બિના રહતી નહીં. ઉસકે શુભભાવસે નહીં. શુભભાવસે ક્રિયા નહીં હુઈ, શુભભાવસે ધર્મ નહીં હુઆ. ..ચંદજી! કઠિન બાત, ભાઈ! શુભભાવ આયા ઉસસે અપને ચૈતન્યમેં શાંતિ નહીં (હોતી) ઔર શુભભાવસે ઉસ પુષ્પકી ક્રિયા નહીં હોતી. અરે..! યે (બાત). સમજમેં આયા? લેકિન વહ આયે બિના રહતા નહીં ઔર વહ ક્રિયા હોતી હૈ તો ઉસકે કારણસે (હોતી હૈ). શુભભાવકે કારણસે નહીં લેકિન હોનેવાલી ક્રિયાસે હોતી હૈ. મોતીલાલજી!

લોગોંકો તત્ત્વકા (જ્ઞાન નહીં). નૌ તત્ત્વકી ભિન્ન-ભિન્ન પૃથક્ ક્રિયા હૈ, વહ ક્યા હૈ ઔર કૈસે હોતી હૈ, માલૂમ નહીં ઔર પરસ્પર પકડ લેતે હૈં, .. પકડકર ચલે જાતે હૈં. શુભભાવ, શુભભાવ ધર્મ હૈ, ચલો, ભૈયા! કરતે-કરતે ધર્મ હો જાયેગા. ઈન્દ્ર ભી કરતે હૈં. ક્યા ઈન્દ્ર અધર્મ જાનકર કરતે હૈં? તો ઉસકો ભી ધર્મ હૈ. નહીં. ધર્મ નહીં. ધર્મ તો રાગરહિત અખંડ ચૈતન્ય જ્ઞાતા-દૃષ્ટા કી ક્રિયાકા પરિણમન હોના વહી ધર્મ હૈ. લેકિન ધર્મ કી પૂરી પરિણતિ જબતક નહીં હોતી તો ઈન્દ્ર ઐસે પુષ્પવૃષ્ટિ કરતે હૈં. કોઈ કહતા હૈ, ઉસમેં હિંસા હોતી હૈ. કોઈ ઐસા કરતા હૈ. ગડબડી કા પાર નહીં. ઈન્દ્ર આકર ઐસા કરે, દેવ આકર પુષ્પ બરસાયે ઉસમેં હવાકે (જીવકા) ઘાત નહીં હોતા? વિમાનમેં બૈઠકર આયે ઉસમેં પુષ્પ કી હિંસા હોતી હૈ. સુન તો સહી. ધર્મીકિ શુભભાવકી કિમત તુઝે માલૂમ નહીં. શુભભાવ રાગકી મંદતા હૈ, પુણ્યબંધકા કારણ હૈ. ઉસમેં સાતિશય પુણ્ય બંધતા હૈ. મિથ્યાદૃષ્ટિકો ઐસા શુભઉપયોગ આતા હૈ ઉસમેં નિરઅતિશય પુણ્ય હૈ. ઉસ પુણ્ય કે ફલમેં વાણી, તીર્થંકરકા યોગ ઐસા નિમિત્ત મિલતા હૈ. લેકિન ઉસ નિમિત્તસે લાભ નહીં હૈ, ઐસા પ્રથમસે માનતે હૈં. ઐસી બાત હૈ, ભાઈ! સમજમેં આયા?

કહતે હૈં, ઉસ સમય '**વહ ફૂલોંકી વર્ષા નહીં થી,...**' વહ ફૂલોંકી વર્ષા નહીં થી. ક્યા કહતે હૈં? ભગવાન! વહ ફૂલકી વર્ષા નહીં હૈ. હમ તો દેખતે હૈં કિ કામબાણ આપપર ડાલા વહ નિષ્ફલ ગયા, ઐસી પુષ્પવૃષ્ટિ કરતે હૈં. ઐસા હમ તો પુષ્પવૃષ્ટિમેં દેખતે હૈં. ઓહો..! '**વહ કામદેવ સ્વયં અપને પુષ્પબાણોંકો ફેંક રહા થા. ક્યોંકિ સંસારમેં યહ બાત દેખનેમેં આતી હૈ કિ કુછ સમયકે બાદ જબ જો ચીજ કામમેં નહીં આતી...**' જિસ સમય જો ચીજ કામમેં નહીં આતી '**ઉસકો મનુષ્ય છોડ દેતે હૈં,...**' છોડો. વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા,... સબ દેવ કોઈ સ્ત્રી દ્વારા હને ગયે, કટાક્ષકે દ્વારા હને ગયે, વિષયસે હને ગયે, ભોગસે હને ગયે. વીતરાગ કામદેવકો જીતનેવાલે અરાગી આત્માકી જિસકી પરિણતિ હૈ, ઉસપર તો પુષ્પવૃષ્ટિ હી કરની ચાહિયે. ઉસકે બાણ નિષ્ફલ ગયે તો પુષ્પવૃષ્ટિ કી. વહ લિયા. ૨૮.

**एस जिणो परमप्पा, णाणोण्णाणं सुणेह मा वयणं।**
**तुह दुंदुही रसंतो, कहइ व तिजयस्स मिलियस्स।।२८।।**

દુન્દુભી. ભગવાન સમવસરણમેં બિરાજતે હૈં. વે તો વીતરાગ હૈ. દુન્દુભી નગાડા. મંગલ બાજે

બજતે હૈં ન સુબહ. ઐસે મંગલ બાજે-દુન્દુભી. ઐસે તો સાઢે બાહર ક્રોડ બાજે બજતે હૈં. ભગવાન કે સમવસરણમેં. યે ક્યા? એક ઓર નિર્વિકલ્પ વીતરાગતા. જિસમેં ગુણ-ગુણીકે ભેદકા વિકલ્પ કરે તો વહ ભી પુણ્યબંધકા કારણ હૈ, ધર્મ નહીં. ઐસી દૃષ્ટિ અંતરમેં કરકે વીતરાગ હુઆ તો કહતે હૈં કિ વહાં દુન્દુભી બજતી હૈ. સમવસરણમેં બડા નગાડા, દૈવી નગાડા (બજતા હૈ). યહાં ભી પુત્રકી શાદી હોતી હૈ તબ ઐસા કુછ કરતે હૈં ન? પુત્રકા બ્યાહ હોતા હૈ તબ કરતે હૈં. નગાડા બજાતે હૈં. વહાં લડકા થા ન? હમ અજમેરમેં થે તબ. બાલચંદજી કે ઘરપર કુછ થા. નગાડા બજતા થા. ક્યા હૈ? પુત્રકે યહાં પુત્રજન્મ હુઆ હૈ. સાધારણ મનુષ્ય હોનેપર ભી સુબહ નગાડા બજાતે હૈં. હમ વહાં થે. અચ્છા મુહૂર્ત હોતા હૈ. યે તો સાધારણ પુણ્યવંત.

(યહાં તો) તીર્થંકર સર્વજ્ઞદેવ, ઉસમેં તીર્થંકર આદિશ્વર ભગવાનકા કથન હૈ. ઐસા પુણ્ય, ઉસકી બરાબર પ્રતીત કરની ચાહિયે. ઉસકે ફલમેં દેવ દુન્દુભી-નગાડા બજાતે હૈં. દેવ. યહાં પૈસે દેકર બજાનેવાલેકો અચ્છે મુહૂર્તપર બુલાના પડે. વહાં દેવ આકર નગાડા બજાતે હૈં. ક્યા કહતે હૈં? '**હે ભગવન્! આપકી બજતી હુઈ...**' બજતી હુઈ. આપકા '**દુન્દુભી (નગાડા) તીન લોકમેં...**' તીન લોકકો ઈકટ્ઠા કરકે '**યહ બાત કહતી હૈ...**' તીન લોક વહાં ઈકટ્ઠા હો ગયા? ઉસકે અભિપ્રાયમેં ઐસા હૈ કિ યહ દુન્દુભી તીન લોકકા જિસે જ્ઞાન હૈ (ઉનકો સુનને હેતુ) તીન લોકકે જીવ આ જાઓ. ભગવાનકી વાણી સુનો. ભગવાનકે સિવા કોઈ દૂસરેકી વાણી સુનની નહીં. રાગી, દ્વેષી, અજ્ઞાની કામબાણસે ઘાયલ હો ગયે હો, ઉસકા વચન નહીં સુનના. વીતરાગ સર્વજ્ઞ કામબાણસે રહિત હો ગયે, ઉનકી વાણી સુનો. ઉસ વાણીમેં અમૃત ભરા હૈ. અમૃકકુંડમેંસે નિમિત્ત હોકર વાણી અમૃતકુંડ રૂપ પ્રવાહમેં બહતી હૈ. તીન લોકકો ઈકટ્ઠા હોકર દુન્દુભી કહતી હૈ. ક્યા સબ ઈકટ્ઠે હો ગયે? હમ કહતે હૈં ન. હમ ઈકટ્ઠે હોકર આતે હૈં. ભગવાનકી દુન્દુભી (બજતી હૈ) તો હમ કહતે હૈં કિ સબ લોક ઈકટ્ઠે હોકર (આઓ). (દુન્દુભી) '**યહ બાત કહતી હૈ કિ હે જીવોં! વાસ્તવિક પરમાત્મા તો ભગવાન આદિનાથ હી હૈં;...**' જિસને અનેકાંત સ્વરૂપ પ્રગટ કિયા. યહાં તો (પહલેસે બાત) લેકર આતે હૈં ન. સર્વાર્થસિદ્ધસે લેતે-લેતે અષ્ટ પ્રાતિહાર્ય તક આયે હૈં.

'**ભગવાન આદિનાથ હી હૈં; ઈનસે ભિન્ન કોઈ પરમાત્મા નહીં હૈ,...**' દૂસરા કોઈ કર્તા પરમાત્મા જગતકા, ઈશ્વર ઔર ઐસા-વૈસા સબ જૂઠ હૈ. પરમાત્મા હો તો સાક્ષી સર્વજ્ઞદેવકી સેવા કરો. ઉનકી વાણી સુનો. વાણી સુનના તો શુભભાવ હૈ. નેમચંદભાઈ! ઐસા ક્યોં કહતા દુન્દુભી નાદ? અરે..! ભગવાન! સુનનેકા રાગ ધર્મીકો આયે બિના રહતા નહીં. શુભરાગ હૈ. ગણધરકો આતા હૈ. સંતોં એકાવતારીકો (આતા હૈ). અંતર્મુહૂર્તમેં કેવલજ્ઞાન લેનેકી તૈયારી હો ઉસકે પહલે ભી ભગવાનકી વાણી સુનનેકા રાગ હોતા હૈ. બાદમેં અંદર લીન હો જાયે તો કેવલજ્ઞાન હોકર સ્થિર હો જાયે. લેકિન વાણી સુનનેકા પ્રેમ (હોતા હૈ). સંસારમેં વિકથા નહીં સુનતા? ધંધા ઐસા કરના, ઐસા મશીન લગાના, ઐસા કરના, ઐસા હો તો તુમકો બહુત લાભ હોગા. પચીસ હજારકી આમદની એક મહિનેકી હોગી. વહાં સુનતા હૈ કિ નહીં પાપકા ભાવ? કેવલચંદભાઈ! વહાં સબ બાત સુનતા હૈ. યે મશીન ઐસા હોગા,

ઈસસે ઐસા હોગા, ઐસા કરોગે તો ઈસમેંસે ઈતની મહિનેકી કમાઈ બઢેગી. મહિનેકી પાંચ હજારકી હૈ, દસ હજાર ઔર બીસ હજારકી હો જાયેગી. ... ધીરૂભાઈ! જગતકો...

કહતે હૈં, ભગવાન! વાણી નહીં, વહ નગાડા ઐસા કહતા હૈ કિ '**ઈનસે ભિન્ન કોઈ પરમાત્મા નહીં હૈ. ઈસલિયે તુમ દૂસરેકા ઉપદેશ મત સુનો,...**' એક વીતરાગ દૃષ્ટિ ઔર વીતરાગ રમણતા હુઈ, ઉસકી વાણીમેં વીતરાગતા હી નિકલતી હૈ. અકેલા વીતરાગ. નિમિત્ત, રાગકી ઉપેક્ષા કરવાતા હૈ ઔર સ્વભાવકી અભેદ દૃષ્ટિ કરવાતા હૈ. ઐસી દૃષ્ટિ કરવાતા હૈ ઐસા ઉપદેશ હૈ વહી સુનને લાયક હૈ. સમજમેં આયા? સુનતે વક્ત તો શુભરાગ હૈ. હૈ, શુભરાગ તો .. આયે બિના રહતા હૈ? લેકિન શુભઉપયોગમેં સુના ક્યા? વીતરાગી ઉપદેશ. વીતરાગી ઉપદેશકા અર્થ અહો..! તેરા સ્વરૂપ પરમાત્મા આનંદકંદસે ભરા હૈ. ઉસમેં ભેદ ભી ન કર. અભેદ દૃષ્ટિ કર ઔર અભેદમેં લીનતા કર. ઐસા ભગવાનકા ઉપદેશ હૈ, દૂસરેકા ઐસા ઉપદેશ હોતા નહીં. અજ્ઞાની ગડબડી કરતે હૈં, ઘાયલ હો ગયે હૈં તો ઉસકા ઉપદેશ સુનને લાયક નહીં હૈ. '**ઈસલિયે તુમ દૂસરેકા ઉપદેશ મત સુના,...**' અસ્તિ-નાસ્તિ કી. દૂસરેકા યાની મિથ્યાદૃષ્ટિ વસ્તુકા સ્વરૂપ નહીં જાનતે હૈં, ઐસા કોઈ સાધુ નામ ધારણ કરતા હો યા દેવ નામ ધારણ કરતા હો, ઉસકા ઉપદેશ સુનને લાયક નહીં હૈ. યે દેવકી પરીક્ષા કરતે હૈં કિ દેવ ઐસે હોતે હૈં. ઔર દેવકી વાણીમેં ભી ઐસી વાણી હૈ. દેખોન! વર્તમાનમેં તો ઈતની ગડબડી હો ગયી હૈ. અભી સર્વજ્ઞકી વાણી ક્યા કહતી હૈ ઔર ક્યા સમઝાતે હૈં, ઉસકા લક્ષ્ય ઔર રુચિકી ભી ખબર નહીં. ઐસા કહતે હૈં, દેખો! ભગવાનને ઐસા કહા. ક્યા કહા? ભગવાનને કહા હૈ કિ નિમિત્તસે હુઆ, નિમિત્તકો પ્રાપ્તકર હુઆ, વ્યવહારકો પ્રાપ્તકર હુઆ. વહ સબ કથન તો વ્યવહારનયકે હૈં. તેરા સ્વભાવ પાકર તેરી દશા હોતી હૈ. ઐસા ભગવાનકા ઉપદેશ હૈ, ઉસકો સુનો, દૂસરેકો નહીં.

**ભાવાર્થ :-** '**મંગલ કાલમેં જિસ સમય આપકી દુન્દુભી આકાશમેં શબ્દ કરતી હૈ...**' મંગલ કાલમેં. ઔરતેં નહીં ગાતી શાદીકે પ્રસંગમેં? આજ તો વેણલું વાયુ... ઐસા કુછ બોલતી હૈ ન? ક્યા? વેણલા વાયા. પ્રભાતી ગાતે હૈં. પાપકી પ્રભાતી. ધર્મકી પ્રભાતી બોલે વહ અલગ. યે તો, વેણલા વાયા ને સોના સમો સૂર્ય ઉગ્યો, થાળ ભર્યો મોતીએ ને... ઐસી સબ બાતેં કરતે હૈં ન? ઉસકો હર્ષ હૈ, પાપકા. પાપકા હર્ષ હૈ. યહાં ધર્મીકો મંગલ બાજા બજતા હૈ. ચલો, ભગવાનકી વાણી સુનને. ત્રિલોકનાથકી વાણી. ચાર જ્ઞાન, ચૌદહ પૂર્વકો ધારણ કરનેવાલે, અંતર્મુહૂર્તમેં ચાર જ્ઞાન ઉત્પન્ન કરનેકી તાકત, ચૌદહ પૂર્વ ઔર બારહ અંગ કી રચના કરનેકી તાકત (રખનેવાલે) ભગવાનકી વાણી સુનતે હૈં. વહી સુનને લાયક હૈ, દૂસરેકી વાણી સુનને લાયક નહીં હૈ.

દૂસરા, જો કોઈ પ્રાણી પુણ્ય, રાગ, નિમિત્તસે કલ્યાણ હોગા, ઐસા બતાનેવાલા હો તો વહ કથા ધર્મકથા નહીં હૈ, પરંતુ પાપકથા હૈ. સમજમેં આયા? ધન્નાલાલજી! વહ વિકથા (હૈ). વિકથાકા નામ ઐસા હૈ, ભાઈ! દર્શનભેદકી. દર્શનકા ભેદ મિથ્યાત્વ, સમ્યગ્દર્શનકા નાશ કરનેવાલી, ભેદ કરનેવાલી. જો કોઈ કથન ઉપદેશમેં ઐસા આવે કિ તુજે શુભરાગસે ધર્મ હોગા, પુણ્ય કરતે-કરતે કલ્યાણ હોગા, હમારે સમીપ દૃષ્ટિ રખો તો તેરા કલ્યાણ હોગા. ઔર ક્રિયાકાંડમેં ઘુસ જાઓ બરાબર, ક્રિયા કરતે-કરતે,

કરતે-કરતે ઐસા શુભરાગ હો જાય કિ ફિર શુભરાગ ફટકર વીતરાગતા હો જાયેગી. ઐસી કોઈ કથા કરતા હો તો સમકિતભેદની-સમકિતકા નાશ કરનેવાલી હૈ. વિકથા હૈ. ઐસી વિકથા મત સુનો. ધન્નાલાલજી! દેખો! ભક્તિ કરતે હૈં. આહા..! વીતરાગી સંત મહામુનિ ભાવલિંગી પરમેશ્વરપદકો અંદરસે ત્વરાસે ગ્રહણ કર લેતે હૈં. ત્વરાસે, વેગસે. કહો, સમજમેં આયા?

'**ઉસી પ્રકાર હે પ્રભો!**' હે જિનેશ! '**કોઈ મતિ-શ્રુતજ્ઞાનધારી, આપકે વચનોંમેં વિવાદ કરે તો ઉસકા વિવાદ કરના નિરર્થક હી હૈ. ક્યોંકિ આપ કેવલી હૈં. આપકે જ્ઞાનમેં સમસ્ત લોક-અલોકકે પદાર્થ, હાથ કી રેખાકે સમાન...**' હાથકી રેખા દેખે ઐસે ભગવાન દેખતે હૈં. સબ દેખતે હૈં. ઉસમેં વિવાદ કરતા હૈ તો સર્વજ્ઞપદ ઔર આત્માકી પૂર્ણતાકી તુજે ખબર નહીં હૈ. ઉસકે સાથ તૂ વિવાદ કરતા હૈ તો નિરર્થક માથા ફોડ રહા હૈ. સમજે? '**હાથકી રેખાકે સમાન ઝલક રહે હૈં...**' દેખો! '**ઔર પ્રતિવાદી મનુષ્યકે પાસ..**' યહાં જ્ઞાન યાની અજ્ઞાન લેના, હાં! સમ્યક્જ્ઞાની ભગવાનકી વાણીમેં વિવાદ કરતે નહીં. વહ તો સ્વીકાર કરતા હૈ, યથાર્થ હૈ, પ્રભુ! આપકી વાણીમેં પદાર્થકા સ્વરૂપ, જો તત્ત્વ હૈ વહ ત્રિકાલ નિઃશંક ... સર્વજ્ઞ પ્રભુ પરમાત્માને જો માર્ગ કહા, પદાર્થ કહા વૈસા હૈ, ઉસમેં શંકા હોતી નહીં. યે તો અજ્ઞાનીકી બાત કરતે હૈં.

'**ઔર પ્રતિવાદી મનુષ્યકે પાસ...**' જો મતિજ્ઞાનધારી હો ઔર આપકે સાથ (વિવાદ) કરે તો (ઉસે) થોડે પદાર્થકા જ્ઞાન હૈ. વહ આપકે સાથ (વાદ) કરે તો વહ મૂર્ખતામેં જાતા હૈ. કોઈ પચાસ હજાર યા એક લાખ રૂપયેકા ખર્ચ કરે. ઔર કહે કિ મૈં ભી લાખ રૂપયા ખર્ચ કરુંગા. કિતની મુડી હૈ? પાંચ રૂપયેકી. મૂર્ખ હૈ. લેકિન ઉસકા પુત્ર વિવાહ કરતા હૈ ઔર વહ એક લાખકા ખર્ચ કરતા હૈ તો મૈં ક્યોં નહીં ખર્ચ કરું? મૈં એક લાખ રૂપયેકા ખર્ચ કરુંગા. અભી એક કહતા થા, બીસ લાખ ખર્ચ કરને હો તો ક્યા હૈ? ઓહો..! લેકિન તેરે પાસ તો લાખ રૂપયા ભી નહીં હૈ, યે ક્યા બોલતા હૈ? તેરે બાપકે પાસ એક લાખ નહીં હૈ. બીસ લાખકા ખર્ચ કરના હૈ, ઉસમેં ક્યા હૈ? તીન-ચાર લાખ રૂપયા ઇકટ્ઠા હોના મંદિરકે લિયે, ઉસમેં ક્યા હૈ? તીન-ચાર લાખ તુજે માલૂમ નહીં હૈ. કિસે તીન-ચાર લાખ કહના.

ઐસે મતિઅજ્ઞાની ઔર શ્રુતઅજ્ઞાની સર્વજ્ઞ પરમાત્માકી વાણી શાસ્ત્ર, પદાર્થ, માર્ગમેં સંશય કરે વહ અંધ મનુષ્યકે સમાન હૈ. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૧૨, શુક્રવાર તા. ૨-૯-૧૯૬૦**
**ઋષભજિન સ્તોત્ર-ગાથા-૩૫ થી ૩૮, પ્રવચન-૧૦**

૩૪ ગાથા થઈ. ૩૫મી. જુઓ! આ 'ઋષભદેવ' ભગવાનની સ્તુતિ નિર્ગ્રંથ આચાર્ય મુનિ છે એ પણ કરે છે. એવો ભાવ આવે એ જાતનો એટલે નિર્ગ્રંથ યોગીશ્વરો પણ ભક્તિ કરે છે. 'નિયમસાર'માં પણ સમાધિ અધિકારની અંદર પહેલી ગાથા લેતાં લીધું છે કે સર્વજ્ઞની સ્તુતિ જિન યોગીશ્વરો પણ અશુભવંચનાર્થ-અશુભ પાપના ભાવથી બચવા માટે અથવા શુભના અભાવના કાળમાં અથવા અશુભના નાશ માટે જિનેશ્વરની ભક્તિ જૈન યોગીશ્વરો પણ કરે છે. નેમચંદભાઈ! મુનિઓ પણ કરે છે. છે ને? જિનયોગીશ્વરો પણ કરે છે એમ છે ત્યાં. અશુભને છોડવા માટે. નાશના બે-ત્રણ અર્થ કર્યા છે. નાશ માટે, છોડવા માટે, બચવા માટે. સમજાય છે કાંઈ? એ ભાવ આવે છે ખરો. ભક્તિનો, પૂજાનો, રાગની મંદતાનો, બહુમાન સર્વજ્ઞ પરમાત્માની પ્રતિમાનો કે સર્વજ્ઞ પરમાત્માની હાજરીમાં ભગવાનનો. પણ એ પુણ્યબંધનનું કારણ છે એમ જ્ઞાની સમજે છે અને (એનાથી) રહિત આત્માના સ્વભાવની સન્મુખની જે એકાગ્રતા (થાય) એટલો નિશ્ચય સત્ય સાચો ધર્મ છે. પણ આ બે નયનું કથન અહીં આચાર્ય મહારાજ કહે છે કે અન્યવાદીઓ સમજી શકતા નથી. ૩૫.

**भिण्णाण परणयाणं एक्केक्कमसंगया णया तुज्झ।**
**पावंति जयम्मि जयं मज्झम्मि रिऊण किं चित्तं।।३५।।**

'**હે ભગવન્!**' જુઓ! આ પણ એક સ્તુતિ (છે). સર્વજ્ઞના જ્ઞાનનો જે અંશ નીચે છે, એમને તો પૂર્ણ જ્ઞાન છે, પણ એમણે કથન કર્યું છે એ શ્રુતજ્ઞાન પ્રમાણ કે જે આત્માના કાયમ સ્વભાવને જાણે, વર્તમાન પર્યાય શુભરાગને પણ જાણે. એક સાથે જાણે તેનું નામ પ્રમાણ જ્ઞાન કહેવામાં આવે છે. એ પ્રમાણ જ્ઞાનના બે ભાગ : એક નિશ્ચય, એક વ્યવહાર. એવા જે નયો પ્રમાણનો અંશ, આચાર્ય મહારાજ (કહે છે), એ રીતે પ્રભુ, હે ભગવાન! હે પ્રભુ! '**આપના નય પરસ્પર સંબંધ રહિત તથા ભિન્ન એવા પરવાદીઓના નયરૂપી વેરીઓની મધ્યે ત્રણે જગતમાં વિજયને પ્રાપ્ત થાય છે. તેમાં કાંઈ પણ આશ્ચર્ય નથી.**'

બીજાઓ તો કહે કે બસ, વ્યવહાર એટલે રાગ. એવો આત્માનો સ્વભાવ ત્રિકાળ શુદ્ધ છે એને આશ્રયે ધર્મ થાય એમ રાગને આશ્રયે પણ ધર્મ થાય. એ તો બે નય વિરોધ થઈ ગઈ. બેનો મેળ અને સંબંધ રહ્યો નહિ. ભગવાનની નય તો બેનો સંબંધ રાખે છે. સંબંધ એટલે? નિશ્ચયથી તે સ્વભાવને આશ્રયે કલ્યાણ (થાય) અને રાગ આશ્રયે પુણ્યબંધનું કારણ (છે), એમ બે નયનો સંબંધ કરે છે. ઓલા એકાંત એમ માનનારા છે કે પુણ્યબંધથી વ્યવહારથી

પણ કલ્યાણ થાય છે અને નિશ્ચયથી પણ (કલ્યાણ થાય છે) એ તો પરસ્પર નયના વેરી થયા, વિરોધ થયો.

જે પ્રાણીઓ, જેના યોદ્ધાઓ માહોમાંહે સંપવાળા છે, એ વેરી જેના વિરોધીઓ યોદ્ધાઓ કુસંપવાળા છે એને વાતની વાતમાં એ યોદ્ધાઓ ઓલાને જીતી લે છે. કારણ કે ઓલા યોદ્ધાઓનો મેળ નથી અને આ યોદ્ધાઓનો મેળ છે. શું કહ્યું આમાં? હજારીમલ! સમજાય છે? પરસ્પર સંબંધ નહિ રાખનારા તથા એકબીજાના વિરોધી એવા શત્રુ. શત્રુ ભેગા થયા હોય ૧૦૦-૨૦૦-૫૦૦ તો એકબીજાના અંદર વિરોધીઓ હોય. એનો મેળ ન હોય. એવા જે શત્રુ, જેનામાં પરસ્પર એકતા છે. તથા એકબીજાના વિરોધી નથી. એવા યોદ્ધાઓ દ્વારા જેમ વાત વાતમાં જીતી જવાય છે. '**તો જેમ તે શત્રુઓને જીતવામાં કાંઈ આશ્ચર્ય નથી.**'

'**તે જ રીતે હે પ્રભુ! પરસ્પર એકબીજાથી સંબંધ નહિ રાખનાર ભિન્ન એવા તે પરવાદીઓના નયોને જો પરસ્પર સંબંધ રાખનાર તથા અભિન્ન એવા...**' અભિન્ન એટલે? જ્યાં આત્મા નિશ્ચયથી નિત્ય છે, ત્યાં જ આત્મા પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે. એ પરસ્પર નયોનો આ રીતે સંબંધ છે. વ્યવહારથી ઓલા કહે કે આત્મા અનિત્ય જ છે અને આત્મા નિત્ય જ છે, એ એકબીજાના અંદર જ્ઞાનના નયો વિરોધતાને પામે છે. શત્રુઓ વિરોધવાળા હોય, એકબીજાને મેળ ન હોય એને શત્રુ જીતી લેવાય છે. આમાં પાછા વિરોધ કાઢે. જુઓ! આમાં એકબીજાને વિરોધ ન હોવો જોઈએ. પણ વિરોધનો અર્થ એનું નામ. વિરોધ્વંસિની નથી આવતું? ઉભયનય વિરોધ્વંસિની સ્યાતપદાંકે. એનો અર્થ-એક કોર આત્મા આમ કહેવાય કે વસ્તુ શુદ્ધ ત્રિકાળ સચ્ચિદાનંદ છે. બીજી અપેક્ષાએ કહેવાય કે પર્યાયમાં-અવસ્થામાં તે વિકાર છે, વિકારનું પરિણમન છે. એ એકબીજા વિરોધ લાગે છે. પણ વિરોધ નથી. વિરોધની ધ્વંસ કરનારી ભગવાનની વાણી છે. વ્યવહારથી અશુદ્ધ છે તે બરાબર છે. નિશ્ચયથી શુદ્ધ છે તે બરાબર છે.

અનંત ગુણનો પિંડ પ્રભુ એકરૂપ છે અને પર્યાયે અનેકરૂપ છે. એ બે નયો પરસ્પર વિરુદ્ધ લાગે છે. પણ વિરોધ નથી. બેનો સંબંધ છે. જે અપેક્ષાએ એક છે તે અપેક્ષાએ અનેક નથી. જે અપેક્ષાએ અનેક છે તે અપેક્ષાએ એક નથી. અજ્ઞાની (એમ માને છે કે) જે અપેક્ષાએ અનેક છે તો અનેક છે અને અનેક જ છે. એક છે તે એક જ છે. એમ આત્મામાં અનંત ગુણો છે તો અનંત ગુણ ભિન્ન છે તો ભિન્ન જ છે. એકાંત કહે છે. એમ નથી. અનંત ગુણો ગુણ લક્ષણે ભિન્ન હોવા છતાં વસ્તુદષ્ટિએ તે ગુણો અભિન્ન છે. સમજાય છે કાંઈ?

આમ બીજી રીતે કહીએ તો આત્મા જ્ઞાયક ચૈતન્ય સ્વરૂપ, શુદ્ધ ચિદાનંદની મૂર્તિ (છે), એની રુચિ પરિણતિ તે ધર્મ છે અને છતાં એનાથી વિરોધ શુભરાગ, ભગવાનની ભક્તિ, પૂજા, દાન, દયા ભાવ એવો આવ્યા વિના રહેતો નથી. છતાં તે નિશ્ચયથી વિરોધ હોવા

છતાં તે કાળે તેની વ્યવહારે મૈત્રી પણ ગણવામાં આવે છે. કેમ? કે એ જાતની કષાયની મંદતા, અકષાયની દૃષ્ટિ ને સ્થિરતા હોય ત્યારે આવો ભાવ પૂર્ણ અકષાય ન થાય તેને હોયા વિના રહેતો નથી. એ બે નયનો સંબંધ છે. સમજાય છે? ઓલા કહે કે બે નયનો સંબંધ કરો. કઈ રીતે? વ્યવહારથી પણ ધર્મ થાય. પૂજા, દાન. લ્યો! એમાં વળી એક તર્ક કર્યો હતો. એમ કહે છે કે ભગવાનનો ઉપદેશ પરની દયાનો નથી. પરની દયા પાળી શકે છે કોઈ? તો તો પર ઠુંઠું થઈ ગયું. પરપદાર્થની અવસ્થા જીવન અને મરણ કોઈ આત્મા બીજાના કરી શકે છે. બિલકુલ નહિ. છતાં ઉપદેશમાં એમ આવે કે બીજા જીવને ન મારવો, બીજા જીવને દુઃખ ન દેવું. એનો અર્થ એ કે એને એવો ભાવ આવે છે. એ ભાવ આવવા છતાં બીજાને બચાવી શકાય છે એ વાત એમાં સિદ્ધ થતી નથી. ઓલા કહે કે બીજાને બચાવવાનો ભાવ આવે છે તો બીજાને બચાવી શકાય જ છે. એ તો પરસ્પર જ્ઞાનના અંશો નયો વિરોધતાને પામે છે. કહો, સમજાય છે કાંઈ? આહાહા..!

આ ગહન વાત વીતરાગની નયો આચાર્ય કહે છે. 'સમયસાર'માં કહે છે ને. પ્રભુ! તારી નયજાળ ઈન્દ્રજાળ જેવી છે. એક કોર કહે કે આત્મા ત્રિકાળ આનંદનો કંદ છે, બીજી રીતે કહે કે એની પર્યાયમાં વર્તમાન દુઃખ દશા છે. પણ આનંદ છે એમાં દુઃખ આવ્યું ક્યાંથી? અરે..! સુન તો સહી. એ વિરોધ નથી. આનંદ એનો સ્વભાવ હોવા છતાં એની વિપરીત અવસ્થામાં દુઃખ છે. આનંદ જો હોય દશામાં તો મુક્ત થવાનો પુરુષાર્થ એટલે પ્રયત્ન કરવાનું રહેતું નથી. કહો, સમજાય છે આમાં કાંઈ?

તો કહે છે, મહારાજ! આપની જે જ્ઞાનની અપેક્ષાઓના કથનો (છે) એ પરસ્પર વિરોધ નથી. પરસ્પર મેળવાળા છે. અને અજ્ઞાનીઓના કથન પરસ્પર વિરોધ છે. વિરૂદ્ધ છે. અને એ વિરોધના નયની યોદ્ધામાં આપના નયો સંબંધવાળા-મેળવાળા એ એને જીતી લે એમાં કાંઈ આશ્ચર્ય છે નહિ. અનેકાંતની વ્યાખ્યા જ માણસ બીજી કરે છે. વ્યવહારથી પણ ધર્મ (થાય). બે નયને સમકક્ષ રાખવી. મોતીલાલજી! શું કહે છે તું? બે નય છે એ બરાબર છે. પણ એક વ્યવહારને અનિત્યનયનો વિષય વર્તમાન ક્ષણિક રાગાદિ છે. નિશ્ચયનયનો વિષય અભેદ અખંડ આનંદકંદ શુદ્ધ ધ્રુવ સ્વરૂપ છે. એ રીતે બે નયને કહે તો તે નયનો સંબંધ સંબંધ છે. બેને સંબંધ છે. એવા સંબંધની દૃષ્ટિ બરાબર સમજી અને સ્વભાવ તરફની એકાગ્રતા કરે એને મોહનો નાશ થયા વિના રહે નહિ. વિરોધનો નાશ કરનારી છે. ઓલા એકલા વિરોધને ઉત્પન્ન કરનાર છે. ૩૬.

**अण्णस्स जए जीहा कस्स सयाणस्स वण्णणे तुज्झ।**
**जत्थ जिण ते वि जाया सुरगुरुपमुहा कई कुंठा।।३६।।**

ઓહો..! હે જિનેશ! હે પ્રભુ! આમ સામે રાખીને (કહે છે), સર્વજ્ઞ પરમાત્મા હે નાથ! **'જગતમાં એવો ક્યો પુરુષ સમર્થ છે કે જેની જીભ ઉત્તમ જ્ઞાનધારી એવા આપનું**

**વર્ણન કરી શકે?**' લ્યો! '**વર્ણન કરવામાં સમર્થ હોય...**' લ્યો! વળી વર્ણન કરી શકીએ છીએ અને વળી કહે કે વર્ણન કરવામાં સમર્થ કોઈની જીભ હોય નહિ. સમજાય છે કાંઈ? 'જે પદ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં કહી શક્યા નહિ તે.' વળી કહે છે કે કહ્યું. કઈ અપેક્ષાએ? સમજ તો ખરો! કે એ વાણી દ્વારા એનું પૂર્ણ સ્વરૂપ અનુભવગમ્ય છે તે આવી શકતું નથી. પણ કોઈ પ્રકારે કથન કહેવામાં ન આવે તો તો જગતમાં ઉપદેશ અને બીજાને સમજવામાં નિમિત્ત, એ વાતનો જ નાશ થઈ જાય છે. કથંચિત્ વક્તવ્ય ન હોય તો ના પાડનાર કે ના એમ ન હોય.. ના એમ ન હોય.. એમ ન હોય એમ પણ કહ્યું ને એણે? વક્તવ્ય કથંચિત્ છે અને કોઈ અપેક્ષાએ વીતરાગનું સ્વરૂપ વાણી દ્વારા પૂર્ણ આવી શકતું નથી. એ કોની જીભ છે, કહે છે પ્રભુ! કે આપના સ્વરૂપનું વર્ણન કરી શકે! એક સમયમાં જેને ત્રણ કાળ ત્રણ લોક એક સમયમાં પ્રકાશ્યા અને તેમાં એક સમયમાં પૂર્ણ ધ્વનિ દિવ્યધ્વનિ નીકળી, પ્રભુ! આપનું વર્ણન (કરવા) કોની જીભ જગતમાં છે કે કરી શકે?

'**કેમ કે બૃહસ્પતિ આદિ ઉત્તમ કવિઓ પણ...**' કુલગુરુ લખ્યા છે. એનો અર્થ કવિ લખ્યા છે આમાં. દેવોના જે ગુરુ એટલે મોટા બહાર. એવા બૃહસ્પતિ જેવા કવિઓ પણ આપની સ્તુતિ કરવા સમર્થ છે નહિ. સ્તુતિના વિકલ્પથી પૂર્ણ સ્વરૂપનું વર્ણન આવી શકે નહિ. એમ કહેવા માગે છે, હોં! '**આદિ ઉત્તમ કવિઓ પણ આપનું વર્ણન કરવામાં મંદબુદ્ધિ છે.**' પ્રભુ! અમે શું વર્ણન કરીએ? આપ સર્વજ્ઞ પરમાત્મા, પૂર્ણાનંદની પ્રાપ્તિ (થઈ છે). વિકલ્પ દ્વારા અને વાણી દ્વારા તેના શું પાર પડે? સમજાય છે કાંઈ? પાર એટલે? પૂર્ણતાની વ્યાખ્યા વિકલ્પ દ્વારા પણ જણાય નહિ, કહેવાય નહિ અને વાણી દ્વારા પણ કહેવાય નહિ. એ તો અંતર દૃષ્ટિથી એ આત્માના સર્વજ્ઞપદને જાણી શકાય, ઓળખી શકાય, માની શકાય. બાકી વાણી દ્વારા અને વિકલ્પ દ્વારા પ્રભુ પાર પામી શકાય નહિ.

'**જગતમાં પદાર્થોનું વર્ણન કરવામાં બૃહસ્પતિ જેવો બીજો કોઈ ઉત્તમ કવિ નથી. કેમ કે તે ઈન્દ્રના પણ ગુરુ છે.**' વડિલ છે. '**કિંતુ હે જિનેન્દ્ર! આપના ગુણાનુવાદ કરવામાં તે પણ અસમર્થ છે.**' તેમની બુદ્ધિમાં પણ એનું સામર્થ્ય નથી કે જેથી તે આપના ગુણાનુવાદ કરી શકે. આડ મારે છે. આહાહા..! પ્રભુ! અમે બાળ છીએ. અમે આટલી સ્તુતિ અને આ વસ્તુ એક સમયનો પ્રભુ, અને એ સમયના પ્રભુની પ્રગટ થયેલી પ્રભુતા, એનું વર્ણન શું કરીએ? પ્રભુ! અમે તો મંદબુદ્ધિ છીએ. એમ કરીને પોતાની નિર્માનતા બતાવીને ભગવાનની ભક્તિ અને સ્તુતિ કરી રહ્યા છે.

આપ પ્રભુ એક સમયમાં, સમય એક અને અંશ ત્રણ અનંતા ગુણોના. નાનામાં નાનો સમય કે જેના બે ભાગ થાય નહિ અને એક સમયમાં ત્રણ અંશ ઉત્પાદ, વ્યય અને ધ્રુવ. ઓહો..! આ આપે જાણ્યા અને આપનું જ્ઞાન આને પહોંચી વળ્યું, એમ કરીને મારો સ્વભાવ પણ એવો જ છે.

સ્થિરતા એક સમયમેં ઠાણે ઊપજે વિણસે સબહિ,
ઉલટ પલટ ધ્રુવ સત્તા રાખે, યા હમ સુની ન કબહિ.
અબધુ નટનાગરકી બાજી, ક્યા જાને બ્રાહ્મણ કાજી.

બામણ એટલે વેદ આદિ અને કાજી એટલે કુરાન. શું જાણે અંદરમાં? આવું જે આત્માનું સ્વરૂપ ભગવાન, સમય નાનો અને અંશ ત્રણ. અનંતા ગુણોના ત્રણ અંશ એક સમયમાં. આહાહા..! અનંતા ગુણો એક આત્મ વસ્તુમાં એક સમયમાં, એના અંશનો પર્યાય પણ અનંતા અનંતી પર્યાય, એને આપે એક સમયમાં આમ જાણી લીધા બધાને. આ તે આપનું જ્ઞાન પ્રભુ! બૃહસ્પતિ જેવા પણ આપની સ્તુતિમાં હાર માની જાય છે. કહો, સમજાય છે કાંઈ? એવો ચૈતન્ય માહાત્મ્યવાળો પદાર્થ એ બૃહસ્પતિ જેવા પણ એનું વર્ણન કરી શકે નહિ. એમ કરીને ભક્તિ કરે છે.

**'હે જિનેન્દ્ર આપના ગુણાનુવાદ કરવામાં તે પણ અસમર્થ છે. અર્થાત્ તેમની બુદ્ધિમાં પણ આવી શકતું નથી. કે જેથી તે આપના ગુણાનુવાદ કરી શકે. કેમ કે આપના ગુણ સંખ્યાતીત...'** શું કહે છે? અને વાણી તો થોડી છે, શબ્દો થોડા છે. આ વસ્તુ. આ વસ્તુ એક સંસારના સાધારણ પદાર્થને (નથી કહી શકાતો). ઘી ગાયનું હોય, એની મીઠાશનું વર્ણન કરી શકાતું નથી. ઘી. ગાયનું તાજું હોય છે સવારમાં? એનું પણ વર્ણન (નથી કરી શકાતું). શું કરે વર્ણન? કેવું મીઠું? સમજાય છે? ગાયનું ઘી કેવું મીઠું? કેળા જેવું? સાકર જેવું? કેવું?

પ્રભુ! એ જગતના પદાર્થોનું આ રીતે પણ વર્ણન (નથી કરી શકાતું) તો આપ તો ઓહોહો..! સર્વજ્ઞ સ્વભાવે પરિપૂર્ણ જ્યાં અસંખ્ય-અસંખ્ય પ્રદેશે અનંત-અનંત પ્રકાશનો પુંજ પ્રગટી ગયો છે. પ્રભુ! એ આપના ગુણો શું કહી શકીએ? બૃહસ્પતિ જેવા ન કરી શકે તો બીજો કોણ કરી શકે? કહો, સમજાણું?

**'તથા અગાધ છે.'** અગાધ-અગાધ. ઓહો..! જુઓને! શક્તિ સવારમાં (ચાલે છે). ૪૭ શક્તિમાં વર્ણન તે વર્ણન. ગજબ વાત! એ તો સર્વજ્ઞથી વર્ણન આવ્યું છે ને. પછી મુનિઓએ કહ્યું છે. દ્રવ્ય-વસ્તુ પરમાત્માના સ્વભાવથી પરિપૂર્ણ શક્તિથી ભરેલો પદાર્થ છે. એના સમયની અવસ્થામાં વિકાર આદિ હો, એ વિકાર શક્તિનું કાર્ય એ નથી. શક્તિમાં છે જ નહિ. છે અને શક્તિનું કાર્ય નહિ. આ તે વાણી! વજુભાઈ! સંસાર છે, પર્યાયમાં સંસાર-સંસરણ છે. (એ) ગુણનું કાર્ય નહિ. ત્યારે ગુણનું કાર્ય નહિ તો પર્યાય તો ગુણનું જ કાર્ય છે. પર્યાયની વ્યાખ્યા.. આવતું નથી? 'ગુણ વિકારા પર્યાયા.' ગુણનું વિશેષ કાર્ય તે પર્યાય. તો આ વિકાર સંસાર છે એ વિશેષ કાર્ય નથી? ના, ના. સાંભળ તો ખરો. અમે તો પર્યાય દૃષ્ટિએ એમ કહીએ છીએ કે એના સંસારનો ભાવ છે. વસ્તુ દૃષ્ટિથી એના ગુણોમાં વિકાર થાય અને વિકાર કરી શકે એવી એનામાં તાકાત જ નથી. લ્યો! આ પરસ્પર વિરોધ લાગે.

મુમુક્ષુ :- પર્યાય .. સ્વતંત્ર...

ઉત્તર :- સ્વતંત્ર છે. ગુણમાં તાકાત નથી કે સંસારને જે ઉત્પન્ન કરે. સંસારને ઉત્પન્ન કરે ગુણમાં તાકાત હોય તો સંસારનો કોઈ દિ' અભાવ થાય જ નહિ. ભગવાન એ સંખ્યાતીત આપના ગુણો અને વાણી જ્યાં બૃહસ્પતિની પણ જીભ આપના ગુણાનુવાદ કરવામાં પોતાની હાર માને છે. હાર માને એટલે?

જુઓને! કાલે ભક્તિની વાત નહોતી આવી ઓલાને? ઓલો કહે, અમે ભક્તિ કરીએ છીએ. ઓલો છોકરો કહે. હા, પ્રભુ! આપનો ભક્ત છું, આપની ભક્તિ કરું છું. એ વાત કેટલી લીધી! સમજાય છે? ન્યાયમાં તો વાત એણે વિચારવી જોઈએ ને? નિર્માન-નિર્માન. પ્રભુ! હું તો દાસાનુદાસ છું આપનો. હું શું કરી શકું આમાં? ઓલાને કહે, મારા લાખો અને કરોડો.. ધૂળમાંય નથી. લાખો કેવા, એ તો પહેલો ખારેકનો આપ્યો નહિ? શું કહેવાય? બદામ. બદામના ઉપલા ફોતરા આપ્યા અને ખારેકનો વચલો કસ આપ્યો. ભારે ભાઈ તું હુશિયાર. ઉપર ખાયા, દૂસરેમેં અંદરકા દિયા. એટલે બેય થોથા. એમ નથી. જ્યાં જ્યાં જે વસ્તુનો કસ અને તત્ત્વ છે એના ઉપર નજર જવી જોઈએ અને એ અર્પણતામાં જવી જોઈએ.

સંસારમાં સારા ઘર અને સારા ... નથી કરતો? અને ભગવાનને નામે જ્યાં જ્યાં .. સાધારણ, કપડા સાધારણ અને મંદિર સાધારણ (કરે). તને કિંમત છે નહિ. તને ભગવાનની ભક્તિની કિંમત છે નહિ. એમ કહેવા માગે છે. વજુભાઈ! ઘરના લૂગડા-બૂગડા સારા. આમ ફલાણું બાયડી માટે પાંચસોનો સાડલો, હજારનો સાડલો, પાંચ હજારનો ઢીંકણું આ. અહીં કરવું હોય તો કહે, પણ એ.. બધું એટલામાં થઈ રહેશે. ભક્તિ થઈ જશે, જાવ. ... તને ભક્તિ નથી. સર્વજ્ઞ પરમાત્મા પ્રત્યે તને ત્રિલોકનાથ પરમાત્માના વિરહમાં એની પ્રતિમા પ્રત્યે પણ તને જે ભક્તિ જોઈએ એવી ભક્તિ નથી. છતાં એ ભક્તિનો ભાવ છે શુભ. આ જગતમાં એ ધર્મ નહિ. પ્રભુ! આ તારા કથનની શૈલી અને તારું જ્ઞાન એ કોણ કહી શકે? પ્રભુ! એ તો તું જ કહેનાર છો. તારા ગુણાનુવાદ બીજો કોઈ કરી શકે નહિ.

**'અન્ય સાધારણ મનુષ્યોની જીભ આપના ગુણાનુવાદ કરી શકે નહિ. એવા સર્વથા અસંભવ વિકલ્પોથી શું કામ કરાવે?'** વિકલ્પની વૃત્તિથી શું થાય? એમ કહે છે. વિકલ્પ ઉઠે છે એ તો રાગ છે અને સ્વરૂપ તો રાગાતીત છે, વિકલ્પાતીત છે, વચનાતીત છે, કાયાતીત છે, મનાતીત છે. એવા સ્વભાવની વાત તો પ્રભુ! વિકલ્પ રહિત જ જણાય અને અનુભવાય અને વેદાય. એ વિકલ્પથી પાર પમાય એવું નથી. એમ ભેગું કહે છે. કહો, સમજાણું કાંઈ?

ઈન્દ્રો ભક્તિ કરે છે જેની મહિમા. 'કુંદકુંદાચાર્ય' પણ ભગવાનની પૂજા, ભક્તિ કરવા જાત્રા નીકળ્યા હતા. લ્યો! જે 'કુંદકુંદાચાર્ય' એમ કહે છે કે વિકલ્પ તે હેય છે, ઝેર છે,

બંધ છે, છોડવા યોગ્ય છે. શ્રદ્ધામાં વાત કરે છોડવા યોગ્ય. પણ એ અસ્થિરતાના કાળે એવો ભાવ આવ્યા વિના રહેતો નથી. પણ શ્રદ્ધામાં જો તેને આદરણીય માને અને આ મને ઠીક છે, એમ માને તો રાગને ઠીક માનનારા વીતરાગને ઓળખતા નથી. વીતરાગને જાણતા નથી. વીતરાગ-વીતરાગભાવને પ્રશંસે છે, વીતરાગભાવનો જ આદર કરવાનું કહે છે. પણ છતાં એના વિરોધી રાગ આવે. પ્રભુ! આ શૈલી અને આ તારું જ્ઞાન એ બૃહસ્પતિ જેવા પણ પૂર્ણ કરી શકે નહિ. ૩૭.

**सो मोहथेणरहिओ पयासिओ पहु सुपहो तए तइया।**
**तेणज्ज वि रयणजुया णिव्विग्घं जंति णिव्वाणं।।३७।।**

આહાહા..! હે પ્રભુના પ્રભુ! સર્વજ્ઞ પરમાત્માની પર્યાયની પૂર્ણતાને ઓળખીને કહે છે. હે પ્રભુના પ્રભુ! ગણધરોના પણ પ્રભુ! '**હે જિનેન્દ્ર! આપે તે સમયે મોહરૂપી ચોર રહિત...**' મોહરૂપી ચોર રહિત '**ઉત્તમ માર્ગ પ્રકાશ્યો હતો.**' શું કહે છે? આપે તો અંદર લૂંટારા જે છે, પુણ્ય-પાપની સાવધાનીનો મિથ્યાત્વભાવ અને શુભાશુભભાવ એ બધા લૂંટારા છે, મોહભાવ લૂંટારા છે. એ લૂંટારાથી બચવા માટે આપે જે માર્ગ કહ્યો એ નિર્વિઘ્ન ચાલ્યો જાય એવો આપે માર્ગ કહ્યો છે. મોહમાં તો બધું આવ્યું કે નહિ એ? કે મોહ નહિ હોય એને? કે દાખલા બધા એ આપે છે કે જુઓ! એવો દાખલો આપે છે ને? રેતનો. એડિયું લે તારે એડિયું નીકળી જાય અને ફલાણું નીકળી જાય. એવો દાખલો આપ્યો હતો. હવે એ તો બધા છોકરા પણ વાતું કરે છે, સાંભળને હવે. વળી પાછી શું વાત કરી છે એમાં? કે નવ તત્ત્વો એકબીજાને વિરોધી છે. માટે ધર્મ નવ તત્ત્વમાં આવ્યો નથી. માટે પાપથી વિરોધી પુણ્ય ધર્મ છે. એય..! અરે..! ભગવાન! તને શું થયું? સમજાય છે?

પરમાત્માએ કહેલી વાત મોહરહિત છે. મોહરહિત છે. તો પુણ્ય અને પાપનો ભાવ મોહ છે, રાગ છે. પર તરફના ઝુકાવવાળી લાગણી છે. અને તે ધર્મ નથી છતાં વ્યવહાર ધર્મની દશા આવ્યા વિના રહેતી નથી. આ વાત... નિશ્ચય ધર્મ એનાથી પમાય નહિ, છતાં નિશ્ચય ધર્મમાં એને નિમિત્ત તરીકે આવ્યા વિના રહેતું નથી. અને નિમિત્ત પણ ત્યારે કહેવાય કે નિશ્ચયની પરિણતિ કરતો હોય તો. કહો, સમજાણું કાંઈ?

એક ધર્મધ્યાનની વાત આવી હતી જરી. એ સમાધિમાં આવે છે ને? સમાધિના બીજા શ્લોકમાં. એમ કે ધર્મની પરિણતિ તેને ધર્મધ્યાન કહે છે. એવું આવે છે. ઉપયોગમાં બેઠો છે, એ પરિણતિ જે છે એને ધર્મધ્યાન કહે છે. સ્વ આશ્રિત ધર્મ પરણતિ તેને ધર્મધ્યાન કહે છે. સ્વઆશ્રિત. આત્મા ભગવાન પરિપૂર્ણ પ્રભુ, એના સન્મુખ થઈને જે પરિણતિ પ્રગટ થઈ તે ધર્મધ્યાન છે. નિશ્ચય ધર્મધ્યાન છે. છતાં પૂર્ણ વીતરાગ ન હોય એ ભક્તિનો શુભભાવ વ્યવહાર ધર્મધ્યાન એને ઉપચારથી કહેવામાં આવે છે. એવો માર્ગ આપે મોહરહિત વર્ણવ્યો છે. એમાં મોહનો અંશ છે નહિ. મોહ તો લૂંટારા ચોર છે. બરાબર હશે એ? શું કીધું?

**'ઉત્તમ માર્ગ પ્રકાશ્યો હતો તેથી સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ચારિત્રના ધારક ભવ્ય જીવો હાલ પણ તે માર્ગથી નિર્વિઘ્નપણે ક્લેશ વગર મોક્ષ ચાલ્યા જાય છે.'** આપે તે વખતે વીતરાગભાવ વર્ણવ્યો હતો. એક જ મોક્ષમાર્ગ વર્ણવ્યો. રાગરહિત શુદ્ધ ચિદાનંદની શ્રદ્ધા-જ્ઞાન અને રમણતા, નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન અને આનંદની રમણતા એ આપે મોક્ષ વર્ણવ્યો, એ વખતે. અમે એ માર્ગે અત્યારે તે દિ' વર્ણવ્યો તેમાં અમે ચાલ્યા આવીએ છીએ. ઓહોહો..! કહો, સમજાય છે કાંઈ? આમાં તો કાંઈ રાગ-બાગની વાત પણ આવતી નથી. રાગ આવ્યો છે. પણ એને કહે છે કે માર્ગમાં ગણતા નથી. આપે માર્ગમાં ગણાવ્યો જ નથી એમ કહે છે. આવે છે તો ભક્તિ તો કરે છે. પણ માર્ગમાં આપે ગણાવ્યો નથી. વ્યવહારમાર્ગનો અર્થ જ આપે ખરેખર માર્ગમાં ગણાવ્યો નથી.

**'હાલ પણ...'** મુનિ છે, આચાર્ય છે, છઠ્ઠે ગુણસ્થાને છે. વિકલ્પ ઉઠે ત્યારે. છઠ્ઠું-સાતમું ગુણસ્થાન છે. કહે છે, પ્રભુ! આપે એ વખતે પ્રકાશ્યો હતો ને એ માર્ગ નિર્વિઘ્નપણે મોહરહિત (થઈને) અમે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં ચાલ્યા આવીએ છીએ. અમે પણ મોક્ષના પંથે પડ્યા છીએ. એ આપે પ્રકાશ્યો તેથી પડ્યા છીએ. એમ કહે છે. સમજાણું કાંઈ? નિમિત્તથી કથન તો એવા જ હોય ને. આપે પ્રકાશ્યો. વળી પાછું એમ કહે, વળી આટલા આટલા પુણ્યની આવ્યા નજીકમાં, નિશ્ચયનય સુધી આવ્યા એ બધા પુણ્યના ફળ છે. અને તમે કહો છો કે પુણ્ય હેય છે. કહો, પુણ્યને લઈને આવ્યા હશે નિશ્ચય સુધી? મોતીલાલજી! ખુબ લખ્યું છે. ખુબ લખે છે. કહ્યું, વાંચો તો ખરા. શાંતિભાઈને કીધું. લાવ્યા હતા ને શાંતિભાઈએ વાંચ્યું, હોં! છે કે નહિ? ભાવનગરમાં બોલ્યા હતા, કોણ જાણે ઉઠી જાય છે એ વખતે. કહો, સમજાણું?

**'ક્લેશ વગરનો મોક્ષ ચાલ્યા જાય છે. જો માર્ગ સાફ તથા ચોરોના ભયરહિત હોય તો મુસાફરો...'** જુઓને, અત્યારે આ મોટરું કેવી ચાલે છે આ? શું કહેવાય? સિમેંટ ક્રોંકિટના રસ્તા અને આ શું કહેવાય બીજું? ડામરના. ઉત્તરમાં જઈએ તો જ્યાં હોય ત્યાં રસ્તા એવા. ભુલા પડ્યા તો ત્યાં સીમેન્ટ કોંક્રિટના રસ્તા. નહિ? ૫૦ માઈલ. કેવું ગામ કીધું? આમથી આમ ફરે. ચારે કોર જંગલમાં પણ રસ્તા બધા સીમેન્ટ કોંક્રિટના. ચાલી જ જાય મોટર સડસડાટ. ૫૦-૫૦, ૬૦-૬૦ માઈલ. ચોર પણ નહિ ને ત્યાં કોઈ વિઘ્ન કરનાર પણ નહિ. એમ પ્રભુ! આપે એવો માર્ગ કીધો અને ચોર વિનાનો. સાફ-સાફ અને ચોર વિનાનો. આહાહા..! **'મુસાફરો જેમ નિર્વિઘ્નપણે તે માર્ગે ચાલ્યા જાય છે તેમ હે ભગવાન! આપે ઉપદેશેલો માર્ગ પણ સાફ છે.'** દેખો! આપના ઉપદેશમાં તો નિર્લેપ, નિર્વિકલ્પ વીતરાગતાની જ વાત છે. એમ કહે છે.

મુમુક્ષુ :- ..વીતરાગતાકી મહિમા આયી.

ઉત્તર :- મહિમા કરે છે. હે નાથ! આપે તો.. આહાહા..! ધોધ દિવ્યધ્વનિનો છોડ્યો.

નિમિત્તથી કથન એમ જ આવે ને. એમ આ માર્ગ સાફ અને ચોર વિનાનો આપે બતાવ્યો છે. રાગ સાફ માર્ગ હશે? મહિમા છે નહિ છતાં રાગ આવ્યા વિના રહે નહિ. એવો જ નિશ્ચય અને વ્યવહારનો મેળ અને સંબંધ છે. આહાહા..! .. ત્યાં તો જિન યોગીશ્વરો સ્તુતિ કરે છે, હોં! એવું આવ્યું છે. સમાધિ અધિકારમાં. એમાં પહેલી ગાથા છે ને. અશુભવંચનાર્થે સર્વજ્ઞની સ્તુતિ જિનયોગીશ્વરો પણ કરે છે. 'કુંદકુંદાચાર્ય' પણ જાત્રાએ નીકળ્યા હતા. ભાવ આવે બહુમાનનો. સાક્ષાત્ પરમાત્મા ન હોય તો એની સ્થાપના નિક્ષેપ. એના પ્રત્યે ધર્મીને (ભક્તિ) ઊપજે છે તો રાગનું લક્ષ પર ઉપર જ જાય. કાંઈ રાગનો આશ્રય સ્વમાં ન આવે. છતાં પ્રભુ! આપે તો સાફ અને ચોર વિનાનો માર્ગ કહ્યો છે. કહો, સમજાણું?

'**તથા સર્વથી માર્ગ પણ સાફ છે અને સર્વથી બળવાન મોહરૂપી ચોરથી રહિત છે. તેથી જે ભવ્ય જીવો સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન...**' આવી સ્વરૂપની લગડી પડી છે અંદર. એની જેણે પ્રતીત કરી, જ્ઞાન કરીને રમણતા કરી, એ આપે કહ્યું હતું. આપે આખા બાર અંગમાં ચાર અનુયોગમાં આ જ કહેવામાં આવ્યું હતું. એવા સમ્યક્ સાફ (માર્ગ) છે. સ્વભાવ પણ પડેલો છે. સ્વભાવ પડ્યો ન હોય અને આશ્રય લેવો હોય (તો આશ્રય ન થાય). અને તેમાં મોહરહિત-ચોરરહિત આપે માર્ગ કહ્યો. રાગના અવલંબન વિનાનો સાફ ધ્રુવ પરમ સ્વભાવ પડ્યો છે. ધ્રુવ સત્... સત્... સત્... સત્... સત્... સત્... એમાં એકાકાર થવું એવો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો માર્ગ આપે કહ્યો છે. '**તથા સમ્યક્ચારિત્રરૂપી રત્નત્રયના ધારક છે. તેઓ કોઈપણ વિઘ્ન રહિત સુખે-સુખે...**'

મુમુક્ષુ :- .. વ્યવહાર કીધો.

ઉત્તર :- ક્યાં વ્યવહાર કીધો?

મુમુક્ષુ :- ૧૭૨ ગાથામાં.

ઉત્તર :- એ તો નિમિત્તની વાત છે. આ 'પંચાસ્તિકાય'માં લખ્યું છે ને એ. એ તો નિમિત્તપણું આવું જ હોય. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ અને વાસનાની વૃત્તિ ઉઠે તો સત્દેવ, સત્ગુરુ, સત્શાસ્ત્ર એવી જ વૃત્તિનો ત્યાં નિશ્ચયમાં સંબંધ નથી, પણ વ્યવહારથી મૈત્રી એવી જ (કહેવામાં આવે છે). નિશ્ચયથી તો તેનાથી વિરોધ છે. એને વ્યવહારથી મૈત્રી ગણીને એનાથી વધે છે એમ આરોપથી કથન કરવામાં આવે છે. ત્રણ કાળમાં બીજું ફરે નહિ એમાં. ત્રણ કાળ, ત્રણ લોક. સાફ પરમ શુદ્ધ ચૈતન્ય પડ્યો છે ને આમ.

તે '**મોહરહિત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર...**' એટલે વ્યવહાર રહિત નિશ્ચય રત્નત્રય છે એ માર્ગ આપે કહ્યો એમ અહીં તો કહે છે. વ્યવહારથી કાંઈ કથન જોડે આવે એને કહ્યું હોય એ ઉપચારનું કથન (છે), એ બંધનું કારણ છે. વ્યવહાર મોક્ષમાર્ગનો રાગ તે બંધનું કારણ છે. ત્રણ કાળ ત્રણ લોકમાં એમાં ક્યાંય ફરે એવું નથી. પણ રાડ નાખી જાય જગત. હાય-હાય! ભગવાનની પૂજા ને ભક્તિ ને શુભરાગ અને તે બંધનું કારણ? હવે અનંત વાર

બંધનું કારણ, સાંભળને! એકવાર શું અનંત વાર. તો પછી નહિ તો છોડે શું કરવા? જો એમાં કાંઈ લાભ હોય તો એનું લક્ષ છોડે શું કરવા? એનું લક્ષ છોડીને સ્થિરતા થાય છે કે એને ભેગું ઢસરડીને થાય છે? ઢસરડીને સમજ્યા કે ન સમજ્યા? સાથે લઈને. રાગને સાથે લઈને અંદરમાં જવાતું હશે સ્વભાવમાં? કે રાગને છોડીને જવાય છે?

અહીં તો કહે છે કે પ્રભુ! આપે તો ઉત્તમ માર્ગ વિઘ્નરહિત સુખે-સુખે (પહોંચી જવાય એવો બતાવ્યો છે). એમ કરીને પોતાનો આવો સ્વભાવ (છે), એવું આપે પ્રકાશ્યું અને એના તરફની શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર તે રાગ રહિત, ક્લેશ રહિત, વ્યવહાર રહિત, વિકલ્પ રહિતથી કહી, નિર્વિઘ્ને સુખે સુખે (પહોંચાય) એવી જે નિર્વિઘ્ન દશા મોક્ષની, એને અમે નિર્વિઘ્ન માર્ગે પ્રાપ્ત કરશું એવું જ આપે બતાવ્યું છે. એ પ્રભુ! આપની બલિહારી છે એમ કહે છે. આપની ભક્તિ કરનારના રાગને પણ આપે તો ચોર કહ્યો છે. નુક્સાનદાર કહ્યું છે. આહાહા..! મનનો વિસ્તાર કહ્યો છે એને. મન વિસ્તરે છે. આવે છે ને? 'પંચાસ્તિકાય'માં. મન-મન. શું કહે છે? પ્રસાર, પ્રસાર. મન પ્રસરે છે આમ. શુભરાગમાં મન પ્રસરે છે. આમ અંદર વળતું નથી. ઘરમાં નથી આવતું. પ્રસરે છે, પહોળું થાય છે મન મારું. આમ પરિણમન અંદર સ્થિર થતું નથી. પણ આપે એ કાળે આવું હોય એવું આપે વર્ણન નિશ્ચયથી વિરોધ હોવા છતાં અને મોહરહિત માર્ગથી મોહવાળો, રાગવાળો માર્ગ વિરોધ હોવા છતાં વ્યવહારે આપે એ વર્ણન કર્યું જાણવા માટે કે આવી દશા એને હોય છે. કહો, સમજાય છે કાંઈ?

મોક્ષમાં ચાલ્યા જાય છે. '**પ્રાણીઓને મોક્ષમાર્ગમાં ગમન કરતા-પરિણમતા રોકનાર કોઈ હોય તો તે મોહરૂપી ચોર જ છે.**' રાગ ને વિકલ્પ એ સ્વરૂપની સ્થિરતા, એમાં વિઘ્ન કરનાર છે. પણ એને તો આપે કહ્યું કે એ કાંઈ માર્ગ નથી. એટલે અમારે એ કાંઈ વિઘ્ન રહ્યું નથી. સમજાય છે કાંઈ? આહાહા..! અહીં તો હજી આવા આહાર ખાવા, આવા પાણી પીવા, આનું આ કરનું, આ કરવું એ ધર્મ અને એ કરતાં કરતાં થાશે. એ લખ્યું છે એમાં, હોં! લ્યો, આ કહે છે કે પુણ્ય કરતા કરતા ધર્મ થાય એ ખોટી વાત છે. ત્યારે વળી શું કરતા હતા? પુણ્ય કરતા જ, પુણ્યનો અર્થ શાસ્ત્રમાં પવિત્રતા કહ્યો છે. એમ લખ્યું છે. પુણ્ય એટલે પવિત્રતા. આવે છે કે નહિ ક્યાંય? ઈ પવિત્રતા પાપના અશુભભાવથી છૂટવાની અપેક્ષાએ. ઓલી પવિત્રતા ક્યાં ધૂળમાં હતી? આહાહા..!

અરે..! વીતરાગી નિષ્કલંક પંથ, જિનેન્દ્રનો નિષ્કલંક વીતરાગ મોહરહિત પંથ એને મોહી જીવોએ ઘેરો ઘાલીને બીજી રીતે પ્રરૂપીને દુનિયા પાસે કુરૂપ રૂપે મૂક્યો છે. કુરૂપ રૂપે મૂક્યો છે. પ્રભુ! આપે એવું કહ્યું નથી એમ કહે છે. આપે એને ગણ્યું જ નથી. એકલું મોક્ષત્ત્વ. નિયત નિયત-નિશ્ચય એક જ મોક્ષપંથ છે. બીજો કોઈ મોક્ષ પંથ નિશ્ચય સિવાય છે નહિ. કહો, સમજાય છે આમાં?

'**રોકનાર કોઈ હોય તો તે મોહરૂપી ચોર જ છે. તેથી ભવ્ય જીવો સુગમતાથી**

**મોક્ષ જતા...**' શું કીધું? '**ભવ્ય જીવો સુગમતાથી મોક્ષ જતા...**' નથી ઓલા મોહને લઈને. વળી, હે ભગવાન! આપે મોહરહિત માર્ગનું વર્ણન કર્યું છે. મોહ હોય તો વિઘ્ન થાય. એટલી સુગમતાથી મોક્ષ મળે નહિ. કહો, સમજાણું? ચોર હોય ત્યાં મળે? '**તેથી ભવ્ય જીવો નિર્વિઘ્ન મોક્ષ ચાલ્યા જાય છે.**' ખૂટતા જાય છે, ખૂટતા જાય છે એમ કહે છે. સ્વભાવ સન્મુખની દૃષ્ટિ કરી રાગથી છૂટતા જાય છે. આપે છૂટવાનો માર્ગ કહ્યો છે. રાગથી છૂટવાનો માર્ગ કહ્યો છે. રાગને રાખવાનો માર્ગ આપે કહ્યો નથી. આપના માર્ગની અંદરમાં એ કોઈ દિ' ત્રણ કાળમાં આવતું નથી. ૩૮.

**उम्मुद्दियम्मि तम्मि हु मोक्खणिहाणम्मि गुणणिहाण तए।**
**केहिं ण जुण्णतिणाइ व इयणिहाणेहिं भुवणम्मि।।३८।।**

હે ભગવંત! હે ભગવન્! '**હે ગુણનિધાન!**' ગુણના નિધાન ખાણ છો આપ તો પ્રભુ. ગુણની તો ખાણ પડ્યા છો. ઓહોહો..! '**જ્યારે આપે મોક્ષરૂપી ખજાનો ખોલી નાખ્યો...**' આપે મોક્ષની પર્યાય કેમ પ્રાપ્ત થાય અને આત્મામાં મુક્ત સ્વભાવ કેવો છે એ ખોલીને બતાવ્યો. એવો ખજાનો ખોલ્યો. ઓલા રત્ન પડ્યા હોય ને. ઉઘાડીને આમ બતાવે કે જો આ ખજાનો, ભાઈ! લે તારે ભરવો હોય તો લઈ જા. ઓલા કહેતા હતા. કેવા હૈદ્રાબાદના કહેવાય? નિઝામ સરકાર. એની કન્યાના-દીકરીના લગ્ન થયા ને, ખજાનો બહુ પડ્યો હતો એની પાસે. જો આ ખજાનો પડ્યો છે. લઈ જા. કેટલુંક લઈ જાય? ઘણા રૂપિયા હશે. ૨૩ કરોડની તો ઉપજ હતી, બાર માસની. અહીં સર્વજ્ઞ પરમાત્મા... ઓલી તો ધૂળ ખજાના. મરી જવાના બેય. આહાહા..! સમજાય છે?

પરમાત્મા! આપ અમૃત સરોવર, એમાંથી ફુવારો ફૂટ્યો અને એમાં જે આપે માર્ગ કહ્યો એ કેવો માર્ગ છે? કે મોક્ષરૂપી ખજાનો ખોલી દીધો. પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ તત્ત્વ આખું પડ્યું છે. વસ્તુ તો મોક્ષસ્વરૂપ જ છે. શું કહ્યું? હે ભગવાન! આપે તો વસ્તુને મોક્ષસ્વરૂપ ખોલી દીધી છે. એ વસ્તુ મુક્તસ્વરૂપ છે એમાં જ્ઞાન, આનંદ શક્તિઓ પૂર્ણ મુક્ત પડી છે. મુક્ત જ છે. પર્યાયમાં તારી દૃષ્ટિ રાગની એકતામાં અને પુણ્ય ને નિમિત્તની એક્તામાં એ ખજાનાની ખબર તને નથી પડતી. ભગવાને ખોલીને બતાવ્યો.

કહે છે કે એવા ખજાનાને પામીને ક્યા ભવ્ય જીવો છે કે '**જેમણે સડેલા તરણા સમાન રાજાદિ બીજા નિધાનો છોડી દીધા ન હોય.**' શું કહે છે? આત્માનું નિધાન આપે પ્રભુ બતાવ્યું ને. ગુણનિધાન કહ્યું હતું ને પહેલું? એ ગુણનું નિધાન ખજાનો ચૈતન્ય ચમત્કાર પ્રભુ એવો બતાવ્યો. એની આગળ રાજ આદિના નિધાનો તરણા સડેલા. સડેલા સમજો છો ને? સડ ગયેલા ઉકરડા. સડ ગયા ઉકરડા. એંઠ છે. ઉકરડા હોય છે ને? ઉકરડાને શું કહે? કુડા. કચરે કા ઢેર. કચરે કા ઢેર હોતા હૈ ન સડા હુઆ. સવારમાં કાઢે ને? આ બળદ અને ભેંસુ હોય ત્યાં સડેલા તરણા, છાણ, રાખ નાખી દે, બાયડ્યું નાખી દે. ત્યાં

ઘરમાં નાખતી હશે એ? એ ખજાનો બતાવ્યો પ્રભુ આપે.

ચૈતન્ય ચમત્કાર તારા આત્મામાં પ્રભુતા પડી છે. તારા આત્મામાં પોતે પરમેશ્વરપદ પડ્યું છે. એ પરમેશ્વરપદનો એનલાર્જ કર હવે પર્યાયમાં. પ્રગટ કર અંદર. એવા ખજાનાની વાત કરી. પ્રભુ! (એને) પ્રગટ કરવા માટે કોણે રાગ ન છોડ્યો હોય? અને રાગના નિધાન કોણે (રાખ્યા હોય?). સડેલા તરણાને છોડ. ... એના પ્રત્યેનો રાગ છોડ્યો એટલે ખજાનો છોડ્યો કહેવાય. આ ખજાના આગળ આ ખજાનાની કાંઈ કિંમત નથી. અબજો રૂપિયા હોય અને રાજ ચક્રવર્તીનું. ... છન્નું-છન્નું હજારી સ્ત્રી અને છન્નું કરોડ પાયદળ અને છન્નું કરોડ ગામ, અડતાળીસ હજાર પાટણ, બોંત્તેર હજાર નગર. આ ખજાનાની મીઠાશ, ચૈતન્યના અંતર શાંત અને આનંદ અવિકારી સ્વભાવની મીઠાશ, એ મીઠાશને ખોલવા ગયા (તો) બધું છૂટી ગયું. કોણ ભવ્ય જીવ ન હોય? એમ કહે છે અહીં તો. '**ક્યા ભવ્ય જીવ ન હોય?**' એવા ક્યા ભવ્ય જીવ હોય છે '**કે જેમણે આ ન છોડ્યું હોય.**'

'**હે જિનેશ!**' હે પ્રભુ! ગુણનિધાન! '**જ્યાં સુધી ભવ્ય જીવોએ મોક્ષરૂપી ખજાનો...**' જાણ્યો નહોતો. ખબર નહિ કે શું ચીજ છે. તારામાં રત્ન પડ્યા છે. મોટા દરિયાની નીચે રત્નો. સ્વયંભૂરમણ સમુદ્રમાં રત્નના ગંજ પડ્યા છે. વેળુ નહિ, રત્નો (ભર્યા છે). એમ ભગવાનના-આત્મ ભગવાન, એના અંતર સ્વભાવમાં અનંત ગુણના નિધાન રત્નો પડ્યા છે. એમ આપે જ્યાં બતાવ્યું... કહો, ભગવાનજીભાઈ! આ ધૂળને કાઢી નાખી. નાગા થઈ ગયા, નાગા-નગ્ન દિગંબર. આહાહા..! આ ખજાનો ખોલવામાં અમને હવે વખત વિકલ્પનો પણ રહ્યો નથી. તો આને રાખીએ અને આને છોડીએ. છોડે કોણ? સામું જોયું નથી. ચક્રવર્તીના રાજ સામે જોયું નથી. કહો, સમજાણું? '**ખજાનો જાણ્યો નહોતો તેથી તેના ગુણો જાણ્યા નહોતા...**' આત્માના ગુણો. જુઓને! આવે છે ને સવારમાં એ ગુણો? કેટલી શક્તિ આત્મામાં છે. શક્તિની સંખ્યાઓ, હોં! એવી સંખ્યાનું સત્ત્વ ને સામર્થ્ય અમે જાણ્યું નહોતું.

**શ્રાવણ વદ ૧૨, ગુરુવાર તા. ૩-૯-૧૯૬૪**
**શ્રાવકાચાર, ગાથા-૧ થી ૬, પ્રવચન-૧૧**

'પદ્મનંદી' આચાર્ય મહારાજ આ ભરતક્ષેત્રમાં લગભગ ૯૦૦ વર્ષ પહેલા મહા ભાવલિંગી સંત દિગંબર મુનિ, આત્મધ્યાની, જ્ઞાની મહાન સંત થયા. એણે જંગલમાં ૨૬ અધિકાર લખ્યા. ૨૬. નામ આપ્યું 'પદ્મનંદિ પંચવિંશતિ' અધિકાર ૨૬ છે. પણ પચ્ચીસ અધિકારો (પ્રમાણે નામ આપ્યું છે). પદ્મનંદિ પચીસ ઓલો ૫-પાનો મેળ ખાય છે ને. 'પદ્મનંદિ પંચવિંશતિ'. અધિકાર એમાં ૨૬ છે. જંગલમાં રહેનારા મુનિ. અંતરમાં કેટલીક નિશ્ચય અધિકારમાં વાત કરી છે કે આ આત્મા, જેમ સવારે આપણે ચાલે છે ને? એમ કહ્યું છે કે આ આત્મા કર્મ અને કર્મથી ઉત્પન્ન થયેલા વિકલ્પોથી ભિન્ન છે. સમજાય છે કાંઈ? કર્મ, શરીર આદિથી તો ભિન્ન (છે), પણ પુણ્ય અને પાપના વિકલ્પ જે વિકાર એ કર્મના કાર્ય છે, એ આત્માનું કાર્ય નહિ, સ્વભાવનું કાર્ય નહિ. આ જ શાસ્ત્રમાં (છે). છતાં અહીંયાં અધિકાર આવશે.

મુમુક્ષુ :- ગંભીર શાસ્ત્ર...

ઉત્તર :- આમાં ને આમાં કહેલું (છે) અને એમાં પણ એ જ છે. સમજાય છે કાંઈ?

વસ્તુ ચૈતન્યમૂર્તિ, એ તો પુણ્ય-પાપના વિકલ્પો અને શરીરાદિ એ બધી પરવસ્તુ છે એનાથી તદ્દન ભિન્ન છે. એવી અંતર દૃષ્ટિ અને અનુભવ થવો એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર છે. સમજાય છે? છતાં જ્યારે ચરણાનુયોગની પદ્ધતિથી વ્યાખ્યાન આવે, ગણધરની રચનામાં પણ એમ આવે. કઈ રીતે આવે એ પોતે અહીંયાં પદ્મનંદીઆચાર્ય શ્રાવકાચાર (કહે છે). આ છઠ્ઠો અધિકાર છે. એનું નામ શ્રાવકાચાર છે. બીજું એનું નામ ઉપાસક સંસ્કાર કહેવામાં આવે છે. ઉપાસક તે શ્રાવક. ઉપાસક એટલે શ્રાવક. આમ અન્યમાં શ્વેતાંબરમાં કહેવાય ને? શ્રમણોપાસક એને કહે છે. શ્રમણ નામ સાધુના ઉપાસક, સેવક, સંસ્કાર. એ ઉપાસક, સંસ્કારનું આ બીજું નામ છે. છેલ્લી ગાથામાં છે. એની ૬૨ ગાથા છે. આ ચરણાનુયોગની પદ્ધતિથી એમાં કથન છે. પહેલી ગાથા. વિનય કરીને શ્રાવકાચારનું વર્ણન કરે છે.

**आद्यो जिनो नृपः श्रेयान् व्रतदानादिपुरुषौ।**
**एतदन्योन्यसंबन्धे धर्मस्थितिरभूदिह।।१।।**

જુઓ! આ શ્લોક 'પદ્મનંદી આચાર્ય'નો. એનો અર્થ. '**આદિ જિનેન્દ્ર શ્રી ઋષભનાથ...**' આ ચોવીસીના આદિ જિનેન્દ્ર. અનંત કાળના આદિ નહિ. અનંત કાળમાં તો અનંત અનાદિથી તીર્થંકરો ચાલ્યા આવ્યા છે. આ કાળ ચોવીસીના આમાં આદિ જિનેન્દ્ર, જે અઢાર ક્રોડાક્રોડી સાગરોપમમાં ભરતક્ષેત્રમાં તીર્થંકર નહોતા. અઢાર ક્રોડાક્રોડી. નવ ક્રોડાક્રોડી આ, નવ ક્રોડાક્રોડી ઓલી ચોવીસીમાં નહોતા. એમાં આ થયા. માટે એમને આદ્ય તીર્થંકર કહેવામાં આવે છે.

'**આદિ જિનેન્દ્ર શ્રી ઋષભનાથ...**' '**आद्यो जिनो**' એમ શબ્દ પડ્યો છે ને? '**અને નૃપ શ્રેયાંસ...**' શ્રેયાંસ નામક રાજા. '**એ બન્ને મહાત્મા...**' પોતે .. છે. '**વ્રત તીર્થ અને દાન તીર્થની પ્રવર્તકોમાં...**' ત્યાં ધર્મનો શબ્દ ત્યાં દાન જોઈએ. વ્રત તીર્થ અને દાન તીર્થ '**બેમાં પ્રવર્તકમાં આદિ પુરુષ છે.**' બેમાં આદ્યપુરુષ છે. અઢાર ક્રોડાક્રોડી સાગરોપમમાં વ્રત નહોતા અને દાન લેનાર પુરુષ નહોતા એટલે દાન પણ નહોતું. આ વ્યવહાર વ્રતની વાત ચાલે છે, હોં! અને દાનના વ્યવહાર દાન અને વ્યવહાર વ્રત. એની વાત ચાલે છે.

નિશ્ચય સમ્યગ્દર્શન ને જ્ઞાન અને ભાન તો છે ભગવાનને, પણ પંચ મહાવ્રત આદિના જે વિકલ્પ ઉઠ્યા એને અહીંયાં વ્રત કહીને વ્રત ભગવાને ચલવ્યા. અસંખ્ય કાળમાં નહોતા. અસંખ્ય કાળમાં, હોં! અઢાર ક્રોડાક્રોડી. એમાં વ્રતની આદિના કરનારા ભગવાન પ્રભુ (છે). જુઓ! એને વ્રત તીર્થ કીધું છે. સમજાણું કાંઈ? અને ધર્મ એટલે દાન. વ્રત દાન. આદિ એ બેમાં આદ્ય પુરુષો આ બે છે. આ ચોવિસીમાં.

'**एतदन्योन्यसंबन्धे**' અન્યોઅન્ય સંબંધે વ્રતના ધરનાર ભગવાન અને દાનના દેનાર શ્રેયાંસ કુમાર. ધર્મસ્થિતિ અભૂત '**धर्मस्थितिरभूदिह**' આ ભરત ક્ષેત્રમાં એનાથી ધર્મની સ્થિતિ ઉત્તમ થઈ. વ્રત ધર્મ અને દાન ધર્મ. આ વ્યવહાર ધર્મની વાત છે. સમજાય છે કાંઈ? નિશ્ચય તો બેયને સમ્યગ્દર્શન જ્ઞાન ને ભાન છે. સમજાય છે કાંઈ? પણ વ્રતનો ધર્મ શુભભાવ પંચ મહાવ્રત અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પો જે આવ્યા એણે એને ધારણ કર્યા અથવા વ્રતરૂપી તીર્થ શરૂ કર્યું એમ કહેવામાં આવે છે. વ્યવહારની પદ્ધતિની કથન પદ્ધતિ એવી હોય છે. નિશ્ચયમાં જ્યાં આવે ત્યાં વિકલ્પને ઉત્પન્ન કરનાર અને વિકલ્પનો કર્તા એ પણ વસ્તુના સ્વભાવમાં નથી. એમ સમ્યગ્દૃષ્ટિ દાન આપવાની ક્રિયા કાળે જે દાનના આહારાદિની ક્રિયા થાય એનો કર્તા નથી પણ દાનનો વિકલ્પ ઉઠે એનો એ કર્તા નથી. એ નિશ્ચયની દૃષ્ટિમાં વસ્તુ આવી હોવા છતાં વ્યવહારના કથનમાં એણે દાન દીધા અને આણે દાન લીધા, આણે વ્રત પાળ્યું અને એમને દાન દઈને વ્રતને પોષણ કર્યું. કહો, સમજાય છે કાંઈ?

એ 'ઋષભદેવ' ભગવાનને બાર મહિના સુધી આહાર ન મળ્યો. કારણ કે વિધિ લોકોને આવડતી નહોતી અને અહીંયા મળવાનો યોગ નહોતો. સમજાય છે કાંઈ? એમાં જ્યારે એમને બાર મહિના પૂરા થયા, શ્રેયાંસ કુમાર આદિ ભરત આદિને સ્વપ્ન આવ્યા છે. તો શ્રેયાંસને સ્વપ્ન આવ્યું કે એક કલ્પવૃક્ષ સુકાણું છે અને મારે આંગણે આવવાનું છે. એવું સ્વપ્ન (આવ્યું). નિમિત્તજ્ઞાનીને પૂછયું કે આ શું? ભગવાન આદિનાથ તીર્થંકર બાર મહિનાથી આહાર વિનાના છે. સમજાય છે કાંઈ? છ મહિના તપસ્યા કરી હતી, છ મહિના ભીક્ષા માટે નીકળતા હતા પણ આહારનો યોગ નહોતો બનવાનો, એથી એ લોકો અજાણ હતા દેનારા એટલે એને આમ દેવું એ વિધિ તો શીખવવામાં અત્યારે આવે નહિ. તીર્થંકર હતા, મૌનપણે હતા. સમજાય છે કાંઈ? એટલે એ લોકોને.. આહાર લેવા જાય તો કોઈ રતન આપે, કોઈ સ્ત્રી આપે, કોઈ

આ લ્યો.. આ લ્યો! આ પ્રભુ છે, એ કંઈ આહાર-રોટલા માટે આવતા હશે? સમજાય છે? એ પ્રકારના માણસો અજાણ્યા એથી આ જાતનો જોગ ન બન્યો. શ્રેયાંસ કુમારને એ સ્વપ્ન આવ્યું ત્યારે કહ્યું, ભગવાન આજ પધારવાના છે. આ જ જોગ એને ત્યાં થશે. ભગવાન આવ્યા. ઓહો..! બે ભાઈઓ છે ને. સોમદેવ અને શ્રેયાંસ. બહુ ખુશી થયા. આહાહા..! અમારે ત્યાં કલ્પવૃક્ષ આવ્યું. પણ આહાર કેમ દેવો એની ખબર ન મળે.

આમ નજર ભગવાન ઉપર કરતાં જરી સંકલ્પ વિકલ્પ ઠરી ગયા. જાતિસ્મરણ થયું. શ્રેયાંસ રાજકુમાર આમ દાન દેવા નીકળ્યા. પણ કેમ દેવું અને શું કરવું એ ખબર ન મળે. .. બાંધી બરાબર આમ પ્રભુ પાસે .. રાજકુમાર હોં! મહા. મોક્ષગામી જીવ છે. છેલ્લું શરીર-ચરમ શરીર છે. પણ જ્યાં સુધી એ સ્થિતિ... શરીર સુંદર છે. આમ નજર (કરે છે) ત્યાં જાતિસ્મરણ (થાય છે). પૂર્વ ભવમાં આઠમા ભવે આ ઋષભદેવ પ્રભુ મારા પતિ હતા, હું એની પત્ની હતી. શી રીતે ખબર પડી આ જાતિસ્મરણમાં? સમજાય છે કાંઈ? જાતિસ્મરણ તો મતિજ્ઞાનનો ધારણાનો એક ભેદ છે. મતિજ્ઞાનનો ધારણાનો એક પ્રકાર છે. એમાંથી આમ થયું કે આ જ આત્મા પૂર્વ આઠ ભવ પહેલાં... હજી શરીર પણ નથી, આત્મા દેખાતો નથી. આમ જ્યાં નજર (કરે છે) ત્યાં મતિની નિર્મળતા થઈ. એમ જ આવ્યું. આપ આઠમા ભવે મારા પતિ હતા. હું પત્ની (હતી). મુનિને દાન દીધા હતા અને આ વિધિએ મુનિને દાન દીધા હતા.

કહો, આ જાતિસ્મરણના જ્ઞાનમાં પણ આટલી તાકાત છે. એ મહિમા શું છે એની લોકોને ખબર નથી. એ મતિજ્ઞાનની નિર્મળતામાં કેટલી તાકાત! એ આત્મા દેખાય છે? એનું શરીર છે? અત્યારે આ શરીર (છે તે) તો ત્યાં હતું નહિ. સમજાય છે કાંઈ? અને આ જ આત્મા આઠમા ભવમાં પતિ તરીકે હતા, એ મતિની નિર્મળતાની ધારણામાં ફટ અંદરથી આવ્યું. આ જ આઠમા ભવમાં હતા. સમજાય છે કાંઈ? એટલો એને ઉલ્લાસ આવ્યો. ઓહોહો..! મુનિને અમે બેય પતિ-પત્નીએ દાન આપ્યા. એના ફળ તરીકે આઠમે ભવે આ ભગવાન આમ આવ્યા છે અને હું અત્યારે રાજકુમાર તરીકે બરાબર કેડ બાંધી શેરડીના રસના.. શેરડી સમજ્યાને? ગન્ના. રસના ઘડા આવ્યા છે. એ ઘડા ઉપાડીને દે છે. સમજાણું કાંઈ?

એ વ્રતધારી છે. આ દાનના દેનાર છે. એમ વ્યવહારથી એના નિમિત્ત નિમિત્ત સંબંધના કથનો ચરણાનુયોગમાં ન આવે તો સમજાવવામાં આવી શકે નહિ. ખરેખર વ્રતને ધારવા એ વિકલ્પ છે. દાનના દેવાનો વિકલ્પ અને એમણે એને દીધું એ પણ વ્યવહાર છે. દે કોણ? આહારના રજકણો દે કોણ? અને રજકણ લે કોણ? સમજાય છે કાંઈ? ભીખાભાઈ! બાપુ! તત્ત્વની દૃષ્ટિ સહિતના ચરણાનુયોગની કથનની પદ્ધતિને જે રીતે છે એ રીતે ન સમજે તો એનો એકાંત થઈ જાય. સમજાય છે કાંઈ? દ્રવ્યાનુંયોગનું તત્ત્વજ્ઞાન છે તે જ સાચું છે. પણ કથન પદ્ધતિની રીત પણ ચરણાનુયોગમાં આવે છે એ પણ પદ્ધતિની રીત એ પ્રકારે

સાચી છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ખબર નહોતી તો દાનની વિધિ જાતિસ્મરણ વિના શી રીતે ખબર પડે? કાંઈ સમ્યગ્દર્શન થાય તો દાનની વિધિની ખબર પડી જાય? એ વળી કોણે કહ્યું? એ ન માલૂમ ન પડે. સમ્યગ્દર્શનમાં એ માલૂમ પડી જાય? સમજાય છે? એ વિધિ બીજી છે. એ તો અંદરનો કોઈ ખ્યાલ આવે ત્યારે જ ખ્યાલ આવે.

આત્માનું ભાન થવા છતાં દાનની વિધિનો ખ્યાલ ન હોય. એ કાંઈ સમ્યક્ થાય એટલે જ ખ્યાલ થાય (એમ નથી). આમ જાતિસ્મરણ થયું એટલે ખ્યાલ આવ્યો. ઓહો..! પ્રમોદ-પ્રમોદ. આપ કલ્પવૃક્ષ મારે ઘરે પધાર્યા અને આહારદાનનો મારે યોગ થયો, મારું આંગણું પવિત્ર થયું. જુઓ આ. આંગણું તો છે પથ્થરનું. મોટા રાજા છે. આમ મણિરત્નના તળિયા હોય. મણિરત્નની પાટુ પડી હોય આમ નીચે જડેલી. જેમ આ છે ને આ લાદી-લાદી. ત્યાં મણિરત્નની લાદીઓ હોય રાજકુમારને ઘરે. રાજા મોટા છે. અને પહેલોવહેલો હજી કાળ છે ચોથો. ઓહો..! પધારો... પધારો... પધારો... નમન છે. એ આહાર આપે છે. અને આ દેનાર દે છે અને લેનાર લે છે. એ બેથી શરૂ થયું આ કાળમાં. વ્રત અને દાનની વિધિની શરૂઆત આ કાળમાં બે પુરુષોથી થઈ. બેય પુરુષો ચરમશરીરી અને મોક્ષગામી છે. સમજાય છે કાંઈ? એ વ્રતના પરિણામને લઈને મોક્ષગામી છે અને આ દાનના દીધાના ભાવને લઈને મોક્ષગામી છે એમ નહિ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- 'પદ્મનંદી' ચાલે છે આ. આ ઉતરે છે ને. બધી ખબર નથી? સમજાણું કાંઈ?

પણ વ્યવહારથી એમાં એ શબ્દો આવે કે એ વ્રતને લઈને તર્યા અને આ દાનને લઈને તર્યા. ઓલા નિમિત્તમાં ઉપચાર કરીને એનાથી તર્યા એવા કથનો ચરણાનુયોગમાં આવે. એને બરાબર ન સમજે તો દૃષ્ટિનો વિપર્યાસ થાય. કારણ કે સિદ્ધાંત જે સત્ય છે એ કાંઈ પલટી જતા હશે?

મુમુક્ષુ :- ચરણાનુયોગમાં આવે છે.

ઉત્તર :- ચરણાનુયોગમાં આવે એટલે કાંઈ તત્ત્વ ફરી જતા હશે? કહો, ધન્નાલાલજી!

'**આદિ પુરુષ ઈસ ભરતક્ષેત્રમેં ઈન દોનોં કે સંબંધસે...**' અન્યોન્ય સંબંધ થયો ને? દેખો! અન્યોન્ય સંબંધ, નિમિત્ત નિમિત્ત સંબંધ. વળી એ તો વ્યવહાર થયો. પણ બાપુ! એ વસ્તુનું કથન સમજાવવું એ આવે છે કે નહિ? ઓહો..! એ '**ધર્મની સ્થિતિ હુઈ...**' અભૂત છે અભૂત? વિસર્ગ થઈ જાય. '**धर्मस्थितिरभूदिह**' '**अभूदिह**' '**अभूदिह**' આ ભરત ક્ષેત્રમાં ભગવાન પદ્મનંદી આચાર્ય મહારાજ કહે છે, બે પુરુષને લઈને આ રીતે ધર્મની સ્થિતિ થઈ. જુઓ! આ ધર્મસ્થિતિ વ્રત અને દાન. એ વ્યવહાર દાન અને વ્યવહાર ધર્મ એની

સ્થિતિનું વર્ણન કરે છે. નિશ્ચય ધર્મ તો જે સ્વભાવને આશ્રયે છે તે છે.

'**ચતુર્થકાલ આદિ મેં જિસ સમય કર્મભૂમિ કી પ્રવૃત્તિ પ્રારમ્ભ હુઈ, ઉસ સમય સબસે પહલે વ્રત-તીર્થ કી પ્રવૃત્તિ શ્રી આદિશ્વર ભગવાનને કી અર્થાત્ પ્રથમ ઈન્હોનેં હી તપ આદિ કો ધારણ કિયા થા.**' મુનિપણું લીધું ને પહેલું તે આદિનાથ ભગવાને. '**ઉસી કાલ મેં દાન-તીર્થ કી પ્રવૃત્તિ શ્રેયાંસ રાજાને કી થી અર્થાત્ સબસે...**' એ પ્રવૃત્તિ કીધીને. થઈ છે એને કરી છે, પ્રવૃત્તિ કરી છે, થઈ છે એમ કહેવામાં આવે છે. '**સબસે પહલે આદિશ્વર ભગવાન કો શ્રેયાંસ રાજાને હી દાન દિયા થા, ઈસલિયે યે દોનોં મહાત્મા, વ્રત-તીર્થ તથા દાન-તીર્થ કે પ્રવર્તાને મેં આદિ પુરુષ કહલાયે...**' એ આદિ શબ્દ છેલ્લો છે. '**ઈન દોનોં કે સમ્બન્ધ સે ભરતક્ષેત્ર મેં ધર્મ કી સ્થિતિ પ્રારમ્ભ હુઈ હૈ.**' વ્યવહાર ધર્મની સ્થિતિ થઈ છે. આહાહા..! જે વખતે જે વાત સ્થાપન કરવી હોય, જે સમજાવવું હોય એ સમજાવે કે નહિ? સમજાય છે?

હવે બીજી ગાથા. એનું મૂળ બતાવે છે પાછું. '**આચાર્ય ધર્મ કે સ્વરૂપકા વર્ણન કરતે હૈં.**' જુઓ! ત્યાં ધર્મ કીધો. '**धर्मस्थितिरभूदिह**' પાઠમાં છે ને? હવે અહીંયાં ખરું ધર્મનું સ્વરૂપ શું એ એની વાત ભેગી સમજાવે છે.

**सम्यग्दृग्बोधचारित्रत्रितयं धर्म उच्यते।**
**मुक्तेः पन्थाः स एव स्यात् प्रमाणपरिनिष्ठितः।।२।।**

જુઓ! વ્યવહાર પહેલો ધર્મ બતાવ્યો. હવે નિશ્ચય ધર્મ યથાર્થ શું છે એ બીજી ગાથામાં બતાવે છે.

'**સમ્યદ્દગ-સમ્યગ્દર્શન...**' ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્ય, એનું અંતરમાં જ્ઞાનનું ભાન ભૂમિકામાં થઈને પ્રતીત થવી એનું નામ સમ્યગ્દર્શન. આ નિશ્ચય સમ્યગ્દર્શનની વાત છે. સમજાય છે કાંઈ? સમ્યગ્બોધ. એ બોધ લાગુ પાડવો. સમ્યગ્દગ-સમ્યક્બોધ. સાચું જ્ઞાન. આત્માનું જ્ઞાન સાચું જ્ઞાન, સ્વજ્ઞાનનું જ્ઞાન, સ્વઆત્માનું જ્ઞાન એ સાચો નિશ્ચય મોક્ષમાર્ગ છે. અને સમ્યક્ચારિત્ર. સમ્યક્ચારિત્ર. એ શબ્દ લાગુ પડ્યો ને ત્રણેયને? સમ્યક્ચારિત્ર. સ્વરૂપમાં લીનતા. નિર્વિકલ્પ આનંદ, નિર્વિકલ્પ શાંતિ એ '**त्रितयं धर्म उच्यते।**' ત્રણને ભગવાન ધર્મ કહે છે. કહો, સમજાણું આમાં?

'**मुक्तेः पन्थाः स एव**' મુક્તિના પંથ '**स एव**'. એ જ મુક્તિનો પંથ છે. '**स्यात् प्रमाणपरिनिष्ठितः**' કહો, સમજાણું? પ્રમાણથી નિશ્ચિત '**યહ ધર્મ હી મુક્તિ કા માર્ગ હૈ.**' વ્યવહારે આ, નિશ્ચયે આ. વ્યવહારે આ વ્રત-દાનાદિનો ભાવ, નિશ્ચયથી આ.

મુમુક્ષુ :- બે જાતનો ધર્મ?

ઉત્તર :- બેય જાતના ધર્મ છે. આ નિશ્ચય ધર્મ અને ઓલો વ્યવહાર ધર્મ. ધર્મ નથી તેને ધર્મ કહેવો એનું નામ વ્યવહાર. ધર્મ છે તેને ધર્મ જાણવો એનું નામ નિશ્ચય. પણ

અહીંયાં તો .. વિધિ એટલે વ્યવહારધર્મ કહ્યો, નિશ્ચય ધર્મ સાથમાં રહ્યો છે એ બેય વાત સાથમાં કરી છે. નિશ્ચય વિનાના એકલા વ્રત અને દાનના પરિણામ એ મોક્ષમાર્ગમાં વ્યવહારથી પણ આરોપિત કરવામાં આવતા નથી. સમજાય છે કાંઈ?

'**સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર ઈન તીનોં કે સમુદાય કો ધર્મ કહતે હૈં.**' એકત્ર થયું. તથા '**પ્રમાણ સે નિશ્ચિત યહ ધર્મ હી મોક્ષ કા માર્ગ હૈ.**' ખરેખર સમ્યગ્જ્ઞાનથી નિશ્ચિત થયો એનું નામ જ ખરો ધર્મ કહેવામાં આવે છે. હવે એની સામે વાત કરે છે.

**रत्नत्रयात्मके मार्गे संचरन्ति न ये जनाः।**
**तेषां मोक्षपदं दूरं भवेद्दीर्घतरो भवः।।३।।**

'**જો મનુષ્ય, ઈસ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર રૂપ મોક્ષમાર્ગ મેં ગમન નહીં કરતે હૈં,...**' પરિણમન નથી કરતા. માર્ગ છે ને એટલે ગમન કરવું એમ. મોક્ષમાં પહોંચવું છે એનો માર્ગ છે આ. ભગવાન આત્મા જ્ઞાનનું દળ, આનંદનો કંદ, વીર્યની મૂર્તિ, એવા આત્માની સન્મુખ થઈ અને સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રમાં પરિણમન કરતા નથી, અંતરમાં એનો અનુભવ કરતા નથી. '**ઉનકો કદાપિ મોક્ષ કી પ્રાપ્તિ નહીં હોતી...**' '**तेषां मोक्षपदं दूरं**' અર્થાત્ મોક્ષની પ્રાપ્તિ થતી નથી. લ્યો! સમજાય છે કાંઈ? જ્યાં જાવું છે એનો માર્ગ લીધા વિના માર્ગ કેમ કપાય?

પૂર્ણાનંદની પ્રાપ્તિ રૂપી મુક્તિ, પૂર્ણાનંદની પ્રાપ્તિ રૂપી મુક્તિ, એનો માર્ગ સ્વભાવમાં શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્રનું પરિણમન. સમજાય છે કાંઈ? એની સાથે આવા વ્યવહારના શ્રદ્ધા, ભક્તિ, પ્રેમ, દાન, વ્રત આદિના ભાવ હોય. એને પણ વ્યવહારે મોક્ષમાર્ગ કહેવાય છે. કહો, સમજાણું આમાં? '**तेषां मोक्षपदं दूरं**' મોક્ષ એટલે આમ માર્ગ કીધો. '**रत्नत्रयात्मके मार्गे संचरन्ति न ये जनाः**' માર્ગે જતા નથી એને મોક્ષપદ-માર્ગનું ફળ દૂર છે. એટલે મોક્ષપદ એને હોતું નથી. ત્યારે શું છે?

'**भवेद्दीर्घतरो भवः**' અનંત સંસાર ભવ એને પડ્યો છે. સમજાય છે? '**સંસાર દીર્ઘતર હો જાતા હૈ અર્થાત્ ઉનકા સંસાર નહીં છૂટતા. ઉદયભાવ કા નાશ કભી નહીં હોતા.**' સંસાર શબ્દે ઉદયભાવ, વિકારીભાવ. એ આત્માના અંતર સ્વભાવની દૃષ્ટિ-જ્ઞાનના રમણતા વિના એ ઉદયભાવરૂપી સંસારનો નાશ કોઈ દિ' હોતો નથી. એ દીર્ઘ કાળ સંસાર ચોર્યાશીમાં રખડનાર રહે છે. કહો, સમજાણું કાંઈ? એ તો અમિતગતિઆચાર્યમાં કહ્યું છે ને? વિદ્વાનો શાસ્ત્રો પઢે, ભણે, શીખે પણ શાસ્ત્રમાં કહેલી દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્ર એમાંથી કાઢે નહિ, નમે નહિ અને શાસ્ત્રના દાખલા આપ્યા કરે (કે) આ શાસ્ત્રમાં આ કહ્યું ને આ શાસ્ત્રમાં આ કહ્યું. અજ્ઞાનીનો સંસાર બાયડી, છોકરા, કુટુંબ. આ વિદ્વાનોનો સંસાર શાસ્ત્ર. સમજાય છે કાંઈ?

જે શાસ્ત્રને કહેવું છે, જે આત્મા પરથી નિરાળો એનો દૃષ્ટિ જ્ઞાન અને અનુભવ એ

કાઢતો નથી અને વાદવિવાદ કર્યા જ કરે. આ શાસ્ત્રમાં આ લખ્યું.. આ શાસ્ત્રમાં (આ લખ્યું). બધું છે શાસ્ત્રમાં. પણ શાસ્ત્રનું તાત્પર્ય (શું)? સમજાય છે કાંઈ? એ આપણે આવ્યું ને ૧૭૨ ગાથા હજી શરૂ કરી છે. વીતરાગતા છે. રાગ અને નિમિત્તનું લક્ષ છોડી ચિદાનંદ શુદ્ધ ઉપાદાન નિજ પોતાનો સ્વભાવ, એની શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર કરતો નથી અને એકલા શાસ્ત્રના પાના ફેરવ્યા કરે. આમાં આ છે ને આમાં આ છે. આમાં આ છે ને આમાં આ છે. એ તો પરમાણુ છે. એમાં બુદ્ધિ જાય એ પણ વ્યભિચારી બુદ્ધિ છે. સમજાય છે કાંઈ? એ પદ્મનંદીમાં આવે છે. આમાં જ આવે છે. સમજાણું કાંઈ?

અહીંયાં એને ચરણાનુયોગમાં વ્યવહાર સિદ્ધ કરવો છે. એટલે એને વ્યવહાર તીર્થ, વ્રત અને દાનનું તીર્થ ચલાવ્યું, એણે ધર્મને ચલાવ્યો. ધર્મ જે નહોતો એનો પ્રવાહ ઊભો કર્યો એમ અહીંયાં કહેવામાં આવ્યું. અને વાત પણ સાચી ને? એ ધર્મ, વ્રત અને દાનનો ભાવ અઢાર ક્રોડાક્રોડીમાં કોઈ પુરુષને હતો નહિ. કહો, સમજાણું કાંઈ? હવે એ ધર્મના બે ભેદ.

**सम्पूर्णदेशभेदाभ्यां स च धर्मो द्विधा भवेत्।**
**आद्ये भेदे च निर्ग्रन्थाः द्वितीये गृहिणः स्थिताः।।४।।**

'**અર્થ :- યહ રત્નત્રયાત્મક ધર્મ, સર્વદેશ તથા એકદેશ કે ભેદ સે દો પ્રકાર કા હૈ;...**' સમ્યગ્દર્શન અને જ્ઞાન તો છે ઈ છે. પણ સાથે ચારિત્રની પૂર્ણતા અને અપૂર્ણતાની અપેક્ષાએ સર્વદેશ અને એકદેશ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? '**રત્નત્રયાત્મક ધર્મ, સર્વદેશ...**' પૂરો. એ મુનિને હોય છે. દિગંબર મુનિ સર્વવિરતી જંગલવાસી, વનવાસી. હમણાં આવશે હોં! વાંધો. સમજાણું કાંઈ? ઓહો..! એક વસ્ત્રનો ધાગો નથી, એક વિકલ્પ ઉઠે છે જરી પંચ મહાવ્રતનો એમાં જેનો પ્રેમ નથી. પ્રેમ લાગ્યા પરમાત્મા સાથે. પૂર્ણાનંદનો પ્રભુ પરમાત્મા પોતે નિજ પરમાત્માના પ્રેમમાં જ્ઞાન-દર્શન-ચારિત્રમાં પૂર્ણ વિરતિથી રમે છે એને આદ્ય ધર્મ એને નિર્ગ્રંથ ધર્મ કહેવામાં આવે છે. સર્વદેશ ધર્મ. પૂરો ધર્મ. સમજાણું આમાં?

'**તથા એકદેશ...**' શ્રાવકને પંચમ ગુણસ્થાનમાં એકદેશ ધર્મ છે. ચારિત્ર પૂર્ણ નથી અને વ્રત પણ પંચ મહાવ્રતના જેટલા (નથી). સ્થિરતા પણ થોડી છે પંચમ ગુણસ્થાને અને વ્રતના પરિણામ પણ બાર વ્રતના પરિણામ છે. મુનિને તો સ્થિરતા પણ ઘણી છે અને પંચ મહાવ્રતાદિ અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પો છે. તેથી તે સર્વવિરતિ ધર્મ સર્વદેશ કહેવાય છે. ગૃહસ્થનો એકદેશ ધર્મ એને એક અંશે ધર્મ કહેવામાં આવે છે.

'**ઉસમેં સર્વદેશ ધર્મ તો નિર્ગન્થ મુનિ પાલન કરતે હૈં...**' ભાષા તો એમ જ આવે ને. અઠ્યાવીશ મૂળગુણ આદિ મુનિ પાલન કરે, સ્વરૂપની સ્થિરતા પણ એ મુનિ પાલન કરે. '**ઔર એકદેશ ધર્મ કા પાલન ગૃહસ્થ કરતે હૈં.**' પંચમ ગુણસ્થાનવાળા. પહેલી વાત કરી હોં, સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત. એકદેશ ધર્મ પંચમ ગુણસ્થાનમાં શ્રાવક પાલન કરે છે. એમ એ ચોથી ગાથામાં કહ્યું.

પાંચમી.

**संप्रत्यपि प्रवर्तेत धर्मस्तेनैव वर्त्मना।**
**तेने तेऽपि च गण्यन्ते गृहस्था धर्महेतवः।।५।।**

દેખો! મુનિ કહે છે કે વર્તમાનમાં પણ બેય ધર્મ છે. દેખો! એ વખતે પણ (એમ હતું).

**'અર્થ :- ઈસ કાલમેં ભી ઉસ ધર્મ કી ઉસી માર્ગ સે સર્વદેશ તથા એકદેશ માર્ગ સે હી પ્રવૃત્તિ હૈ,...'** મુનિમાર્ગ અને શ્રાવક માર્ગ બેય છે. નથી એમ નહિ. યથાર્થપણે હોય તેની વાત છે ને અહીંયાં. એમાંથી કાઢે કે લ્યો, અહીં પણ છે, તો અત્યારે પણ આ બધા સર્વદેશ ને (એકદેશ છે). એમ નહિ, બાપા! છે તો એ વખતે યથાર્થ છે એની વાત કરી છે. સમજાણું કાંઈ? **'એકદેશ માર્ગ સે હી પ્રવૃત્તિ હૈ, ઈસલિયે ઉસ ધર્મ કે કારણ ગૃહસ્થ ભી માને જાતે હૈં.'** દેખો! એનું કારણ ગૃહસ્થ પણ.. દેશકારણ ધર્મ છે ને. **'तेऽपि च गण्यन्ते गृहस्था धर्महेतवः'** શ્રાવકો ધર્મના હેતુ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હવે આવ્યું ને બરાબર? ઓલામાં પણ છે ને ૯મી ગાથામાં ત્યાં. ૯મી ગાથામાં છે, જુઓ! ગાથા-૯. ૯ ગાથા લખ્યું છે ત્યાંથી. ઔષધિદાન. ૨૨૦ પાનું. શ્રાવક વ્રતોદ્યોતન. બીજો અધિકાર છે ને એની ગાથા ૯મી છે. એના પછીનો બીજો અધિકાર એની ગાથા ૯મી. આ ચાલતી ગાથા ૬૨ છે અને એના પછી શ્રાવક વ્રતોદ્યોતન છે. એની ગાથા ૯મી. જુઓ!

**स्वेच्छाहारविहारजल्पनतया निरुग्वपुर्जायते**
**साधूनां तु न सा ततस्तदपटु प्रायेण संभाव्यते।**
**कुर्यादौषधपथ्यवारिभिरिदं चारित्रभारक्षमं**
**यत्तस्मादिह वर्तते प्रशमिनां धर्मो गृहस्थोत्तमात्।।९।।**

જુઓ! કથન પદ્ધતિ! ઔષધિદાનની વ્યાખ્યા કરતાં ભગવાન પદ્મનંદી આચાર્ય મહારાજ કરે છે. **'ઈચ્છાનુસાર ભોજન, ભ્રમણ અને સંભાષણ સે શરીર રોગરહિત રહતા હૈ.'** એય..! એ નિમિત્તથી સમજાવે છે. હરવું, ફરવું, ખાવું-પીવું જ્યારે હોય એને અનુકૂળ મળતું હોય. ૯મી ગાથા, શ્રાવક વ્રતોદ્યોતન. ૬૨ ગાથા થઈ ગયા પછી ૯મી ગાથા. તરત જ, એ અધિકાર પૂરો થાય એટલે. સમજાય છે? **'પરંતુ મુનિઓ કે લિયે ન તો ઈચ્છાનુસાર ભોજન કરને કી આજ્ઞા હૈ, ન ઈચ્છાનુસાર ભ્રમણ...'** ઊની ઊની તૈયાર રોટલી મળે આમ ગૃહસ્થોને તો. તાવડીમાંથી સીધી. અને ફરવા જાવું સાંજે કલાક. સાંજે, સવારે વહેલા ઉઠીને કલાક, દોઢ કલાક ફરવા જાય. શું કહેવાય ઓલું? હેંગીગ ગાર્ડન. ઓલા મુંબઈમાં છે ને એક. ત્યાં ઊંચું છે તો ફરવા નીકળે આમ. કેટલા કલાક, બે કલાક. કયાં ગયા જુગરાજજી? છે ને ઓલું હરવા ફરવાનું મુંબઈમાં? આ તો એક વાત કરે છે. શરીર અકડાય છે, ચાલો

ફરો, આમ કરો. મુનિને એવું હોતું નથી. એ નિમિત્તથી વાત કરે છે, હોં! ચરણાનુયોગની વિધિનું વર્તન છે ને.

'**સંભાષણકી આજ્ઞા હૈ...**' એ તો દ્રવ્યસંગ્રહમાં કહ્યું નહિ? વ્યવહારો લોકોઉક્તિ. આવે છે ને? ભાઈ! દ્રવ્યસંગ્રહમાં આવે છે. નાનું દ્રવ્યસંગ્રહ છે ને. એમાં આવે છે. વ્યવહાર એટલે લૌકિક વાત. નિશ્ચય એટલે યથાર્થ વસ્તુ. એ લૌકિક વાતમાં શાસ્ત્રમાં પણ વ્યવહારની એવી વાતું આવે. સમજાય (એ રીતે). બીજી રીતે શી રીતે કહેવું? મુનિઓને ઠંડા જોતા હોય ને ઊના મળે, ઊના જોતા હોય ને ઠંડા મળે. ભ્રમણ-ફરવાનું કંઈ હોય નહિ. રાજમલજી! અહીં તો ભાઈ, બધી વાતું હોય આખા સંસારની.

'**સંભાષણકી આજ્ઞા હૈ ઈસલિયે ઉનકા શરીર સદા..**' '**પ્રાયેણ**' એટલો શબ્દ પડ્યો છે. '**પ્રાયેણ**' છે ને? '**પ્રાયેણ**' એમ કરીને વાત નાખી દીધી છે. '**કિંતુ ધર્માત્મા શ્રાવક ઉત્તમ દવા, પથ્ય, નિર્મલ જલ દેકર મુનિયોં કે શરીર કી ચારિત્ર કે પાલન કરને કે લિયે સમર્થ બનાતે હૈં.**' દેખો ભાષા! ચારિત્ર પાલને કે લિયે બનાતે હૈં. સવારની અને અહીંની બેય વાત સમજવી પડશે બરાબર. એય..! દેવીલાલજી! તેથી તો આ અધિકાર લીધો છે. એવી આવે. ચરણાનુયોગમાં રીત એમાં આવે. મહારાજ! આપને આ રોગ થયો, લાવો ઔષધ આપીએ. એ કાંઈ ઔષધ નવું ન લે. એ તો આહાર ભેગું આપે.

કહે છે, '**ધર્માત્મા શ્રાવકગણ ઉત્તમ દવા, પથ્ય અને નિર્મલ જલ શરીર સે ચારિત્ર પાલન કરને કે લિયે સમર્થ બનાતે હૈં. મુનિધર્મ કી પ્રવૃત્તિ ભી ઉત્તમ શ્રાવકોં સે હોતી હૈ.**' દેખો! છે ને એમાં? એ નિમિત્તથી નિમિત્ત નિમિત્ત સંબંધમાં એવા કથનો આવે, ભાઈ! એને ન સમજે ને એકાંત લઈ લે તો તો આખા તત્ત્વનો નાશ થઈ જાય. સમજાય છે કાંઈ?

કહે છે, '**ઈસલિયે મુનિધર્મ કી પ્રવૃત્તિ ઉત્તમ શ્રાવકો સે હોતી હૈ.**' છે ને? '**ધર્મો ગૃહસ્થોત્તમાત્**' એમ પાઠ છે. ઉત્તમ ગૃહસ્થો, વિવેકી ગૃહસ્થો, જ્ઞાની ગૃહસ્થો એને મુનિની સેવા, મુનિની ભક્તિ, આહારાદિનો ભાવ આવે છે. એનાથી મુનિપણું ટકે. બીજે ઠેકાણે બીજું આવે છે મુનિએ જ રત્નત્રય આપ્યા. ક્યાંક આપે છે કે નહિ? એ દાનમાં હશે. સમજાણું કાંઈ? મુનિના શરીરનો મોક્ષનો માર્ગ શરીરથી નભે, શરીર આહાર-પાણી દે, આહાર-પાણી શ્રાવક દે. માટે શ્રાવકે જ એનો મોક્ષમાર્ગ દીધો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આમાં આવે છે. આમાં આવે છે, આપણે દાનમાં હશે ક્યાંક. આપણે ક્યાં બધું.. એ આવે છે ને? આપણે વ્યાખ્યાન વંચાઈ ગયું છે. સમજાણું કાંઈ? એવું આવે છે ત્યાં. આવે છે ને? ક્યાં ગયા ભાઈ? શેમાં દાનમાં આવે છે કે શેમાં? દાનની ૧૨મી ગાથા, લ્યો ભાઈ! દાનનો કેટલામો અધિકાર? દાનનો અધિકાર કેટલામો? કેટલામી ગાથા?

૧૨. એ બરાબર છે. ૧૨. પાનું-૧૧૬ છે આમાં. દાનનો અધિકાર, એમાં ૧૨મી ગાથા. દેખો! શૈલી તો બધી સમજવી જોઈએ કે નહિ?

દાતા કી મહિમા કા વર્ણન. ૧૨મી.

**मोक्षस्य कारणमभिष्टुतमत्र लोके**
**तद्धार्यते मुनिभिरङ्गबलात्तदन्नात्।**
**तद्दीयते च गृहिणा गुरुभक्तिभाजा**
**तस्माद्धृतो गृहिजनेन विमुक्तिमार्गः॥१२॥**

૧૨મી ગાથા. '**સંસાર મેં મોક્ષ કા કારણ રત્નત્રય હૈ.**' સંસારમાં મોક્ષનું કારણ રત્નત્રય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. '**રત્નત્રય કો શરીરમાં શક્તિ હોને સે મુનિગણ પાલતે હૈં.**' સમજાય છે કાંઈ? એ નિમિત્તના સંબંધે નિમિત્તનું જ્ઞાન કરાવે છે. એવી પણ ચરણાનુયોગમાં કથનની પદ્ધતિ હોય છે. એ કથન ખોટું નથી. એ વ્યવહારની રીતે સમજાવવા માટે એ બરાબર વાત છે. સમજાય છે કાંઈ? એવું કોઈ બોલે તો એ દષ્ટિ મિથ્યાત્વ છે, એને ધર્મની ખબર નથી એમ નથી. સમજાય છે કાંઈ? ઈશ્વરચંદજી!

મુમુક્ષુ :- પ્રયોજન માટે...

ઉત્તર :- પ્રયોજનવાન છે. એકબીજાના નિમિત્તનું પ્રયોજન છે. નિમિત્ત સિદ્ધ કરવું છે.

અને એ '**મુનિયોં કી શરીર શક્તિ અન્ન સે હોતી હૈ.**' અન્ન હોય એનાથી શરીરની શક્તિ (રહે). કરે. એ બધી નિમિત્ત નિમિત્ત સંબંધની વ્યાખ્યા છે. '**મુનિયોં કે લિયે ઉસ અન્ન કો શ્રાવક ભક્તિપૂર્વક દેતે હૈં. ઈસલિયે વાસ્તવિક રીતે સે ગૃહસ્થને મોક્ષમાર્ગ કો ધારણ કિયા હૈ ઐસા સમજના ચાહિયે.**' દેખો! '**तस्माद्धृतो गृहिजनेन विमुक्तिमार्गः**' એમ વ્યવહારથી નિમિત્ત નિમિત્ત સંબંધને પ્રસિદ્ધ કરવા આ રીતે કથન હોય. બીજું કથન હોય નહિ. પણ એનું એમ જ માની લે (તો વિપરીતતા છે). હજી તો નિશ્ચય મોક્ષમાર્ગ શરીરથી થાય એમ પણ નથી, એના વિકલ્પથી થાય એમ નથી. વિકલ્પથી થાય એમ નથી. શરીરથી તો ક્યાં થાય? શરીરાદ્ય ખલુ ધર્મ સાધનમ્. કહે છે ને? આ રીતે વ્યવહારથી કહેવાય. ખરેખર તો મોક્ષમાર્ગમાં વિકલ્પ પણ ખરેખરું સાધન નથી. પણ વ્યવહારનું જ્ઞાન કરાવવા મુનિની ભક્તિ ઉપડી છે શ્રાવકને, (એટલે) આહાર દે છે, શરીર પુષ્ટિ રહે છે તેથી શક્તિથી પાલન થાય એમ નિમિત્ત નૈમિત્તિકની પરંપરાનું જ્ઞાન કરાવવા આ કથન છે. સમજાણું કાંઈ? ધન્નાલાલજી! ભાઈ! બેય વાત સામાવાળાની લેવી જોઈએ કે નહિ? ઓલા કહે કે સામા નથી. વસ્તુની સ્થિતિ એવી છે. સમજાણું કાંઈ? વ્રતની અપેક્ષાએ દાનને અધિક ફળ કહે એ તો ઠીક, ચાલો. ... મૂક્યું ત્યાં.

હવે અહીંયાં આપણે ચાલતો અધિકાર. પાંચમી ગાથા થઈ. '**ગૃહસ્થ ભી ગિને જાતે હૈં.**' કોણ? એ '**गृहस्था धर्महेतवः**' ગૃહસ્થો ધર્મના હેતુ-નિમિત્ત છે એમ શાસ્ત્રકાર પોકારીને

કહે છે. હવે છઠ્ઠું. આ ગડબડની ગાથા થોડી.

**संप्रत्यत्र कलौ काले जिनगेहे मुनिस्थितिः।**
**धर्मश्च दानमित्येषां श्रावका मूलकारणम्।।६।।**

એ પત્રોમાં પણ આવી ગયું છે, આ જુઓ! મુનિ એકલા વનમાં રહે એમ નથી. આ શાસ્ત્રમાં પદ્મનંદી આચાર્યે કહ્યું. ધન્નાલાલજી! ભાઈ! વાત તો બેય લેવી જોઈએ કે નહિ? કહો સમજાણું કાંઈ? શું કહ્યું?

અહો! '**અર્થ :- ઈસ કાલ મેં શ્રાવક ગણ બડે બડે જિનમંદિર બનવાતે હૈં,...**' એ બનવાતે કાઢ્યું છે ગાથા ૨૦મી શ્રાવકમાંથી. આપણે શ્રાવક વ્રતોદ્યોતન છે કે નહિ? એની ૨૦મી ગાથામાં એ બધો ખુલાસો છે. ૨૦મી-૨૦મી છે ને? ૨૦મી. પાનું ૨૨૬. ૨૦મી શ્રાવક ઉદ્યોતન. જુઓ! એ ત્યાં ગાથા ૨૦મી છે. એ પ્રમાણે અર્થ લેવો. અથવા '**जिनगेहे**'. તો '**जिनगेहे**' એટલે કોઈ મંદિર વનમાં બહાર પણ હોય છે. સમજાય છે? મુનિ આવીને વસે. ... મકાન અને મંદિર આદિ એકાંતમાં હતા. આ તો હવે બધું (ફરી ગયું). જંગલમાં પણ મંદિર આદિ હતા. ત્યાં આવે, મુનિ વસે. તો કહે છે,... જુઓ! આમાં ખુલાસો. ૨૦મી.

**यत्र श्रावकलोक एष वसति स्यात्तत्र चैत्यालयो**
**यस्मिन् सोऽस्ति च तत्र सन्ति यतयो धर्मश्च तैर्वतते।**
**धर्मे सत्यघसंचयो विघटते स्वर्गापवर्गाश्रयं**
**सौख्यं भावि नृणां ततो गुणवतां स्युः श्रावकाः संमताः।।२०।।**

'**અર્થ :- જિસ નગરમેં, દેશમેં શ્રાવક લોગ રહતે હૈં.**' દેખો! રહે છે. એમ છે ને પાઠમાં? વસ્તી. '**स्यात्तत्र चैत्यालयो**' ત્યાં જિનમંદિરો હોય છે. પ્રતિમા, ભગવાનના દર્શન કરવા ચૈત્યાલયો હોય છે. જુઓ! છે ને? '**ઔર યહાં પર જિનમંદિર મેં યતિશ્વર નિવાસ કરતે હૈં.**' છે ને? '**यस्मिन् सोऽस्ति च तत्र सन्ति यतयो धर्मश्च**' ભિક્ષા માટે આવે, દર્શન કરે, બેસે. શાસ્ત્રમાં આવે છે ને ઓલા મુનિઓ? સપ્ત ઋષિ. આઠ ઠેકાણે ગયા હતા અને બીજે આપ્યા. અને ભગવાનના દર્શન કરવા મંદિરમાં ગયા. ત્યાં આદર કર્યો બીજા મુનિઓએ. ઓહો..! આ મુનિ તો ક્યાંથી અત્યારે? અમે તો ઘરે આવ્યા હતા અને આ તો ભ્રષ્ટ છે એમ ધારીને ન આપ્યા. આ તો મહામુનિ લાગે છે. મંદિરે દર્શન કરવા ગયા. મુનિઓ આવ્યા હતા. તો પરિચય થાય. દેશના મળે. સંગ મળે, પુણ્ય થાય. જિનપ્રતિમાના મંદિર હોય તો મુનિઓ આવીને રહે તો વાતચીતનો પ્રસંગ અને વ્યાખ્યાન સાંભળવાનું મળે. સમજાય છે? આવી ચડતા હતા આ લોકો. 'કુંદકુંદાચાર્ય' ને. આ ગયા હતા ને હમણાં અમે? પોન્નુર હિલ. પોન્નુર હિલ. એની પાસે પોન્નુર નામનું એક ત્રણ, ચાર, પાંચ માઈલ છેટે એક ગામ છે. પોન્નુર ગામ. એ ગામમાં મંદિર છે જૂનું અને ગઢ પણ જૂનો દેખાય

છે. એ લોકો ત્યાંના વૃદ્ધો પરંપરા કહેતા કે અહીંયાં મુનિ કુંદકુંદાચાર્ય અહીંયાંથી ઉતરીને દર્શન કરવા આવતા. આ મંદિરમાં. અને અહીંયાં આહારદાની વિધિ માટે નીકળતા. પોન્નુર હિલ. વંદેવાસથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ કહે છે. એવું એ વખતે હતું. એમ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. અત્યારે કહે છે. ત્યારે સાંભળ્યું ને. અમને ક્યાં ખબર હતી. અમે તો ગયા હતા. મંદિર જૂનું છે, ગઢ જૂનો છે, ઘણું જૂનું છે. બધા લોકો સાથે હતા તો અમે પહેલા ગયા હતા, પછી લોકો ગયા હતા. કહેતા હતા કે કુંદકુંદાચાર્ય ઉપરથી દર્શન કરવા અહીં આવતા હતા અને આહારદાન માટે.. એ પોન્નુર હિલ એવો છે પર્વત. આસપાસમાં ચાર માઈલ, પાંચ માઈલમાં જૈનોના ઘણાં ઘર. એકલા દિગંબર. દિગંબર ચારે બાજુ. પાંચ માઈલ, ચાર માઈલ ચારે બાજુ ઘર. મુનિઓ કોઈ વખતે આમ જાય, કોઈ વખતે આમ જાય. સમજાય છે? એમ કહેતા હતા એ લોકો. અમે તો ત્યાં દર્શન કરવા ગણધરની મૂર્તિ ત્યાં છે? એક ગણધરની પ્રતિમા પણ ત્યાં છે. એ પોન્નુરમાં મંદિરમાં. આમ હાથ છે. બીજી રીતે ... પ્રતિમા છે. આસપાસમાં છ-સાત ગામ જોયા. તપાસ કરી. ત્યાં છ-સાત ગામ જોવા ગયા હતા. એક મંગળ મંગળ કેવું (ગામ)? સાત મંગળ ગામ છે. ત્યાં ઉતારો હતો ને તમારો? સાત મંગળ ગામ. ગામનું નામ સાત મંગળ. એકલા દિગંબર, હોં! ખેડુ વર્ગ બધોય. ૨૫ ઘર, ૩૦ ઘર, ૪૦ ઘર પણ એકલા દિગંબર જૈન. ખેડુ એકદમ. સાત મંગળ એવા નામ. એ ત્યાં કહેતા હતા કે અહીંયાં મુનિ પધારતા હતા 'કુંદકુંદાચાર્ય'. દર્શન કરતા. દાનનો વખત મળે, વાતચીતનો, શ્રવણનો. એટલે અહીં કહે છે. સમજાણું?

'**યતિશ્વર નિવાસ વહાં ધર્મ કી પ્રવૃત્તિ રહતી હૈ.**' મુનિઓ બે ઘડી, ચાર ઘડી ભગવાનના દર્શન કરીને બેસે. '**જહાં પર ધર્મ કી પ્રવૃત્તિ રહતી હૈ વહાં પર અનાદિકાલ સે સંચય કી હુઈ...**' છે ને? '**सत्यघसंचयो विघटते**' '**પાપો કા નાશ હોતા હૈ.**' ધર્મ શ્રવણથી અશુભભાવનો નાશ થાય છે અને શુભભાવ થાય છે. '**ભાવિ કાલ મેં સ્વર્ગ-મોક્ષ કે સુખ કી પ્રાપ્તિ હોતી હૈ.**' છે ને? '**स्वर्गापवर्गाश्रयं सौख्यं भावि नृणां**' મોક્ષ તો પોતાની નિર્મળતાથી થાય છે. પણ એમાં જો શ્રદ્ધા-જ્ઞાન છે એથી થાય છે અને રાગ એને પણ મોક્ષનું કારણ, સ્વર્ગનું કારણ વ્યવહારથી કહેવામાં આવ્યું. '**ઈસલિયે ગુણવાન મનુષ્યોંકો ધર્માત્મા શ્રાવકોંકા અવશ્ય આદર કરના ચાહિયે.**' છે? '**श्रावकाः संमताः**' માન્ય કરવા જોઈએ. શ્રાવક ગૃહસ્થાશ્રમમાં પણ ધર્માત્મા સાચી શ્રદ્ધા-જ્ઞાન આદિ આવું હોય એ પણ માન્ય છે, પૂજનિક છે. સમજાય છે? વંદ્ય છે. નીચે છે, જુઓ! ૨૧માં. '**वंद्यः सताम्**' ૨૧મી ગાથામાં છે. સમજાણું? જુઓ!

'**ઈસ દુઃષમ નામ કાલમેં જિનેન્દ્ર ભગવાન કે ધર્મ સે ક્ષીણ હોને સે આત્મા કે ધ્યાન કરનેવાલે મુનિજનોં કી .. વિરલ હો ગયા. દઢ મિથ્યાત્વરૂપી અંધકાર કે ફૈલ જાને સે જિનેન્દ્ર ભગવાન કી પ્રતિમા, મંદિરો, જિનમંદિરોં મેં ભક્તિ સહિત થે, ઉનકો ભક્તિપૂર્વક બનવાતે થે. મનુષ્ય ઈસ .. દેખને મેં નહીં આતા.**' એવા મનુષ્ય જોવામાં નથી આવતા. '**કિંતુ જો ભવ્ય જીવ ઈસ સમય ભી વિધિ કે અનુસાર જિનમંદિર...**' બધું પાઠમાં છે, હોં! '**चैत्ये चैत्यगृहे च भक्तिसहितो यः सो..पि नो दृश्यते यस्तत्कारयते यथाविधि पुनर्भव्यः स वंद्यः सताम्**' '**ऐसे निर्माण करवाते हैं वह सज्जनों वंदनीय है.**' એવા શ્રાવક હોય તોપણ વંદ્ય-સ્તુતિ કરવા લાયક છે. પાઠમાં છે, દેખો! સમજાય છે કાંઈ? ૨૦મો છે. '**वंद्यः सताम्**' '**सताम्**' નામ જીવો, એવા જીવો પણ વંદનીય નામ આદરણીય સ્તુતિ કરવા લાયક છે. '**સમસ્ત .. ઉસકી નિર્મલ હૃદય સે સ્તુતિ કરતે હૈં.**' લ્યો! સમજાણું કાંઈ?

એટલે અહીં કહે છે... હવે ચાલતો વિષય આપણો. '**संप्रत्यत्र कलौ काले जिनगेहे मुनिस्थितिः।**' પાઠ તો એમ જ છે '**जिनगेहे मुनिस्थितिः**'. જિન મંદિરમાં મુનિની સ્થિતિ હોય છે. એનો અર્થ એવો નથી કે અત્યારે બધા મુનિઓ જિનમંદિરમાં વસે. એમ નથી કાંઈ કહ્યું. આ તો કહે છે, અત્યારે જ બધા જિનમંદિરમાં ગામમાં જ વસે. અરે..! ભાઈ! એમ નથી અહીં કહ્યું. ત્યાં તો મંદિર બન્યા હોય, મુનિ આવ્યા હોય થોડી વાર ત્યાં સ્થિતિ રહે, ટકે. એમ વાત છે. બાકી મુનિઓ તો વનવાસ, જંગલ વનવાસ હતો. આહાહા..! સમજાણું કાંઈ?

એક ગજાધરલાલે એનો અર્થ એવો કર્યો કે જિનમંદિર બનાવે છે. પણ એનો અર્થ એ કે ... હોય ત્યાં મુનિ આવીને વસે. '**આહાર દેકર મુનિઓ કે શરીર કી સ્થિતિ કરતે હૈં.**' લ્યો ઠીક, મુનિ સ્થિતિ. મુનિની સ્થિતિ રાખે છે શરીરની. વ્યવહારના કથનો એ છે. નિમિત્તથી સમજાવે ત્યારે તો એમ જ સમજાવે ને. '**મુનિઓ કે શરીર કી સ્થિતિ કરતે હૈં. સર્વદેશ એક દેશરૂપ ધર્મ કી સ્થિતિ કરતે હૈં.**' સમજાણું કાંઈ? '**धर्मश्च दानमित्येषां**' '**ઔર દાન દેતેં હૈં.**' સાચા મુનિઓને સ્થિતિ આપે છે, મદદ કરે છે અને પોતે એકદેશ પાળે છે. '**ઈસલિયે ઈન સબોં કે મૂલ કારણ શ્રાવક હી હૈ. મુનિ કા માર્ગ નભાના ઔર શ્રાવક-શ્રાવક કા અપના ધર્મ પોતાનો નભાવે.**' એનું કારણ શ્રાવક જ છે. .. ચંદજી! પણ આ રીતે હોં! નિમિત્ત નિમિત્ત સંબંધથી ચરણાનુયોગની પદ્ધતિથી જ્ઞાન કરાવ્યું છે. એ વિના બીજો કોઈ ઉપાય હોઈ શકે નહિ. આ રીતે જ કથનની પદ્ધતિ ચરણાનુયોગમાં (આવે). ઓહો..! મુનિ આવ્યા. .. આવ્યા. ભાવ ઉપડ્યો. આહા..! ભાવ કાંઈ એને લઈને ઉપડ્યો છે? સમજાણું કાંઈ? આવ્યા. મહાન પ્રહ્‌લાદથી.

ભરત ચક્રવર્તીમાં આવે છે ને? ભરત ચક્રવર્તી આહારને ટાણે... ભરતેશ વૈભવમાં. ભરત ચક્રવર્તી. છ ખંડનો ધણી, છન્નુ હજાર પદમણિ જેવી સ્ત્રી ઘરે. અને શરીર છેલ્લું. છેલ્લો દેહ

રજકણનો, હવે બીજો છે નહિ. પણ આમ મુનિની વાટ જોવે છે આહાર વખતે. આહાહા..! અરે..! કોઈ મુનિ, અરે..! કોઈ ધર્માત્મા (પધારે). આમ સોનાનું ઓલું પહેર્યું હોય છે. રાખડી રત્નની, મણિરત્નની. મહેલમાંથી બહાર નીકળ્યા. મહેલ પણ મોટા હોય ને એના. આવું ઝૂંપડું-બૂપડું ન હોય. માઈલ-બે માઈલમાં તો મોટા મકાન હોય. લાંબા, એકલા મણિરત્ન પાથરેલા. ઘરમાંથી નીકળી આમ જાય. આમ .. અરે..! કોઈ મુનિ છે. એમાં ઉપરથી બે મુનિ નીકળે છે. છે ને? આવે છે ને?

મુનિ આહાર લેવા જાય છે. આહારને ટાણું છે ભરતને અને આમ દેખે છે. ઓહો..! એમાં બે મુનિ નીકળ્યા. પધારો.. પધારો. ભક્તિ આવ્યા વિના રહે નહિ. બહુ ભાવ છે. ભક્તિનો ભાવ. એની યોગ્યતા દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેનું બહુમાન. ઓહો..! એમ કહે, આજ અમારા આંગણા પવિત્ર થયા. સમજાણું? વ્યવહારની ભાષા શું આવે? આંગણામાં અમને અંદર આહ્‌લાદ આવ્યો છે. એ આંગણા પવિત્ર થયા એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જુઓ! આ લોકો કહે છે ને કેટલાક કે ભાઈ! આ નિશ્ચયની જ (વાતું કરે છે). બાપુ! નિશ્ચય સાથે આવો વ્યવહાર હોય છે. ભાઈ! વ્યવહાર નથી હોતો એમ નહિ. પણ એની મર્યાદા છે તે પ્રમાણેનું ફળ હોય છે. સમજાણું? '**ધર્મ કી પ્રવૃત્તિ કરતે હૈં ઈસલિયે ઈન સબોં કે મૂલ કારણ શ્રાવક હી હૈ.**' લ્યો! મૂળ કારણ શ્રાવક. દેખો! સમજાણું? હવે કોઈ કોઈનું મૂળ કારણ થાય નહિ અને બધાનું મૂળ કારણ શ્રાવક છે એમ કહ્યું. વળી ઓલા ઉઠાવે કે મૂળ કારણ તો ઉપાદાન છે. ભાઈ! હજી સાંભળને! એ વાત નથી. સમજાણું કાંઈ? એ તો ઉપાદાન તો ઉપાદાન જ છે પોતાથી. પણ બધા બીજા નિમિત્તો કરતાં ગૃહસ્થ શ્રાવક છે, એ ધર્મનો ભાવ આમાં નિમિત્ત છે. માટે તેને મૂળ કારણ નિમિત્ત તરીકે કહેવામાં આવ્યું છે. ધન્નાલાલજી!

સવારમાં કહે, જ્ઞાનસ્વરૂપ પ્રભુ છે ને. એ કોઈ વ્યવહાર આવ્યો છે તેનું જ્ઞાન કરે છે ને. વ્યવહાર મારો છે (એમ) તે માનતો નથી. પણ વ્યવહારના શાસ્ત્રમાં એનો પ્રમોદ, એને કેવો ગણ્યો હતો એ બધું .. આપે. પણ એ વાત જણાવે. ઓહો..! ધન્ય અવતાર! અમારા આંગણા સફળ થયા, આજ અમારે આંગણે કલ્પવૃક્ષ ઊગ્યું. સોનાના સૂર્ય ઊગ્યા. એમ કહે છે કે નહિ? આ છોકરાના લગનમાં નથી કહેતા પરણે ત્યારે? ઘરમાં સોનાનો સૂરજ કાંઈ નથી ઊગ્યો. પણ આ બાયું ગાય ને. ગાતી તો હશે હિન્દીમાં પણ. અમારે કાઠિયાવાડમાં હોય છે ને? 'વેણલા ભલે વાયા રે...' સવારમાં ગાય. 'સોના સમો રે સૂરજ ઊગ્યો.' સૂરજ તો જે છે એ છે. પણ અમને છોકરાના લગનનો પ્રમોદ છે. તો સૂરજને સોના સમો ઊગ્યો એમ કહેવાય છે. અને 'થાળ ભર્યો રે મોતીએ.' આવે છે ને? લગનમાં આવે. સાચું મોતી એકેય ન હોય એને ઘરે. પણ બોલે ઓલા છોકરાના લગનના પ્રેમમાં. આવે છે ને એમાં? 'થાળ ભર્યો રે સગ મોતીએ.' લ્યો, ઈ સગ મોતી. આ મોતીનો ભર્યો હોય આમ.. શું

કહે છે આ? એનો પ્રમોદ જણાવે છે અંદરથી. આહા..! અમારા ઘરે તો થાળ મોતીના ... હોં! આમ. આમ નહિ. આમ સજ સરે એટલા મોતી અમારે ઘરા. આહા..! તો જ્યાં ત્રિલોકનાથ પરમાત્મા કે સંતો ઘરે આવે.. આહા..! અમારે ઘરે તો હીરા હીરા જડ્યા. હીરા વરસ્યા, મોતી વરસ્યા અમારે ઘરે. એમ પ્રમોદના વાક્યો નીકળે.

ભગવાન તો જ્યાં આહાર લેવા જાય (ત્યાં) આ જગતના પરમાણુ ઉપરના રતન થઈને વરસે. સમજાણું કાંઈ? રજકણ હોય ને? સ્કંધ સ્કંધ ઉપર. એ પરમાણુ રત્નનું પરિણમન કરીને પડે હેઠે. સડાટ.. લાખો, ક્રોડો. ઓહોહો..! એ ભૂમિનો યોગ પવિત્રતામાં જે આવ્યો એ પુણ્યને કારણે છે, હોં! પવિત્રતાને કારણે નથી. સમજાણું કાંઈ?

કહે છે કે મૂળ કારણ શ્રાવક છે. પોતાના ધર્મનો પણ નભાવ કરે છે અને મુનિના ધર્મનો પણ નભાવ કરે છે. માટે મૂળ કારણ એ છે. સમજાણું? ઝીણી-ઝીણી વ્યાખ્યા સમજવી જોઈએ, હોં! .. પાઠ એવો છે, '**संप्रत्यत्र कलौ काले**' આ ગાથા આવી ગઈ ભાઈ પહેલી. જુઓ! આમાં કળિકાળના મુનિઓ તો જિનગૃહમાં જ હોય. અરે..! ભાઈ! એમ ન હોય, બાપુ! સમજાણું? મુનિઓ તો આવે છે. મંદિરના દર્શન કરે, આહાર-પાણી લે. મહા ભાવલિંગી સંત. એને જરી વિકલ્પ આવ્યો તો આવે છે. દર્શન કરે છે. કોઈ પૂછે તો પ્રશ્નનો ઉત્તર આપે. અને ૫૦-૧૦૦ માણસ ભેગું થઈ ગયું હોય તો જરી પ્રવચન પણ ધર્મલોભી પ્રાણીને (સંભળાવે છે). આવે છે ને? 'મોક્ષમાર્ગ' માં આવે છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં. મુનિઓ મહા, અશુભભાવ તો જેને કિંચિત્ રહ્યો નથી પણ ધર્મના લોભી પ્રાણી દેખીને. દેખીને થાતું હશે? એ તો એની વાત આવે. ધર્મલોભી આમ સાંભળવા (આવે). વિકલ્પ આવ્યો છે, એને સમજાવે છે. ભાઈ! માર્ગ આ છે, બાપુ! પરમાત્મા પોતે અંદર પડ્યો છે. બીજા ભગવાનની ભક્તિ એ તો શુભભાવ છે. તારા ભગવાનની ભક્તિ એ શુદ્ધ ભાવ છે. સમજાણું? ઓલા ભક્તિ કરવા બેઠો અને સાંભળવા બેઠો એને પણ સંભળાવે ત્યાં. તમે કેમ ભક્તિ કરવા આવ્યા છો ભગવાનની? હવે સાંભળને, ભાઈ! તમે વળી કહો છો કે પરમાત્મા અંદર બિરાજે છે એની ભક્તિ તે સત્ય અને શુદ્ધ ભક્તિ છે. પરની ભક્તિ વ્યવહાર (ભક્તિ છે). તો તમે કેમ આ ભક્તિ કરો છો? એમ તર્ક આવતો હશે ઓલા શ્રાવકને? અરે..! ભાઈ! એવા ભાવ મુનિને આવે પણ એને શ્રદ્ધા-જ્ઞાનમાં શું છે એ વાત એ બહાર પ્રસિદ્ધ કરે છે. કહો, સમજાણું કાંઈ?

૬ ગાથા થઈ. હવે શ્રાવકના દિન-દિન પ્રત્યેના સત્કર્મની વ્યાખ્યા. પંચમ ગુણસ્થાન યોગ્ય જેની દશા (થઈ છે) એને આવો ભાવ છ કર્મોના ભાવ આવ્યા વિના રહેતો નથી. હોય જ. સમજાણું કાંઈ? પંચમ ગુણસ્થાન શ્રાવક, સમ્યગ્દર્શન-જ્ઞાન (તથા) બાર વ્રતધારી, એને પણ ષટ્ કર્મના હંમેશા શુભભાવો આવે છે), એના છ પ્રકાર વર્ણવવામાં આવે છે. એને હોય છે. એ ગાથા કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૧૩, શુક્રવાર તા. ૪-૯-૧૯૬૪**
**શ્રાવકાચાર, ગાથા-૭ થી ૧૪, પ્રવચન-૧૨**

હવે ચાલતો અધિકાર. આ પદ્મનંદિ પંચવિંશતિનો છઠ્ઠો અધિકાર છે. શ્રાવકાચાર. અર્થાત્ ઉપાસક સંસ્કાર. ધર્મી જીવને... પહેલી આવી ગઈ એ વાત કે આત્મા પરમ પવિત્ર શુદ્ધ જ્ઞાન આનંદઘન છે. એવી અંતર પહેલી દૃષ્ટિ-સમ્યગ્દર્શન થવું જોઈએ. જેમાં ઠરવું છે એ ચીજ શું છે? ચારિત્ર એટલે ઠરવું. ચારિત્ર એટલે કે રમવું, ઠરવું, ટકવું. પણ એ ચીજ શું છે કે જેમાં ટકવાથી ચારિત્ર થાય? એટલે પ્રથમમાં પ્રથમ આત્મા તદ્દન શુદ્ધ જ્ઞાયકનો પિંડ પવિત્ર છે એને રાગ, કર્મ, શરીરનો લેપ નથી. સમજાય છે કાંઈ? એવી અંતરમાં સમ્યગ્દૃષ્ટિ થયા વિના પંચમ ગુણસ્થાનને યોગ્ય સ્થિરતા અને એને શ્રાવક આદિના જે વ્રતોના વિકલ્પો યથાર્થપણે હોય નહિ. સમજાય છે કાંઈ? એ તો પહેલા જ આવી ગયું હતું. બધે ઠેકાણે લખ્યું છે.

**सम्यग्दृग्बोधचारित्रत्रितयं धर्म उच्यते।**
**मुक्तेः पन्थाः स एव स्यात् प्रमाणपरिनिष्ठितः।।२।।**

ત્યાંથી જ ઉપાડ્યું હતું. પહેલો જ આત્મા તદ્દન નિર્વિકલ્પ નામ અખંડ આનંદ અને શુદ્ધ પૂર્ણ તત્ત્વ ધ્રુવ છે. એવી અંદરમાં દૃષ્ટિ થયે સમ્યગ્દર્શન પ્રથમ ધર્મદશા થાય છે. પછી એને પંચમ ગુણસ્થાન શ્રાવકનું જે કહેવાય, એમાં સ્વરૂપમાં વિશેષ એકાગ્રતા, સ્વચૈતન્ય સ્વભાવનો આશ્રય ચોથા ગુણસ્થાનમાં લીધો હતો એના કરતાં પાંચ ગુણસ્થાનમાં સ્વસ્વભાવનો આશ્રય ચોથા કરતાં ઉગ્રપણે આશ્રય લીધો છે. એથી તેને પંચમ ગુણસ્થાન યોગ્ય સમ્યગ્દર્શન-જ્ઞાન અને શાંતિ સ્વરૂપની સ્થિરતા પ્રગટેલી હોય છે. સમજાય છે? એને એની ભૂમિકામાં બાર વ્રતાદિ વિકલ્પો હોય. એણે કરવા એવા વ્રત પાળવા એવો અહીંયાં અધિકાર ચરણાનુયોગની પદ્ધતિના કથનથી ચાલે છે. સમજાણું કાંઈ? છ ગાથા થઈ ગઈ ત્યાં.

હવે સાતમી. ષટ્ આવશ્યક કર્મ. સમ્યક્ ભાનસહિત ધર્માત્માને-શ્રાવકને હંમેશા ષટ્ કાર્ય હોય છે. ષટ્ કર્મ-છ પ્રકારના શુભભાવ. સમજાય છે કાંઈ? જુઓ!

**देवपूजा गुरुपास्तिः स्वाध्यायः संयमस्तपः।**
**दानं चेति गृहस्थानां षट्कर्माणि दिने दिने।।७।।**

પદ્મનંદી આચાર્ય કહે છે કે શ્રાવકને ષટ્કર્મના કાર્ય દિને દિને હોય છે. ક્યા (ષટ્ કર્મ)? જિનેન્દ્ર દેવની પૂજા. સમજાણું કાંઈ? માથે આવી ગયું હતું એ છઠ્ઠી ગાથામાં. જિનમંદિર બનેલા હોય છે. શ્રાવકને ગામમાં જિનમંદિર હોય છે. મુનિની પણ આવવાની સ્થિતિ હોય છે, એને દાન દેવાની વિધિ પણ હોય છે અને એવા મંદિરમાં મુનિનું આવવું થાય તેથી

શાસ્ત્ર શ્રવણનો યોગ પણ ત્યાં શ્રાવકને થાય છે. એમ કહીને અહીંયાં લીધું કે દેવપૂજા. સમજાય છે કાંઈ?

સમ્યગ્દૃષ્ટિ શ્રાવક છે એના ગામમાં મંદિર હોય છે. એ અનાદિની રીત છે. શેઠી! એથી એ દિને દિને ભગવાનની પૂજા કરે. સંસારના કામ કરે છે કે નહિ પાપના? એ પાપના પણ ભાવ એને આવે માટે એને આવા પુણ્ય કામના ષટ્કર્મના કાર્યોના ભાવ આવ્યા વિના રહે નહિ. એ છે તો શુભભાવ. સમજાય છે કાંઈ? આ તો ચરણાનુયોગની (કથન) પદ્ધતિ છે. દેવપૂજા '**षट्कर्माणि दिने दिने**' કરે. કરવાયોગ્ય છે એમ કહે. સમજાય છે કાંઈ? જિનેન્દ્ર દેવની પૂજા દરરોજ હોય. અહીં પૂજા શબ્દ વાપર્યો છે, હોં! દર્શન કરીને આમ ચાલ્યા જવું એમ નહિ.

મુમુક્ષુ :- ખોટી થાવું પડે.

ઉત્તર :- ખોટી થાવું પડે. ખોટી થાવું પડે ને? ધંધો ખોટી થાય. શ્રાવક છે એને તો એ અંદર દૃષ્ટિમાં... પહેલાં જ આગળ આવશે, પહેલાં જ સવાર પડે અને ભગવાનના દર્શન આવશે. જુઓ! ૧૬મી ગાથામાં. '**प्रातरुत्थाय कर्तव्यं देवतागुरुदर्शनम्**' ૧૬મી ગાથામાં આવશે. સમજાણું કાંઈ?

જુઓ! આ અનાદિનો સનાતન વીતરાગ માર્ગ. જૈન પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્માએ જાણેલો, જોયેલો, કહેલો, રહેલો. એ રીતે માર્ગ રહેલો છે. એની અહીં વ્યાખ્યા કરે છે કે શ્રાવક છે એ હંમેશા ભગવાન જિનેન્દ્ર દેવની પૂજા કરે. સમજાણું કે નહિ? ઘરે બાયડીયું-છોકરાની પૂજા કરે છે કે નહિ દરરોજ? પૂજા એટલે બહુમાન. અને દેવની પૂજા તો હોય. શ્રાવક છે એ ઘરે બાયડી-છોકરાને સંભાળે છે કે નહિ? દૂધ પાય, આમ થાય. તો કહે છે, દેવની પૂજા શ્રાવકને હંમેશા હોય છે. ઓલો પાપ ભાવ છે. હોય ભલે. પણ એને આવો શુભભાવ દરરોજ દિને દિને હોય છે. એને કરવાલાયક છે એમ વ્યવહારનયના કથનમાં આવે છે. ખરેખર તો એ કાળે એ વિકલ્પ એ જાતનો આવે છે, એથી પૂજાને યોગ્ય ક્રિયામાં એનું લક્ષ જાય છે. કહો, સમજાય છે કાંઈ?

સાધારણ જનતા એને ઘરે આવે તો એનો આદર કરે છે કે નહિ? કોઈ શેઠિયો ગૃહસ્થ (હોય). આ તો ત્રણ લોકના નાથ જિનેન્દ્ર ભગવાન, એમની હયાતીના અભાવમાં જિનેન્દ્ર મૂર્તિના દર્શન દરરોજ કરે. સમજાય છે કાંઈ? ભાન સહિતની વાત છે ને અહીં તો. સ્વભાવના દૃષ્ટિના ભાન સહિત એને આવો ભાવ દરરોજ આવ્યા વિના રહે નહિ. વેઠ ન કરે એ. ધન્નાલાલજી!

'**गुरुपास्तिः**' નિર્ગ્રંથ ગુરુઓની સેવા. સંતો, મુનિઓ, નિર્ગ્રંથ ભાવલિંગી હોય એની સેવા. સંસારમાં વડીલોની સેવા કરે છે કે નહિ? શ્રાવક પણ સેવા (કરે છે). એના મા-બાપ, કુટુંબ (ની સેવા કરે છે). તો અહીંયાં '**गुरुपास्तिः**' ગુરુની સેવા કરે. એમની સેવાનો અર્થ એમની

ભક્તિ કરે, આહારદાન આપે, વગેરેનો વિનય કરે. એવું દિવસનું દરરોજનું કર્તવ્ય એ છે. સમજાય છે કાંઈ? ગુરુ. નિર્ગ્રંથ ગુરુઓની સેવા. જેમ વડીલોની કરે તો આ એને પંચમ ગુણસ્થાને શ્રાવકને આવ્યા વિના રહે નહિ.

'**સ્વાધ્યાયઃ**' ચોપડા તપાસે કે નહિ દરરોજ? મનસુખભાઈ! એટલે કહે છે કે એ ચોપડા તપાસવાનો ભાવ જેને વેપારનો હજી શ્રાવકને યોગ્ય હોય છે ને? તો એને સ્વાધ્યાય(નો ભાવ આવે છે). શાસ્ત્રમાં શું છે એનો સ્વાધ્યાય દરરોજ કરે. એક લીટી વાંચી ને બે લીટી વાંચી ને થઈ ગયું, સ્વાધ્યાય કરી લીધો એમ નહિ. અને કો'ક દિ' વાંચ્યું અને પછી સદાય (છોડી દે) એમ નહિ.

મુમુક્ષુ :- એટલું વાંચે તો છે ને.

ઉત્તર :- એમાં પણ શું સમજે એક લીટી, બે લીટીમાં? અહીં આવે છે ઘણા. સ્વાધ્યાય કરે એક લીટી, પાનું લઈને ઉપર આવે. સ્વાધ્યાય ઓલું ષટ્કર્મ કરવાનું કહ્યું ને પછી બે પાનું વાંચે, આડુઅવળું ઉપાડી લે. ક્રમસર, નિયમસર શાસ્ત્રનો સ્વાધ્યાય કરે. પોતાનો અધ્યાય તો જ્ઞાન સ્વરૂપની વારંવાર ચિંતવના હોય છે. પણ એની સાથે વાંચના, શાસ્ત્રનું વાંચન કરે, વાંચન લે, પ્રશ્નો પૂછો, ધારેલાની વારંવાર પર્યટના કરે, વિચારણા કરે અને ધર્મકથા કરે અને સાંભળે. કહો, સમજાણું કાંઈ? શેઠી!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- શું છે? શું લાંબુ-લાંબુ થયું?

સ્વાધ્યાયના પાંચ પ્રકાર છે. વાંચન, પૂછના, પર્યટના, અનુપ્રિયા અને ધર્મકથા. પાંચ પ્રકાર છે. સ્વાધ્યાયના પાંચ પ્રકાર કહ્યા. કહો, ચોપડાના નામા છોકરાને બતાવે છે કે નહિ કે આમ લખવું, આમ કરવું. શ્રાવક, હોં! તો કહે છે કે એને સ્વાધ્યાય શાસ્ત્રનો ભગવાન ત્રિલોકનાથના કરેલા, સર્વજ્ઞના કહેલા એને અનુસારે કહેલા સંતો, એમના કહેલા શાસ્ત્રનો હંમેશા સ્વાધ્યાય કરે કે જેથી એના જ્ઞાનમાં યથાર્થપણું નિર્મળ જળવાઈ રહે. કહો, સમજાય છે કાંઈ? અહીં તો સ્વાધ્યાય કીધો. છે તો શુભભાવ. પણ અહીં અત્યારે વાતમાં કર્મ છે ને? કાર્ય છે ને? પણ એવો ભાવ ધર્મીને શાસ્ત્ર સ્વાધ્યાયનો આવ્યા વિના રહેતો નથી. કેટલો? દિને-દિને. એક દિ' સ્વાધ્યાય કરી ને આઠ દિ' ગપ ચાલી ગયું એમ નહિ. ધર્મચંદજી!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા. વાંચન કરવું. વાંચન દેવું કે વાંચન લેવું. પ્રશ્ન પૂછવા. ધાર્યું હોય અની પર્યટના-વારંવાર યાદ કરવું અને વિચારણા-એનો દીર્ઘ વિચાર કરવો અને કથા કહેવી. એ સ્વાધ્યાયના પાંચ પ્રકાર છે. શેઠી! શું થયું? નિશ્ચયની વાત આવતી પણ આ વ્યવહાર એની સાથે આવો હોય છે. શ્રાવકને આવો વ્યવહાર સાથે હોય છે. કહો, સમજાણું કાંઈ? ક્યાં જગજીવનભાઈ! આવ્યા નથી લાગતા તમારા. તબિયત ઠીક નહિ હોય? ત્યાં ગયા હશે. કહો,

સમજાણું કાંઈ? સ્વાધ્યાય.

'**संयम**' હંમેશા કાંઈક પરપદાર્થ પ્રત્યેની ઈચ્છા ઘટાડે, ઈન્દ્રિય દમનનું કાંઈક કરે એવો સંયમ અથવા છ કાયના જીવને અમુક જાતના પ્રાણીને ન મારવા એવો ભાવ એને દિને દિને પ્રત્યે શ્રાવકને હોય છે. તારાચંદજી! સમજાય છે? અને યોગ્યતા અનુસાર તપ. પછી એને નાખ્યું. '**संयमस्तपः**' ઈચ્છા ઘટાડવી. થોડી થોડી ઈચ્છા ઘટાડવી. અનશન, ઉણોદરી, વૃત્તિ સંક્ષેપ, રસપરિત્યાગ, કાયક્લેશ આદિ. એમાં રાગ થોડો ઘટાડવો, ઈચ્છા નિરોધ એવું તપ પણ શ્રાવકને પંચમ ગુણસ્થાનને યોગ્ય એવો ભાવ આવ્યા વિના રહેતો નથી. સમજાણું કાંઈ?

દાન. દિને દિને દાન કરવું. બાયડી, છોકરા માટે દરરોજ રળી રળીને રાખે છે કે નહિ? પૈસો. ઠીક! પૈસો પૈસો નાખે એની વાત ક્યાં છે? યથાશક્તિ. એવું આવે છે બધે ઠેકાણે. દાનમાં આવ્યું હતું આપણે. દાનના અધિકારમાં યથાશક્તિ દે. સમજાણું કાંઈ? એ પૈસાનું ઠીક યાદ કર્યું એણે.

મુમુક્ષુ :- ઓછામાં ઓછો દસમો ભાગ દેવો જોઈએ.

ઉત્તર :- એ તો દસમો આવે છે. ઓછામાં ઓછો રળે છે એનો દસમો ભાગ તો દાનમાં કાઢે. કહો, સમજાય છે કાંઈ? યથાશક્તિની બીજી ગાથાઓ ઘણી છે ખરી. એ તો પછી આવશે. દાન અધિકાર. કેટલામો આવ્યો? દાનની ૩૨ (ગાથા) છે ને? ૩૨. જુઓ! શક્તિ નથી એમાં. ૩૨ ને?

**ग्रासस्तदर्धमपि देयमथार्धमेव**
**तस्यापि संततमणुव्रतिना यथर्द्धि।**

બસ, ઈ. યથા દાન શક્તિ પ્રમાણે. જોયું! સમજાણું કાંઈ? ૩૨મી ગાથા. '**यथर्द्धि**' '**અપને ધન કે અનુસાર..**' છે? પાંચ લાખ પેદા કરતો હોય અને એક પૈસો નાખે ત્યાં ધર્માદામાં હંમેશા.

'**यथर्द्धि**' જોયું! થોડામાં થોડું એની શક્તિ પ્રમાણે. લાખ પેદા કરતો હોય અને એક પાંચ રૂપિયા ખર્ચે એ યથાર્થ શક્તિ પ્રમાણે નથી. શક્તિ પ્રમાણે દાન ન કરે તો એને માયાવી કહ્યો છે. ધર્મી નામ ધરાવે છે ને અને યથાશક્તિ પ્રમાણે (આટલા ઓછા ખર્ચે છે). છોકરાના લગન થાય ત્યારે કેમ પચાસ હજાર ખર્ચી નાખે છે? ખર્ચે છે કે નહિ? છોડીના લગનમાં ન હોય તોપણ ઉઘરાણું કરીને કરે છે ઈ કામ? છોડીના લગન હોય તો પછી પચાસ હજારનો ખર્ચો કરે તો ઉઘરાણું, ચંદો-ખરડો કરે છે? ઘરમાંથી કાઢે છે ત્યાં. પણ બધા પોતાને કારણે કાઢે છે કે નહિ દરેક? ખરડો કરો ખરડો, ભાઈ, આપણે દીકરી પરણાવવી છે.

એમ દાનના કામમાં ધર્મીને લોભ ઘટાડવાનો ભાવ હંમેશા હોય છે. હંમેશા દિન દિન પ્રત્યે જેમ છોકરા, કુટુંબ રળવા માટેનો ભાવ (આવે છે), તો દાન પ્રત્યેનો ભાવ પણ શ્રાવકને

હંમેશા હોય છે. કહો, સમજાણું કાંઈ? જુઓ! એમ કે આટલું મળે તો કરીશ. .. નહિ મિલ સકતા. લખ્યું છે એમાં હોં! એમ ન સમજવું કે હું હજારપતિ થઈશ દાન દઈશ. એણે તો હજારનું માંડ લખ્યું. અત્યારે તો લાખ ને કરોડનું ક્યાં ઠેકાણું છે? મનસુખભાઈ! હજારપતિ-હજારપતિ. હવે હજાર તો ગયા. એક હજારના તો... દિવસે દિવસે દસ દસ હજારની તો પેદાશું છે અત્યારે. પાંચ-પાંચ હજાર અને દસ-દસ હજાર અને બબ્બે હજારની પેદાશું (છે). હવે હજારપતિ તો શું? એ વખતને હિસાબે લખે છે. હું હજારપતિ થઈશ. હજારપતિ થઈશ હોં! પાછો હજારપતિ થઈશ હોં! હજારનો લાભવાળો નહિ. ત્યારે દાન આપીશ. અથવા હું લખપતિ થઈશ ત્યારે દાન આપીશ. '**કિંતું જિતના ધન પાસમેં હોવે ઉસી કે અનુસાર ગ્રાસ, દો ગ્રાસ દેના ચાહિયે.**' થોડું ઘણું તો હંમેશા દાન શ્રાવકને આપવું જોઈએ. કહો, સમજાણું કાંઈ?

એ છ કર્મ. જુઓ! પાઠમાં છે ને '**षट्कर्माणि**'. એ ષટ્ ભાવ હંમેશા એને હોય છે. અરે..! દૃષ્ટિ, અનુભવ કદાચિત્ સાચી થઈ ન હોય, છતાં એને આ ભાવ ગૃહસ્થાશ્રમમાં એની યોગ્યતા પ્રમાણે મંદ કષાય માટે આવા ભાવ હોય છે. દેવ દર્શન, ગુરુ પૂજા વગેરે હોય છે. આ તો સમ્યગ્દર્શન સહિતની જ વાત છે અહીંયાં સમજાય છે કાંઈ?

હવે એ કહે છે, સામાયિક કરે સામાયિક. સામાયિક કરે હંમેશા. કેવી સામાયિક હોય છે?

**समता सर्वभूतेषु संयमे शुभभावना।**
**आर्तरौद्रपरित्यागस्तद्धि सामायिकं व्रतम्।।८।।**

'**અર્થ :- સર્વ પ્રાણીઓંમેં સામ્યભાવ રખે.**' સામાયિકમાં બધા પ્રાણી (પ્રત્યે સમભાવ રાખે). આ મારા, આ તારા એવો મમતાનો વિકલ્પ એ વખતે ઘટાડી દે. સામાયિકના પ્રકાર ચાર છે. એક ન્યાયે. એક સમ્યગ્દર્શન સામાયિક, એક સમ્યગ્જ્ઞાન સામાયિક, એક દેશ સામાયિક, એક સર્વવિરતિ સામાયિક. આ દેશ સામાયિકની વાત ચાલે છે. શું કહ્યું? સમ્યગ્દર્શન સામાયિક. પોતાનો આત્મા એકલો વીતરાગ જ્ઞાયક છે એવી અંતર દૃષ્ટિ કરવી એ સમ્યક્દર્શન સામાયિક છે. એ સમ્યગ્દર્શનની સામાયિક વિના દેશ સામાયિક અને સર્વવિરતીની સામાયિક હોઈ શકે નહિ. કહો, સમજાણું કાંઈ?

એની સાથે સમ્યગ્જ્ઞાન સામાયિક. જ્ઞાનનું વેદન સમ્યક્નું ઉગ્રપણે કરે. જ્ઞાનનું સમ્યક્ આચરણ એ એક સામાયિક છે સમ્યગ્જ્ઞાનની, વીતરાગી પર્યાય જ્ઞાનની. એ પૂર્વક એને દેશ સંયમની આ વાત ચાલે છે. દેશ સામાયિક. એક અંશે પણ રાગ ઘટાડી પંચમ ગુણસ્થાનને યોગ્ય સર્વ પ્રાણીઓ પ્રત્યે સમભાવ રાખવો. એ આ દેશ સામાયિકની વાત છે. મુનિને સર્વવિરતીની સામાયિક (હોય છે). મુનિને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન સહિત સર્વ રાગાદિનો ત્યાગ સમતા-સમતા વીતરાગ. વીતરાગી મુનિઓ હોય છે. કહો, સમજાણું કાંઈ? કહો, ઓલા કહે કે મુનિને પછી એકલો શુદ્ધોપયોગ જ થાય. સમજાય છે ને? પણ એ હોય છે, શુભ પરિણતિમાં

પણ મુનિપણું હોય છે.

એક તો આ લિંગમાં કહ્યું નહિ? ૧૭૨ ગાથામાં. આત્મા તો શુદ્ધ ઉપયોગી છે તેને આત્મા કહીએ. સમજાણું કાંઈ? શુદ્ધ ઉપયોગી તેને આત્મા કહીએ. શુભાશુભ પરિણામ છે એ હોય છે. અહીં કહે છે ને શુભભાવ આવે છે. પણ એ આત્મા નથી. વ્યવહાર વચ્ચે આવે છે એવો ભાવ શ્રાવકને હોય છે. આત્મા.. શુદ્ધઉપયોગ અથવા શુદ્ધ સ્વરૂપ એનું કાયમી ત્રિકાળ. એની અંતર દૃષ્ટિ કરવી એનું નામ એને આત્મા જાણ્યો ને માન્યો અને અનુભવ્યો કહેવાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ગમે ત્યારે થાય. ગમે ત્યારે થાય. એમાં શું છે? કહો.

**'સામાયિક સંયમ ધારણ કરને મેં અચ્છી ભાવના...'** શુભભાવના છે ને. ઇન્દ્રિયોનું દમન. એ વખતે ઇન્દ્રિયની ચપળતાને રોકે. શાસ્ત્રની ભાષા વ્યવહારના ચરણાનુયોગમાં આવે એને એણે સમજવું જોઈએ. ભાવ આવે છે કે આ નહિ. એ વખતે ઇન્દ્રિય દમન હોય સામાયિકમાં. એને સંયમની શુભભાવના હોય. શુભ, હોં! એ વ્યવહાર સામાકિ છે. શુદ્ધ-અંદરમાં સ્થિર થાય એ નિશ્ચય સામાયિક છે. નિશ્ચય સામાયિકની ભૂમિકામાં વિકલ્પ વર્તતો હોય, પંચ પરમેષ્ઠીનું સ્મરણ આદિ શુભભાવ છે. એવી ભાવની સામાયિક એને વ્યવહાર હોય છે.

**'આર્ત ધ્યાન અને રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરવો,...'** સંસારી આર્તધ્યાન, ઈષ્ટનો વિયોગ, અનિષ્ટનો સંયોગ, શરીરમાં વેદના આદિ થાય એનો ત્યાગ સામાયિકમાં હોય છે. શરીરમાં રોગ હોય તો એની ચિંતા હોય નહિ. એ વખતે સાંભળે કાંઈક (કે) અરે..! આ લક્ષ્મી ગઈ. .. એના પરિણામમાં રૌદ્ર ધ્યાન હોય નહિ. સામાયિકમાં સમતા હોય. મારું કોઈ નથી. ભવિતવ્ય લીધું છે ને? બનવાનું તે બને છે. એમાં મારો અધિકાર શું? સ્વામી કાર્તિકેયમાં આવે છે. ઉપબૃહણમાં આવે છે. કહો, સમજાણું કાંઈ? ભવિતવ્ય લીધું છે ત્યાં.

મુમુક્ષુ :- ભવિતવ્ય..

ઉત્તર :- હા, એ તો ભવિત્ય એટલે જેમ બને છે તેમ બને છે. હું તો એનો જાણનાર જ્ઞાતા-દૃષ્ટા છું. ત્યારે એની સામાયિક સરખી જળવાય. નહિતર જળવાય નહિ. કહો, ..ચંદજી! આહાહા..! ઠીક!

મુમુક્ષુ :- પૈસા..

ઉત્તર :- પૈસા ખોટ ક્યાં ગઈ છે? કોને ખોટ ગઈ છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધર્મીને ખોટ જ નથી. કહો, પચાસ હજારની ખોટ ગઈ, લાખની ખોટ ગઈ તો સામાયિકમાં સમતા રાખી શકે કે નહિ? એમ કહે છે. ખોટ ગઈ છે જ ક્યાં? એ તો

જવાને કાળે જાય છે. ભવિતવ્ય એવું હોય તો એમ થાય છે. મારે શું છે? ધર્મી સમતા–સમતા (રાખે). ઉદ્વેગ નહિ, આર્તધ્યાન નહિ, રૌદ્રધ્યાન નહિ. હિંસાનુબંધી પરિણામ, ચૌર્યાનુબંધી વગેરે વગેરે (ન કરે). પોતામાં પ્રયોગ કરે અંદરમાં સમતાનો. મરણ ટાણે કેટલી સમતા હું રાખી શકીશ. એ દિવસ દિવસનો સમતાનો પ્રયોગ છે. પૌષધ છે એ પંદર પંદર દિવસનો પ્રયોગ છે. બહાર કેટલી હું સમતા રાખીશ? પ્રતિકૂળતા હોવા છતાં સમતાનો પ્રયોગ અંતર અજમાઈશ કેટલી કરી શકું છું. એમ હંમેશા એ સામાયિકમાં આત્માની સમતા કેટલી જાળવે એનો પ્રયોગ કરે. સમજાય છે કાંઈ? દુનિયા લુટાતી જતી હોય એ વખતે સામાયિકમાં બેઠો (હોય તો) વિકલ્પ નહિ, વિચાર નહિ. મારું કાંઈ નથી, મારું જાતું નથી. હોય તે મારું મારી પાસે છે. બહાર છે તે મારું નથી. મારું કાંઈ લૂંટાતું નથી. મારું કોઈ લઈ જતું નથી. કહો, ભીખાભાઈ! આ સાચી સામાયિકની વાત ચાલે છે, હોં! આમ તો ખોટી કેટલી કરી હશે. ...ભાઈ!

‘**परित्यागस्तद्धि सामायिकं व्रतम्**’ કહો, સમજાણું? ‘**ઇસિકા નામ સામાયિક વ્રત है.**’ નવમી.

**सामायिकं न जायेत व्यसनम्लानचेतसः।**
**श्रावकेन ततः साक्षात्याज्यं व्यसनसप्तकम्।।९।।**

અહો..! ધર્માત્મા સમ્યગ્દૃષ્ટિ શ્રાવકે ‘**જિન મનુષ્યોંકા ચિત્ત વ્યસનોં સે મલિન है.**’ એને શ્રાવકને સામાયિક યથાર્થ હોઈ શકે નહિ. વ્યસનોમાં મન જેનું ચિત્ત મલિન છે એની સામાયિક શાંતિની હોઈ શકે નહિ. ‘**ઉનકે કદાપિ સામાયિક વ્રત નહીં હો સકતા.**’ કહો, સમજાય છે? વ્યસનોના નામ પછી કહેશે. ‘**श्रावकेन ततः साक्षात्याज्यं**’ સાક્ષાત્‌નો અર્થ કર્યો છે સર્વથા. સાક્ષાત્ એટલે સર્વથા. સાત વ્યસનનો ત્યાગ શ્રાવકને તો કાયમ હોય છે. શ્રાવક નામ ધરાવે પરસ્ત્રીના લંપટી હોય, માંસાદિ ખાય અને શ્રાવક નામ ધરાવે એમ હોઈ શકે નહિ. કહો, સમજાણું કાંઈ? ‘**श्रावकेन ततः**’ ‘**ततः**’ એટલે તે કારણે. કેમકે મન મલિન રહ્યા કરે વ્યસનમાં એ કારણે શ્રાવકે સાક્ષાત્ સાક્ષાત્ એટલે બધું સાત વ્યસન સર્વથા છોડી દેવા. ‘**सप्तकम्**’ એના નામ.

**द्युतमांससुरावेश्याखेटचौर्यपराङ्गनाः।**
**महापापानि सप्तैव व्यसनानि त्यजेद् बुधः।।१०।।**

જુઓ! ‘**त्यजेद् बुधः**’ ‘**बुधः**’ શબ્દ પડ્યો છે ને. જ્ઞાનીએ-આત્માના સ્વભાવના સાધકે, જેને આત્માનો શાંત અવિકારી ધર્મ સાધવો છે એવા ધર્મીએ જુગાર છોડી દેવો. કહો, સમજાય છે કાંઈ? અત્યારે તો મોટો જુગાર ચાલે છે, મોટા કાળા બજાર ને... કેટલી ચિંતા... ચિંતા... ચિંતા... લાખ-બે લાખ જશે, પાંચ લાખ જશે. શું થશે? સમજાણું?

એકવાર તો ત્યાં મુંબઈ અમે મોટો માલ લેવા ગયેલા. ત્યાં એક ઠેકાણે ઉતરેલા. કાલે

કહે, આને ત્રણ હજાર મળેલા અને આજ બાયડુના ઘાઘરા અને સારા સાડલા લઈને વેચવા લઈ ગયા છે. ખોટ ગઈ હતી. જેને ઘરે ઉતર્યા હતા ત્યાં જ વાત હતી. આ તો ૬૬-૬૭ની વાત છે. સંવત્ ૬૬-૬૭. કાલે ઘણાં પૈસા પેદા કર્યા હતા. આજે ખોટ ગઈ. સારા સાડલા ને લાવ્યા હશે અને બે-ચાર દિ' પહેલા લાવ્યા હશે. તો આજે બધા સારા સાડલા (વેચવા નીકળ્યા). સાડલા સમજો છો? સાડી-સાડી. અહીં તો ગુજરાતી ભાષા છે ને. સાડી અને સારા ઘાઘરા ઊંચા ઊંચા લાવ્યા હતા, હજાર-હજાર બબ્બે હજારના. બધા વેચવા ગયો છે. બાયડી પાસેથી લઈને. ખોટ ગઈ હતી. આ ચિંતા... ચિંતા... ચિંતા... સટ્ટા મોટો સટ્ટો કરે ને. સટ્ટા કરે છે ને? હમણાં તો બહુ કાળાબજાર ચાલે છે અત્યારે. જુગટા જુગટુ, જુગટુ, જુગાર. અહીં અમારે જુગટુ કહે છે. તમારે જુઆ (કહે છે). જુગાર છોડી દેવો. એ જુગાર મોટું વ્યસન છે. વ્યસનનો અર્થ જ પીડા થાય છે. સમજાણું કાંઈ? શ્રાવકને એવું વ્યસન હોઈ શકે નહિ.

'**માંસ,...**' વ્યસનનો અર્થ જ પીડા થાય છે. વ્યસનનો અર્થ જ પીડા થાય છે. જુગટાનું વ્યસન એટલે પીડા. છોડી દે. એ શ્રાવકને હોઈ શકે નહિ. માંસ ન હોય શ્રાવકને. કહો. એ પ્રશ્ન ઉઠ્યો હતો એક વખત ૭૭માં, સંવત્ ૧૯૭૭. સમકિતીને માંસ હોય. સમજાય છે ને? આ શ્રેણિક રાજાને આમ ફલાણું-ઢીંકણું (હતું). અરે..! માંસ ન હોય. શ્રાવક થયો હોય એને માંસનો ખોરાક ન હોય. જેમાં માંસનો અતિચાર લાગતો હોય એ પણ ચીજ છોડી દે. સમજાય છે કાંઈ? જેમાં જીવાત પડી હોય, આ ઈયળું પડે, ઘણાં દિવસના લોટ, અથાણા, બધું સડેલું હોય ને બહુ? એમાં ઈયળું હોય છે. એવો ખોરાક શ્રાવકને હોઈ શકે નહિ. સમ્યક્ ભાન સહિતના આચરણમાં .. માંસનો ત્યાગ હોય.

એને '**મદ્ય,...**' મદ્ય-દારૂ. દારૂનો ત્યાગ હોય. બાટલી બાટલી પીવે છે ને? અત્યારે તો કેટલાય વાણિયા પીવે છે અત્યારે. સારો ઊંચો પીવે દારૂ. પોણોસો પોણોસો રૂપિયાનો પા શેર હોય. પોણો સો રૂપિયાનો નવ ટાંક આવે, મોટો દારૂ ઊંચો. વધારે કેફ રહે. આવે છે કે નહિ? હીરાભાઈ! એવું સાંભળ્યું છે. આપણે ક્યાં જોયું છે.

મુમુક્ષુ :- .. બહુ ઊંચા વિચારો આવે છે.

ઉત્તર :- ધૂળમાં વિચાર આવતા નથી. એ કહેતા હતા રામજીભાઈ એક વખત. મૂરખ છે. એમ કહે કે દારૂ પીવે તો ઊંચા ઊંચા વિચાર આવે. મૂંઢ જેવો થઈ જાય. કાંઈ (ભાન) રહે નહિ, આમ ..

'**મદ્ય,...**' દારૂ હોય નહિ. સમજાણું કાંઈ? દારૂનો ત્યાગ હોય છે. ખરેખર તો મધનો પણ ત્યાગ હોય છે. મધનું મહાન પાપ છે. એક મધના બિંદુમાં સાત ગામ મારે એટલું પાપ શાસ્ત્રમાં ગણ્યું છે. સમજાણું કાંઈ? મધ પણ હોઈ શકે નહિ. મહાપાપ છે. ગણતરી ન મળે. મધ ને શું કહેવાય આ? અત્તર-અત્તર. ઈત્તર-સડા સડા એકલા સડા. ઈયળું થઈ

ગયેલી. કરે છે ને લૂગડામાં નાખીને. તારાચંદજી! એવો ભોગ એનો શ્રાવકને હોઈ શકે નહિ. આ તો બાપા! ધર્મની કેડીએ બેસવું છે એને. ધર્મની કોઈ .. હોઈ શકે નહિ. સમજાણું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. ઈત્તરનું મહાપાપ છે. એક બિંદુમાં સાત ગામ મારે એટલું પાપ છે. અત્તરમાં.

મુમુક્ષુ :- મધ કહેતા હતા.

ઉત્તર :- મધમાં અને અત્તરમાં હું તો કહું છું. મધમાં પણ ખરું અને અત્તરમાં પણ એટલું પાપ છે. ભલે એ લખ્યું નથી. પણ અત્તરમાં મહાપાપ છે. બહુ સડા. સડો તે સડો એકલો. સડો સમજો છો? સ઼ડા હુઆ. સડેલાને શું કહે તમારી ભાષામાં? બહુ સડેલું. ઈયળું જીવાત જ હોય અંદર. એવું તો શ્રાવકને હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

'**વેશ્યા,...**' વેશ્યા હોય નહિ. ધર્મી જીવને .. અમુક બધું સુધી રાખે એને વાંધો નહિ એવું બધું આવે છે અર્થમાં. અરે..! હાલ. આવા તે... અમારે બહુ હતું. આમાં પણ આવે છે. એમ હોય નહિ. શ્રાવકને પરવેશ્યા, એનું આચરણ, સંગ હોઈ શકે નહિ. '**શિકાર,...**' સમકિતી શિકાર કરતા હતા પહેલા. એમ ગપ મારે છે આડા અવળા. રાજા હતા, શિકાર કરતા ને આમ કરતા ને તેમ કરતા. અરે..! ધર્મીને શિકાર હોય નહિ. એ તો .. આદિના પ્રાણ લે એવા શિકાર સમકિતીને ન હોય.

મોટી '**ચોરી,...**' ધાડ પાડવા ને આ બધી કરવી, જુઓને! અંદરમાં ઉથલ પાથલ કરી નાખવા. ધંધો કાંઈ કર્યો ને સવાયું બતાવે છે કાંઈક. સમજાણું? એવો ધંધો શ્રાવકને હોય નહિ. વખાર ફેરવી નાખે. સાંજે બતાવે ઘંઉ સારા, રાતમાં ફેરવી નાખે. સવારે જુઓ તો આહાહા..! અરે.. પણ આ! એ બતાવ્યા હતા. અરે..! પણ શું આ બધી ચીજ! શું બોલે? એ વાણિયાને, શ્રાવકને એવું હોઈ શકે નહિ. એના આચરણમાં સુધારો ન હોય તો શ્રદ્ધા-જ્ઞાન પણ સાચા નથી. સમજાણું કાંઈ? એની ભૂમિકા પ્રમાણેનું આચરણ ન હોય અને ઊલટા પરિણામ થઈ જાય તો શ્રદ્ધા પણ પલટી જશે એની. ચોરી ન હોય. '**પરસ્ત્રી...**' ન હોય. શ્રાવકને પર સ્ત્રીનો ત્યાગ હોય. સમજાણું?

'**એ સાત વ્યસન સંસાર મેં મહાન પાપ હૈ.**' છે ને પાઠમાં? મહાપાપ, પ્રબળ પાપ છે. મહાપાપ. એવા પાપના પરિણામ શ્રાવકને હોય નહિ. સમ્યગ્દર્શન-જ્ઞાન હોય ત્યાં ભૂમિકામાં પંચમ ગુણસ્થાનને યોગ્ય આવા પાપના પરિણામ એને હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? એના નીતિના જીવન પણ બહુ જુદી જાતના હોય.

મુમુક્ષુ :- પંચમ ગુણસ્થાનની વાત છે?

ઉત્તર :- પંચમ ગુણસ્થાનની વાત ચાલે છે.

મુમુક્ષુ :- ચોથાની નહિ?

ઉત્તર :- ચોથે નહિ. પંચમ ચાલે છે અત્યારે. ચોથાને પણ માંસ-દારૂ ન હોય.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, બધું આવું જ હોય. ચોથામાં શું છે? આ તો પંચમ ગુણસ્થાનની વાત ચાલે છે. ઠીક પણ પૂછ્યું. ચોથામાં તો વાંધો નથી ને. એને ન હોય, શિકાર-બિકાર ન હોય, માંસ ન હોય, દારૂ ન હોય, મધ ન હોય એવું એને હોઈ શકે નહિ. હવે જુઓ આચરણ આપણે ત્રણ વર્ષ પહેલા લીધું હતું. (સંવત) ૨૦૧૭ની સાલ. સમજાણું કાંઈ? શ્રાવકને, સાચા શ્રાવકને આ રીતે સાત વ્યસનનો ત્યાગ જ હોય છે. સમજાણું કાંઈ?

'**ઈસલિયે વિદ્વાનોં કો...**' છે ને '**बुधः**' શબ્દ? જ્ઞાની કો-ધર્માત્મા કો સાચી સમજણ (જેને થઈ છે એવા) વિવેકી જનને એવા સાત વ્યસન હોતા નથી. જુઓ! '**बुधः**' છે. '**ઈનકા સર્વથા ત્યાગ કર દે.**' લ્યો, સમજાણું? સર્વથા ત્યાગ કરવો. દસ ગાથા થઈ. ૧૧મી.

**धर्मार्थिनो ऽपि लोकस्य चेस्ति व्यसनाश्रयः।**
**जायते न ततः सापि धर्मान्वेषणयोग्यता।।११।।**

જે કોઈ પુરુષ ધર્મની અભિલાષા કરવાવાળો છે. '**યદી ઉસકો યહ વ્યસન હોવે તો ઈસ પુરુષ કો ધર્મ-ધ્યાન કરને કી યોગ્યતા કદાપિ નહીં હો સકતી.**' '**धर्मान्वेषणयोग्यता**' ધર્મને શોધવાની કે આ ધર્મ છે વીતરાગી સમ્યગ્દર્શન-જ્ઞાન શું છે એને શોધવાની યોગ્યતા એને હોઈ શકે નહિ. સાત વ્યસનના મહાપાપમાં એની બુદ્ધિ ત્યાં રોકાણી હોય, સત્‌ને શોધવાને માટે એનું મગજ કામ કરે જ નહિ. જુઓ! '**धर्मान्वेषणयोग्यता**' ધર્મની અન્વેષણતા-શોધવું-પરીક્ષા કરવી. સમજાણું કાંઈ? ધર્મના પૈસે માંસ ખાય, દારૂ પીવે, શિકાર કરે, પરસ્ત્રી (ભોગવે) ને પછી ધર્મની પરીક્ષા કરવા બેસે. આ ધર્મ ન થઈ શકે એને. તીવ્ર અનંતાનુબંધીના રાગની અંદરમાં જેને આવી પરિણતિ હોય એ ધર્મની શોધ ને વિચારણા ને યથાર્થ નિર્ણય કરી શકે નહિ. કહો, સમજાણું કાંઈ? એ નથી કહેતા? લ્યો, આ ભગવાનના શાસ્ત્ર નથી. ફલાણા આવા હોય, ફલાણું આવું હોય. વળી એક જણ આવ્યા હતા. શું છે કીધું આ? પરીક્ષા કોણે કરી આ? તમે ભવિ છો કે અભવિ? એમ પૂછ્યું મેં. ઓલો એમ કહે, આ વાણી આવી નહિ. કોણ છો તમે? ભવિ છો કે અભવિ?

મુમુક્ષુ :- ગુરુવાણી છે. ભગવાનની વાણી નથી.

ઉત્તર :- હા, એમ બોલ્યા હતા. સમજ્યાને. ત્રણ સાધુ નામ ધરાવી આવ્યા. પછી (કહે), આ વાણી આવી ન હોય. આ 'સમયસાર' સામું જોઈને. વાણી એ વીતરાગની નથી. ગુરુની વાણી આમ (ન હોય). કોણ છો તમે? કીધું. ભવિ છો કે અભવિ? એ ખબર ન પડે. ભવિ ને અભવિની ખબર ન પડે અને વીતરાગની પરીક્ષા કરવા નીકળ્યા? તારાચંદજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, પછી શરમાઈ ગયા, હોં! પકડ્યું .. પછી ફેરવવા મંડ્યા. એ તો આવી ગઈ કીધું હવે. ભવિ-અભવિના હજી નિર્ણયના ઠેકાણા નથી. અભવિને કોઈ દિ' સમ્યગ્દર્શન

થાય નહિ, ભવનો અભાવ થાય નહિ. એવી તો શંકા. એને ભવના અભાવવાળા વીતરાગ અને એની વાણીની પરીક્ષા કરવી (એ થઈ શકે નહિ). ધન્નાલાલજી! જેની વાણીમાં ભવનો અભાવ, જેના ભાવમાં ભવનો અભાવ એવી વીતરાગી વાણી કેવી હોય એ ભવ્યના-અભવ્યના હજી નિર્ણયના ઠેકાણા નહિ, શંકા (રહેતી હોય કે) અભવિ છીએ કે ભવિ એ આપણને ખબર ન પડે. અભવિ તો અનંત પુદ્ગલ પરાવર્તન ચાલે છે એમાં અનંત કાળમાં રખડે. અનંત કાળમાં રખડે એવી હજી તો શંકા તમને છે. આ હશે કે નહિ? એ ભવ વિનાની વીતરાગી વાણી જેમાં ભવ નથી, એ વાણીની પરીક્ષા અભવિની શંકા હોય એ કરી શકે? સમજાય છે કાંઈ? પછી શરમાઈ ગયા.

પછી બીજે ઠેકાણે મળ્યા હતા પાછા બીજા ગામમાં. આપણે ચર્ચા કરી હતી એમની સાથે. બીજાઓ જઈને કહે. એની સાથે રહેવા દો. એ તો મને પકડ્યો હતો ને. એની સાથે ચર્ચા કરવા જેવું નથી. એમ કહે. તમને ભવિ-અભવિના હજી નિર્ણય ન મળે અને એ નિર્ણય વિના વીતરાગી વાણી, ક્યા સંતની અને ક્યા ભગવાનની ક્યાં વાણી છે એની પરીક્ષા કરવા નીકળ્યા એ પરીક્ષા થઈ શકે નહિ.

અહીં કહે છે કે, ધર્મની અન્વેષણની યોગ્યતા સાત વ્યસનના સેવનારને હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? તીવ્ર ક્રોધ ને માન, લોભની તીવ્રતામાં જ્યાં ગતિ છે એને તદ્દન વીતરાગી વાણી કે વીતરાગી ધર્મ... આહાહા..! એક વિકલ્પનો રાગ પણ જ્યાં આદરણીય નથી, થાય આવો છતાં આદરણીય નથી એવી દૃષ્ટિ અને એવી વાણીની પરીક્ષા સાત વ્યસનના સેવનારને હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? કેટલાક એ કહે છે કે ક્રમબદ્ધ આવવાનું હોય એ આવે. ભોગનું હોય તો આવે. અરે..! મરી જઈશ, સાંભળને! કોણે કહ્યું એવું તને? એના ક્રમમાં શરીરમાં એમ કે પરસ્ત્રીનો ભોગ આવવાનો હોય તો આવે, ફલાણું હોય તો આવે, માંસ ખાવાનું હોય તો આવે. એમાં આપણને ક્યાં નડે છે? એક જણો એમ કહેતો હતો. લ્યો! સાધુ નામ ધરાવનાર. અહીંયાં આવ્યો. નિશ્ચયવાળાને પછી શું છે? માંસ હોય, દારૂ હોય એને એમાં પાપ લાગે છે જ ક્યાં? આહાહા..! વાંચેલું ને અહીંનું 'મોક્ષમાર્ગ પ્રકાશક'. પછી પ્યાલો ફાટ્યો. નિશ્ચય જેને થઈ ગયો એને માંસ હોય, પરસ્ત્રી હોય, દારૂ હોય, એને શું છે? મરી જઈશ, કીધું. એવા દારૂ ને માંસના ભાવ હોય નહિ.

જેને ધર્મનો નિર્ણય અને સાચો નિશ્ચય થયો છે એને એવા માંસ ને દારૂ, પરસ્ત્રીના લંપટપણા ને શિકાર આદિ વેશ્યાના એવા ભાવ હોઈ શકે નહિ. લ્યો, નિશ્ચય-નિશ્ચય. શું નિશ્ચય? નિશ્ચયમાં શું પછી નડે છે? એમ કહે. પરદ્રવ્ય તો કાંઈ નડતું નથી. અરે..! સાંભળને! પરદ્રવ્ય કોણ કહે છે નડે છે. પણ આવા ભાવ કરે છે પરસ્ત્રીના, વૈશ્યાના, લંપટપણાના આખા અને એ ધર્મની પરીક્ષા અને યોગ્યતા પ્રગટ કરી શકે નહિ. ના પાડે છે આચાર્ય. તારાચંદજી!

‘**જો પુરુષ ધર્મ કી અભિલાષા કરનેવાલા હૈ અગર ઉસકે ભી યહ વ્યસન હોવે...**’ આશ્રય છે ને? ‘**चेस्ति व्यसनाश्रयः**’ એમ. એ વ્યસનનો આશ્રય કરે એટલે વ્યસન સેવે છે. ‘**તો ઉસ પુરુષમેં ધર્મર ધારણ કરને કી યોગ્યતા કદાપિ નહીં હો સકતી. વહ ધર્મ કી પરીક્ષા કરને કા પાત્ર હી નહીં હો સકતા.**’ કહો, સમજાણું? જેની આંખમાં- જ્ઞાનમાં તીવ્રતા આવા પાપ પડ્યા છે, એ ધર્મની પરીક્ષા કરવાને લાયક હોઈ શકે નહિ. કહો, સમજાણું?

‘**ઈસલિયે ધર્માર્થિ પુરુષોં કો અવશ્ય વ્યસનોં કા ત્યાગ કર દેના ચાહિયે.**’ જુઓ! આ ભૂમિકા પ્રમાણે એનો આવો ભાવ હોય જ નહિ. ઘણા આક્ષેપ કરે છે, લ્યો. તમારા માણસો આમ બોલે છે. નિશ્ચય ને ક્રમબદ્ધવાળા. અમારે પાપ-બાપ પછી શું છે. ક્રમે એમ થવાનું હતું. અરે..! એ માનનારો ક્રમને સમજતો નથી. મૂઢ. ક્રમબદ્ધ જે માને એને તો આત્માનું અકર્તાપણું પ્રસિદ્ધ થાય. સમજાણું કાંઈ? ક્રમબદ્ધ જાણે એને તો અકર્તાપણું પ્રસિદ્ધ થાય. અકર્તાપણું પ્રસિદ્ધ થાય એને સમ્યગ્દર્શન થાય. એને આવા પરિણામ તીવ્ર હોઈ શકે નહિ. એ તો શરીરની ક્રિયા છે, ફલાણું છે. શરીરની ક્રિયા કોણ ના પાડે છે? પણ તારા ભાવ કોના છે આ? સમજાણું કાંઈ? પરસ્ત્રીના સેવન, વેશ્યાના સેવન, માંસના ખાવાના ભાવ. ભાવ કોના છે? ભાવ તારા છે કે નહિ? એવા ભાવ જ્યાં હોય ત્યાં ધર્મની પરીક્ષા કરવાને લાયક એ છે નહિ. એ ક્રમબદ્ધ અને અકર્તાપણું એને બિલકુલ સમજાય નહિ. સમજાણું કાંઈ?

એક છોકરો એક જણને મારતો હતો આમ. એ કહે, મારવાની ક્રિયા જડની છે. હું ક્યાં કરું છું? આ દુરુપયોગ. ઠીક! અરે..! ભાઈ! આ શું તું કરે છે? તારી દૃષ્ટિ બીજાને મારવાનો ભાવ છે, ક્રિયા તો જડની છે. એ તો જડ મારે છે તને. હું ક્યાં મારું છું? આત્મા (નથી મારતો), મહારાજ ના પાડતા હતા. ભાઈ! જડની ક્રિયા જડમાં અને ચૈતન્યની ચૈતન્યમાં. એનો તો અનંતાનુબંધીનો કષાય નાશ થઈ જાય. બેની ક્રિયા ભિન્ન છે. મારે લઈને નહિ. અનંત પરમાણુઓ એને લઈને પરિણમે છે. મારે લઈને નહિ. આહાહા..! ત્યાં પરનું અભિમાન કર્તાપણાનું ઊડીને અનંતાનુબંધીનો નાશ થાય. ત્યાં આવા પરિણામ હોઈ શકે નહિ. કહો, સમજાણું આમાં? ‘**વ્યસનોં કા ત્યાગ કર દેના ચાહિયે.**’ લ્યો, ૧૧ થઈ. ૧૨મી.

**सप्तैव नरकाणि स्युस्तैरेकैकं निरूपितम्।**
**आकर्षयन्नृणामेतद्व्यसनं स्वसमृद्धये।।१२।।**

‘**આચાર્ય કહતે હૈં કિ જિસ પ્રકાર વ્યસન સાત હૈ.**’ સાત વ્યસન. ‘**વૈસે નરક ભી સાત હૈં.**’ નીચે સાત નરક છે. નીચે સાત નરક, પાતાળમાં સાત નરક છે નીચે. ‘**ઈસલિયે ઐસા માલૂમ હોતા હૈ...**’ દેખો! એવું અનુમાન અમને થાય છે એમ આચાર્ય કહે છે. ‘**કિ ઉન નરકોંને અપની અપની વૃદ્ધિ કે લિયે..**’ ‘**स्वसमृद्धये।**’ સાત નરકની સમૃદ્ધિ (માટે) માણસ ભેગા થાય, મરીને અહીંયાં આવે. વ્યસનના સેવનારાઓ અહીંયાં આવે માટે સાત નરક ત્યાં કરી છે. ભીખાભાઈ! સાત નરક છે અનાદિની, હોં! હંબગ

નથી.

નીચે નરક છે. પહેલી, બીજી, ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી, સાતમી. જઘન્ય દસ હજાર વર્ષની સ્થિતિએ આ રાજા, મહારાજા સાધારણ પાપ કરે તો ત્યાં જવાના છે. મોટા પાપ કરે તો એક સાગરની સ્થિતિ પહેલી નરકમાં છે. એક સાગરોપમ. અસંખ્યાતા અબજ વર્ષ, એનું એક પલ્યોપમ, એના દસ ક્રોડાક્રોડી પલ્યોપમનું એક સાગરોપમ. એવી એક સાગરની સ્થિતિ પહેલી નરકમાં. વસ્તુ છે, હોં! ઉગ્ર પરિણામ તીવ્ર પાપ કર્યા હોય એને ફળ ભોગવવાનું સ્થાન અહીંયાં નથી. એનું ફળ ભોગવવાનું સ્થાન ત્યાં નરક યોનિમાં છે. સમજાણું કાંઈ?

એથી કહે છે, હું તો એમ જાણું છું '**કિ નરકોંને અપની અપની વૃદ્ધિ કે લિયે મનુષ્યોં કા સ્થિતકર...**' આકર્ષણ છે ને? '**न्रृणामेतद्व**' '**નરક મેં લે જાને કે લિયે એક એક વ્યસન કો નિયત કિયા હૈ.**' સાત નરકો સાત વ્યસનને માટે છે. સાતે સાત મેળ ખાય છે ને એમાં સાતનો? સમજાણું કાંઈ? મહાન પાપ કરે એ તો નરકમાં જ જાય. મહા આરંભ મહા પરિગ્રહ. માછલા ખાય, દારૂ પીવે... આહાહા..! મુંબઈમાં તો જુઓને, દરિયાએ દિશાએ જતાં.. શું કહેવાય એને?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. સામે તો મોટા માછલા આવડા આવડા મારી. મેં કીધું, દૂધી જેવું લાગે છે, અંધારું હતું. ત્યારે કહે, માછલા ગંધાય. કેટલી રેકડીયું સામે. આહાહા..! બિચારા સાધારણ માણસ મરીને નરકે જાશે. એને કાંઈ બંગલા ન હોય એને ઘરે. બે-ચાર-પાંચ રળતા હોય અને એટલો તો ખરચ હોય. પાંચ-પાંચ દોઢસો બસ્સે રૂપિયા મહિને રળે અને ઘરમાં આઠ માણસ હોય. અત્યારની મોંઘવારી. એ લૂગડાં પણ સારા ન હોય. મરીને આવા મફતના થોડા કાળ માટે મરીને નરક પામશે.

એમ કહે છે કે કોઈપણ મનુષ્ય સાત વ્યસન સેવે (તો) કુદરતે સાત નરકો જે કર્યા છે તો એ સાત વ્યસનના ફળ સાત નરકમાં જવા માટે રાખ્યા છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..! જુઓ! માટે શ્રાવકને સાત વ્યસન હોય નહિ એમ સિદ્ધ કરવું છે. એના જીવન ગૃહસ્થાશ્રમ ભલે હો, અબજોપતિ હો, પણ એને આવા વ્યસનો હોઈ શકે નહિ. પુણ્યના પ્રમાણમાં સંયોગ હોય, સંપદા હોય પણ એના ભાવ શ્રાવકને આવા તીવ્ર હોઈ શકે નહિ. કહો, સમજાણું?

**धर्मशत्रुविनाशार्थं पापाख्यकुपतेरिह।**
**सप्ताङ्गं बलवद्राज्यं सप्तभिर्व्यसनैः कृतम्।।१३।।**

'**ઔર ભી આચાર્ય કહતે હૈં, ધર્મરૂપી વૈરી કે નાશ કે લિયે...**'

મુમુક્ષુ :- પાપનો વેરી છે.

ઉત્તર :- હા, એ પાપનો વેરી છે. '**ધર્મરૂપી શત્રુ કો જીતતા હૈ.**' સમજાણું?

રાજા જેમ સપ્તાંગ સેનાથી શત્રુને જીતે છે, એમ ધર્મરૂપી શત્રુને જીતે છે. કોણ? પાપ. પાપ છે એ ધર્મનો શત્રુ છે ને? '**જૈસે ધર્મરૂપી વૈરી કે નાશ કે લિયે પાપ નામક દુષ્ટ રાજા...**' એ પાપ નામનો દુષ્ટ રાજા. એ ધર્મનો વેરી છે પાપ. એ ધર્મને જીતવા માટે પાપ છે. '**દુષ્ટ રાજા કા સાત વ્યસનોં સે રચા હુઆ યહ સાત અંગ હૈ જિસકે.**' છે ને '**સપ્તાઙ્ગં**'. રાજા પાસે સાત અંગ હોય છે. બીજા વેરીને જીતવા માટે રાજા પાસે સાત અંગ હોય છે. એ વિના બીજા વેરીને, શત્રુને જીતી શકે નહિ. રાજા પોતે છે, બીજો મંત્રી સાથે હોય. ઓલામાં છે, ભાઈ! ઓલા શબ્દમાં છે. એમાં છે, એમાં હશે. સાત નામ છે. તેરમી ગાથામાં નામ છે.

રાજા એક હોય પોતે. વેરીને જીતવા માટે રાજા પોતે પણ હોય ભેગો, મંત્રી હોય– દિવાન. વિચારણા કરવા માટે કે શું કરવું આ વેરીનું. મંત્રી હોય. ત્રીજો મિત્ર હોય. સારા મિત્રો એના કે શું કરવું આપણે વેરીને જીતવા માટે. ખજાનો હોય. લશ્કરને નભવા માટે પૈસા ન હોય તો શી રીતે વેરીને જીતે? સમજાણું કાંઈ? રાજા પાસે સાત અંગ વેરીને જીતવાના હોય. એમ પાપ પાસે સાત વ્યસન ધર્મનો એ શત્રુ છે. સાત વ્યસન ધર્મને જીતે છે. તારાચંદજી! આહાહા..! સમજાણું કાંઈ?

ખજાનો. ખજાનો ન હોય તો શું કરે? નહોતું આવતું આમાં? ચિત્તોડનું આવે છે ને ક્યાંક? કોણ? ભામાશા. ખજાના ન મળે. ભામાશા (પાસે) જઈને (કહે છે), અન્નદાતા! આટલા પૈસા, આ રૂપિયા છે. જાય છે ઘોડાથી આમ દેખે છે. એય..! ભામાશા આવે છે. ઊભા રહો.. ઊભા રહો.. રાજા. પોતે ચાલી નીકળ્યો દેશમાંથી કે આ દેશમાં અમે નહિ રહી શકીએ. પૈસા નથી. વેરીઓનું જોર વધી ગયું છે. અમારે સાધન લશ્કરને શું? એમાં ઓલો આવે છે ભામાશા. અન્નદાતા! પૈસા આપના.. બાર વર્ષ સુધી લશ્કરને નભાવો તો ખૂટે એવું નથી. હેઠે ઊતરી ગયો રાજા, હોં! ફટ દઈને. ભામાશા. અન્નતાદા! પૈસા આપુ હું. ખજાનો બાર વર્ષ લશ્કરને રાખો તો ખૂટે એવું નથી. ખજાના વિના શું કરે? મોટો શૂરવીર હોય. લ્યો. સમજાણું?

એમ '**દેશ...**' પોતાને દેશ જોઈએને કાંઈક રહેવા માટે. રહેવા માટે, રહેવાના સ્થાન પોતાને દેશ ન હોય તો વેરીને જીતે શી રીતે? અને '**દુર્ગ...**' કિલ્લો કિલ્લો હોય. કિલ્લા વિના વેરીને જીતવું શી રીતે? અને સેના હોય. સાત અંગ થયા. '**સપ્તાઙ્ગં બલવદ્રાજ્યં**' રાજને સાત અંગ હોય તો પોતાના વેરીને જીતીને પોતે રક્ષણ પોતાનું કરી શકે. એમ પાપ વેરી પાસે સાત અંગ છે વ્યસનના. પાપરૂપી રાજા, એની પાસે સાત (વ્યસન છે). ઓલાના સાત આ રાજના અંગ, આની પાસે સાત વ્યસન. પાપરૂપી રાજા પાસે સાત વ્યસન છે કે ધર્મને જીતીને ધર્મની હાર કરાવી દે અને પોતાની અધિકતા કરે. જમુભાઈ! એક કોર સાત વ્યસન, એક કોર સાત નરક, એક કોર રાજના સાત અંગો. રાજના સાત અંગો. એટલે પાપના ભાવ

પાસે આ સાત વ્યસનોના અંગ છે. સાચા આત્મધર્મને એ હણી નાખે છે. કહો, સમજાણું કાંઈ?

**'ધર્મરૂપી વેરી કે નાશ કે લિયે પાપ નામક દુષ્ટ રાજા કા સાત વ્યસનોંસે રચા હુઆ યહ પાપ હૈ.'** એ પાપીએ રચ્યા છે સાત વ્યસનો, કહે છે. એવું બળવાન રાજ પાપનું છે. એવા ભાવ શ્રાવકને, ધર્મીને હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? જુઓ! એવું આચરણ આવું આવું શ્રાવકને હોય નહિ. આ કહે છે ને ઘણાં? આ જુવાનિયા આમ ખાય છે, ફલાણું ખાય છે, ઢીંકણું ખાય છે. ભાઈ! એની સાચી શ્રદ્ધા જો ધર્મની કરે તો એ ધર્મની સાચી શ્રદ્ધાવાળાને એવા ભાવ હોય નહિ. એને વિશ્વાસ નથી. આત્માનો, પરલોકનો, દેવનો, ગુરુનો, શાસ્ત્ર શું છે એનો અંતરમાં વિશ્વાસ નથી. જ્યાં-ત્યાં બિચારા જુવાનીયા ભટક્યા કરે. અને પછી માંસ ખાય, દારૂ પીવે.. કાંઈ નથી. માટે એને ધર્મની પહેલી કિંમત કરાવો. સમજાય છે? એમ જોઈએ. ધર્મની કિંમત થતાં એ સહેજે પાપના પરિણામ ઘટી જાય. એમ પાધરા વ્યસન છોડો છોડો તો એને સમજાય નહિ આ શું કહે છે? ત્યાં જઈને આમ કહેશે, લ્યો, છોડો. ... ન જવું. પણ એને ધર્મની સમજણ કરાવવી જોઈએ.

બાપુ! આત્મામાં આનંદ છે, ભાઈ! અનંત અનંત આનંદ ભર્યો છે. સર્વજ્ઞનો વેપાર મહા પૂર્ણ થઈ ગયો. એમણે કહ્યું કે તારે શાંતિ જોઈતી હોય તો આત્મામાં છે. એ આત્માની શાંતિની જેને મહત્તા, શ્રદ્ધા થાય એને આવા પાપના પરિણામ સહેજે ઘટી જાય. એવા પરિણામ એને હોઈ શકે નહિ. કહો, સમજાણું આમાં?

**'ઈસ પ્રકાર રાજા સપ્તાંગ સેના સે શત્રુ કા વિજય કરતા હૈ, ઉસી પ્રકાર પાપરૂપી રાજા સપ્ત વ્યસનોં કી સમાંગ સેના સે ધર્મરૂપી શત્રુ કો જીતતા હૈ. ઈસલિયે પુરુષ ધર્મ કી રક્ષા કરના ચાહતે હૈં, ઉનકો ઈન સાત વ્યસનોં કા સર્વથા ત્યાગ કર દેના ચાહિયે.'** હવે છ આવશ્યકના વર્ણનનો વિસ્તાર કરે છે. છ છેને આવશ્યક? આવશ્યક શું? અવશ્ય કરવા લાયક દેવની પૂજા, ગુરુ સેવા, સ્વાધ્યાય, સંયમ, તપ ને દાન. એ છનો વિસ્તાર હવે કરે છે.

**'આચાર્ય છ આવશ્યકોં કી મહિમા કા વર્ણન કરતે હૈં.'** ઓહોહો..! નિશ્ચય આવશ્યકનું જ્યાં વર્ણન આવે ત્યાં તો શુભભાવ પણ આવશ્યક નથી. એ તો પરાધીન દશા છે. પણ આવ્યા વિના (રહેતા નથી). ભૂમિકા પ્રમાણે પાંચમા ને છઠ્ઠા ગુણસ્થાનવાળાને આવ્યા વિના રહે જ નહિ. 'નિયમસાર'માં કહે છે ને? અશુભભાવ તો આવશ્યક છે નહિ પરવશતા છે, પણ શુભભાવ પણ આવશ્યક નથી. નિશ્ચય આવશ્યક નથી. આહાહા..! સામાયિક અને ચોવિસંથો, વંદના ને પ્રતિક્રમણ ને કાઉસગ્ગ, પચ્ચખાણ. આવે છે ને છ? સામાયિક, ચોવિસંથો, વંદન, પ્રત્યાખ્યાન, પડિકમણુ અને કાઉસગ્ગ. એ છ આવશ્યક શુભભાવના, 'નિયમસાર'માં કહે છે, મોક્ષમાર્ગમાં એટલું પણ પરવશપણું છે, હોં! એને ખરું આવશ્યક ન હોઈ શકે. નિશ્ચય

આવશ્યક તો અવશ્ય પોતાના સ્વભાવમાં તાબે થઈ જાય. પરને તાબે ન થાય. એવો આત્માનો સ્વભાવ. એ શ્રદ્ધા, જ્ઞાન ને લીનતા એ ખરેખર તો આત્માનું આવશ્યક છે. એવું ભાન હોવા છતાં સમકિતી, શ્રાવકને આવા છ આવશ્યકો શુભભાવ આવ્યા વિના રહેતા નથી. સમજાણું કાંઈ?

નિશ્ચયની પદ્ધતિની જે વસ્તુ હોય એ તો એકલા સ્વઆશ્રયને આવશ્યક કહે. વ્યવહારની પદ્ધતિનું કથન હોય ત્યાં પરના આશ્રયને પણ વ્યવહારે આવશ્યક કહેવામાં આવે છે. જરૂર એને કરવા જોઈએ. શ્રાવકે દેવપૂજા જરૂર કરવી જોઈએ. એ એમનું આવશ્ય કર્મ છે. સમજાણું?

**प्रपश्यन्ति जिनं भक्त्या पूजयन्ति स्तुवन्ति ये।**
**ते च दृश्याश्च स्तुत्याश्च भुवनत्रये।।१४।।**

લ્યો! '**જો ભવ્ય જીવ જિનેન્દ્ર ભગવાન કો ભક્તિપૂર્વક દેખતે હૈં...**' ભક્તિપૂર્વક દેખે છે. આમ વેઠપૂર્વક નહિ. ચાલો, મા-બાપે કહ્યું, જાવ ત્યાં, દેવદર્શન કરી આવો. જય મહારાજ! કરી આવ્યા? કહે, હા. સમજાણું કાંઈ? પોતાની દૃષ્ટિ નિર્મળ છે એટલે વીતરાગ પ્રત્યેના પ્રતિમા, મૂર્તિ, મંદિર એનો ભક્તિ ભાવ થયા વિના રહે નહિ. એને સમજે કે આ શુભભાવ છે, પુણ્યભાવ છે પણ સ્વરૂપમાં ઠરી શકતો નથી એટલે આવો ભાવ દિન પ્રત્યે આવશ્યકપણે આવ્યા વિના રહેતો નથી. સમજાય છે?

'**ઉનકી પૂજા, સ્તુતિ કરતે હૈં**' ભગવાનની. '**વહ ભવ્યજીવ તીનોં લોક મેં દર્શનીય..**' ભગવાનના દર્શન કરવાવાળો આત્માના દર્શનની દૃષ્ટિની ભૂમિકા સહિત, એ ભવિષ્યમાં દુનિયા એના દર્શન કરશે એવો થાશે. એમ કહે છે ને? જુઓને! '**તીનોં લોકમેં દર્શનીય...**' એ પરમાત્મા થશે. વ્યવહારથી પણ વાત છે ને? વિકલ્પને વ્યવહાર ગણીને. નિશ્ચયથી થાય છે એમાં નિમિત્તનો આરોપ કરીને એનાથી પણ ભગવાનના દર્શનથી બીજાને દર્શન કરવા લાયક પોતે થઈ જશે. વિશેષ વાત કરશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૧૪, શનિવાર તા. ૪-૯-૧૯૬૪**
**શ્રાવકાચાર, ગાથા-૧૪ થી ૨૨, પ્રવચન-૧૩**

'પદ્મનંદી પંચવિંશતી' નામનું શાસ્ત્ર છે. જે લગભગ ૯૦૦ વર્ષ પહેલા ભાવલિંગી મુનિ સંત પદ્મનંદી આચાર્ય જંગલમાં વસતા હતા. એમણે જગતના હિત માટે કરુણાબુદ્ધિથી ૨૬ અધિકાર કર્યા. એમાં આ એક છઠ્ઠો અધિકાર શ્રાવકનો સંસ્કારનો છે. શ્રાવક જે છે એને ઉપાસક કહેવામાં આવે છે. ધર્મના સેવનારા અથવા સાધુના સેવનારા. એના સંસ્કારની વાત આમાં આવી છે ને? શ્રમણોપાસક નથી આવતું? શ્રમણ નામ સાધુ, એમના ઉપાસક નામ સેવા કરનારા. એના નામથી ઓળખાય એવા શ્રાવકના સંસ્કાર કેવા હોય અને એણે શું કરવું જોઈએ અને એના કર્તવ્ય શું છે એનું વર્ણન આચાર્ય મહારાજે કર્યું છે.

આપણે ૧૩ ગાથા થઈ ગઈ. ૧૪મી ચાલે છે થોડી. છ આવશ્યક-કર્તવ્ય હોય છે શ્રાવકને. પહેલા તો આત્માનું સમ્યગ્દર્શન પહેલું પ્રગટ કરવું એ પહેલો ઉપાય. પંચમ ગુણસ્થાનની વાત છે કે નહિ? આત્મા પુણ્ય-પાપ અને પરથી તદ્દન ભિન્ન એકલો જ્ઞાયક ચૈતન્ય પૂર્ણ આનંદઘન નિધાન, એવો આત્મા જ્ઞાતા-દૃષ્ટાનું અંતર ભાન કરવું, પછી વિકલ્પ આદિ, રાગાદિ આવે અને નિમિત્તની ક્રિયા થાય એનો પણ એ જ્ઞાતા અને દૃષ્ટા છે. એવા ભાનની ભૂમિકામાં આગળ વધેલો, સમ્યગ્દર્શન ઉપરાંત જેને શ્રાવકપણું એટલે અંતરમાં શાંતિનું વિશેષ વેદન થયું છે, ચોથા ગુણસ્થાન કરતાં વધારે, એને આવા છ આવશ્યકો દિન દિન પ્રત્યે હોય છે. એમ અહીંયાં આચાર્ય મહારાજ વર્ણન કરે છે. જુઓ! '**છ આવશ્યકોં કી મહિમા કા વર્ણન કરતે હૈં.**'

**प्रपश्यन्ति जिनं भक्त्या पूजयन्ति स्तुवन्ति ये।**
**ते च दृश्याश्च स्तुत्याश्च भुवनत्रये।।१४।।**

'**જો ભવ્યજીવ જિનેન્દ્ર ભગવાન કો ભક્તિપૂર્વક દેખતે હૈં...**' ભગવાન ન હોય તો ભગવાનની પ્રતિમાના દર્શન દિન દિન પ્રત્યે કરે છે. એ શ્રાવકનું દિન દિન પ્રત્યેનું કર્તવ્ય છે. જેમ સ્મરણ કરે ભગવાનનું, સામાયિક કરે શુભભાવ રૂપે, સ્વરૂપની સ્થિરતા સહિત, એમ આ પણ એક શુભભાવ હંમેશા ભગવાનની પ્રતિમાના દેવ દર્શન કાયમ કરે. દિને દિને આવી ગયું છે પહેલું. ૭મી ગાથામાં. '**षट्कर्माणि दिने दिने**' નરભેરામભાઈ! એ કાલ એમાં આવ્યા હતા. ખોડખાપણ છે ને એમાં. કહો, સમજાણું આમાં?

કોઈ કહે કે ભાઈ! આ તો પાંચમા ગુણસ્થાનની વાત છે. પણ પહેલી શ્રદ્ધા-જ્ઞાન કરનારને પણ ભગવાનના દર્શન અને ભક્તિનો ભાવ આવ્યા વિના રહે નહિ. સંસારમાં કેમ આવે છે બાયડી-છોકરાના મોઢા દેખે સવારમાં વહેલા ત્યારે એને સંતોષ થાય. સાજા-નરવા ઉઠ્યા

છે. સૂતા હતા તે સાજા-નરવા ઉઠ્યા છે. એમ હોય છે કે નહિ? અમારે ત્યાં ભાઈ રિવાજ (હતો) ઓલા લોટિયા વોરા રહે. ત્યાં અમારે પાલેજમાં. ભાઈ! બાબુભાઈ! ત્યાં ઓલા નહિ? મજમુદીન નરુદીન ને.. એ સામાં? એ બધા છોકરા સવારમાં ઉઠીને એકબીજાના સગા હોય ત્યાં કાકા-ભાઈને ત્યાં જાય. એમ કે સાજા નરવા અમે ઉઠ્યા છીએ તો પગે લાગે. દર્શન કરે હોં! મા-બાપના. એનો અર્થ કે અમે નિરોગથી સૂતા હતા અને નિરોગથી ઉઠ્યા છીએ. શોભાલાલભાઈ!

મુમુક્ષુ :- આપ ફીકર નહિ કરતા.

ઉત્તર :- ફીકર નહિ. ત્યાં અમારે નજીક જ, દુકાનની નજીક જ ચાલતું હતું ત્યાં. એ લોકો આવે, પગે લાગે, ચુંબન કરે હાથ. એનો બાપ હોય, એનો કાકો હોય એ ....

એમ જેને દુનિયાના કુટુંબના દર્શન અને હેમ ક્ષેમ છે કે નહિ એમ ભાવ થાય, એમ ભગવાનની પ્રતિમાના દર્શન કરવાનો શ્રાવકને સમકિતીને એ દિન દિન પ્રત્યે દર્શન, પૂજાનો ભાવ થયા વિના રહે નહિ. આ અનાદિનો માર્ગ છે. નરભેરામભાઈ! ક્યાં ગયા જગજીવનભાઈ? જગજીવનભાઈ છે કે નહિ?

'**જિનેન્દ્ર ભગવાન કો ભક્તિપૂર્વક દેખતે હૈં ઔર ઉનકી પૂજા-સ્તુતિ કરતે હૈં.**' છે ને? '**पूजयन्ति स्तुवन्ति**' મહામુનિ જંગલમાં રહેનારા હતા ૯૦૦ વર્ષ પહેલાં. એમણે ધર્માત્મા ગૃહસ્થમાં સ્ત્રી હો, પુરુષ હો, નાના નાના બાળકો પણ પહેલા તો ધર્મ પામતા. આઠ-આઠ વર્ષના બાળકો પણ આત્માનું જ્ઞાન કરી અને હંમેશા દેવદર્શન કાયમ કરતા. સમજાણું કાંઈ? આ પોતે ઠેકાણું ન હોય એમાં છોકરાને ક્યાંથી કહે કે તું દેવદર્શન દરરોજ જાજે. મિત્રસેનજી! તો જે કોઈ '**ભક્તિપૂર્વક દેખતે હૈં ઔર ઉનકી પૂજા-સ્તુતિ કરતે હૈં વે ભવ્યજીવ તીનોં લોકમેં દર્શનીય હોતા હૈ.**' એ પરમાત્મા થવાનો ભવિષ્યમાં. કેમ કે આત્માના ભાનસહિત ભગવાનની ભક્તિની ભૂમિકામાં એ આવ્યો છે. એ ભવિષ્યમાં ક્રમે ક્રમે રાગ ટાળી વીતરાગ થઈને પરમાત્મા થશે. અને એ પરમાત્મા જગતને દર્શન કરવા લાયક થશે. સમજાય છે કાંઈ? એ શુભભાવ છે. એ છે શુભભાવ, હોં! પાછો એમાં કોઈ ધર્મ માની લે..

મુમુક્ષુ :- મર્યાદિત શુભભાવ છે

ઉત્તર :- મર્યાદિત છે. શુભભાવની હદ છે. તીવ્ર કષાયનો નાશ, મંદ કષાયરૂપ ભાવ એવો હોય છે. તીવ્ર કષાય સંસારમાં બાયડી-છોકરા-કુટુંબ રળવા માટે કેમ હોય છે? માટે આવો ભાવ એને હોય છે.

કહે છે, એ દુનિયામાં પૂજાને યોગ્ય થશે તથા સ્તુતિને યોગ્ય થશે. ભવિષ્યમાં એની પૂજા કરશે, એની સ્તુતિ કરશે. '**સર્વ લોક ઉનકો ભક્તિ સે દેખતે હૈં ઔર ઉનકી પૂજા સ્તુતિ કરતા હૈ.**' એ ચોથી ગાથામાં જરી ભાઈ ઓલામાં છે, શ્રાવકનો છે ને અધિકાર? ૨૧૭. છે ને? ચોથી ગાથા છે. ૨૧૭ પાનું. પછીના અધિકારમાં ચોથો અધિકાર.

'**આચાર્ય ઉપદેશ દેતે હૈં**' દેખો!

**सम्प्राप्ते ऽत्र भवे कथं कथमपि द्राधीयसानेहसा**
**मानुष्ये शुचिदर्शने च महता कार्यं तपो मोक्षदम्।**
**नो चेल्लोकनिषेधतो ऽथ महतो मोहादशक्तेरथो**
**सम्पद्येत न तत्त्दा गृहवतां षट्कर्मयोग्यं व्रतम्।।४।।**

શું કહે છે? પછીના અધિકારમાં છે, ભાઈ! બીજો અધિકાર, ભાઈ! શોભાલાલજી! એ ચોથી ગાથા છે. ચોથી છે ને? એનો નીચે અર્થ છે. શું કહે છે? '**અનંતકાલ કે બીત જાને પર ઈસ સંસાર મેં બડી કઠિનતા સે મનુષ્ય જન્મ મિલતા હૈ.**' અનંત અનંત કાળ વીતવાથી મનુષ્યનો જન્મ એકેન્દ્રિયમાંથી નીકળી, નિત્ય નિગોદમાંથી નીકળી એકેન્દ્રિયપણું, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, એમાંથી નીકળીને કોઈ પ્રત્યેકપણું, કોઈ બે ઈન્દ્રિયપણું, ત્રણ ઈન્દ્રિયપણું, ચૌ ઈન્દ્રિયપણું, પંચેન્દ્રિયપણું મહા અનંતે કાળે મળે છે. એમાં પણ અનંતે કાળે મનુષ્ય જન્મ મળવો જીવને મહા કઠણ છે. એ પાઠમાં છે હોં અંદરમાં. પહેલો શબ્દ છે ને એ? '**द्राधीयसानेहसा**' ભાઈને પૂછયું હતું. શબ્દ કાંઈ મળતો નથી. '**द्राधीय**' એટલે દીર્ઘકાળ એનો અર્થ. '**द्राधीयसा**' છે ને શબ્દ? અનંત કાળે મનુષ્યનો ભવ પ્રાપ્ત થવો મુશ્કેલ છે.

એમાં '**સમ્યગ્દર્શન કે પ્રાપ્ત હોને પર...**' ભગવાને કહેલો આત્મા, જોયેલો આત્મા, જાણેલો આત્મા. એવા આત્માની અંદરમાં શ્રદ્ધા અને જ્ઞાન પ્રગટ કરી '**ઉત્તમ પુરુષોં કો મોક્ષ કો દેનેવાલા તપ જરૂર કરના ચાહિયે.**' એણે તો મુનિપણું લેવું જોઈએ. તપ એટલે મુનિપણું. ઓહો..! ચારિત્ર જ્યાં... 'કલ્પવૃક્ષ સમ સંયમ કેરી શિતળ અતિ શિતળ જ્યાં છાયા, કલ્પવૃક્ષ સમ શિતળ કેરી અતિ શિતળ જ્યાં છાયા.' સંયમ શાંત સ્વરૂપમાં ઠરી, વીતરાગી મુનિ થઈ, ચારિત્ર લેવું અને એ પ્રકારનું મુનિપણું લેવું એ જ મનુષ્યપણાનું સાર્થક છે. અનંતે કાળે આવો દેહ મળ્યો અને એ વખતે એણે આ જરૂર છે.

'**યદી વહ યહ મુનિપના લે ન સકે તો લોકનિંદા સે...**' શું છે? પુસ્તક છે? નથી. પાઠમાં છે ને ભાઈ ઓલા? '**ल्लोकनिषेधतो**' એને એમ થઈ જાય કે આ લોકો આવે છે. હું એટલું બધું નગ્ન મુનિપણું અને આવું નહિ પાળી શકું એમ થાય. અને '**मोहादशक्ते**' પોતામાં મોહનું એટલું હજી અસાવધાનપણું રાગાદિનું હોય, જેથી અશક્તિપણે મુનિપણું લઈ શકે નહિ. તોપણ એણે '**ગૃહસ્થોં કે દેવ-પૂજા-ગુરુ સેવા સ્વાધ્યાય...**' ષટ્કર્મ શબ્દ પડ્યો છે ને છેલ્લે? '**षट्कर्मयोग्यं**' આપણે આવી ગયું ૮મી ગાથામાં.

'**ગૃહસ્થોં કે દેવ-પૂજા...**' હંમેશા ભગવાન પરમાત્માની પૂજા, એને ગુરુની સેવા, શાસ્ત્રનો હંમેશા સ્વાધ્યાય, અધ્યયન અને કાંઈક ઈન્દ્રિય દમન આદિ સંયમ, ઈચ્છા નિરોધ આદિ તપ અને દિન પ્રત્યે દાન, એ છ બોલ છે એમાં. હંમેશા એણે કરવું કે જેથી '**વ્રત કો અવશ્ય હી કરના ચાહિયે.**' ષટ્ કર્મનું કાર્ય તો જરૂર કરવું જોઈએ. કહો, સમજાણું આમાં?

સવારની વાત કરતાં આ બીજી જાતની વાત છે. પહેલા એક ફેરી નહોતું કીધું? સવારની વાત ઠીક, બપોરની ઓલા પૈસા કાઢવા અને દાનની આકરી પડતી. તમને યાદ કર્યા હતા લોકોએ. સમજાણું આમાં?

એમ આ કહે છે કે આ સવારની તો વાત ઓલી કે આત્મા જ્ઞાન, દર્શન છે પછી કરવાનું (શું)? પણ એમાં તો રાગ અને પુણ્ય-પાપના ભાવ પણ મારા નથી એવી દૃષ્ટિ કરીને તેમાં એકાગ્ર થાવું એ સમ્યગ્દર્શનનો સ્વભાવ છે. પણ તેની ભૂમિકામાં વીતરાગતા આગળ વિશેષ ન હોય એથી એને સમ્યગ્દૃષ્ટિને પણ આવા ભાવ હંમેશા દેવદર્શનના આવ્યા વિના રહે નહિ. જાણે કે આ શુભભાવ છે. પાપથી બચવા માટે છે. પણ એવા ભાવ પુણ્યના નામ સ્મરણ, ભક્તિ, સ્તુતિ એ બધો શુભભાવ છે. ભગવાન ભગવાન અંદર (કરે) એ પણ શુભભાવ છે. એ આવ્યા વિના રહે નહિ. પુણ્ય છે. ધર્મ નહિ, હોં! પણ એવો ભાવ ધર્મીને પંચમ ગુણસ્થાનને યોગ્ય આવ્યા વિના રહેતો નથી. કહો, સમજાણું કાંઈ? દેવપૂજા જરૂર કરવી જોઈએ. પછી લાંબુ લખાણ છે, એ તો ઠીક. ચાલો. એ ૧૪મી ગાથા.

હવે ૧૫મી આપણે ચાલે છે એ.

**ये जिनेन्द्रं न पश्यन्ति पूजयन्ति स्तुवन्ति न।**
**निष्फलं जीवितं तेषां तेषां धिक् च गृहाश्रमम्।।१५।।**

જુઓ! આચાર્યો જંગલમાં રહીને કરુણા બુદ્ધિથી કહે છે, અરે..! આત્મા! '**જે મનુષ્ય જિનેન્દ્ર ભગવાન કી ભક્તિ સે નહીં દેખતે.**' ભક્તિથી હોં! વેઠથી નહિ. જાવ હાલો ભગવાનના.. જાવ. નેમિદાસભાઈ! ભક્તિ. ઓહો..! ત્રણ લોકના નાથ પરમાત્મા વર્તમાન બિરાજતા નથી તો એની પ્રતિકૃતિ એવી પ્રતિમા ભગવાનની બિરાજે છે તો સ્થાપના નિક્ષેપ તરીકે ત્યાં ભગવાન તરીકે તેને ભાળે. જિનપ્રતિમા જિન સારખી. સમજાય છે કાંઈ? એવો અનાદિનો વિચાર. સિદ્ધાંતમાં સર્વજ્ઞ પરમાત્માથી એ ભાવ ચાલ્યો આવે છે.

'**જો મનુષ્ય જિનેન્દ્ર ભગવાનકી ભક્તિ નહીં દેખતે હૈં ઔર ન ઉનકી ભક્તિપૂર્વક પૂજા-સ્તુતિ કરતે હૈં.**' ભક્તિપૂર્વક હોં! વેઠ કરીને સૌની સાથે ચાલો બેસી જઈ થોડી વાર. એમાં વદાઈ જાય એટલે શું કે અમે પણ પૂજા હંમેશા કરીએ છીએ. લૂગડું-બુગડું .. ફેરવીને બેસી જાય પૂજા કરવા. એમ નહિ. ભક્તિપૂર્વક એમની જે પૂજા કે સ્તુતિ નથી કરતા એ મનુષ્યનો જીવન સંસારમાં નિષ્ફળ છે. સમજાય છે કાંઈ?

એક જણાએ જાણે મૂર્તિ ઉથાપિ નાખી આખી. ભગવાનની અનાદિથી ચાલતી આવી. આ બીજાએ એમાં પુણ્યને ઠેકાણે ધર્મ બતાવી દીધો. એમાં ધર્મ છે. એમ નથી. ભક્તિમાં શુભભાવ પાપથી બચવા ભાવ (આવે). જેમ નામ સ્મરણ શાસ્ત્ર સ્વાધ્યાયમાં શુભભાવ આવે છે એવો ભાવ આવ્યા વિના રહે નહિ. દેવીલાલજી! એ જાણે કે આમ ભગવાનના દર્શન કર્યા, થઈ ગયો આપણને ધર્મ હવે. ધર્મ તો રાગ વિનાની આત્માની ચીજ છે એની દૃષ્ટિ

અને અનુભવમાં સ્થિરતા કરવી એનું નામ ધર્મ છે. એવા ધર્મી જીવને આવી ભક્તિ આદિના ભાવને વ્યવહાર ધર્મ કહેવામાં આવે છે. વ્યવહાર ધર્મ. એટલે પરમાર્થે ધર્મ નહિ પણ પુણ્ય છે. એવા ભાવ નથી કરતો, ભક્તિથી પૂજતો નથી એ '**निष्फलं जीवितं तेषां**' એનું જીવતર આ જગતમાં નિષ્ફળ છે.

એ તો ઠીક પણ '**तेषां धिक् च गृहाश्रमम्**' એના ગૃહસ્થાશ્રમને ધિક્કાર હો. એને પાણીમાં બોળી દે. આવે છે ક્યાંક. ક્યાં આવે છે? એઈ..! કયે ઠેકાણે આવે છે? અહીં બધું કાંઈ યાદ છે? ક્યાંક આવે છે. આવો ગૃહસ્થાશ્રમ જેમાં ભક્તિ, પૂજા અને દાનાદિ ન વર્તતા હોય એવા ગૃહસ્થાશ્રમને અંજલિ દેજે પાણીમાં નાખીને. સ્વાહા. બૂડાવી દેજે. એવા ગૃહસ્થાશ્રમનું કામ શું છે, એમ કહે છે. અંજલી દઈ દેજે એમાં. આ મરતા નથી અંજલી આપતા? લ્યો, આ .. આપ્યું. એમ ત્યાં છે. ક્યાંક દાનના અધિકારમાં છે. હવે કાંઈ બધું અત્યારે ખ્યાલ હોય? કહો, સમજાણું કાંઈ?

એટલે કહે છે કે એવા ગૃહસ્થાશ્રમને ધિક્કાર-ધિક્કાર છે. આહાહા..! એ છોકરાના મોઢા જોવે, બાયડીનું મોઢું જોવે તો એને સારું લાગે. સમજાણું? અત્યારે તો લગન-બગન કરવા હોય તો છોડીને જોવા જાય છે અત્યારે તો. બધું કેવું છે. બોલાવે, હલાવે, હારે ફરે બે કલાક, એની સાથે બરાબર સરખું છે કે નહિ. તમને હું પસંદ પડું છું કે નહિ, એને કહે હું પસંદ પડું છું કે નહિ? ત્યારે તો એ લગન કરે. આવા તો અત્યારના ઢોંગ ચાલ્યા છે.

અહીં ભગવાન પસંદ પડે છે કે નહિ એના દર્શન? આહાહા..! સમજાય છે કાંઈ? પરમાત્મા વીતરાગ મુદ્રા શાંત, જેને દેખવાથી જાણે ત્રણ કાળ, ત્રણ લોકના જ્ઞાતા-દૃષ્ટા છે. રાગની ક્રિયા માત્ર જેને નથી. ઠરી ગયા. એનું પ્રતિબિંબ દેખે છે. આહાહા..! લોકાલોક ત્રણ કાળ ત્રણ લોકના જાણનાર-દેખનાર. ચાહે તે દુનિયામાં હો, જેને વિકલ્પ નથી, કંપન્ન અને અસ્થિરતા નથી. એવું બિંબ દેખીને જેને જ્ઞાનમાં ભાસ થાય એને ભક્તિ ને ઉલ્લાસથી શુભભાવ આવ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ?

'**ઉસકે ગૃહસ્થાશ્રમ કે લિયે ભી ધિક્કાર હૈ.**' એક તો નિષ્ફળ કીધો. નિષ્ફળ એટલું ન રાખ્યું...

મુમુક્ષુ :- દાનનું ૨૪મી ગાથામાં છે.

ઉત્તર :- ૨૪. હા, એ ૨૪માં છે. જુઓ! ૨૪મી ગાથા છે. દાનના અધિકારમાં પાનું ૧૨૨. ઓલામાં દાનનો અધિકાર હશે પહેલો.

**पूजा न चेज्जिनपतेः पदपङ्कजेषु**
**दानं न संयतजनाय च भक्तिपूर्वम्।**
**नो दीयते किमु ततः सदनस्थितायाः**
**शीघ्रं जलाञ्जलिरगाधजले प्रविश्य।।२४।।**

શું કહે છે? '**જો ગૃહસ્થાશ્રમ મેં જિનેન્દ્ર ભગવાન કી ચરણકમલોં કી પૂજા નહીં હૈ...**' સંસારમાં પણ સારો કરોડપતિ ઘરે આવે તો કહે, અહો..! આજ મારે સોનાનો સૂરજ ઊગ્યો, આજ મારા આંગણા ઉજળા થયા. એમ નથી બોલતો? એ તો રાગ છે. પાપ છે ત્યાં તો. આ તો શુભભાવ. જિનેન્દ્ર ભગવાનના ચરણકમળની નથી, '**ભક્તિભાવ સે સંયમીજનો કે લિયે દાન નહીં...**' જેના ઘરમાં ધર્માત્મા આવે એને દાન ભક્તિથી નથી આપતો, '**નહી દીયા જાતા આચાર્ય કહતે હૈં. અત્યંત ગહરે જલમેં...**' ઊંડા પાણીમાં જઈ અને '**પ્રવેશ કરકે ગૃહસ્થાશ્રમ કે લિયે જલ કી અંજલી દે દેની ચાહિયે.**' શોભાલાલજી! કહે છે, ડુબાડી દે તારા ઘરને, બૂડી પડ્યો છો તું. એય..! દેવીલાલજી!

'**દાન પૂજા બિના ગૃહસ્થાશ્રમ કિસી કામ કા નહીં.**' દાન-પૂજા વિનાનો. '**ઈસલિયે ગૃહસ્થાશ્રમ મેં રહકર ભવ્ય જીવોં કો દાન દેના ચાહિયે.**' અંજલીમાં પ્રવેશ.. આ તો આચાર્યે એક ઠપકો (આપ્યો છે). ઠપકાને શું કહે છે? ઓળંભો. ઓળંભો કહે છે ને? ઓળંભો આપ્યો. અરે..! તારે ઘરે ભગવાનના દર્શન નહિ અને ત્યાં મુનિઓના ધર્માત્મા આદિના દાન નહિ, એ તારા ઘરને ઊંડે પાણીમાં લઈને અંજલી આપ. એટલે ડૂબાડી દે, તારો ગૃહસ્થાશ્રમ ડૂબાડવાને લાયક છે. તારાચંદજી! આહાહા..!

મુમુક્ષુ :- .. તેરા ઘર સ્મશાન સમાન હૈ.

ઉત્તર :- સ્મશાન સમાન છે. જ્યાં આગળ મહા ધર્માત્મા જીવના પગલા નહિ, દેવદર્શનના જ્યાં વખાણ નહિ, ભક્તિ નહિ, પૂજા નહિ એ ગૃહસ્થાશ્રમને શું કરવો? આચાર્ય મુનિ જંગલમાં રહીને જગતની કરુણા કરે છે. નરભેરામભાઈ!

એક તો જાણે સંપ્રદાયમાં મૂર્તિ નહોતી. મૂર્તિની પૂજા નહિ. અહીં આવ્યા એટલે ઓલી મૂર્તિની પૂજાનો ભક્તિભાવ ન મળે હવે. હોંશ આવતી નથી. એક જણો કહે, હોંશ આવતી નથી. પણ એલા સંસારના ભાવ દેખીને, કુટુંબને, બાયડીને દેખીને કેમ એનો આનંદ થાય છે? એમ આવો ભાવ ગૃહસ્થાશ્રમમાં હંમેશા પરમાત્મા ત્રિલોકનાથ ક્યાંક ભાવ નિક્ષેપે બિરાજે છે, એના સ્થાપના નિક્ષેપના જ્ઞાની વિરહથી.. બાયડીનો નથી ફોટો કરતો?

એક ફેરી પોરબંદરમાં કહ્યું હતું, યાદ છે? દેવીદાસ કે શું નામ? જમનાદાસ. અપાસરાની જોડે મકાન હતું. પછી એમને .. ભાવ હતો. કીધું, જોઈએ એકાંત હોય તો. ત્યાં એક મોટો ફોટો અને લૂંગડું ઢાંકેલું. મેં કીધું, આ કોનો ફોટો છે? કહે, જૂની બાઈ મરી ગઈ એનો ફોટો છે. ..ભાઈ! જૂની બાઈ મરી ગઈ એનો ફોટો મોટો હતો. જમનાદાસ ખુશાલ. અપાસરાની જોડે. (સંવત) ૧૯૮૭ની સાલની વાત છે. ૮૭. ૩૩ વર્ષ (થયા). કીધું આ? કહે, એ ફોટો જરી નજર પડે ત્યારે જૂની બાયડી યાદ આવે તો મજા આવે. ફોટો દેખે ત્યારે. સમજાણું? એલા! ભગવાનના ફોટા અને ભગવાનના દર્શન કાંઈ ખરા?

અહીં આચાર્ય કહે છે કે અનાદિનો રિવાજ (છે કે) શ્રાવકના ઘરે મંદિરના દર્શન અને

દાનાદિનો ભાવ હંમેશા એને હોવો જોઈએ. સમજાણું કાંઈ? કહે છે, એવા ગૃહસ્થાશ્રમને શું કરવો છે? એમ કહે છે. ધિક્કાર છે કહે છે.

૧૬મી ગાથા.

**प्रातरुत्थाय कर्तव्यं देवतागुरुदर्शनम्।**
**भक्त्या तद्वन्दना कार्या धर्मश्रुतिरुपासकैः।।१६।।**
**पश्चादन्यानि कार्याणि कर्तव्यानि यतो बुधैः।**
**धर्मार्धकाममोक्षाणामादौ धर्मः प्रकीर्तितः।।१७।।**

આ પાપના પરિણામ અને સંસારના કરતાં આ ધર્મ એટલે પુણ્ય, વ્યવહાર ધર્મની વાત અહીંયાં ચાલે છે.

'**ભવ્ય જીવોં કો પ્રાતઃકાલ ઉઠકર જિનેન્દ્ર દેવ ઔર ગુરુ કા દર્શન કરના ચાહિયે.**' ધર્માત્માના દર્શન કરવા જોઈએ. '**ઔર ભક્તિપૂર્વક ઉનકી વંદના-સ્તુતિ ભી કરની ચાહિયે.**' પ્રેમથી, આદરથી. ઓહો..! ધન્ય ધર્મના ધરનાર ધર્માત્મા! એના બહુમાનથી બહુ પ્રીતિથી એની વંદના અને સ્તુતિ કરવી જોઈએ. '**ઔર ધર્મ કા શ્રવણ ભી કરના ચાહિયે.**' ધર્માત્મા પાસે હંમેશા દર્શન કરીને પછી ધર્મનું શ્રવણ કરવું જોઈએ. એ પહેલું કરવું જોઈએ અને પછી દુકાનના કામ કરવા એમ અહીં કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પછી કરશું. લ્યો, વખત મળશે તો કરશું. કેમ છોકરા! શાક-બાક લઈ આવ્યો. હવે કાંઈ કામ નથી ને? તો હવે જાવ નવરો હોઉં તો. કામકાજ હોય તો હમણાં નહિ. નંબર રાખવો છેલ્લો. તારો છેલ્લો નંબર હશે કે એનો? દેવીલાલજી! કહે છે કે ભગવાનના દર્શન અને ગુરુ દર્શન, સાધર્મીનો સંગ અને તેનું શ્રવણ-મનન હંમેશા તેને કરવું જોઈએ.

'**ધર્મ કા શ્રવણ ભી કરના ચાહિયે. ઈનકે પીછે અન્ય ગૃહ આદિ સંબંધી કાર્ય કરને યોગ્ય હૈ.**' પાઠ છે. '**पश्चादन्यानि कार्याणि**' સમજાણું કાંઈ? પહેલો એ સમાગમ ધર્માત્માનો. જુઓને, આ મૂળજીભાઈને રોગ આવ્યો. મૂળજીભાઈને, રાજકોટ. છેલ્લો મરવાનો. મૂળજીભાઈ હતા ને? રાજકોટ. નહિ? લાખાણી હતા. આપણે અહીં આવતા. આપણે ત્યાં સેક્રેટરી હતા. છેલ્લો રોગ આવ્યો મરવાનો. કાલ તો હુમલો આવ્યો હતો. આજ દેહ છૂટી જશે. ગૃહસ્થ માણસ છે આમ તો. ગૃહસ્થ પૈસા ઘણાં. બોલાવો ડૉક્ટરને. આ કહે, નહિ. બોલાવો લાલચંદભાઈને. શોભાલાલભાઈ! લાલચંદભાઈ છે ને આપણા. ગૃહસ્થ માણસ છે. છોકરાઓ પૈસાવાળા અને બધા ગૃહસ્થ. પોતે કહ્યું, આજે નહિ નભી શકું. આજ સ્થિતિ એવી છે. હુમલો આવ્યો. આ શું કહેવાય? હાર્ટમાં. હાર્ટમાં એટેક. ૩૦ હજાર પહેલા આપ્યા હતા. મરતા પછી ૪૦ હજાર થઈ ગયા. આ સમવસરણમાં ૪૦ હજાર રૂપિયા (આપ્યા). પણ આ દેહ છૂટી જશે આજ. ચોક્કસ થઈ ગયું. સવારમાં. ત્યાં લોકો એકદમ આવ્યા. બોલાવો ડૉક્ટરને. બોલાવો લાલચંદભાઈને. ડૉક્ટર નહિ, પહેલા લાલચંદભાઈને બોલાવો.

લાલચંદભાઈ સંભળાવે મને ધર્મ. આવી વેદનામાં પણ ... નહિ, પહેલા સંભળાવો આ. ખ્યાલ છે કે આ વેદના ઉપડી છે. પછી પાછું ઠીક થયું. પાછું સાંજે ઉપડ્યું બપોરે. હવે ખલાસ.

લાલચંદભાઈએ ત્યાં સુધી કહ્યું કે આ વેદના દેહની આત્મામાં જણાય છે. દેહનો ધર્મ આત્મામાં જણાય, દેહમાં રોગ થાય એ આત્મામાં નથી. એ આત્મા દેહના રોગને જાણે. ત્યારે કહે છે કે શું દેહના રોગને આત્મા જાણે? આત્મા આત્માને જાણે. સમજાણું કાંઈ? એક એવો ગૃહસ્થ માણસ ધનાઢ્ય. (સંવત) ૧૯૭૬ની સાલથી પૈસાવાળા કહેવાય. આ બધા પૈસાવાળા પછી થયા, હોં! એ લોકો ૧૫-૧૬ લાખ રૂપિયા ૭૬ની સાલમાં બે ભાઈઓ લઈ આવ્યા હતા મુંબઈથી. પણ એ વખતના પૈસાવાળા. પણ બહુ લાંબુ કર્યું નથી. તો એમ ને એમ રહ્યું ... કારણકે અમે તો ૭૬થી જાણીએ છીએ ને. પણ છેલ્લે આમ બોલ્યા લ્યો એટલું. નરભેરામભાઈ! એ કાંઈ ગોખે નહિ થાય, ત્યાં તૈયારી જોશે. એણે એમ કહ્યું. એટલી તો એની પુરુષાર્થની ... દેવીલાલભાઈ! એણે કહ્યું લાલચંદભાઈએ કે ભાઈ! આ રોગ છે તે આત્મા જાણે છે, હોં! આ રોગ થાય, આ થાય. શું આત્મા રોગને જાણે કે પોતાને જાણે? જ્ઞાન જ્ઞાનને જાણે છે, રોગને નહિ. એય..! ધન્નાલાલ! એવી છેલ્લી સ્થિતિ. આ બાજુનું હોય ને. હાર્ટ અહીંનું હોય ને. અહીંથી પિડા ઉપડી. એટલી એ પુરુષાર્થની જાગૃતિ એ મરવા ટાણે. પહેલા લાવો, બીજા નહિ. ધર્મ શ્રવણ કરાવનાર લાવો. રોગ-બોગ થવાનો હશે એ થશે.

અહીં કહે છે, ભવ્ય જીવોને... એ.. નરભેરામભાઈ! એવા વખતે ઓલા યાદ આવે પાછા, હોં! આનું શું કર્યું? આનું શું થયું? ત્યારે આની સંભાળ કરતો જાવ, આને દેતો જાવ, આખો દિ' એ લોહવાટ હોય તો એ યાદ આવશે મરતાં. જેને અંદરના ધર્મ ... દેખો! સવારમાં ઉઠીને ભગવાનની વંદના સ્તુતિ કરવી જોઈએ. ધર્મનું શ્રવણ કરવું જોઈએ. વેઠ નહિ. કે આ બધા જાય છે માટે આપણે ચાલો. નહિતર સારા નહિ લાગીએ. આ પર્યુષણમાં ન સાંભળીએ તો સારા ન લાગીએ. એ તો વેઠું છે. સમજાણું કાંઈ? બધા ગૃહસ્થો આવે મોટા મોટા ચાલો ભાઈ, આપણે સાંભળવા. સાંભળવાનું કાંઈ અંદર ઠેકાણું નહિ.

અહીં તો કહે છે, ધર્મનું શ્રવણ પણ પ્રેમથી કરવું જોઈએ. '**પીછે અન્ય ગૃહ આદિ સંબંધી કાર્ય કરને ચાહિયે.**' છે ને? કહો, સમજાણું? ગૃહ આદિ એટલે? ગૃહસ્થાશ્રમના અથવા દુકાનના, વેપારના પછી યાદ કરવા. આ તો આ પહેલા યાદ પણ કરીશ નહિ, પહેલું આ યાદ કરજે. '**ક્યોંકિ ગણધર આદિ મહાપુરુષોંને...**' ગણધર આદિ મહાપુરુષોંને '**ધર્મ..**' નામ પુણ્ય, '**અર્થ...**' નામ લક્ષ્મી અને '**કામ...**' નામ ભોગ અને '**મોક્ષ...**' નામ નિર્મળતા. '**ઈન ચાર પુરુષાર્થોંમેં ગૃહસ્થ કે લિયે પાપ કી અપેક્ષા સે ધર્મ કા સબસે પ્રથમ નિરૂપણ કિયા હૈ.**' મોક્ષ તો ઉત્કૃષ્ટ વાત છે પણ પાપથી બચવા ધર્મનો એટલે પુણ્યનો,

વ્યવહાર ધર્મની એને મુખ્યતા હોય. '**ઉસી કા મુખ્યપના હૈ.**' લ્યો, એ દેવપૂજાની વ્યાખ્યા કરી.

છ આવશ્યકમાં દિન દિન પ્રત્યેની એક દેવ પૂજા એણે કરવી જોઈએ. એ શ્રાવકનો દિને દિને એનું કર્તવ્ય છે. સમજાણું કાંઈ? ઘણી સાલ પહેલાં (સંવત) ૧૯૮૨માં એ વાત થઈ હતી. એક જણા કહે, મહારાજ આ શું છે આમાં મૂર્તિનું? જો ભાઈ! કીધું, શાસ્ત્રમાં મૂર્તિ ને પૂજા બધું છે. ૮૨ની સાલની વાત છે. ઓલા હતા નહિ? ભાઈ! ઓલા. ..વડવા રહેતા. મણિલાલ. મણિલાલ સુંદરજી. મણિલાલ સુંદરજી. મણિલાલ આવ્યા હતા ૮૨માં. વઢવાણમાં સુંદરવાળાના અપાસરે રાત્રે આવ્યા ને વાત કરી. મેં કીધું, જો ભાઈ! શાસ્ત્રમાં પ્રતિમા અને પૂજા છે. વીતરાગે કહેલા શાસ્ત્રમાં છે. પણ એવું થયું કે જો પૂજા અંદર લખી છે. ઓલાએ નાખ્યું કે ઓલા સો રૂપિયા એક બાપે બીજા બાપને સો રૂપિયા આપેલા. સો આપેલા. સો ઉપર ટપકે લખેલા. પછી ઓલા બાપ મરી ગયા બેય. મારા બાપે તારા બાપને દસ હજાર આપ્યા છે. આપ્યા હતા સો. પણ બે મીંડા ચડાવીને માગ્યા. ઓલો કહે, જોઈશ ભાઈ ચોપડામાં. નવનીતભાઈ! ચોપડામાં જોયું સો તો સાચા લાગે. સો કબુલ કરવા જઈશ તો ઓલો દસ હજાર માગે છે. જોયું ચોપડામાં, નથી. સમજાય છે?

એમ એક જણાએ જ્યારે ભગવાનની મૂર્તિને .. રૂપા ને માથે એવા ચડાવી દીધા કે રાજાના વર્ણન જેવું લાગે. ભોગ ને બધું એવું. એમ કહે કે ભાઈ! મૂર્તિ શાસ્ત્રમાં છે. પણ જો હા પાડવા જઈશ તો ... માગશે. જોયું ખરું શાસ્ત્રમાં કે મૂર્તિ પૂજા છે. ઓલાએ સો આપ્યા હતા, સો પણ નથી એમ કહી દીધું. ઓલાએ ચડાવ્યા બે મીંડા વધારે. દસ હજાર. ઓલાએ વધારી દીધું. ઓલાએ કાઢી નાખ્યું. સમજાણું કાંઈ? એ ૮૨ની સાલમાં (વાત થયેલી). ૩૮ વર્ષ થયા.

એક જણાએ વધારે માગ્યું કે આમ ભગવાન આવા હોય અને એને માથે મુગટ હોય અને એને માથે આ હોય. ફળ ને ફૂલ ને પૂજા ખુબ ફલાણું. એટલું વધારી દીધું કે મૂર્તિ માની. માસ્તર! તમે આમ ચડાવી દીધું. તમે એટલે પૂર્વની અપેક્ષાએ. ત્યારે ઓલાએ કાઢી નાખ્યું મૂળમાંથી કે છે જ નહિ મૂર્તિ ને પૂજા શાસ્ત્રમાં. અરે..! અનાદિની છે. જોયું ખરું. છે ખરી. પણ જો એટલું કબુલ કરવા જઈશું તો વળગશે. મનસુખભાઈ! એટલે મૂળમાંથી કાઢી નાખ્યું. અનાદિની પૂજા અને મૂર્તિ (છે). સંતો મુનિઓ તો ભાવ પૂજા કરે, ગૃહસ્થો પણ મહા ચક્રવર્તી જેવા ભરત ચક્રવર્તી મોટી પૂજા એટલી કરે કે લાખો કરોડોના ખર્ચ હોય ત્યાં. એ પૂજાના નામ ચાલ્યા છે. શું કહેવાય? કલ્પદ્રુમ ને એવું. કલ્પદ્રુમ પૂજા મોટી પૂજા. મોટી. દીકરો પરણે ત્યારે કેમ પચાસ હજાર ને લાખ ખરચી નાખે છે. મારવાડામાં બહુ .. હોય છે. તારાચંદજી! દીકરો કે દીકરી પરણે ત્યારે સાધારણ માણસ હોય એને પાંચ દસ લાખ, વીસ લાખ, પચ્ચીસ લાખનો આસામી હોય એને લાખ ખરચવા પડે. ઢોંગે

ઢોંગના પાર ન મળે. ત્યાં બહુમાન કેમ કરે છે? અહીં ભગવાનના દર્શન અને ભક્તિમાં (જવું હોય તો કહે), મને વખત મળતો નથી. અમારે મરવાનો વખત નથી. હમણાં મરી જઈશ ત્યારે તો પડ્યો રહીશ એક કોર. સાંભળને!

અહીં કહે છે, બધા સંસારના પાપના (વખતમાં પણ) અંદરમાં ભગવાનના દર્શન આદિને મૂળ ધર્મ, મુખ્ય વ્યવહારના ધર્મની અહીં વાત ચાલે છે, પુણ્યને પાપ કરતાં મુખ્ય ગણવામાં આવ્યો છે.

હવે ગુરુની સેવા. બીજો બોલ. હંમેશા ગુરુની ભક્તિ.

**गुरोरेव प्रसादेन लभ्यते ज्ञानलोचनम्।**
**समस्तं द्दश्यते येन हस्तरेखेव निस्तुषम्।।१८।।**

દેખો! નિમિત્તનિમિત્ત સંબંધ બતાવવો છે ને? અહીં વ્યવહારનું બતાવવું છે. ઓલામાં કહે, ભાઈ! તું તારો છો અને તારાથી તને જ્ઞાન થાય છે. એ નિશ્ચય પણ પછી પાછું આ (પણ હોય). સમજાણું?

'**જિસ કેવલજ્ઞાનરૂપી લોચનસે સમસ્ત પદાર્થ હાથ કી રેખા કે સમાન...**' આ હાથમાં રેખા છે. એ આમ જાણે ત્રણ કાળ ત્રણ લોક (એક સમયમાં જાણે) એવું જે કેવળજ્ઞાન '**પ્રગટ રીતી સે દેખને મેં આતા હૈ. ઐસા જ્ઞાનરૂપી નેત્ર નિર્ગ્રંથ ગુરુ કી કૃપાસે પ્રાપ્ત હોતા હૈ.**' '**प्रसादेन**' શબ્દ પડ્યો છે ને. નિર્ગ્રંથ ગુરુ. સંત, મુનિ. મુખ્યતા તો એની છે ને. ચારિત્રવંત, રાગરહિત, નગ્ન દિંગબર, ભાવલિંગી સંત જંગલમાં (વસનારા). એવા નિર્ગ્રંથ ગુરુની કૃપાથી પ્રાપ્ત થાય છે.

આવે છે ને? ભાઈ! આ નહિ? આત્માવલોકનમાં. આત્માવલોકનમાં આવે છે કે વીતરાગ... વીતરાગ... વીતરાગ... ગુરુઓ વીતરાગ થવાનું આરાધન કરે છે. ગુરુઓ એને કહીએ કે પુણ્ય અને પાપના વિકલ્પ હોય છતાં આરાધન વીતરાગપણાના સ્વભાવનું કરે છે. અને જગતમાં મુનિઓ નિર્ગ્રંથ ઉપદેશ આપે તો વીતરાગ.. વીતરાગ.. (થવાનો ઉપદેશ આપે). મુહુ મુહુ એવો પાઠ છે ત્યાં આત્માવલોકનમાં. એના મુખમાંથી વીતરાગતાના જ ઝરણા ઝરતા હોય. રાગરહિત ભગવાન આત્મા એની દૃષ્ટિ કરો, એનું જ્ઞાન કરો, એમાં રમણતા કરો. વીતરાગપણાના ભાવની જ વાત કરે છે. ગૌણપણે રાગ આવે એની વાત કરે પણ મૂળ વાત આ કરે છે. શ્રાવકોને એ સમજાવે છે. ..ચંદજી! આત્માવલોકન છે, દીપચંદજીનું કરેલું. દીપચંદજીએ આ અનુભવપ્રકાશ, ચિદ્‌વિલાસ કર્યું છે કે નહિ? એનું આત્માવલોકન છે. એમાં આ દોહરો છે. સમજ્યા ને? એમાં એ વીતરાગ મુહુ મુહુ.

મુમુક્ષુ :- એ કાંઈ આધારભૂત કહેવાય?

ઉત્તર :- અરે..! આધાર પ્રમાણભૂત છે. આધારભૂત શું, વીતરાગભાવ તે વીતરાગ કહે છે કે બીજું કહે? સર્વજ્ઞ પરમાત્માએ તો વીતરાગ ભાવની જ વ્યાખ્યા કરી છે. એમાં આ

રાગાદિ ચરણાનુયોગની પદ્ધતિમાં જણાવ્યો, કર્યું એમ કહેવામાં આવે છે. પણ તાત્પર્ય શું છે? રાગ આ થાય એ પાપથી બચવા આવે છે, એનો અભાવ કરીને પણ વીતરાગ ચારિત્રપણે જા તો તારું કલ્યાણ થશે. સમજાય છે કાંઈ? એમ સંતોની, ગુરુની વાણીમાં વીતરાગતાના જ ઘોલન હોય છે. ઘોલન અને વીતરાગતાનો જ ઉપદેશ આપે એ.

મુમુક્ષુ :- એ તો 'ગુરુદેવ' આપની વાણીમાં આવે છે.

ઉત્તર :- સમજાય છે કાંઈ? એ પાઠ લીધો છે હોં! ત્યાં. શ્લોક બનાવ્યા છે. કોણે બનાવ્યા છે એ ખબર નથી.

'**गुरोरेव प्रसादेन लभ्यते ज्ञानलोचनम्**' કેવું જ્ઞાન? '**समस्तं दृश्यते**' લોકાલોક જાણે એવું કેવળજ્ઞાન જેમાં પૂર્ણાનંદ પડ્યો છે એ ગુરુના પ્રસાદથી મળે છે. '**कृपा से प्राप्त होता है. ईसलिये ज्ञान के आकांक्षी...**' એ સમ્યક્ કેવળજ્ઞાનના આકાંક્ષી, વીતરાગભાવ સાથે પરમાનંદ અને કેવળજ્ઞાનના અભિલાષી '**ऐसे मनुष्यों को भक्तिपूर्वक गुरु की सेवा वंदना आदि करनी चाहिये.**' ભક્તિપૂર્વક એણે શ્રવણ કરવું જોઈએ. સમજાય છે કાંઈ? છે ને? '**गुरोरेव प्रसादेन**' '**हस्तरेखेव निस्तुषम्।।**' અખંડ પૂર્ણ વસ્તુ દેખાય છે કેવળજ્ઞાનમાં. એવા કેવળજ્ઞાનની જેને ભાવના, આકાંક્ષા છે એણે ધર્માત્માની ભક્તિપૂર્વક સેવા આદિ કરવી. કહો, એ સમજાણું કાંઈ? એ પણ દિન દિન પ્રત્યેનું કર્તવ્ય છે. ઘરના વડેરાને કેમ દરરોજ પગે લાગે અને એનું બહુમાન કરે છે. સમજાણું કાંઈ? જુઓ! શેઠિયાનું ઘર જુઓ. સરદાર શહેર. જઈ આવ્યા છે ને. જઈ આવ્યા છે. ભાઈ નહોતા ને સાથે. આ શોભાલાલજી.

ઘરે સવારમાં ઉઠે. ત્રીસ માણસ ઘરમાં. સવારમાં ઉઠે. પહેલાં ભગવાનના દર્શન કરે, એકબીજાના દર્શન કરે અને મોટાના દર્શન કરે. સુખેથી .. એના ઘરની વાત જ કાંઈક જુદી છે. હિન્દુસ્તાનમાં નથી અત્યારે. સમજાણું? સવારથી સાંજ સુધી. જોયું કે નહિ? રાજમલજી! સવારમાં ઉઠે (ત્યારે) બોલે એ. આપણને તો આવડતું નથી. હિન્દુસ્તાનનું ગાયન બોલે. બધાના પછી દર્શન કરી, સેવા કરી ને વાંચન કરે અને સાંભળે. પછી આહાર કરવાનું ટાણું હોય ત્યારે એ ગાયન પણ એ જાતનું, હોં! એવું ગાયન બોલાવે .. આનંદના અમૃતના ભોજન કરવાને... એવી કાંઈક ભાષા છે એની. એવું બોલે ત્યારે બધા આહાર ખાવા ભેગા થાય. આહાર કરીને પાછું ભજન એવું બોલે. આખો દિ' એ તો ભજનની મંડળી જોઈ લ્યો. સવારથી સાંજ સુધી. રાત્રે સૂતા વખતે પણ પાછા બધા આવીને કેમ છે? કોઈને બોલાચાલી થઈ છે ઘરમાં? શેઠિયા પૂછે. ઘરે છ તો વહુ છે. પાંચ છોકરા અને છોકરાના છોકરાની વહુ ગૃહસ્થ મોટા. તેરાપંથીની દીકરીયું મોટી ગૃહસ્થ. અને છ વહુ, છ છોકરાઓ, એના છોકરાઓ મોટું કુટુંબ છે. કોઈને બોલાચાલી થઈ છે? અરે..! પિતાજી કોઈને કાંઈ થયું નથી. અમે શાંતિમાં (છીએ). કોઈએ કોઈને વચન કડવું કહ્યું નથી. આપના પ્રતાપે આપના ઘરમાં રહ્યા છીએ. અમને કોઈની સાથે થયું નથી. ધન્નાલાલભાઈ! આહાહા..! કોઈ બીજા બાયુમાં, વહુરુમાં.

વહરુ સમજાય છે ને? કડક ભાષા બોલાણી હોય, કોઈને ઠીક ન લાગતું હોય. મારી પાસે લાવ. પિતાજી! આપના ઘરમાં અમે આવ્યા, અમે મહા ભાગ્યશાળી છીએ. એ અહીં બાય કહેતી હતી. બે બાયુ આવી હતી મોટા ગૃહસ્થની દીકરી. એના છોકરાની વહુ. એ કહેતી હતી. અહો..! અમે આ પિતાજી... પિતાજી કહેવાયને સાસરા એટલે. અને ઓલી તેરાપંથીની દીકરીયું. ઓલા જે દયા-દાનમાં પરને બચાવવાનો ભાવ પાપ છે. પણ આ સાંભળીને અહો..! અમે પિતાજીને ઘરે આવ્યા, મહાભાગ્ય! અમને આ ધર્મ સાંભળવા મળ્યો. નવનીતભાઈ! એમ બોલે.

એવી પ્રથા એના ઘરમાં. છોકરો એક અઢી વર્ષનો હતો. પછી કહે કે મારે મહારાજના દર્શન કરવા જાવું છે. ત્યાં ન જવાય સોનગઢ. સોનગઢ જવાય નહિ. ત્યાં બહુમાન, ભક્તિ, વિનય વિના ન જઈ શકાય. આહાહા..! એકવાર છોકરા બોલ્યો. સમજાય છે? 'હમ મહાવીર ભક્ત આયે, તુમ ક્યા કરેગા હમકો.' ચાલો ભાઈ હવે ત્યાં. નરભેરામભાઈ! આ છોકરાના સંસ્કાર. ઓલો રળતો ન હોય તો કહે બેસજે રળવા. આ મફતનો વખત જાય છે ધર્મમાં. ફલાણા માટે થોડું રળ, વાંચ, ચોપડા ફેરવ. હવે એ તો થવાનું હશે ઈ થાશે. ત્યાં ચિંતા કરાવવાનું કહે વારંવાર. આ નહિ.

અહીં કહે છે, ગુરુની સેવા કરીને એને વારંવાર ભક્તિથી પાછું શ્રવણ કરે. વડેરા શું કહે છે? ધર્માત્મા જીવો શું કહે છે એને વારંવાર ભક્તિથી કરે. લ્યો, ૧૮મી ગાથા. હજી ગુરુ સેવાની વાત છે, હોં!

૧૯મી.

**ये गुरुं नैव मन्यन्ते तदुपास्तिं न कुर्वते।**
**अन्धकारो भवेत्तेषामुदिते ऽपि दिवाकरे।।१९।।**

**'જો મનુષ્ય ગુરુઓં કી નહીં માનતે હૈં...'** પાછા કેટલાક .. મુનિ ન હોય અને મુનિપણું મનાવે. લ્યો, અમને તો માનતા નથી. ભાઈ! અહીં તો મુનિ અને સાચા સંતની વાત છે. અથવા સાચા ધર્માત્માની વાત છે. **'જો મનુષ્ય ગુરુઓં કો નહીં માનતે હૈં ઔર ઉનકી સેવા-વંદના નહીં કરતે હૈં, ઉન મનુષ્યોં કે લિયે ઈસ સૂર્ય કે ઉદય હોને પર ભી અંધકાર હી હૈ.'** અંધકાર, એને ઘરે તો અંધકાર જ અંધકાર છે. આંધળાએ આંધળા છે. આંધળા છે, કહે છે. જેને ઘરે ગુરુની સેવા નથી, ગુરુના શ્રવણ નથી... સમજાય છે કાંઈ? છે ને '**अन्धकारो भवेत्तेषामुदिते ऽपि दिवाकरे**' દિવાકર-સૂર્ય ઊગ્યો છે (પણ) તારે ઘરે તો અંધારા છે. ધર્માત્મા આવ્યા અને એનો આદર સત્કાર, બહુમાન કરતો નથી. ધર્માત્માના દર્શન કરતો નથી અને આ પ્રમાણે અંધકાર તારે ઘરે વર્તે છે એમ કહે છે.

**'જો મનુષ્ય પરિગ્રહ રહિત ઔર જ્ઞાન-ધ્યાન-તપ મેં લીન ગુરુઓં કો નહિ માનતે...'** મુનિની વાત છે ને મૂળ તો. ચારિત્રવંત મુનિ, ધર્મ જેના લિંગ છે. બાહ્ય જેના

નગ્ન લિંગ છે. અંતરમાં ભાવલિંગ (છે), જેના અનુભવની દૃષ્ટિપૂર્વક શાંતિ અને આનંદમાં ઝૂલે છે. વનમાં વસે છે, એ કોઈ વખતે ગામમાં આવી ચડે. તો કહે છે, એવા પરિગ્રહ રહિત '**જ્ઞાન-ધ્યાન-તપ મેં...**' તપ એટલે મુનિપણું, હોં! '**લીન ગુરુઓં કો નહીં માનતે, ઉનકી ઉપાસના ભક્તિ આદિ નહીં કરતે હૈં, ઉન પુરુષોં કે અંતરમેં અજ્ઞાન રૂપી અંધકાર સદાય વિદ્યમાન રહતા હૈ.**' કહો, સમજાય છે કાંઈ? '**ઈસલિયે સૂર્ય કે ઉદય હોને પર ભી વહ અંધે હી બને રહતે હૈં.**' લ્યો!

'**ભવ્ય જીવોં કો ચાહિયે કી અજ્ઞાનરૂપી અંધકાર કે નાશ કરને કે લિયે ગુરુઓં કી ધર્માત્માકી સેવા કરે.**' દિન દિન પ્રત્યેની વાત છે, હોં! પહેલી આવી ગઈ હતી ને ગાથા? કેટલામી છઠ્ઠી? સાતમી-સાતમી. સાતમી ગાથા. દિને દિને. '**देवपूजा गुरुपास्तिः**' સાતમી ગાથા છે. '**स्वाध्यायः संयमस्तपः। दानं चेति गृहस्थानां षट्कर्माणि दिने दिने।**' હંમેશા. એક દિ' ગયો અને પછી કાંઈ નહિ એમ નહિ. સમજાણું કે નહિ?

મુમુક્ષુ :- કોઈ દિ' ન જાય તો...

ઉત્તર :- હવે એક દિ'ની ક્યાં માંડી છે. અહીં તો દિને દિનેની વાત છે. એક દિ' કો'કને હુંડી બતાવવી છે? લ્યો, આ હું આવ્યો હતો આ. હવે તે દિ' નહોતો આવ્યો? તમે કહેતા હતા ને હું નહોતો આવ્યો? તો શું હુંડી બતાવવી છે? પોતાના ભક્તિભાવથી ભગવાનના સંગનો દર્શન અને ગુરુ દર્શન હંમેશા દિને દિને કરે. એનું નામ ગૃહસ્થાશ્રમનું શ્રાવકપણું કહેવાય. નહિતર કહે છે કે એ ગૃહસ્થાશ્રમને બોળી દે પાણીમાં. ઊંડા જળમાં. તારા આત્માને કાંઈ લાભ નહિ, એ ગૃહસ્થાશ્રમ શું કામનો?

હવે સ્વાધ્યાય. દરરોજની સ્વાધ્યાય, હોં! ચોપડા કેમ દરરોજ ફેરવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વકીલ પણ ફેરવે પાના. આ કાયદો.. ને આ કાયદો.. આ કાયદાની વાત છે ને. પણ એ કાયદાના ફેરવે છે કે નહિ? એમ આ ધર્માત્માના શાસ્ત્રો જે છે એને વારંવાર એણે વાંચન અને મનન કરવું જોઈએ. દરરોજ કરવું જોઈએ. એમ નહિ કે એક દિ' વાંચ્યું હતું. હા, તે દિ' વાંચ્યું હતું મેં એક ફેરી. એક જણાને પૂછયું, 'સમયસાર' વાંચ્યું? ઘણાં વર્ષ પહેલા એક ફેરી વાંચ્યું હતું. ઓહો..! પછી? કહે, વખત મળતો નથી.

અહીં કહે છે, ત્રીજો સ્વાધ્યાય કર્તવ્ય દરરોજનું છે. ગૃહસ્થાશ્રમમાં સમકિતીને, શ્રાવકને ધર્માત્માનું સ્વાધ્યાય તે દરરોજનું દિને દિનનું કર્તવ્ય છે.

**ये पठन्ति न सच्छास्त्रं सद्गुरुप्रकटीकृतम्।**
**तेऽन्धाः सचक्षुषोऽपीह संभाव्यन्ते मनीषिभिः।।२०।।**

ઓહોહો..! આચાર્ય કરુણા કરીને કેટલી મીઠી ભાષાથી વાત કરે છે! '**જો મનુષ્ય ઉત્તમ નિષ્કલંક ગુરુઓં સે...**' '**सद्गुरु**' શબ્દ છે ને? '**सद्गुरु**'. સાચા જ્ઞાનીના કહેલાં. જે-

તે શાસ્ત્ર નહિ. જે-તે વાંચે અત્યારે તો જે .. લખાણના પાર ન મળે, પુસ્તકોના પાર ન મળે. જે-તે વાંચવા બેસી જાય. નહિ. '**सच्छास्त्रं सद्गुरुप्रकटीकृतम्**' બે શબ્દ વાપર્યા. એક તો સાચા શાસ્ત્ર. જેમાંથી આત્માની વાત વીતરાગની દૃષ્ટિ-જ્ઞાન અને ચારિત્રની પ્રાપ્તિ થાય અને જેમાં વ્યવહાર ધર્મની સાચી ઓળખાણ થાય એવા સત્શાસ્ત્રોનો હંમેશા સ્વાધ્યાય જોઈએ. સમજાય છે કાંઈ? કલાક, બે કલાક. તમારે શું કહે છે? એક ઘંટા, દો ઘંટા એમ કહે ને? હંમેશા સ્વાધ્યાય જોઈએ. ચોપડા કેમ ફેરવે છે હંમેશા?

એક ફેરી ભગવાનજીભાઈ પાસે ગયા તો ચોપડા કેટલાય પડેલા. આ ભગવાનજી વકીલ. ઉપર બેઠા હતા ખુરશીએ. અહીં પડેલા અને અહીં પડેલા. આહા.. કેટલાય ચોપડા ફેરવતા. આ ચોપડા ફેરવે અને આ શાસ્ત્રને ફેરવ્યું કોઈ દિ'? ભગવાન ત્રિલોકનાથ પરમાત્માના કહેલા સત્શાસ્ત્રો, હોં! પાછી વ્યાખ્યા એ કરી. અજ્ઞાનીએ પોતાની કલ્પનાથી બનાવેલા જગતને પોતાના સ્વાર્થ પોષવાના એ શાસ્ત્ર નહિ. એમાં એને વિવેક હોવો જોઈએ. જેમાં વીતરાગતા અને નિર્દોષતા પ્રગટ (થાય એવા) કથન હોય. જેમાં સદોષતાના ઉથાપનના ભાવ હોય. એવા વીતરાગી કથનોના શાસ્ત્રો હંમેશા ઉત્તમ અને '**निष्कलंक गुरुओं से प्रसिद्ध किये शास्त्र को पढना चाहिये.**' અહીં તો નકારથી લીધું છે ને. એ કોઈ ભણતા નથી, વાંચતા નથી, વિચારતા નથી, વખત મળતો નથી. કહો, સમજાણું?

'**यह मनुष्यों को विद्वान पुरुष...**' એને એ '**तेऽन्धाः सचक्षुषोऽपीह**' '**मनीषिभिः**' '**मनीषिभिः**' છે ને? '**मनीषिभिः**' એટલે વિચારક. વિચારક એટલે જ્ઞાની. એને જ્ઞાનીઓ આંધળા કહે છે. '**नेत्रधारी होने पर भी अंधे ही मानते हैं.**' શું કહ્યું સમજાણું આમાં? જે કોઈ સત્શાસ્ત્રને પઢતા નથી, ભણતા નથી, વાંચતા નથી, વિચારતા નથી. સદ્ગુરુ પ્રગટ, ભગવાન ત્રિલોકનાથ અને સંતો મહા આચાર્યો 'કુંદકુંદાચાર્ય' આદિ મહા મુનિઓ જેમના કહેલા શાસ્ત્રો ભણતા નથી, અભ્યાસ કરતા નથી, પૂછતા નથી કે આ શું? એ અંધા-આંધળા (છે),છતી આંખે આંધળા (છે). આ બાયુંને લાગુ પડતું હશે કે નહિ? કે એને રાંધવું જ આખો દિ'? રાંધવું ને આ કરવું ને ધૂળ કરવી. નવરા થાય તો લૂગડા સિવવા, ઓલા થાય તો ખાંડણિયા કરવા આ. ઈ કહે છે એ પછી, પહેલું આ કર. કહો, શેઠી! કોઈ દિ' પાનું ફેરવવું નહિ. સાંભળશું. ઘરે પાનું ફેરવે નહિ. શું કહ્યું ને શું આમાં કહ્યું. કહો, સમજાણું કાંઈ?

આવો મનુષ્યભવ મળ્યો અને અનંતે કાળે શ્રેયના સાધનો શું છે એને સમજવામાં આવ્યા, છતાં એ શાસ્ત્ર આદિનું કથન-મનન કરે નહિ અને '**उन मनुष्यों को विद्वान...**' '**मनीषिभिः**' વિચારક વિદ્વાનો '**नेत्रधारी होने पर भी अंधा कहते हैं.**' ઘરના ચોપડા કેમ તપાસે છે? કેટલું થયું ભાઈ? નોકરોએ તો નામુ લખ્યું પણ દરરોજ બે-ચાર દિ'એ પાછું તપાસી જાય. બે-ચાર મહિના થઈ જાય તો નીકળે પોલ અંદરથી ક્યાંક. અત્યારનો કાળ. એટલે હંમેશા ઘરના ચોપડા તપાસે. એમ ભગવાનના કહેલા ઘરના ચોપડા. સમજાય છે કાંઈ? એને

જુઓને, 'મોક્ષમાર્ગ પ્રકાશક' આ તો સુગમ શાસ્ત્ર છે. એને ભણવામાં કોઈ વ્યાકરણ કે કોઈ એવાની જરૂર પડતી નથી. એનો જે અભ્યાસ ન કરે એના અભાગ્યનું શું કહેવું? એમ લખ્યું છે. એનું તો મહાભાગ્ય છે ઊંધું. પ્રમાણ શાસ્ત્ર છે. 'ટોડરમલ'નું. જેને ખબર ન મળે. અરે..! ભગવાન! એ તો આચાર્યો અને મુનિઓ જે કહે છે એની સહેલી શૈલીથી કહ્યું છે. વસ્તુના સ્વરૂપનું વર્ણન નિશ્ચય-વ્યવહાર ...

કહે છે, '**વસ્તુ કા સ્વરૂપ યથાર્થ રીતી સે શાસ્ત્ર સે જાના જાતા હૈ.**' શાસ્ત્ર વિના જણાય નહિ. ઘરમાં છે એ વાત? '**કિંતુ મનુષ્ય ન તો શાસ્ત્ર ન તો દેખતે હૈં...**' આ નજરે પડે તો પણ ઉઠાવતો નથી કે આ શું છે ભાઈ! આમાં લાવ તો ખરો, વાંચીએ કાંઈક. એ શાસ્ત્ર છે, શાસ્ત્ર. જાવ. ઘરના ચોપડા તપાસવા હોય તો વાણિયા કહે, પાનું ફરે અને સોનું ઝરે. ભાઈ! નવનીતભાઈ કહે છે ને એમ? શું કહે? એમાંથી કેટલા પાસે લેણું અને કેટલા પાસે દેણું, કેટલું ફલાણું, એમ પાનું ફરે એમ સોનું ઝરે. અહીં કહે છે, પાના શાસ્ત્રના ફેરવ તો જ્ઞાન ઝરશે એમાંથી. સાચું જ્ઞાન તને પ્રગટ થશે. ન વાંચવા શાસ્ત્ર, ન ભણવા શાસ્ત્ર.

ત્યારે ઓલા વળી કહે કે, શાસ્ત્ર.. અરે..! પણ ભગવાન! તું શું કહે છે આ? ચાર અનુયોગમાં કાંઈક બીજું કહ્યું હશે. આ ચરણાનુયોગનું તો શાસ્ત્ર છે આ. આ અધિકાર. અધિકાર હોં! ચાલતો અધિકાર ચરણાનુયોગનો છો. મુનિઓ ગૃહસ્થાશ્રમમાં ચરણાનુયોગ એના પુણ્ય પરિણામ કેવા હોય, પાપનો છેદ થઈને, એનું તો આ વર્ણન છે. ચરણાનુયોગમાં પુણ્ય-પાપનો અધિકાર. કહો, સમજાણું કાંઈ?

'**ન દેખતે હૈં ન પઢતે હૈં, યહ મનુષ્ય વસ્તુ કે યથાર્થ સ્વરૂપ કો ભી નહીં જાનતે હૈ.**' શી રીતે જાણે? કાંઈ ખબર ન મળે. '**ઈસલિયે નેત્રસહિત હોને પર ભી અંધે હી હૈ. અતઃ ભવ્યજીવોં કો શાસ્ત્ર કા સ્વાધ્યાય...**' અને એકલું વાંચવું-વાંચવું નહિ પાછું. એનું '**મનન અવશ્ય કરના ચાહિયે.**' આચાર્ય એક શ્લોક કહીને પાછો તરત એનાથી ઊંધો કહે છે. આમ કરે એને આમ થાય અને ન કરે એને આમ થાય.

**मन्ये न प्रायशस्तेषां कर्णाश्च हृदयानि च।**
**यैरभ्यासे गुरोः शास्त्रं न श्रुतं नावधारितम्।।२१।।**

ઓહો..! આચાર્ય મહારાજ જંગલમાં રહીને કરુણા કરીને જગતને કહે છે. '**જિન મનુષ્યોંને ગુરુ કે પાસમેં રહકર ન તો શાસ્ત્રકોં સુના હૈ...**' સમજાય છે? '**न श्रुतं**' છે ને? જુઓ! '**न श्रुतं नावधारितम्**' ગુરુ પાસે રહી જે શાસ્ત્ર સાંભળતો નથી, શાસ્ત્ર સાંભળ્યા નથી '**ઔર હૃદય મેં ધારણ ભી નહીં કિયા હૈ.**' '**नावधारितम्**' હૃદયમાં ગ્રહણ કર્યું નથી. શું કહે છે આ શાસ્ત્ર? ગુરુ શું કહે છે? નિશ્ચય, વ્યવહાર, ઉપાદાન, નિમિત્ત. સમજાય છે કાંઈ? એ શું કહે છે એ '**સુના નહીં હૃદય મેં ધારણ ભી નહીં કિયા ઉનકે કાન**

**व मन नहीं है, ऐसा प्रायः कर हम मानते हैं.**' '**प्राय**' શબ્દ પડ્યો છે ને? '**प्रायशस्तेषां**' એને મન અને કાન હોવા છતાં મન અને કાન વિનાના કહીએ છીએ. સમજાણું કાંઈ? શેઠી! મન નથી કહે છે એને. મન હોય તો મનન જોઈએ, કાન હોય તો શ્રવણ જોઈએ. એમ કહે છે. મનન અને શ્રવણ બેય લીધું છે ને? સમજાણું કાંઈ?

મન હોય તો તો એમાં શું કહે છે એનું મનન હોવું જોઈએ. કાન મળ્યા છેલ્લામાં છેલ્લી ઈન્દ્રિય આ. ચાર ઈન્દ્રિય છેલ્લી અને પછી આ છેલ્લી. આ મળે છે ને છેલ્લી? પહેલી એકેન્દ્રિય સ્પર્શેન્દ્રિય, પછી આ જીભ, નાક, આંખ અને છેલ્લી આ. છેલ્લી આ હોય છે. એને મળી અને જો કાંઈક ગુરુ પાસે શાસ્ત્રનું શ્રવણ કરીને '**न श्रुतं**' લીધું છે ને? ભણતો નથી એના કાન અને હૃદય નામ મન, હૃદય આદિ નથી. તને કાન અને મન મળ્યા એ કાન અને મન છે નહિ. '**ऐसा प्रायःकर हम मानते हैं.**' આચાર્ય કહે છે એમ અમે માનીએ છીએ.

'**कान और मन की प्राप्ति का सफलपना शास्त्र के सुनने से है.**' બે ઈન્દ્રિય થઈ ગયો એમ કહે છે. પાંચ ઈન્દ્રિય તને મળી છતાં બે ઈન્દ્રિય જેવો છો. મનથી મનન કરતો નથી, શાસ્ત્રને શ્રવણ કરતો નથી. શાસ્ત્રને સાંભળતો નથી. વિકથા કરવા બેસે અને એને ઘરે બારોટ આવ્યો હોય બારોટ. બારોટને શું કહે છે? સમજો છો? એના કુટુંબની વાત કરે તો ક્યાંય સુધી બેસે, રાતના દસ વાગ્યા સુધી બેસે, અગિયાર વાગ્યા સુધી. તમારા બાપ આવા હતા અને તમારો બાપ આવા હતા, તમારા બાપ પાટણમાં રહેતા ત્યાં પચાસ હજાર ખર્ચીને વાવ બનાવી હતી, તે દિ'નું એનું નામ ત્યાં છે. ધૂળમાંય નથી. સાંભળને હવે. એના બાપની વાત સાંભળવા બેસે, પાંચ-પચીસ.. આ એનો બાપ તીર્થંકર ત્રિલોકનાથ ધર્મપિતા એમણે કહેલાં શાસ્ત્રો એ ગુરુ પાસેથી સાંભળતો નથી, તો કહે છે કે અમે માનીએ છીએ કે તારા કાન અને મન નથી.

'**कान और मन का सफलपना शास्त्र के सुनने से है और उनका अभिप्राय को मनमें धारण करने से...**' જોયું! સાંભળવું અને ઓલું અવધારણ કર્યું છે ને? શાસ્ત્ર શું કહે છે એનો અભિપ્રાય ધારવો જોઈએ. '**किंतु जिन मनुष्योंने कान पाकर...**' કાન મળ્યા છતાં '**शास्त्र का श्रवण नहीं करते और मन पाकर उसका अभिप्राय भी नहीं समजता...**' અભિપ્રાય સમજતો નથી. હાર્દ શું છે. શાસ્ત્રને કહેવાનો આશય શું છે એ અભિપ્રાયમાં લેતો નથી '**उस मनुष्यों के कान हृदय का पाना न पाना सरीखा ही है.**' મળ્યા ન મળ્યા જેવું છે. '**ईसलिये विद्वानों को शास्त्र का श्रवण और उसका मनन जरूर करना चाहिये. जिससे उनके कान और हृदय सफल समजे जावे.**' લ્યો! એ ત્રણ બોલ થયા. દેવ પૂજા, ગુરુ સેવા, સ્વાધ્યાય.

ચોથો બોલ સંયમ. શ્રાવકને હંમેશા થોડો સંયમ ઈન્દ્રિય દમન આદિ હંમેશા (હોવા જોઈએ). આખો દિ' ભોગ, ભોગ ને ભોગ એવું હોય નહિ. શ્રાવકને હંમેશા થોડો સંયમ હોય. એ

ચોથો બોલ કહે છે. '**આચાર્ય સંયમ નામક આવશ્ય કા કથન કરતે હૈં.**'

**देशाव्रतानुसारेण संयमो ऽपि निषेव्यते।**
**गृहस्थैर्येन तनैव जायते फलवद्व्रतम्।।२२।।**

'**ધર્માત્મા શ્રાવકોં કો એકદેશ વ્રત કે અનુસાર...**' પોતાના ગુણસ્થાનને અનુસાર '**સંયમ ભી અવશ્ય પાલના ચાહિયે.**' સમજાય છે કાંઈ? ભોગની પણ એને મર્યાદા હોવી જોઈએ. ખાવા-પીવાની અંદરમાં તીવ્ર ગૃદ્ધિની પણ મર્યાદા હોવી જોઈએ. એમ ને એમ સાંઢડા જેમ ખાય ને. રસ્તામાં ચાલતું બટાટા ખાય ને બટાટાના ભજિયા ખાય ને. સમજાણું કાંઈ? બટાટા સમજો છો? આલુ આલુ.

મુમુક્ષુ :- આલુ કી પકોડી.

ઉત્તર :- પકોડી આલુની ખાય. એ કાંઈ લખ્ખણ છે સજ્જનના?

શ્રાવકને કહે છે, '**અવશ્ય પાલના જિસસે ઉનકા કિયા હુઆ વ્રત ફલિભૂત હો જાય.**' (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૦)), રવિવાર તા. ૬-૯-૧૯૬૪**
**શ્રાવકાચાર, ગાથા-૨૨ થી ૨૯, પ્રવચન-૧૪**

... શ્રાવક વ્રત અથવા ઉપાસક સંસ્કાર. શ્રાવકોએ દિન દિન પ્રત્યે છ ષટ્ કર્મ કરવા એની વ્યાખ્યા ચાલે છે. સમજાય છે કાંઈ? હંમેશા દેવપૂજા. છે એ શુભભાવ. પણ જ્ઞાનીને આત્માના ભાનસહિત હોવા છતાં, ખરેખર એ શુભરાગ મોક્ષનું કારણ ન હોવા છતાં... અમરચંદજી! એ શુભભાવ આવે છે. સમજાય છે કાંઈ? શ્રાવકને પંચમ ગુણસ્થાનને યોગ્ય ષટ્ કર્મ દેવપૂજા, ગુરુ સેવા, સ્વાધ્યાય, સંયમ, તપ અને દાન, છે એ વિકલ્પ શુભરાગ. ખરેખર એને સંવર અને નિર્જરાનું કારણ જ્ઞાની માનતો નથી. છતાં એ ભાવ આવ્યા વિના રહેતો નથી. એ ગુણસ્થાનને યોગ્ય એની એ દશા છે એમ અહીંયાં વર્ણન કરવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? ૨૨.

મુમુક્ષુ :- ...મુખ્ય કારણ નથી?

ઉત્તર :- મુખ્ય કારણ નથી.

મુમુક્ષુ :- તો પછી પરંપરા?

ઉત્તર :- પરંપરા પણ નથી. પણ આવ્યા વિના રહેતો નથી. પરંપરાનો આરોપ દેવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નિમિત્ત છે ને નિમિત્ત. નિમિત્તને આરોપ દેવામાં આવે છે. જરી સૂક્ષ્મ વાત છે.

ભગવાન આત્મા પોતાનું જ્ઞાન ચૈતન્ય આનંદ સ્વરૂપ, એને અંતર અવલંબીને જેટલું જ્ઞાન, શ્રદ્ધા અને સ્થિરતા થાય એટલો જ સંવર, નિર્જરા અને મોક્ષનો માર્ગ જાણે છે. સમજાય છે કાંઈ? ધર્મી જીવ પોતાની ચૈતન્યસત્તા જ્ઞાયકભાવ અને પૂર્ણાનંદ સ્વરૂપ એને અવલંબે જેટલું જ્ઞાન થાય, એને અવલંબે સમ્યગ્દર્શન અને એને અવલંબે જેટલી સ્થિરતા થાય એને ખરેખર સંવર, નિર્જરા અર્થાત્ મોક્ષનો માર્ગ જ્ઞાની માને છે. અમરચંદજી! આહાહા..! જે જ્ઞાન શાસ્ત્રને અવલંબીને પરાલંબી થાય એ જ્ઞાનને પણ ધર્મી મોક્ષનું કારણ માનતો નથી.

મુમુક્ષુ :- પરસત્તાવલંબી છે.

ઉત્તર :- પરને અવલંબી છે ને. અહીં તો એમાંથી આ કાઢવું છે અત્યારે તો આ રાગ છે ને ઈ. સમજાય છે કાંઈ આમાં?

ભગવાન આત્મા ચૈતન્યનો સૂર્ય એકલો એવા સ્વભાવને અવલંબીને જે સમ્યગ્દર્શન થાય અને એને અંતર અવલંબીને જેટલું જ્ઞાન પ્રગટ થાય, એને અવલંબીને જેટલી સ્થિરતા, શાંતિ, અવિકારી દશા થાય તેને જ ધર્મી મોક્ષનો માર્ગ જાણે ને માને છે. વચમાં જેટલું એ જ્ઞાન

પરાલંબી અંદર થાય એને જાણે ખરો, પણ તેને મોક્ષનો માર્ગ માને નહિ. આહાહા..! અમરચંદજી! બાર અંગનું જ્ઞાન પરાલંબી એ મોક્ષનો માર્ગ નથી. ભાઈ! ભગવાન એકલો ચૈતન્ય સ્વરૂપ સહજાનંદની મૂર્તિ, એને અવલંબે જે જ્ઞાન પ્રગટ્યું અંતરમાંથી એટલો જ જ્ઞાનનો ભાવ મોક્ષ ને નિર્જરા ને સંવરનું કારણ છે. જેટલું પરાલંબી-પરસત્તાવલંબી શાસ્ત્ર આદિનું જ્ઞાન થાય એ હો નિમિત્ત તરીકે, પણ એ મોક્ષનો માર્ગ માને નહિ. એમ જેટલો પરાલંબી શ્રદ્ધાનો વિકલ્પ ઉઠે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, નવ તત્ત્વના ભેદનો વિકલ્પ, એને હોય ખરો. પણ એ શ્રદ્ધા પરાલંબી છે. માટે ધર્મી તેને મોક્ષનું કારણ માનતો નથી. આહાહા..! છતાં તે એની ભૂમિકામાં નિશ્ચય સહિતમાં એવો વ્યવહાર આવ્યા વિના રહેતો નથી. અને જેટલું સ્વરૂપમાં જ્ઞાન ચૈતન્ય જ્યોતને અવલંબીને શાંતિ અકષાયની પરણતિ પર્યાય થાય એ વાસ્તવિક સંવર, નિર્જરા અને મોક્ષનો માર્ગ (છે). જેટલો આ છ પ્રકારના ષટ્કર્મનો રાગ આવે એ ખરેખર મોક્ષમાર્ગ જ્ઞાની માનતો નથી. શોભાલાલભાઈ! આ બહુ ઝીણી વાતું છે. શેઠ!

મુમુક્ષુ :- અત્યાર સુધી તો ઊંધું જ માનતા રહ્યા.

ઉત્તર :- ઊંધું જ માનતા રહ્યા. પણ આવ્યા વિના રહેતો નથી. તેથી અહીં કહે છે, જુઓ! ૨૨મી ગાથા. છે ને ૨૨મી? આ ચોથો બોલ ચાલે છે. ત્રણ બોલ થઈ ગયા. શ્રાવકને હંમેશા દેવપૂજાનો ભાવ પરાલંબી હોવા છતાં, સ્વાવલંબીના અભાવમાં પૂર્ણ વીતરાગતા નથી માટે તે ભાવ આવ્યા વિના રહેતો નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ..માં બેઠા આવે. ભગવાનની પૂજા કરે. વ્યવહાર ચરણાનુયોગની પદ્ધતિનું કથન છે ને અત્યારે? ચરણાનુયોગની પદ્ધતિનું કથન રાગ કરે, જાય એમ કહેવામાં આવે. ખરેખર તો એવો ભાવ આવે ત્યારે દેવપૂજાના સ્થાનમાં એ વર્તતો હોય, એમ છે. પદ્ધતિ, ચરણાનુયોગમાં કથન પદ્ધતિ ભિન્ન છે. સમજાય છે કાંઈ? ઘેર બેઠા બેઠા ભગવાનની પૂજાનો ભાવ ન હોય એમ કહે છે. એય..! પરબારુ નાખો, કહે છે. કહો, સમજાણું આમાં?

એ ભાવ આવ્યા વિના રહે નહિ. તેથી આચાર્ય મહારાજે સાતમી ગાથામાં કહ્યું, દિને દિને. સાતમી ગાથામાં આવ્યું હતું. દિને દિને ષટ્કર્મ હોય છે. છે ને? '**देवपूजा गुरुपास्तिः स्वाध्यायः संयमस्तपः। दानं चेति गृहस्थानां षट्कर्माणि दिने दिने।**' મહામુનિ હતા, જંગલમાં વસનારા ભાવલિંગી સંત હતા. છઠ્ઠા ગુણસ્થાનમાં વિકલ્પ ઉઠ્યો અને આ શાસ્ત્ર વાણી દ્વારા શાસ્ત્ર રચાઈ ગયું. એને કર્તા પણ જ્ઞાની નથી. શાસ્ત્રના રચનારા જ્ઞાની નથી. વિકલ્પ જે આવ્યો છે એમાં વ્યાપક થઈને આ સંવર-નિર્જરા (છે) એમ માનતા નથી.

ખરેખર જ્ઞાનીનું વ્યાપ્ય-વ્યાપક તો સ્વભાવ સાથે વ્યાપ્ય-વ્યાપક છે. સમજાય છે કાંઈ? પણ રાગ આવે એને પર વ્યવહાર વ્યાપક તરીકે જાણતો તે આચરણને બંધનું કારણ જાણે છે. આહાહા..! ભારે વાતું, ભાઈ! શું કીધું? સમજાણું? દેવ પૂજા. એવો ભાવ આવ્યા વિના

રહે નહિ. એને મંદિર હોય ગામમાં. પૂજા કરવા જાય, ભાવ એવો આવે. દિન દિન પ્રત્યે પંચમ ગુણસ્થાનને યોગ્ય એવો ભાવ એને હોય છે. આ વાંધા છે ને. હોય છે તેથી એને મોક્ષનું કારણ છે. એમ નથી. અમરચંદજી! પરંપરાનો આરોપ અપાય છે. રાગ તો ખરેખર રાગનું જ કારણ છે. આહાહા..!

એ તો આપણે 'પંચાસ્તિકાય'માં આવી ગયું નહિ? ૧૬૪ ગાથા. દોષની પરંપરાનું કારણ રાગ છે. જ્યાં સુધી રાગ છે ત્યાં સુધી એને સંવર નિર્જરા એટલાથી થશે નહિ. એટલો આસ્રવભાવ છે પણ એ આસ્રવભાવ ગૃહસ્થને દેવ સેવામાં, દેવની પૂજામાં આવ્યા વિના રહે નહિ. એમ ગુરુની સેવા. ધર્માત્મા સંત મુનિ નિર્ગ્રંથ મહંત, આત્મજ્ઞાની ધ્યાની મહંત મુનિ, એમની પણ સેવા કરવાનો ભાવ શ્રાવકને આવ્યા વિના રહે નહિ). નિશ્ચયથી સેવા તો પોતાની છે. નિશ્ચયથી પોતાના સ્વરૂપની સેવા છે પણ વ્યવહારે ગુરુની સેવાનો ભાવ હંમેશા દિન દિન પ્રત્યે આવ્યા વિના રહેતો નથી. એના શ્રાવકના આચરણમાં વ્યવહાર આચરણનો આવો વિકલ્પ ઉઠે છે. આહાહા..! આવી વાતું.

મુમુક્ષુ :- ...તો શું કરવું?

ઉત્તર :- વઢેરા કોઈ બીજા હોય. કહો, સમજાણું? ધર્માત્મા હોય. એનું પણ બહુમાન કરીને .. ઈ પણ અત્યારે તો સમજવા જેવું છે. સમજાણું કાંઈ?

આ તો ત્રિકાળની વાત છે ને. મહામુનિ ધર્માત્મા ધર્મના અધિકપણે ભાનવાળા સ્થિરતાવાળા એની સેવાનો ભાવ શ્રાવકને આવ્યા વિના રહે નહિ. ત્રીજો સ્વાધ્યાય. સંસારના ચોપડા હંમેશા ફેરવે છે તો આ શાસ્ત્રના ચોપડાનો વિકલ્પ ભણવાનો, વાંચવાનો (આવે). છે પરાલંબી શાસ્ત્રનું જ્ઞાન. આહાહા..! ભારે વાતું, ભાઈ! સમજાણું કાંઈ? દેવીલાલજી! ક્યાં ગયા? ધન્નાલાલજી! છે. નિશ્ચયના માર્ગમાં વચ્ચે વ્યવહાર આવ્યા વિના રહેતો નથી. વ્યવહાર ટળી જાય તો કાં કેવળ થઈ જાય અને કાં વ્યવહાર ન હોય અને એકલો નિશ્ચય ન હોય એ તો મિથ્યાદૃષ્ટિ નથી. નિશ્ચય નથી અને વ્યવહાર નથી તો મિથ્યાદૃષ્ટિ છે. ભગવાનને એકલો નિશ્ચય થઈ જાય અને વ્યવહાર પછી હોય નહિ.

મુમુક્ષુ :- ... એકલો વ્યવહાર.

ઉત્તર :- એકલો વ્યવહાર હોતો જ નથી. એ વાતું જ બધી ગપ છે. અત્યારે કરે છે ને ચોથે ને પાંચમે ને છઠ્ઠે અને વ્યવહાર મોક્ષમાર્ગ (હોય). બિલકુલ જૂઠ વાત. પરાશ્રય માર્ગ એ પરાલંબી અવલંબન છે, એ મોક્ષમાર્ગ ખરેખર છે જ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. એ કે દિ'? આ તો વ્રતાદિના વિકલ્પને પણ ઝેર કીધું છે. એ કર્તૃત્વબુદ્ધિથી વ્રતનો વિકલ્પ જ્ઞાનીને આવતો નથી. કેમ કે જેમાં કર્મના નિમિત્તનું લક્ષ અને ઉપાધિ આવે તે ભાવને જ્ઞાની કેમ ઈચ્છે? પણ એ ભાવ આવ્યા વિના રહેતો નથી.

મુમુક્ષુ :- આવશ્યક...

ઉત્તર :- એ આવશ્યક વ્યવહારે.

મુમુક્ષુ :- આવ્યા વિના રહેતો નથી.

ઉત્તર :- આવ્યા વિના રહેતો જ નથી માટે ચરણાનુયોગની પદ્ધતિમાં અવશ્ય કરવા યોગ્ય છે એમ કથન પદ્ધતિ વ્યવહારનયે ચાલે. નિશ્ચયમાં તો એ ભાવ તે કાળે તેને આવે છે પણ કર્તૃત્વબુદ્ધિ નિશ્ચયથી હોતી નથી. આહાહા..! ભારે! એ સ્વાધ્યાય. કહો. સ્વાધ્યાય. શ્રાવકને પાપના ભાવના શાસ્ત્રો, પુસ્તકો ફેરવે છે એના ગૃહસ્થાશ્રમના એથી આનો ભાવ સ્વાધ્યાય કરવાનો દિને દિન પ્રત્યે આવે. કલાક, બે કલાક સ્વાધ્યાય કરે એવો ભાવ એને હોય. પણ છતાં એ જાણે કે એ પરાલંબી ભાવ છે. એ તરફનું જ્ઞાન થયું એટલું પણ હજી પરાલંબી છે. સ્વાવલંબીમાં હું સ્થિર થઈ શકતો નથી એથી એવો ભાવ આવ્યા વિના રહેતો નથી. આવી મર્યાદા વસ્તુની છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જ્ઞાન તો પોતાથી થાય એ જ્ઞાન છે. વાત એવી છે. સમજાણું કાંઈ?

પોતાનું જ્ઞાન, સ્વરૂપ પ્રકાશની મૂર્તિ છે એમાં એકાકાર થઈને જેટલું જ્ઞાન પ્રગટ્યું એટલું જ જ્ઞાન શુદ્ધતા અને મુક્તિનું કારણ છે. સમજાણું કાંઈ? કહ્યું હતું ને એક ફેરી? આ ઓલામાંથી નહિ? શું કહેવાય? કળશટીકા. કળશટીકા છે ને આ? કળશટીકા. આત્માનુભૂતિનું કહ્યું હતું એક ફેરી. કેટલામી છે ઈ? ૧૩મી. ૧૩મી છે. જુઓ! ૧૩મો શ્લોક છે. આત્માનુભવ મોક્ષમાર્ગ છે. આત્માનો જ્ઞાનાનંદ એને અનુસરીને વ્યાપકપણે થઈ આનંદની શાંતિ અને અવિકારીનો વ્યાપ્ય થાય એવો ભાવ તે ખરેખર અનુભવ મોક્ષનો માર્ગ છે.

**'એ પ્રસંગે બીજો પણ સંશય થાય છે કે, કોઈ જાણશે કે દ્વાદશાંગ જ્ઞાન કોઈ અપૂર્વ લબ્ધિ છે.'** કોઈ એમ માનશે કે બાર અંગનું જ્ઞાન કોઈ અપૂર્વ લબ્ધિ છે. કોઈ કહેશે એમ. '**તેનું સમાધાન આમ છે.**' આ કળશટીકા છે, ભાઈ અમરચંદજી! એ કળશ છે ને અમૃતચંદ્રાચાર્યના? એની રાજમલની ટીકા છે. રાજમલ. એ ટીકામાંથી બનારસીદાસે સમયસાર નાટક બનાવ્યું છે. આ રાજમલની ટીકા ઢુંઢારી ભાષામાં છે. હમણાં આપણાં તરફથી ૩૩૦૦ પુસ્તક ચાલતી ભાષામાં છપાય છે. હિન્દી ચાલતી ભાષામાં છપાય છે. હજી વાર લાગશે.

કોઈ એમ કહે કે, '**દ્વાદશાંગજ્ઞાન કોઈ અપૂર્વ લબ્ધિ છે. તેનું સમાધાન આમ છે. દ્વાદશાંગજ્ઞાન પણ વિકલ્પ છે.**' દ્વાદશાંગજ્ઞાન ફુનિ એટલે પણ, બાર અંગનું જ્ઞાન પણ વિકલ્પ છે. '**તેમાં પણ એમ કહ્યું છે કે શુદ્ધાત્માનુભૂતિ મોક્ષમાર્ગ છે. તેથી શુદ્ધાત્માનુભૂતિ થતાં શાસ્ત્ર ભણવાની કાંઈ અટક (બંધન) નથી.**' નિશ્ચયની વાત કરે છે. અહીં અત્યારે વ્યવહારની વાત ચાલે છે. સમજાય છે કાંઈ?

સ્વરૂપનો અનુભવ થાય પછી શાસ્ત્ર ભણવાની એને અટક નથી, રોક નથી. પણ જ્યારે સ્વરૂપમાં ઠરી શકે નહિ ત્યારે એને શાસ્ત્ર સ્વાધ્યાયનો વિકલ્પ પરાલંબી હોવા છતાં આવ્યા વિના રહેતો નથી. આહાહા..! ભારે. સમજાણું કાંઈ? આ કળશની ટીકા બહુ સરસ છે. એક એક કળશની ટીકા એવી સરસ કરી છે. બનારસીદાસે આખું સમયસાર નાટક લગભગ એમાંથી બનાવ્યું છે, નવું પણ થોડુંક પછી નાખ્યું છે.

અહીં કહે છે, સ્વાધ્યાય હંમેશા દિન દિન પ્રત્યે હોવો જોઈએ. એ ત્રણ બોલ આવી ગયા. હવે ચોથો આપણે સંયમ ચાલે છે. સંયમ-ચોથો બોલ. ષટ્ કર્મમાં સંયમ. શ્રાવક અનુસાર. જુઓ! ૨૨મી.

**देशाव्रतानुसारेण संयमो ऽपि निषेव्यते।**
**गृहस्थैर्येन तनैव जायते फलवद्व्रतम्।।२२।।**

**'ધર્માત્મા શ્રાવકોં કો એકદેશ વ્રત કે અનુસાર સંયમ ભી જરૂર પાલના ચાહિયે.'** ભોગનો થોડો થોડો (ભાવ) દરરોજ ઘટાડવો જોઈએ. દરરોજ ઘટાડવો જોઈએ. ઈન્દ્રિયના વિષયો તરફથી વલણ ઓછું કરવું, છ કાયના જીવને મારવાના ભાવ પણ ઘટાડવા. એવો સંયમ દેશવ્રતને યોગ્ય પંચમ ગુણસ્થાનને યોગ્ય એવા વિકલ્પો ભાવ, જ્ઞાનીને આવ્યા વિના રહેતા નથી. એને ચરણાનુયોગમાં એમ કહેવાય કે દેશ સંયમના ભાવ કરે અને પાળે છે. એમ વ્યવહારનયના કથનમાં ચરણાનુયોગની પદ્ધતિમાં એમ આવે. સમજાણું કાંઈ? **'જિસસે ઉનકા કિયા હુઆ વ્રત ફલીભૂત હોવે.'** કેમ? સંયમ થોડો થોડો હંમેશા હોય તો એના વ્રતો જે લીધેલા છે એનું સફળપણું એને લઈને ગણવામાં આવે. એવો ભાવ પાંચમા ગુણસ્થાનમાં આવ્યા વિના રહેતો નથી.

૨૩મી. જુઓ! આ બધું સંયમના પેટામાં છે. સંયમના પેટામાં શ્રાવકને આવું હંમેશા હોવું જોઈએ.

**त्याज्यं मांसं च मद्यं च मधूदुम्बरपञ्चकम्।**
**अष्टौ मूलगुणाः प्रोक्ताः गृहिणो दृष्टिपूर्वकाः।।२३।।**

જુઓ, ભાષા નાખી. સમ્યગ્દર્શનપૂર્વક. અમરચંદજી! ભગવાન આત્મા નિર્વિકલ્પ પૂર્ણાનંદ જ્ઞાન જ્ઞાયક. અંતર જ્ઞાયકભાવ જ્ઞાનની ઋદ્ધિ નામ પ્રસારનાર, વિકાસનાર એવું જેનું વ્યાપ્યપણું અને જ્ઞાયકભાવ જેનો વ્યાપક, એવી જ્ઞાયકભાવની પ્રથમ દૃષ્ટિ ધર્મીએ કરવી જોઈએ. સમજાણું કાંઈ? જેમાં ઠરવું છે એ ચીજ કેવી છે? ચારિત્ર છે એ ઠરવું છે. તો શેમાં ઠરવું છે? રાગમાં? નિમિત્તમાં? ઠરવાનું સ્થાન ચિદાનંદ જ્ઞાયકભાવ છે. એકલો જ્ઞાયક પરમાનંદ પ્રભુ એ ઠરવાનું સ્થાન છે. એવી પ્રથમ અનુભવમાં દૃષ્ટિ સમ્યક્‌ની થયા વિના એને સાચા ચારિત્ર અને સાચા વ્રત વ્યવહારે પણ હોઈ શકે નહિ. બરાબર છે?

કહે છે, **'दृष्टिपूर्वकाः'** દેખો! દૃષ્ટિપૂર્વક. એકલા આત્માના સમ્યગ્દર્શનના ભાન વિના એકલા

બાર વ્રતાદિ લે એને ખરેખર વ્રત કહેતા નથી. એ પુણ્યબંધ બાંધે અને મિથ્યાદૃષ્ટિ રહે એ પુણ્યમાં ધર્મ માનીને પરાલંબી દૃષ્ટિમાં અટકેલો, નિજ સ્વભાવમાં વ્યાપકમાં આવતો નથી. એને બાર વ્રતના પરિણામ એકલા મિથ્યાત્વ સહિત પુણ્યબંધના કારણ થાય. એને અબંધ પરિણામ પ્રગટ થાય નહિ. સમજાણું કાંઈ?

'**त्याज्यं मांसं च मद्यं**' સમ્યગ્દર્શનપૂર્વક એણે માંસનો ત્યાગ કરવો. સમજાણું? મદ્ય દારૂનો ત્યાગ કરવો, મધુનો ત્યાગ કરવો. અને પાંચ ઉદુમ્બરોનો અવશ્ય ત્યાગ કરવો. કેમ કે મૂળ છે. વ્રતોની અંદરમાં એ મૂળ છે. જેની જડ સાજી નથી. અહીંયાં દર્શનની વ્યાખ્યા અત્યારે નથી. સમ્યગ્દર્શનનું મૂળ તો જ્ઞાયકભાવ એક છે. સમ્યગ્દર્શનનું મૂળ જ્ઞાયકભાવ તે આશ્રય છે. પણ સમ્યગ્દર્શનનું મૂળ આશ્રયમાં લઈને પ્રગટેલું, એને પંચમ ગુણસ્થાનને યોગ્ય જે વ્રતો આદિ હોય એમાં આ આઠ મૂળ ગુણ તે બધા વ્રતના મૂળ છે. વ્રતના મૂળ, હોં! સ્વભાવમાં મૂળ નહિ. સમજાય છે કાંઈ? કહો, દેવીલાલજી!

ધર્મનું મૂળ સમ્યગ્દર્શન. ધર્મ નામ ચારિત્ર. ચારિત્રનું મૂળ સમ્યગ્દર્શન. અને સમ્યગ્દર્શનનું મૂળ દ્રવ્ય સ્વભાવ. જ્ઞાયકભાવ ત્રિકાળ તે દર્શનનો આશ્રય છે. એવો દર્શનનો આશ્રય કર્યો છતાં દૃષ્ટિ મુખ્યમાં દર્શનમાં તો દર્શન ઉપર જ દૃષ્ટિ છે-સ્વભાવ ઉપર દૃષ્ટિ છે. જ્ઞાનીને કોઈ દિ' વિકલ્પ અને પર્યાયની મુખ્યતા દૃષ્ટિમાં થાય નહિ. નિમિત્ત અને રાગ ને પર્યાયની મુખ્યતા દૃષ્ટિમાં થઈ જાય તો તે દૃષ્ટિ મિથ્યા થઈ જાય. દૃષ્ટિમાં મુખ્ય તો મૂળ દ્રવ્ય સ્વભાવ જ છે. પણ શ્રાવકને યોગ્ય જ્યારે અંદર બે કષાયના અભાવની સ્થિરતા પ્રગટી છે, ચોથે ગુણસ્થાને મિથ્યાત્વ અને અનંતાનુબંધીના અભાવની છે અને પંચમ ગુણસ્થાનમાં અપ્રત્યાખ્યાનીના અભાવની સ્થિરતા શાંતિ છે. સ્વાલંબી. એની ભૂમિકામાં આ ભાવ આવ્યા વિના રહેતો નથી. અને એ ભાવ કીધો આઠ મૂળગુણ આને કહ્યા. મૂળગુણ એટલે ખરેખર જે આ મૂળગુણ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની સ્થિરતા એ આ મૂળગુણ નથી. એ મૂળ ગુણ નથી.

અહીં તો વિકલ્પની વ્રતની મર્યાદા જે શ્રાવકને બાર વ્રતાદિ છે એવા વ્રતના વિકલ્પમાં આઠ મૂળગુણના વિકલ્પ તે મૂળ છે એમ કહેવામાં આવ્યું છે. આહાહા..! ભારે વાત, ભાઈ! સમજાય છે કાંઈ? ચાર દિ' તો રતનલાલજી! ગુજરાતી ચાલશે. પછી હિન્દી. આ મૂળગુણ જે કહ્યા છે ને એ મૂળગુણ કાંઈ સંવર-નિર્જરા નથી, શુભરાગ છે. એ મૂળગુણ એટલે એનો આશ્રય કરવા જેવો છે એમ નથી. પણ સમ્યગ્દર્શનમાં મુખ્યતા તો નિશ્ચય દ્રવ્યની દૃષ્ટિ હોવા છતાં શાંતિનો અંશ જ્યારે શ્રાવકને યોગ્ય પ્રગટ્યો ત્યારે તેને મૂળગુણ, વ્રતના વિકલ્પોના ભાગમાં એને આઠ મૂળગુણનો ત્યાગનો વિકલ્પ તે મુખ્ય અને મૂળ છે. સમજાય છે કાંઈ?

એ વ્રતના વિકલ્પના આસ્રવના પરિણામમાં આઠ મૂળગુણનો ત્યાગ તે મૂળ છે. આઠ મૂળગુણ કહ્યા ને? મુનિને અઠ્યાવીશ મૂળગુણ કહે છે એ તો વિકલ્પ છે. એ વિકલ્પ છે, રાગ છે, અઠ્યાવીશ મૂળગુણ એ આસ્રવ છે. પણ મૂળ કેમ કહ્યા? સમજાય છે કાંઈ? સ્વયં

પોતાના આત્માના મૂળ સ્વભાવની આશ્રય દૃષ્ટિ હોવા છતાં મુખ્યપણું તો નિશ્ચયનું, સ્વભાવનું છે. એ મુખ્યપણું જાય અને પર્યાય અને રાગની મુખ્યતા દૃષ્ટિમાં થાય તો દૃષ્ટિ મિથ્યા થઈ જાય. પણ દૃષ્ટિમાં મુખ્યપણું ચૈતન્યનું અંદર જ્ઞાયકનું હોવા છતાં એની ભૂમિકાને યોગ્ય જે બાર વ્રત શ્રાવકને આવે છે એ બાર વ્રતના વિકલ્પના મૂળમાં આઠ મૂળગુણનો ત્યાગ તેના વિકલ્પને મૂળ કહેવામાં આવે છે. ઓલા આસ્રવની અપેક્ષાએ એને મૂળ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

શાસ્ત્રનો ઉકેલ કઠણ છે. શાસ્ત્રમાં કઈ પદ્ધતિથી કથન ચાલે છે અને કઈ રીત કહેવાની છે એને ન સમજે (અને) પકડી લ્યો કે આ મૂળગુણ છે, પણ એ છે આસ્રવ. મુનિના અઠ્યાવીશ મૂળગુણ જે છે એ પણ આસ્રવ છે. સંવર-નિર્જરા નહિ. પણ મૂળગુણ કેમ કહ્યા? કે પંચમ ગુણસ્થાનને યોગ્ય જ્યાં દશા પ્રગટી એને મદ્ય, માંસ, મધુ, પાંચ ઉદમ્બરોનો જરૂર ત્યાગ હોય. આવે છે ને પાંચ ઉદમ્બરના નામ? ઉમરડો, કઠુમર, પાકર, વડ અને પીપળો. એના ત્રસ જીવો અંદર હોય છે. એટલે તીવ્ર રાગના અભાવમાં એનો ત્યાગ હોય છે. એવો જે શુભરાગ એના વ્રતના વિકલ્પમાં એ શુભરાગ આઠ મૂળગુણનો ત્યાગ એ શુભરાગ મૂળ કહેવામાં આવે છે. છે તો આસ્રવ. સમજાણું કાંઈ? મિત્રસેનજી!

**'ઔર સમ્યગ્દર્શનપૂર્વક ઈન આઠોં કા ત્યાગ ગૃહસ્થોં કે આઠ મૂલગુણ હૈં.'** સમ્યગ્દર્શનપૂર્વક એની વ્રત વિધિના ભાવમાં આ આઠનો ત્યાગ તો મૂળમાં આવ્યા વિના રહેતો નથી. આઠનો માંસ, દારૂનો ત્યાગ ન હોય અને વ્રતાદિ થઈ જાય એમ કોઈ દિ' બને નહિ. સમજાણું કાંઈ? જોકે એ તો પહેલી વાત આવી ગઈ છે કે માંસ અને દારૂનો ત્યાગ નથી એને ધર્મની શોધની દરકારની દૃષ્ટિ છે નહિ. આવી ગયું છે ને પહેલા? એ ૧૧મી ગાથામાં આવ્યું, સાત વ્યસનમાં. જેને સાત વ્યસનનો ત્યાગ નથી તે ધર્મની અન્વેષણતાને યોગ્ય નથી. એ ૧૧મી ગાથામાં આવી ગયું છે.

**धर्मार्थिनो ऽपि लोकस्य चेदस्ति व्यसनाश्रयः**
**जायते न ततः सापि धर्मान्वेषणयोग्यता।।११।।**

સાત વ્યસન. જૂગટુ, માંસ, મદ્ય, વૈશ્યા, શિકાર, દારૂ, ચોરી અને પરસ્ત્રી. એનો જેને ત્યાગ નથી એ ધર્મની પરીક્ષા કરવાનો પાત્ર નથી થઈ શકતો. સમજાણું કાંઈ? એ તો પહેલી વાત એની ધર્મની પરીક્ષાની યોગ્યતામાં એનો ત્યાગ હોવો જોઈએ. 'પુરુષાર્થસિદ્ધિ'માં પણ કહ્યું છે. ૭૪મી ગાથામાં. પુરુષાર્થસિદ્ધિ ઉપાય. જેને આઠ વ્યસનનો ત્યાગ નથી, માંસ આદિનો ત્યાગ નથી એ શ્રાવક થવાને લાયક નથી. ધર્મની પરીક્ષા અને જૈન ધર્મ પામવાને લાયક નથી. માંસ, દારૂ.. સમજાય છે? અને પરસ્ત્રી, વેશ્યા, શિકારનો ત્યાગ. જેમાં તીવ્રતા, એનો પહેલા જ ત્યાગ હોવો જોઈએ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ ચોરી. આ માંસ, મદ્ય, વેશ્યા, શિકાર, ચોરી અને પરસ્ત્રી. એ સાતનો ત્યાગ ન હોય, રાગમાં તીવ્રતા જો હોય તો એને ધર્મનિષ્ઠપણાની પરીક્ષા કરવાની લાયકાત થતી નથી. એટલો તો ભાગ એને પહેલેથી હોય. પણ અહીંયાં વિશેષ પંચમ ગુણસ્થાનને યોગ્ય નિરતિચાર પાળવાની વૃત્તિમાં આ ભાવ આવ્યા વિના રહેતો નથી. સમજાણું કાંઈ? એ ૨૩મી થઈ.

૨૪મી. છે ને આઠ મૂળગુણ, હોં! પાછા ઓલા કહે, એકલા અમે ત્યાગી. અમારે મૂળગુણ છે માટે અમારે સમકિત છે, એમ નહિ. અમરચંદજી! લ્યો, અમે આઠ મૂળગુણ પાળીએ છીએ અને મૂળગુણ છે ત્યાં સુધી વ્રતધારી છીએ અને વ્રતધારી હોય એને સમકિત તો હોય જ. એમ નહિ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- વ્યવહાર સમ્યગ્દર્શન તો હો ગયા.

ઉત્તર :- વ્યવહાર સમ્યગ્દર્શન ક્યાંથી આવ્યું? નિશ્ચય સમ્યગ્દર્શન વિના વ્યવહાર સમ્યગ્દર્શનનો આરોપ નથી આવતો. ક્યાંથી આવ્યું?

નિશ્ચય સમ્યગ્દર્શન, આત્માના ભાન વિના વ્યવહાર સમકિતનો આરોપ અપાતો નથી. નિશ્ચય હોય તો વ્યવહારનો આરોપ દેવાય. નિશ્ચય વિના વ્યવહાર એકલો હોતો નથી. સમજાય છે કાંઈ? મૂળગુણ પાળીએ છીએ. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા (છે) તો વ્યવહાર સમકિત થઈ ગયું. એમ. અને વ્યવહાર સમકિતથી આગળ નિશ્ચય સમકિત થાશે. એમ લખે છે અત્યારે બધા ધોમધાડ લખે છે. પત્રોમાં ધમધોકાર આવે છે અત્યારે. સાતમા ગુણસ્થાન સુધી વ્યવહાર મોક્ષમાર્ગ છે. એક જણો વળી તેરમે લખે છે. કહો, સમજાણું? ઘણાં પ્રકાર છે. વળી, એક જણો કહે કે નહિ, એક શુદ્ધ પર્યાય પ્રગટી અને થોડી અશુદ્ધ. બેને તમે કહીને એક શુદ્ધિ એ નિશ્ચય માર્ગ અને રાગ એ વ્યવહાર માર્ગ (કહો છો), (પરંતુ) એમ છે જ નહિ. એ બે આખી પર્યાયને વ્યવહાર મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. વળી એક જણો એમ જાગ્યો છે. આહાહા..! .. આવી. સમજાણું કાંઈ? એમ નથી.

જેટલી સ્વ ચૈતન્યના આશ્રયે શુદ્ધતા પ્રગટી છે એ જ ખરેખર સંવર, નિર્જરા અને મોક્ષનો માર્ગ છે. એક જ પર્યાયમાં બે ભાગ છે. જેટલું સ્વરૂપને આશ્રયે ચારિત્ર થયું એટલી શુદ્ધતા છે. એ મોક્ષનો માર્ગ છે. એ જ પર્યાયમાં જેટલી અશુદ્ધતા રહી ગઈ છે, એક પર્યાયના બે ભાગ. આહાહા..! કહો, બે ભાગમાં એક મોક્ષમાર્ગ અને એક બંધમાર્ગ. સમજાણું કાંઈ? આહાહા..! આ કહે છે કે ના, એમ નહિ. પૂરી પર્યાય થાય ત્યારે મોક્ષમાર્ગ કહેવાય. અધૂરીમાં આખો વ્યવહાર મોક્ષમાર્ગ કહો. એલા..! વ્યવહાર તો પરાશ્રિત કહેવાય. અને જેટલી સ્વઆશ્રિત દશા થઈ એને પરાશ્રિત વ્યવહારમાં નાખી દેવો છે? સમજાણું કાંઈ? ધન્નાલાલજી! સ્વઆશ્રયને વ્યવહાર અને પરાશ્રયને વ્યવહાર. તો સ્વઆશ્રય નિશ્ચય અને પરાશ્રય વ્યવહાર એ સિદ્ધાંત રહ્યો નહિ. સ્વઆશ્રિત નિશ્ચય અને પરાશ્રિત વ્યવહાર. તો જેટલો સ્વઆશ્રિત પ્રગટ્યો

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એને વ્યવહાર કહેવો અને પરાશ્રિત રાગ એને વ્યવહાર કહેવો એમ હોઈ શકે નહિ.

ભગવાન આત્મા પોતાનો ચૈતન્ય સ્વરૂપ જ્ઞાયકભાવ, પરમાનંદની નિત્ય જ્યોતિ એને લક્ષે, દૃષ્ટિએ, ધ્યેયે, જેટલી નિર્મળ પરિણતિ પ્રગટ થઈ એટલો તો સંવર, નિર્જરા અને મોક્ષનો માર્ગ છે. સમજાય છે કાંઈ? અને એ જ પર્યાયમાં હજી આ ષટ્ કર્માદિ શ્રાવકને, મુનિને અઠ્યાવીશ મૂળગુણના ભાવ આદિ જે આવે એ પર્યાયનો ભાગ બંધનું જ કારણ છે. આહાહા..! હો. હો તો કહે છે, એની ભૂમિકામાં હોય છે. હોવા છતાં તે બંધનું કારણ છે. જ્ઞાનધારા અને કર્મધારા એકસાથે ચાલે છે. કહો, સમજાણું કાંઈ? જ્ઞાનધારા કહો કે સ્વઆશ્રય દૃષ્ટિ, જ્ઞાન ને લીનતા કહો. અને કર્મધારા કહો કે રાગધારા કહો. રાગ જેટલો ઉત્પન્ન થાય છે એટલી કર્મધારા છે. જેટલા સ્વભાવને આશ્રયે શ્રદ્ધા-જ્ઞાન-નિર્મળતા પ્રગટી છે એ જ્ઞાનધારા. જ્ઞાન એટલે રાગધારા નહિ. જ્ઞાન એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન અને સ્થિરતા એટલે જ્ઞાનધારા. જેટલો રાગ પરાશ્રિત આવે એટલી કર્મધારા. એ એક સમયમાં, બે એક ક્ષણમાં સાથે હોય છે. એક ક્ષણમાં બે. છતાં એક ભાગ શુદ્ધતા મોક્ષનું કારણ અને અશુદ્ધતા તે બંધનું કારણ છે. એમ ન હોય તો વસ્તુ કોઈ રીતે સિદ્ધ થઈ શકે નહિ. કહો, સમજાણું કાંઈ? ૨૪મી.

**अणुव्रतानि पञ्चैव त्रिप्रकारं गुणव्रतम्।**
**शिक्षाव्रतानि चत्वारि द्वादशेति गृहिव्रते।।२४।।**

બાર વ્રતની વ્યાખ્યા કરી. પાંચ પ્રકારના અણુવ્રત, અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને પરિગ્રહ. એની મર્યાદા. અને '**पञ्चैव त्रिप्रकारं गुणव्रतम्**' એ ત્રણેને ગુણવ્રત કહે છે. દેશા.. દિગ્વ્રત, દેશવ્રત અને અનર્થદંડ એ ગુણ કરે છે. કોને? ઓલા વ્રતને ગુણ કરે છે. આહાહા..! ભાષા તે પણ (સમજવી કઠણ). સ્વભાવને ગુણ કરે છે એમ નહિ. જે વ્રતના વિકલ્પ છે, સત્યનો, અહિંસાનો, અચૌર્યનો, બ્રહ્મચર્યનો આદિ જે શુભરાગ છે એમાં એ વ્રતનો ભાગ એ શુભરાગ છે. ભલે ઉતરે, ઉતરવા માટે તો કરીએ છીએ અહીં. એમ કહે છે, આમાં ઉતરે છે તો બહાર જાશે વાત. અહીં ઢંઢેરો પીટીને વાત ચાલે છે. કહો, સમજાય છે કાંઈ?

ઓલામાં જેમ આઠ મૂળગુણ આવ્યા હતા, એમ અહીં આવ્યા ત્રણ ગુણવ્રત. એનો અર્થ કે જેટલો રાગ મંદ કરીને પાંચ અણુવ્રત થયા છે એને આ ત્રણ ગુણવ્રત છે તે રાગની મંદતામાં વધારો કરે છે. પણ છે તો રાગ. બારેય વ્રત છે તો રાગ. આહાહા..! એક કહે, મુખ્ય તે નિશ્ચય અને ગૌણ તે વ્યવહાર. મુખ્ય ત્રિકાળી જ્ઞાયકભાવ દૃષ્ટિમાં આવે એ મુખ્યને નિશ્ચય કહેવામાં આવે છે. અને બાકી બધો રહ્યો તે પર્યાય રાગને વ્યવહાર કહેવામાં આવે. વળી શ્રાવક થાય ત્યારે કહે, વ્રતોમાં આઠ મૂળગુણ હોય છે એને. પણ એ મૂળગુણની વ્યાખ્યા રાગની મંદતાના ભાવને મૂળગુણ કહેવામાં આવે છે. આત્માને શાંતિનો લાભ કરે કે સંવર

નિર્જરા (થાય) એની આ વ્યાખ્યા છે જ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાં પણ ત્યાગ (છે)? ભાન વિના? સ્વદ્રવ્યના અવલંબન વિના તેને રાગનો યથાર્થ ત્યાગ હોઈ શકે નહિ. કારણ કે જેની દૃષ્ટિ જ રાગમાં પડી છે. કહો, સમજાણું? જુઓ! દૃષ્ટિ ૨૩માં તો આવી ગઈ છે. દૃષ્ટિપૂર્વક. સમજાણું કાંઈ?

ચૈતન્યના મૂળ સ્વભાવને અવલંબનપૂર્વક જેને આ આઠ મૂળગુણ હોય છે એ બાર વ્રતને તે મૂળગુણ પુષ્ટિ કરે છે. અને હવે બાર વ્રતમાં પણ પાંચ જે અણુવ્રત છે એમાં વિસ્તાર કર્યો છે બહુ, શોભાલાલભાઈ! એમાં વિસ્તાર બહુ કર્યો છે બધો. લાંબુ-લાંબુ કર્યું છે બહુ. .. વ્યાખ્યા કરી છે. એ દિગ્વ્રત, દેશવ્રત અને અનર્થદંડ. એ ત્રણ ગુણવ્રત. ગુણ નામ એટલી રાગની મંદતા કરે છે કે અમુક દિશા બહાર ન જાવું વગેરે, એ પાંચ અણુવ્રતને પુષ્ટિ આપી રાગની મંદતાને ગુણ કરે છે. આત્માને શાંતિનો ગુણ કરે છે એ આ વાત છે નહિ. આહાહા..! રાગની મંદતાને પુષ્ટિ કરે છે. અરમચંદજી! આહાહા..!

ચાર શિક્ષાવ્રત. છે ને? '**शिक्षाव्रतानि चत्वारि**' દેશાવકાશિક, સામાયિક, પ્રૌષધોપવાસ અને વૈયાવૃત્ય. એ ચાર શિક્ષાવ્રત છે. એ છે તો વિકલ્પ અત્યારે. પણ એ જે પાંચ અણુવ્રતને ગુણ કરનારા ત્રણ કહ્યા, એને જ શિક્ષા દેનારા ત્રણ કહ્યા. એટલે રાગની વિશેષ મંદતામાં સ્વભાવ તરફનો અભ્યાસ હોય છે ત્યારે એને રાગની મંદતામાં શિક્ષા .. ઘટાડે છે. ઘટાડે છે. રાગ ઘટતો જાય છે. સમજાણું કાંઈ? આહાહા..! થઈ રહ્યું, લ્યો! પાંચ અણુવ્રત અને ત્રણ વ્રત લીધા (એટલે) થઈ ગયો ગુણ. અને ચાર થઈ ગયા તો એની શિક્ષા થઈ ગઈ આત્માને. અહીં તો આત્માના સમ્યગ્દર્શનની શિક્ષા અને ગુણસહિતની વાત છે. એમ હોય નહિ. એકલા વિકલ્પથી આત્માને ગુણ થાય અને એકલા વિકલ્પથી આત્માને શિક્ષા શાંતિની મળે એ વાત છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ પહેલાના શીખવાના પાઠ છે હજી. કહો, સમજાણું કાંઈ? એ.. રતિભાઈ! આ અણુવ્રતની વાત ચાલી. નેમિદાસભાઈ! કહો, આ અણુવ્રત ને ગુણવ્રત ને શિક્ષાવ્રત. અરે..! ભગવાન બાપા! જ્યાં દૃષ્ટિ સમ્યક્ છે એને આવી ભૂમિકાને યોગ્ય રાગની મંદતાનો ભાવ આવ્યા વિના રહેતો નથી. એ રાગના પ્રકાર પાડ્યા કે જેને બાર વ્રતના વિકલ્પ છે એને આઠ મૂળગુણનું મૂળ કહેવામાં આવે છે અને બાર વ્રતમાં પણ .. કરે છે અને એને પણ ઓલા ચાર શિક્ષા આપે છે. એટલે વધારે એકાગ્રતા થાય છે. સ્વભાવની એકાગ્રતા તો પોતાને આશ્રયે થાય છે પણ આ રાગની મંદતાનો ભાગ વધારે વધે છે એથી એને ત્રણને ગુણ વ્રત કહ્યા. છે તો બારેય વ્રત વિકલ્પ. આહાહા..! શેઠી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રાગમાં મંદતા. એને અહીંયાં છે તો પુણ્યબંધનું કારણ. બારેય વ્રતનું સ્વરૂપ શું છે એની સ્થાપના થાય છે. અને દૃષ્ટિમાં તેનો નિષેધ છે એમ એની સ્થાપના થાય છે. નવનીતભાઈ! દૃષ્ટિમાં એનો આદર હોતો નથી. નિશ્ચય સ્વભાવના આદર સિવાય રાગ આવે તે નિશ્ચયથી ઉપાદેય છે એમ છે નહિ. વ્યવહારે ઉપાદેય અશુભ ટાળવા માટે કહેવામાં આવે છે. નિશ્ચય ઉપાદેય સ્વભાવ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ સમ્યગ્દર્શનપૂર્વક છે અને આ ઈચ્છા અને ગુણ રાગની મંદતાને કરે છે એટલી વાત સિદ્ધ કરવી છે અહીં. '**द्वादशेति गृहिव्रते**'.

હવે ૨૫. હવે તપ આવ્યું તપ. પાંચમો બોલ તપ. શ્રાવકને હંમેશા તપ હોય છે. પાંચમો બોલ, ષટ્કર્મમાં પાંચમો. આ ષટ્કર્મની વાત ચાલે છે કે નહિ? ..ભાઈ! આ બધું વાંચ્યું છે કે નહિ આ?

**पर्वस्वथ यथाशक्ति भुक्तित्यागादिकं तपः।**
**वस्त्रपूतं पिबेत्तोयं रात्रिभोजनवर्जनम्।।२५।।**

દેખો! શ્રાવકનું પાંચમું કર્તવ્ય. વ્યવહારથી કર્તવ્ય કહેવાય છે ને? નિશ્ચયથી તો '**जं कज्जं तं णियमं**'. નિયમથી કરવા લાયક એ તો આત્માના સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ. એ નિશ્ચયથી કરવા લાયક એ ખરો આવશ્યક છે. આ આવશ્યક વ્યવહારે આવશ્યક કહેવામાં આવે છે. જેમાં પરાધીનતા છે તેને વ્યવહારે આવશ્યક કહેવામાં આવ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ? નિયમસારમાં શુભભાવને પણ અનાવશ્યક કહ્યું છે. તેથી પરાધીનતા થાય છે. વ્યવહારે તેને આવશ્યક કહીને, રાગની મંદતા કહીને આવશ્યક કહેવામાં આવ્યું છે. ઓહોહો..! તપ-તપ હવે.

'**અષ્ટમી ચતુર્દશી કો શક્તિ અનુસાર...**' આઠમ અને ચૌદશમાં શક્તિ અનુસાર ઉપવાસ આદિ કરવો જોઈએ. એટલો રાગ એણે ઘટાડવો જોઈએ. અને '**છને હુએ જલ કા પાની...**' સમજાય છે? (છના હુઆ) પાની પીના. ગાળેલું. ગાળેલું કહે છે ને? છના હુઆ. અમારી ભાષામાં ગાળ્યું પાણી, ગળેલું પાણી. કપડાથી ગળેલું પાણી. એ શ્રાવકના પંચમ ગુણસ્થાનને યોગ્ય (વિકલ્પ આવે છે). કાઠિયાવાડી ભાષામાં એવું છે. ગળેલું પાણી. છના હુઆ. ગાળેલું કહો. સમજ્યાને? '**છના હુઆ જલ કા પાન...**' એટલે વસ્ત્રમાં ગાળીને એ પાણીનો ઉપયોગ (કરવો). એવો શુભરાગનો ભાગ તપની ભૂમિકામાં અહીંયાં તપના કર્તવ્યમાં લીધું છે આ. સમજાય છે કાંઈ?

'**રાત કો ભોજન કા ત્યાગ...**' પંચમ ગુણસ્થાનમાં ષટ્કર્મમાં રાત્રિ ભોજનનો ત્યાગ. રાત્રિ ભોજન તો ઘણા જીવજંતુઓ મરે. સમજાણું કાંઈ? લ્યો! રાત્રે ખાય નહિ અને દૂધ ને રાબડી પીવે. એવું સાંભળ્યું છે. એમ ન હોય. અહીં તો કહે છે, રાત્રિ ભોજનનો એટલો

રાગ મંદ પડીને ત્યાગ જ હોય છે. પંચમ ગુણસ્થાનને યોગ્ય.. મિત્રસેનજી! દૃષ્ટિપૂર્વક, ભાનપૂર્વક એને રાત્રિભોજનનો ગૃહસ્થાશ્રમને યોગ્ય પંચમ ગુણસ્થાનવાળાને રાત્રિભોજનનો ત્યાગ (હોય). ઘણાં જીવાત મરે. કઢી-ખીચડી ખાતો હોય, દાળ ને શાક ખાતો હોય એમાં કેટલી જીવાત મરે. એ જાતના ઘણું.. કોઈ કહે કે અમે દીવો કરીને (ખાઈએ છીએ). પણ જીવાત એટલી હોય એની જતના થઈ શકે નહિ. સમજાય છે કાંઈ? ધર્મી જીવને રાત્રિભોજનનો ત્યાગ હોય છે. એની ભૂમિકા પ્રમાણે રાગની મંદતા એવી આવ્યા વિના રહે નહિ. રાત્રે ખાવાની ગૃદ્ધિ ન હોય. સમજાણું કાંઈ?

'**અવશ્ય કરના ચાહિયે.**' લ્યો! '**ભોજન કા ત્યાગ ભી...**' દેખો! ભોજનમાં પછી ચારેય, હોં! .. આહાર, પાણી લે રાબડી બધાનો ત્યાગ. સમજાણું કાંઈ? રાતે ઉડાવે ભજીયા અને કંદમૂળના.. કંદમૂળને શું કહે છે? કંદમૂળ. આદુના, ઓલા બટાટાના, આલુના. નહિ નહિ એ શ્રાવકને યોગ્ય હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આહા..! એવા કંદમૂળ, બટાટા, શક્કરકંદના શાક એવું એને હોઈ શકે નહિ. રાત્રિભોજનનો ત્યાગ હોય. સમજાણું કાંઈ? ફુદડા કેટલા આવતા હોય, મોઢામાં ઝીણી જીવાત (આવી જાય). એમાં ચોમાસામાં તો મચ્છર એટલા ઝીણા કે કોળિયો લેવા જાય તો મચ્છર ગરી જાય કોળિયામાં ચોંટીને. ખાઈ જાય કોળિયામાં ભેગો. સમજાણું કાંઈ? અને આ બીડી.

મુમુક્ષુ :- ઉપર પંખો નાખે..

ઉત્તર :- પંખા નાખે તો જીવાત ગરે ઝટ દઈને પડે અંદર ઓલામાં. અને આ તમાકુ, બીડી એમાં એટલી જીવાત ઝીણી ત્રસું હોય, એ બીડી પીવે તો ત્રસની બીડી. ધુમાડો. સમજાણું કાંઈ? .. ત્રસનો ત્યાગ જોઈએ. જેમાં ત્રસ મરે છે એ .. ત્યાગ જોઈએ. કહો, સમજાણું કાંઈ? એ તપની અંદરમાં કહ્યું, જોયું? એ તપની વ્યાખ્યામાં લીધું.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વ્યવહારની વાત જેવી હોય એવી તો કહેવાય કે નહિ? એનો વ્યવહાર શ્રાવકનો આવો હોવો જોઈએ. નિશ્ચયનું હોય ત્યારે નિશ્ચયનું અને વ્યવહારનું હોય ત્યારે વ્યવહારનું. બેય વસ્તુ એને સ્થાને હોવા જોઈએ. સમજાણું કાંઈ? એ માટે તો આ અધિકાર લીધો. એક વાર વંચાણો છે છતાં ફરીને આ ફેરી લીધો. આ બધું બહુ ચાલ્યું છે ને. વસ્તુ સમજવા જેવી છે. એમ ને એમ રાત્રે ગલશે ને ખાય... સમજાણું? રસ્તામાં કંદમૂળના અને બટાટાના ભજીયા ખાય. અને આપણે કાંઈ કોઈ કર્તા-હર્તા નથી. એ તો જડની ક્રિયા છે. મરી જઈશ. એ કોણે કહ્યું તને?

મુમુક્ષુ :- અપને બચાવકે લિયે ઐસા બોલતે હૈં.

ઉત્તર :- હા. બચાવ માટે. એ તો ક્રમબદ્ધ આવવાનું હતું તો આવ્યું છે. મરી જઈશ ક્રમબદ્ધ(નું બહાનું પકડીશ તો). ક્રમબદ્ધવાળાની દૃષ્ટિ ક્યાં હોય? જેને દ્રવ્યનો ક્રમબદ્ધપર્યાય

કહે એમ જેણે માન્યું છે એની દૃષ્ટિ જ્ઞાયકભાવ ઉપર ઠરેલી હોય છે. એની દૃષ્ટિ રાગ અને નિમિત્ત ઉપર હોતી નથી. અમરચંદજી! એ ક્રમબદ્ધ ક્રમબદ્ધ કરે છે ને? હવે ક્રમબદ્ધમાં તો અકર્તાપણાની દૃષ્ટિ હોય છે. સમજાય છે કાંઈ? અમારે કાંઈ નહિ. એક જણો કહે, માંસ ખાય તો શું આ નિશ્ચયવાળાને. અરે..! મરી જઈશ. માંસ ને દારૂના ત્યાગ ન હોય ત્યાં મિથ્યાદૃષ્ટિપણું છે. સમજાણું કાંઈ? દૃષ્ટિમાં વિપર્યાસ અને અનંતાનુબંધીનો લોપ જેનો હોય તો એવા માંસ અને દારૂને ખાવાના ભાવ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એને દિને દિને કામ કરવું છે કે કોઈ કહે તો કામ કરવું છે? એને પોતાને કામ કરવું છે કે કો'કને લઈને કરવું છે? એમ કે દરરોજ આવું કહેનાર હોય ને તો અમે સમજી શકીએ, પાળી શકીએ. કહેનાર ક્યાં સુધી ઊભો હોય? અંદરમાં ગરમી ન જાગે અને સગડીના તાપે ક્યાં સુધી ગરમી રહેશે અંદર. સગડી કહે છે ને અગ્નિની? એ કાંઈ કોઠે બંધાય છે સગડી? ગરમી અંદરમાં તેજાના અને માવા ન ખાઈને ગરમી પ્રગટ કરવી જોઈએ. એમ યથાર્થ શ્રદ્ધા અને જ્ઞાન દ્વારા પુરુષાર્થની ઉગ્રતા કરવી જોઈએ. કોઈનું શું કામ છે? દુનિયા એને ઘરે. ઉપદેશ ભગવાનનો ભગવાનમાં રહ્યો. તું ન કર તો ભગવાનનો ઉપદેશ શું કરે? સમજાણું કાંઈ?

હવે ૨૬મી.

**तं देशं तं नरं तत्स्वं तत्कर्माणि च नाश्रयेत्।**
**मलिनं दर्शनं येन येन च व्रतखण्डनम्।।२६।।**

જુઓ! આ તપમાં નાખ્યું (છે), હોં! ઓહો..! સમ્યગ્દૃષ્ટિ શ્રાવક ધર્માત્માએ એ '**દેશ કો છોડ દેના ચાહિયે.**' જે દેશમાં સમ્યગ્દર્શનને વાંધો આવે, હરકત અને વ્રતને વાંધો આવે એ દેશ છોડી દેવો જોઈએ. દેશ-દેશ. દેશનો ત્યાગ. આ પરદેશ, જુઓને! જ્યાં પરદેશ માંસ ને દારૂના ખાનારા એના ભેગા રહેવા અને એ બધા દેશમાં શ્રદ્ધાના ઠેકાણા નહિ રહે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કરોડો રૂપિયા પડ્યા રહે ત્યાં એના ઘરે. ગોવામાં. મુકુલભાઈ આવ્યા છે ને. આ તમારા ભાઈની વાત ચાલે છે. શું કરવું આમાં? ત્યાં દેશ જ એ ખરાબ છે. ત્યાં વાત નહોતા કહેતા એક જણા? કે કંદમૂળમાં શું જીવ ગરી ગયા? કંદમૂળમાં બટાટા (આવે) તો ખાવ ખાવ બટાટા, કહે. અરે..! એમાં અનંત જીવ છે. આમાં જીવ ક્યાં ગરી ગયા? અરે..! જીવ તો એ પોતે જીવ અનંત છે. ત્રસની ક્યાં વાત ચાલે છે. પરદેશ-દેશ જેમાં માંસ ને દારૂ ને જેમાં અધર્મના સ્થાન (હોય) ધર્મી જીવોએ તે દેશને છોડી દેવો જોઈએ. સમજાણું કાંઈ?

જેમાં સમ્યગ્દર્શનની મલિનતાનું કારણ થાય અને વ્રતના ભંગના કારણો દેખાય એવા દેશમાં રહેવું જોઈએ નહિ. '**तं देशं**' કહો, સમજાણું કાંઈ? એ પુરુષને. એવા પુરુષને છોડી દેવા જોઈએ. કુગુરુ, કુશાસ્ત્રની એવી વાતું કરે કે જેમાં શ્રદ્ધાને ભંગ કરી નાખે અને વ્રતના આચરણમાં નુક્સાન કરે એવા પુરુષને પણ છોડી દેવા જોઈએ. છોડવો એટલે તે પ્રત્યેનો રાગ છૂટે એટલે છોડ્યો એમ ચરણાનુયોગની પદ્ધતિમાં કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એવા પુરુષનો સંગ છોડી દેવો જેમાંથી શ્રદ્ધા અને રાગ વ્રતમાં અંદરમાં મલિનતા દેખાય એ સંગ ન કરવો. સમજાણું કાંઈ? કુતર્ક એવા ખોસી નાખશે શાસ્ત્રના નામને લઈને કે શ્રદ્ધા ભ્રષ્ટ થઈ જઈશ.

'**ऐसे धनको...**' ઓહો..! '**तत्स्वं**' છે ને? '**स्वं**' એટલે ધન. શેઠ! ધન-ધન. '**स्वं**' છે ને? ભાઈ! '**स्वं**'. '**स्वं**' એટલે ધન. એ ધનને છોડી દેવું કે આમાં તમને પચાસ લાખ મળશે, આમાં આટલાનો વેપાર થાશે. અરે..! હાલ હાલ. ધર્માત્મા શ્રાવક એવા ધનને છોડી દે છે. અમે ઉણા પેટે રહેશું પણ એવા ધનને અમે સંઘરષું નહિ. સમજાણાં કાંઈ? જુઓ! એક સ્ત્રી આવી છે. એ પાંચ કરોડ લઈને આવે છે. એની સાથે પરણ, ભોગ લે. અમને એ હોય નહિ. અમને સજ્જનને એ હોય નહિ. એ પાંચ કરોડ હો કે દસ કરોડ હો. એ પરસ્ત્રી ન (હોય). છોડી દે એનો સંગ. લક્ષ્મી મળતી હોય એવા અનાચરણ સેવીને લક્ષ્મીને પણ છોડી દે. એ લક્ષ્મીની દરકાર કરે નહિ. બાપુ! આ તો શ્રાવકના વ્રત છે. સમજાય છે? ધર્મી થઈને વીતરાગના માર્ગે ચાલવું છે એને કહે છે કે એવા પુરુષને અને એવા ધનને છોડી દે. ભાગ રાખીને.. નથી રાખતા બધા? માંસના વેપાર અને આ ડબા વેચે છે ને? નથી વેચતા? શું કહેવાય? બહુ ગ્રાહક હોય ને સારા. લેવા આવે તો માંસ લેવા આવે. આ ડબા માંસવાળા હોય છે ને માંસ ભરેલા? પેકબંધ આવે. એ પેકબંધના ધંધા એ ધનને છોડી દે. શ્રાવકને એવા ધંધા હોય નહિ. માછલી પેકબંધ આવે. ગ્રાહક આવે ને? બે ચીજ લખી હોય..

મુમુક્ષુ :- ગંધાય..

ઉત્તર :- ગંધાય નહિ પણ અંદર.. કેટલી જીવાત પડી છે, માંસ છે. શ્રાવકનો એ વેપાર હોય શકે નહિ. એમાંથી કરોડોની પેદાશ થતી હોય તોપણ એ ધનને છોડી દે. કહો, સમજાણું કાંઈ? મલૂકચંદભાઈ! છે એમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ કે બધું લહેર કરતા હોય એમાં આ ચિંતા ઉત્પન્ન કરે. આ નહિ.. આ નહિ.. આહાહા..!

'**तत्कर्माणि**' એવી ક્રિયાનો કદાપિ આશ્રય નહિ કરે. સમજાય છે? જેને માંસના દારૂના વેપારમાંથી આવી ક્રિયા અને એમાંથી કાંઈક લાભ (થાય તોપણ) એ ક્રિયા નહિ. ભાઈ!

આપણે ક્યાં કાપીએ છીએ? એ તો બીજા માણસ કાપે. આપણે તો વેચવું છે સીધું. આપણે ક્યાં? આપણે તો હુકમ કરી દેવો કે આને પાંચ હજારનું આપજો, બે હજારનું માંસ આપજો. અરે..! મરી જઈશ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નામ ન આપે. નામ ન આપે શું, બીજું નામ એનું આપે. ભાવમાં શું છે? પરસ્ત્રીના ઓલા કરે દાસાપણા કરે, વેશ્યાપણા કરે. અને વેશ્યા કરતા હોય એના પૈસા લઈને પોતે એને મદદ કરે. એવી ક્રિયા શ્રાવકને હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? જુઓ! આ સવારમાં સમ્યગ્દર્શનની વાત ચાલે અને બપોરે આચરણની વાત ચાલે છે આ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, એમ થાય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ છોડી દેવું પણ પહેલો... હજી તીવ્ર રાગ ન છોડે તો એ મંદ રાગ શી રીતે છોડશે? તીવ્ર રાગ છોડીને એને આવો મંદ રાગ આવ્યા વિના રહેતો નથી. આ મધના વેપાર... શું કહેવાય? અત્તરના વેપાર શ્રાવકને હોય નહિ. એક બિંદુમાં કેટલા પાપ! એવા આચરણના કર્તવ્ય શ્રાવક કરે નહિ. સમજાણું?

એક પત્રમાં આવે છે કે ભૂખ્યા રહેશું પણ અમે અનાચરણ આવા નહિ કરીએ. એક પત્ર આવે છે, 'શ્રીમદ્'માં આવે છે. ઓહો..! તમને સારા વાક્યો લખ્યા. ભૂખ્યા રહેશું પણ અમે અનાચરણને નહિ સેવીએ. એવા આચરણો અમને ન હો. સમજાય છે કાંઈ? કહે છે કે એવી ક્રિયા અને સમ્યગ્દર્શન .. ને વ્રતમાં ખંડન થાય એવું આચરણ ન હોય.

**भोगोपभोगसंख्यानं विधेयं विधिवत्सदा।**
**व्रतशून्या न कर्तव्या काचित् कालकला बुधैः।।२७।।**

'**बुधैः**' જુઓ, શબ્દ આવ્યો. '**જ્ઞાનિઓં કો શ્રાવકોં કો ભોગોપભોગ પ્રમાણ વ્રત સદા કરના ચાહિયે.**' કંઈ પણ ખાવા યોગ્ય ચીજ હોય એકવાર, ભોગવવા યોગ્ય સ્ત્રી દાગીના, વસ્ત્ર એનું પ્રમાણ કરીને હંમેશા એનું વ્રત થોડું પણ હોવું જોઈએ. '**ઔર વિદ્વાન...**' ... બુદ્ધિ. '**વિદ્વાનોં કો એક ક્ષણ ભી બિના વ્રત કે નહીં રહના.**' એવો ત્યાગ તો એને હોવો જોઈએ.

૨૮.

**रत्नत्रयाश्रयः कार्यस्तथा भव्यैरतन्द्रितैः।**
**जन्मान्तरे ऽपि तच्छ्रद्धा तथा संवर्धते तराम्।।२८।।**

ધર્મીએ '**આલસ રહિત હોકર ભવ્યજીવોં કો ઉસ તરીકે સે રત્નત્રય કા આશ્રય કરના ચાહિયે.**' સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર. પોતાના સ્વભાવનો આશ્રય કરી અને

આ વ્યવહારમાં પણ આવા રાગનો ભાવ આવ્યા વિના રહે નહિ. '**જિસસે દૂસરે દૂસરે જન્મોંમે...**' એવા સમ્યગ્દર્શન-જ્ઞાનના સંસ્કાર નાખે (કે) ભવિષ્યમાં પણ એ સમ્યગ્દર્શન ચાલ્યું ન જાય. સમજાય છે કાંઈ? લંબાય. ત્યાં સ્વર્ગમાં જાય, ત્યાં પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના સંસ્કાર રહે. '**દૂસરે દૂસરે જન્મ મેં ભી ઉસકી શ્રદ્ધા બઢતી ચલી જાય.**' એવા રત્નત્રયનો એણે જરૂર આશ્રય કરવો જોઈએ.

મુમુક્ષુ :- પરંપરા...

ઉત્તર :- હા, એ પરંપરા. શ્રદ્ધા અને જ્ઞાન પરંપરા રહે. એવી દૃઢતા ને જ્ઞાન ને ચારિત્રના સંસ્કાર નાખવા જોઈએ કે ભવિષ્યમાં પણ એ સંસ્કાર ઊભા રહે. શું કહેવાય ભાઈ?

**विनयश्च यथायोग्यं कर्तव्यः परमेष्ठिषु।**
**दृष्टिबोधचरित्रेषु तद्वत्सु समयाश्रितैः।।२९।।**

લ્યો! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના ધરનાર ધર્માત્માએ એવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના ધરનાર પ્રત્યે યથાયોગ્ય વિનય કરવો જોઈએ. એ તપમાં નાખ્યું, જોયું! પોતાથી વડેરા ધર્મમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં હોય એનો વિનય '**यथायोग्यं कर्तव्यः परमेष्ठिषु**' '**समयाश्रितैः**' એ ધર્મને અવલંબીને રહેલા છે એને આ રીતે વિનય કરવો, બહુમાન કરવું. એનો અનાદર કરવો નહિ. ધર્મ ધર્મી વિના હોય નહિ. એવા ધર્મી પ્રત્યેનો આદર અને વિનય ને બહુમાન એનું હોવું જોઈએ. એ શ્રાવકનું ખાસ એનું કર્તવ્ય છે. વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૨, મંગળવાર તા. ૮-૯-૧૯૬૪**
**શ્રાવકાચાર, ગાથા-૩૬ થી ૪૫, પ્રવચન-૧૬**

પદ્મનંદી પંચવિંશતિનો આ છઠ્ઠો અધિકાર છે. શ્રાવકાચાર અથવા શ્રાવકનાં સંસ્કાર કેવા હોય, કોને શ્રાવક કહેવો? એનું આમાં વર્ણન છે. છ અધિકાર થઈ ગયા. ષટ્કર્મની વ્યાખ્યા થઈ ગઈ. હવે અહીંયાં દયાની વાત જરી આચાર્ય કરે છે. દાનનો અધિકાર છેલ્લો પૂરો કર્યો. છે ને? દિન દિન પ્રત્યે દાન કરવું એમ અધિકાર છે. એક દિવસે દાન કર્યું અને પછી બીજે દિવસે નહિ એમ નહિ. સમજાણું? આત્મામાં જ્યાં રાગ જ બિલકુલ નથી એવી જ્યાં આત્માની દૃષ્ટિ નિર્લોભપણાની થાય, નિર્લોભ કહો કે નિર્ગ્રંથ દૃષ્ટિ કહો, આત્મા રાગ અને દ્વેષની ગાંઠ વિનાનું તત્ત્વ છે. સમજાય છે કાંઈ? એવા તત્ત્વની દૃષ્ટિ થાય તેને નિર્ગ્રંથ દૃષ્ટિ કહો કે રાગની એકતા ટળીને અરાગી આત્માનો સ્વભાવ શુદ્ધ છે એવી દૃષ્ટિ થતાં એને લોભ ઘણો મંદ પડી જાય છે. સમજાય છે? એથી એને ષટ્કર્મ હંમેશા હોય છે. દેવની સેવા, પૂજા દેવની, ગુરુની સેવા, સંયમ, તપ, દાન અને સ્વાધ્યાય હંમેશા એને (હોય છે).

શાસ્ત્રનો સ્વાધ્યા હંમેશા એને આચરણમાં એવો ભાવ આવ્યા વિના રહેતો નથી. ષટ્ પ્રકારના દાનનો વ્યવહારની કથનની પદ્ધતિમાં એની ભૂમિકામાં એવો ભાવ હોય છે.

હવે દાનની વાત ૩૬ ગાથામાં છ ગાથાએ પૂરી કરી. આમ તો દાન અધિકાર આખો પૂરો પહેલો આવે છે. મોટી દાનની વ્યાખ્યા ઘણી (આવે છે). એમાં એક અધિકાર એવો પણ લીધો છે. દાન અધિકારમાં એક ગાથા (લીધી છે) કે પૂર્વના પુણ્યને લઈને તને કાંઈ પૈસા આદિ મળ્યા હોય તો કાગડાને જેમ વધેલો અનાજ લેતા એકલો ખાતો નથી. સમજાણું કાંઈ? કૌઆ-કૌઆ હોય છે ને? એ કૌઆને દાઝેલું અનાજ... દાઝેલું કહેવાય ને? જલા હુઆ. ઉખડીયા. એ બલેલું અનાજ મળતાં એકલો ખાતો નથી. એ કૌ કૌ કરીને ઘણાને બોલાવીને ભાગ પાડીને ખાય છે. શોભાલાલભાઈ! છે એમાં, હોં! એ દાન અધિકારમાં છે ક્યાંક. કેટલામું હશે શી ખબર પડે? ૪૬. દાનનું છે. લ્યો, ૪૬ બરાબર છે.

‘**આચાર્ય કૃપણકી નિંદા કરતે હૈં.**’ ૧૩૧ પાનું. છે? એના પહેલા છે. દાન અધિકાર.

**किं जीवितेन कृपणस्य नरस्य लोके**
**निर्भोगदानधनबन्धनबद्धमूर्तेः।**
**तस्माद्वरं बलिभुगुन्नतभूरिवाग्मि-**
**व्याहूतकाककूल एव बलिं स भुङ्क्ते।।४६।।**

પહેલો દાનનો અધિકાર છે, સેઠી! એની ૪૬મી ગાથા છે. ૪૬ ગાથા દાનના અધિકારની. ‘**જિસ લોભી પુરુષ કી મૂર્તિ, કૃપણ પુરુષ.. કા આ લોકમેં જીના સર્વથા વ્યર્થ હૈ.**’ સેઠી! એવા

કંજુસોના આ જગતમાં જીવન બધા વ્યર્થ, વ્યર્થ છે. '**ક્યોં? ઉસ પુરુષ અપેક્ષા કાક હી અચ્છા હૈ.**' તારાચંદજી! એ પુરુષની અપેક્ષાએ કાગડો સારો છે. કૌઆ. જુગરાજજી! એ કૌઆ હોય છે ન કૌઆ? બુલાકર ખાતા હૈ. પહેલા એવો રિવાજ હતો. આહાર-પાણી ખાઈને પછી જે ઉકડીયા-જલા હુઆ હોય એ પત્થરની એક બહારની કુંડી રાખે પત્થરની, એમાં નાખે, નીચે ધૂળ ન થાય. અને એ કાગડો આવે તો કાગડો બધાને બોલાવીને જ ખાય. એકલો ન ખાય. એમ કહે છે કે તારા કરતાં કાગડો સારો. આચાર્યને આવું કહેવાનું શું હશે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કરુણામય હૈ? કરુણાબુદ્ધિથી (કહે છે), ભાઈ! ઓલામાં આવે છે ને?

માખીએ તો મધ પીધું, ન ખાધું, ન દાન દીધું,
લૂંટનારે લૂંટી લીધું રે પામર પ્રાણી.

માખી મધ ભેગું કરે છે ને? પછી હેઠે ઓલા વાઘરી આવીને ધૂવાડો કરે ધૂવાડો. ધૂવાડો કરીને મધ બધું લઈ જાય. દેવીલાલજી!

માખીએ તો મધ પીથું, ન ખાધું, ન દાન દીધું.
લૂંટનારે લૂંટી લીધું રે..

છોકરા-બોકરા બધા લૂંટી જવાના, હોં! બધા ભાગ પાડીને. જીવતા મારે. એ તો ઠીક પણ છોકરા ધૂમાડો કરશે. એ તો ઠીક. બહુ બોલવાની ના પાડી છે એના છોકરાને. કમળાબહેને. નહિતર બહુ બોલે એવા છે. કહો, સમજાણું કાંઈ?

કહે છે કે એ ધુમાડા કરીને... ધૂપ કરે. એમ કરીને પછી બધું મધ લઈ જાય. એમ તારા પૂર્વના પુણ્યને લઈને કાંઈક કુકા મળ્યા હોય, કુકા એટલે પૈસા, આ છોડીયું કુકા રમે છે ને આમ કાંકરાએ, આ પૈસાએ રમે આખો દિ'. દસ પાંચ હજાર, પચાસ હજાર, લાખ, બે લાખ, પાંચ લાખ આમ દીધા ને આમ લીધા. એમાં તેં ખાધું પણ નહિ અને દાન પણ દીધું નહિ. એ ભાગ પાડીને છોકરાઓ અને વારસદાર લઈ જશે. લૂંટી જાશે અને મરીને નરકમાં જાઈશ. ઢોરમાં જઈશ કૃપણ બુદ્ધિમાં.

કહે છે કે કૃપણ બુદ્ધિ કરતાં એ પુરુષની અપેક્ષાએ કાગડો સારો કે જે '**ઊંચે ઊંચે શબ્દ સે દૂસરે બહોંત સે કાકોં કો બુલાકર મિલકર ભોજન કરતે હૈં.**' શોભાલાલભાઈ! એમ તને પૂર્વના પુણ્યના (ફળમાં) ઉકડીયા મળ્યા, ઉકડીયા છે એ. ઉકડીયા સમજ્યા? જલા હુઆ. એમ પૂર્વે આત્માના ગુણ દાઝ્યા હતા, બળ્યા હતા. ગુણ બળે ત્યારે પુણ્યભાવ થાય છે. એ પુણ્યભાવના પ્રમાણમાં તને આ બાહ્ય લક્ષ્મી આદિ મળી. એ તો આવવાની હતી એમાં એ નિમિત્ત. એમાં તેં જો કાંઈ દાનમાં, ધર્મ પ્રભાવનામાં ભોગમાંથી કાઢીને, એમાંથી જો કાંઈ ન કર્યું તો કહે છે કે કાગડામાંથી પણ તું જા એવો છો. સમજાણું કાંઈ? ત્યાં એમાં એ અધિકાર છે.

આચાર્યે છેલ્લી વાત તો એટલી બધી લીધી છે કે આ મારી વાત, ઘુવડને જેમ પ્રકાશ રુચતો નથી, એમ આ લોભને ઘટાડવાની વાત કૃપણને નહિ ગોઠે. એ કૃપણ એમાંથી કાઢશે કાંઈક બીજું. સમજાય છે કાંઈ? કાં તો આ મારી પાસે પૈસા ઘટાડવા માટે આ કહે છે, આ ફલાણું કરવા માટે કહે છે, એમ કરીને ઉપદેશકનો પણ વાંક કાઢશે. એમ છે અંદરમાં. સમજાય છે? ઉપદેશકનો એ વાંક કાઢશે કે આ બધું કરે છે એ મારી પાસે પૈસા લેવા કરે છે. કૃપણ અને કંજુસની જેની વૃત્તિ છે, જેને ભગવાન આત્મા રાગના વિકલ્પ વિનાનો નિર્લોભ પિંડ પ્રભુ આત્મા, એવી જેને દૃષ્ટિ થઈ એને આવી કૃપણતા હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

એ કહે છે કે જેમ ઘુવડને રાતનો અંધકાર ઠીક પડે પણ પ્રકાશ ઠીક પડતો નથી. એમ રાગની મંદ કરવાનો અમારો ઉપદેશ આચાર્ય પોતે કહે છે, ઘુવડ જેવા અંધકારમાં રહેનારાઓ કૃપણોને અમારા દાનનો, લોભ ઘટાડવારૂપી પ્રકાશનો દાનનો ભાગ એને નહિ રુચે. શોભાલાલભાઈ! અને જેમ પત્થરની કળી હોય, ફૂલની અને ભમરો ગુંજારવ કરતો ત્યાં આવે એ પત્થરની કળી નહિ ખીલે. સમજાય છે કાંઈ? જે કાંઈ વનસ્પતિની કળી હશે તો ભમરો પરાગ લેવા આવતા એ ખીલી જશે ફડાક દઈને. એમ જેના લોભ ઘટ્યા છે અને લોભને ઘટાડવાનો જેને ભાવ છે એવાને અમારા ઉપદેશના ગુંજારવનું નિમિત્તપણું થશે. બાકી તો ઉપદેશનો ગુંજારવ પત્થરની કળીને નહિ ખીલવી દે. તારાચંદજી! છે? સમજાય છે કાંઈ?

આચાર્ય જંગલમાં વસનારા મુનિ હતા, કરુણાબુદ્ધિથી કહે છે. કાલે કહ્યું હતું. લોભરૂપી ઊંડી ભેખડના કૂવામાં ભરાયેલાને લોભ ઘટાડવા માટે કાંઈક કૂણપ કરવા માટે આ દાનનો ઉપદેશ અમે કરીએ છીએ. એમ પહેલું કહેવામાં આવ્યું હતું. એમને કાંઈ એની પાસેથી લેવું નથી. પણ અરે.. આત્મા! આ લોભને તને મંદ કરવાનો પણ ભાવ ન થાય તો લોભના ઈચ્છા વિનાનું તત્ત્વ નિર્લોભ આત્મા ભગવાન છે એવા (તત્ત્વની) વીતરાગ દૃષ્ટિ તને થાય, વીતરાગભાવ ગોઠે અને એમ કહે કે આ રાગની મંદતા ગોઠે નહિ... સમજાય છે? એ પૂર્ણ વિપરીત દૃષ્ટિનો દૃઢ કરનાર છે. સેઠી! વીતરાગભાવ ગોઠે છે. વીતરાગભાવ ગોઠે એટલે? આત્મા રાગ અને વિકલ્પ ને લોભ મંદ-તીવ્ર વિનાનો છે. અરે..! એની જેને રુચિ થાય એને મંદ રાગની અને તીવ્ર રાગ ટાળવા માટે લોભની મંદતાનો દાન-દયાનો ભાવ થયા વિના રહે નહિ. એવો એ ભૂમિકાનો ભાગ છે. એથી ત્યાં કહે કે અમારી દાનના ઉપદેશની વ્યાખ્યા એ કૃપણો જે પત્થરની કળી જેવા (હશે) એ નહિ ખીલે. તારાચંદભાઈ!

મુમુક્ષુ :- પત્થરની કળી...

ઉત્તર :- નહિ ખીલે પત્થરની આરસ પહાણની કે લાકડાની. હરિકાય હશે વનસ્પતિ તો પેલો ગુંજરાવ કરે તો ખીલશે.

મુમુક્ષુ :- કોમલ હોગા.

ઉત્તર :- કોમલ હોગા. બસ. જેના હ્રદય કોમળ છે એને આ ઉપદેશ ખીલશે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ દુનિયાનો અનુભવ છે જ ને. નવો શું અનુભવ કરવો હતો? મુનિઓ તો જંગલમાં રહેતા. દુનિયાને-નાચનારને જોવે છે. પોતે નાચતા નથી માટે. સમજાય છે કાંઈ? દુનિયા કઈ રીતે નાચી રહી છે અને કઈ રીતે રહી છે એ બધા એ રીતે નાચી રહ્યાને જ્ઞાની જાણે છે. જંગલમાં રહ્યા.

હવે અહીંયાં ૩૭ ગાથામાં જરી આચાર્ય અહિંસાની વ્યાખ્યા કરીને દયાથી ભાવ તારો હોવો જોઈએ. દયાંગી દયાનું એક અંગ છે. વ્રતોમાં દયાનો ભાવ એ મુખ્ય છે. આ વ્યવહાર દયાની વાત ચાલે છે, હોં! નિશ્ચય દયા તો આત્મામાં જ્ઞાનસ્વરૂપી પ્રભુ વીતરાગી અખંડાનંદ આત્મા, એની દૃષ્ટિ થવી તે અહિંસક દૃષ્ટિ અને તે સમ્યક્દૃષ્ટિ છે. એ અહિંસક દૃષ્ટિ છે. એક વિકલ્પ પણ રાગ ને દયા દાનનો વિકલ્પ મને લાભ કરે કે એ મારું સ્વરૂપ છે એ માન્યતા હિંસક દૃષ્ટિ નામ મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? એવી અહિંસા દૃષ્ટિ પોતાનો સ્વભાવ જ્ઞાન, આનંદ નિર્વિકાર, એવા સ્વભાવની અંતર્મુખ તદ્દન સ્વભાવના શરણે જતાં જે દૃષ્ટિ શુદ્ધ પ્રગટે તેને અહિંસા દૃષ્ટિ, સમ્યક્દૃષ્ટિ, સત્ય દૃષ્ટિ, ધર્મ દૃષ્ટિ કહેવામાં આવે છે. એમાં તો પુણ્ય અને પાપનો વિકલ્પ પણ તેના સાથમાં, સંગમાં હોતો નથી. સમજાય છે કાંઈ? એવી દૃષ્ટિ થયાવંત જીવને પણ શ્રાવકના ગુણસ્થાનને યોગ્ય જ્યારે શાંતિ અંદરમાં પ્રગટી હોય એને આવા કષાયના મંદના ભાવો શુભના થયા વિના રહે નહિ. એની ભૂમિકામાં જો આવા (ભાવ) ન હોય તો એ વસ્તુનિ સ્થિરતા કે દૃષ્ટિની એને ખબર નથી. કહો, સમજાણું આમાં? ૩૭.

**येषां जिनोपदेशेन कारुण्यामृतपूरिते।**
**चित्ते जीवदया नास्ति तेषां धर्मः कुतो भवेत्।।३७।।**

દયાનો અર્થ, પરની (દયા) પાળી શકે છે કે મારી (શકે છે) એ વાત નથી. અહીંયાં કરુણાબુદ્ધિ રાગની મંદતાના પુણ્ય પરિણામની વાત ચાલે છે. સમજાણું કાંઈ? બીજાને હું સુખી કરી શકું કે દુઃખી કરી શકું એ આત્મામાં તાકાત નથી. એ તો પહેલેથી દૃષ્ટિ થયેલી હોય જ છે. એમાં એને બીજા પ્રાણી એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય જીવ છે. જિનોપદેશ છે ને? વીતરાગના ઉપદેશમાં ત્રિલોકનાથ વીતરાગ ચૈતન્ય પ્રભુ, એના ઉપદેશમાં એકેન્દ્રિયથી પંચેન્દ્રિય પ્રાણીઓ છે. એકેન્દ્રિયમાં એક શરીરમાં નિગોદમાં અનંત જીવ, પ્રત્યેક શરીરમાં એક શરીરમાં એક જીવ, એ બધા છે. એ બધા જીવોને ન મારવાનો વિકલ્પ અથવા તેને સુખ દેવાનો વિકલ્પ એવો અનુકંપાનો ભાવ શ્રાવકને સમકિતીને એની ભૂમિકામાં આવ્યા વિના રહેતો નથી. સમજાય છે કાંઈ?

એટલે કે '**જિનેન્દ્ર ભગવાન કે ઉપદેશ સે કરુણા કે .. ભી...**' કરુણા. અરે..! મારાથી કોઈને દુઃખ ન થાય. સમજાય છે? 'શ્રીમદ્' તો એકવાર લખે છે, અરે..! કોઈ આમ લીલોતરી કાપતો હોય અમને કરુણા આવે છે. લીલોતરી, હોં! લીલોતરી કહે છે ને? હરીકાય. અરે..! અનંત આત્મા. એક શરીરમાં અનંત આત્મા. અત્યાર સુધી જીવ છ મહિના અને આઠ સમયમાં જે મુક્તિને પામ્યા ૬૦૮, છ મહિનાને આઠ સમયમાં ૬૦૮ સિદ્ધપદને પામ્યા એવા અનંતા પુદ્ગલ પરાવર્તનમાં જેટલા સિદ્ધ થયા એના કરતાં એક નિગોદના એક શરીરમાં અનંત ગુણા જીવ છે. સમજાય છે?

અત્યાર સુધી અનંતા... અનંતા... અનંતા... પુદ્ગલ પરાવર્તન (થયા). એક પુદ્ગલ પરાવર્તનના અનંત ભાગમાં અનંતી ચોવીસી જાય. એક ચોવીસમાં દસ ક્રોડાક્રોડી સાગરોપમ થાયય એક સાગરોપમમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ જાય. એક પલ્યોપમમાં અસંખ્યમે ભાગે અસંખ્ય અબજ વર્ષ થાય. આહાહા..! સમજાય છે કાંઈ? એક પલ્યનો અસંખ્યમો ભાગ કાળનું માપ અસંખ્ય ભાગમાં અસંખ્યાતા વર્ષ અબજ જાય. અસંખ્યાત ચોવીસ નહિ, હોં! અને એવા એક પલ્યોપમ એના દસ ક્રોડાક્રોડી પલ્યોપમના એક સાગરનું માપ છે કાળનું. એવા દસ ક્રોડાક્રોડી સાગરોપમનો એક ચોવીસીનો કાળ છે. ચોવીસ તીર્થંકર દસ ક્રોડાક્રોડીમાં.. એક ક્રોડાક્રોડીમાં થાય. સમજાણું કાંઈ?

કોઈ દિ' વિચાર કર્યો છે? આહાહા..! અરે..! ક્યાં કેટલો કાળ ગયો? અને એ કાળમાં નિગોદના જીવ એક શરીરમાં, એક શરીરના અનંતમાં ભાગમાં, આ સિદ્ધો અત્યાર સુધી અનંત પુદ્ગલ પરાવર્તનમાં સિદ્ધો પરમાત્મા થતાં આવ્યા એનાથી એક કટકી લીલ ફૂગની-કાયની, બટાટાની, શક્કરકંદની, કંદમૂળની લે કટકી, રાય જેટલો કટકો ટૂકડો, એમાં અસંખ્ય તો ઔદારિક શરીર, એનું એક શરીર લ્યો તો અત્યાર સુધી સિદ્ધ થયા એથી અનંત ગુણા જીવ. સમજાય છે કાંઈ? એવા પ્રત્યેક એકેન્દ્રિયના અસંખ્ય. એવા બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચો ઇન્દ્રિય, પંચેન્દ્રિયના અસંખ્ય જીવો. કહે છે કે '**जिनोपदेशेन**' વીતરાગ ત્રિલોકનાથની વાણીમાં આ જીવોની સંખ્યા એમના જ્ઞાનમાં આવી અને એમ છે. એવો જેણે ઉપદેશ સાંભળ્યો છે. '**कारुण्यामृतपूरिते**' સમજાણું કાંઈ? કરુણારૂપી અમૃતથી જેનું ચિત્ત પૂરિત છે. અરે..! કોઈ જીવને એક રૂવાંટુ ખેંચતા દુઃખ થાય. એને કોઈ જીવને મારી નાખવો. એકેન્દ્રિય હો કે બે ઇન્દ્રિય કે ત્રણ ઇન્દ્રિય, ચો ઇન્દ્રિય, પંચેન્દ્રિય.

'**कारुण्यामृतपूरिते चित्ते**' જેનું ચિત્ત છે. ધર્મી જીવનું કારુણ્ય પૂરિત દયાનું ચિત્ત હોય છે. જીવદયા જેનામાં નાસ્તિ (છે) એવી જેને અંતઃકરણમાં ભાનસહિતની દયાનો ભાવ નથી '**तेषां धर्मः कुतो भवेत्**' એને ધર્મ ક્યાંથી થાય? ઘણી વાત વઈ ગઈ હોં શેઠ! બહુ ઊંચી વાત વઈ ગઈ. તમારો દિવસ ત્યાં પ્રવૃત્તિ કરવામાં જાય ને. આજ બપોરે છોડીયુંનો દેખાવ એવો હતો કે આમ..

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દેખને કા થા. એવી બાયું, એવી બહુ છોડીયું. એમાં ધીરુભાઈની છોડીએ તો ભારે કરી. હરિશ્ચંદ્ર. આહાહા..! હરિસેણ, હરિસેણ. દેખાવ. રાત્રે તો ન આવી શકે પણ દિવસે તો.. આમ વૈરાગ્ય, વૈરાગ્ય. આંખમાંથી આંસુ ચાલ્યા જાય. હિરશ્ચંદ્ર આમ કહે છે કે માતા! ભગવાનનો રથ ન નીકળે અને પહેલો બીજાનો નીકળે? માતા! ભગવાનનો રથ નીકળશે, હોં! ... અને વૈરાગ્યથી આમ... સમજાણું? અનિત્યની ભાવના આવશે ને. આવે ને છેલ્લું કીધું નહિ ઓલામાં? માતા! ચત્રવર્તી પદ તો લીધું .. આ ચક્રવર્તીપદ લીધું પણ ત્યાં પર્વતમાં ચક્રવર્તીના કેટલાય નામ લખાયેલા અનંતમાં, એમાં જે ચક્રવર્તી થાય એ પૂર્વનું ભૂંસાડીને નામ લખે. આહાહા..! જ્યારે એ ચક્રવર્તી હશે. હયાત મનુષ્યદેહ, સોળ હજાર દેહ, આમ રાજા ૩૨ હજાર ચામ ઢાળે, છન્નું હજાર પદ્મણી જેવી સ્ત્રી અને સાધીને જ્યારે આવ્યો હશે ત્યારે પર્વત ઉપર લખે કે હું એક.. ભરત ચક્રવર્તીનું આવે છે ને ભાઈ? નવનીતભાઈ! ભરત ચક્રવર્તીનું. ભરતેષ વૈભવ શાસ્ત્રમાં આવે છે.

એ છ ખંડ સાધીને જ્યારે આવે છે અને આમ છેલ્લો હેમંત પર્વતમાં નામ જોવે છે કે આમાં નામ ક્યાં લખું? ક્યાં લખું? આમાં ખાલી નથી. ઓહો..! ધિક્કાર છે ચક્રવર્તી રાજને. પોતે કહે છે, હોં! અરેરે..! આ છ ખંડના રાજ, આ છન્નું હજાર સ્ત્રી, અરે..! આ રાજ એવા જ પૂર્વે હતા. એ રાજ પાળીને જ્યારે લખતો હશે ચક્રવર્તી, એને એમ હશે કે મારું આ નામ કોઈ ભૂંસાડશે ભવિષ્યમાં. જે નામ લખેલું, ખાલી જગ્યા ન મળે, આમ ભૂંસાડે છે ને ત્યાં વૈરાગ્ય-વૈરાગ્ય (થઈ જાય છે). અરેરે..! ચક્રવર્તીની આ ઋદ્ધિ! અનંત વાર જગતના જીવો ચક્રવર્તી પદને જે જીવ પામ્યા, પામ્યા એ બધા પામતા, એ જીવોના નામ હવે ભૂંસાઈ જાય છે. શરીર તો ગયા અને એના નામ લખેલા ભૂંસાય છે. ઓહો..! સંસાર અનિત્ય! આ સંસારની અનિત્યતા! આહાહા..! મારે પણ એક આ પુણ્યને કારણે એક આ ચક્રવર્તી પદ આવ્યું છે. મારે આ બીજાનું નામ ભૂંસાડીને હું એક ભરત ચક્રવર્તી આદિનાથનો પુત્ર એમ લખે છે. શોભાલાલભાઈ! મણિરત્નથી. મણિરત્ન હોય છે ને. અને હું ચરમશરીરી છું, હોં! એમ લખે છે. હું ચરમશરીરી-આ દેહ મારે છેલ્લો છે. મારે આ દેહે જ કેવળજ્ઞાન પામીને મુક્તિ છે. પણ આ પદના પુણ્યો આ નામને ભૂંસાડવા માગે છે અને મારું નામ લખાવે છે. આહાહા..! શેઠ!

એવા એવા અનંત ચક્રવર્તીઓ થયા. બધાના અનંત નામ ક્યાં ત્યાં રહેતા હતા? પર્વત નાનો એમાં અસંખ્ય નામ પણ ન રહે. સંખ્યાતા રહે. પૂર્વના બધા એ વખતના. એક હજાર દેવ સેવા કરતા હોય. ઘોડા ઉપર આવ્યા હોય. એક હાથમાં તલવાર. એ તલવારની એક હજાર દેવ સેવા કરતા હોય. હાથમાં તલવાર હોં! જે તલવાર એવી હોય. હીરાના થાંભલા હોય તો કાકડીને કાપે એમ કાપી નાખે ફડાક દઈને. કાકડી સમજો છો? કકડી. એવી તો

એ તલવાર હોય જેની હજાર દેવ સેવા કરતા હોય. એ તલવાર આમ લઈને નીકળે રાજા જ્યારે છ ખંડને સાધીને... આહા..! એ પૂર્ણ રાજ પામીને પણ આ લખવા વખતે સમકિતી છે. ભરત સમકિતી છે, આત્મજ્ઞાન છે. સમજાય છે? ઓહો..! સંસાર. આ મશાણમાં શરીરો તો ચક્રવર્તીના ગયા પણ એના નામ ભૂંસાય જાય. નામેય નિશાન રહેતા નથી. ઓહો સંસાર! ધિક્કાર સંસાર અનિત્ય છે. તારાચંદજી! એવા ચક્રવર્તીને પણ એ વખતે જ્ઞાનીને આમ વૈરાગ્ય થઈ જાય. આહાહ..! લોટ્યા મહાણમાં જેના શરીર, જેના લખ્યા લેખ હવે અહીંયાં રહેતા નથી. લખ્યા લેખ રહેતા નથી. અરે..! આ સંસાર. નિત્યાનંદ પ્રભુ આત્માના શરણ વિના ક્યાંય શરણ છે નહિ. એને અહીંયાં આચાર્ય દેવ કહે છે કે અરે..! આત્મા! ભગવાને અનંત જીવની સંખ્યા બતાવી છે, હોં! એ જીવની દયા જેના હૃદયમાં અમૃત નથી એ પ્રાણી શું ધર્મ કરે? એને શું ધર્મ હોય? એમ કરીને અહીંયાં ૩૭માં કહ્યું.

પછી કહે છે.

**मूलं धर्मतरोराद्या व्रतानां धाम संपदाम्।**
**गुणानां निधिरित्यांदिया कार्या विवेकिभिः।।३८।।**

શું કહે છે? '**ધર્મરૂપી વૃક્ષકી જડ...**' આ ધર્મ (એટલે) વ્યવહાર વ્રત આદિ. ભાઈ! એની વાત ચાલે છે, હોં! ભગવાન આત્મા અખંડાનંદ જ્ઞાયકમૂર્તિ સમ્યગ્દર્શનનું મૂળ તો એ દ્રવ્ય સ્વભાવ છે. આ સમ્યક્પૂર્વકની વાત ચાલે છે. આહાહા..! જે આત્મા જ્ઞાન ચિદાનંદ આનંદનો કંદ, જેના સ્વભાવમાં અતીન્દ્રિય આનંદ રસ ઝરે છે. જેના સ્વભાવમાં અતીન્દ્રિય અમૃતનો રસ ઝરે છે. ડુંગરમાંથી અમૃત ઝરે, એમ આત્માના અંતરમાં એકાગ્ર થતાં, એ તો અતીન્દ્રિય અતીન્દ્રિય આનંદનો એકલો અમૃતનો રસ છે. એવું સમ્યગ્દૃષ્ટિને ભાન થયું છે. અને એ ઉપરાંત જ્યારે એને સ્વરૂપના અંશની સ્થિરતાનો ભાગ પંચમ ગુણસ્થાનને યોગ્ય થયો છે, એને જ્યારે આ બાર વ્રતના વિકલ્પ આવે, કહે છે કે એમાં ધર્મ એટલે વ્યવહાર વ્રત એનું મૂળ વૃક્ષની જેમ જડ છે, એમ આ દયા જડ છે.

અહિંસા-કોઈ પ્રાણીને દુ:ખ ન થાય. ભાવની વાત છે, હોં! દુ:ખ દઈ શકે છે એ માન્યતા ખોટી છે. અહીંયાં તો એની અનુકંપા, સમ્યગ્દર્શન થતાં અનંતાનુબંધીનો નાશ થયો છે તેથી અનુકંપા પોતાના આત્માની દયા છે અને બીજા જીવની દયા છે. એના હૃદયમાં સહજ એવો ભાવ ઉઠે છે. જેથી આચાર્ય જરી કહે છે, એ ધર્મ રૂપી વૃક્ષની જડ '**સમસ્ત વ્રતોં મેં મુખ્ય હૈ.**' કહો, સમજાણું કાંઈ? બધા વ્રતમાં મુખ્ય એ દયા છે અહિંસા. સર્વ સંપદાઓનું સ્થાન છે. એક ઈન્દ્રના પદ મળે એનું સ્થાન પણ એ અહિંસાનો ભાવ છે. જુઓ! અહીં ખુલાસો તો કર્યો ભાઈએ. પુણ્ય પરિણામ છે. એવા પુણ્ય પરિણામ સમકિતીને થયા વિના રહે નહિ. એવો એક છે શ્લોક આપણે. અમારે હીરાજી મહારાજ કહેતા હતા. એ આ બનારસીદાસમાં છે. એને ક્યાંથી મળ્યું હશે કોણ જાણે. પણ આમાં બનારસીદાસમાં એ દયાની

વ્યાખ્યા (આવે છે). બનારસીદાસ થઈ ગયા ને? એમણે પણ એક દયાનો અધિકાર લીધો છે. સમજ્યાને? ક્યાંક છે ખરો.

અહિંસાનો અધિકાર-એમ કરીને એમણે વ્યાખ્યા કરી. અમારે હીરાજી મહારાજ સંપ્રદાયના ગુરુ હતા એ આ બહુ બોલતા. એ તો ઓલો મૂર્તિમાં હિંસા થાય ને ફૂલની, એ અપેક્ષાએ કહેતા કે જ્યાં દયા નથી અને જ્યાં હિંસા હોય ત્યાં ધર્મ નથી. પણ અહીંયાં બનારસીદાસ તો સમ્યગ્દર્શનની ભૂમિકામાં અહિંસાના વ્યવહાર પરિણામ કેવા હોય એ બનારસીદાસ બતાવે છે. 'સુકૃત કી ખાન ઈન્દ્રપુર કી નિશાની જાન.' આવ્યું ને? ખજાનો આવ્યો ને? ભાઈ! જુઓ. 'સુકૃત કી ખાન ઈન્દ્રપુરી કી નિશાની જાન. પાપ રજ ખંદ .. ન રાખી પીખીએ, ભવ દુઃખ પાવક .. મેરુ માલા ... સુગતિ .. કુગતિ દ્વાર .. આગલ સો દેખિયે ઐસી દયા કીજીએ ...' વ્યવહાર અહિંસાની વ્યાખ્યા કરે છે, હોં! અહિંસા સ્વભાવ તો પ્રગટ્યો છે દૃષ્ટિમાં. એને વ્યવહાર દયાના ભાવ કેવા હોય? કે સુકૃતની ખાણ. સુકૃતની ખાણ-શુભભાવ એ દયાનો છે એ બધા શુભની પુણ્યની ખાણ છે.

'ઈન્દ્રપુરી કી નિશાની...' એવા સુકૃતના પાળનારા સમ્યગ્દષ્ટિપૂર્વક દયાના પાળનારા ઈન્દ્રપદને પામે. 'ઈન્દ્રપુરી કી નિશાની' સમજાય છે કાંઈ? ઓલા એકલેથી ભાઈ ... હતા, બીજાની દયા પાળવી, આમ છે. ભાઈ! એ બીજાની દયાની વાત નથી. પાળી શકે નહિ (ત્યાં) ક્યાં પ્રશ્ન છે. અહીં તો પોતામાં... પોતામાં સમજે? સ્વયં. રાગની મંદતાનો .. દયા કા ભાવ આતા હૈ સમ્યગ્દર્શનપૂર્વક, એ 'ઈન્દ્રપુરી કી નિશાની'-એ ઈન્દ્રપદની અંદર અવતરશે જેમાં અપ્સરા કરોડો (હશે). એ રાગ પુણ્યનો ભાગ છે ધર્મની ભૂમિકામાં એટલે ઈન્દ્રપદ આમાં આવ્યું ને? દેખો. **'સર્વ સંપદાઓ કા સ્થાન.'**

પદ્મનંદી મહારાજ જંગલમાં વસનારા મુનિ છે. એ કહે છે કે સર્વ સંપદાઓનું સ્થાન છે. સમજાણું કાંઈ? એ અહીં કહે છે. 'ઈન્દ્રપુરી કી નિશાની જાન, પાપ રજ ખંડવે કો..' જુઓ! પાપ રજ, હોં! અશુભભાવ રૂપી પાપના કર્મ બાંધેલા એને નાશ કરવાનો એ અહિંસાના પરિણામ પુણ્ય એ મુખ્ય વસ્તુ છે. '.. રાખી પેખીએ.' રજ પડી હોય ને બહુ ધૂળ? પવન નીકળે પવન. અને પવન જેમ ધૂળને ઉડાડી દે. આવે ને મારવાડમાં શું કહેવાય તમારે? બિકાનેર ને. આંધી આતી હૈ. બહુ રજ કા ઢગ હોતા હૈ ને પવન નીકળે તો ઉડાડી દે. એમ 'પાપ રજ ખંડન કો પૌન રાશી કે' પવનનો ઢગલો છે એ દયા.

'ભવ દુઃખ પાવક બુજાયવેકો મેઘમાળા.' ભવના દુઃખને ટાળવા માટે મેઘની માળા (છે). માળા કેમ કહી? આ વરસે છે ને પાણી? બિંદુ આમ પડે છે ને માળાની પેઠે. વરસાદ. એક સાથે મુશળધાર જેવો નહિ. આમ ઉપરથી પડે છે. પવન આવે ને અંદર એટલે આમ ધારા આવે વરસાદની. મેઘમાળા. વરસાદની માળા હોય જાણે દયાના ભાવ.

મુમુક્ષુ :- ખુબ વરસાદ.

ઉત્તર :- હા, ખુબ વરસાદ.

'કમળા મિલાયવે કો દૂતી' આ લક્ષ્મી મેળવવાની આ દાસી છે. શોભાલાલભાઈ! શું કહે છે આ? કમળા નામ લક્ષ્મી. આ ધૂળ-ધૂળ. પાંચ-પચાસ લાખ કે કરોડ. એ 'કમળા મિલાયવે કો દૂતી' દૂતી. વચ્ચે દાસી છે. કમળા (એટલે) લક્ષ્મી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભાઈ! દુનિયા એને કમળા માને છે ને. કમળ છે એ. મેલ છે. પણ એમ માને કે આહા..! લક્ષ્મી મળી. આમ લક્ષ્મીના લાડા સુખિયા કહેવાય, ઘરે તો આમ મોટરું ફરે. લાખ-લાખની મોટરું. એય..! અમરચંદભાઈ! એક લાખ અને દસ-દસ હજારની મોટરું જેના ઘરે ચાર-ચાર. ૩૦-૪૦ મોટરું. હવે એ નવરો શેનો થાય? એનો બાપ કહેતો હશે. સમજાણું કાંઈ?

કહે છે કે 'કમળા મલાયવેકો...' ધર્મી જીવને લક્ષ્મી મોઢા આગળ (આવે). એક પદ આવ્યું હતું આપણે. એક પદ આવ્યું હતું એ ભક્તિમાં ક્યાંક. ભગવાન! આપની ભક્તિ કરે. ઓહો..! લક્ષ્મી તો આજ્ઞા માગતી આવશે. આજ્ઞા માગતી આવશે. કેટલી ક્યાં કેમ જોવે? આપની ઇચ્છા શું છે? આપની ભક્તિ કરનાર ત્રણ લોકના નાથ પરમાત્મા જ્યાં પૂર્ણ નિર્ગ્રંથ નિર્લોપ આત્મતત્ત્વ છે એવી દૃષ્ટિ થઈને આત્માની ભક્તિ વીતરાગની જે કરે છે, ભગવાન! એની તો આયુષ્ય... ક્યાંક છે કડી હોં! એ ક્યાંક આવી ગયું છે ખરા. દાનમાં હશે? દાનમાં છે ક્યાંક. બધું યાદ રહે છે કાંઈ? આજ્ઞા માગતી લક્ષ્મી આવશે. સમજાણું કાંઈ? એ ક્યાંક છે, દાનમાં છે ઘણું કરીને. નહિ? અને ઓલું કહ્યું છે ને દાનમાં ભાઈ! ત્યાં? કે લક્ષ્મી ખરચે ખટશે નહિ. એવો પાઠ છે દાનમાં. પુણ્ય ખૂટે વગર ખરચે ખૂટી જશે. સમજાય છે? એ દાનમાં છે ક્યાંક હોં! દાનમાં છે ને ક્યાંક? દાનમાં કેટલામો અધિકાર છે. થોડું કો'કે યાદ રાખવું જોઈએ ને કાંઈક. દાનનો અધિકાર છે ત્યાં છે. ૩૮. પાનું ૧૨૮ અને ૩૮ ગાથા. ૩૮ ગાથા છે.

**पुण्यक्षयात्क्षयमुपैति न दीयमाना**
**लक्ष्मीरतः कुरुत संततपात्रदानम्।**
**कूपे न पश्यत जलं गृहिणः समन्ता-**
**दाकृष्यमाणमपि वर्धत एव नित्यम्।।३८।।**

ભગવાન આચાર્ય જંગલમાં રહ્યા સંત આત્મધ્યાન અને જ્ઞાનમાં છઠ્ઠે-સાતમે ગુણસ્થાને જુલાયમાન. એ પણ એકવાર દાનની વ્યાખ્યા કરતા કહે છે કે

**कूपे न पश्यत जलं गृहिणः समन्ता-**
**दाकृष्यमाणमपि वर्धत एव नित्यम्।।**

**'હે ગૃહસ્થો! કૂએ સે સદા ચારોં તરફ સે નીકલા હુઆ જલ જિસ પ્રકાર**

**નિરંતર બઢતા હી રહતા હૈ.**' છે? ઘટતું નથી. '**ઉસી પ્રકાર સંયમી પાત્રોં કે દાન મેં ભેટ કી હુઈ લક્ષ્મી સદા બઢતી જાતી હૈ. ઘટતી નહીં. કિંતુ પુણ્ય ક્ષય હોને પર વહ ઘટતી હૈ.**' પુણ્ય તેરા ક્ષય હો જાયેગા. એ નહિ ખરચે પૈસા ખૂટી જશે. અને તારું પુણ્ય હશે તો પૈસા ખરચે ખૂટશે નહિ. વધતી જ જશે. કૂવામાંથી પાણી જેમ કાઢે છે. એક કૂવો છે ને અહીં આપણે. કેવો? માણેકચંદભાઈ!

મુમુક્ષુ :- જનડા.

ઉત્તર :- જનડા. જનડનો એક કૂવો છે. બાર કોષ. બાર કોષ પાણી. અઢાર કોષ વળી લ્યો. અઢાર કોષ ચાલે છે. દો-દો બળદ. અઢાર કોષ ચારે બાજુ નીકળે છે પાણી. ખૂટે નહિ. જનડા અહીંયાં છે. માણેકચંદભાઈના ગામ પાસે. અઢાર કોષનું પાણી. સમજાય છે?

એ કૂવો એવો હતો કે કોઈએ ખોદેલો બહુ ઊંડો. પણ એક ચાર-આઠ તસુનો પત્થર રહી ગયેલો અંદર આડો. પાણી ન નીકળે. એટલે પછી છોડી દીધું. લોકો કાયર થઈ ગયા. એમાં એક કોઈ જાન આવી જાન. એ જાન આવી. જાન સમજો છો? બારાત. બારાત આવી હતી ત્યાં સવારે વહેલા નીકળ્યા હશે અને તૃષા લાગી. અંધારું. ભાઈ, આમાં પાણી છે પાણી કાઢો. પાણી હાથ ન આવે પાણી. પાણી હતું જ નહિ. પણ એક જણો મૂંઝાણો નાખને પથરો ઉપરનો એક પચાસ મણનો હતો. નાખ એની અંદર. પાણી છે કે નહિ ખબર પડે. ત્યાં એ .. તળ હતું જે દળ, એ (પથરો) પડ્યો અને ફૂટ્યું. અઢાર અઢાર કોષ વહે અને પાણી ખૂટતું નથી. એ હરજીવનભાઈએ દાખલો આપ્યો હતો. એય..! ક્યાં ગયા તમારા બાપ કેમ નથી આવ્યા? શું છે? એ દાખલો આપ્યો હતો હરજીવનભાઈએ. ભાઈ! ઓલો ઉપદેશ આવે ને, તો કહે, આ તો જનડાનો કૂવો ફાટ્યો છે. આ અમને નથી ગુરુએ આપ્યું અને નથી આ. એમ કરીને બિચારા કહેતા. આ બધી વાત ક્યાંથી કાઢો છો? આ તો કહે, એક તળ હતું ને એમાં પથરો નાખ્યો અને પાણી ફાટે એમ ફાટ્યું છે. એમ બિચારો કહેતો હરજીવન.

અહીં કહે છે કે અંદરના જ્યાં પાણી ફાટ્યા. એ તળ થોડું જ હતું, હોં! એક વિકલ્પ અને આત્માની એકતાબુદ્ધિનું તળ ફક્ત. સમજાય છે કાંઈ? રાગને મંદ કરતા કરતા કરતા આવેલો પણ ઓલો કૂવો ફાટેલો નહિ. પણ જ્યાં અંદર રાગ અને સ્વભાવની એક્તા તૂટી, તળમાં તળિયામાં પાણી અનંતુ ભર્યું છે ચૈતન્યનું. અનંત જ્ઞાન, અનંત દર્શન, આનંદ. એક વિકલ્પની એક્તા તોડતા ફૂવારો ફાટે છે. એવો ભગવાન આત્મા અનંત જ્ઞાન દર્શનનો કૂવો પાતાળ કૂવો છે. પાતાળ કૂવો સમજાય છે? આ પાતાળ કૂવો નથી હોતો? મોટો ઊંડો કૂવો હોય છે. જેમાંથી અંદરથી પાણી નીકળ્યા જ કરે ગમે તેટલા. એમ આ અઢાર કોષનું પાણી. થોડું બાકી હતું પણ અઢાર કોષનું પાણી નીકળ્યું.

એમ અહીંયાં કહે છે, દાન દેતા દેતા તારા પુણ્ય હશે તો પાણી કૂવામાં જેમ નવું આવે

એમ આવ્યા જ કરશે. પણ જો લક્ષ્મીને આ રીતે દાનનો ઉપયોગ નહિ કર તો પુણ્ય ક્ષય થશે તો લક્ષ્મી હશે એ વઈ જશે. આચાર્યે ઘણા દાખલા આપીને રાગની મંદતા માટે લોકોને અનુકંપા બુદ્ધિથી જરી ઉભા કર્યા છે. પણ બળદ હોય જેને પગમાં-ટાંગામાં જોર ન હોય એને કહે, લાકડા નાખ્યે બળદ ઊંચા ન થાય એ. લાકડા સમજ્યા ને? સાંગરા. જેના પગમાં કસ ન મળે, ઘાસ ખાવાની શક્તિ. ઘાસ હોય તો તો પગમાં જોર હોય. લાકડા નાખે ઊંચા કરે પણ ઓલા ન થાય. અમે નજરે જોયેલું (સંવત) ૧૯૮૧માં, ગઢડામાં. જરી વરસાદ, બહુ દુકાળ હતો. અમે ત્યાં ઉતરેલા. વ્યાખ્યાન પૂરું થાય એટલે .. ઊંચા કરે. એ જ્યાં આઘા જાય ત્યાં પડે હેઠે. કારણ કે પગમાં કસ ન મળે. એમ જેને અંદરમાં યોગ્યતાની લાયકાતમાં કસ ન મળે એને ઉપદેશના લાકડા કામ કરતા નથી. ગમે તેટલા ઉપદેશના લાકડા અંદર નાખે તો ફૂ થઈને પડે એની માથે. કહો, સમજાણું કાંઈ?

અહીં આચાર્ય મહારાજ કહે છે... આપણે અહીં હતું બનારસીદાસનું. કહો, સમજાણું? ‘સુગતિ વધુ સો પ્રીત..’ એ સુગતિરૂપી સ્ત્રીની પ્રીતિ બંધાવનાર અહિંસાભાવ છે. સમજાય છે કાંઈ? સુગતિ તો એના કાળજામાં છે, એના કપાળમાં છે. કહે છે કે જેને આત્માના ભાનસહિત અહિંસાનો ભાવ પ્રગટ્યો ‘સુગતિ વધુ સો પ્રીત’ વધુ એટલે સ્ત્રી. સુગતિ રૂપી સ્ત્રી તો એના કપાળમાં છે, મળશે. ‘પાલવે કો આલિ સમ કુગતિકે દ્વાર .. દેખીયે.’ દુર્ગતિમાં જવા માટે અહિંસા એ આગળિયો છે. આગળિયો સમજાય છે? બારણા આગળ લાકડીનો મૂકે. એ આગળિયો છે અહિંસા ભાવ, દયા થાવ, વ્યવહારે અમૃત ભાવ છે. ‘ઐસી દયા કીજે .. તિહું લોક પ્રાણી હિત ઔર કર્તૃત્વ કાંઈ લેખે મન લેખિયે.’ વિશેષ કહે છે.

‘અગની મેં જૈસે અરવિંદ ન વિલોકિયત...’ આ ઉપર જોર આપતા. અગ્નિમાં જેમ અરવિંદ નામ કમળ ઉગે નહિ. અગ્નિમાં કમળ ઉગતું હશે? ‘સુરત મત જૈસે ..’ સુર-સૂર્ય આથમી જાય ત્યારે કાંઈ દિવસ રહેતો હશે? સૂર્ય આથમ્યા પછી દિવસ રહે નહિ. ‘સાપ કે બદન જૈસે અમૃત ન ઉપજત’ સર્પના મુખમાં કોઈ દિ' અમૃત, કોઈ દિ' એના ખજાને ન હોય. ત્યાં તો એની દાઢુમાં ઝેર હોય. સર્પની દાઢમાં ઝેર હોય. ‘કાળકૂટ ખાઈ જૈસે જીવન ન જાણીએ.’ કાળકૂટ ઝેર ખાઈને જીવતો રહે એમ બની શકે નહિ. ‘કલહ કરત નહિ પાઈએ સુજસ જૈસે...’ ક્લેશકારી પ્રકૃતિ અને સુજસ મેળવવો છે. બહુ સારો, એમ જશ મળતો હશે? પ્રકૃતિ પીખી રાગી, ક્રોધી, માન, માયા ક્લેશકારી સખ નહિ. કાં વઢ ને કાં વઢવાડ લાવ. સમજાણું કાંઈ? કાં મારી સાથે ક્લેશ કર, નહિતર ક્લેશ કરનાર લાવ. પણ હમ ક્લેશ વિના રહ સકતે નહીં. શેઠ! એવી પ્રકૃતિ પડી હોય ને કે હું ક્લેશ કરું નહિ તો લાવ ક્લેશ કરનાર. હું તો ન કરું. તો બીજો લાવ. પણ અમારી સાથે માથા ફોડે એવો ક્લેશ કરનાર લાવ. વઢ નહિતર વઢવાડને લાવ. એમ કહે છે ને અમારે કાઠિયાવાડમાં. તમારી ભાષા હશે કાંઈક. હિન્દીમાં હશે કંઈક.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા. એ તું લડ નહિતર લડનાર લાવ. અમારી કાઠિયાવાડી ભાષામાં (એમ કહેવાય). સમજાણું કાંઈ? એવા કલહ કરનારા અને પાછો દુનિયામાં જસ મેળવવો છે. બનશે?

'બાધત .. રોગ નાશ ન બખાનીયે...' જુઓ! રસરોગ થાય છે ને? આ કેરી ખાય છે ને. શું કહેવાય એને રોગને? કેરીનો નથી રોગ થાતો? કેરી-કેરી. એમાંથી રોગ થાય છે. કેરી ન ખાઈશ. કેરી ખાઈશ તો આમ થાશે એમ કહે છે. 'પ્રાણી વધ માંહી તેસે ધર્મ કી નિશાની નહિ, યહીં તે બનારસી વિવેક મન આણીએ.' એમ કહે છે. સમજ્યા ને? બનારસીદાસ કહે છે, ૩૫૦ વર્ષ પહેલાં. એ અમારે સંપ્રદાયમાં કહેવાતું.

એમ અહીંયાં અહિંસા દયા એ તો ત્યાં ઇન્દ્રપદની નિશાની છે. સમજાણું કાંઈ? અને ખજાનો છે. અહીં લખે છે, જુઓ! '**ગુણોં કા ખજાના હૈ.**' ગુણોનો ખજાનો રાગ મંદમાં બહુ રાગ મંદ દયાનો જેને હૃદય છે એને ઘણી કોમળતા આદિ ભાવ હૃદયમાં હોય છે. '**ઈસલિયે વિવેકી મનુષ્યોં કો...**' જુઓ! વિવેક શબ્દ પડ્યો ને. અહીં પણ વિવેક આવ્યો. '**યહ દયા અવશ્ય કરની ચાહિયે.**' કહો, સમજાણું કાંઈ?

૩૯.

**सर्वे जीवदयाधारा गुणास्तिष्ठन्ति मानुषे।**
**सूत्राधाराः प्रसूनानां हाराणां च सरा इव।।३९।।**

'**જિસ પ્રકાર ફૂલોં કે હારોં કી લટ્ટી...**' લટ્ટી હોય છે ને ફૂલના હારની? '**સૂત્ર કે આશ્રય સે રહતી હૈ.**' સૂત્રના દોરને આશ્રયે લટ્ટી રહે છે. '**જૈસે મનુષ્ય મેં સમસ્ત ગુણ જીવદયા કે આધાર સે રહતે હૈં.**' દુશ્મન હોય તો પણ એના પ્રત્યે એને દયા આવવી જોઈએ. કોઈપણ પ્રાણી હોય, એ પણ સુખને માગે છે. તો કોઈ પ્રાણી પ્રત્યે એને દુઃખ ઉપજાવવાની વૃત્તિ હોય નહિ. '**દયા કે આધાર સે. ઈસલિયે સમસ્ત ગુણોં કે સ્થિતિ કે અભિલાષી ભવ્ય જીવોં કો યહ દયા જરૂર કરની ચાહિયે.**'

**यतीनां श्रावकाणां च व्रतानि कलान्यपि।**
**एकाहिंसाप्रसिद्ध्यर्थं कथितानि जिनेश्वरैः।।४०।।**

જુઓ! ઓહોહો..! આચાર્ય કરુણા કરીને (કહે છે). વનમાં વસ્યા. વનમાં વસેલા સંતો જગતની કરુણા માટે આ શાસ્ત્રો થઈ ગયા, રચાઈ ગયા. થઈ ગઈ કરુણા એની. અરે..! જીવો! આ ચોર્યાશીમાં રખડતા ક્યાંથી આવ્યા? ક્યાં જશો? ભાઈ! તમારા ભવિષ્યના ક્યાં પત્તા? તમારા તંબુ ક્યાં તણાશે? અહીંથી મરીને ક્યાં જશો? કોઈ ત્યાં પાંજરાપોળ નથી કે ત્યાં તમારી સેવા કરે. માટે કહે છે, યતિને-મુનિઓને. મુનિઓના વ્રત છે પંચ મહાવ્રત કે અઠ્યાવીશ મૂળગુણ. શ્રાવકોના વ્રત સર્વજ્ઞદેવે કહ્યા છે. છે ને? '**एकाहिंसाप्रसिद्ध्यर्थं कथितानि**' '**યહ સર્વ અહિંસાં કી પ્રસિદ્ધિ કે લિયે હૈ.**' એ ચાર વ્રત પણ અહિંસાની

વાડ છે.

અહિંસા એ અહિંસાને પાળવા માટે સત્ય છે. અહિંસા માટે અદત્ત, દત્ત ન લેવું. અહિંસા માટે બ્રહ્મચર્ય, અહિંસા માટે પરિગ્રહરહિત. બહારનો. એ અહિંસાની પુષ્ટિના કારણ ઓલા ચાર છે. ઓલા ચારના અહિંસા નહિ, પણ અહિંસાની પુષ્ટિની એ ચાર વાડ (છે). જેને એ અહિંસા ભગવાને સર્વ અહિંસાની પ્રસિદ્ધિ માટે કહ્યા. '**હિંસા કા પોષણ કરનેવાલા કોઈ ભી વ્રત નહીં કરાતા હૈ.**' જેમાં કોઈપણ પ્રાણીને દુઃખ થાય એવી વાત ભગવાનની વાણીમાં વ્યવહાર વ્રતની અંદર પણ હોઈ શકે નહિ. '**ઈસલિયે વ્રતી મનુષ્યોં કો સમસ્ત પ્રાણી પર દયા હી રખની ચાહિયે.**'

**जीवहिंसादिसंकल्पैरात्मन्यपि हि दूषिते।**
**पापं भवति जीवस्य न परं परपीडनात्।।४१।।**

'**કેવલ અન્ય પ્રાણીઓં કો પિડા દેને સે હી પાપ કી ઉત્પત્તિ નહીં હોતી. લેકિન ઉસ જીવ કો મારુંગા અથવા જીવ મર જાવે તો અચ્છા હો. ઈત્યાદિ જીવ હિંસા કે સંકલ્પોં સે જિસ સમય આત્મા મલિન હોતા હૈ ઉસ સમય પાપ કી ઉત્પત્તિ હોતી હૈ.**' પરિણામ સંકલ્પ કર્યા ત્યાં પાપની ઉત્પત્તિ થાય છે. મરો, ન મરો એની સાથે કાંઈ સંબંધ નથી. બીજો પ્રાણી જીવે કે ન જીવે. એને આમ દુઃખ દઉં, એને આમ મારું, પ્રતિકૂળ છે તો ઉડાડી દઉં એવો સંકલ્પ, બીજાને દુઃખ થાય કે ન થાય પણ તારા આત્માને તો સંકલ્પથી હિંસા થઈ ગઈ છે. માટે એવા સંકલ્પો (કરવા નહિ).

મુમુક્ષુ :- ... ઈરાદા હો,..

ઉત્તર :- હા. ઈરાદો હોય. એ તો છે. ખૂન થયું હોય પણ ઈરાદો શું છે એમ પૂછે છે. મારી નાખ્યો એમ ન પૂછે. બચાવવાનો હોય કે ભાઈ! હું તો મારો બચાવ કરવા માટે ગયો હતો. મને મારતા હતા. મેં લાકડું આમ કર્યું તો એને પેટમાં કાંઈક ગાંઠ (હતી), એને વાગી અને એ મરી ગયો. મારો મારવાનો ભાવ નહોતો. તો ઈરાદો મારવાનો ન હોય તો એને ફાંસી આપે નહિ. એમ હશે કે નહિ? આ વકીલ છે. એમાં તો ખબર પડે કે નહિ એને? ઈ ત્યાં પાછો નાખે છે. ભારે પણ ભાઈ. ના, ના શું એ આવ્યા વિના રહે જ નહિ તાળો. એ કાં આમ આવે અને કાં આમ આવે. બે બાજુ આવે. એય..! ક્યાં ગયા ભાઈ? નટુભાઈ! એ સનેપાત હોય ને એનો ચાળો ચાલ્યા વિના રહે જ નહિ જરીએ અંદર. કહો, સમજાણું આમાં? '**पापं भवति जीवस्य न परं परपीडनात्**'. લ્યો!

હવે આચાર્ય મહારાજ બાર ભાવનાની વાત કરવા માગે છે.

**द्वादशापि सदा चिन्त्या अनुप्रेक्षा महात्मभिः।**
**तद्भावना भवत्येव कर्मणः क्षयकारणम्।।४२।।**

સમજાણું કાંઈ? આહાહા..! ઉત્તમ પુરુષો લીધા. જુઓ! મહાત્મા શબ્દ લીધો છે ને?

સમ્યગ્દષ્ટિ જીવ છે, ધર્મની દૃષ્ટિ થઈ છે. એની ગૃહસ્થાશ્રમમાં વાત છે. એ સ્ત્રી, કુટુંબમાં છે છતાં એને અહીંયાં મહાત્મા કહ્યો છે. ધર્મીને મહાત્મા કહ્યો છે. ભલે રાજ કુટુંબમાં પડ્યો (હોય). મહા આત્મા. અંતરાત્મા થયો માટે તેને મહાત્મા કહેવાય છે. સમજાણું કાંઈ? ભગવાન જ્ઞાન અને અનંત ગુણનું ધામ આત્મા, એની અંતર અનુભવની દૃષ્ટિ થઈ, પર્યાયમાં અંતર આત્મદશા પ્રગટી. હવે એ પરમાત્માને સાધવાનો સાધક છે. માટે અંતર આત્માને પણ મહાત્મા કહેવામાં આવે છે. પછી એ સ્ત્રી હો, પુરુષ હો, નારકી હો કે ઢોર હો. ચોથે ગુણસ્થાને પણ એને એ દશા પુરતો મહાત્મા કહેવાય છે. અહીં પાંચમા ગુણસ્થાનની વાત ચાલે છે. સમજાણું કાંઈ?

'**तद्भावना भवत्येव कर्मणः क्षयकारणम्**'. બાર ભાવનાનું શાસ્ત્રમાં સ્વરૂપ તો સંવર રૂપે લીધું છે. સમજાય છે? અહીં વિકલ્પ રૂપ લઈને સ્વભાવ તરફની એકાગ્રતા છે એમાં આવી ભાવના ભાવતા વિશેષ રાગરહિત વીતરાગતા અંદર પ્રગટ થાય, એનાથી કર્મનો ક્ષય થાય એમ કહેવામાં આવે છે. અને જેટલો વિકલ્પ પુણ્યનો હોય તેટલો તેમાં પાપનો ક્ષય થાય. તે માટે કર્મક્ષયનું કારણ આ રીતે કહેવામાં આવ્યું છે.

'**ઉત્તમ પુરુષોં કો બારહ ભાવનાઓં કા સદા ચિંતવન કરના ચાહિયે. ક્યોંકિ ઉન ભાવનાઓં કા ચિંતવન સમસ્ત કર્મો કા નાશ (કરનેવાલા હૈ). આચાર્યવર બાર ભાવનાઓં કા નામ બતાતે હૈં.**'

**अध्रुवाशरणे चैव भव एकत्वमेव च।**
**अन्यत्वमशुचित्वं च तथैवास्त्रवसंवरौ।।४३।।**
**निर्जरा च तथा लोको बोधि दुर्लभधर्मता।**
**द्वादशैता अनुप्रेक्षा भाषिता जिनपुङ्गवैः।।४४।।**

વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્માએ '**जिनपुङ्गवैः**' જિનમાં જે મહાપુરુષ છે એવા વીતરાગદેવે બાર ભાવના ભાવવાની વાત કરી છે. સમજાણું કાંઈ? મુનિ ચક્રવર્તી હોય તોપણ મુનિ થાય ત્યારે બાર ભાવના ભાવે. પહેલી બાર ભાવના ગૃહસ્થાશ્રમમાં ભાવે. છન્નું હજારી સ્ત્રી હો. એકવાર શાંતિનાથ ભગવાન છન્નું હજાર (સ્ત્રીઓના) વૃંદમાં બેઠા હતા. અપ્સરાઓ જેવી રાણીઓ. એમાંથી એમને ભાવના કરતાં વૈરાગ્ય થયો. એટલી રાણીના રુદન થયા. અરે..! અરે..! સ્ત્રીઓ! હું કાંઈ તમારે માટે નહોતો રહ્યો. સમજાય છે? મારો રાગ આસક્તિનો હતો માટે હું રહ્યો હતો. એ રાગ હવે મારો મરી ગયો છે. માટે તમારે કારણે જો હું રહ્યો હોઉં એમ તમે માનતી હો તો કાઢી નાખ. સ્ત્રીઓને કહે છે. છન્નું હજારી સ્ત્રીના વૃંદમાં બેઠા એકદમ ભાવના ભાવતા વૈરાગ્ય થઈ ગયો. ઓહો..! ક્યાં આત્માની વીતરાગદશા અને ક્યાં હું અત્યારે પડ્યો છું?

હું ચક્રવર્તી, હું કામદેવ, હું તીર્થંકર. એક ભવમાં ત્રણ પદવી. પણ હજી મુનિપણું અને

ચારિત્રદશા મને નહિ, ત્યાં સુધી કેવળજ્ઞાનની પરમાત્મદશા મને પ્રગટ થશે નહિ. આમ એને કહે છે, તમે એમ માનતા હો કે તમે મને લલચાવો છો માટે હું રહ્યો છું, તમે લલચાવો છો અને મામણા શબ્દોને અનુકૂળતા માટે અહીં રહ્યો છું એમ માનશો નહિ. દેવીલાલજી! મારી આસક્તિ મને અંદર રોકતી હતી માટે તમારા તરફ મારું લક્ષ જતું. હવે મારી આસક્તિ, જીવ જીવતો માણસ આયુષ્ય ત્યાં સુધી જીવ્યો, આયુષ્ય ગયું એટલે મરી ગયો, એમ મારો રાગ તમારા પ્રત્યે મારે કારણે હતો એ મરી ગયો છે. સમજાણું કાંઈ? એ રાગ હવે મને નથી. માટે ઝંટીયા તોડો કે માથા ફોડો એ કાંઈ ચાલે એવું નથી. આહાહા..! તારાચંદજી! માથા ફોડેને, આ જંટીયા ઉઘાડે. આહા..! થંભો, થંભી જાવ. અમારી આસક્તિ અમારે કારણે છે. તારે કારણે નહિ. સ્વભાવમાં એ છે નહિ. પણ અમારી કમજોરીને કારણે ભોગની રાગની વૃત્તિ ઉઠતી હતી એ વૃત્તિ અમારી ગઈ છે. મરી ગયા મડદા હવે જીવતા ન થાય. સમજાય છે કાંઈ? એમ રાગે મર્યા એને હવે આ રાગ આવો આવે નહિ. ઠરો... ઠરો... ઠરો... અમે તો મુનિપણું અંગીકાર કરશું. શોભાલાલભાઈ! એવી ભાવના ગૃહસ્થાશ્રમમાં ચક્રવર્તીઓ, તીર્થંકરો પણ ભાવતા હતા. હજી ત્રણ જ્ઞાનના ધણી હતા. છતાં વારંવાર એ ભાવના ભાવતાં એમાં એક આ વાત (કરી છે). એમાં અનિત્ય ભાવનાના સ્વરૂપનું વર્ણન (કરે છે). લ્યો!

**अध्रुवाणि समस्तानि शरीरादीनि देहिनाम्।**
**तन्नाशे ऽपि न कर्तव्यः शोको दुष्कर्मकारणम्।।४५।।**

'**પ્રાણીઓંકે સમસ્ત શરીર ધન્ય ધાન્ય સર્વ પદાર્થ નાશવાન...**' નાશવાન (છે). એમ ધર્મી વારંવાર વિચારે છે. કહો, ચોપડા ફેરવે છે કે નહિ વારંવાર? પાનું ફરે અને સોનું ઝરે. શોભાલાલભાઈ! એમ કહે છે ને તમારા વાણિયામાં? કે ભાઈ! ચોપડ્યા ફેરવ્યા કરવા એમાંથી સોના ઝરશે. ધૂળમાંય નથી હવે એ તો. એ તો પૈસા આવવાના હશે એ આવશે. એમાં પૈસા પડ્યા હશે પાનામાં.

અહીં કહે છે કે ધર્મી જીવને એવી વારંવાર ભાવના (થાય છે). ઓહો..! આ શરીર સુંદર દેખાય પણ એકવાર ઢગલો પરમાણુનો રાખ થશે. શરીર અનિત્ય છે. ભગવાન આત્મા હું નિત્ય છું. આ શરીર તો ક્ષણિક છે. સુંદર દેખાય કે કુબડું દેખાય એ નાશવાન છે. એમ વારંવાર (ભાવે છે). શરીર આદિ, હોં! ધન લક્ષ્મી મળી એ નાશવાન છે. એમ ધર્મી વારંવાર વિચારે છે. ક્યારે ચાલી જશે (એની ખબર નથી). ધાન્ય. બાર મહિનાના સંઘરે છે કે નહિ? કે હમણાં બાર મહિના રાખ્યું નિરાંતે. પણ એ .. સળગશે-બળશે ક્યારે? નાશવાન છે.

'**ઈસલિયે ઉનકે નષ્ટ હોને પર જીવોં કો કુછ ભી શોક નહીં કરના. ક્યોંકિ ઉસ શોકસે કેવલ ખોટે કર્મ કો બંધતા હી હૈ.**' અનિત્યભાવના. કીધું ને આ ચક્રવર્તીને. આહાહા..! આ સંસાર. જ્યારે નામ હોંશથી આમ લખ્યું હશે. ઈન્દ્ર જેવો ચક્રવર્તી ઉભો હોય. દેવો માથે ફૂલડા વરસાવે હોં! એ વખતે. નામ લખે ત્યારે. નામ લખે હું એક ચક્રવર્તી.

છ ખંડને સાધનારો. મેં મારા બાહુબળે છ ખંડને સાધ્યા. લખે એટલે ઉપરથી ફૂલ વરસે. ભુંસાડે ત્યારે એની હાજરી ન હોય. નાશવાન-નાશવાન એમ વારંવાર ધર્માત્મા ચિંતવે છે. એ બાર ભાવના (આવશે)... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૩, બુધવાર તા. ૯-૯-૧૯૬૪**
**શ્રાવકાચાર, ગાથા-૪૬ થી ૬૨, પ્રવચન-૧૭**

પદ્મનંદિ પંચવિંશતિનો છઠ્ઠો અધિકાર છે. શ્રાવકનો આચાર અને આચરણ શું હોય. ગૃહસ્થાશ્રમમાં રહેલા જૈન શ્રાવક એનું અનુષ્ઠાન, આચરણ કેમ હોય, કઈ ભૂમિકાએ કેટલો એનો રાગ મંદ હોય એ વાત અહીં ચાલે છે. પહેલી વાત ઘણી ચાલી ગઈ. હવે તો ૪૫ ગાથા થઈ ગઈ. હવે ભાવનાની વાત કરે છે.

ધર્મી જીવ સંસારમાં બાર પ્રકારની ભાવના કરે. પહેલી ભાવના એક આવી ગઈ. હંમેશા જ્ઞાની ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં, આ બધું શરીર આદિ અનિત્ય છે અને એના નાશથી શોક કરવા જેવો નથી, એમ વારંવાર વિચારણા કરતાં એની ભૂમિકામાં સમ્યગ્દર્શન સહિત વૈરાગ્યપણું ટકી રહે. કહો, સમજાણું કાંઈ? એ વાત કરી પહેલી. હવે બીજી અશરણભાવના છે.

**व्याघ्रेणाघ्रतकायस्य मृगशावस्य निर्जने।**
**यथा न शरणं जन्तोः संसारे न तथापदि।।४६।।**

‘**જેમ મૃગના બચ્ચાને એના શરીરને વ્યાઘ્રે પ્રબળ રીતે પકડ્યો હોય.**’ મૃગના બચ્ચાને વાઘની થાપે આમ પકડ્યો હોય, એ ‘**મૃગના બચ્ચાને નિર્જન વનમાં...**’ કોઈ માણસનો પગરવ નથી, કોઈ માણસ આદિ નથી. ‘**ઉસકો બચાને કે લિયે સમર્થ નહીં.**’ એમ સંસારમાં ‘**આપત્તિ આને પર જીવ કો કોઈ ઈન્દ્રાદિ બચા સકતે નહીં.**’ કરે? પૈસા-બૈસા કંઈ કરે કે નહિ? આ ભાઈ કરે કે નહિ?

મુમુક્ષુ :- .. દયાનો ઉપદેશ...

ઉત્તર :- દયાનો ઉપદેશ કોણ કરે? કોની દયા કરે? કોણ કરે? એ તો એનો રાગ મંદ કરવા માટે દયાનો ઉપદેશ હોય છે.

જેમ મૃગના બચ્ચાને વાઘે પકડીને આમ થાપ મારીને પડ્યો હોય. આવે છે ને સામે? આ રહ્યું, જુઓ! સામે. ભગવાન મહાવીર પરમાત્માનો જીવ દસમે ભવે સિંહ હતો, સિંહ. છે ને સામે? જુઓ! સિંહ. ઘડિયાળ સામે ઉપર. એ સિંહ આમ મૃગને થાપ મારતો હતો. ખાતો આમ મારીને. એમાં બે મુનિ ઉપરથી ઉતર્યા. દસમે ભવે. ભગવાન મહાવીરનો પૂર્વનો દસમો ભવ. આમ મૃગને મારીને આમ.. (ખાય છે). મુનિ ઉતરે છે ઉપરથી. અરે..! આત્મા! અમે ભગવાન પાસે સાંભળ્યું છે. મુનિ કહે છે, અમે ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા પાસે સાંભળ્યું છે. તારો આત્મા દસમે ભવે ભગવાન મહાવીર થવાનો છે. સેઠી! જુઓ! માથે છે. જુઓ! ઉપદેશ આપે છે બે મુનિ. અને સિંહ આમ મોઢું ફાડીને જોવે છે.

હે આત્મા! તું તો ભવિષ્યનો દસમા ભવે ચોવીસમાં છેલ્લા તીર્થંકર એવા ભગવાન મહાવીરનો

તું જીવ છો. શોભાલાલભાઈ! સિંહને કહે છે, જુઓ! આમ હાથ લાંબો કરીને. આ મૃગના બચ્ચાને આમ મારી તરાપ ને ખા છો, આ શું છે તને? છે કોઈ મૃગને શરણ ત્યાં? સમજાય છે? એ તો એ ઉપદેશને લાયક (હોવાથી) અંદરથી આંખમાંથી આંસુ ચાલ્યા જાય છે. જુઓ! એમાં નજીકથી દેખો તો આંખમાંથી આંસુ ચાલ્યા જાય છે. અરે..! આ શું કર્યું? ક્યાંનો હું આત્મા! ક્યાં મારી સ્થિતિ થવાની! અને આ સ્થિતિમાં હું જંગલમાં આ! અશરણ-નિર્જન વનમાં અશરણ મૃગને મારું છું! રોવે છે. સિંહ, સિંહ રોવે વનનો સિંહ વાઘ-રાજા. અરે..! કોઈ આને શરણ નથી. મેં આને માર્યો. મારો આત્મા મુનિઓની કૃપા ઉપરથી ઉતરીને,.. જુઓને! ચાલ્યા જતા હતા મુનિ. નીચે ઉતર્યા અને આમ ઉપદેશ કરે છે. ભાઈ! તું આત્મા. ચોવીસમો ત્રણ લોકનો નાથ તીર્થંકર થનાર. સમજાય છે? સંથારો કરી લે છે. સમાધિ મરણ.

અહીં કહે છે કે એ મૃગને નિર્જન વનમાં પકડે (તો) કોણ શરણક છે? એમ આ બધું નિર્જન જ છે, હોં! જ્યાં પડ્યો ત્યાં ખાટલે પડ્યો અને આપદા આવીને પડી. કોણ મૂકાવા સમર્થ છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ એની ઉપાદાનની તૈયારી હોય તો નિમિત્ત આવ્યા વિના રહે નહિ. એને પરાધીન નથી કાંઈ નિમિત્ત. એની અંદર ઉપાદાનની લાયકાત હતી. આમ ઉપરથી (આવે છે). ગમે ત્યાંથી આવે.

અહીં તો મૃગના બચ્ચાને કોઈ બચાવવા સમર્થ નથી. એમ સમકિતી ગૃહસ્થાશ્રમનો શ્રાવક પોતાના આચારમાં આવી ભાવના વારંવાર કરે છે કે આ કોઈ કુટુંબ-કબીલા પીડા ટાણે સામું નહિ જોવે. સામું જોવે તોય એ શરણ શું કરે? શું આપી શકે? એમ કરીને વિચારીને એક ધર્મ જ શરણ છે. **'यथा न शरणं जन्तोः संसारे न तथापदि'** ભગવાન 'કેવળી પણ્ણત્તો ધમ્મો શરણં' છે ને? સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવે આત્માનો ધર્મ કહ્યો એ એક જ શરણ છે. એ સિવાય કોઈ શરણ નથી. એમ વારંવાર એ વિચાર કરે છે.

'શ્રીમદ્'માં આવે છે ને બાર ભાવના.

સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી.
અનાથ એકાંત સનાથ થાશે...

સોળ વર્ષે (લખે છે). રાજમલજી! આ કેટલા વર્ષની ઉંમરે (કહે છે)? સોળ વર્ષ અને ચાર મહિનાની ઉંમરે. 'શ્રીમદ્ રાજચંદ્ર'ને પૂર્વનું જાતિસ્મરણ હતું અને આ પોતે ભાવના લખે છે. બાર ભાવનાનો ગ્રંથ. સમજાય છે કાંઈ? એમાં કહે છે, 'સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી...' સર્વજ્ઞ ત્રિલોકનાથ વીતરાગ પરમાત્માએ અંતરમાં આત્મા આનંદ અને શુદ્ધ છે એવા તત્ત્વને કહ્યું છે. એ આગળ કહેશે આ ગાથામાં જુઓ! આમાં છેલ્લી વાતમાં બહુ સરસ વાત કરી છે. આ ભાવના છે ને આ તો અત્યારે. એની ગાથા છે, જુઓ!

૬૦મી ગાથા છે. ૬૦મી આની.

**अन्तस्तत्त्वं विशुद्धात्मा बहिस्तत्त्वं दयाङ्गिषु।**
**द्वयोः सन्मीलने मोक्षस्तस्माद् द्वितयमाश्रयेत्।।६०।।**

૬૦-૬૦ ગાથા. કહે છે, સમ્યગ્દષ્ટિ ધર્માત્મા સંસારમાં રહેલો શ્રાવક એમ વિચારે છે કે અંતઃતત્ત્વ શુદ્ધ આત્મા. આ શરણ. મારો વિશુદ્ધ ચિદાનંદ પ્રભુ એ મારું અંતઃતત્ત્વ છે. એ મારો માલ છે. સમજાય છે કાંઈ? અમરચંદભાઈ! મારો માલ. માલ સમજો છો ને? પુંજી. મારી પુંજી અંદરમાં સચ્ચિદાનંદ સ્વરૂપ છે. મારો કારણપ્રભુ, મારો કારણજીવ એમાં અનંત જ્ઞાન, દર્શન, આનંદ ચતુષ્ટયથી ભરેલું તત્ત્વ છે. એ મારું અંતઃતત્ત્વ છે. એવા અંતઃતત્ત્વનો આશ્રય કરીને.

'**अन्तस्तत्त्वं विशुद्धात्मा**' દેખો! મારું અંતઃતત્ત્વ તો મને શરણભૂત આશ્રય કરવા લાયક, જેને શરણે જતાં ધર્મ અને શાંતિ મળે એવો મારો આત્મા અનંત સચ્ચિદાનંદ પ્રભુ, સત્ નામ શાશ્વત જ્ઞાન અને આનંદનો ભંડાર એ મારું અંતઃતત્ત્વ છે. '**बहिस्तत्त्वं दयाङ्गिषु**' અહીં તો શ્રાવકના બાર વ્રતમાં દયાનો, અહિંસાનો ભાવ મુખ્ય ગણ્યો છે ને? બાર વ્રતમાં અહિંસાનો ભાવ વ્રતમાં મુખ્ય ગણ્યો છે. એવો જે શુભભાવ અંતઃતત્ત્વ નિશ્ચય સ્વભાવનો આશ્રય અને આ સાથે વ્રતનો શુભભાવ. એમ બે નિમિત્ત ગણીને '**द्वयोः सन्मीलने मोक्ष**' બે ભેગા થતાં આત્માને મુક્તિ થાય છે. એમ શ્રાવક સમકિતી ગૃહસ્થાશ્રમમાં વારંવાર દિન દિન પ્રત્યે આવી ભાવના અને વિચારણા કરે છે. કહો, સમજાણું?

'**मोक्षस्तस्माद् द्वितयमाश्रयेत्**' એ બે પ્રકારના આશ્રય કરવાની વાત છે. વ્યવહાર-નિશ્ચય બેયની વાત છે ને? જ્ઞાન ચિદાનંદ પ્રભુ એનું અવલંબન અંતર આશ્રય કરવો અને વ્રતને યોગ્ય જે બાર વ્રત આદિ છે અને એમાં દયાનો, અહિંસાનો ભાવ, એવો શુભભાવ એને નિમિત્ત રૂપે હોય છે. બેયનો આશ્રય કરવો કે જેથી રાગાદિ ટળી અને શુદ્ધતાની પૂરી ધારા વહી અને આત્માની મોક્ષદશા થાય. એમ વારંવાર, એ ગૃહસ્થાશ્રમમાં ધર્મી વારંવાર આવી ભાવનાનો વિચાર કરે છે. કહો, સમજાય છે કાંઈ? એટલે કહે છે અહીંયાં કે અશરણ છે. આ જગતમાં બીજું કોઈ શરણ નથી.

સંસાર ભાવના.

**यत्सुखं तत्सुखाभासं यदुःखं तत्सदाञ्जसा।**
**भवे लोकाः सुख सत्यं मोक्ष एव स साध्यताम्।।४७।।**

'**संसार में सुख जो मालूम होता है वह सुख नहीं है.**' એ સુખ નથી. કહો, શેઠ! આ બંગલા પાંચ લાખના, દસ લાખના, ધૂળ લાખના એમાં કાંઈ સુખ નથી. ધૂળમાંય સુખ નથી. ...ભાઈ! સાચું હશે આ? હશે. કહે છે, જગતમાં સંસારમાં સુખ માલૂમ પડે એ સુખ નથી, સુખાભાસ છે. સુખાભાસ એટલે સુખનો ખોટો લિબાસ છે.

મુમુક્ષુ :- ... છેતરાય જાય.

ઉત્તર :- છેતરાય જાય છે એમાં. બાયડીમાં સુખ છે, પૈસામાં સુખ છે. મરી જાય છે, બાપા! ભાઈ! એમાં સુખ નથી. શાહુકારનો વેષ પહેરીને ચોર આવે, શાહુકારનો વેષ પહેરીને ચોર આવે, છેતરાઈ જાય કે આ તો શેઠ (છે). અમારે અહીં આવ્યો હતો એક. સમયસાર લઈ ગયો. રૂપિયા આપી ગયો ચાર-પાંચ હજાર લખીને. કાગળમાં. આપવા હતા ક્યાં? એવા લેબાસ. મુંબઈનો એક હતો માણસ ઠગ-ઠગ પણ, હોં!

એમ કહે છે કે જગતના પ્રાણીઓ જગતની બહારની અનુકૂળતામાં સુખમાં ઠગાયા છે. ધર્મી જીવ એમ માને છે કે પરમાં ક્યાંય સુખ છે નહિ. સુખ તો મારા આત્મામાં શાંતિ અને આનંદ મારામાં છે. અંતર નજર કર્યે શાંતિ મળે એવું છે. બીજે ક્યાંય શાંતિ છે નહિ. '**भवे लोकाः सुख सत्यं**' '**દુઃખ હૈ સો સત્ય હૈ.**' શું કીધું? અને દુઃખ તે સત્ય છે. શું કીધું? સંસારની અનુકૂળતામાં સુખ માનવું એ સુખાભાસ ખોટું છે. દુઃખ એ સાચી વાત છે. દુઃખ એ સાચી વાત છે. ચોર્યાશીના અવતારમાં સ્વર્ગ અને નરક ને આ બહારના સાધનો ક્યાંય પૈસે સ્ત્રી, કુટુંબ, આબરૂ આમ ખમા ખમા થતી હોય, લ્યો! નવરાશ પણ ન મળે સારી ભાવના કરવાનો. કહે છે કે એકલું દુઃખ જ છે. એમ જ્ઞાની વારંવાર વિચારે છે.

શેમાં સુખ છે? '**मोक्ष एव**' એક પૂર્ણાનંદની પ્રાપ્તિ કરવી, એનો પ્રયત્ન કરવો એમાં સુખ છે. અને '**साध्यताम्**' એને માટે પ્રયત્ન કરવો જોઈએ. આ જુઓ! ગૃહસ્થાશ્રમમાં સંસારની આવી ભાવના ધર્મી વારંવાર ભાવે છે. મા (હોય) એ બાયડી થાય, બાયડી મરીને મા થાય, દુશ્મન મરીને ઘરે દીકરો થાય, દીકરો મરીને બીજે ભવે દુશ્મન થાય. આ સંસારની ઘટના. સમજાય છે? એવી વિચારણા કરીને ધર્મી જીવ ગૃહસ્થાશ્રમમાં શ્રાવકે પોતાની મુક્તિ થાય એવા એણે પ્રયત્ન કરવા જોઈએ. જેમાંથી મુક્તિ મળે બંધન છૂટે એવો પ્રયત્ન કરવો જોઈએ. બંધન થાય એવો પ્રયત્ન એણે છોડી દેવો. એમ કહે છે.

એકત્વ ભાવના. ચોથી.

**स्वजनो वा परो वापि नो कश्चित्परमार्थतः।**
**केवलं स्वार्जितं कर्म जीवेनैकेन भुज्यते।।४८।।**

એકત્વભાવના. શ્રાવક વિચારે છે ઘરમાં, અરે..! હું એકલો છું. '**નિશ્ચય રીત સે દેખા જાયે તો સંસાર મેં જીવ કા ન તો કોઈ સ્વજન હૈ ઔર ન કોઈ પરજન હૈ.**' સમજાય છે કાંઈ? '**અપને કિયે હુએ કર્મ કે ફલ કો અકેલા ભોગતા હૈ.**' એકલો કર્મ ભોગવે ખાટલા પડ્યો પીડા પીડા. હાય.. હાય..

મુમુક્ષુ :- એકલો?

ઉત્તર :- એકલો ભોગવે. કીધું હતું ને એક ફેરી. એક છોડીને ઓલું થયું. શું કહેવાય? શીતળા. શીતળા માતા નથી હોતા? શીતળા પીળા. પછી ઈયળું પડી કાણે કાણે હોં! યુવાન

બાઈ તાજુ પરણેતર અને એમાં ચામડે દાણા દાણા સડ્યા. ઈયળુ (પડી). તળાઈમાં આમ ફરે તો અહીં ઈયળુંના ઢગલા. ઈયળું સમજો છો? કીડા ઝીણા. આમ ફરે તો ધોળી ધોળી ઈયળું. મા! આવા પાપ મેં આ ભવમાં નથી કર્યા. એમ બોલે છે. બા! મેં આવા પાપ આ ભવમાં નથી કર્યા. અરે..! ક્યાંના પાપ? શરીરમાં દાણે દાણે જીવડો-ઈયળ. નાના ધોળા કીડા હોય છે ને. આમ ફરે તો અહીં ઢગલા, આમ ફરે તો અહીં ઢગલા. ઢગલાબંધ સેંકડો. મરી ગઈ બાઈ. કોણ શરણ? બધા પૈસા ખરચે કે ડૉક્ટર દવા (આપે), ધૂળમાંય શરણ નથી. એકલો પીડા (ભોગવે). આહાહા..!

'**स्वार्जितं कर्म**' પોતાના કરેલા કર્મોથી ત્યાં દુઃખી એકલો થાય પણ કોઈ એને શરણ નથી. એમ એકત્વભાવના ધર્માત્મા ભાવે છે.

અન્યત્વ.

**क्षीरनीरवदेकत्र स्थितयोर्देहदेहिनोः।**
**भेदो यदि ततोऽन्येषु कलत्रादिषु का कथा।।४९।।**

શું કહે છે આચાર્ય? અરે..! ધર્મી જીવ ગૃહસ્થાશ્રમમાં વારંવાર એવી વિચારણા અને ભાવના કરે છે. શરીર અને આત્મા દૂધ અને પાણીની જેમ ભેગા રહ્યા એ પણ જુદાં છે. અહીં ભેગા રહ્યા (છે, જેમ) પાણી ને દૂધ ભેગુ (રહે), એમ અહીં રજકણો માટીના અને ભગવાન અરૂપી આનંદઘન એક જગ્યાએ રહ્યા છતાં જુદાં છે. તો પછી બાયડી, છોકરા ને મકાન તો ક્યાંય જુદાં રહી ગયા. છે? '**भेदो यदि ततोऽन्येषु कलत्रादिषु का कथा**' તો ભિન્ન સ્ત્રી, પુત્ર આદિ મકાન એની તો શું વાત કરવી?

આત્માના જ્ઞાનાનંદની શ્રદ્ધા સહિત... અહીં સમકિતીની વાત છે ને. મારો આનંદ મારામાં છે. મારો ધર્મ મારા અંતરના શરણે છે. ક્યાંય ધર્મ છે નહિ. એવી દૃષ્ટિ થઈ એ એમ વિચારે છે, અરે..! નજીકમાં રહેલો દેહ પણ આત્માથી જુદો (છે) તો દૂર (ક્ષેત્રે રહેલાં) છોકરા ને બાયડી ને કુટુંબ ને મકાન તો ક્યાંય જુદા છે. એ મારાથી અન્ય છે, અનેરા છે, મારે ને એને કાંઈ સંબંધ નથી. સમજાણું કાંઈ? એમ વારંવાર ધર્મી આત્માના હિતને માટે એવી ભાવના કરે છે. એ પાંચમી ભાવના.

છઠ્ઠી અશુચિત્વભાવના. જુઓ! આ બાર ભાવના આચાર્ય મહારાજ કહે છે, ગૃહસ્થાશ્રમમાં હંમેશા ભાવે. પૈસાની ભાવના કરે છે કે નહિ? આટલું વ્યાજ આવ્યું, આટલા પૈસા મળ્યા, આટલી દુકાનમાં આટલા માણસ ગોઠવ્યા, આટલો વધારો થયો. એ બધો પાપનો વધારો, ધૂળનો વધારો થયો. પાપનો અને ધૂળનો. બહારની ભલે ધૂળ મળી હોય.

કહે છે, અહો..!

**तथाशुचिरयं कायः कृमिधातुमलान्वितः।**
**यथा तस्यैव संपर्कादन्यत्राप्यपवित्रता।।५०।।**

૫૦મી ગાથા. અહો..! આ શરીર પીડા, ધાતુ '**મલ, મૂત્ર આદિ અપવિત્ર પદાર્થો સે ભરા હુઆ હૈ.**' આ શરીર કોઈ એવી ચીજ જગતમાં નથી કે માખણ અને ઘી અને મૈસુબને વિષ્ટા બનાવે. એક આ સંચો એવો છે કે એ માખણને, ઘીને, મૈસુબને વિષ્ટા બનાવે. અમરચંદભાઈ! ઈ કહે છે, જુઓ! '**પીડા, ધાતુ મલાદિ અપવિત્ર પદાર્થો સે ભરા હુઆ હૈ. યહ શરીર ઈતના અપવિત્ર હૈ ઉસકે સંબંધ સે..**' દેખો! એના સંબંધમાં આવેલી '**દૂસરી વસ્તુ ભી અપવિત્ર હો જાતી હૈ.**' છે? ચાર શેર ઘીનો પાયેલો મૈસુબ. મૈસુબ કહે છે ને મૈસુબ? ઊંચી (મીઠાઈ) નથી (બનાવતા)? એક શેર લોટને ચાર શેર ઘી પાય છે. પણ વિષ્ટા બનાવવી હોય તો આ શરીર એક સાધન છે. આહાહા..! એ ટોપરાપાક. ક્યો હતો? શેઠને તમારે ત્યાં શું હતું? જાંબુડા. જાંબુ-જાંબુ. ગુલાબજાંબુ. એ ઘારી, અને પુરી અને એ બરફી. કહે છે કે ચામડાના ઓલામાં નાખી દે તો સડશે અને વિષ્ટા નહિ થાય આઠ કલાકે. આ શરીરના કોથળામાં નાખીશ તો આઠ કલાકે વિષ્ટા (થશે). શોભાલાલભાઈ! લાવો બીજા સંચા, લાબો બીજો કોઈપણ સંચો એવો હોય...

એમ આચાર્ય મહારાજ કહે છે. દેખો! '**વિષ્ટા, મૂત્ર, કફ આદિ અપવિત્ર વસ્તુ કી ઉત્પત્તિ શરીર સે હોતી હૈ.**' ભાવાર્થમાં લખ્યું છે. વિષ્ટા આદિની ઉત્પત્તિ, પેશાબની (ઉત્પત્તિ)... પાણીમાં નાખો બીજે પાણી પેશાબ થાશે તરત? મોસંબી નાખો બીજે તરત પેશાબ થાશે? અહીં મોસંબી ને પાણી નાખ્યા ભેગું ત્યાં બે-ચાર કલાકે પેશાબ. બહુ પીધો હોય તો પા કલાકે પણ થઈ જાય. આહાહા..! જુઓ! અહીં પાઠ છે, હોં! '**तस्यैव संपर्कादन्यत्राप्यपवित्रता**' બીજો કોઈ પદાર્થ એની સાથે સંપર્ક કરતાં અપવિત્ર નહિ થાય. તરત નહિ બગડે. વાર લાગશે. અહીં તો આઠ કલાકે તમારે મેસુબ અને એ બધા જાંબુડા શું કહેવાય એ? ગુલાબજાંબુ. એ સવારે વિષ્ટા થઈ ગઈ ત્યાં. એવો આ સંચો (છે). આહાહા..! એવું આ શરીર અશુચિથી ભરેલું (છે). એમ વારંવાર ધર્માત્મા ગૃહસ્થાશ્રમમાં આવી વિચારણા અને ભાવના કરે છે. કહો, સમજાણું કાંઈ? એવી ચીજ આ. આહા..! આમ મીઠા-મીઠા દૂધપાક અને પૂરી ને આમ ખાજા ને ખાજા ગળ્યા. શું કહે આપણે કહે છે ને શું? સાટા-સાટા. અમારે સાટા કહેવાય. સાકરમાં રસબોળ કરેલા. ખાજા હોય છે ને? સાટા. લગનમાં બહુ આપે વાણિયામાં. એની વિષ્ટા કરવી હોય તો આ એક સંચો છે. બીજામાં નાખીશ તો વિષ્ટા તરત નહિ થાય.

જેના સંગે પરસેવા થાય, જેના સંગે પેસાબ થાય, જેના સંગે કફ થાય, જેના સંગે વિષ્ટા થાય, અરે..! એવું શરીર! એ અશુચિ એ મારી ચીજ નથી. મારામાં તો શુચિ પવિત્રતા પડી છે. એ ક્યાં અશુચિ અને હું ક્યાં પવિત્ર. મારે ને એને કાંઈ સંબંધ નથી. એમ ગૃહસ્થાશ્રમમાં રહ્યા એ શ્રાવકનો આચાર છે કે વારંવાર આવી વિચારણા અને ભાવના કરે.

આસ્રવભાવના. સાતમી ભાવના.

**जीवपोतो भवाम्भोधौ मिथ्यात्वादिकरन्ध्रवान्।**
**आस्रवति विनाशार्थं कर्माभाम्भः सुचिरं भ्रमात्।।५१।।**

અહો..! '**સંસારરૂપી સમુદ્ર મેં...**' આસ્રવ ભાવના. ધર્મી જીવ ભાવના કરે. રાજા-મહારાજા હોય, ચક્રવ્રતી હોય સમકિતી, એ પણ વારંવાર આ (ભાવના ભાવે છે). તીર્થંકર હતા-શાંતિનાથ, કુંતુનાથ, અરનાથ એ તીર્થંકર હતા. આઠ વર્ષની ઉંમરે પંચમ ગુણસ્થાન ધારણ કરેલું હતું. એ વારંવાર આ ભાવના કરતા સંસારમાં. જેને ત્રણ તો પદવી હતી. તીર્થંકરની, ચક્રવર્તીની અને કામદેવની. કોને? સોળમાં શાંતિનાથ. જેનું રૂપ છ ખંડમાં કોઈનું નહોતું. અરનાથ, કુંથુનાથ એવું રૂપ એ કામદેવ. ચક્રવર્તી છ ખંડના સ્વામી. બીજો કોઈ છત્રપતિ નહિ અને તીર્થંકર. જેના ઈન્દ્રો દાસ. ઉપરના ઈન્દ્રો જેના તળિયા ચાંટે. અન્નદાતા! સિંહાસન ઉપર બેઠા હોય ગૃહસ્થાશ્રમમાં છતાં. ઈન્દ્ર જેને (નમે). ૩૨ લાખ વિમાનનો લાડો. પહેલો સુધર્મ દેવલોક જેના ૩૨ લાખ વિમાન છે. ઈશાન દેવલોકમાં ૨૮ લાખ વિમાન છે. એ ઈન્દ્રો આમ ખમ્મા અન્નદાતા! તીર્થંકરદેવ મહારાજા અલ્પકાળમાં આપ પરમાત્મા થઈને અમને ઉદ્ધારનાર, ઉપદેશ દેનાર. ઈન્દ્રો જેના મિત્રો. એટલે ઈન્દ્રો જેના સેવકો. આહાહા..! એ પણ આવી ભાવના ભાવે છે.

ઓહો..! '**સંસારરૂપી સમુદ્ર મેં જિસ સમય જીવરૂપી જહાજ..**' '**पोतो**' છે ને? '**पोतो**'. '**જીવરૂપી જહાજ મિથ્યાત્વ, અવિરતી, પ્રમાદ, કષાય, યોગ છિદ્રોં સે સહિત હોતા હૈ...**' છિદ્ર-છિદ્ર. જહાજમાં છિદ્ર હોય તો પાણી ગરી જાય, કાણા પડ્યા હોય તો. એમ આત્મા અખંડાનંદ આનંદજળથી ભરેલો એને આ સંસાર ખાર સમુદ્રમાં મિથ્યાત્વ ને અવ્રત ને પ્રમાદ, કષાયના છિદ્રો વડે આવરણ આવે છે. આવરણ આવે છે. માટે એ છિદ્રોની વિચારણા એણે વારંવાર કરવી. વિપરીત માન્યતા તો જ્ઞાનીને હોતી નથી. સમ્મુચય વાત લીધી છે અહીં તો. સમજાણું કાંઈ?

'**યહ સમય અપને વિનાશ કે લિયે અજ્ઞાનતાસે પ્રચુર કર્મરૂપી જલ કો આસ્રવ કરતા હૈ.**' શું કહ્યું? દેખો! '**कर्माभाम्भः सुचिरं भ्रमात्**' અજ્ઞાનને કારણે. પોતાના દોષને કારણે છિદ્રથી કર્મ આવે છે. એને કારણે નહિ કે કર્મને આવવાનું (હતું) માટે આવે, એમ નહિ. કર્મનું આવવું '**सुचिरं भ्रमात्**' '**અજ્ઞાનરૂપી પ્રચુર કર્મરૂપી જલ કા...**' ભાન નથી. અરે..! મારું સ્વરૂપ અમૃતાનંદ. અમૃતાનંદ, જેનામાં એકલા અતીન્દ્રિય અમૃત આનંદ ભર્યો છે એવું જેને ભાન નથી. ઊંધી શ્રદ્ધા અને અજ્ઞાન દ્વારા છીદ્ર પાડી અને જેમ જહાજમાં પાણી ગરી જાય અને જહાજને બોળી દે દરિયામાં, એમ અજ્ઞાનીનું વહાણ આ મિથ્યાત્વ, અવ્રત અને કષાયના છિદ્ર વડે ચોર્યાશીના ખાર સમુદ્રમાં ડૂબી જાય છે. ક્યાંય એનો પત્તો ખાતો નથી. એમ ધર્મી જીવ આ રીતે આસ્રવની શુભાશુભ... જુઓ! આસ્રવ એટલે બેય પરિણામ, હોં! શુભ અને અશુભ. શુભ અને અશુભ ભાવ બેય છિદ્ર છે. બેય આસ્રવ છે

એ મલિન પરિણામ છે. બેય આવરણ આવવાનું કારણ છિદ્ર છે. એમ વારંવાર વિચારી અને એણે આત્માનું શરણ લેવું જોઈએ.

સંવર.

**कर्मास्रवनिरोधोऽत्र संवरो भवति ध्रुवम्।**
**साक्षोदेतदनुष्ठान मनोवाक्कायसंवृतिः।।५२।।**

શું કહે છે? '**આયે હુએ કર્મોં કા રુક જાના વહી નિશ્ચય સે સંવર હૈ.**' કથન ઉપદેશની શૈલી... કાંઈ કર્મો આવતા હતા અને રોક્યા છે એમ નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- વર્ણન શૈલી...

ઉત્તર :- એ તો વર્ણન પદ્ધતિની પદ્ધતિ ભાવનામાં શું કરે? કર્મ આવવાના હતા ને એણે રોક્યા છે એમ છે નહિ. પણ પોતાના આત્માના સ્વભાવની શ્રદ્ધા અને ભાવના કરતાં જે શુદ્ધતા પ્રગટી એ કાળે પહેલા આવરણ આવવાના હતા એ આવ્યા નહિ, એને રોક્યા એમ વ્યવહારથી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? વારંવાર સંવરની ભાવના કરવી.

'**મન-વચન-કાય .. સ્વાધીન કરના.**' દેખો! જેટલો મન-વચન અને કાયાના કંપન્નમાં પરાધીન થાય એટલો એને પાપ અને પુણ્યનો આસ્રવ આવે છે. એણે પોતાના આત્મામાં શુદ્ધ ભગવાન પરમાત્માનો પિંડ પ્રભુ અનંત ગુણનું ધામ, એમાં રોકાઈને સંવરને કરવો. મન-વચન-કાયામાં જતા પરિણામને રોકવા. એનું નામ અહીંયાં સંવર કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? ૫૩.

**निर्जरा शातनं प्रोक्ता पूर्वोपार्जितकर्मणाम्ः।**
**तपोभिर्बहुभिः सा स्याद्वैराग्याश्रित चेष्टितैः।।५३।।**

'**પહલે સંચે હુએ કર્મોં કા એક દેશરૂપ સે નાશ હોના...**' એક અંશે નાશ થવો '**ઉસકા નામ નિર્જરા કહતે હૈં.**' સર્વથા કર્મનો નાશ થવો એનું નામ મુક્તિ. એક અંશે કર્મનું અટકી જવું, સ્વભાવની ભાવના દ્વારા, એને અહીંયાં નિર્જરા કહે છે. કહો, નિર્જરાની ભાવના વારંવાર વિચારવી. ઓહોહો..! આમાં ક્યાં નવરાશ પણ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કહે છે, ભાવના સાંભળવાની મળે બે-ચાર વર્ષે. ૧૭માં વાંચ્યું હતું આ. આ ૨૦માં પાછું વધારે... ભાવના કરવાની, ઓલા પાપની ભાવના કરી. છોકરાને કેમ ઠેકાણે પડે અને છોકરાને કેમ નોકરી મળે, લડકા કેમ આગળ વધે, કન્યા ક્યાંથી સારી મળે અને મોટે પગારે કેમ ચડે? એકલું પાપ. એવી ભાવના ભાવે છે. પાંચ-છ છોકરા હોય એને કેમ ઠેકાણે પડે અને કેમ આગળ વધે અને કેમ બે હજારનો પગાર થાય. હોળી. તને શું છે પણ હવે એમાં? તારે તો ભાવના પાપની છે એકલી. સેઠી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ કહે છે, ઘર છોડીને બેસે તો આ થાય. શેની વાત ચાલે છે આ? ગૃહસ્થાશ્રમમાં રહેલા શ્રાવક સમકિતી આવી ભાવના કરે છે. ઠીક, સેઠીએ કહ્યું. અહીં કોની વાત ચાલે છે આ? પાંચમા ગુણસ્થાનવાળા ગૃહસ્થાશ્રમમાં બાયડી, છોકરા, કુટુંબ, રાજમાં પડ્યા હોય તોપણ વારંવાર વિચારે કે ઓહો..! પૂર્વના બાંધેલા કર્મો, એને આત્માના ભાન દ્વારા એક અંશે નાશ કરવો એ નિર્જરા (છે).

'**સંસાર આદિ વૈરાગ્ય કરાનેવાલે અનશન, અવમૌદર્ય આદિ તપસે હોતી હૈ.**' લ્યો! રાગની મંદતા, ઈચ્છાનો નિરોધ, સ્વભાવની સાવધાની એ દ્વારા એક અંશે પણ અશુદ્ધતા અને કર્મનો નાશ થાય છે. એ ગૃહસ્થાશ્રમમાં રહેલાની વાત ચાલે છે. આવું (કરવા જઈએ) તો આ મહેન્દ્રભાઈને ને બધાને મૂકી દેવા પડે. વેપાર, દુકાનનો ધંધો મૂકી દેવો પડે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હવે અંદર લાળ રહે છે. ક્યાં મૂક્યું છે અંદર. છોકરાનો કાગળ આવે. એ પિતાજી! અમને યાદ કરો, હોં! એમ નિષ્ઠુર ન થવાય. .. વળી પાછું. આપ બાર-બાર મહિનાથી ત્યાં પડ્યા છો. અમારે ઘરે શું થાય? અમે તમારા બચ્ચા કહેવાઈએ. તમે અમારા પિતા તુલ્ય છો. .. કહેવાય. તમારા વિના અહીંયાં અમને ગોઠતું નથી. એવો જ્યાં કાગળ આવે એટલે ઉપડે ફટ. આ કાગળ આવ્યો છે. હે આત્મા! ઉઠાવ રાગ ઉપરથી બુદ્ધિ અને સ્વભાવનું શરણું લે. શોભાલાલભાઈ! આ કાગળ પ્રતિનિધિ, ભગવાનના પ્રતિનિધિ છે. આ ભગવાનના પ્રતિનિધિ શાસ્ત્ર લઈને આવ્યા છે. કહેશે ક્યાંક, આમાં હશે. સમજાણું?

'**તપોભિર્બહુભિઃ સા સ્યાદ્વૈરાગ્યાશ્રિત**' ઓહો..! એકલો વૈરાગ્ય નહિ. પોતાનો આત્મા જ્ઞાન અને ચૈતન્યનું દળ છે એવી જેણે અસ્તિમાં દૃષ્ટિ કરી છે, એને પરથી નાસ્તિનો વૈરાગ્ય સહેજે આવે છે. ધર્મી જીવને પુણ્ય અને પાપના બે પરિણામ પણ બંધના કારણ છે. એમ કરીને પુણ્ય અને પાપ ઉપરથી પણ વૈરાગ્ય કરે છે. એનું નામ વૈરાગ્ય છે. જેને બાહ્યથી તો વૈરાગ્ય (છે) પણ પુણ્ય અને પાપ બેય વિકલ્પ ઉઠે છે રાગ, એનાથી પાછો ફરીને એકાકાર થાય એને ભગવાન વૈરાગ્ય કહે છે. એવી વૈરાગ્ય ભાવનામાં નિર્જરા હોય છે. સમજાણું કાંઈ? સવારનું ઝીણું પડે પણ આ તો સમજાય એવું છે કે નહિ? એ... દેવાનુપ્રિયા!

૫૪. લોકાનુપ્રેક્ષાનું સ્વરૂપ. દસમી ભાવના. ગૃહસ્થાશ્રમમાં રાજપાટમાં રહ્યા હોય, રાણીઓ મહા હોય, રાજકુમાર હોય એ પણ ભાવના ભાવે છે. ઓહો..! આ વસ્તુ ભગવાને વર્ણવી, એવી અનિત્ય અશરણની ભાવના ભગવાન તીર્થંકર પણ ગૃહસ્થાશ્રમમાં હતા ત્યારે કરતા, તો અમારા જેવા જેની પાસે એટલું સાધન પણ નથી. સમજાણું કાંઈ? દીપચંદજી કહે છે... દિપચંદજી થયા છે ને? આ અનુભવપ્રકાશના કરનારા. અરે..! અમને વખત મળતો નથી. કહે છે, એલા..! પહેલાના રાજાઓને ચક્રવર્તી પદ અને મહા ઇન્દ્રપદ આદિ હતા. અહીં મનુષ્ય મહારાજા બળદેવ આદિ હતા, એટલા તો તારી પાસે નળિયા પણ નથી. નળિયા

સમજો છો? આ નળિયા હોય છે ને મકાન ઉપર નાખવાના. જેટલી ઋદ્ધિ એની પાસે હતી એટલી ઋદ્ધિ તારી પાસે નથી. તું તો એની પાસે ભિખારી જેવો છો. તને ભાવનાનો વખત મળતો નથી. રુચિ નથી તને દ્રવ્યદષ્ટિ વસ્તુની.

જેને ઘરે આમ નવ નિધાન. નવ નિધાન. સોળ હજાર દેવ આમ તેનાતમાં. બે હજાર દેવ તો શરીરના અંગરક્ષક. બે હજાર હોં! આમ તૈયાર. ખમ્મા અન્નદાતાને શું થયું? કેમ પસીનો આવ્યો? કેમ ખાંસી આવી? કહે છે કે એવા સાધનવાળા પણ દરરોજ નિવૃત્તિથી ભાવના ભાવે અને પરિણામનો સુધારો કરે છે. તને કેટલી ઋદ્ધિ મળી ગઈ છે અહીંયાં? શું કરીએ પણ નવરાશ મળતી નથી. વેપાર-ધંધા.. આહા..! અને આજના કાયદા. ધૂળમાંય કાયદા નથી નડતા, સાંભળને! મરતા ટાણે કેમ નવરો થાય છે? બધું આવ્યું છે આમ તૈયાર.

એક જણો... કીધું હતું ને ત્યાં (સંવત) ૧૯૯૦ની સાલમાં હતા અમે રાજકોટ. ઓલા પ્રેમચંદભાઈ દેરાવાસી હતા. રાવસાહેબની. ક્યાંક ગયા હશે લગનમાં. ખાધેલું જલેબી ને એવું. એમાંથી ઉપડ્યો. બે ડબલ ઓલે. અને મરવાની તૈયારી. રાવસાહેબ ઈલકાબ આવ્યો. એ વખતે. એક માણસ પોલીસ લઈને આવ્યો. મને બોલાવે છે. છેલ્લી સ્થિતિ હતી ને માંગળિક સંભળાવો. મોટું .. બાયડી. એલા..! પણ આ મરવા પડ્યો ને આ શું કરો છો હજી અત્યારે તમે? બાયડી માથે પૂછે. હવે પૂછવાના કાળા મરી જશે અહીંથી ચાલ્યો જઈશ. ત્યાં આવ્યો પોલીસ. રાવ સાહેબનો ખિતાબ (છે). જાવ મરીને પરલોક. ભાઈ! હું ત્યાં હતો ને પોલીસ આવ્યો. ત્યાં હું હતો. આમ મરવા.. મને દેખીને આંખમાંથી આંસુ વયા ગયા હતા. મરવાની તૈયારી. શરીર સુંદર એવું ને એવું. કાંઈ એકદમ ડબલ ન્યુમોનિયા હતો. કાંઈ સૂકાણું શરીર નહિ. કંઈ નહિ. વ્યાધિ એક-બે દિ'ની. વ્યાધિ. અને આમ પડેલા. શું છે? આ તૈયારી થઈ ગઈ. આ પરલોકના નાખવાના તંબુ થઈ ગયા હવે. આ તંબુ તૂટ્યા. ક્યાં સુધી આ કરવું છે તમારે? કીધું, આ શું ઉપર ચડીને બેઠા છો? ત્યાં ઓલો પોલીસ આવ્યો. રાવ સાહેબનો ખિતાબ (લાવ્યો છું). શેઠ! સાથે લઈ ગયો હશે ત્યાં હવે? ધૂળમાંય નથી, કહે છે. શું કહે છે?

**लोकः सर्वोऽपि सर्वत्र सापायस्थितिरध्रुवः।**
**दुःखकारीति कर्तव्या मोक्ष एव मतिः सताम्।।५४।।**

જુઓ! ગૃહસ્થાશ્રમને કહે છે. '**સમસ્ત લોક વિનાશીક હૈ.**' આખી દુનિયા વિનાશીક છે. '**અનિત્ય...**' છે. '**सापायस्थितिरध्रुवः**'. '**નાના પ્રકાર કે દુઃખોં કા કરનેવાલા હૈં.**' દુનિયાના સાધનો તો દુઃખમાં નિમિત્ત છે. ચારે કોર લાવ... લાવ... લાવ... દીકરા કહે કે એટલું લાવો... બાયડી કહે કે આટલું લાવો... દીકરીઓ કહે કે આટલું લાવો. લાવ... લાવ.. ને લાવ.. લાવ... લાવ.. ને લાવ.. મરી જઈશ પણ લાવ-લાવમાં પડ્યો છો તે. આખી દુનિયા અનિત્ય અને અધ્રુવ છે. સમજાણું કાંઈ?

'**ઐસા વિચાર કર ઉત્તમ પુરુષોં કો...**' '**मतिः सताम्**' '**મોક્ષકી ઓર હી બુદ્ધિ**

**લગાના ચાહિયે.**' એવી લોકની ભાવના વારંવાર વિચારણા કરવી. આખી દુનિયામાં કોઈ શરણ નથી. આખો લોક ઈન્દ્ર, નરેન્દ્ર, બધા અશરણભૂત અશરણ છે. એમ લોકનો વિચાર કરી અને પોતાના આત્મામાં '**मतिः सताम्**' એવા ઉત્તમ જીવોએ આત્માને જેમ બંધનથી છૂટે એવો એણે પ્રયત્ન કરવો જોઈએ. રાગ-દ્વેષ ને અજ્ઞાનથી છૂટે તેવો એણે પ્રયત્ન કરવો જોઈએ. આવો અવસર અનંતે કાળે મળવો મુશ્કેલ છે માટે એ કરવા જેવું છે. કહો, સમજાણું કાંઈ?

૫૫. ૧૧મી ભાવના.

**रत्नत्रयपरिप्राप्तिर्बोधिः सातीव दुर्लभा।**
**लब्धा कथं कथंचिच्चेत् कार्यो यत्नो महानिह।।५५।।**

અહો..! આચાર્ય મહારાજે વનમાં રહીને તાડપત્ર ઉપર આ શ્લોકો રચ્યા. એ દુનિયાને કરુણાબુદ્ધિથી કહે છે કે ભાઈ! એ '**रत्नत्रयपरिप्राप्तिर्बोधिः सातीव दुर्लभा**' ભાઈ! એ આત્મા પરમાનંદની મૂર્તિ, એના શ્રદ્ધા-જ્ઞાન અને સ્થિરતા મહા દુર્લભ છે. કોઈ બહારની ચીજ દુર્લભ નથી. સમજાણું કાંઈ? બહારની ચીજ દુર્લભ નથી. એ તો અનંત વાર મળી ચૂકી છે. દેવલોકમાં ઈન્દ્રાણીઓ અનંત વાર મળી, નરકના દુઃખો અનંત વાર મળ્યા. એ કોઈ દુર્લભ ચીજ નથી. ઓહો..! એકદમ જ્યાં પાંચ-પચાસ લાખ મળે, મૂકો લાપસીના આંધણ. લાપસી-લાપસી કરે છે ને? કંસાર. કરે છે કે નહિ? શું કહે છે? અમારે તો કંસાર કહે છે. લાપસી. મૂકો આ લાપસી આજ. પેદાશ થઈ. ધૂળમાંય પેદાશ નથી થઈ. ખોટ ગઈ છે, સાંભળને! પૂર્વના પુણ્ય બળી ગયા ત્યારે પૈસા દેખાય છે. તું કહે છે કે મળ્યા. ભગવાન કહે છે કે બળ્યા. તારા પુણ્ય બળી ગયા ત્યારે આ મળ્યું છે. સાંભળને! સમજાણું કાંઈ? એ કંઈ દુર્લભ ચીજ નથી.

'**रत्नत्रयपरिप्राप्तिर्बोधिः**' એ ત્રણની પ્રાપ્તિ એનું નામ બોધિ છે. એ બોધિ અતિવ દુર્લભ, અતિવ દુર્લભ ઓહોહો..! ક્યાં એકેન્દ્રિયના જીવો, ક્યાં નિગોદના જીવ, ક્યાં પડ્યા છે? હવે એમાંથી કે' દિ' પ્રાણી ત્રસ થાય અને કે' દિ' એ મનુષ્ય થાય, એમાં ક્યારે જૈન ધર્મ સાંભળવાનો મળે અને સાંભળ્યા પછી એને એની દૃષ્ટિ અને રુચિમાં બેસે. ઓહોહો..! સમજાણું કાંઈ? જૈન પરમેશ્વરે કહેલો કેવળી પણ્ણંતો ધમ્મો શરણં, એ ધર્મ ક્યારે મળે એને. જેમ સરોવરમાં માથે... શું કહેવાય? લીલફુગના ગોદડા બાઝ્યા, ગોદડા, નીચે કાચબા રહેતા હોય એને ખબર પણ ન હોય કે કોઈ માથે ચંદ્ર છે કે નહિ. સમજાય છે? એમાં કોઈ વખતે.. ગોદડા સમજો છો? લીલ-ફુગ કાય એટલી જામી હોય, એમાં કોઈ પવન આવ્યો અને તૂટ્યું. આમ નજર પડી. ઓહો..! આ શું! આ શું! કોઈ દિ' કુટુંબ કહેતા નહોતા, .. કહેતા નહોતા. આ શું? એ જ્યાં કહેવા ગયો એના કુટુંબને ત્યાં ઓલું ભેગું થઈ ગયું. જરાક વાર તો ખોટું બોલ્યો, બાપુ! કાંઈક છે. ભાઈ! અમે જોયું છે એ ખોટું નથી. સમજાણું કાંઈ? એમ

અનંત કાળે આત્માને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ચંદ્રના દર્શનની પેઠે દુર્લભ છે. સમજાણું કાંઈ આમાં? અને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ દુર્લભ છે. અને એમાં સ્વરૂપની રમણતારૂપ ચારિત્ર તો મહાદુર્લભ છે. દુર્લભથી દુર્લભઃ આહાહા..!

કહે છે કે '**ઉસકા બોધિ હૈ. ઈસ બોધિકી પ્રાપ્તિ સંસાર મેં અત્યંત કઠિન હૈ. યદી કિસી ભી (પ્રકારસે) ઉસકી પ્રાપ્તિ હો જાય તો ઉસકી રક્ષા કે લિયે વિદ્વાનોં કો પ્રયત્ન કરના ચાહિયે.**' '**यत्नो महानिह**' એમ શબ્દ છે ને? મહાન પ્રયત્ન કરવો જોઈએ. મહાન પુરુષાર્થથી એ મળે છે. એમ ને એમ સમ્યગ્દર્શન-જ્ઞાન મળતું નથી. મહાન પુરુષાર્થ. નિરાધાર ચિદાનંદ નિરાલંબી તત્ત્વ છે. એની નિરાલંબી પરિણતિ કરવી એ વિના કોઈ પ્રાપ્ત થાય એવી બોધિ છે નહિ. આવે છે ને? નમોત્થુણંમાં આવે છે. બોહિદયાણં.. નથી આવતું? અનંત.. બધું લાંબુ લખ્યું છે. કહો, સમજાણું?

૫૬. છેલ્લી ભાવના. ધર્મ ભાવના.

**जिनधर्मोऽयमत्यन्तं दुर्लभो भविनां मतः।**
**तथा ग्राह्यो यथा साक्षादामोक्षं सह गच्छति।।५६।।**

ઓહો..! '**जिनधर्मोऽयमत्यन्तं दुर्लभो**' દેખો! નિજધર્મ દુર્લભ, હોં! પુણ્યધર્મ અને પાપ પરિણામ એ દુર્લભ નથી. અનંત વાર મળી ચૂક્યા છે. નવમી ગ્રૈવેયક જાય એવા પુણ્યભાવ પણ અનંત વાર કર્યા છે. એ કાંઈ નિજ ધર્મ નથી. આહા..! '**जिनधर्मोऽयमत्यन्तं दुर्लभो**' '**સંસારી પ્રાણીઓં કો જ્ઞાનાનંદ સ્વરૂપ નિજધર્મ કા પાના...**' જ્ઞાનાનંદ સ્વરૂપ નિજધર્મ કો પ્રાપ્ત (કરના). લ્યો આ ધર્મ. ઓહોહો..! સમજાણું કાંઈ? આત્મા જ્ઞાન અને આનંદનો દરિયો-સાગર, અમૃતનો ભરેલો ભંડાર છે. એવી અંતરમાં ધર્મની દશાની પ્રાપ્તિ અતિ દુર્લભ છે. ધર્મની પ્રાપ્તિ મહાદુર્લભ છે. પરધર્મ તો અનંત વાર કર્યો. પુણ્ય અને પાપના ભાવ કર્યા. જગતમાં અનંત વાર રખડ્યો. પણ નિજ ધર્મની પ્રાપ્તિ અત્યંત અત્યંત દુર્લભ '**भविनां मतः**'. સમજાય છે?

'**तथा ग्राह्यो यथा**' શું કહે છે જરી? અરે..! ભાઈ! હે આત્મા! એવી રીતે શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્ર આત્માનો મહાન ધર્મ ગ્રહણ કર, નિજ ધર્મને એવી રીતે ગ્રહણ કર કે '**यथा साक्षादामोक्षं सह गच्छति**' મોક્ષ થાય ત્યાં સુધી સાથે રહે એવી રીતે ધર્મને ગ્રહણ કર. અપ્રતિહતભાવે ગ્રહણ કર એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? (આ તો) બાવા થવાની વાત છે. પણ બાવો જ છો, સાંભળને! ક્યાં ગરી ગઈ તારી ચીજમાં કોઈ ચીજ. બહારને બહાર બધી લોટે છે. બહારને બહાર ફરે છે. ક્યાં પ્રવેશ અંદર કર્યો છે. ભગવાન આત્મા.. જુઓ! આચાર્યે સાર લેવો છે તો હવે (કહે છે), '**जिनधर्मोऽयमत्यन्तं दुर्लभो**' આત્મા જ્ઞાનાનંદ પ્રભુ એવો જે નિજ સ્વભાવ એ પામવો ભવિને મહા મહા પ્રયત્ને મહા દુર્લભ છે. પણ એવી રીતે ગ્રહણ કરવો, '**યહ ધર્મ ઐસી રીતી સે ગ્રહણ કરના ચાહિયે**

**કિ મોક્ષ પર્યંત યહ સાથ હી બના રહે.**' એવી સંસ્કાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના કરવા કે એ સ્થિતિ મોક્ષ સુધી રહે. પછી પડે નહિ. આહાહા..! જુઓ! આચાર્ય પણ ભાવના કેવી (ભાવે છે)!

ગૃહસ્થાશ્રમમાં પણ કહે છે કે ઓહો..! આત્મા ધ્રુવ અવિનાશી તત્ત્વ આનંદ અને જ્ઞાનનો ભરેલો ભંડાર, એને એ રીતે પકડ, એ રીતે શ્રદ્ધા-જ્ઞાનમાં લે અને એવા ચારિત્રના સ્થિરતાના સંસ્કાર કર કે જે ગ્રહેલું ઠેઠ મોક્ષ સુધી આવે. કહો, સેઠી! કહે છે ને? '**जिनधर्मोऽयमत्यन्तं**' આત્મા સહજ આનંદ (સ્વરૂપ) રાગ અને વિકલ્પથી પાર છે. એવો જે નિજ સ્વભાવનો ધર્મ, જે મન-વાણી-દેહથી તદ્દન જુદો છે અને દયા, દાન અને પુણ્ય-પાપના વિકલ્પથી પણ તદ્દન જુદો છે. એવા નિજ ધર્મને જ્ઞાનાનંદને એવી રીતે પકડ, એવી પ્રતીતિ કર, એવું જ્ઞાન કર, એવા ચારિત્રના લીનતાના સંસ્કાર કર કે એ સંસ્કાર મોક્ષ સુધી સાથે રહે. આહા..! જુઓ! કહે છે કે એ સમ્યગ્દર્શન અને જ્ઞાન અમારા સ્થિર રહેવાના અને ત્યાંથી ચારિત્ર પૂરું કરીને મોક્ષ જશું. આ શ્રાવકને માટે પણ આમ કહે છે, લ્યો. આહાહા..! એ પામેલું વધારવાનું કામી હોય કે પામેલું પાડવાનો કામી હોય? આહાહા..! સમજાણું?

'**तथा ग्राह्यो यथा साक्षादामोक्षं**' જ્યાં સુધી કેવળજ્ઞાન અને મુક્તિ ન થાય ત્યાં સુધી સંસ્કાર જામી રહે એવી રીતે ધર્મને ગ્રહણ કરજે. ઘડીક ગ્રહણ કરીને મૂકી દીધો એમ નહિ. એકવાર સમ્યગ્દર્શન થયું તો થઈ ગયું, લ્યો. એમ નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? આ આત્માને એવી રીતે પકડ.. જ્ઞાનાનંદ ચૈતન્યજ્યોત એની દૃષ્ટિમાં કે જે દૃષ્ટિ અને જ્ઞાન અને સંસ્કાર ઠેઠ કેવળ પામે ત્યાં સુધી રહ્યા કરે. વચ્ચે પડવાનો એને ભવ અને ભય હોય નહિ. એવી ભાવના ગૃહસ્થાશ્રમમાં રહ્યા ગૃહસ્થો કરે, એમ અહીંયાં આચાર્ય મહારાજ ફરમાવી રહ્યા છે. કહો, સમજાણું આમાં?

**दुःखग्राहगणाकीर्णे संसारक्षारसागरे।**
**धर्मपोतं परं प्राहुस्तारणार्थं मनीषिणः।।५७।।**

અહો..! બાર ભાવનાની વિચારણાનો સરવાળો લે છે. '**અનેક પ્રકાર કે દુઃખરૂપી .. મકર સે વ્યાપ્ત...**' દરિયામાં જનાવર હોય ને જનાવર? એમ સંસારરૂપી દરિયો મોટો ચોર્યાશીના અવતારમાં પડ્યો છો. કેવો છે ત્યાં? કે અનેક પ્રકારના મગરમચ્છ ને માછલા ને મહા મોટા સર્પો (ભર્યા છે). '**સંસારરૂપી ખારે સમુદ્ર સે પાર કરનેવાલા...**' સંસાર.. આ ખારો છે ને દરિયો? એમાં મગરમચ્છ ને એવા જીવડા લાંબા મોટા હોય (કે) હાથી જેવા જનાવર જો પડે તો પણ પગ બાંધી દે. સર્પ જેવા મોટા જનાવર થાય. નીકળી શકે નહિ, ચાલી શકે નહિ, ડૂબી જાય. એવો સંસાર ખાર સમુદ્ર '**પાર કરનેવાલા ધર્મરૂપી જહાજ હૈ.**' એ આત્માનો અરાગી સ્વભાવ શ્રદ્ધા-જ્ઞાન એ જહાજ છે.

વિકારરૂપી સંસારના પરિભ્રમણનો જે દરિયો, એમાંથી તરવા માટે ભગવાન આત્મા.. એવો

દૃષ્ટિનો દોર કર, જ્ઞાનમાં જ્ઞેય બનાવ આત્માને કે જહાજ સંસાર સમુદ્રથી પાર પામે એવો રસ્તો પકડ. '**धर्मपोतं परं**' કહો, સમજાણું? '**ગણધર આદિ મહાપુરુષ કહતે હૈં.**' એમ કહ્યું, લ્યો! '**प्राहु**' ગણધર ભગવાન પણ એમ ફરમાવે છે. '**प्राहुस्तारणार्थं मनीषिणः**' '**સંસાર સે તરને કી ઈચ્છા કરનેવાલે ભવ્ય જીવોં કો...**' સંસારના તરવાની-ટાળવાની ઈચ્છાવાળા જીવો, એણે ધર્મરૂપી જહાજનો આશ્રય જરૂર લેવો જોઈએ.

'**अनुप्रेक्षा इमाः सद्भिः सर्वदा हृदये धृताः**' લ્યો! એ બાર ભાવના હૃદયમાં કાયમ રાખવી. પછી ધંધો ક્યારે કરવો ત્યારે અમારે? એમ કહેવું પડે કે નહિ? ભાઈ! ધંધા તો ધંધાને કાળે બાહ્ય થાય. પણ તારી ચિંતાથી ત્યાં ધંધા વધી જાય અને ચિંતા ઓછી થાય માટે પૈસા ઘટી જાય એમ છે નહિ. સમજાણું કાંઈ? અહીં તો કેમ કીધું? શું કહે છે?

**अनुप्रेक्षा इमाः सद्भिः सर्वदा हृदये धृताः।**
**कुर्वते तत्परं पुण्यं हेतुर्यत्स्वर्गमोक्षयोः।।५८।।**

'**જો સજ્જન પુરુષ બારંબાર બારહ ભાવનાઓં કા ચિંતવન કરતે હૈં.**' બાર ભાવના કીધી ઈ. ૫૮ ગાથા. '**ઉસ પુણ્ય કા ઉપાર્જન કરતે હૈં.**' એ પુણ્યથી સ્વર્ગ (પ્રાપ્ત કરે છે). ... છે ને. '**ઔર પરંપરા મોક્ષ કા કારણ...**' એ પછી રાગ ટાળીને કેવળજ્ઞાન પામશે એટલે પરંપરા મોક્ષનું કારણ છે. '**ઈસલિયે સર્વ મોક્ષ કે કારણ સ્વરૂપ પુણ્ય કો ચાહનેવાલે ભવ્ય જીવ સદા...**' સર્વદા સદા '**યહ ભાવના..**' ભાવવી. આચાર્યને ખબર નહિ હોય કે અમારે પાછા બાયડી-છોકરા હોય એનું કરવું કે દિ'? સર્વદા ભાવનામાં બેસી રહેવું એકકોર? એનું તારું કર્યું થાતું નથી. થવાનું એ થાશે. શેનો મંડ્યો છે પાછો? વેપાર-ધંધા આદિ મળવાનું હોય એ મળશે અને છોકરા અને બાયડ્યું નભવાશે એ નભશે. તારી ચિંતાને લઈને ત્યાં ફેરફાર થાય એમ છે નહિ. એ તો પહેલું એકત્વ અને અનિત્યમાં કહી દીધું કે અનેરું છે. અનેરાને અને તારે કાંઈ સંબંધ છે નહિ. કહો, સમજાણું કાંઈ?

હવે મુનિનો ધર્મ પણ થોડો એણે પાળવો એમ ભેગું કહે છે.

**आद्योत्तमक्षमा यत्र यो धर्मो दशभेदभाक्।**
**श्रावकैरापि सेव्योऽसौ यथाशक्ति यथागमम्।।५९।।**

જુઓ! આગમ આવ્યું. શું કહે છે? ગૃહસ્થાશ્રમમાં શ્રાવકે પણ ઉત્તમ ક્ષમા, માર્દવ, સરળપણું, નિર્માનપણું, સરળપણું, સત્ય... ૫૯ ગાથા છે. સંયમ, તપ, ત્યાગ, અકિંચન અને બ્રહ્મચર્ય લ્યો, આ દસ પ્રકારના ધર્મ શરૂ થશે પરમ દિ'થી. એ આજ આવી ગયા નામમાં. '**ઈસ પ્રકાર દસ ધર્મોં કા ભી શ્રાવકોં કી શક્તિ અનુસાર ઔર શાસ્ત્ર કે અનુસાર...**' આગમ છે ને. '**પાલન જરૂર કરના ચાહિયે.**' ગૃહસ્થાશ્રમમાં રહેલા શ્રાવકે પણ દસ પ્રકારનો ધર્મ યથાશક્તિએ એણે આદરવો અને પાળવો જોઈએ. એમ ન માની લેવું કે એ પ્રકારનો ધર્મ તો મુનિને છે, અમારે શું? એમ કહે છે. યથાશક્તિ ક્ષમા, નિર્માનતા, સરળતા, સત્ય,

શૌચ, સંયમ, તપ, ત્યાગ, આકિંચન, બ્રહ્મચર્ય રાખવું જોઈએ. શાસ્ત્રની આજ્ઞા શ્રાવકને જેટલા પ્રમાણમાં રખાય એટલી ભાવના એણે કરવી.

આ શ્લોક આવી ગયો છે.

**अन्तस्तत्त्वं विशुद्धात्मा बहिस्तत्त्वं दयाङ्गिषु।**
**द्वयोः सन्मीलने मोक्षस्तस्माद् द्वितयमाश्रयेत्।।६०।।**

એ આવી ગયું-નિશ્ચય અને વ્યવહાર. પહેલો કહી ગયા વચમાં. અંતઃતત્ત્વનો આશ્રય કરવો એ નિશ્ચય છે અને દયા આદિ અહિંસાના ભાવ કરવા એ શુભભાવ કે વ્યવહાર છે. સમજાય છે? સમ્યગ્દર્શન ને જ્ઞાન સહિત એવા શુભભાવ હોય છે. તેથી બેથી મુક્તિ થાય એનો આશ્રય કરવો એમ વ્યવહારથી કહેવામાં આવ્યું છે.

હવે '**જ્ઞાની અપને આત્મા કી ઈસ પ્રકાર ભાવના કરતા હૈ.**' જુઓ! સારમાં સાર.

**कर्मभ्यः कर्मकार्येभ्यः पृथग्भूतं चिदात्मकम्।**
**आत्मानं भावयेन्नित्यं नित्यानन्दपदप्रदम्।।६१।।**

કેવો આત્મા ભાવવો ગૃહસ્થાશ્રમમાં શ્રાવકે? '**કર્મોં સે ઔર કર્મોં કે કાર્ય સર્વથા ભિન્ન હૈ.**' લ્યો! બાર ભાવના કરી, આ પણ એક ભાવના છે. સદા કર્મથી જુદો આત્મા અને '**कर्मकार्येभ्यः**' એ વિકાર પરિણામ થાય એ ખરેખર આત્માનું કાર્ય-સ્વભાવ નથી. એ પુણ્ય અને પાપ એ કર્મનું કાર્ય છે. ધર્મચંદજી! કઈ અપેક્ષાએ છે આ? સવારમાં બીજું લેવાય છે. એ તો પર્યાયમાં તારો દોષ છે, કર્મનો નહિ. અહીંયાં હવે આત્મા સ્વભાવ શુદ્ધ ચિદાનંદ આત્માની દૃષ્ટિ થતાં નબળાઈને લઈને જેટલો વિકાર થાય એ મારા સ્વભાવનું કાર્ય નથી. એમ ગણીને કર્મનું કાર્ય છે એમ કહેવામાં આવ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? લ્યો, અહીં '**कर्मकार्येभ्यः**' (કહ્યું છે). એ કર્મનું કાર્ય છે. કહો, સમજાણું?

રાગ, દ્વેષ, શરીર, સંયોગ આદિ બધા કર્મના (કાર્ય છે), મારે કાંઈ સંબંધ નહિ. હું તો આત્મા અખંડાનંદ જ્ઞાયક છું. એમ '**पृथग्भूतं चिदात्मकम्**' એનાથી ચિદાનંદ આત્મા તદ્દન ભિન્ન છે. કેવો છે? '**नित्य**' '**અવિનાશી ઔર આનંદસ્વરૂપ સ્થાન કો દેનેવાલા.**' '**नित्यानन्दपदप्रदम्**' નિત્ય આનંદરૂપી મુક્તિના પદને દેવાવાળો એ આત્મા છે. એ પદ કાંઈ વિકલ્પ ને નિમિત્તથી અને શરીરથી મળતું નથી. સમજાણું કાંઈ? '**आत्मानं भावयेन्नित्यं**' એવા આત્માને નિત્ય હંમેશા વારંવાર ભાવના કરવી. કહો, બરાબર હશે આ? દાન અધિકાર આવ્યો, ષટ્કર્મનો આવ્યો, બાર ભાવનાનો આવ્યો અને છેવટે આ ભાવના કહી. ભાઈ! તારું સ્વરૂપ તો કર્મ અને કર્મના ફળ રાગથી ભિન્ન છે, હોં! એ ગતિ ને લેશ્યા બધાથી ભિન્ન છે. એવી આત્માની વારંવાર એણે ભાવના કરવી.

છેલ્લો શ્લોક.

**इत्युपासकसंस्कारः कृतः श्रीपद्मनन्दिना।**
**येषामेतदनुष्ठानं तेषां धर्मो ऽतिनिर्मलः।।६२।।**

'**પદ્મનંદી આચાર્યે યહ ઉપાસક સંસ્કાર કી રચના કી હૈ.**' શ્રાવકાચાર. એ શ્રાવકાચારની રચના ૬૨ શ્લોક થયા. ૭ વ્યાખ્યાન થયા, ૭ પૂરા. '**જિન પુરુષોં કી પ્રવૃત્તિ શ્રાવકાચાર કે અનુસાર હૈ ઉનકો નિર્મલ ધર્મ કી પ્રાપ્તિ હોતી હૈ.**' આ પ્રકારે શ્રદ્ધા-જ્ઞાનાદિ પ્રાપ્ત કરે એને નિર્મળ ધર્મની પ્રાપ્તિ થતાં એકાવતારી આદિ થઈને મોક્ષમાં જવાની તૈયારી કરે. માટે ગૃહસ્થાશ્રમમાં શ્રાવકે આ ભાવના અને આ શ્રાવકાચાર વારંવાર પાળવો જોઈએ.

**ભાદરવા સુદ ૪, સોમવાર તા. ૩-૯-૧૯૬૨**
**આલોચના, ગાથા-૧-૩૩, પ્રવચન-૩૪**

પદ્મનંદી આચાર્ય દિગંબર સંત જંગલવાસી, વનવાસી હતા. એણે ભગવાનની સમીપે આ એક આલોચના કરી છે આલોચના. આલોચના એટલે આત્મસ્વભાવને જોતાં દોષનો ત્યાગ થાય તેને આલોચના કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? દોષ અને નિર્દોષતા. બેના અવલોકનમાં દોષનો ત્યાગ અને સ્વભાવનો આદર, એવી સ્થિતિને આલોચના કહેવામાં આવે છે. અધ્યાત્મ આલોચના છે. નવમો અધિકાર છે. ૨૬ અધિકાર છે એમાં ૯મો આ અધિકાર છે. ગાથા ૩૩ છે.

શ્રી પદ્મનંદી આચાર્યદેવ આદિ મંગલથી આલોચના અધિકારની શરૂઆત કરે છે. '**હે જિનેશ! હે પ્રભુ! જો સજ્જનોનું મન આંતર અને બાહ્ય મલરહિત થઈને તત્ત્વસ્વરૂપ અને વાસ્તવિક આનંદના નિધાન એવા આપનો આશ્રય કરે. જો તેમના ચિત્તમાં આપના નામના સ્મરણરૂપ અનંત પ્રભાવશાળી મહામંત્ર મોજૂદ હોય અને આપ દ્વારા પ્રગટ થયેલ...**' આપ દ્વારા પ્રગટ થયેલ '**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વરૂપ મોક્ષમાર્ગમાં જો તેમનું આચરણ હોય તો તે સજ્જનોને ઈચ્છિત વિષયની પ્રાપ્તિમાં વિઘ્ન શેનું હોય?**' નિર્વિઘ્ન શરૂઆત કરતાં પૂર્ણ પ્રાપ્તિની પ્રાર્થના છે. મંગળિક કર્યું મંગળિક પહેલું.

બીજી ગાથા. હવે કુદેવને માન્યા હોય તો દેવની ઓળખાણ દ્વારા તેનું આલોચન કરે છે. '**આચાર્ય દેવ સ્તુતિ દ્વારા દેવ કોણ હોઈ શકે અને કેવળજ્ઞાન પ્રાપ્તિનો ક્રમ કેવો હોય તે વર્ણવે છે.**' '**હે જિનેન્દ્રદેવ! સંસારના ત્યાગ અર્થે, પરિગ્રહરહિતપણું, રાગરહિતપણું...**' અસ્તિથી '**વીતરાગભાવપણું...**' ઓલા બે નાસ્તિથી અને આ અસ્તિથી '**સર્વથા કર્મોનો નાશ અને અનંતદર્શન અનંતજ્ઞાન અનંતસુખ ને અનંત વીર્ય અને સમસ્ત લોકાલોકને પ્રકાશનારું કેવળજ્ઞાન એવો ક્રમ આપને જ પ્રાપ્ત થયો હતો.**' આ દેવપદની પ્રાપ્તિની ક્રમશઃ દશા બતાવે છે. એ સિવાય બીજાને દેવપણું હોઈ શકે નહિ. '**પરંતુ આપથી અન્ય કોઈ દેવને એ ક્રમ પ્રાપ્ત થયો નથી. તેથી આપ જ શુદ્ધ છો અને આપના ચરણોની સેવા સજ્જનપુરુષોએ કરવી યોગ્ય છે.**'

ત્રીજો. '**સેવાનો દૃઢ નિશ્ચય અને પ્રભુસેવાનું માહાત્મ્ય.**' '**હે ત્રિલોકપતે! આપની સેવામાં જો મારો દૃઢ નિશ્ચય છે તો મને અત્યંત બળવાન સંસારરૂપ વેરીને જીતવો કાંઈ મુશ્કેલ નથી. કેમ કે જે મનુષ્યને જળવૃષ્ટિથી હર્ષજનક ઉત્તમ ફુવારાસહિત ઘર પ્રાપ્ત થાય તો તે પુરુષને જેઠ માસનો પ્રખર મધ્યાહન તાપ શું કરી શકે? અર્થાત્ કાંઈ કરી શકે તેમ નથી.**' બધું અધ્યાત્મ ઉતાર્યું. વિસ્તારથી તો ઉતરી ગયું છે

એકવાર. આ તો એક કલાકમાં પૂરું કરવું છે ને બધું.

ચોથી ગાથા. '**ભેદજ્ઞાન દ્વારા સાધકદશા**'. '**આ પદાર્થ ચૈતન્ય આદિ સારરૂપ છે અને આ પદાર્થ વિકાર આદિ અસારરૂપ છે. એ પ્રકારે સારાસારની પરીક્ષામાં એક ચિત્ત થઈ જે કોઈ બુદ્ધિમાન મનુષ્ય ત્રણે લોકના સમસ્ત પદાર્થોનો અબાધિત અને ગંભીર દૃષ્ટિથી વિચાર કરે છે તો તે પુરુષની દૃષ્ટિમાં હે ભગવંત! આપ જ એક સારભૂત પદાર્થ છો.**' આત્માનું વીતરાગી નિર્વિકલ્પ સ્વરૂપ જ એક સારભૂત છે. એ સિવાય બીજું સાર નથી. '**આપથી ભિન્ન સમસ્ત પદાર્થો અસારભૂત જ છે. અતઃ આપના આશ્રયથી જ મને પરમ સંતોષ થયો છે.**'

હવે આચાર્યદેવ પૂર્ણ સાધ્ય વર્ણવે છે. આ સાધકપણાનું વર્ણન કર્યું. સાધક. શુદ્ધ મારું સ્વરૂપ, એ જ મારે આદરણીય છે અને બીજું આદરણીય નથી.

હવે સાધ્ય. '**હે જિનેશ્વર! સમસ્ત લોકાલોકને એક સાથે જાણનારું આપનું જ્ઞાન છે. સમસ્ત લોકાલોકને એક સાથે દેખનારું આપનું દર્શન છે. આપને અનંત સુખ અને અનંત બળ છે. આપની પ્રભુતા પણ નિર્મળ થર છે. વળી આપનું શરીર...**' તીર્થંકરનું શરીર વર્ણવવું છે ને. પરમ ઔદારિક હોય છે. પરમ ઔદારિક. '**દૈદિપ્યમાન છે. પરમાત્મસ્વભાવ આપનો દૈદિપ્યમાન છે એમ શરીર પણ આપનું દૈદિપ્યમાન છે.**' એવી સ્થિતિ દેવને હોય. આવા દેવ સિવાય બીજાને હોઈ શકે નહિ. '**જો યોગીશ્વરે સમ્યક્યોગરૂપ નેત્ર દ્વારા...**' અંતર દ્વારા '**આપને પ્રાપ્ત કરી લીધા તો તેઓએ શું ન જાણી લીધું? શું ન દેખી લીધું? અને તેઓથી શું ન પ્રાપ્ત કરી લીધું? અર્થાત્ સર્વ કરી લીધું.**'

છઠ્ઠો. '**પૂર્ણની પ્રાપ્તિનું પ્રયોજન.**' પૂર્ણની પ્રાપ્તિનું પ્રયોજન. '**હે જિનેન્દ્ર! આપને જ હું ત્રણ લોકના સ્વામી માનું છું. આપને જ જિન-અષ્ટકર્મનો વિજેતા અને મારા સ્વામી માનું છું, માત્ર આપને જ ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું, સદા આપનું જ ધ્યાન કરું છું, આપની સેવા અને સ્તુતિ કરું છું, કેવળ આપને જ મારું શરણ માનું છું. અધિક શું કહેવું? જો કંઈ સંસારમાં પ્રાપ્ત થાઓ તો એ થાવ કે આપના સિવાય અન્ય કોઈ પણ સાથે મારે પ્રયોજન ન રહે.**' અધ્યાત્મ આલોચના છે ને. એ તો સંત મુનિ હતા જંગલમાં. દિગંબર મુનિ ભાવલિંગી સંત તપોભૂમિમાં વિચરતા હતા. એમાં ભગવાનને જાણે સાક્ષી રાખીને એટલે ચૈતન્યસ્વભાવને સાક્ષી રાખીને દોષ અને નિર્દોષતાની આલોચના કરે છે.

'**હવે આચાર્યદેવ આલોચનાનો આરંભ કરે છે.**' આ તો હજી ભૂમિકા બાંધી. સર્વજ્ઞ દેવ આવા હોય અને સર્વજ્ઞ પ્રાપ્તિનો ક્રમ આવો હોય. હવે આલોચના શરૂ કરે છે. '**હે જિનેશ્વરદેવ! મેં ભ્રાંતિથી મન-વચન-કાયા દ્વારા ભૂતકાળમાં અન્ય પાસે પાપ કરાવ્યા**

**છે, સ્વયં કર્યા છે અને પાપ કરનારા અન્યોને અનુમોદ્યા છે. તથા તેમાં મારી સંમતિ આપી છે. વળી વર્તમાનમાં હું મન-વચન-કાયા દ્વારા અન્ય પાસે પાપ કરાવું છું, સ્વયં પાપ કરું છું, પાપ કરનાર અન્યોને અનુમોદું છું. તેમજ ભવિષ્ય કાળમાં હું મન-વચન-કાયા દ્વારા અન્ય પાસે...**' થોડો કાળ રહેશે ને એમ. ભવ. '**અન્ય પાસે પાપ કરાવીશ, સ્વયં પાપ કરીશ અને પાપ કરનારા અન્યોને અનુમોદીશ. તે સમસ્ત પાપની આપની પાસે ચૈતન્ય જ્ઞાતા-દૃષ્ટા પાસે સમીપ બેસીને નિંદા ગ્રહા કરનાર એવો હું તેના સર્વ પાપ સર્વથા મિથ્યા થાઓ.**' એ ચૈતન્યમૂર્તિ જ્ઞાતા-દૃષ્ટાની સમીપમાં બધા પાપનું નિષ્ફળપણું થાય છે. આ એનું નામ અહીંયાં આલોચના કહેવાય છે.

આઠમી. '**આચાર્યદેવ પ્રભુની અનંત જ્ઞાનદર્શન શક્તિ વર્ણવતા આત્મશુદ્ધિ અર્થે આત્મનિંદા કરે છે.**' '**હે જિનેન્દ્ર! જો આપ ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રિકાળ ગોચર અનંત પર્યાયો યુક્ત લોકાલોકને સર્વત્ર એક સાથે જાણો છો તથા દેખો છો. તો હે સ્વામી! મારા એક જન્મના પાપોને શું આપ નથી જાણતા? અર્થાત્ જરૂર આપ જાણો છો.**' લ્યો, પાપના જાણતા હશે? ભગવાન! પાપ-પુણ્યની પર્યાય બધાને? વિશેષ જાણતા હશે બધાને? '**તેથી હું આત્મનિંદા કરતો કરતો સ્વભાવ સન્મુખ વિકારના અભાવને કરતો કરતો આપની પાસે સ્વદોષોનું કથન, આલોચન, દોષનો ત્યાગ કરું છું. અને તે કેવળ શુદ્ધિ અર્થે કરું છું.**'

હવે આચાર્યદેવ '**ભવ્ય જીવોને તેમના આત્માને ત્રણ શલ્યરહિત રાખવાનો બોધ આપે છે.**' '**હે પ્રભુ! વ્યવહારનયનો આશ્રય કરનાર અથવા મૂળ ગુણ અને ઉત્તર ગુણોને ધારણ કરનાર મારા જેવા મુનિને...**' ભાવલિંગી સંત છે. '**જે દુષણોનું સંપૂર્ણ રીતે સ્મરણ છે...**' ખ્યાલમાં છે '**તે દુષણની શુદ્ધિ અર્થે આલોચના કરવાની આપની સામે સાવધાનીપૂર્વક બેઠો છું. કેમ કે જ્ઞાનવાન ભવ્યજીવોએ સદા પોતાના હૃદય માયા શલ્ય, નિદાન શલ્ય અને મિથ્યાત્વ શલ્ય એ ત્રણ શલ્યરહિત જ રાખવા જોઈએ.**' આ ત્રણ શલ્યનું આલોચન.

સ્વભાવની સાવધાની. આ નવું છે ને એમાં મથાળા બાંધ્યા છે. નવું છે એ? પહેલા કર્યા હતા ને ઉપરથી. વળી કોકે બાંધ્યા છે. આ વળી હમણાં ખબર પડી.

'**હે ભગવંત! આ સંસારમાં સર્વ જીવ વારંવાર અસંખ્યાત્ લોકપ્રમાણ પ્રગટ અને અપ્રગટ અનેક પ્રકારના વિકલ્પો સહિત હોય છે.**' વિકલ્પ નામ પુણ્ય-પાપના ભાવ-શુભાશુભભાવ. '**વળી એ જીવ જેટલા પ્રકારના શુભાશુભ વિકલ્પો સહિત છે તેટલા જ વિવિધ પ્રકારના દુઃખો સહિત પણ છે. પરંતુ જેટલા વિકલ્પો છે તેટલા પ્રાયશ્ચિતો શાસ્ત્રમાં નથી. તેથી તે સમસ્ત અસંખ્યાત લોકપ્રમાણ વિકલ્પોની શુદ્ધિ આપની સમીપે જ થાય છે.**' જ્ઞાતા-દૃષ્ટામાં ઢળવાથી જ એ બધા પુણ્ય-પાપના વિકલ્પોનો

નાશ થાય છે. ગણી ગણીને નાશ કરાતો નથી. એમ કહે છે. આ પાપ હતું અને આ પુણ્ય હતું. છોડે કોણ? સ્વભાવ જ્ઞાતા-દૃષ્ટામાં ઢળતાં અસંખ્ય પ્રકારના વિકલ્પોનો નાશ થાય છે.

પરથી પરાઙ્મુખ થઈ સ્વની પ્રાપ્તિ. ૧૧મો શ્લોક.

**'હે દેવ! સર્વ પ્રકારના પરિગ્રહરહિત સમસ્ત શાસ્ત્રોનો જ્ઞાતા ક્રોધાદિ કષાયરહિત શાંત એકાંતવાસી ભવ્યજીવ બધા બાહ્ય પદાર્થોથી મન અને ઈન્દ્રિયોને પાછા હટાવી અખંડ નિર્મળ સમ્યગ્જ્ઞાનની મૂર્તિરૂપ આપમાં સ્થિર થઈ આપને દેખે છે તે મનુષ્ય આપના સાનિધ્ય નામ સમીપતાને પ્રાપ્ત કરે છે.'** વિકાર રહિત સ્વભાવના સમીપમાં આલોકન કરતાં અંતરમાં સમીપપણું પ્રાપ્ત થતાં તેના વિકારો નાશ થાય છે.

**'સ્વભાવની એકાગ્રતાથી ઉત્તમપદ મોક્ષની પ્રાપ્તિ.' 'હે અરિહંત પ્રભુ! પૂર્વ ભવમાં કષ્ટથી સંચય કરેલ મહાપુણ્યથી જે મનુષ્ય ત્રણ લોકના પૂજાને યોગ્ય આપને પામ્યો છે તે મનુષ્યને બ્રહ્મા, વિષ્ણુ આદિને પણ નિશ્ચય પૂર્વક અલભ્ય એવું ઉત્તમ પ્રાપ્ત થાય છે. હું શું કરું? આપનામાં એક ચિત્ત કર્યા છતાં મારું મન પ્રબળપણે બાહ્ય પદાર્થો પ્રત્યે દોડે છે.'** પ્રભુ! એ મોટો ખેદ છે. અંતર જ્યાં એકાગ્રતા કરવા જાવ છું ત્યાં પર્યાયમાં જરી અસ્થિરતા થાય છે. આ એનું આલોચન અને એનો ત્યાગ કરવા માગું છું. એમ કહે છે.

**'મોક્ષાર્થે વીર્યનો વેગ.' 'હે જિનેશ! આ સંસાર અનેક પ્રકારના...'** નાના પ્રકારના એટલે અનેક પ્રકારના **'દુઃખો દેનાર છે. જ્યારે વાસ્તવિક સુખનો આપનાર તો મોક્ષ છે.'** સંપૂર્ણ નિર્મળ દશા. ખુલાસો કર્યો છે. **'તેથી તે મોક્ષની પ્રાપ્તિ અર્થે અમે...'** મુનિ પોતે કહે છે. **'સમસ્ત ધન-ધાન્ય આદિ પરિગ્રહોનો ત્યાગ કર્યો. તપોવન...'** તપથી પવિત્ર થયેલી ભૂમિમાં વાસ કર્યો. **'સર્વ પ્રકારના સંશય પણ છોડ્યા અને અત્યંત કઠિન વ્રત પણ ધારણ કર્યા. હજી સુધી તેવા દુષ્કર વ્રતો ધારણ કર્યા છતાં પણ મોક્ષની પ્રાપ્તિ ન થઈ. કેમ કે પ્રબળ પવનથી કંપાયેલા પાંદડાની માફક અમારું મન રાત્રિ-દિવસ બાહ્ય પદાર્થોમાં ભ્રમણ કરતું રહે છે. માટે કેવળજ્ઞાન થતું નથી.'** એમ કહે છે. સ્વદ્રવ્યમાં રમતું નથી. જેટલો બાહ્ય પદાર્થના લક્ષે વિકલ્પ ઉઠાવે છે એટલું દુઃખનું કારણ અને પરિભ્રમણનું કારણ છે.

**'મનને સંસારનું કારણ જાણી..'** પશ્ચાતાપ. **'હે ભગવન્! જે મન બાહ્ય પદાર્થોને મનોહર માની તેમની પ્રાપ્તિ માટે જ્યાં-ત્યાં ભટક્યા કરે છે કે જે જ્ઞાનસ્વરૂપી આત્માને...'** જુઓ! આત્માનું શું સ્વરૂપ એ વર્ણવ્યું. **'જ્ઞાનસ્વરૂપી આત્માને એ વિના પ્રયોજને સદા અત્યંત વ્યાકુળ કર્યા કરે છે. જે ઈન્દ્રિયરૂપી ગામને વસાવે છે. અર્થાત્ આ મનની કૃપાથી ઈન્દ્રિયોની વિષયોમાં સ્થિતિ થાય છે. અને જે સંસાર ઉત્પાદક કર્મોનો પરમ મિત્રમન છે. મન આત્મારૂપી ગૃહમાં કર્મોને સદા લાવે છે.**

**તે મન જ્યાં સુધી જીવીત રહે છે ત્યાં સુધી મુનિઓને ક્યાંથી કલ્યાણની પ્રાપ્તિ હોઈ શકે? અર્થાત્ કલ્યાણની પ્રાપ્તિ હોઈ શકે નહિ.**' મનાતીત થઈને સ્થિર થાય ત્યારે કલ્યાણ થાય. મનમાં જેટલો સંબંધ છે તેટલું બંધનું કારણ મુનિઓને પણ હોય છે.

૧૫મી. '**મોહના નાશ માટે પ્રાર્થના.**' '**મારું મન નિર્મળ તથા શુદ્ધ અખંડ જ્ઞાનસ્વરૂપ આત્મા...**' અહીં તો વાત આત્માની અંદર છે, હોં! ભગવાન-ભગવાન એ નિમિત્તથી કથન છે. દિગંબર સંતોના કથનો બધા અધ્યાત્મ અને સ્વઆશ્રય છે. વ્યવહારના ક્યાંય વિકલ્પ ઉઠે એટલે એનું કથન કરે પણ અંતરના ચૈતન્યના આનંદકંદની વાતું મુખ્યપણે બધે ઠેકાણે વર્ણવી છે. કહો, આ પંચમઆરાના મુનિ વનમાં વસતા જંગલમાં પણ ભગવાનને જાણે સામા બેઠા હોય (એમ આલોચના કરે છે). આત્મા સામો છે ને, દૃષ્ટિની સામો. પૂર્ણાનંદ પ્રભુ હું છું એવી દૃષ્ટિની સમીપમાં આત્મા છે એમાં દોષનું આલોચન કરીને દોષનો અભાવ કરવા માગે છે.

'**પ્રભુ! મારું મન નિર્મળ શુદ્ધ અખંડ જ્ઞાનસ્વરૂપ આપમાં લગાવ્યા છતાં પણ મૃત્યુ તો આવવાનું જ છે એવા વિકલ્પ વડે આપથી અન્ય બાહ્ય સમસ્ત પદાર્થો તરફ નિરંતર ઘુમ્યા કરે છે.**' મન ઘુમ્યા કરે છે. મનને એમ છે કે જો અંદરમાં જઈશ તો મને મારી નાખશે. અંતરમાં જઈશ તો મારી નાખશે મનને. માટે બાહર ભમુ તો જીવતો તો રહું. નવનીતભાઈ! વિકલ્પ જો બહારમાં ભમે તો હું ટકી તો રહું. જો અંદરમાં ગર્યું એનું તો મારી નાખશે વિકલ્પને. માટે મારે જીવવું છે એટલે બહાર ફરી રહ્યો છું. '**સમસ્ત બાહ્ય પદાર્થો તરફ નિરંતર ઘુમ્યા કરે છે. હે સ્વામિન્! તો શું કરવું? કેમ કે આ જગમતાં મોહ વશાત્ કોને મૃત્યુનો ભય નથી? સર્વને છે. માટે સવિનય પ્રાર્થના છે કે સમસ્ત પ્રકારના અનર્થો કરનાર તથા અહિત કરનાર મારા મોહને નષ્ટ કરો.**' સ્વભાવ સન્મુખ થઈને મોહનો નાશ કરું, એને નષ્ટ કરો એમ ભગવાનને કહેવા માગે છે.

'**સર્વ કર્મોમાં મોહ જ બળવાન છે એમ આચાર્ય દર્શાવે છે.**' '**જ્ઞાનાવરણાદિ સમસ્ત કર્મોમાં મોહકર્મ જ અત્યંત બળવાન કર્મ છે.**' દ્રવ્યથી વાત લીધી છે. '**એ મોહના પ્રભાવથી..**' મારી પર્યાય એના તરફ ઢળે છે તે મોહનો પ્રભાવ છે એમ આરોપથી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? લખાણની શૈલી ક્યા નયે હોય એ સમજે નહિ અને ઊંધા મારે. કર્મ દ્રવ્ય કાંઈ આત્માને પ્રભાવ પાડતું હશે? જડકર્મની પર્યાય આત્માને પ્રભાવ પાડે? બે વચ્ચે તો અત્યંત અભાવ છે. સમજાણું કાંઈ? જુઓ! લીધું છે જડકર્મ, હોં!

'**એ મોહના પ્રભાવથી...**' મારા પ્રભાવથી હોય કાંઈ વિકાર? એમ કહે છે. ચૈતન્ય તો સહજાનંદની મૂર્તિ, એના પ્રભાવથી વિકાર હોઈ શકે નહિ. માટે નિમિત્તના લક્ષે થયો એ નિમિત્તના પ્રભાવથી થયો એમ કહેવામાં આવે છે. '**અત્યંત બળવાન એના પ્રભાવથી આ મન જ્યાં-ત્યાં ચંચળ બની ભ્રમણ કરે છે અને મરણથી ડરે છે. જો આ**

**મોહ ન હોય તો નિશ્ચયનયપ્રમાણે ન તે કોઈ જીવે યા ન તો કોઈ મરે. કેમ કે આપે આ જગતને જે અનેક પ્રકારે દેખ્યું છે એ પર્યાયાર્થિકનયની અપેક્ષાએ દેખ્યું છે.**' પર્યાયની અપેક્ષાએ અનેક પ્રકારે, વસ્તુ અપેક્ષાએ તો એક જ સ્વરૂપ છે. '**દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ નહીં.**' દ્રવ્યની અપેક્ષાએ વસ્તુ એકરૂપ છે. પર્યાયની અપેક્ષાએ અનેકરૂપ આપે જોઈ છે. '**તેથી હે જિનેન્દ્ર! આ મારા મોહને સર્વથા નષ્ટ કરો.**' લ્યો! ભગવાન નષ્ટ કરે એમ કહે છે. એટલે કે હું નષ્ટ કરું એમ ભગવાનને કરે છે. કથનની શૈલી એવી હોય છે વાણી વ્યવહારનયની પ્રધાનતાથી.

મુમુક્ષુ :- ભગવાનની પાસે સ્તુતિ કરે છે.

ઉત્તર :- સ્તુતિ છે. ભગવાનની સ્તુતિમાં એમ જ કહે ને કે હે નાથ! આપ ઉગારો, તારો. પ્રભુ! હવે તારો. એની ધ્વનિનો અવાજ તો આત્મા ઉપર છે. હે આત્મા! હવે રાગને ટાળીને તરી જા. એ વિના તારો કોઈ ઉપાય છે નહિ.

'**પરસંયોગ અધ્રુવ જાણી તેનાથી ખસી એક ધ્રુવ આત્મસ્વભાવમાં સ્થિત થવાની ભાવના.**' '**વાયુથી વ્યાપ્ત સમુદ્રની ક્ષણિક જળ લહરીઓના સમૂહ સમાન સર્વ કાળે અને સર્વ ક્ષેત્રે આ જગત ક્ષણમાત્રમાં વિનાશી છે. એવો સમ્યક્ પ્રકારે વિચાર કરી આ મારું મન સમસ્ત સંસારને ઉત્પન્ન કરનાર વ્યાપારથી રહિત થઈ, હે જિનેન્દ્ર! આપના નિર્વિકાર પરમાનંદમય પરમબ્રહ્મ સ્વરૂપમાં સ્થિત થવાને ઈચ્છે છે.**' ઈચ્છા કરે. સ્વરૂપમાં ઠરવાને ઈચ્છા-ભાવના કરે છે. રાગમાં રહેવાની ભાવના પ્રભુ મારી છે નહિ. અલ્પ અસ્થિરતા આવી જાય (પણ) ભાવના એની નથી. ચૈતન્ય જ્ઞાતા આનંદમાં ઠરું એ મારી ભાવના છે.

'**શુભ-અશુભ ઉપયોગથી ખસી શુદ્ધ ઉપયોગમાં નિવાસની ભાવના.**' '**જે સમયે અશુભ ઉપયોગ વર્તે છે તે સમયે તો પાપની ઉત્પત્તિ થાય છે.**' લ્યો! અશુભ વખતે. '**અને તે પાપથી જીવના અનેક પ્રકારના દુઃખોને અનુભવે છે. જે સમયે શુભ ઉપયોગ વર્તે છે એ સમયે પુણ્યની ઉત્પત્તિ થાય છે.**' આ ચોખ્ખું આલોચનામાં કહે છે. આ સમ્યગ્દૃષ્ટિ મુનિ છઠ્ઠે ગુણસ્થાને (છે) એ પણ કહી રહ્યા છે. '**જે સમયે શુભ ઉપયોગ વર્તે છે તે સમયે પુણ્યની ઉત્પત્તિ થાય છે અને એ પુણ્યથી જીવને સુખ અનુકૂળ સંયોગની પ્રાપ્તિ થાય છે.**' એમ. સુખ એટલે અનુકૂળ સંયોગ. કાંઈ અંદર સુખની નહિ. સમજાણું કાંઈ? '**એ બંને પાપ-પુણ્યરૂપ દ્વંદ્વ સંસારનું જ કારણ છે. અર્થાત્ એ બંને ચીજ સદા સંસાર જ ઉત્પન્ન થાય છે.**' શુભ અને અશુભ બેય પરિણામથી ઉદયભાવથી સંસાર જ ઉત્પન્ન થાય છે. કહો, હવે આવી વાત સીધી (છે) પણ હજી શ્રદ્ધામાં બેસાડતા વાર લાગે છે. કઠણ પડે કે આ નહિ. પુણ્ય તો ખરું... પુણ્ય તો ખરું... શુભભાવ તો ખરો. સંવર અને નિર્જરાનું પરંપરાનું કારણ. કહે છે કે કર પ્રાયશ્ચિત હવે આ રીતે સમજીને. શુભ

અને અશુભભાવથી તો સંસારની ઉત્પત્તિ છે. ભગવાન ચૈતન્યના આનંદની ઉત્પત્તિથી શાંતિની પ્રાપ્તિ છે.

'**અર્થાત્ એ બંને ચીજથી સદા સંસાર જ ઉત્પન્ન થાય છે. કિંતુ શુદ્ધ ઉપયોગથી...**' લ્યો! શુદ્ધઉપયોગથી '**ચૈતન્ય પરમાનંદના શુદ્ધ વેપારથી અંતરથી અવિનાશી અને આનંદસ્વરૂપ પદની પ્રાપ્તિ થાય છે. હે અર્હંતપ્રભુ! આપ તો તે પદમાં નિવાસ કરી રહ્યા છો. પણ હું એ શુદ્ધઉપયોગરૂપ પદમાં નિવાસ કરવાને ઈચ્છું છું.**' સ્વરૂપમાં જે દૃષ્ટિમાં આત્મા આવ્યો એમાં હું ઠરવા જ માગુ છું. પ્રભુ! એ રાગાદિ થાય એનો અભાવ કરીને સ્વરૂપમાં ઠરવા માગું, નિવાસ કરવા માગું છું. જુઓ! આ આલોચનામાં આ વાત લીધી, સત્ય વાત.

૧૯. '**આત્મસ્વરૂપનું નાસ્તિથી અને અસ્તિથી વર્ણન.**' '**જે આત્મસ્વરૂપ જ્યોતિ...**' જે આત્મસ્વરૂપ જ્યોતિ '**નથી તો સ્થિત અંદર...**' એટલે નથી તે મનમાં, કર્મ, શરીરમાં કે નથી સ્થિત બાહ્ય કે નથી બાહ્યમાં '**તથા નથી તો સ્થિત દિશામાં...**' કોઈ દિશામાં આત્મા નથી, એ તો એના અસંખ્ય પ્રદેશના સમૂહમાં છે. '**નથી સ્થિત વિદિશામાં તેમ જ નથી સ્થૂળ કે નથી સૂક્ષ્મ...**' એ ભગવાન આત્મા સ્થૂળ પણ નથી અને સૂક્ષ્મ પણ નથી. એ પરમાણુને લાગુ પડે. '**એ આત્મજ્યોતિ નથી પુલ્લિંગ...**' એ ચૈતન્યજ્યોત નથી પુરુષ લિંગે, નથી સ્ત્રી લિંગે, નથી નપુસંક લિંગે. આ વેદના વિકારની આલોચના કરે છે. વેદનો વિકાર જે ઉદય થાય પ્રભુ! એ મારા સ્વભાવમાં નથી, એ મારું સ્વરૂપ નથી. કેમ કે આત્મામાં ત્રણ લિંગ અને વેદના વિકારનો જ અભાવ છે.

વળી '**તે નથી ભારી કે નથી હલકી...**' એ આત્મસ્વરૂપ જ્યોતિ. '**તે જ્યોતિ કર્મ, સ્પર્શ, શરીર, ગંધ...**' આ સંખ્યા એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, દસ એવી સંખ્યા પણ આત્મામાં છે નહિ. '**વચન,...**' એ આત્મામાં વચન નથી. આ અત્યારની વાત ચાલે છે. ક્યારની શું? વાણી આત્મામાં કેવી? આત્માની ખાણમાં તો અનંતજ્ઞાન, આનંદ પડ્યો છે. વાણી તો જડ છે, એ એની ખાણમાં છે નહિ. '**નિર્મળ છે, વર્ણથી રહિત છે, સમ્યગ્જ્ઞાનદર્શનસ્વરૂપ મૂર્તિ છે.**' સમ્યગ્જ્ઞાન-સમ્યગ્દર્શનસ્વરૂપ પ્રભુ આત્મા છે. '**તે ઉત્કૃષ્ટ જ્યોતિસ્વરૂપ હું છું.**' લ્યો! એ '**ઉત્કૃષ્ટ જ્યોતિસ્વરૂપ હું છું. કિંતુ તે ઉત્કૃષ્ટ આત્મસ્વરૂપ જ્યોતિથી હું ભિન્ન નથી.**' એનાથી હું જુદો નથી. પહેલા કહે, એનાથી જુદો છું. કર્મ, શરીર, વાણી, વર્ણ, વિકલ્પ આદિથી. પણ એ ચૈતન્યસ્વરૂપ જ્યોતિ એનાથી હું ભિન્ન નથી. અસ્તિ-નાસ્તિથી વાત કરી. પરથી ભિન્ન અને મારા સ્વભાવથી અભિન્ન. સ્વભાવથી આત્માથી ભિન્ન. એમ. નિરૂપાધિ ત્રિકાળ સ્વભાવથી નહિ. ઉપાધિથી ભિન્ન. જુઓ! આ ભેદજ્ઞાન. આ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને ચારિત્રવંત મુનિ આ રીતે આત્માની અંદર આલોચના કરી રહ્યા છે.

‘**ત્રિકાળી આત્માની શક્તિ.**’ ‘**હે ભગવન! ચૈતન્યની ઉન્નતિનો નાશ કરનાર અને વિના કારણે સદા વેરી એવા આ દુષ્કર્મે આપમાં અને મારામાં ભેદ પાડ્યો. મારા સ્વરૂપમાં અને આપના સ્વરૂપમાં ભેદ છે નહિ. પણ કર્મના નિમિત્તના લક્ષે ઉપાધિએ આપ અને મારામાં ભેદ પાડ્યા.**’ દુશ્મનને સંગે ચડ્યો તો આપના સજ્જનથી જુદો પડી ગયો. ‘**પરંતુ કર્મશૂન્ય અવસ્થામાં જેવો આપનો આત્મા છે એવો જ મારો આત્મા છે. આ સમયે તે કર્મ અને હું આપની સામે ખડા છીએ.**’ આ કર્મ અને આત્મા બે દ્રવ્ય જુદા અમારા જ્ઞાનમાં આવે છે એમ કહે છે. ખડા છીએ. આ ચૈતન્યપ્રભુ અને આ જડ બીજી ચીજ, જે મારામાં નથી. એ બેય ખડા છીએ.

‘**તેથી તે દુષ્ટકર્મને હટાવી દૂર કરો. કેમ કે નીતિમાન પ્રભુનો તો એ ધર્મ છે કે સ્વજનોની રક્ષા કરે અને દુષ્ટોનો નાશ કરે.**’ પ્રભુ અવતરે ત્યારે કહે છે ને રાક્ષસોને મારે અને ભક્તોને સહાય કરે. એ નહિ. આ આત્મા સજ્જન છે એની વાત છે, કહે છે. આત્માનો એવો સ્વભાવ છે. સજ્જન નામ સત્-જન અંતરના અનંત ગુણોનો સમાજ, એની રક્ષા કરે અને દુષ્ટ નામ વિકારનો એ નાશ કરે એ સજ્જનોનું કર્તવ્ય છે. કહો, સમજાણું કાંઈ આમાં? ઓલા કહે ને, ભગવાન આવીને ભક્તોની ભીડ ભાંગે અને રાક્ષસોને (મારે). એ રાક્ષસ અને ભગવાન પોતે ને પોતે છે. હે સત્જન આત્મા! તારા અનંત ગુણનો સમાજ એની રક્ષા તું કર અને વિકાર તે રાક્ષસ સમાન છે તેનો નાશ કર. એ સજ્જનોના આવા લક્ષ અને કર્તવ્ય છે. કહો, સમજાણું?

૨૧. ‘**આત્માનું અવિકારી સ્વરૂપ**’. ‘**હે ભગવંત! વિવિધ પ્રકારના આકાર અને વિકાર કરનાર વાદળા આકાશમાં હોવા છતાં પણ જેમ આકાશના સ્વરૂપનો કાંઈ પણ ફેરફાર કરી શકતા નથી.**’ જુઓ! આત્માના સ્વરૂપની સાથે આકાશને મેળવે છે. ‘**તેમ આધિ,...**’ મનના વિકલ્પો ‘**વ્યાધિ,...**’ શરીરનો રોગ ‘**જરા, મરણ આદિ શરીરની અવસ્થા આદિ પણ મારા સ્વરૂપનો કાંઈ પણ ફેરફાર કરી શકે તેમ નથી.**’ વાદળાઓના આકાર અને વિકાર એ આકાશને કાંઈ કરી શકતા નથી. એમ ચૈતન્ય સ્વરૂપ પૂર્ણ કારણ પ્રભુ, એને આ વિકાર અને આધિ-વ્યાધિ આદિ કાંઈ પણ દૂષણ કરી શકતા નથી. ‘**કાંઈપણ ફેરફાર કરી શકે તેમ નથી. કેમ કે એ સર્વ શરીરના વિકાર છે.**’ એ આધિ, વ્યાધિ ને એ બધા શરીરના વિકાર છે. મનના સંકલ્પ-વિકલ્પ બધા કાર્મણ શરીરનો વિકાર છે. મારું નહિ. એ મારા ચૈતન્યનું ફળ નહિ. બેને જુદા કરીને હું મારા આત્મામાં ઢળવા માગું છું. ‘**જડ છે. જ્યારે મારો આત્મા જ્ઞાનવાન અને શરીરથી ભિન્ન છે.**’

૨૨. ‘**જેમ માછલી પાણી વિનાની ભૂમિ પર પડતાં તરફડી દુઃખી થાય છે. તેમ હું પણ આપની શીતળ છાયા વિના...**’ અંદરના નિર્વિકલ્પ શાંતિ અને આનંદ વિના ‘**અનેક પ્રકારના દુઃખોથી ભરપુર સંસારમાં સદા બળી જલી રહું છું.**’ રાગમાં

આવું છું તો બળી જળી રહું છું, એમ કહે છે. શીતળ ભગવાન આત્મામાં રહું છું ત્યારે શીતળતા છે. બહાર આવ્યો ને વિકલ્પ ઉઠ્યો પુણ્ય-પાપનો (તો એમાં) સળગી રહ્યો છું, કહે છે. **'બળી-જળી રહ્યો છું. જેમ તે માછલી જ્યારે જળમાં રહે છે ત્યારે સુખી રહે છે. તેમ જ્યાં સુધી મારું મન આપના કરુણારસપૂર્ણ...'** એ આત્માની કરુણારસ પૂર્ણ વીતરાગીભાવ **'અત્યંત શીતળ ચરણોમાં પ્રવેશેલું રહે છે. ત્યાં સુધી હું પણ સુખી રહું છું.'** જુઓ! આત્મા નિર્વિકલ્પ શાંતિમાં રહે ત્યાં સુધી સુખી અને વિકલ્પ ઉઠ્યો દયા, દાન કે કામ ક્રોધનો એ દુઃખી.

ઓલા કહે કે સાધન છે એ બધા. શુભભાવ એ સાધન છે. અહીં કહે છે, ના ના. બહાર નીકળું ત્યાં હું દુઃખી થાઉં છું. જળનું માછલું પાણીમાંથી બહાર નીકળે (તો) તરફડે. વેળુમાં આવે તો તડફડે તો અગ્નિમાં તો શું થાય? એમ શુભભાવમાં આવે તો દુઃખ થાય તો અશુભની શું વાત કરવી? એમ કહે છે. સમજાય છે કાંઈ? શુભ પરિણામ થાય તોપણ આકુળતા છે તો અશુભ પરિણામ, જળનું માછલું વેળુમાં આવે એ શુભભાવમાં આવ્યું અને અગ્નિમાં આવે એ અશુભમાં આવ્યું. એમ ઉપમા (આપી છે). એમ ચૈતન્ય પ્રભુ વીતરાગી વિજ્ઞાનઘન શુભમાં આવે (તો) તરફડું છું, દુઃખી છું. અશુભમાં વધારે દુઃખી (થાઉં છું). સમજાણું કાંઈ?

**'હે નાથ! મારું મન આપના ચરણ કમળો છોડી અન્ય સ્થળ કે જ્યાં હું દુઃખી થાઉં ત્યાં પ્રવેશ ન કરે એ મારી પ્રાર્થના છે.'** બહાર નીકળું નહિ અને અંદરમાં ઠરું, પ્રભુ! મારી એ ભાવના છે. લ્યો! અહીં તો બહારમાં મજા પડે છે અને અહીં મજા નથી. શુભભાવમાં મજા નથી એમ કહે છે અહીં તો. આહાહા..!

મુમુક્ષુ :- હવાફેર કરવા જાય ત્યાં...

ઉત્તર :- ધૂળમાંય મજા નથી. હવાફેર કોણ કરતું હતું ક્યાં? ક્યાં જાય અને ક્યાં આવે?

ચૈતન્ય ભગવાન શાંતરસનો ફુવારો. આવી ગયો ફુવારો. લીધું ને? આવી ગયું ને. આવી ગયો ફુવારો. શીતળ ઘરમાં એમ કે એક તો ફુવારો હોય અને શીતળ ઘર હોય. ઠંડી-ઠંડી. એને જેઠનો તાપ ન લાગે. એમ ભગવાન આત્મા શીતળસ્વરૂપ અને એમાં આશ્રય કરીને સ્થિર થયો એને કષાયના ઉદયો આતાપ આપી શકે નહિ. શીતળતા ત્યાં છે, ભાઈ! બાકી શીતળતા બીજે છે નહિ.

**'હે ભગવંત! મારું મન ઇન્દ્રિયોના સમૂહ દ્વારા બાહ્ય પદાર્થો સાથે સંબંધ કરે છે.'** જુઓ! અહીં બધું સિદ્ધ કરતા જાય છે પાછું. મન હોય, ઇન્દ્રિય હોય, ચૈતન્ય છે પણ આમ સંબંધ કરે છે. એ બધું વીતરાગ માર્ગમાં જ હોય, બીજે હોઈ શકે નહિ. **'તેથી અનેક પ્રકારના કર્મો આવી...'** વળી કર્મો આવ્યા પાછા. વિકારને લઈને. **'મારા આત્મા સાથે બંધાય છે. પરંતુ વાસ્તવિકપણે હું તે કર્મથી સદા કાળ, સર્વ ક્ષેત્રે જુદો**

**જ છું. તથા તે કર્મો આપના ચૈતન્યથી પણ જુદા છે. અથવા તો ચૈતન્યથી આ કર્મોને ભિન્ન પાડવામાં આપ જ કારણ છો.**' એ રાગ અને આત્માને ભિન્ન પાડવામાં ભેદજ્ઞાન જ કારણ છે, બીજું કોઈ કારણ નથી. રાગાદિ, શુભાદિ નિમિત્ત કોઈ કારણ નથી. '**હે શુદ્ધાત્મનઃ!**' હે જિનેન્દ્ર! '**મારી સ્થિતિ નિશ્ચયપૂર્વક આપમાં જ છે.**' આપમાં જ છે. ચૈતન્યમાં જ ખરેખર મારી સ્થિતિ જામી ગઈ છે.

૨૪. '**ધર્મીની અંતર ભાવના.**' '**હે આત્મન્! તારે નથી તો લોકથી કામ નથી તો અન્યના આશ્રયથી કામ, તારે નથી તો લક્ષ્મીથી પ્રયોજન, નથી તો શરીરથી પ્રયોજન, તારે વચન ને ઇન્દ્રિયોથી પણ કાંઈ કામ તારું છે નહિ. તેમ જ દશ પ્રાણોથી પણ પ્રયોજન નથી.**' દસ પ્રાણ છે ને? મનની પણ મારે જરૂર નથી એમ કહે છે. ત્રણ-મન, વચન, કાયા ને .. વગેરે. અનેક પ્રકારના વિકલ્પોથી પણ કાંઈ કામ નથી. '**કેમ કે તે સર્વ પુદ્ગલ દ્રવ્યના જ પર્યાયો છે.**' એ વિકલ્પો પુણ્ય-પાપ બધા જડ દ્રવ્યની દશા છે. આત્માના મૂળ સ્વરૂપમાં એ છે નહિ. '**વળી તારાથી ભિન્ન છે તોપણ બહુ ખેદની વાત એ છે કે તું તેમને પોતાના માની તેમનો આશ્રય કરે છે. તેથી શું તું દઢ બંધનથી બંધાઈશ નહિ? જરૂર બંધાઈશ.**' પુણ્ય-પાપનો આશ્રય લઈશ તો નવું બંધન થયા વિના રહશે નહિ. અબંધ સ્વભાવી ભગવાનનો આશ્રય લઈશ તો અબંધ પરિણામ ઉત્પન્ન થશે.

૨૫. '**ભેદવિજ્ઞાન દ્વારા આત્મામાંથી વિકારનો નાશ.**' '**ધર્મ દ્રવ્ય...**' એક ધર્માસ્તિ પદાર્થ છે, હોં! ધર્મ દ્રવ્ય એટલે. '**અધર્મ દ્રવ્ય,...**' એક અધર્માસ્તિ નામનો પદાર્થ ચૌદ બ્રહ્માંડમાં છે. '**આકાશ દ્રવ્ય,...**' લોકાલોક વ્યાપક છે. '**કાળ દ્રવ્ય,...**' લોકમાં અસંખ્ય પ્રદેશી એક એક દ્રવ્ય અસંખ્ય પડ્યા છે. '**એ ચારેય દ્રવ્યો કોઈપણ પ્રકારે મારું અહિત કરતા નથી. કિંતુ આ ચારેય દ્રવ્યો ગતિ સ્થિતિ આદિ કાર્યમાં મને સહકારી છે. તેથી મારા સહાયક થઈને જ રહે છે.**' મને સહાયક થઈને રહે છે. એના વિના નહિ એમ.. હું ગતિ કરું તો એ મને સહાય આપે છે એમ કહે છે.

'**પરંતુ નોકર્મ...**' એટલે ત્રણ શરીર અને છ પર્યાપ્તિ. આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસ, ભાષા, મન. '**અને કર્મ જેનું સ્વરૂપ છે એવું અને સમીપે રહેનારા અને બંધને કરનાર એક પુદ્ગલ દ્રવ્ય જ મારું વેરી છે.**' નિશ્ચયથી વેરી તો વિકાર છે. પણ વિકાર અને નિમિત્તને ભેગા ગણીને કર્મને વેરી કહેવામાં આવે છે. ચિદ્વિલાસમાં આવે છે ને ભાઈ! કે નિશ્ચયથી જે જેનો વેરી એનામાં હોય. પરમાં હોઈ શકે નહિ. પણ અહીં તો બે દ્રવ્યદષ્ટિથી કથન છે ને? બે દ્રવ્યને જુદા પાડ્યા, ફડાક દઈને. હું વેરી નહિ એટલે કર્મ વેરી છે, પ્રભુ! હવે એને મારવાને તૈયાર ઊભો થયો છું.

'**બંધને કરનાર પુદ્ગલ દ્રવ્ય જ મારું વેરી છે. તેથી આ સમયે મેં તેને**

**ભેદવિજ્ઞાનરૂપી તલવારથી...**' લ્યો! વેરી. '**ખંડ ખંડ ઉડાવી દીધા છે.**' આ ખરો વેરી તો પોતાનો અશુદ્ધભાવ છે. એ તો આપણે લખ્યું છે. સમજાવ્યું હોય ત્યારે લખ્યું છે. પણ અશુદ્ધભાવ એ એનું નિમિત્ત છે, એનો નાશ થયો એટલે કર્મનો નાશ થયા વિના રહે નહિ. ૨૫ થઈ.

૨૬. '**જીવોના અનેક પ્રકારના રાગ-દ્વેષ કરનારા પરિણામોથી જે પ્રમાણે પુદ્ગલ દ્રવ્ય પરિણમે છે તે પ્રમાણે ધર્મ, અધર્મ દ્રવ્ય, આકાશ, કાળ એ ચાર અમૂર્ત દ્રવ્યો રાગ-દ્વેષ કરનારા પરિણામોથી પરિણમતા નથી. તે રાગ-દ્વેષ દ્વારા પ્રબળ કર્મોની ઉત્પત્તિ થાય છે અને તે કર્મોથી સંસાર ઊભો થાય છે. તેથી સંસારમાં અનેક પ્રકારના દુઃખો ભોગવવા પડે છે. માટે કલ્યાણની ઈચ્છા રાખનાર સજ્જનોએ.**' સત્‌જનોએ, સત્ મહાજનોએ '**એ રાગ અને દ્વેષ સર્વથા છોડવા જોઈએ.**'

૨૭. '**આનંદ સ્વરૂપ શુદ્ધાત્માનું ધ્યાન અને મનન.**' આનંદ સ્વરૂપ શુદ્ધાત્માનું ધ્યાન અને મનન. '**હે મન! બાહ્ય તથા તારાથી ભિન્ન સ્ત્રી, પુત્રાદિ પદાર્થો છે તેમનામાં રાગ-દ્વેષ સ્વરૂપ અનેક પ્રકારના વિકલ્પો કરી તું શા માટે દુઃખદ અશુભ કર્મો ફોગટ બાંધે છે? જો તું આનંદરૂપ જળના સમુહમાં શુદ્ધાત્માને પામીને તેમાં નિવાસ કરીશ તો તું નિર્વાણરૂપ વિસ્તીર્ણ સુખને જરૂર પ્રાપ્ત કરીશ.**' જરૂર પ્રાપ્ત કરીશ. '**એટલા માટે તારે આનંદસ્વરૂપ શુદ્ધાત્મામાં જ નિવાસ કરવો જોઈએ. અને તેનું જ ધ્યાન અને મનન કરવું જોઈએ.**'

૨૮. '**હે જિનેન્દ્ર! આપના ચરણકમળની કૃપાથી...**' આપના ચરણકમળની કૃપા એટલે વીતરાગના ચરણકમળ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ એના ચરણકમળ છે. '**પૂર્વોક્ત વાતોને સમ્યક્ પ્રકારે મનમાં વિચારી...**' પૂર્વે કહ્યું એ પ્રમાણે. '**જે સમયે આ જીવ શુદ્ધિ માટે અધ્યાત્મરૂપ ત્રાજવામાં પગ મૂકે છે, એ જ સમયે તેને દોષિત બનાવવાને ભયંકર વેરી સામા પલ્લામાં હાજર થાય છે.**' બે ત્રાજવા. એક ત્રાજવે જ્યાં આમ તોળવા જાઉં છું અંદરમાં સ્થિર (થવા જાઉં છું), ત્યાં બીજે ત્રાજવે વિકલ્પ-રાગ ઉઠે છે. '**હે ભગવંત! તેવા પ્રસંગે આપ જ મધ્યસ્થ સાક્ષી છો.**' જ્ઞાતા-દૃષ્ટા એ જ સાક્ષી છે કે આ રાગ પર અને મારું સ્વરૂપ ભિન્ન છે. એમ એનો સાક્ષી તો ભગવાન આત્મા જ છે. એ સાક્ષીપણે બેને જુદા ભાસીને બે જુદા પડી જાય છે.

૨૯. '**હવે વિકલ્પરૂપ ધ્યાન તો સંસારસ્વરૂપ છે.**' જુઓ! એ વિકલ્પરૂપ ધ્યાન પણ સંસારસ્વરૂપ છે. '**વિકલ્પ રાગ-દ્વેષયુક્ત વિકારયુક્ત નિર્વિકારી આત્માનું...**' શું લખ્યું? '**નિર્વિકારી આત્માનું...**' ક્યાં લખ્યું? બીજી હશે. '**વિકલ્પરૂપ ધ્યાન સંસાર સ્વરૂપ...**' બીજાની તો વાત શું કરવી? આત્માના ગુણ-ગુણીના ભેદરૂપ વિકલ્પમાં પડ્યો એ પણ સંસાર છે. આહાહા..! '**અને નિર્વિકલ્પ ધ્યાન મોક્ષ સ્વરૂપ છે. એમ આચાર્ય**

**દર્શાવે છે.**' '**દ્વૈત સવિકલ્પ ધ્યાન તો વાસ્તવિક રીતે સંસારસ્વરૂપ છે.**' અદ્વૈત ચૈતન્યમૂર્તિમાં ગુણગુણીનો ભેદ ઉઠે કે હું જ્ઞાન છું, દર્શન છું, આનંદ છું, એવો વિકલ્પ ઉઠે '**એ સંસાર છે.**' એ ઉદયભાવ છે. '**અને અદ્વૈત નિર્વિકલ્પ ધ્યાન...**' સ્વરૂપની અંદરમાં ધ્યાનની એકાગ્રતાની લીનતા એ મોક્ષસ્વરૂપ છે. મોક્ષસ્વરૂપ જ છે એમ કીધું છે એને. ધ્યાનને મોક્ષસ્વરૂપ કહી દીધું.

'**સંસાર અને મોક્ષમાં પ્રાપ્ત થતી ઉત્કૃષ્ટ દશાનું આ સંક્ષેપથી કથન છે.**' શું કહ્યું? આ સર્વજ્ઞને સારમાં સાર કહેવું હોય તો આ વાત છે કે જેટલો વિકલ્પ દયા-દાનની તો વાત પણ નહિ પણ ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ ઉઠે (કે) આવો આ (ગુણ છે, આ ગુણી છે) એ સંસાર (છે). અંતર સ્વરૂપમાં નિર્વિકલ્પ દૃષ્ટિ કરીને ઠરવું તે મોક્ષ છે. આખા બાર અંગનો સંક્ષેપમાં.. છે ને? '**મોક્ષમાં પ્રાપ્ત થતી ઉત્કૃષ્ટદશાનું આ સંક્ષેપથી કથન છે.**' જો છેલ્લામાં છેલ્લું કથન કરવું હોય તો આ વસ્તુ છે. '**જે મનુષ્ય પૂર્વોક્ત બેમાંથી પ્રથમ દ્વૈતપદથી ધીરે ધીરે પાછો હઠી...**' દ્વૈત એટલે વિકલ્પથી ખસી '**અને અદ્વૈત પદનું આલંબન સ્વીકારે છે.**' અદ્વૈત એટલે નિર્વિકારી આત્માનું. એમ. નીચે લખ્યું એ ને? '**અદ્વૈત પદનું આલંબન સ્વીકારે છે. તે પુરુષ નિશ્ચયનયથી નામરહિત થઈ જાય છે.**' લ્યો! એક જ મોક્ષનો માર્ગ કહ્યો, આમાં બે ન કહ્યા. વિકલ્પ પણ મોક્ષમાર્ગ છે અને નિર્વિકલ્પ પણ મોક્ષમાર્ગ છે (એમ નથી કહ્યું).

મુમુક્ષુ :- બીજા શાસ્ત્રમાં આવે છે.

ઉત્તર :- બીજા કોઈ શાસ્ત્રમાં આવતું નથી. આવે એ કથનની પદ્ધતિ છે. વસ્તુ સ્વરૂપમાં છે નહિ. આટલું તો આલોચનામાં આચાર્યે વનમાં, તપોવનમાં બેઠા... અહો..! ચૈતન્યસ્વરૂપમાં ડોલે એ નિર્વિકલ્પ દશા એ એક જ મોક્ષસ્વરૂપ તે મોક્ષનું કારણ છે અને જેટલો વિકલ્પ ઉઠે, વ્રતનો તો ક્યાંય રહી ગયો, બીજો ભક્તિ આદિનો, વિકલ્પ ઉઠે અંદરમાં મનના સંગે ભેદરૂપ, (એ) સંસાર છે. આ સંક્ષેપમાં છેલ્લામાં છેલ્લું કથન ભગવાનનું આ છે. સમજાણું?

અહીં કહે છે કે નાથ! અહીં પ્રભુ ઋષભદેવના શાસનમાં છે ને પરંપરામાં. કહે છે, પ્રભુ! તારું જ્ઞાન એવું છે (કે) એ સ્તુતિ શું કરીએ અમે? એ કૂવાનો દેડકો એમાં રહે એ સમુદ્રની વાત કરે પેટ ફાડીને. આવડો હશે તારો દરિયો? અરે..! બાપા! તારા પેટ ફૂલે દરિયાના માપ ન આવે. સમજાણું કાંઈ? દરિયાનો એક દેડકો આવ્યો ને ત્યાં ગયો. ઓલો દેડકો એને મળ્યો. ક્યાં રહે છો? ઓલાને કહે. દરિયામાં. દરિયો કેવડો તારો? આમ કહે આટલો? બાપુ! તારા પેટના પહોળાઈએ દરિયાના માપ ન આવે ભાઈ! પછી કૂદ્યો. પેઢલી હોય ને? કૂવાની પેઢલી અંદર. પેઢલી સમજ્યા. પત્થરની. અહીંથી કૂદીને ત્યાં ગયો. એટલો? નહિ. કેટલો તારો દરિયો? શાંત થા. તારા કૂદે એના માપ ન આવે. સમજાણું કાંઈ?

એમ અહીંયાં કેવળજ્ઞાનનો એક સમયનો પર્યાય.. આહાહા..! ત્રણ કાળ ત્રણ લોક એક સમયમાં જાણે. ત્યાં થાશે ત્યારે જાણે એમ નહિ. કેટલાક એમ કહે છે ને કે ભવિષ્યમાં ત્યાં થાય, એવું નિમિત્ત આવે અને કઈ પર્યાય થાય ત્યારે ભગવાન જાણે. અરે..! અનિશ્ચિત ભગવાનના જ્ઞાનમાં હોય નહિ ત્રણ કાળમાં. આહાહા..! એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક વ્યવસ્થિત બિંબ જેમ પડ્યું છે, જેમ ત્રણ કાળના તીર્થંકરો એક સ્તંભમાં ચીતર્યા હોય અને આમ નજર પડે અને એક સમયમાં છદ્મસ્થ પણ જાણે, એમ ભગવાનના જ્ઞાનમાં ત્રણ કાળ એક સમયમાં ચીતરાઈ ગયા. પોતાની પર્યાયે, હોં! એ ક્યાં આવે છે ત્યાં. એની કાંઈ ઝળક આવતી નથી જડની. આહાહા..! કહો, પોપટભાઈ!

એવી સમુદ્રની મેંઢક કથા વર્ણન કરે એવું છે પ્રભુ. હું તો સ્તુતિ કરું પણ આ દેડકાના ઓલા જેવું થાશે. એમ કરીને નિર્માનતા બતાવે છે. પ્રભુ! દેડકો જેમ કહે... દેડકો કહે. એવી હું સ્તુતિ કરું છું. એટલી નિર્માનતા મુનિ ભગવાનની સ્તુતિ કરવામાં કહે છે.

.. હવે પછી લે છે..

**अम्हारिसाण तुह गोत्तकित्तणेण वि जिणेस संचरइ।**
**आएसं मग्गंती पुरओ हियइच्छिया लच्छी।।५।।**

હે પ્રભુ! '**હે જિનેન્દ્ર! આપના નામના કીર્તનમાત્રથી...**' આપનું નામ તો ઋષભદેવ. ઋષતિ ગચ્છતિ ઈતિ પરમપદં ઈતિ ઋષભ. સમજાય છે કાંઈ? પ્રભુ! આમ ઋષભ જ્યાં શબ્દ આવે છે ને અમને. 'ઋષભતિ ગચ્છતિ ઈતિ પરમપદમ ઈતિ ઋષભઃ' એવું જ્યાં નામ યાદ કરીએ ત્યાં તમારી પૂર્ણાનંદની પર્યાય અમને યાદ આવે છે. એવા આપના નામના વિકલ્પમાત્રથી પણ અમે જ્યાં આપને યાદ કરીએ છીએ. '**गोत्तकित्तणेण वि जिणेस संचरइ**' '**હમ જૈસે મનુષ્યોં સે આજ્ઞા કો માગતી મનોવાંછિત લક્ષ્મી ગમન કરતી હૈ.**' જ્યાં અમે જન્મશું ત્યાં આજ્ઞા માગશે. શું જોઈએ છે? કેમ જોઈએ છે? એટલી લક્ષ્મી અમને જ્યાં તૈયાર થાય. સમજાણું કાંઈ?

ધર્માત્મા આત્માના ભાનવાળા ભગવાનની ભક્તિના વિકલ્પથી એવું પુણ્ય બાંધશે (કે) જ્યાં જશે ત્યાં લક્ષ્મી સામી આવશે, મિત્રો સામા આવશે. જ્યાં જન્મશે તે ગામના પથરા નિલમણિપણે પરિણમશે. આહાહા..! એ ધર્મી જીવ ભગવાનની સ્તુતિ કરતા જ્યાં જન્મશે ત્યાંના દરિયાના માછલા લાખો કરોડો મોતી પાકશે. આમ મોઢા આગળ થશે. લક્ષ્મી એ તો ધૂળ આમ મોઢા આગળ થશે. શું જોઈએ? આહાહા..! પ્રભુ! તારા આદર કર્યા છે. અમારા સ્વભાવના આદર કર્યા અને અમે તારા આદર કર્યા. એ આદર અમને કરશે લક્ષ્મી, શું જોવે છે? સમજાણું?

હમણાં કહ્યું હતું ને એકવાર? આ રાજાઓને અત્યારે પૂછડા વેરો ને શું કહે છે બધા? ઈન્કમ ટેક્સ ને ખોસે છે ને પૈસા લે એવું ન હોય એને. ધર્મી જીવના પુણ્ય એવા હોય કે જ્યાં જન્મે ત્યાં દુનિયા પાસેથી લક્ષ્મી એને લેવી ન પડે. કુદરત જ એવા પાકે ચોસલા નીલમણિના મોતી પાકે, હીરા પાકે કોલસાની ખાણમાં. એ રાજકુમાર આદિ થાય સમકિતી. જ્યાં પૂર્વના પુણ્યને કારણે પુણ્યથી ત્યાં જાય. તો ત્યાં કોલસામાં હીરા પાકે કરોડો. કોલસાની ખાણ જોડે હોય તો હીરા પાકે, પથરાની ખાણ હોય તો ત્યાં નીલમ પાકે. આ દરિયો હોય માછલા કરોડ પાકે મોતીના. આહાહા..! દેખો તો ખરા, પ્રભુ! તારા નામ માત્રમાં આટલું છે અમારે. તારા સ્વભાવનું શું કહેવું? સમજાણું કાંઈ? કહો, નેમિદાસભાઈ! આ પરાણે જલસા ને કરે છે ને? અમારું નામ રાખજો ભાઈ હોં! મિત્રોને બે ભેગા કરે બે-પાંચ હજાર ખર્ચીને. લ્યો, આ અમારા નામની તમે કાંઈ જન્મ જયંતિ કરો, જન્મોત્સવ કરો. મૂઢ છો, તારા પુણ્ય જ સારા નથી. એ શેઠી! અમને શેઠાઈ આપો, અમને આચાર્યપદ મળો. મોટા આચાર્યપદ આપો, પદવી ઓઢાડો, પદવી કરો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાં હોળી છે. ઓલો નાનો સાધુ આચાર્ય થઈ જાય તો મોટો કહે કે મને પહેલું આચાર્યપદ દઈ દયો. નહિતર પછી ઓલા નાનાને આચાર્યપદ મળશે તો મારે વંદન કરવું પડશે. આ બધું બને છે. બન્યું છે. ખબર છે કે નહિ?

મુમુક્ષુ :- દિગંબરમાં તો પણ વગર શિષ્યે આચાર્ય થઈ જાય.

ઉત્તર :- અત્યારે દિગંબરમાં તો બધું સમજવા જેવું થઈ ગયું છે. આહાહા..!

અરે..! એ આચાર્યપદ કાંઈ દીધું આવે છે? એ લઈને જ એવી દશા લઈને આવે છે. તેથી આવે છે ને ભાઈ, નહિ? ક્ષયોપશમમાં આવે છે. શ્વેતાંબરમાં આવે છે. ક્ષયોપશમભાવના બોલ આવે છે ને? ત્યાં આચાર્ય પદવી ક્ષયોપશમભાવ એવો લઈને આવે છે. એ જાતની યોગ્યતા લઈને આવે છે. દુનિયા એમ કહે કે ઓહો..! આ અધિક પુરુષ છે. આપણા સમાજમાં અધિક છે. માટે તેને જ આચાર્યપદ દેવું જોઈએ. એવી કુદરતી એની ક્ષયોપશમ દશા અને પુણ્ય જ દુનિયા પાસે પોકારે છે. એ આ ભગવાનની ભક્તિ-સ્તુતિ કરી છે આત્માના ભાનસહિત

માટે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

પ્રભુ! અમારા સરખા એમ ભાષા (છે). '**अम्हारिसाण**' અમારા જેવા તો પ્રભુ! આપના નામ યાદ કરેને ત્યાં નામમાં નમવું અને આત્માનું સ્વરૂપ શું છે આપનું એ પણ અમને ધ્વનિ આવી જાય છે. ઋષભ ઋષતિ ઈતિ ગચ્છતિ ઈતિ પરમપદ. આહાહા..! જેણે પોતાના નિર્મળ પદની પ્રાપ્તિ કરી લીધી છે. એવા ભગવાનનું જ્યાં નામ અમને યાદ આવે છે ને, ત્યાં અમારું હૃદય રોમાંચ થઈ જાય છે. રોમાંચ થઈ જાય છે શરીરના. '**आएसं मग्गंती पुरओ**' જ્યાં જશું ત્યાં અમારે લક્ષ્મી અને પુણ્યનું ફળ સામી આજ્ઞા માગશે. શું જોવે છે? કેટલું જોવે છે? કેમ છે? સમજાણું કાંઈ? એ ભક્તિમાં એટલી શક્તિ છે એમ કહે છે. '**તો સાક્ષાત્ આપકો પ્રાપ્ત કર લેગા.**' એમ અર્થમાં નાખ્યું વિશેષ. સાક્ષાત્ આત્માને અંદર પ્રાપ્ત કેવળજ્ઞાનીની દશાનો અનુભવ થાય એને શું કહેવું? એ પાંચ ગાથાથી સ્તુતિ કરી. હવે ઈતિહાસથી ઉપાડે છે.

હવે ભગવાન સર્વાર્થસિદ્ધમાં હતા ત્યાંથી ઉપાડે છે વાત. તે ઠેઠ કેવળજ્ઞાન સુધી લઈ જશે. ઋષભદેવ ભગવાન સર્વાર્થસિદ્ધમાં હતા ત્યાંથી તે લઈને પૃથ્વી ઉપર લાવશે. ભગવાન જન્મશે અને ત્યાંથી પર્વત ઉપર લઈ જશે ત્યાંથી પછી.. ઘણી ગાથાઓ છે. એમ ક્રમે કરીને છેક કેવળજ્ઞાન પામશે, કેવળજ્ઞાનની ધ્વનિ નીકળશે એમાં અન્યમતિઓનું ખંડન થશે. વગેરે વગેરે. ઠેઠ ત્યાંથી ઉપાડીને સ્તુતિ કરે છે હવે. આ પાંચ ગાથામાં સ્તુતિ સામાન્ય રીતે કરી. હવે છઠ્ઠી ગાથામાં.

**जासि सिरी तइ संते तुव अवइण्णम्मि तीए णट्ठाए।**
**संके जणियाणिट्ठा दिट्ठा सव्वट्ठसिद्धी वि।।६।।**

'**હે સર્વજ્ઞ! હે જિનેશ! જે સમયે આપ સર્વાર્થસિદ્ધમાં બિરાજમાન હતા ત્યારે સર્વાર્થસિદ્ધની શોભા અતિ શોભિત હતી.**' સધવા જેમ હોય અને શોભે, એમ આપને કારણે સર્વાર્થસિદ્ધ એ સધવા દશા હતી. આહાહા..! પ્રભુ! એ આપ.. એમાં ભાઈએ લખ્યું છે. ભાવિ તીર્થંકર જ્યાં થયા... એના અર્થમાં. છઠ્ઠી ગાથામાં લખ્યું છે. આમાં લખ્યું છે. છે ને? એ એમ કહે છે, હે નાથ! આપ ભવિષ્યમાં તીર્થંકર થવાવાળા છો. આપ ત્યાં બિરાજમાન સર્વાર્થસિદ્ધમાં જ્યારે હતા ત્યારે આપને લઈને એની શોભા હતી. પણ હે નાથ! આપ નીચે જ્યાં ઉતર્યા (તો) એ વિધવા દશા થઈ ગઈ એની. સમજાણું કાંઈ?

અહીં પણ ભાઈ કહેવાય છે એવું, હોં! બહુ લક્ષ્મીવાળો, આબરૂવાળો શેઠ હોય ને. પાંચ-દસ લાખની આબરૂ હોય .. બાળીને આવે, મરી જાય. ઉજ્જડ લાગે. ઘર ઉજ્જડ. અરે..! આ શિરછત્ર વિના, પૈસા પડ્યા, લક્ષ્મી બધું છે પણ આ જે શોભા અમને એમની હયાતીમાં દેખાતી હતી, પિતાજીની હયાતીમાં દેખાતી હતી. અરે..! આ સુનું લાગે છે. એ ન્યાલભાઈ! અમારે રાયચંદ ગાંધીમાં એમ થયું હતું. રાયચંદ ગાંધી પુણ્યવાળા બહુ હતા, પુણ્યશાળી. બોટાદ.

તે દિ' તો પાંચ ઘણા કહેવાતા ને. હવે તમે બધા ૨૫-૨૫, ૩૦, ૪૦ લાખ થઈ ગયા. આ તો બધા આંકડાવાળા થઈ ગયા. પણ તે દિ' તો પાંચ લાખ પણ ઘણું કહેવાતું. અને પચાસ હજારની પેદાશ એટલે મોટો શેઠીયો. રાયચંદ શેઠ એના અગિયાર ઓલામાં (કહેવાય). એ જ્યાં ગુજરી ગયા, ત્યારે બાળીને આવ્યા છોકરાઓ. મકાન તો એના એ હતા મેડીઓ. પણ શોભા ન દેખાય. અરે..! અમારા પિતાજીની હયાતી હતી અને આ શોભા (ચાલી ગઈ). પુણ્યશાળીને લઈને એમ લાગે. સમજાણું કાંઈ?

એક તો મોટા ગૃહસ્થ. ગુજરી ગયા પછી બાયું રોવે ને? રોવામાં મૂક્યું હતું. નામ-બામ નથી આપતા, બધું ખ્યાલમાં છે. એક બીજે ઠેકાણે. હે પિતાજી! આપના વિરહ પડ્યા. આ મેડીયું સુની કાળી મશ જેવી લાગે છે. બાયું રોવે, એવી રોવે. ઘણા ઢોંગ હોય ને રોવાના. એ.. ન્યાલભાઈ! આ જે મેડી આપની હયાતીમાં દેખાતા એવા દેખાતા નથી. પુણ્યશાળી પુરુષ હોય ને. એમ અહીંયાં કહે છે કે હે નાથ! આપ જ્યારે ત્યાં બિરાજતા હતા ત્યારે..

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઉઘાડ જ્ઞાની વધારે હોય. પણ આ તો અત્યારે પુણ્યની વાત ચાલે છે. સમજાણું કાંઈ?

**'જિસ સમય આપ સર્વાર્થસિદ્ધિ વિમાનમાં થે, ઉસ સમય ઉસ વિમાનકી જૈસી શોભા થી, વહ આપ કે ઈસ પૃથ્વીતલ પર ઉતરનેકે બાદ આપકે વિયોગ સે ઉત્પન્ન હુએ દુઃખ સે નષ્ટ હો ગઈ. મૈં ગ્રંથકાર ઐસા અનુમાન કરતા હૂં.'** શંકા કરું છું. અલંકાર કરે છે. પ્રભુ! આપને લઈને ત્યાં શોભા હતી. એ વસ્તુની શોભા નહિ. આપ સાધક હતા. ૨૨ તીર્થંકર થવાના હતા. આપને લઈને સર્વાર્થસિદ્ધિની શોભા (હતી). ગુણગ્રામનું લક્ષ છે એનું. સમજાણું કાંઈ? આહાહા..! આગળ તો સ્તુતિ કરશે હજી.

પ્રભુ! આ ચંદ્રમામાં જે આ હરણ દેખાય છે ને. પ્રભુ! એ હરણ શું છે? કે એ ત્યાંના ઈન્દ્ર અને ઈન્દ્રાણી સ્વર્ગમાં સુધર્મ દેવલોકમાં ઈન્દ્ર-ઈન્દ્રાણી આપના ગુણગાન કરે છે એ હરણીયા ઉડીને ત્યાં નજીક સાંભળવા ગયા છે. હરણ સમજ્યાને? મૃગ-મૃગ. એ તો ભક્તોને જ્યાં હોય ત્યાં ભગવાન જ ભાળે છે. એમ કહે છે. સમજાય છે કાંઈ? આ યાદ કરવાની...

હરતા ફરતા પ્રગટ પ્રભુ દેખું, મારું જીવ્યું સફળ તવ લેખું.
હરતા ફરતા પ્રભુ પ્રગટ દેખું.

જ્યાં હોય ત્યાં પ્રભુ યાદ કરે. આ ઠેકાણે પ્રભુ હતા... આ ઠેકાણે પ્રભુ હતા... આ ઠેકાણે પ્રભુ હતા. એય..! આ રોવે ત્યારે નથી રોતા? અરે..! આ દીકરો અહીં બેઠો હતો, અહીં બેસતા હતા. દાંતણ અહીં કરતા હતા. કહેતા ને ભાઈ, ચંદુભાઈ. અધિકારી. એના બાપ સાધારણ હતા. આ તો મોટા અધિકારી હતા. પણ પિતાજીનું એટલું માન એને. ગોંડલના આખા કેળવણી અધિકારી. બંગલા મોટા ઘણા. ત્યારે એમ યાદ કરતા. અમારા પિતાજી અહીં

માળા ગણતા. અહીં દાંતણ કરતા. એમ કરીને યાદ કરે. સમજાણું કાંઈ?

એમ સર્વજ્ઞ પરમેશ્વરના પ્રેમવાળા પ્રેમવાળા ભક્તો.. સર્વાર્થસિદ્ધિની યાદ આવે કે ભગવાન ત્યાંથી આવે છે (તો કહે છે), પણ પ્રભુ! આપને લઈને ત્યાં શોભા હતી. આહાહા..! આપના ધર્મના સાધકની દશાને લઈને એ શોભા હતી. એની શોભા ક્યાં હતી. જુઓ! '**संके जणियाणिट्ठा दिट्ठा**' આપ જ્યારે ઉપરથી નીચે આવ્યા, ત્યાંથી ઉપાડી છે વાત. '**जणियाणिट्ठा दिट्ठा**' ભગવાન! એ સર્વાર્થસિદ્ધિની શોભા ગઈ. શોભા તો આત્માના સાધકપણાના આનંદની આપ બિરાજતા હતા ત્યારે શોભા લાગતી હતી. સમજાણું કાંઈ? એ નિશ્ચય સ્વભાવનું સાધકપણું (હોય) ત્યાં રાગની વ્યવહારતા શોભે, નહિતર શોભે નહિ. એમ કહે છે. આહાહા..!

એણે ઘણું લખ્યું. '**ઉસ સમય ઉસ વિમાન કી બડી શોભા થી. કિન્તુ જબ આપ ઈસ પૃથ્વીતલ પર ઉતર કર આ ગયે, તબ ઉસ વિમાનકી વૈસી શોભા નહીં રહી.**' ઓલામાં ભાઈએ સધવા ને વિધવા લખ્યું છે. લખ્યું છે કે નહિ એમાં કંઈ? છે, એમાં લખ્યું છે. સર્વાર્થસિદ્ધિની દશા વિધવા થઈ ગઈ, એમ લખ્યું છે. આહાહા..! પરમેશ્વર દશા આત્માની, એક સમયમાં અનંત આનંદનો અનુભવ, અનંત કેવળજ્ઞાન એ થવાના કાળે થશે પણ એ પહેલા જ્યાં જતા સર્વાર્થસિદ્ધિમાં પ્રભુ! એ તમારા દશાના સાધકપણાના ધર્મને લઈને એ શોભા હતી. ધર્મને લઈને એ શોભા હતી. સમજાણું કાંઈ? ધર્મની મહિમા છે, પુણ્યના ફળની મહિમા નથી. એમ કહે છે. જુઓ! આ સ્તુતિ. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ન આવ્યું?

**जासि सिरी तइ संते तुव अवइण्णम्मि तीए णट्ठाए।**
**संके जणियाणिट्ठा दिट्ठा सव्वट्ठसिद्धी वि।।६।।**

પોકાર કરે છે ને અંદરથી, જુઓને! આચાર્ય પોતે પોકાર કરે છે. છે ને '**सिरी**' ભાઈ, જુઓ! '**जासि सिरी तइ संते**' .. તમારી હયાતીમાં જે ત્યાં લક્ષ્મીની શોભા સર્વાર્થસિદ્ધિની હતી, '**संते तुव अवइण्णम्मि**' નીચે ઉતરતા એ બધી લક્ષ્મીની શોભા હે નાથ! નષ્ટ થઈ ગઈ છે. ત્યાંની દશા વિધવા થઈ ગઈ છે. આપ હતા માટે સધવા હતી. આહાહા..! એ... ન્યાલભાઈ! નથી કહેતા? અમારા શિરછત્ર ગયા. છોકરા રોવે, હોં! એય..! અમારા પૂછવાના સ્થાન (ગયા). અમારા શિરછત્ર હતા અમારા પિતા. પૂછવાના સ્થાન હતા. ક્યાં પૂછશું અમે?

ઋષભદેવ ભગવાન જ્યારે મોક્ષ પધારે છે અષ્ટાપદ પર્વત ઉપર, ત્યારે એ ભરત આવે છે, ઈન્દ્ર આવે છે ઉપરથી. ભરત રોવે છે. સમકિતી છે. ખબર છે કે આ ભવમાં મારે કેવળજ્ઞાન છે. આમ દેખે છે ને આંસુની ધારા (વહે છે). ઈન્દ્ર કહે છે કે ભરત! ભાઈ! તારી તો મુક્તિ મારા પહેલા છે ને. ઈન્દ્ર કહે છે કે મારે તો હજી મનુષ્યનો એક અવતાર ધારણ કરવાનો બાકી છે. પ્રભુ કહી ગયા છે અને તમને ખબર છે. આ ભવમાં તમારે દેહ

છેલ્લો અને કેવળજ્ઞાન છે. શું કરવા રોવો છો?

ઈન્દ્ર! મારા પ્રભુનો ભરતક્ષેત્રમાંથી સૂર્ય અસ્ત થઈ ગયો. મારા પ્રભુનો (સૂર્ય) ભરતક્ષેત્રમાં (અસ્ત થઈ ગયો). આ સૂર્ય તો ઊગે ને આથમે હરએક વખતે. મારા નાથ કેવળજ્ઞાનનો વિરહ પડ્યો. હું હવે ક્યારે પૂછીશ ક્યાં? આહાહા..! સમજાણું કાંઈ? ઈન્દ્ર! મને ખબર છે બધી. મારો દેહ છેલ્લો છે. હું કેવળ પામીને ચરમશરીરી છું, મને ખબર છે. પણ અત્યારે મારા પરમેશ્વર આ ભરતક્ષેત્રમાં બિરાજતા સૂર્ય કેવળજ્ઞાન સૂર્ય (હતા). પ્રભુ અમારા સૂર્ય અત્યારે અસ્ત થઈ ગયા. એનું અમને રુદન આવે છે. વિકલ્પ પ્રચુર રાગ ભક્તિ છે ને? સમજાણું કાંઈ? કેવળજ્ઞાન લેવાની એટલી ઉગ્રતા છે કે આ કેવળજ્ઞાનીના વિરહ પડ્યા ત્યાં રોવે છે અંદરથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમાં એ બધું ભર્યું છે. એય..! નેમિદાસભાઈ! થોડું લખ્યું ઘણું કરીને જાણજો. નથી લખતા તમે? આમાં થોડામાં બધું ભર્યું છે.

હવે કહે છે, હે નાથ! આપ જ્યારે નીચે ઉતર્યાને, આ પૃથ્વી ઉપર આવ્યાને, ત્યારે આ વસુમતિ થઈ. કારણ કે આપના જન્મ પહેલા અહીંયાં નવ મહિના સુધી રત્નની વૃષ્ટિ વરસી. ભગવાન! આપ અહીંયાં આવ્યા તો આની શોભા થઈ. જુઓ! હવે ઉપરથી હેઠે ઉતાર્યા. આહાહા..! લોકો પણ નથી કહેતા લગન આદિ એવું હોય તો. આપને આવ્યેથી મંડપની શોભા વધશે. લખો છો કે નહિ? એય..! જમાઈ હોય કે એવો આવતો હોય પરદેશથી. ન આવી શકે, પંદર વર્ષથી બહાર આફ્રિકામાં હોય અને છેલ્લા પહેલા લગન હોય સાળાના. તમારે આવ્યે શોભા વધશે. અમારે છેલ્લું પહેલું આ જ છે. માટે તમે મંડપની શોભામાં વધારો કરશો. એય..! ચંદુભાઈ! લખે છે કે નહિ? એ માયાવી આવું લખે છે.

આ તો પ્રભુ! તારા વિરહ અમને પડ્યા. એ સર્વાર્થસિદ્ધિને વિરહ પડ્યા. અહીંયાં જ્યારે આવ્યા ત્યારે પૃથ્વીની શોભા ભગવાન અહીં અવતર્યા તો એને લઈને વસુમતિ કહેવાણી. નહિતર પૃથ્વી કહેવાતી હતી.

**णाहिधरे वसुहारावडणं जं सुइरमिहं तुहोयरणा।**
**आसि णहाहि जिणेसर तेण धरा वसुमई जाया।।७।।**

આહાહા..! '**હે જિનેશ્વર! જે સમયે આપ પૃથ્વી ઉપર ઉતર્યા હતા.**' એ સમયે અમે તો આપની દશા આમ જોઈએ છીએ, હોં! '**તે સમયે નાભિ રાજાના ઘરમાં ઘણા કાળ સુધી વર્ષા થઈ.**' આકાશના રજકણો રતન થઈને પડે. સમજાણું કાંઈ? મહા ભાવિ તીર્થંકરને આ જ ભવમાં કેવળજ્ઞાન લેવાનું છે. એટલે ત્યાં જન્મે છે એના પહેલા આકાશના સ્કંધો હોય, ત્યાં પરમાણુઓ રતનની પર્યાય થઈને ઢગલા પડે હેઠે. એ કાંઈ ઈન્દ્રો બહારથી નથી લાવતા. કો'કની ખાણમાંથી નથી ઉપાડીને લાવતા. સમજાણું કાંઈ? એ તો ત્યાં જ

આમ કરે ત્યાં ઢગલા રતનના. ત્યાં ક્યાં હતું એની પાસે. સમજાણું કાંઈ?

અરે..! આખી દુનિયા ત્યાં પ્રસન્ન થઈ. ભગવાનનો અવતાર! આહા..! રતનના રજકણો. રજકણો જે હોય તે રતનરૂપે થઈને ઢગલા પડે. એક બે ઘડી તો આખા દુનિયામાં નારકીને પણ જરીક સુખ થાય. સમજાણું કાંઈ? આહા..! કહે છે કે '**नाभि राजा के घरमें बहुत काल तक आकाशसे धनवर्षा हुई थी...**' નવ મહિના આવે છે ને? '**आकाशसे हुई थी.**' દેખો! ત્યાં છે ને? દાનના અધિકારમાં એ છે વાત. પાનું ૧૭૨ ત્યાં પણ લીધું. ગાથા-૩ દાન અધિકારમાં છે. સમજાણું? પાનું-૧૧૨. ૧૧૨ છે ને? ૧૧૨માં ત્યાં ક્યાંક છે. લખ્યું છે. ગાથા-૩ જુઓ! ત્રીજી ગાથા લીધી છે ને? ત્રીજી હોં. ત્રીજી-ત્રીજી. ત્યાં પણ આવ્યું છે.

**श्रेयान् नृपो जयति यस्य गृहे तदा खादेकाद्यमुनिपुंगवपारणायाम्।**
**सा रत्नवृष्टिरभवज्जगदेकचित्रहेतुर्यया वसुमतीत्वमिता धरित्री।।३।।**

શ્રેયાંસ ભગવાનને ઘરે ભગવાન જ્યારે આહાર લેવા આવે છે ત્યારે કહે છે કે રાજા! સદા જયવંત રહો. શ્રેયાંસ રાજાના ઘરમાં ત્રણ લોકના નાથ વંદનિક પારણા સમયે ત્યાં પધારે છે. આકાશમાં રત્નોની વર્ષા થાય છે. દેખો! '**कि जिस वर्षा से यह पृथ्वी साक्षात् वसुमति नाम को धारण करे.**' સમજાણું કાંઈ? લોકોત્તર આત્માના ભાનની ભૂમિકામાં બંધાયેલા પુણ્યના ફળની ભક્તિની વ્યાખ્યા કરે છે. આહાહા..!

અનંત કાળમાં જે કાંઈ શુભભાવ થયા એ તો લૌકિક શુભ હતું. આ તો લોકોત્તર. આત્માના બહુમાનમાં અંતર આનંદના કંદની એકાગ્ર દૃષ્ટિમાં અપૂર્ણતા છે ને જ્યાં ભક્તિનો વિકલ્પ અને સ્તુતિ આવે છે (તો) કહે છે કે અમારી દશા પણ જેમ અપૂર્વ છે, એ પુણ્યના ફળ પણ બીજા અનંત કાળમાં નહિ થયેલા અપૂર્વ છે. આહાહા..! એનો નિશ્ચય અપૂર્વ છે તો એનો વ્યવહાર પણ અપૂર્વ છે. સમજાણું કાંઈ? આ દાનની વાત હતી.

વસુમતિ ત્યારે કહેવાણી, પ્રભુ! નહિતર કોણ વસુમતિ એને કહે. પંદર માસ સુધી રત્નોની વૃષ્ટિ થઈ. આહાહા..! છ મહિના તો ભગવાન આવ્યા પહેલાં અને નવ મહિના પછી. જુઓ! યાદ કરે છે. આ ઈતિહાસ યાદ કરે છે ગુણની સ્મૃતિનો. સર્વાર્થસિદ્ધિથી ઉપાડ્યું છે. સમજાણું કાંઈ? '**किंतु पहले उसका नाम वसुमति नहीं था.**' હે નાથ! આપની શોભાને લઈને આ પૃથ્વી શોભે છે, હોં!

હવે એની માતાનું કહે છે.

**स च्चिय सुरणवियपया मरुएवी पहु ठिओ सि जंगब्मे।**
**पुरओ पट्टो बज्झइ पज्झे से पुत्तवंतीणं।।८।।**

'**हे भगवान्! आप मरुदेवी माता के गर्भ में स्थित हुए थे...**' જ્યારે મરુદેવી માતાના ગર્ભમાં હતા. ત્રણ જ્ઞાનના ધણી હતા, ક્ષાયિક સમકિતી હતા. '**मरुदेवी माता**

**ઈન્દ્રાણી તથા દેવોંસે નમસ્કાર યોગ્ય હુઈ થી.**’ આહાહા..! સમજાણું? એ માતાની શોભા ભગવાન, આપ આવ્યા એટલે વધી ગઈ. ... પહેલા તો એવું આવે છે. ઈન્દ્ર આવે છે ને. ‘પુત્ર તમારો ધણી અમારો.’ પુત્ર તમારો ધણી હમારો. નમસ્કાર હો. તીર્થંકરને રતનને ઉદરમાં રાખનારી એ રતનકુખ ધરનારી, રતનને કુંખમાં રાખનારી માતા તને પહેલો નમસ્કાર. આહાહા..! રતનકુખ ધારિણી. પહેલો નમસ્કાર. અને આ પુત્ર થશે. ‘પુત્ર તમારો ધણી હમારો.’ પછી શું શબ્દ છે ભૂલી ગયા.

તરણતારણ જહાજ રે. માતા જતન કરીને રાખજો એને,
તુજ પુત્ર અમ આધાર રે.

ઈન્દ્ર આવીને કહે છે, હે માતા! રતનકુંખની ધરનારી જનેતા! તારો પુત્ર છે પણ અમારો તો ધણી છે, હોં! અમારો તો ગુરુ છે. જુઓ! સમજાણું કાંઈ? ‘માતા જતન કરીને રાખજો એને, તમ પુત્ર અમ આધાર રે.’ હે જનેતા! રતનકુખની ધરનારી, એનું ધ્યાન રાખજો, હોં! પછી તો દેવો મૂકે છે. દેવો પણ મૂકે છે એની સંભાળ માટે. દેવો લાવે છે ને ઉપરથી. વસ્ત્ર, ભોજન ઉપરથી લાવે છે. એ બધા અલૌકિક આત્મસાધનની ભૂમિકામાં બાંધેલા પુણ્યના ફળ છે એમ અહીંયાં બતાવે છે. સમજાણું કાંઈ?

હે નાથ! જ્યારે એ મરૂદેવી માતાને ઈન્દ્રાણી અને દેવો નમસ્કાર કરતા હતા એવી થતી થકી. જેના ચરણમાં ઈન્દ્રો નમે. એ આપને પ્રતાપે છે. સ્ત્રીનો જીવ એવો હોય છે ને. બે છીપનું મોતી. ભગવાન જે જન્મે એ તો બે છીપ એવા હોય કે બેય મોક્ષગામી હોય. આ સ્ત્રી છે એટલે એકાદ-બે ભવ કરવા પડે પણ મોક્ષગામી હોય. અભવિ ન હોય અને ભવિ અનંત સંસારવાળો એની માતાનો જીવ ન હોય. આહાહા..! એ આને લઈને નહિ, હોં! એવી એની યોગ્યતા માતાની છે. માતાની એવી યોગ્યતા છે અને પિતાની એવી લાયકાત છે કે ત્યાં ઓલો જીવ આવે, એમ કહે છે. મોતી પાકે ત્યાં બેય છીપ એવા ઉંચે અને નીચેના છીપ હોય ને બે? મોતી પાકેને લાખનું, ઉપલું ને હેઠલુ બેય ઊંચા હોય છે. એમ આવા ત્રણ લોકના નાથ જે મોતીએ પાકે એની મા અને બાપ બે છીપના મોતી, બે છીપું બહુ ઊંચી હોય છે. આહાહા..! સમજાણું કાંઈ? એ કહે છે.

આપને તો પટ મળ્યો, પ્રભુ! કહે છે. સમજાય છે? પુત્રને પેદા કરનારી સ્ત્રી તો ઘણી હતી પણ આણે પ્રસવ ભગવાનને આપ્યો એ માતાને પટ બંધ થઈ ગયો. હવે અલ્પ કાળમાં એ મુક્તિ પામશે. એ તો એની યોગ્યાતથી, હોં! ભગવાન આવ્યા માટે નહિ. અહીં તો નિમિત્ત નિમિત્ત સંબંધની વાત છે. ત્યાં કહ્યું ને? ભક્તામરમાં નથી કહ્યું?

**स्त्रीणां शतानि शतशो जनयन्ति पुत्रा-**
**न्नान्या सुतं त्वदुपमं जननी प्रसूता।**
**सर्वा दिशो दधति भानि सहस्त्ररश्मिं**

**प्राच्येव दिग्जनवति स्कुरदंशुजालम्।।२२।।**

બીજી દિશાઓ છે પણ સૂર્યનો જન્મ આપનારી પૂર્વ દિશા તે શોભાને પામે છે. એમ ઘણા પુત્રને જન્મનારી સ્ત્રીઓ છે, પણ નાથ! તારો જન્મ જેણે આપ્યો એ માતાને પણ ધન્ય છે. સમજાણું કાંઈ? ઓલા સ્વભાવના ભાનને લઈને બધું ધન્ય છે, હોં! એમ કહે છે. આત્માના આરાધકપણા લઈને આવ્યા છે અને એ ભવમાં કેવળ પામવાના છે. ભાવિ તીર્થંકર છે. ત્યાંથી ઉપાડ્યું સર્વાર્થસિદ્ધિથી. સમજાણું કાંઈ? હવે માતા આવ્યા અને પછી થયો જન્મ. માતાને ઉદર આવ્યા, હવે થયો જન્મ. હવે આવે છે ઈન્દ્ર જોવા. એને ઉપાડે છે. નીચે આવે છે ને.

**अंकत्थे तइ दिट्ठे जंतेण सुरायलं सुरिंदेण।**
**अणिमेसत्तबहुत्तं सयलं णयणाण पडिवण्णं।।९।।**

‘**હે જિનેન્દ્ર!**’ હે પ્રભુ! ‘**જિસ સમય ઈન્દ્ર આપકો લેકર મેરુ પર્વતકી ઓર ચલા થા...**’ જ્યારે આપને ગોદમાં લઈને મેરુ પર્વત ઉપર ઈન્દ્ર જાય છે ત્યારે ‘**ગોદમેં બૈઠે હુએ દેખા થા; ઉસ સમય ઉસકે નેત્રોંકા..**’ હજાર નેત્ર કરવા પડ્યા જોવામાં. જુઓ! એના પુણ્યનું ફળ શરીર પણ એવું હોય. તત્કાલિક જન્મ્યા ને માથે હજાર હજાર પાણી મોટા ઘડા નાખે તો મરી જાય બીજું તો. પંડિતજી! તરત જન્મેલા બાળકને મેરુ પર્વત ઉપર (લઈ જાય). પાણીનો કેટલો મોટો કળશ હોય છે. સાત ગજનો લાંબો, બે ગજનો પહોળો બધું લાંબુ હોય છે મોટું માપ. એવા ૧૦૦૮. મરી જાય બીજો. કહે છે, આ તો અમરપણું લઈને આવ્યા છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ૧૦૦૮. ક્ષીર સમુદ્રમાંથી આમ દેવ-દેવીની હાર થાય.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પાણી તો જેમ છે એમ છે. પણ આમાં પવિત્રતાના આરાધકમાં બંધાયેલા પુણ્ય, એવું શરીર જેની યોગ્યતાવાળું છે. એટલા એટલા ૧૦૦૮ ઘડા પડે તો કાંઈ છે નહિ. આમ બેઠા હોય. ઈન્દ્ર ગોદમાં લે. લઈને પછી ત્યાં બેસાડે હેઠે.

પ્રભુ! જ્યારે ઈન્દ્રે ગોદમાં લીધેલા. ત્યારે એના નેત્રના પલકરહિતપણા. મનુષ્યોને આમ આમ થાય પલક. ઈન્દ્રોને ન થાય. કેમ? કે એ તો આપની એવી દેખવાની સ્થિતિ હતી ને તો પલક મારતી નથી આંખ. એ દેવને આવી દશા હોય છે, કહે છે. આપને દેખવાની આંખ એ આંખમાં હજાર નેત્રથી આમ ને આમ દેખે. એનું સફળપણું આપને દેખવાથી થયું છે. સમજાણું કાંઈ? અહીં દુનિયામાં નથી કહેતા? અમારા હૈયાનો હાર, મારો દીકરો આમ, નથી કહેતા? વાતું કરે છે. આહાહા..! રાગના માર્યા. અહીં તો વીતરાગની દૃષ્ટિ ને શ્રદ્ધાને જ્ઞાનથી ભક્તિ કરે છે. સમજાણું કાંઈ?

કહે છે, અરે..! એનું નિમેષ પલકરહિતપણું તો સફળ થઈ ગયું. દેવોની આંખ આમ મટકુ મારતા નથી એનું સફળપણું આપને દેખવાને લઈને થયું. ..લાલજી! નહિતર એને આંખ આમ ન હોય. એ આપનું સુંદર રૂપ... અંદરની દૃષ્ટિનું ભાન છે એને અને આપના સુંદર શરીર કે છેલ્લું ચરમશરીર છે, એના રૂપની સુંદરતા નમણાઈ, એક એક અવયવોની નમણાઈ એવી હોય છે. હજાર આંખે તૃપ્તિ પામતો નથી. પ્રભુ! એ તમારા આરાધક સ્વભાવના ભાવમાં બાંધેલા પુણ્યના ફળમાં શરીર આવું મળ્યું. છેલ્લું શરીર હવે આ શરીર સિવાય બીજું શરીર ધારણ કરવું નથી. એ હજાર નેત્રોનું ધારણ કરવું એને સફળ છે. **'આપ કે સમાન રૂપવાન સંસારમેં દૂસરા કોઈ નહીં.'** સમજાણું કાંઈ?

હવે કહે છે કે પ્રભુ! આ મેરુ પર્વત તીર્થપણાને કેમ પામ્યો? ત્યાં લઈ ગયાને હવે? ત્યાં કરી. પ્રભુ! ત્યાં પણ એ તીર્થપણું પામ્યો એ આપના સ્નાન થયા માટે તીર્થપણું પામ્યો. સમજાણું કાંઈ?

**तित्थत्तणमावण्णो मेरू तुह जम्मण्हाणजलजोए।**
**तं तस्स सूरपमुहा पयाहिणं जिण कुणंति सया।।१०।।**

પ્રભુ! હું તો ત્યાં દેખું છું ને. આપને ત્યાં લઈ ગયા ને અને આપના સ્નાન કરાવ્યાને. જુઓ! **'જિસ સમય આપકા જન્મ સ્નાન (જન્માભિષેક) મેરુ પર્વત પર હુઆ થા, ઉસ સમય ઉસ સ્નાન-જલકે સંબંધસે...'** પાઠ છે ને? **'जम्मण्हाणजलजोए'** એ આપના જન્મ-સ્નાન પાણીના યોગે મેરુ પર્વત તીર્થ થઈ ગયો છે. આહાહા..! **'મેરુ તીર્થપને કો પ્રાપ્ત હુઆ. તીર્થ બના.'** હે જિનેન્દ્ર! મેરુ પર્વતની ચંદ્ર અને સૂર્ય પ્રદક્ષિણા કરે છે એનો હેતુ મને તો આ લાગે છે. અનાદિ છે. ચંદ્ર સૂર્ય ફરે છે ને? જ્યોતિષ આસપાસ. પણ પ્રભુ! એ તીર્થ થઈ ગયો. એ આપના સ્નાનના જળના યોગે સંબંધે. મેરુ પર્વત એકલો સાધારણ પથરો હતો. ભક્તિવાનને તો ત્યારે શોભા દેખાય છે એમ કહે છે. અમને તો મેરુ પર્વતની એ શોભા છે કહે છે. એને લઈને ચંદ્ર-સૂર્ય ચારે કોર ફરે છે. એ તીર્થપણાને લઈને ફરે છે. એય..! પોપટભાઈ! આહાહા..!

**'મેરુ પર્વત સૂર્ય-ચંદ્રાદિ શોભા કરતે હૈ.'** એ ઉત્પ્રેક્ષા અલંકાર કર્યો છે. **'ઉસકી લોક ભક્તિ પ્રતિક્રમા કરતે હૈં વહ મેરુ કો પવિત્ર માનકર કરતે હૈં.'** કહો, સમજાણું આમાં? હવે શું કહે છે જરી? ભગવાન! આપની ભક્તિ ત્યાં ઈન્દ્રો કરતા હતા ને જ્યારે, એટલું પાણી પડ્યું...

**मेरुसिरे पडणुच्छलियणीरताडणपणट्ठदेवाणं।**
**तं वित्तं तुह ण्हाणं तह जह णहमासि संकिण्णं।।११।।**

**'હે નાથ!'** મેરુ પર્વતના મસ્તક ઉપર આપના સ્નાન કરવાથી પાણી પડતા ઉછળ્યું પાણી. એને લઈને જળના તાડનથી અત્યંત (દુઃખી) **'ઉન દેવોં કી દશા ઐસી હુઈ, માનોં**

**ઉનકી આવાજ કે કારણ ચારોં ઓર સે આકાશ હી વ્યાપ્ત હો ગયા હો.**' દેવોનું એટલું સ્થાન... એટલું પાણી પડ્યું ને દેવો જુદા જુદા થયા. આકાશ વ્યાપ્ત થઈ ગયું. એ આપની ભક્તિના પ્રસંગમાં દેવો આવેલા એનું પાણી અહીં પડ્યું ને ઓલું સ્નાનનું? દેવો ફાટ ફાટ જુદા જુદા થયા. એટલા આકાશમાં વ્યાપ્ત (થઈ ગયા). સર્વ ઠેકાણે દેવો વ્યાપ્ત થઈ ગયા. એ આપના જન્મ મહોત્સવની પરિક્રમા અને સ્નાન કરવાનો યોગ એમ ભક્તિ બતાવે છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ ૩, શુક્રવાર તા. ૧૯-૮-૧૯૬૬**
**ઋષભજિન સ્તોત્ર, ગાથા-૧૨ થી ૧૯, પ્રવચન-૪૫**

આ પદ્મનંદી શાસ્ત્ર છે. પદ્મનંદી આચાર્ય ઋષભદેવ ભગવાનની સ્તુતિ કરે છે. ભક્તિ, ભક્તિ. ભક્તિ બે પ્રકારની હોય છે. એક આત્માની ભક્તિ અને એક પરની ભક્તિ. પોતાની ભક્તિ એટલે આત્મા શુદ્ધ અખંડ આનંદના અંતર અનુભવની દૃષ્ટિ, સમ્યગ્દર્શન એ આત્માની ભક્તિ છે. સમજાણું? આત્મા એક સમયમાં પૂર્ણ શુદ્ધ આનંદ, વિકલ્પાતીત પૂર્ણાનંદ પ્રભુ, એનો અંતરમાં સ્વભાવનો આશ્રય કરી શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિની પ્રાપ્તિ થવી, એને નિશ્ચય ભક્તિ-આત્માની ભક્તિ કહેવામાં આવે છે. એ મોક્ષનું કારણ છે. પણ જ્યાં સુધી પૂર્ણ દશા પ્રગટ ન થાય ત્યાં સુધી પૂર્ણ પરમાત્મપદને પામેલાની પણ ભક્તિ હોય છે. એને શુભભાવ કહે છે. સમજાણું કાંઈ? ઈ આ શુભભાવની ભક્તિ ચાલે છે. પણ ભાનસહિત ચાલે છે, હોં! મુનિ છે ને. જુઓ! ૧૧ ગાથા થઈ ગઈ.

મૂળ તો ઉપાડ્યું છે, પાંચ ગાથામાં સ્તુતિ કરી. પછી ઋષભદેવ ભગવાન સર્વાર્થસિદ્ધ દેવપદમાં હતા. ત્યાંથી ઉપાડ્યું છે. પ્રભુ! આપનો ભાવિ તીર્થંકર આપનો સાધકભાવ ત્યાં હતો, એને લઈને એ સર્વાર્થસિદ્ધિની શોભા અમને તો દેખાય છે. ત્યાંથી આપ નષ્ટ થયા અને અહીં આવ્યા, ત્યારે એ સર્વાર્થસિદ્ધિની શોભા વિધવાની જેમ એની શોભ નષ્ટ થઈ ગઈ. સમજાણું કાંઈ?

ભગવાન! આપ પરમાનંદ સ્વરૂપના સાધકપણે અને ભાવિ તીર્થંકરપણે આપનો જન્મ થવાનો, એ સર્વાર્થસિદ્ધિની શોભા આપને લઈને (હતી). દેવ ને આ ને આ, આવે છે ને એમાં? મોટા આવા મોતીઓ હોય ને પછી વા આવે ને ઝણઝણાટ થાય ને.. એની ઋદ્ધિ. ઈ બધી એને ખબર છે ન્યાં. એવું ન્યાં આવે છે. ચોસઠ મણનું એક મોતી અને એક .. એવું બધું શ્વેતાંબરમાં આવે છે. એવા બધા મોતી હોય ને સર્વાર્થસિદ્ધિના દેવ ઝણઝણાટ થાય ને એના સુખમાં મજા કરતા હશે, નહિ? ધૂળમાંય સુખ નથી, એમ ઈ માને છે ત્યાં. પણ બહારની પુણ્યની શોભાથી જે કંઈ શોભા માને છે, પ્રભુ! એ શોભા નહિ, આપને કારણે ન્યાં શોભા હતી. એ જ્યારે ત્યાંથી આવ્યા ત્યારે ત્યાંની શોભા નષ્ટ થઈ અને અહીંની શોભા વધી ગઈ. આ પૃથ્વીને વસુમતિ નહોતા કહેતા કોઈ દિ', પણ આપના જન્મ પહેલાં છ મહિના અને પછી નવ મહિના, એવી જે રત્નની વૃષ્ટિ થઈ ને, ત્યારે આ પૃથ્વીને વસુમતિ કહેવામાં આવી. આહા..! એમ કરીને ઘણાં બોલો લીધા.

હવે અત્યારે તો જ્યારે પછી ભગવાનને જન્માભિષેક માટે મેરુ પર્વત લઈ જાય છે, એનું લક્ષ કરીને એની સ્તુતિ કરવામાં આવે છે. હવે ત્યાં કહે છે, જુઓ! બારમી ગાથા.

**णाह तुह जम्मण्हाणे, हरिणो मेरुम्मि पणच्चमाणस्स।**
**वेल्लिरभुवाहिभग्गा, तह अज्जवि भंगुरा मेहा।।१२।।**

આહાહા..! પ્રભુ! આપને સ્નાન કરવા ત્યાં લઈ જાય છે ને, ત્યારે દેવ પોતે શક્રેન્દ્ર આમ હજાર આંખથી જોવે છે. એનું આંખનું ટમકારાનું નહિ થવું એ આપને દેખવાને લઈને સફળ થયું છે. મનુષ્યોંની તો આમ આંખ પડે ને? એને એમ ન હોય. ટગ.. ટગ.. ટગ. એ જોવામાં સફળતા એની છે. એમ ભગવાન આત્માને જ્ઞાનનેત્રથી જોવામાં આત્માની સફળતા છે, એમ કહે છે. સમજાણું કાંઈ? રાગ ને વિકલ્પથી આત્મા ન જણાય. ચૈતન્યના નેત્ર સમ્યગ્જ્ઞાન ત્યારે સફળ થયા કહેવાય કે જેમાં આત્મા જ્ઞાતાપણે ચૈતન્યબિંબ જેમાં જ્ઞાનમાં જણાય. એ જ્ઞાનનેત્ર મળ્યા તેની સફળતા છે. આમ કહે છે કે, પ્રભુ! ઈન્દ્રો તમને આમ દેખે છે ને, એ ઈન્દ્રોની આંખનું નહિ મટકવું એની સફળતા આપને દેખવાને લઈને થઈ છે. સમજાણું કાંઈ?

પછી ત્યાંથી લઈને, સ્નાન ત્યાં થાય છે ને, મેરુ પર્વતને તીર્થપણું નહોતું. પણ આપ એ ભવમાં મોક્ષ જનારા તીર્થંકર, એને સ્નાન કરાવ્યા એ પાણીને લઈને એ તીર્થ થયું. પાણીનો યોગ બન્યો એને લઈને તીર્થ થયું. કે જેને લઈને ચંદ્ર, સૂર્ય એને ફરતા આંટા મારે છે. પ્રદક્ષિણા કરે છે. એમ કરીને પણ વસ્તુનું, વસ્તુના સ્વભાવનું સાધકપણું છે એની પોતે અનુમોદના અને એની શોભાનું .. થાય છે. હવે જુઓ, આવશે ગાથા.

'**હે પ્રભો! આપકે જન્મ-સ્નાનકે સમય...**' જન્મ સ્થાનમાં '**हरिणो**' દેવ '**मेरुम्मि पणच्चमाणस्स**' મેરુમાં જ્યારે ઈન્દ્ર આપની ભક્તિ વખતે નાચતા હતા, જુઓ! કેટલી વાત કરે છે! ત્રણ જ્ઞાનના ધણી એકાવતારી ક્ષાયિક સમકિતી શક્રેન્દ્ર, એ પણ ભગવાનના સ્નાન વખતે નાચી ઉઠે છે. સમજાણું કાંઈ? શાશ્વત છે ને નંદીશ્વર દ્વીપ? પ્રતિમા. ત્યાં પણ જ્યારે ચૌમાસે અષ્ટાહ્નિકા હોય છે ને? જાય છે. પગે ઘુઘરા બાંધીને નાચે, હોં!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઈ ક્યા કહે છે? ઈ તો ન્યાં થવાની ક્રિયા થાય છે. શુભભાવ એને એવો આવે છે. કથનની પદ્ધતિ શું કરે? એ નાચવાની ક્રિયા આત્મા કરે છે એમ નથી. એ તો જડની ક્રિયાના પર્યાય કાળે ઉત્પાદ તે પ્રકારનો થાય છે. પણ ભગવાનની ભક્તિમાં પોતાના નિજ સ્વરૂપના બહુમાનપૂર્વક જ્યાં પરમાત્માનું બહુમાન આવ્યું છે, એવો ભાવ તેને વ્યવહાર ભક્તિ કહે છે. અહીં તો નાચવામાં એની કેટલી નમ્રતા છે એટલું બતાવવું છે. નાચવાની ક્રિયા આત્મા કરી શકે છે એમ નથી. આહાહા..! ભારે કામ આકરું. આ સત્ પથ પ્રદર્શની પુસ્તક છે, એમાં કેટલું ઊંધું લખ્યું છે. અજીતકુમારે. એ નાચે, જીવને બચાવી શકે. તમે કહો છો કે, જડનું ન કરી શકે. બધાનું કરી શકે. અરે..! ભગવાન! ભારે પણ..

ભાઈ! આત્મા પોતાની પર્યાયને ઉત્પાદ કરે અને જડના ઉત્પાદના કાળે જડમાં ઉત્પાદ

થાય. એ ઉત્પાદ વિનાનું દ્રવ્ય ન હોય, પર્યાય વિનાનું દ્રવ્ય ન હોય. '**पज्जं विजत्तं दव्वं**' પર્યાય વિનાનું દ્રવ્ય ન હોય. તો એનું કાર્ય ઈ કરે, એમાં બીજો કરવા ક્યાં જાય? આહાહા..! સમજાણું કાંઈ આમાં?

મુમુક્ષુ :- વ્યવહારે તો કરે ને.

ઉત્તર :- વ્યવહારે કરે શું? બોલાય. વ્યવહારે કરે અને નિશ્ચયે ન કરે, એનો અર્થ શું? કોઈ નિર્ધાર ખરો કે નહિ કાંઈ? એક રજકણની પર્યાયને-અવસ્થાને પણ આત્મા ત્રણ કાળ ત્રણ લોકમાં કરી શકે નહિ. સમજાણું કાંઈ? પણ ભક્તિ વખતના ભાવને બતાવવા એ નાચે છે એમ કહેવામાં આવે છે. આહાહા..! શું થાય પણ ઈ? આ લવો વળવો ભાષાનો એ આત્માના અધિકારની વાત છે? ભાઈ! જડની પર્યાયના એ જ પરિણમનનો એનો સ્વકાળ છે. ત્યારે આ ઈચ્છાને નિમિત્ત કહેવાય છે. ઈચ્છા છે માટે વાણી નીકળે છે એમ છે નહિ. સમજાણું કાંઈ? તત્ત્વની વાત એવી છે, બાપુ! ગંભીર છે અને સત્ય છે. એવું સ્વરૂપ જ છે.

અહીં કહે છે, પ્રભુ! આપની જ્યારે એ ભક્તિ કરતા હતા ને, ત્યારે ઈન્દ્રના આમ હાથ લાંબા થઈ ગયા. થઈ ગયા, કર્યા એ ભાષા એમ બોલાય. આમ થયા, ત્યારે પ્રભુ! વાદળા હતા ને એ ત્યાં સુધી તો અખંડ હતા. પણ આપની જ્યારે ભક્તિ કરી અને આમ થયું ને, તો વાદળાના થઈ ગયા કટકા. ભગવાન! આ કટકા જે ભળાય છે ને, ઈ એ વખતના હું દેખું છે, એમ કહે છે. આહાહા..! જુઓ! અધ્યાત્મ એમાં પછી ઉતારશે. અહીંયાં તો કહે છે, '**णाह तुह जम्मण्हाणे, हरिणो मेरुम्मि पणच्चमाणस्स**' આપની પાસે ઈન્દ્ર નાચતા હતા ને, આમ થઈ ગયા હાથ. જે અખંડ એકરૂપ વાદળા હતા એ તૂટી ગયા, કટકા કટકા થઈ ગયા. આ કટકા દેખાય છે, પ્રભુ! મને એમ લાગે છે કે તે દિ'ના કટકા થયેલા વાદલા દેખાય છે. સમજાણું કાંઈ?

'**वेल्लिरभुवाहिभग्गा, तह अज्जवि भंगुरा मेहा**' દેખો! આજ પણ એ કટકા દેખાય છે એ ત્યારની ભક્તિના કારણે એ કટકા થઈ ગયા છે. બીજી રીતે કહીએ તો ભગવાન અમે અખંડ આત્મા છીએ એવું અમને ભાન નહોતું ત્યાં સુધી કર્મ અભેદ અખંડ હતા. બેય અખંડ હતા, ક્યાંય તૂટ નહોતી પડી અનાદિથી. પણ અમે જ્યાં આત્મા આપે કહેલા તત્ત્વની અમે અંતરમાં ભક્તિ કરી, અખંડાનંદ પ્રભુ શુદ્ધ, એ કટકા થઈ ગયા છે, હવે એ કટકા ભેગા થાય એવું નથી. સમજાણું કાંઈ? ..લાલજી! આ તો સંતોની ભક્તિ છે, મહામુનિ વીતરાગી મુનિ છે. અંદર ઘણો મર્મ ભર્યો છે. પ્રભુ! અમારા કર્મ અત્યારે કટકા કટકા ભળાય છે અમને, હોં! એકરૂપ રહ્યા નથી. સમજાણું કાંઈ? અમે તમારી ભક્તિ અને તમારા કહેલા તત્ત્વોની અમે અંદરમાં ભક્તિ કરી ત્યાં અનાદિકાળનું કર્મનું એકરૂપ અખંડ ક્યાંય તૂટ્યું નથી, એ વસ્તુની દૃષ્ટિ થતાં કટકા થઈ ગયા છે હવે. મંદ મંદ મંદ કર્મ દશા રહી ગઈ છે. સમજાણું કાંઈ? એ '**अज्जवि**' કહે છે. જુઓ! '**अज्जवि भंगुरा मेहा**'. આજ પણ, અત્યારે પણ

આ સમયમાં ક્ષણભંગુર વાદળા દેખાય છે તે તે (છે). સમજાણું કાંઈ? '**ભુજાઓંસે જો મેઘ ભગ્ન હુએ થે, વે મેઘ ઈસ સમય ભી ક્ષણભંગુર હી હૈં.**' એનો ખુલાસો કર્યો છે.

હવે ત્યાંથી ઉપાડીને કલ્પવૃક્ષ સુધી લાવ્યા છે. પ્રભુ! આપ જ્યારે અહીંયાં આવ્યા ને, એ પહેલાં કલ્પવૃક્ષથી બધાને આજીવિકા ચાલતી. પણ કલ્પવૃક્ષ થઈ ગયા બંધ. ત્યારે આપે એકલાએ કલ્પવૃક્ષનું કામ પૂરું કર્યું છે. સમજાણું કાંઈ? દસ પ્રકારના કલ્પવૃક્ષથી જે તેની આજીવિકા ચાલતી હતી એ પણ બંધ થઈ ગયા. ભગવાન આવ્યા ઈ પહેલા તો. પણ આપે એકલાએ કલ્પવૃક્ષના સ્થાનમાં કલ્પવૃક્ષનું કામ પૂરું કર્યું છે. આ પહેલી બહારથી વાત કરે છે, હોં!

**जाण बहुएहिं वित्ती, जाया कप्पहुमेहिं तेहिं विणा।**
**एक्केण वि ताण तए, पयाण परिकप्पिया णाह।।१३।।**

હે નાથ! '**હે પ્રભુ! પૂર્વમેં પ્રજાજનોંકી આજીવિકા, બહુતસે કલ્પવૃક્ષોંકે માધ્યમસે હોતી થી,...**' ઘણાં કલ્પવૃક્ષથી જેની આજીવિકા ચાલતી હતી, '**ઉન કલ્પવૃક્ષોંકે અભાવમેં, ઉન પ્રજાજનોંકી આજીવિકા આપ અકેલેને હી કી.**' સમજાણું કાંઈ? એવી અંતરમાં ત્રણ જ્ઞાન અને ક્ષાયિક સમકિતની દશાને અનુમોદન આપતા કહે છે કે આપને એવો વિકલ્પ આવ્યો કે આ દુઃખી પ્રાણી છે તો લાવ એને (શીખવું). ભગવાને એની બહારની આજીવિકા કરી, એમ કહીને અંતરના ગુણનું અનુમોદન કરીને ભક્તિ કરે છે. સમજાણું કાંઈ?

અધ્યાત્મમાં લઈએ તો અનેક પ્રકારના અંદર પુણ્ય અને પાપને કારણે અનાદિથી જીવીને ટકી રહ્યો હતો, એકલો ભગવાન આત્મા અખંડાનંદ કલ્પવૃક્ષવાન પૂર્ણાનંદનો નાથ, એની એકાગ્રતા થવાથી એમાં આનંદના ફળ પાક્યા, એ એકલા આત્માએ પકાવ્યા છે. એમાં બીજાની કોઈની વિકલ્પ અને નિમિત્તની જરૂર પડે એવું નથી. એવો ભગવાન આત્મા એકલો કલ્પવૃક્ષ છે. સમજાણું કાંઈ? આહા..! શું કહેવું? શું ઉપમા આપવી? કલ્પવૃક્ષ કહેવું? કામકુંભ કહેવો? કે શું કહેવું એને? શું કહીએ? પ્રભુ! એને પારસમણિનો પત્થર કહેવો? શું પારસમણિનો સંગ કરે તો લોઢાનું સોનું થાય. પણ એને કારણે કાંઈ પારસ થાય? પણ પ્રભુ! આત્મા આનંદકંદનો જો સંગ કરે, પ્રભુ! તારા જેવો થઈ જાય. સમજાણું કાંઈ? પરમાત્માની જે દશા છે એ દશાનો ખ્યાલ રાખીને ભક્તિ કરે છે, તો અમે પણ પ્રભુ પૂર્ણાનંદ સ્વરૂપી છીએ, અમે અમારો સંગ કરીને અમે તમારા જેવા થઈ જવાના છીએ. આત્મા કલ્પવૃક્ષ એકલો છે. એને પુણ્યના પરિણામ ને સંઘયણ ને સંઘયણના હાડકા ને ફલાણાની મદદથી મોક્ષમાર્ગ થાય એમ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? પછી લાંબુ લખાણ છે. પછી કહે છે, પ્રભુ! જુઓ! '**હે જિનેન્દ્ર! આપ કલ્પવૃક્ષોંસે ભી ઉત્તમ કલ્પવૃક્ષ હૈં.**' એ કહ્યું. હવે ૧૪ (ગાથા).

**पहुणा तए सहाणा, धरा सी तीए कहं णहो वूढो।**
**णवघणसमयसमुल्लसिय, -सासछम्मेण रोमंचो।।१४।।**

પ્રભુ! મારી નજર આમ પૃથ્વી ઉપર જાય છે ને, ત્યારે પૃથ્વીમાં ચોમાસામાં અંકુરા દેખાય

છે. એમ આખી પૃથ્વીમાં અંકુરા થઈ ગયા છે. અંકુરા સમજો છો? એ કહે છે.

'**હે જિનેશ પ્રભુ! આપને હી યહ પૃથ્વી સનાથ કી...**' હે નાથ! આત્માના આનંદના સાધક! આ ભવમાં આપે પૂર્ણ આનંદ સાધ્યો, એવા સમવસરણમાં બિરાજનનું લક્ષ કરીને આ ભક્તિ કરે છે. પ્રભુ! આ જમીનને સનાથ કરી. કેમ? '**યહિ એસા ન હોતા તો નવીન મેઘકે સમય હોને વાલે શ્વાસોચ્છવાસકે બહાને ઈસમેં રોમાંચ કૈસે હુએ હોતે?**' શું કહે છે? જે નવપરિણીત સ્ત્રી છે, નવપરિણીત સ્ત્રી, એ પરણ્યા વિનાના શરીરમાં એના રોમાંચ અને શરીરની પુષ્ટિ ન હોય. એમાં લખ્યું છે, હોં!

'**જો સ્ત્રી, વિવાહકી અત્યંત અભિલાષિણી હૈ, યદિ ઉસકા વિવાહ હો જાયે અર્થાત્ વહ સનાથ હો જાયે તો જિસ પ્રકાર ઉસકે શરીરમેં રોમાંચ ઉદ્દગત હો જાતે હૈં...**' એ દૃષ્ટાંત છે. '**રોમાંચકે ઉદ્દગમસે ઉસકી સનાથતાકા અનુમાન કર લિયા જાતા હૈ,...**' કે, ઠીક આણે લગ્ન કર્યા લાગે છે, સનાથ થઈ લાગે છે.

'**ઉસી પ્રકાર એ પ્રભો! જિસ સમય આપ ઈસ પૃથ્વી પર અવતીર્ણ હુએ, ઉસ સમય પૃથ્વીમેં ભી રોમાંચ હુએ,...**' આ અંકુર શું છે? પૃથ્વીમાં અંકુર ફાટ્યા છે. એ સનાથ થઈ માટે અંકુર ફાટ્યા છે. ભક્તિમાં આ તો અંલકાર છે ને. પ્રભુ! અમે તો ત્યાં તમને દેખીએ છીએ, હોં! આ અંકુરા ફાટ્યા, આખી પૃથ્વી લીલીછમ જેવી થઈ ગઈ, લીલી સાડી પૃથ્વીએ ઓઢી છે. એનું કારણ એ સનાથ થઈ છે. એ પરણી નહોતી, સનાથ થઈ હવે. અંકુરા ફાટ્યા છે અંદરથી.

એમ અમને હે નાથ! આપની અંતરની ભક્તિથી અમારા અસંખ્ય પ્રદેશે આનંદના અંકુરા ફુટ્યા છે. સમજાણું કાંઈ? ચોથે ગુણસ્થાને આનંદના અંકુર હોય છે, એમ કહે છે ભેગુ. મુનિ પોતે કહે છે. આહાહા..! પ્રભુ! એ પૃથ્વી સનાથ થઈ, હોં! આપ નહોતા ત્યારે તો કુંવારી હતી. અને એનું લક્ષણ શું થયું? કુંવારીને રોમાંચ ન હોય. લગ્ન થયા પછી આમ શરીરની પુષ્ટિ દેખાય. શરીરમાં રોમાંચ આદિ (દેખાય). એમ આ પૃથ્વીના અંકુરા જે દેખાય છે, પ્રભુ! આપ અહીં પધાર્યા ને, સનાથ થઈ માટે એમ થયું છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**ઈસલિયે ઉન રોમાંચોસે યહ બાત જાન લી ગઈ કિ આપને હી ઈસ પૃથ્વીકો સનાથ અર્થાત્ નાથ સહિત કર દિયા હૈ.**' અમે તો જ્યાં હોય ત્યાં તમને ભાળીએ છીએ, એમ કહે છે. આપના સર્વજ્ઞપદને અને આપના સર્વજ્ઞપણાના સાધકભાવને અમે જ્યાં હોય ત્યાં દેખીએ છીએ. આહાહા..! સમજાણું કાંઈ? પોપટભાઈ! આ ભક્તિ સમજીને ભક્તિ છે, હોં! પહેલે દિ' કહ્યું હતું. કુંદકુંદાચાર્ય પ્રવચનસારમાં જ્યારે વંદન કરે છે ત્યારે એમ કહે છે, પ્રભુ! હું વંદન કરનાર કોણ છું? હું આ જ્ઞાન દર્શન સ્વભાવવાળો આત્મા સ્વસંવેદન પ્રત્યક્ષ એ હું આત્મા છું. એ હું આત્મા આપની ભક્તિ કરું છું. હું રાગવાળો છું ને શરીરવાળો

છું, એમ નહિ. હું તો સામાન્ય ત્રિકાળ જ્ઞાન અને દર્શન સ્વભાવવાળો આત્મા અને તે પણ પ્રત્યક્ષ સ્વસંવેદનથી જણાય એવો આત્મા તે હું. એ હું ભગવાનની ભક્તિ કરું છું. આપ કેવા છો? પછી એમ કરીને (કહે છે), ચાર કર્મ નાશ કર્યા છે. વગેરે ઘણી વાત કરી છે ને. પ્રવચનસારની પહેલી પાંચ ગાથા શરૂઆતમાં. સમજાણું કાંઈ?

એમ અહીંયાં ભાન સહિત કહે છે. પ્રભુ! આ સનાથ થઈ, હોં! હું પણ હવે સનાથ થયો. આપના કહેલા તત્ત્વોનો અંતરમાં અનુભવ કરી મારો આત્મા શુદ્ધ આનંદકંદ જ્ઞાતા-દૃષ્ટા રાગ રહિત, એનું ભાન થયું, હવે હું સનાથ થઈ ગયો. મેં મારી રક્ષા કરી. મેં મારી મળેલી ચીજને રાખી, નહિ મળેલીને ભાવનાથી પ્રાપ્ત કરી. એને સનાથ કહેવામાં આવે છે. જોગ ક્ષેમના કરનાર. પંડિતજી! નાથને એમ કહે છે ને? જોગ ક્ષેમના કરનાર. એને નાથ કહે છે. પતિને પણ નાથ કહે છે. એ મળેલી ચીજનું રક્ષણ કરે, નહિ મળેલીને આપે. એમ ભગવાન પણ જોગક્ષેમના કરનાર છે. નિમિત્તથી વાત કરે છે. અને આ આત્મા જોગક્ષેમનો કરનાર પોતે છે. ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધના શ્રદ્ધા-જ્ઞાન જેટલા પ્રગટ્યા છે, એને તો એમ ને એમ રાખવાના, પાછા પડવાના નહિ, નહિ મળેલી ચારિત્ર અને આનંદની પૂર્ણ દશાને ભાવનાથી પ્રાપ્ત કરીશ. એને અહીંયાં જોગ ક્ષેમનો કરનાર આત્મા કહેવામાં આવે છે. આમ નિમિત્તથી ભગવાનને કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પોપટભાઈ! આ પૈસા-બૈસાનું કાંઈ આમાં નથી આવતું.

મુમુક્ષુ :- એ તો મુનિને તો ન જ હોય ને.

ઉત્તર :- આત્માને કે દિ' પૈસો હતો? મુનિનો હોય કે કોઈનો હોય. આત્માને શરીર નથી, આત્માને રાગ નથી.

મુમુક્ષુ :- જ્યારે સિદ્ધ થાય ત્યારે.

ઉત્તર :- અત્યારે. આત્મા કોને કહેવો? આત્મા કોને કહેવો અહીં? આ શરીર, કર્મ તો અજીવ છે, એ આત્મા છે? પુણ્ય-પાપના ભાવ આસ્રવ છે ઈ આત્મા છે? સાત તત્ત્વમાં સાત તત્ત્વ જુદા પાડશો કે નહિ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ તો છે નહિ ત્રણ કાળમાં. માન્યું છે એણે. આત્મા કોને કહેવો? કહ્યું હતું ને એકવાર, નહિ?

પ્રભુ તુમ જાણગ રીતિ સહુ જગ દેખતા હો લાલ,
પ્રભુ તુમ જાણગ રીતિ, સહુ જગ દેખતા હો લાલ..
નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા હો લાલ...

નિજ સત્તાએ હે પ્રભુ! આત્માને તો આપે એવો જોયો છે કે પુણ્ય-પાપના આસ્રવતત્ત્વથી રહિત, કર્મ અને શરીર રહિત, એવી નિજ સત્તાને આપે આત્મા કહ્યો છે. એવા આત્માને

આપ જુઓ છો. બીજાના આત્માને એમ જોવે છે, એમ કહે છે. સમજાણું કાંઈ આમાં? આત્મા ભગવાને આમાં કોને જોયો? આ આત્મા. શરીરને આત્મા જોયો? એણે જોયો એની વાત છે. એમને તો ભલે પ્રગટ્યો, પણ એમના જ્ઞાનમાં લોકાલોકમાં આત્મા ખ્યાલમાં આવ્યો એ કેવો આત્મા? કે નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા. એ તો શુદ્ધ ચિદાનંદની મૂર્તિ. જે કર્મ ને શરીર એ તો અજીવ છે. પુણ્ય-પાપ તો આસ્રવ છે. આત્મા તો જ્ઞાયકતત્ત્વ છે. સમજાય છે કાંઈ? તો ભગવાનના જ્ઞાનમાં એમ આવ્યો છે, જ્ઞાયકતત્ત્વ છે. જેમ ભગવાને જોયું એમ જો દૃષ્ટિ કરીને જોવે તો તને જ્ઞાયકપણું ભાસે. આહાહા..! સમજાણું કાંઈ? એને આત્મા કહેવામાં આવે છે. ભગવાને એવો જાયો અને માને બીજો તો એની માન્યતામાં ફેર છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, સનાથ થઈ, હોં! પ્રભુ! રોમાંચ ખડા થઈ ગયા છે ને જમીનમાં ચારે કોર. એથી અમને એમ લાગે છે કે જેમ સનાથ સ્ત્રી હોય, એમ આ જમીન સનાથ આપને લઈને થઈ છે, હોં! એમ અસંખ્ય પ્રદેશમાં ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપનો જ્યાં આદર કરીને, સત્કાર કરીને સેવા કરે છે, પોતાની, હોં! ત્યારે અસંખ્ય પ્રદેશે શાંતિના અંકુરા ફૂટે છે. એથી એમ નક્કી થયું કે હવે આત્મા સનાથ થઈ ગયો. હવે એને કેવળજ્ઞાન પામવાની તૈયારી થઈ ગઈ. સમજાણું કાંઈ?

એ મતિજ્ઞાન થયું, શ્રુતજ્ઞાન થયું એ કેવળજ્ઞાનને બોલાવે છે, એમ કહે છે. ધવલમાં એવો પાઠ છે. મતિ અને શ્રુતજ્ઞાન થયું એ કેવળજ્ઞાનને બોલાવે છે. બોલાવે સમજાણું? લાવો, લાવો, લાવો. અમારો અવયવ પ્રગટ્યો, પ્રભુ! અવયવી પ્રગટ થાઓ. એવી અંદરમાં ધર્મીને સર્વજ્ઞપદની પ્રાપ્તિની ભાવના હોય છે. સમજાય છે કાંઈ? એને પોતાને અલ્પ નિર્મળ પર્યાય પ્રગટી છે એનું અભિમાન નથી. ઓહો..! ક્યાં પરમાત્મદશા, ક્યાં વીતરાગ, ક્યાં કેવળજ્ઞાનની દશાની પર્યાય! અરે..! અનંતાનુબંધીનો અભાવ થઈ, સ્વામી કાર્તિકેય કહે છે, એને તો આત્માની પર્યાય તુચ્છ લાગે છે. તુચ્છ લાગે છે. સમ્યગ્દર્શન, જ્ઞાનની દશા થવા છતાં એને તુચ્છ લાગે. ક્યાં કેવળજ્ઞાન અને ક્યાં આ! એ કેવળજ્ઞાનને બોલાવે છે. સમજાય છે કાંઈ? રાગને બોલાવતા નથી, સર્વાર્થસિદ્ધિમાં જાવું છે, એમ બોલાવતા નથી. તીર્થંકર પદ પામું એને બોલાવતા નથી, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? રોમાંચ થઈ ગયા છે. અસંખ્ય પ્રદેશે ભગવાન બિરાજમાન અનંત ગુણનો પિંડ પ્રભુ આખો. એનું જ્યાં ભાન થયું ત્યાં રોમાંચ ખડા થઈ ગયા. નવી પર્યાય શ્રદ્ધા-જ્ઞાન ને શાંતિની પ્રગટી, તે આત્મા સનાથ થયો એમ અમને નક્કી થઈ ગયું છે. સમજાણું કાંઈ?

પછી લાવ્યા, ભગવાન બેઠા હતા ને સિંહાસન ઉપર? નિલાંજના દેવી આવી. ત્યાં લાવ્યા વાત.

**अज्जवि विज्जुव्व घणे रंगे, दिट्ठपणट्ठा पणच्चिरी अमरी।**
**जइया तइया वि तए, रायसिरी तारिसी दिट्ठा।।१५।।**

હે વીતરાગ! '**જિસ પ્રકાર મેઘમેં બિજલી પ્રકટ હોતે હી નષ્ટ હો જાતી હૈ,...**' મેઘ-વાદળામાં વિજળીનો ઝબકાર આવીને જેમ ચાલ્યો જાય છે, એમ '**આપને નૃત્ય કરતી હુઈ નીલાંજના...**' ભગવાન સિંહાસનમાં બેઠા હતા. ઈન્દ્રે એકવાર નિમિત્ત એવું કર્યું કે બધી દેવીઓને નાચવા લાવ્યો એમાં એક દેવી આવ્યો કે તે ક્ષણે સ્થિતિ પૂરી થવાની. નાચતા નાચતા એની સ્થિતિ પૂરી થવાની એવી એક દેવી મૂકી. સમજાય છે કાંઈ? ૮૩ લાખ પૂર્વ સુધી ભગવાન સંસારમાં રહ્યા. અરે..! આ ભગવાનનો અવતાર તો મુનિપણું લઈ કેવળજ્ઞાન પામીને જગતને તારવામાં નિમિત્ત થાય એવો છે. આ કેમ નીકળતા નથી? સમજાણું કાંઈ? એટલે ઈન્દ્ર ઉપરથી આવીને.. ઈન્દ્ર તો એમના દાસ છે. આવીને એક નીલાંજના નામની દેવી કે જેની સ્થિતિ તે ક્ષણે નાચતા પૂરી થવાની હતી. ઉતારી એમાં.

'**દેવાંગનાકો પહલે દેખા, પશ્ચાત નષ્ટ હોતે હુએ ભી દેખા...**' આમ દેખ્યું ત્યાં તો ખલાસ થઈ ગઈ. નાચતી હતી ત્યાં. પણ વચ્ચે ભંગ ન પડે માટે ઈન્દ્રે બીજી દેવી ત્યાં મૂકી. એનું આયુષ્ય પૂરું થઈ ગયું એટલે બીજી વચ્ચે મૂકી. ભગવાનના ખ્યાલમાં આવી ગઈ વાત. ઓહ! આ દેવીની સ્થિતિ પૂરી થઈ ગઈ. આવું ક્ષણભંગુર. ભાન તો ક્ષાયિક સમકિત છે. પણ એવો અનાદિનો નિયમ છે કે જેટલા તીર્થંકરો જ્યારે વૈરાગ્ય પામે ત્યારે તે ક્ષણે તેને પહેલું જાતિસ્મરણજ્ઞાન થાય. સમજાય છે? એ વાત શ્વેતાંબરમાં નથી. આ વાત અહીં છે, ભાઈ! અને એમાં હેતુ છે. હેતુ છે. એ આમ જ્યાં દેખ્યું, આહા..! પૂરી થઈ ગઈ સ્થિતિ. ઓહો..! ક્ષણભંગુર. અનિત્યતાનો એકદમ વૈરાગ્ય વધ્યો. જ્યાં વધ્યો ત્યાં જાતિસ્મરણ થયું.

ખરેખર મિથ્યાદષ્ટિને જે જાતિસ્મરણ આવે છે, એને ફક્ત ધારણામાં કંઈક ખ્યાલ આવે, એટલું છે. પણ ખરો તો તત્ત્વનો સિદ્ધાંતિક નિયમ એવો છે કે સમ્યગ્દષ્ટિ અને જ્ઞાની આત્માનો અનુભવ હોય, એને જો જાતિસ્મરણ થાય તો એને વૈરાગ્ય વધી જાય. કારણ કે ત્રણ જ્ઞાનના ધણી છતાં, અવધિજ્ઞાન હોવા છતાં ઉપયોગ મૂકે ત્યારે આમ ખ્યાલ આવે. આ જાતિસ્મરણ તો જેમ કાલની વાત (યાદ) આવે એમ ફટ યાદ આવી જાય. એટલે અનાદિનો આ નિયમ છે. દિગંબર શાસ્ત્રમાં એ વાત છે, બીજે હોઈ શકે નહિ. શ્વેતાંબરમાં તો ના પાડી છે. એમાં જાતિસ્મરણની વાત નથી. વસ્તુની સ્થિતિ એવી છે.

આમ જ્યારે જોયું, અરે..! એકદમ અંદર વિચારમાં ચડી ગયા. જાતિસ્મરણ થયું. પંડિતજી! જાતિસ્મરણ થયું. આહા..! પહેલેથી અવધિજ્ઞાન હોય. અવધિજ્ઞાન તો જેટલા તીર્થંકર હોય એ લઈને જ આવે છે. પણ ખુબી એવી છે કે જ્યાં આમ ભવને ભાળે છે ને એકદમ વૈરાગ્ય આવી જાય છે. આહાહા..! ક્ષાયિક સમકિત છે, ત્રણ જ્ઞાન છે. આમ ગયા ભવો

એકદમ ભાસી જાય છે. જેમ કાલની વાત યાદ આવે એમ યાદ આવે. ફટ.. ફટ.. ફટ.. ફટ આ.. આ.. આ.. ભવ યાદ આવે. એમાં વચ્ચે અસંજ્ઞી ભવ ન આવે, મન વિનાનો ભવ ન આવે. ત્યાં સુધીના મનવાળા ભવો કેટલાક અંદર ભાળે. સમજાણું કાંઈ?

અહીં ભગવાન જ્યાં સિંહાસનમાં બેઠા છે, મુગટ હતો, બધા રાજા હતા. આમ જ્યાં દેખ્યું, અરે..! આ સંસાર. કેટલો કાળ મેં આમાં ગાળ્યો. આ અનિત્ય, આ ક્ષણભંગુર સ્થિતિ, રાજ વૈભવ, શરીરની બધી ક્ષણભંગુર સ્થિતિ. ભાન તો હતું, પણ વૈરાગ્ય વધી ગયો. એકદમ વૈરાગ્ય. ત્યારે ઉપરથી દેવો આવ્યા. મહારાજ! આપનો કાળ હવે ત્યાગનો છે. એ તો કંઈ એને લઈને નથી થતું. પણ એવો એનો નિયોગ હોય છે. બ્રહ્મલોકમાં બ્રહ્મચારી દેવો હોય છે ને? એ આવે છે. પ્રભુ! આપનો ત્યાગનો કાળ છે, હોં! ચારિત્રનો કાળ (છે), દીક્ષા ગ્રહણ કરો. પ્રભુ! જગતના પ્રાણીનો ઉદ્ધાર કરવાનું આપનું નિમિત્ત છે. માટે આપ દીક્ષિત થાઓ. દીક્ષિત ઈ કહે છે માટે થાય છે એમ નથી. પણ આમ જ્ઞાન છે ને, મૂળ જાતિસ્મરણ થઈ ગયું છે ને (એટલે) વૈરાગ્ય.. વૈરાગ્ય.. વૈરાગ્ય.. આમ નજર જ્યાં જ્યાં કરે છે, એકદમ ખ્લાલ (આવે છે), આ ભવ, આ ભવ, આ ભવ, આ ભવ. સમ્યગ્દર્શન પૂર્વકનું જાતિસ્મરણ હોય એને વૈરાગ્ય વૃદ્ધિનું કારણ હોય છે. અજ્ઞાનીને એકલું જાતિસ્મરણ હોય.. સમજાય છે? એ તો ભાળે છે એટલું કે અહીં હતો ને આ હતો. એને કોઈ વૈરાગ્યની વૃદ્ધિનું કારણ હોતું નથી. એટલે અહીંયાં એ વખતે.. કેમ સેઠી નથી આવ્યા? સમજાણું કાંઈ?

એ ઉદ્દેશીને ભગવાનની ભક્તિ (કરે છે). પ્રભુ! આપ સિંહાસન પર બેઠા હતા. અપ્સરા લીન થઈ ગઈ. '**ઈસ દશ્યકો દેખકર ભગવાનકો શીઘ્ર હી ઈસ બાતકા વિચાર હુઆ...**' અરે..! યે ક્યા હુઆ? '**ઉસી પ્રકાર ઈસ રાજ્યલક્ષ્મીકા સ્વભાવ હૈ...**' બધી લક્ષ્મીનો સ્વભાવ નાશવાન છે, ક્ષણમાં પલટી જશે બધું. એવો સ્વભાવ છે. વૈરાગ્ય.. વૈરાગ્ય. તરબોળ અસંખ્ય પ્રદેશે ઉદાસ.. ઉદાસ. પછી દેવ આવીને સંબોધે છે. એવો અનાદિનો નિયોગ અને એવું અનાદિનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? જે જે તીર્થંકર જ્યારે વૈરાગ્ય પામે ત્યારે એને પહેલું જાતિસ્મરણ થાય છે. પછી એને ભવનું થયું, ભાવ જાતિનું તો ભાન છે. ભાવજાતિનું ભાન છે, આ દ્રવ્યભવની જાતિનું ભાન થઈને વૈરાગ્ય વધી ગયો એકદમ. અવધિજ્ઞાનમાં તો ઉપયોગ મૂકે ત્યારે (જણાય). આ તો ભાળ્યા જ કરે અંદરથી. (અવધિજ્ઞાનમાં) અંદરથી ઉપયોગ મૂકે. આ તો અંદરથી ખ્યાલમાં આવે કે ઓહો..! આ ભવ પહેલા.. આ ભવ પહેલા.. આ ભવ પહેલા આ હતું. આ બધું નાશવાન છે. બધા શરીરો ખલાસ થઈ ગયા. અહીં આવીને હું રહ્યો. એકદમ વૈરાગ્ય થઈ જાય. એ વખતની વાત કરીને પ્રભુને કહે છે, '**ભગવાનકો વૈરાગ્ય હો ગયા. ઉસી અવસ્થાકો ધ્યાનમેં રખકર ગ્રંથકારને શ્લોકમેં ભગવાનકી સ્તુતિ કી હૈ.**' સમજાણું કાંઈ?

ભાવજાતિ સાથે દ્રવ્યજાતિનો સંબંધ છે, ભાઈ! દિગંબર શાસ્ત્રોમાં લેખ છે. એને જાતિસ્મરણ

થાય. એ વસ્તુની સ્થિતિ બતાવે છે. વસ્તુની સ્થિતિ બતાવે છે. સમજાણું કાંઈ? એ વાત શ્વેતાંબરમાં છે જ નહિ. એકદમ જ્યાં અંદરમાં ત્રણ જ્ઞાન તો હતા અને આમ જોવે છે, ફાટી જાય પ્યાલો. વૈરાગ્ય.. વૈરાગ્ય.

શાંતિનાથ ભગવાન જેવા, ૯૬ હજાર સ્ત્રી હતી. પણ જ્યારે જાતિસ્મરણ થયું ત્યારે બહુ વૈરાગ્ય થઈ ગયો. ૯૬ હજાર સ્ત્રીઓ પછી જંટિયા તોડે છે. અમે તમારી લાલચને લઈને રહ્યા નહોતા. અમે અમારા રાગના ભાવને લઈને રહ્યા હતા. સ્ત્રીઓ! એ અમારો રાગ હવે મરી ગયો છે. એ રાગ મરી ગયો, હવે જીવતો નહિ થાય. અમને તમે લાલચમાં નાખીને અહીંયાં રાખ્યા છે અને અનુકૂળતા બતાવો માટે અમે અહીંયાં રહ્યા હતા, હે સ્ત્રીઓ! એ વાત છોડી દો. અમને આસક્તિનો ભાવ હતો ત્યાં સુધી અમે લલચાઈને ઊભા હતા. અમારી એ વ્રતનો છેદ થયો છે. મરી ગયા પ્રાણીને જીવતો કરી શકાય નહિ. સમજાય છે કાંઈ? એમ અમારો રાગ તમારા પ્રત્યેનો મરી ગયો છે. એ હવે જીવતો ન થાય. રજા આપો! અમે ત્યાગી મુનિ થઈશું. સમજાણું કાંઈ?

ભાવનામાં તો એકદમ આવ્યું. ૠષભદેવ ભગવાનનું. તત્ત્વાર્થ સારમાં અમૃતચંદ્રાચાર્ય બાર ભાવના વર્ણવતા લખે છે, અનિત્ય ભાવનાનું લખાણ લખે છે. પ્રભુ પણ અનિત્યની વિચારણા કરે છે, ઓહો..! આવો ક્ષણભંગુર. ત્યાં કહે છે, અનિત્ય એટલે? માતાએ બાળકને જન્મ આપ્યો. એ જન્મ આપ્યો એ હજી ગોદમાં નહિ લે ત્યાં અનિત્યે ગોદમાં લઈ લીધો છે એને. આહાહા..! તત્ત્વાર્થ સાર. એ તો આચાર્યોની કથનપદ્ધતિ જ કોઈ અલૌકિક વાત છે. તત્ત્વાર્થ સારમાં આમ અનિત્ય ભાવનાનો એક શ્લોક મૂક્યો. પ્રભુ! એની માતાએ બાળકને જન્મ આપ્યો. એ જન્મ આપ્યો પણ આમ નજર તો પછી જશે કે આને લઉં આમ. કોણ છે આ? કન્યા છે કે બાળક છે? એ તો (નજર) પડ્યા પહેલા પ્રભુ! એના શરીરને અનિત્યે તો ગોદમાં લઈ લીધો છે. ક્યારે નાશ થશે એનો મેળ નથી. આહાહા..! મરી જાય. તરત મરી પણ જાય. હજી આમ લેવા પહેલાં પણ મરી જાય. આહાહા..! સમજાણું કાંઈ?

એમ ભગવાનને જ્યાં નીલાંજનાનો ખ્યાલ આવે છે, એકદમ અનિત્યતા (ભાસે છે). ભગવાન નિત્યાનંદ. અનિત્ય ભાવના, અનિત્ય ભાવના ભાવે છે. સમજાય છે? અજ્ઞાનીને એ નિત્યના ભાન વિના એવી અનિત્યની ભાવના હોય નહિ. એને અનિત્ય જાગરિકા હોય. એકલું ક્ષણભંગુર (લાગે). બૌદ્ધને વૈરાગ્ય હતો, વસ્તુની સ્થિતિ નહોતી. અહીં તો વસ્તુના ભાન સહિત અનિત્યની ભાવના જાગૃત થઈ એને આવો વૈરાગ્ય હોય છે. એ ઉદ્દેશીને આ વાત કરી છે.

પછી કહે છે, પ્રભુ! આપ જ્યારે આ પૃથ્વી છોડીને ચાલી નીકળ્યા ને, નાથ! આપને વૈરાગ્ય થયો. પોતે આપ જ્યારે વનમાં ચાલી નીકળ્યા ને, ત્યારે તો મને એવું લાગે છે,

**वेरग्गदिणे सहसा, वसुहा जुण्णं तिणं व जं मुक्का।**
**देव! तए सा अज्ज वि, विलवइ सरिजलरवा वराई।।१६।।**

જૂના તૃણની પેઠે પૃથ્વીને છોડી દીધી. આમ નદીને કલકલ કરતી દેખે છે ને, નદીને. છે ને? '**सरिजलरवा वराई**'. વરી એટલે નદી આપના વિરહથી, નદીમાં કલકલ થઈ રહ્યો છે, પ્રભુ! આપના વિરહે નદી રોવે છે. આહાહા..! '**देव!**' જ્યારે વૈરાગ્યથી '**सहसा, वसुहा जुण्णं तिणं व जं मुक्का**' જીર્ણ તૃણની જેમ છોડી દીધી. ત્યારે પૃથ્વી ઉપરની જે નદી છે ને, એ કલરવ કલરવ આમ ખખડાટ થાય છે ને? પ્રભુ! એ આપના વિરહથી રોવે છે. કલરવ. રવ-અવાજ કરે છે. એ અવાજ કરે છે, એ રોવે છે. આહાહા..! જુઓ! પોતાના પૂર્ણાનંદના વિરહમાં આત્માને શું લાગે છે, એમ કહે છે. સમજાણું કાંઈ? પ્રભુ! આપના વિરહ અમને આ ભરતક્ષેત્રમાં પડ્યા, સર્વજ્ઞ પરમાત્માની હાજરી-ઉપસ્થિતિ પ્રભુ! અમને નહિ, હોં! આહાહા..! સમજાણું કાંઈ?

ઈ અહીંયાં પોકારે છે, પ્રભુ! આ નદીને જોઉં છું ને, ત્યારે કલરવ અવાજ જે થાય છે, પ્રભુ! આપના વિરહનું એને રૂદન છે. અમને પ્રભુ! તમારા વિરહ પડ્યા, અમને એનો ખેદ છે. સમજાણું કાંઈ? દેવચંદજીએ એકવાર એમ કહ્યું,

ભરતક્ષેત્ર માનવપણું જી લાધ્યો દુષમકાળ,
આ ભરતક્ષેત્ર માનવપણું જી લાધ્યો દુષમકાળ,
જિન પૂરવધર વિરહથી આ દુલ્હો સાધન જાય રે
ચંદ્રાનન જિન સાંભળીએ અરદાસ

હે નાથ! આ ભરતક્ષેત્રમાં અમારા અવતાર. અમને આ મનુષ્યદેહ અહીં મળ્યો, નાથ! ભરતક્ષેત્રમાં માનવપણું. દુલ્હો દુષમકાળ. કાળની દુષમતા જોઈએ તો એવું દેખાય, પ્રભુ! તારા અમને વિરહ થઈ ગયા. સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્યમાં આવે છે ને? એક સ્તુતિમાં આવે છે ને? કંઈ બધું યાદ હોય છે અત્યારે. નથી? ભાઈએ ગોઠવ્યું ને? તમે ગોઠવ્યું ને. અમારા પંડિતજીએ (ગોઠવ્યું છે). શું શબ્દ છે ઈ? વિરહ.

રેરે..! સીમંધરજિનના વિરહા પડ્યા આ ભરતમાં.

કુંદકુંદાચાર્ય પણ કહે છે, અરેરે..! સીમંધર જિનના.. અરે..! પ્રભુ! તારા અમને વિરહ ભરતક્ષેત્રમાં. સમજાય છે કાંઈ? અરેરે..! સીમંધર જિનના વિરહા પડ્યા આ ભરતમાં. પ્રભુ! અહીં તો ભગવાન તો મોક્ષ પધાર્યા, પણ પ્રભુ! તારું જમીન ઉપર રહેવું અને ત્યાં આગળની હાજરી, પ્રભુ! અમને વિરહ પડે છે. આહાહા..! સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વરની ભાવનામાં એટલી ઝંખના છે. એવી આ ભક્તિ કરે છે. આહાહા..!

'**सरिजलरवा वराई**' '**वराई**' છે ને? '**वराई**' દીન થઈ ગઈ, દીન બિચારી. '**वराई**' દીન થઈ ગઈ. આપ હતા ત્યારે તો બહુ શોભા હતી, હોં! અને નદી દીન થઈ ગઈ. દીન

થઈને રોવે. પ્રભુ! અમને તમારા વિરહ છે, શું કરીએ? ક્યાં જઈએ? કોને કહીએ? અમારા ઘટની વાતું કોને કહીએ? કોને પૂછીએ? પ્રભુ! આપના અમને વિરહ પડ્યા. એમ અહીંયાં પંચમઆરાના ભક્તો ભગવાનને યાદ કરીને પોકાર કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો ભક્તિ તે ભક્તિ છે. આ કાંઈ વાતું નથી. આહા..! સંતોની મુનિઓની સમકિતીની ભક્તિ ઉછળી જાય છે અંદરથી. આ તો આજે ..

પ્રભુ! તારા અમને વિરહ. આહાહા..! એક પતિનો વિરહ થોડો થાય, મનુષ્યના પુતળાનો, તોય ઈ રોવે છે. પ્રભુ ત્રણ લોકના નાથ સર્વજ્ઞદેવ એક સમયમાં ત્રણ કાળના ભાવ જાણનારા, પ્રભુ! અમને વિરહ છે, હોં! અમારા મતિજ્ઞાનના જ્ઞાનમાં પ્રભુ! કેવળજ્ઞાનના અમને વિરહ વર્તે છે. આહા..! એમ કરીને કેવળજ્ઞાન પર્યાયની પણ બહુમાન અને ભક્તિ કરી છે. સમજાણું કાંઈ?

હવે એનાથી લઈને જ્યારે પ્રભુ આમ ધ્યાનમાં ઊભા હતા ને, એ વાત લીધી. પ્રભુ જ્યારે ધ્યાનમાં ઊભા હતા, એનું લક્ષ કરીને ભક્તિ કરે છે.

**अइसोइओ सि तइया, काउस्सग्गट्ठिओ तुमं णाह।**
**धम्मिक्कधरारंभे, उज्झीकय मूलखंभो व्व।।१७।।**

‘**હે ભગવાન!**’ હે પ્રભુ! ‘**જિસ સમય આપ કાયોત્સર્ગ સહિત બિરાજમાન થે,...**’ કાયોત્સર્ગ સહિત આમ ઊભા હતા ને, પ્રભુ. જ્યારે આપ અંદરમાં કાયોત્સર્ગ-કાયા, શરીર, વાણી અને વિકલ્પ એ બધો, એનો ઉત્સર્ગ-વિત્સર્ગ. છોડવું. છોડીને આમ ધ્યાનમાં ઊભા હતા. નાથ! ‘**ઉસ સમય ધર્મરૂપી ઘરકે નિર્માણમેં...**’ ધર્મરૂપી ઘર. જેમ મોટું ઘર હોય અને એક થાંભલો વચમાં હોય, માથે શું કહેવાય? મોભ. મોભ હોય છે ને? મોભ.. મોભ. મોટું લાકડું. આડસડા અમારે કહે છે. મોભ હોય ને મોટું લાકડું. અત્યારે તો બધું ફરી ગયું તમારું. હવે ક્યાં હતું? મોટું અંદર મોભ (હોય) કે જેમાં બધી વળીયું... મોટું લાકડું ઊભું એક જ. એમ આ ધર્મરૂપી ઘરમાં પ્રભુ! તમે એક થાંભલા છો. ધર્મરૂપી ઘરમાં. જુઓ! શું કહે છે?

‘**કાયોત્સર્ગ સહિત બિરાજમાન થે, ઉસ સમય ધર્મરૂપી ઘરકે નિર્માણમેં...**’ ધર્મરૂપી રચનામાં ‘**મૂલસ્તંભકે સમાન...**’ મૂળ થાંભલો હોય, મૂળ વચમાં. ‘**આપ અત્યંત સુશોભિત હોતે થે.**’ આહાહા..! જુઓ! મુનિ ક્યાંથી લ્યે છે? કેવળજ્ઞાન પામવા પહેલા જ્યારે મુનિ ચાર જ્ઞાનના ધણી હતા. આમ ધ્યાનમાં હતા. પ્રભુ! હું તો એમ જાણું છું... પહેલું શરૂઆતમાં લીધું છે, ભાઈ! આપે આમ હાથ લાંબા કર્યા છે ને. હાથથી કરવાનું કાંઈ રહ્યું નથી. માટે આપના હાથ લાંબા થઈ ગયા છે. પહેલા ધર્મોપદેશામૃતમાં શરૂઆતમાં કહ્યું છે. કૃત્યકૃત્ય પ્રભુ આત્મા, એના અંતર ધ્યાનમાં ચડી ગયા છો. એના આનંદની લહેરની નિસરણીએ ચડી ગયા અંદરમાં. પ્રભુ! એ વખતની આપની શોભા, જાણે નવા મકાનમાં એક થાંભલો આધાર હોય,

એમ ધર્મના થાંભલા આપ એક જ છે. આહાહા..! આ કેવલી પણત્તો ધમ્મો શરણં. ભગવાને કહેલો ધર્મ, એના સ્તંભ ભગવાન પોતે છે. પ્રભુ! પૂર્ણાનંદની શક્તિ, એની પ્રગટતા અને ઈ ધર્મ કેમ પ્રગટે, એનો આધાર તો પ્રભુ! એક તમે છો. સમજાણું કાંઈ? વનમાં કાયોત્સર્ગમાં હતા તેને લક્ષમાં રાખીને ભક્તિ કરે છે. પોપટભાઈ! આ સંસારમાં પણ નથી બાયડી મરી જાય પછી એને યાદ કર્યા કરે, વારંવાર. અરે..! એ હતી ને.. એક જણાએ તો એનું ઓલું કર્યું હતું. એક બાય જૂની મરી ગઈ. સમજ્યાને? પછી એના ઘરે થઈ છે ગાય. એમ માને છે. કેવી? કામધેનુ ગાય. કામધેનુ મરી ગઈ પછી એને દાટી ઘરમાં. અને માથે મંદિર બનાવ્યું છે. શ્રીમદ્દે કહ્યું છે ને? હે ભગવાન! હું ભૂલી ગયો. એમાં એમ લખ્યું છે, હે માતા! હું તને ન સમજી શક્યો. જૂની માતા! એની વહુ હતી. મરીને ઘરમાં કામધેનુ ગાય અત્યારે થઈ એ વાત, આપણે નામ-ઠામ નથી આપતા. સમજાણું કાંઈ? એ કામધેનુ ગાય થઈ હતી. જ્યારે જુઓ ત્યારે દૂધ આપતી. એના ખ્યાલમાં આવ્યું કે આ મારી જૂની સ્ત્રી આ ગાય (થઈને આવી) છે. પછી મરી ગઈ. એને દાટી માથે મંદિર કર્યું મોટુ. ઘણાં વર્ષ પહેલાં અઢાર હજાર રૂપિયાનું મંદિર. ન્યાં પછી એમ લખ્યું છે, હે ભગવાન! હું ભૂલી ગયો, એ કીધું છે ને? (એમ) હે માતા! હું તને ભૂલી ગયો છું. મેં તને ઓળખી નહિ. તું મારી સ્ત્રી હતી અને અહીં (ગાય) થઈને આવી પણ મેં તને ઓળખી નહિ. પ્રેમના માર્યા શું કરે છે. અત્યારે છે, મંદિર છે, બધું છે. સમજાણું કાંઈ? એ.. પોપટભાઈ!

અહીં પરમાત્માને કહે છે, નાથ! તુ એક સર્વજ્ઞ પરમેશ્વર જ્યારે કાયોત્સર્ગમાં ધ્યાનમાં કેવળજ્ઞાન લેવાને હતા, એવા ધર્મના થાંભલા પ્રભુ તમે એક હતા. પૂર્ણાનંદનો નાથ એ ધર્મની દશાનો આધાર એ આત્મા છે. એમ આપ એક ધર્મના થાંભલા (છો). મહામકાનમાં એક જ .. છે. વિકલ્પ-ફિકલ્પોનો કોઈ આધાર એને ધર્મને છે નહિ. સમજાણું કાંઈ? પછી.

**हिययत्थझाणसिहिओज्झमाण सहसा सरीरधूमो व्व।**
**सोहइ जिण तुह सीसे, महुयरकुलसंणिहो केसभरो।।१८।।**

હે ભગવાન! આપ જ્યારે આત્માના ધ્યાનમાં મસ્ત હતા ને, ત્યારે આ કાળા વાળ જે તમારા દેખાય છે ને, એ વાળ નથી પ્રભુ! ત્યારે (શું છે)? આપ અંદર આનંદના ધ્યાનમાં હતા ત્યાં શરીર બળીને રાખ થયું ને એને ધૂમાડો ન્યાં લાગે છે. ધુમાડો સમજો છો? ધુંઆ.. ધુંઆ. આ કાળ વાળ દેખાય છે ને? ઈ શું છે? જુઓ! ન્યાં આવ્યા, હવે વાળ ઉપર આવ્યા. આપ અંદર આત્માના આનંદમાં મશગુલ છો ને. એથી શરીર-કાર્મણશરીર બળી જાય છે અંદર. બળીને આ ધુમાડો નીકળ્યો છે માથે. સમજાણું કાંઈ?

હરતા ફરતા પ્રગટ પ્રભુ દેખુ, મારું જીવવું રે સફળ તવ લેખું.
મુક્તાનંદનો નાથ વિહારી, ઓધા જીવનદોરી હમારી.

હે પરમાત્મા! તું અમારા મુક્તાનંદનો નાથ. અમારા જીવનની તું દોરી છો. સમજાય છે

કાંઈ? એને ભક્તિ આવડી નથી કોઈ દિ', પોપટભાઈ! આહાહા..!

કહે છે, હે નાથ! '**આપકે મસ્તક પર ભૌંરોકે સમૂહ સમાન કાલા, જો કેશસમૂહ હૈ, વહ હૃદયમેં સ્થિત ધ્યાનરૂપી અગ્નિસે શીઘ્ર જલાયા હુઆ...**' આત્માના ધ્યાનથી જ કર્મ બળે છે, એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? આહાહા..! આપની વાણીથી કે વિકલ્પથી કર્મ બળે છે એમ નહિ. આ વાંધા મોટા. પેલો કહે, ધર્મોપદેશ વાણીથી કરે એનાથી નિર્જરા થાય. અરે..! ભગવાન! ભાઈ! નિર્જરાનું સ્થાન અશુદ્ધતાનું ટળવું, શુદ્ધતાનું વધવું અને કર્મનું ગળવું, ત્રણને નિર્જરા કહેવામાં આવે છે. એ ત્રણ, આત્માની અંદર જ્યાં શુદ્ધતાની સ્થિરતા થઈ, અશુદ્ધતા ગઈ એને નિર્જરા કહી, શુદ્ધતા વધી એને નિર્જરા (કહી). મૂળ નિર્જરા એને કીધી. અને કર્મના રજકણો એને કારણે ગળી ગયા અસદ્ભુત વ્યવહારે એને નિર્જરા કીધી. આહાહા..! સમજાણું કાંઈ? એ વ્યાખ્યા કરે છે.

પ્રભુ! આપ '**यत्थ**' અંદરમાં જ્યારે ધ્યાનમાં હતા, ચિદાનંદ પ્રભુને પકડીને આપ જ્યારે અનુભવના આનંદની ધારાની શ્રેણીમાં રમતા હતા, ત્યારે પેલું કાર્મણશરીર અને ઔદારિક પણ બળીને રાખ થઈ જશે હવે. બળીને પ્રભુ! માથે આ ધુમાડો આવ્યો છે. કાળા વાળને દેખીને ધુમાડો (થયો છે, એમ કહે છે). સમજાણું કાંઈ?

**ભાવાર્થ :-** '**ધુંઆ ભી કાલા હોતા હૈ ઔર ભગવાનકે મસ્તક પર વિરાજમાન કેશોંકા સમૂહ ભી કાલા હૈ;...**' સમજાણું? એ બેયને ઉપમા આપીને (કહે છે). પ્રભુ! અમે તો ત્યાં એ રાગ-દ્વેષ બળી જાય છે ને, કર્મ બળે છે, એનો ધુમાડો દેખીએ છીએ. વાળ નહિ. એઈ..! ભગવાન! તમે કોણ? ભગવાન એટલે નિર્મળાનંદની દશા તે ભગવાન. મુનિ તે કોણ? વાણી બોલે ઈ મુનિ? શાસ્ત્ર લખે ઈ મુનિ? એમ છે? ના, ના. અંતર સ્વરૂપમાં દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા તે મુનિ છે. મુનિપણું નિર્દોષ દ્રવ્ય, ગુણ, પર્યાયમાં મુનિપણું સમાઈ જાય છે. મુનિપણું રાગમાં ને કર્મમાં ને બાહ્ય ક્રિયામાં આવતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? કહે છે, પ્રભુ! એ વખતનો એ ધુમાડો મને તો દેખાય છે. એ બીજું નહિ, હોં! પ્રભુ! વાળ નહિ. બળેલી રાખ છે. એ ઊડી જવાની. આહાહા..! પછી? હવે કેવળજ્ઞાનની વાત લ્યે છે. ન્યાંથી ધ્યાનમાં આવ્યા ને પછી ન્યાં આવ્યું.

**कम्मकलंकचउक्के, णट्ठे णिम्मलसमाहिभूईए।**
**तुह णाणदप्पणेच्चिय, लोयालोयं पडिप्फलियं।।१९।।**

હે જિનેશ! હે પ્રભુ! '**નિર્મલ સમાધિકે પ્રભાવસે...**' જુઓ! ન્યાં એ કહ્યું. કેવળ કેમ થયું? પ્રભુ! આપને ચાર ઘાતિ (કર્મ) કેમ બળ્યા? નિર્મળ સમાધિ. આત્માના આનંદમાં શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિમાં એટલા સ્થિર થઈ ગયા (કે) ચાર કર્મ બળીને રાખ થઈ ગયા. સમજાણું કાંઈ? પાછું કેમ કેવળ પામ્યા ઈ અમને ખબર છે, કહે છે. અમને ભાન છે કે આપ નિર્મળ સમાધિના બળથી. પાછી નિર્મળ સમાધિ લીધી છે ને? '**णिम्मलसमाहिभूईए**'

'**निर्मलसमाधिभूत्या तवज्ञानदर्पणे**' આહાહા..! પ્રભુ! આપના ચાર કર્મના નાશ થયા છે ને, એ આપના આનંદ સ્વરૂપમાં શાંતમાં શાંતિમાં રહેતાં રહેતાં, ઠરતાં એ કર્મ બળી ગયા છે, હોં! કષ્ટ કર્યા ને રાગ કર્યો ને પુણ્યક્રિયા ને વ્રતના વિકલ્પથી ચાર કર્મ ટળ્યા, એમ છે નહિ. કહો, હવે અહીંયા આચાર્ય આમ પોકારે છે. પેલા કહે, નહિ. બાહ્ય વ્રત ને નિયમો બધા વિકલ્પો સંવર, નિર્જરા છે. હે ભગવાન! ભાઈ! સોનગઢવાળાને તો ડગાવી દે જાણે. જૂઠું છે, જૂઠું છે એવું લખાણ કરે. આજે પુસ્તક આવ્યું, થોડું વાંચ્યું હતું. આવ્યું છે. આવડું મોટું. સત્ પથ દર્શન. તમને બહુ સંભાર્યા છે અંદર-સોનગઢને. જે રીત છે તે રીત હાથમાં ન આવે ને, એટલે એ શું કરે ત્યાં? સમજાણું? આ વાત, આખો ભગવાન... પહેલો એમ કહે છે કે વ્યવહાર રત્નત્રય ચોથે, પાંચમે, છઠ્ઠે, સાતમે, આઠમે, બારમે થાય, પછી તેરમે નિશ્ચય રત્નત્રય થાય. આહાહા..! અરે..! ભગવાન! પરાશ્રય ભાવ, પહેલો પરાશ્રય ભાવ થઈને એના ફળ તરીકે સ્વઆશ્રયભાવ થાય?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- તેરમે આવ્યું હતું. ત્યાં સુધી હજી વ્યવહાર મોક્ષમાર્ગ છે. ચોથેથી. અરે..! આવી વાત નહોતી, હોં! આહાહા..!

અહીં તો કહે છે, પ્રભુ! આપે જે કેવળજ્ઞાન લીધું એ કર્મકલંક છે. કર્મનું કલંક જે હતું તેને આપે નાશ કર્યો. અને '**तुह णाणदप्पणे**' આપના જ્ઞાનરૂપી દર્પણમાં. જુઓ! ભાષા લીધી. '**लोयालोयं पडिप्फलियं**'. '**લોકાલોક પ્રતિબિંબત હો રહા હૈ.**' જુઓ! ત્યાં સુધી પ્રતીત, ભાનમાં કેવળજ્ઞાનની વ્યાખ્યા કરી. પ્રભુ! આપે આત્માના જ્ઞાનમાં એટલી સ્થિરતા કરી, શાંતિ ને વેદન, કે એકદમ ચાર કર્મ નાશ થયા. આપના જ્ઞાનની એક સમયની દશામાં લોકાલોક એક સમયમાં જણાઈ ગયા. કહો, સમજાણું કાંઈ? કે આગળપાછળ જણાતું હશે? એક સમયમાં.

મુમુક્ષુ :- શ્વેતાંબરમાં એમ કહે છે,..

ઉત્તર :- એ બીજી વાત કહે છે. એ તો એક સમયમાં દર્શનઉપયોગ અને બીજે સમયે જ્ઞાનઉપયોગ.

મુમુક્ષુ :- ઈ જાણે ત્યારે બધું જાણે.

ઉત્તર :- ઈ જાણે ત્યારે બધું જાણે, એમ કહે. પહેલા સામાન્ય પછી વિશેષ, પછી સામાન્ય એમ આવે. પણ એ તો એ વખતે એમ હોય નહિ. કર્તા આત્મા, એના જ્ઞાન, દર્શન બે ગુણ પોતાના. કર્તા આત્મા. ગુણનો પર્યાય ઉપયોગ બેનો બે હોય. કર્તા એક, ગુણ બે અને ઉપયોગ બે હોય, બે ઉપયોગ એક ક્યાંથી હોય? અને એક ઉપયોગ જ્ઞાનનો અને એક (ઉપયોગ) દર્શનનો એમ વસ્તુના સ્વભાવમાં નથી.

અહીં તો કહે છે,.. કેવળજ્ઞાનના વાંધા આવ્યા છે ને અત્યારે તો મોટા. કેવળજ્ઞાન આમ

દેખે. જો કેવળજ્ઞાનમાં આ વાત આવી ગઈ હોય તો તે પ્રમાણે થાય. પણ ન આવી હોય ઈ કઈ ન આવી હોય? કેવળજ્ઞાનમાં શું નથી આવ્યું? ઈ આગળ કહેશે, પ્રભુ! પક્ષીણી, કોઈ મતિની પક્ષીણી ગમે તે ઊડીને જાય, આકાશનો અંત લાવશે? એમ આપના જ્ઞાનની મતિની પર્યાયમાં કોણ ઊડીને પ્રમાણ લાવશે? બેહદ શક્તિ છે. એક તો એ બોલ લીધો છે એમાં, નાથ! સમજાણું? ઈ લીધો છે ક્યાંક. શબ્દમાં છે ને? બીજો એક શબ્દ છે આમાં. મતિનો, મતિનો છે. સમજાણું કાંઈ? શું મતિ?

પ્રભુ! આપ કેવળજ્ઞાની પરમાત્મા અને આંધળા સાધારણ મતિના અજ્ઞાનીઓ આપની સાથે હોટ કરે એ કેવો છે? કે આંધળો દેખતા સાથે હોડ કરે છે. આમાં પણ છે. મતિ અને શ્રુતની વ્યાખ્યા. ક્યાંક છે ખરું. ૩૪. લ્યો, ૩૪ છે, જુઓ! છે આમાં.

**लोयाविप्पडिवज्जइ जो तुह गिराए मइसुइयबलेण केवलिणो।**
**वरदिट्ठिदिट्ठणहजंत,-लोयं पडिप्फलियं पक्खिगणणेवि सो अंधो।।३४।।**

'**હે ભગવાન!**' આમાં જ છે. '**જો મનુષ્ય, મતિજ્ઞાન-શ્રુતજ્ઞાનકે બલસે આપ કેવલીકે વચનોંમેં વિવાદ કરતા હૈ; વહ મનુષ્ય, અચ્છી દૃષ્ટિવાલે મનુષ્ય દ્વારા આકાશમેં કી ગઈ પક્ષિયોંકી ગણનામેં અંધે વ્યક્તિકે સમાન સંશય કરતા હૈ.**' કેટલું મેળવ્યું છે! એક તો આંધળો (છે) અને આકાશમાં જાય છે બગલા. પંખી. આકાશમાં પણ સ્થિર નહિ, ચાલતા, ઊડતા. આમ ઊડતા દેખનાર જોવે, એની સાથે આંધળો દોડ કરે કે તુ કહે છે કે સો, હું કહું છું કે ના. એઈ..! પણ તને બગલા દેખાય નહિ, હેઠે હોય તો તો વળી આમ હાથ ફેરવીને ગણે. આકાશમાં તે પણ હાલતા, સ્થિર હોય તો તો વળી કાંઈક અનુમાન કરીને આમ કરે. એને તું... સમજ્યાને? દેખતા સાથે તું આંધળો હોડ કરે છે.

એમ કેવળજ્ઞાની પરમાત્મા એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણનારા, એને તારા મતિ અને શ્રુત દ્વારા વાદ કરીને એનો તું નિષેધ કરવા માગે છો, એ આંધળો દેખતા સાથે હોડ કરવા જેવું છે. સમજાણું કાંઈ? એમ કરીને કેવળજ્ઞાનની પર્યાયને સ્થાપીને પ્રતીતમાં, અનુભવમાં કેવળજ્ઞાન આવું હોય એવા ભાન સહિતની ભક્તિ કરે છે. એનું નામ સાચી નિશ્ચય ભક્તિ કહેવાય છે. (વિશેષ કહેશે...) (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ઉપાસક સંસ્કાર અધિકાર ..**
**પ્રવચન-૪૫ (૧૬ મિનિટ)**

... પુણ્ય અને દયાના વિકલ્પ ઉઠે. સાચા સર્વજ્ઞની પ્રતીતનો વિકલ્પ પણ એ પારિણામિકનું રૂપ નથી. અહીં તો એને વિકારનું રૂપ કહે છે. અત્યારે અધ્યાત્મદષ્ટિએ પર્યાયને અભેદ કરીને વર્ણવે છે. એ શુદ્ધ પારિણામિકભાવ ઉસ રૂપ હૈ. એ તો એ રૂપ થઈ ગઈ. પોતાનું રૂપ પ્રકાશ્યું. પોતાનું પોત પ્રકાશ્યું. પોત પ્રકાશ્યું નથી કહેતા માણસ? એમ ચિદાનંદ પુણ્ય-પાપના વિકલ્પ રહિત થઈને, અખંડ આત્માના અવલંબે લઈને જે નિર્વિકલ્પ અને રાગ રહિત સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પર્યાય થઈ એ પારિણામિકનું રૂપ છે. એ સ્વભાવનું રૂપ છે. એ ધ્રુવની દશાનું રૂપ છે. રાગ અને પુણ્ય એ કંઈ એનું રૂપ નથી. કહો, સમજાણું કાંઈ?

શુદ્ધ પારિણામકભાવ હૈ ઉસ રૂપ હૈ. વહી ધ્યાનભાવસ્વરૂપ હૈ. વહી ધ્યાનભાવસ્વરૂપ હૈ. એ નિશ્ચય મોક્ષમાર્ગ કહો, કે ધ્યાનભાવસ્વરૂપ કહો. ધર્મધ્યાન અને શુક્લધ્યાન કહો કે નિશ્ચય મોક્ષમાર્ગ કહો કે ધ્યાનભાવસ્વરૂપ કહો. ઓહોહો..! સમજાણું? વહી ધ્યાનભાવસ્વરૂપ હૈ. છે? ધ્યાનભાવનાસ્વરૂપ છે. ધ્યાનભાવના. ધ્યાનરૂપી ભાવના કહો કે ધ્યાનરૂપભાવ કહો. એ તો વર્તમાન પર્યાય થઈ. વર્તમાન ધ્યાન.. જુઓ! આ ધર્મધ્યાન. માણસ કહે છે ને, ધર્મધ્યાન કરો છો? ભાઈ! કયુ ધર્મધ્યાન હશે? ક્યાં રહેતું હશે ધર્મધ્યાન? ધર્મધ્યાન ભાવ કહો કે ધર્મધ્યાન ભાવના કહો. એ આત્માના પર્યાયમાં રાગ રહિત વીતરાગી સમકિત, વીતરાગી જ્ઞાન અને વીતરાગી ચારિત્રનો અંશ, એને ધર્મધ્યાન કહે છે. એ સિવાય ધર્મધ્યાન હોઈ શકે નહિ. કહો, ...ભાઈ! આ બધું ચલાવે છે, ધર્મધ્યાન, ધર્મધ્યાન. ઘણા કહે છે, બધા કહે છે, આ ધર્મધ્યાન, ધર્મધ્યાન. બહારમાં. બહારમાં મનાવી બેઠા છે સહુ. સામાયિક ને પોષા ને પડિકમણા કરે ને. દાન ને પૂજા ને ભક્તિ ને જાત્રા કરે તો બહુ ધર્મધ્યાન કરે છે, બાપા! અરે..! ધર્મધ્યાનની તને ખબરેય નથી.

ધર્મધ્યાન કહેનારા કેવા હોય? ધર્મધ્યાનને કહેનારા શાસ્ત્રો કેવા હોય? અને ધર્મધ્યાનને કહેનારા સર્વજ્ઞ કેવા હોય? એને પણ જ્યાં ઓળખતા ન આવડે, એને ધર્મધ્યાન ક્યાંથી પ્રગટે? એ ઓળખતા આવડે નહિ. એ ૧૭મો બોલ થયો. વહી ધ્યાનભાવસ્વરૂપ હૈ અથવા ધ્યાનભાવનાસ્વરૂપ છે. ધ્યાન એ ભાવના છે ને. પોતાનો ત્રિકાળ સ્વભાવ છે. સમ્યગ્દર્શન એ ધ્યાન છે, સમ્યગ્જ્ઞાન પણ ધ્યાન છે. ધ્યાન એટલે એકાગ્રતા. ધ્યાન એટલે (એકાગ્રતા). પેલી જે રાગ અને પુણ્યમાં એકાગ્રતા હતી એ સંસાર હતો, એ ધ્રુવ સ્વભાવમાં એકાગ્રતારૂપ ધ્યાનની ભાવના રૂપ ભાવ, એને મોક્ષમાર્ગ કહે છે. ભારે વાત, ભાઈ! આ તો બધું વર્તમાન કહે છે એનાથી ઊંધું પડે છે. ઘણાં માણસો (કહે છે), બહારમાં કરતા કરતા આવે ને?

પણ કરતાં-કરતાં, ઝેર ખાતા ખાતા અમૃત આવતું હશે? કે ઝેરને ઓગાળીને વમન કરે તો આવતું હશે? એમ આ આત્મા..

અહીં તો એક જ વાત લીધી છે કે જે સમયે, જે ક્ષણે, જે કાળે આ વ્યવહાર ને નિમિત્તનું લક્ષ છોડીને ચિદાનંદ જ્ઞાયક ચૈતન્યના સ્વભાવવાનો આશ્રય લીધો અને પ્રતીત, જ્ઞાન ને રમણતા પ્રગટી, એને અમે ધ્યાન કહીએ છીએ, એને મોક્ષમાર્ગ કહીએ છીએ, એને સંવર ને નિર્જરા કહીએ છીએ. બાકી સંવર, નિર્જરા-ફિર્જરા હોતી નથી. માણસો તો એમ કહે, સંસાર વિચાર કરવો એ તો ભલે ભુંડા ધ્યાન (હો), પણ અમે અહીં નવકાર ગણીએ, પાંચ નવકારનું સ્મરણ કરીએ, ભગવાનની ભક્તિમાં ઊભા રહીએ, ભગવાનની સામું આમ ત્રાટક માંડીએ. ન્યાં કાંઈ ધર્મધ્યાન નહિ હોય? ઈ પણ ધર્મધ્યાન નથી. એ તો રાગ છે. ત્યારે રાગ કરવો નહિ? વળી એમ કહે. તમે તો એમ કહો છો કે રાગ કરવો નહિ. અરે..! પણ રાગ કરવો, નહિ કરવાનો પ્રશ્ન જ ક્યાં છે? એ તો સાધક છે અને અધૂરો છે તો થયા વિના રહે નહિ. અને રાગ જે જાતનો થાય તેવું તેનું બહુમાન બહાર ઉપર લક્ષમાં ગયા વિના રહે નહિ. છતાં તે મોક્ષમાર્ગ નથી. રાગ વચ્ચે આવે તે મોક્ષમાર્ગ નથી. ઈ રાગની એકાગ્રતા એ ધ્યાન નથી. આત્માની ચિદાનંદની અંતર સ્વભાવની ઓળખાણ કરી અને અંતરમાં એકાગ્રતા (થાય) તેને ધ્યાનસ્વરૂપ કહે છે.

પેલા આવે છે ને? ૧૬ બોલ નથી આવતા? ધર્મધ્યાનનો કાઉસગ્ગ કરાવે છે ને? આણાવિજય, વિવાગવિજય, અવાયવિજય, સંઠાણવિજય.. એવા આવે છે ને? ચાર એના આલંબન ને ચાર એના પાયા, એમ કરીને આવે છે. પણ એ બધુંય કહે છે કે તું કહે એમ એનો અર્થ નથી. એ જાણે કે સોળ વિચાર કરે એટલે ધર્મધ્યાન થઈ જાય. દલીચંદભાઈ! આવે છે ને ધર્મધ્યાનનો કાઉસગ્ગ? બહુ કરાવે છે પેલા પડિકમણા વખતે. આ પ્રમાણે છે ને આ પ્રમાણે છે. આ અહીં બિરાજે છે ને અઢી દ્વીપમાં ફલાણું છે. સિદ્ધ બિરાજે એને મારી વંદના હોજો. એમ આવે છે. અનંત વાર સમકિત વિના કરણી કરીને ચોર્યાશી લાખ અનંત વાર ફરી ચૂક્યો, પણ ક્યાંય ભવનો અંત આવ્યો નહિ. એવું ધર્મધ્યાનના કાઉસગ્ગમાં આવે છે. કાઉસગ્ગ કરાવે છે. આવે છે ને? એણે તો બધું કર્યું હોય. લખ્યું છે ને એણે તો. પડિકમણામાં બધું લખ્યું છે એણે. કહો, સમજાણું કાંઈ? કહે છે કે એ નહિ.

આત્મા જે સમયે, જે ક્ષણે, જે કાળે, જે પળે વ્યવહાર નિમિત્તનું અવલંબન છોડીને, આમ ગયો. ચિદાનંદ ચૈતન્યસ્વભાવનો ધરનાર ચેતન, એને અવલંબે શ્રદ્ધા, જ્ઞાન અને રમણતાનો અંશ આવ્યો, એને અમે પરમધ્યાન ભાવના કહીએ છીએ. એ સિવાય આમ ધ્યાન કર્યું હતું ને આમ ધ્યાન કર્યું હતું, ગારુડી ને બધું આવે છે ને? ધ્યાનમાં આવે છે. આમ કરવું, એક કમળ વિચારવો, એમાં ચોવીસ પાંખડી વિચારવી. એક એક પાંખડીએ એક એક તીર્થંકરને મૂકવા. એ બધો શુભરાગ છે. આત્માના અવલંબે જે નિશ્ચય મોક્ષમાર્ગ પ્રગટે તેને ધ્યાન

ભાવના કહેવાય છે. એ સિવાય સાચી ધ્યાન ભાવના હોતી નથી.

એની રીત ને એની વિધિ છે એને સત્યતાની હા તો પાડે. એની વિધિ, એની રીત, એની પ્રણાલિકા, એના પંથ જે છે, એ સત્યને હા પાડે ને અસત્યનો નકાર કરે, તો અંદર હળવે હળવે માર્ગ થાય. આ તો કહે, નહિ, નહિ. એમ નહિ, એમ નહિ, એમ નહિ. એમાં તો બધું નિશ્ચય થઈ જાય, નિશ્ચય થઈ જાય, વ્યવહારનો લોપ થઈ જશે, ઢીકણું થઈ જશે. લોપ થાય તો તારે વાંધો શું છે? સંસારમાંથી લોપ થઈને તારે અંદર સમાવું છે કે નહિ? લોપ થાય તો થવા દે. પણ આ સમજણ ને આ શ્રદ્ધા ને આ રમણતા વિના સાચું ધ્યાન અને સંવર, નિર્જરા હોય નહિ. એ સત્તરમો બોલ (થયો).

વહી શુદ્ધ ચારિત્ર હૈ. લ્યો, દર્શન આવ્યું હતું, જ્ઞાન આવ્યું હતું. ત્રણ ત્રણ બોલને એક એક બોલે સમાડી દે છે. નિશ્ચય મોક્ષમાર્ગ છે એને જ અહીંયાં શુદ્ધ ચારિત્ર કહીએ છીએ. કારણ કે મોક્ષમાર્ગ છે એ ચારિત્ર જ છે અને ચારિત્ર ન હોય ત્યાં દર્શન, જ્ઞાન હોય છે. ત્રણની એકતા તે મોક્ષમાર્ગ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગ. અને ત્રણની એકતા. મોક્ષમાર્ગ ત્રણ નથી. મોક્ષમાર્ગ તો એક જ છે, એ ત્રણની એકતા ઈ. એથી અહીં કહે છે કે, આત્માની શુદ્ધની પ્રતીત, જ્ઞાન ને રમણતા, તેને અમે શુદ્ધ ચારિત્ર કહીએ છીએ. કહો, સમજાણું?

વહી શુદ્ધ ચારિત્ર. અને પંચ મહાવ્રત ને નિર્ગ્રંથ સંતો, મુનિઓ છઠ્ઠે ગુણસ્થાને હોય, એને અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પો અચેલ, એકવાર આહાર, ઊભા ઊભા આહાર, એવી વૃત્તિ સાચા સંત મુનિઓને છઠ્ઠે ગુણસ્થાને ઊઠે, પણ એ ચારિત્ર નથી. સમજાય છે કાંઈ? એ વ્યવહાર ચારિત્રને એનો આરોપ આપ્યો છે. પણ આ નિશ્ચય ચારિત્ર આવું હોય તો પેલાને વ્યવહાર ચારિત્રનો આરોપ છે. નહિતર તો વ્યવહાર અને નિશ્ચય એકેય હોતા નથી.

વહી શુદ્ધ ચારિત્ર હૈ. વહી એટલે કોને લાગુ પડે છે આ? માસ્તર! મોક્ષમાર્ગને. નિશ્ચય એક વિશેષણ રહી ગયું. નિશ્ચય સાચો સત્ય સમ્યક્ મોક્ષમાર્ગ, એને આ બધા વિશેષણ અને પર્યાય નામ લાગુ પડે છે. બીજાને લાગુ પડતા નથી. જુઓ! અહીં તો કહે છે, મોક્ષમાર્ગ તે શુદ્ધ ચારિત્ર છે. મોક્ષનો માર્ગ એ શુદ્ધ ચારિત્ર છે. શુદ્ધ રમણતા, રાગ રહિત દ્રવ્ય સ્વભાવને અવલંબે વીતરાગી અંશ શાંતિ ને સમાધિ પ્રગટી, એને અમે શુદ્ધ ચારિત્ર કહીએ છીએ. લ્યો, લુગડાં છોડ્યા એને ચારિત્ર નહિ, લુગડાં હોય એને તો ચારિત્ર હોય જ નહિ, પણ લુગડાં છૂટ્યા એ ચારિત્ર નહિ, લુગડાં છોડવાનો વિકલ્પ ઉઠ્યો એ ચારિત્ર નહિ. ફક્ત એ રાગ રહિત દ્રવ્યને અવલંબે જે શાંતિ ને અકષાય દશા છઠ્ઠે પ્રગટી, એવા માર્ગની પર્યાયને અહીંયાં શુદ્ધ ચારિત્ર કહે છે.

વહી અંતરંગકા તપ હૈ. અહીં પર્યાયથી લીધું છે ને. અંતરંગકા તત્ત્વ હૈ. પેલું પરમ અંતરંગ તત્ત્વ તો ત્રિકાળ છે. જે નિયમસારમાં બહિરંગ તત્ત્વ અને અંતરંગ તત્ત્વ આવ્યા, એમાં અંતરંગ

તત્ત્વ તો ત્રિકાળ પરમપારિણામિકભાવ પર્યાય વિનાના તત્ત્વને પરમ અંતરતત્ત્વ કહ્યું છે. અહીં એ પરમસ્વભાવ જે જ્ઞાયક એકરૂપ રહેનાર, એને અવલંબે, જે મોક્ષની પર્યાય માર્ગની પ્રગટી, એને અંતરંગનું તત્ત્વ કહે છે. વ્યવહાર વિકલ્પને બહિરંગ તત્ત્વ કહે છે. અહીં એ અપેક્ષા છે. સમજાય છે? ભાઈ! નિયમસારમાં જ્યાં શુદ્ધભાવ અધિકાર લીધો, ત્યાં અંતરંગ અને બહિરંગ તત્ત્વની વ્યાખ્યા બીજી કરી છે. અંતરંગ તો પરમ સ્વભાવ ધ્રુવ એકરૂપ તે અંતરંગ તત્ત્વ છે. અને ત્યાં તો સંવર, નિર્જરા અને મોક્ષ પણ બહિરતત્ત્વ છે. એક સમયનો પર્યાય તે બહિરતત્ત્વ. ત્રિકાળ પરમસ્વભાવ તે અંતરંગ તત્ત્વ. અહીંયાં બીજી ઢબની વાત છે. અહીંયાં સંવર અને નિર્જરા પર્યાયરૂપ થઈ તેને અંતરંગ તત્ત્વ કહ્યું છે. આસ્રવ અને પુણ્ય-પાપને અહીંયાં બહિરંગ તત્ત્વ કહ્યું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. કીધું ને. પુણ્ય વિકલ્પ. રજકણની વાત ક્યાં છે? પરિણામ-પુણ્ય-પાપના પરિણામ જે થાય, વ્યવહાર રત્નત્રય જે થયો, મુનિને પંચ મહાવ્રતનો વિકલ્પ ઉઠ્યો, એ વિકલ્પને અહીંયાં બહિરંગ તત્ત્વ કહ્યું. અને આત્મા શુદ્ધ જ્ઞાયકને અવલંબે નિશ્ચય મોક્ષમાર્ગ જે પ્રગટ્યો એને અંતરંગનું તત્ત્વ કહ્યું છે. કે જેને નિયમસારમાં સંવર, નિર્જરા ને મોક્ષમાર્ગની પર્યાયને પણ બહિરંગ તત્ત્વ કહ્યું છે. સમજાય છે? જે નિશ્ચય મોક્ષમાર્ગ જે નિર્વિકલ્પ તત્ત્વ ચૈતન્યની પર્યાયમાં થયું એને દ્રવ્યદૃષ્ટિની મુખ્યતાના જોરે એને પણ બહિરંગ તત્ત્વ ગણી નાખ્યું છે. વિરજીભાઈ! એક ઠેકાણે ક્યાં, બીજે ઠેકાણે ક્યાંય. પણ બધી વાતનો મેળ કરવો જોઈએ કે નહિ? ભાવ સમજવો જોઈએ.

ત્યાં એક વસ્તુને પરમ અંતરંગ તત્ત્વ લઈ અને જે સાત પર્યાયો છે, પુણ્ય-પાપ આસ્રવમાં જાય, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ બધાને બહિરંગ તત્ત્વ કહ્યું છે. કારણ કે અંતરમાં તેનો પ્રવેશ નથી. વસ્તુના સ્વભાવમાં એનો પ્રવેશ નથી. અને અહીં કહે છે કે મોક્ષમાર્ગની પર્યાય તે અંતરંગ તત્ત્વ છે. એમાં પુણ્ય-પાપના આસ્રવનો પ્રવેશ નથી. સમજાય છે કાંઈ? વસ્તુ જે નિત્ય જ્ઞાયકસ્વરૂપ, એને અવલંબે પ્રગટેલી સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્રની દશા, એને અંતંગનું તત્ત્વ કહ્યું. કેમ? કે એમાં વ્યવહાર રત્નત્રયનો પ્રવેશ નથી. વ્યવહાર રત્નત્રય બહાર ઝુલે છે. બહાર છે, બહાર. વિકલ્પ જે ઉઠે છે એ બાહ્ય છે અને આ નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન અને રમણતાનો અંશ પ્રગટ્યો, એને અંતરંગ તત્ત્વ કહ્યું છે. જે ત્રિકાળી અંતરંગ તત્ત્વને આશ્રયે પ્રગટેલી પર્યાય, એને અંતરંગ તત્ત્વ લઈને નિશ્ચય મોક્ષમાર્ગ કહ્યો છે. કહો, સમજાણું કાંઈ?

વહી અંતરંગકા તત્ત્વ હૈ. લ્યો, તો આ તત્ત્વ ક્યાં ગયા? શરીર ને વાણી ને દેવ-ગુરુ ક્યાં ગયા? બહિરંગ. દેવ-ગુરુ-શાસ્ત્ર બહિરંગ તત્ત્વ. પણ દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ ઉઠ્યો એ બહિરંગ તત્ત્વ. અંતરંગ તત્ત્વ તો એ મોક્ષમાર્ગની જે દશા પ્રગટી, સ્વભાવની

શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા, જેમાં રાગનો લેપ અને અંશનું અવલંબન નથી, એવી દશા નામ ભાવને અહીંયાં અંતરંગનું તત્ત્વ કહે છે. અને એ જ મોક્ષનું કારણ છે, બીજું કોઈ મોક્ષનું કારણ છે નહિ. લ્યો, ૧૯ (બોલ) થયા. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

...
## ગાથા-૧૩ થી ૧૫, પ્રવચન-૪૮

(દાન અધિકાર) ચાલે છે અત્યારે. દાન એટલે ખરેખર તો આચાર્ય પહેલી ગાથામાં કહી ગયા. જગતના પ્રાણી લોભરૂપી કૂવાની ભેખડમાં ભરાયેલાને પાપના ઉદ્ધાર માટે જરી દાનનો અધિકાર કહીશ. શાંતિભાઈ! કૂવામાં જેમ પાણી અને હેઠે એક પેઢલી હોય છે. પેઢલીની હેઠે ભેખડ હોય છે. એમ અનાદિ કાળમાં આત્મા જ્ઞાનાનંદ મૂર્તિ પ્રભુ આત્મા છે એને ભૂલીને પરવસ્તુ આત્મા સિવાયની જુદી છે એને પોતાની માનીને તે મારા અને હું એનો એવી જે મમત્વ દશા છે એ અનાદિ કાળની દુઃખદશાના કારણરૂપ છે. એ ઉપરાંત ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ સચ્ચિદાનંદ શુદ્ધ શાશ્વત જ્ઞાન અને આનંદનો પિંડ છે. એની પ્રીતિ, પ્રેમ, રુચિ અને અવલંબન છોડી અને પુણ્ય ને પાપના શુભ અને અશુભભાવ જે વિકાર છે તેનો જેને લોભ છે.. ભગવાનજીભાઈ! ઝીણી વાત આવી હોં પહેલી.

આત્મા સત્... સત્... સત્... શાશ્વત ચિદાનંદ એટલે જ્ઞાન અને આનંદ એનું સ્વરૂપ અને રૂપ છે. અંતરમાં એનું સ્વરૂપ એ છે. એને એનલાર્જ, નાનો ફોટો હોય છે ને પછી એનલાર્જ મોટો કરે છે, એમ આત્મામાં, આ દેહ, વાણી ને મનના પરમાણુ આ તો માટી જડ અજીવ તત્ત્વ છે એનાથી પાર અને અંદર આઠ કર્મના રજકણો જેને નસીબ કહે છે, પ્રારબ્ધ કહે છે એ પણ એક ઝીણી રજકણ છે એનાથી પાર અને એનામાં જે પુણ્ય અને પાપના શુભ અને અશુભ જે દયા, દાન, ભક્તિના પુણ્યભાવ, કામ, ક્રોધ, હિંસા, જૂઠા, ચોરીના, જે રળવાના, વિષયને ભોગવવાના પાપભાવ એ દુઃખભાવ કૃત્રિમ અનિત્ય વિકાર ઉપાધિ છે. એ ઉપાધિ રહિત અંતર જ્ઞાનાનંદ સ્વરૂપ શાશ્વત પ્રભુ ચૈતન્યમૂર્તિ (છે) એનો સ્વતઃ સ્વયંસિદ્ધ સ્વભાવ છે. શેઠી! એની પ્રીતિ છોડીને જેને પુણ્ય અને પાપની પ્રીતિ છે, એ કહે છે કે લોભરૂપી કૂવાની ભેખડમાં ભરાઈ ગયા છે. ઝીણી વાત છે, દરબાર! કોઈ દિ' સાંભળી નહિ હોય આવી વાત જ ક્યાંય. આ બધા .. કર્યા હોય. ધીરૂભાઈ! આ બીજી વાત છે. અમારે ધીરૂભાઈ .. .. સાંભળ્યું હતું.

આ આત્મા અનાદિકાળનો આદિ જેની નથી. છે છે ને છે. જે વસ્તુ હોય તે કદી ભૂતકાળમાં ન હોય એમ બને નહિ અને જે છે તેનો ભવિષ્યમાં કોઈ દિ' નાશ થાય એમ બને નહિ. ફક્ત એ આત્મા અનાદિ વસ્તુ છે એનામાં રૂપાંતર થયા કરે છે. સમજાણું કાંઈ? રૂપાંતર રૂપાંતર થાય છે, અવસ્થાંતર પર્યાય ... કહો, શેઠી! કોણ આવ્યું? સમજાય છે કાંઈ? મહેમાન ઘણા ઘણી ઘણી જાતના આવ્યા છે હોં હમણાં.

શું કહેવાય છે? ધ્યાન રાખજો. આ વાર્તા કથા નથી. આ વાર્તા ધર્મકથા અને આત્માની

વાત છે. અનંત અનંત કાળમાં અનંત અનંત વાર પશુ યોનિમાં અવતર્યો, મનુષ્ય યોનિમાં જનમ્યો, નરક યોનિમાં અનંત વાર ગયો અને અનંત વાર સ્વર્ગના દેવો જેને પુણ્યના ફળ તરીકે ઘણી સંપદા, જેવી અહીં ધૂળની સંપદા કહેવાય છે પાંચ, પચાસ કરોડ, લાખ કે ધૂળ, એના કરતાં તો એની સંપદા અપાર ઘણી છે. એવા જીવોએ ઘણા પુણ્ય કરેલા. રાગની મંદતાના, લોભની કમીના શુભભાવ થયેલા, એના ફળ તરીકે પુણ્યબંધન થયેલું અને તે પુણ્યબંધનના ફળ તરીકે સ્વર્ગની સંપદા પણ આ આત્મા અનંત અનંત વાર મેળવીને પામી ચૂક્યો છે. પણ એક .. ચિદાનંદ પ્રભુ આત્મા જ્ઞાન અને આનંદનો સ્વભાવમાં ભંડાર પડ્યો છે. ખબર નથી એને શું છે એ.

'અપનેકો આપ ભૂલકે હૈરાન હો ગયા.' ભગવાન આત્મા શાશ્વત આનંદ અને શુદ્ધ ચૈતન્યના સ્વભાવના સ્વરૂપ રૂપ ભંડાર છે, એને ભૂલી અને શુભ અને અશુભ જે પુણ્ય-પાપના ભાવ થાય એનો લોભ રાખે કે આ પણ મને ઠીક છે, એ પણ વિકારના કૂવામાં ઊંડો ઉતરી ગયો છે. શાંતિભાઈ! વાત તો બાપુ જીણી છે કાંઈક બીજી. આ જગત અનાદિ કાળથી થોથા કરી રહ્યા છે પણ જન્મ-મરણના અંત કેમ આવે એની એને ખબર નથી. કેમ આત્માનું ભાન થાય અને જન્મ-મરણ ચોર્યાશીના અવતાર કેમ છૂટે, એ વાત એને અનંત કાળમાં અંતર્મુખ થઈને કોઈ દિ' સાંભળી નથી. બહિર્મુખ થઈને એમ ને એમ ધર્મ કરીએ... ધર્મ કરીએ... ધર્મ કરીએ... એમ કરી રહ્યો છે. પણ ધર્મ કર્યો નથી, પણ ધર્મ કરીએ છીએ તેમ અજ્ઞાન કર્યું છે. શાંતિભાઈ! સાચું હશે આ?

કહે છે, હે આત્મા! તારી અંતર લક્ષ્મી અપરિમિત બેહદ આત્મા પરમાત્મા થવાને લાયક છે. સમજાણું કાંઈ? મહેંદીના પાનમાં લાલપ અંદર રહેલી છે બહાર લીલપ દેખાય છે. પણ મહેંદીના પાનમાં શક્તિનું સત્ત્વ... મહેંદી સમજો છો? શેઠી! સમજો છો? મહેંદી એટલે શું? એ મહેંદીના પાનમાં બહાર લીલપ છે, અંદર લાલપ છે. એમ ભગવાન આત્મામાં બાહ્યમાં એની દશામાં એ અનાદિ કાળથી પુણ્ય અને પાપના ભાવ કરે તે લીલપ છે. એના અંતર સ્વભાવમાં લાલપ એટલે આનંદ અને જ્ઞાનસ્વભાવ ભરેલો છે. ભગવાન જાણે શું હશે આ? આખો દિ' માથાફોડ. ધીરૂભાઈ! આ વાત બીજી જાતની. ઓલા પૈસા-બૈસા ભણવામાં આવે ને જરી. ધૂળ લાખ ને બે લાખ ને પાંચ લાખ ને...

અરે..! ભગવાન! તારી લક્ષ્મી અને સંપદા પ્રભુ! તેં કોઈ દિ' સાંભળી નથી, તેં કોઈ દિ' રુચિ કરી નથી. તારી સચ્ચિદાનંદ સ્વભાવની લક્ષ્મી, એ પાનમાં જેમ લીલપ અને અંદર લાલપ છે, એમ ભગવાન આત્મામાં અંતર સ્વભાવમાં અંતર્મુખના ધ્યેયમાં આનંદ અતીન્દ્રિય રસથી ભરેલું એ આત્મતત્ત્વ છે. એને ભૂલી અને પુણ્ય અને પાપના વિકલ્પો ઉઠે છે, શુભ અને અશુભ રાગની વૃત્તિઓનું ઉત્થાન થાય છે. આચાર્ય મહારાજ સર્વજ્ઞદેવ આદિ કહે છે કે અરે..! આત્મા! એ વિકૃતભાવની આડમાં, તેના પ્રેમમાં, એ વિકૃતના, વિકારના કૂવામાં

પડીને .. ધૂમાડો થાય છે ને? આપણે ધૂમાડો કહે છે ને? ... અંતરમાં જે વિકાર પુણ્ય અને પાપ, શુભ અને અશુભના થાય એના વિકૃતભાવના તું પ્રેમાળ અને લાલપમાં પડ્યો અને વિકારરહિત અંદર જ્ઞાનાનંદ સ્વભાવ સત્ત્વમાં પડ્યો છે, એનો તને પ્રેમ અને પ્રીતિ અનંત કાળમાં સમયમાત્ર પણ આવી નથી. વાત તો ભાઈ બીજી છે, હોં! અહીં કાંઈ બીજી કાંઈ લાલાપેઠાની વાતું નથી. આ બહારમાં કેમ પૈસા મળે અને કેમ આ મળે. એ બધા ધૂળધાણી પૂર્વના પુણ્ય હોય તો મળે, પુણ્ય ન હોય તો ન મળે. એ વાત જ આજ સવારમાં થઈ હતી. શેઠી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. આ તો સવારે વાત થઈ હતી. જયપુરના છે. અમે આવ્યા હતા ને જ્યારે જયપુર, એ દીવાનના બંગલામાં ઉતર્યા હતા ને. પછી અમે નીચે વ્યાખ્યાન કરવા બહાર જતા હતા. અમે જ્યારે બેઠા તો એક માગણ નીકળ્યો. માગવા માટે. ... અમે નીચે ઉતર્યા ત્યાં.. આ ખાહડાને શું કહે છે તમારે? જુતા. કોરા, એ કોરા હલકા ... મોરબીવાળા ત્રિકમલાલ ઝવેરીનો પુત્ર. માવજીનો દીકરો. વાંકાનેર. જયપુરમાં ઝવેરાતની દુકાન હતી. ઝવેરાતની દુકાન. એનો દીકરો ૭૫ વર્ષનો. અમે નીચે ઉતર્યા. એ માગતો હતો. પણ મારી નજર ગઈ ત્યાં, એનું આ ટાલકુ જરી સુંવાળુ લાગ્યું. ભોગીભાઈ! કીધું, ભિખારી નથી આ માણસ. આ માણસ મૂળ ભિખારી નથી. આમ નજર પડતાં (લાગ્યું). ત્યાં મહેન્દ્રભાઈ બેઠા હતા. તમારા પુત્ર. મેં કીધું, આ છે કોણ? નેમચંદભાઈ! .. શરીર ઉપરથી પણ ખબર પડે ને? કે આ માણસ મૂળ ભિખારી નથી લાગતો. આ છે કોણ? કીધું. માગણ. અરે..! મા-બાપ.. એની ભાષામાં, હોં! હિન્દી ભાષામાં. પૈસો આપો-પૈસો આપો. છે કોણ આ? ત્યારે એનો મોટરનો ડ્રાઈવર હતો એ એને ઓળખે. કહે, સાહેબ! આ તો માવજીભાઈ ઝવેરીનો દીકરો. .. દીકરો છે? કહે હા. ઓહો..! આ તો ફલાણો. આ શું? પુણ્ય ફર્યા, પુણ્ય ફર્યા. ઝવેરાતની દુકાન જયપુરમાં, હોં! શાંતિભાઈ! .. મોટા .. બધું વ્યવસ્થિત છે. ધૂળમાંય નથી હવે, સાંભળને! બુદ્ધિના બારદાન જોયા છે. ખાલી ખોખા. બારદાન સમજાણું? બુદ્ધિના બારદાન. અને પચાસ-પચાસ લાખ પેદા કરે એવા જોયા છે. ધૂળમાંય બુદ્ધો શું કરતો હતો ન્યાં? અને બુદ્ધિના ખાં. ઓલો બારદાન તો આ ખાં. મહિને પાંચસે પેદા કરવા હોય તો ટેં.. ટેં.. થઈ જાય. એ તો પૂર્વના પુણ્ય, બાપુ! તને ખબર નથી. પૂર્વના જેવા શુભ અને અશુભભાવ થયેલા એના ફળ તરીકે પુણ્ય-પાપ બંધાય અને એના પાક કાળે તે સામગ્રીનો સંયોગ આવે. એમાં તારા પ્રયત્નને લઈને મળે (એમ નથી). ..ચંદજી! બરાબર હશે આ વાત? .. હા પાડવી પડશે, ના પાડે એવું નથી. સમજાય છે કાંઈ?

કહે છે કે .. આ તો અમારે માવજીભાઈ ઝવેરીનો દીકરો. તમે નહિ ઓળખતા હો. એને ખબર નહોતી ને. થોડી સ્થિતિ હતી તો કાંઈ મદદ પણ કરી નહિ. મહેન્દ્રભાઈ કહેતા

હતા. પણ ક્યાં સુધી? પુણ્ય ન મળે. માગે ભિખારી. ઝવેરાતની દુકાન જયપુરમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. થાય ભિખારી. એ તો જોયો છે મેં ત્યાં (સંવત) ૨૦૧૩મી સાલની વાત છે. આમ ટાલકુ જોયું ને, કીધું, આ માણસ મૂળ ભિખારી નહિ હોય. (ડ્રાઈવર) કહે, ના. એ તો ઝવેરીનો દીકરો હતો. મેં કીધું, બરાબર લાગે છે, હવે બરાબર લાગે છે. કારણ કે મૂળ ભિખારીની ચેષ્ટા અને એની લાઈન બીજી. ભિખારી સમજો છો ને? ભીક્ષા માંગે. એ ચડતી ફરતી છાયા. તડકો અને છાયો. પુણ્ય હોય તો છાયો દેખાય, વળી પુણ્ય ફરે ત્યાં ભિખારી. એ કાંઈ આત્માના વર્તમાન પ્રયત્નનું ફળ નથી. વર્તમાન રળવાનો ભાવ કરે એ તો રાગ છે. કાંઈ રાગના ફળમાં લક્ષ્મી આવતી હશે? બોકડા કાપે ને લક્ષ્મી મળે. આ કસાયખાનામાં થાય છે કે નહિ? બોકડા કાપે. આ વાંદરાના સ્ટેશનવાળા નહિ? રૂપાની ખુરશી ઘરે. એ કાપે એના ફળ હશે? શાંતિભાઈ! કેટલા રૂપિયા અને કરોડો. એક અમેરિકામાં તો દોઢ માઈલમાં જેની કસાયની દુકાનો છે. દોઢ માઈલમાં. એવો મોટો અબજોપતિ છે. અબજોપતિ. દોઢ માઈલમાં તો કસાયની દુકાનો કાપવાની. અને અબજોપતિ. શું આ અબજ રૂપિયા આ કતલમાંથી આવ્યા? તો કતલના ભાવ તો પાપ છે. પાપમાં સગવડતા હોય? ત્રણ કાળમાં નહિ. પણ વર્તમાન પાપ કર્યા અને પૂર્વના પુણ્ય હતા એ ફળ્યા. કેટલા ... એટલે એને એમ લાગે કે આહા..! આપણે આ કર્યું માટે (પૈસા મળ્યા). ભાઈ! એ મળ્યું નથી, બાપા! તને ખબર નથી, ભાઈ! પૂર્વના પુણ્યના રજકણનો પાક જે દળ પડ્યું છે, આ સુખડી નાખે છે ને સુખડી? તમારે .. સુખડી થાય મહાજનમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બહુ ખબર છે ને. અમે તો ત્યાં રહ્યા છીએ ને, મહિનો-મહિનો રહ્યા છીએ. .. ને બધું જોયું છે ને. એટલે થર જેવા નાખ્યા પૂર્વના શુભ અને અશુભભાવ કરીને એવા કર્મના ફળ નાખ્યા. એમાં કાંઈ વર્તમાનમાં તારા ડહાપણને લઈને આ મળે નેલ કરે, એવું કાંઈ છે નહિ. એમ એણે પહેલું નક્કી કરવું જોઈએ. પછી શુભ અને અશુભના ભાવ જે વિકાર થાય, એ વિકારની લાગણીની રુચિ કરે છે અને ત્રિકાળ ચિદાનંદ ભગવાન જ્ઞાનાનંદ મૂર્તિ છે એમાં શક્તિનું સત્ત્વ આનંદ પડ્યું છે એની પ્રીતિ કરતો નથી અને પ્રેમ પુણ્ય-પાપમાં કરે છે, કહે છે કે અનંત સંસારના લોભના ઊંડે કૂવે ઉતરેલો છે. સમજાણું કાંઈ? ..ચંદજી! એવો લોભ.

અહીં તો બીજી વાત એ ઉપરાંત કરે છે. શું કરે છે? કે ભાઈ! આ જેને પુણ્ય-પાપના પરિણામના ભાવની પણ રુચિ ગઈ અને આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે એની રુચિ થઈ, એને પણ હજી રાગ જે સંસારનો છે, એવા લોભરૂપી કૂવાની ભેખડમાં ભરાયેલાને ઉદ્ધારવા માટે હું કાંઈક કહીશ. ફૂલચંદભાઈ! બે વાત કરી. પહેલો તો લોભરૂપી કૂવો બહારનો કહ્યો. ત્યાં

વળી અંદરનો કાઢ્યો. સમજાય છે કાંઈ? ...લાલજી! આહાહા..! અરે..! એને ખબરું નહિ હોં! હું ક્યાં છું? હું શું કરી રહ્યો છું એની ખબરું નથી. અને ખબર વિનાનો બેખબરો. બેખબરો એટલે બે ખબરું હશે? ખબર વિનાનો. બેખબરો એટલે ભાન વિનાનો બેભાન. 'અપને કો આપ ભૂલ કે હૈરાન હો ગયા.'

ભગવાન જ્ઞાનાનંદ સ્વરૂપ અરે..! તને પ્રેમ પણ નહિ અંતર સ્વભાવનો? અને સ્વભાવથી વિરૂદ્ધ ભાવ જે વિકાર પુણ્ય અને પાપના ભાવ થાય એના પ્રેમની પ્રીતિની જંજાળમાં ચોંટ્યો, કહે છે કે અનંત સંસારમાં લોભના કૂવામાં પડ્યો છો, હોં! એ તને રાગરહિત ભગવાન આત્મા અખંડાનંદ પ્રભુ ચૈતન્યમૂર્તિ છે, એની તને પ્રીતિ ને રુચિ ને દૃષ્ટિ છે નહિ. હવે દૃષ્ટિ થયા પછી અંતર દૃષ્ટિ ધર્મીની એ પરની રુચિ ન હોય અને પુણ્ય-પાપના ભાવમાં રુચિ ન હોય, રુચિ એટલે પોસાણ ન હોય. પોસાણ તો હું જ્ઞાન શુદ્ધ ચૈતન્ય છું ને. મારી ખાણમાં આનંદ પડ્યો છે. એ આનંદ મારે કાઢવો છે. આનંદ ... એવી અંતર દૃષ્ટિ થઈ અને હજી રાગના ભાવ તો જ્ઞાનીને પણ રહી જાય છે. એવા રાગના-વ્યવહાર રાગના લોભના કૂવામાંથી બચાવવા આ દાનનો અધિકાર આચાર્ય મહારાજ કહે છે કે હું કહું છું. સમજાણું કાંઈ? આ બાયડી, છોકરા, કુટુંબ એને સાચવવામાં એ લોભ, એ લોભમાંથી બચવા ધર્મદાન અને દાનનો અધિકાર કહીને તૃષ્ણા મંદ કરવાને લોભની કંજુસાઈમાંથી લોભ ઘટાડવાને હું દાનનો અધિકાર કહીશ. એમ કરીને અધિકાર ઉપાડેલો છે.

હવે આપણે અહીં ગાથા ૧૪મી એ આવી છે. દૃષ્ટાંત આપ્યો છે. એક પહાડ હોય. નદી આ મોટી નીકળે છે ને? નર્મદા આદિ. જ્યાંથી નીકળે ત્યાંથી તો એનો થોડો ભાગ હોય પાણીનો. અરે..! આ ભાદર નથી આ? આ મૂળ ભાદર ને શું .. ભાદર કહે છે ને? એના મૂળ અમે જોયા છે. મૂળમાં તો .. પછી પાણી જરી .. પછી ..પુર આવીને મોટી ભાદર જબરી થઈ ગઈ. એકકોર ભાદર ઓલી રાણપર જઈને મોટી થઈ. એના પડખા નીકળ્યા છે એમાં તો કાંઈ ન મળે. આમ દડતું હોય એટલું છે. એમ અહીંયાં.. દડતું અમારી ભાષા છે, હિન્દી તો (નથી આવડતું). દડતું એટલે ઢળતું.

એમ આચાર્ય મહારાજ કહે છે કે નદીની શરૂઆત જ્યાંથી થાય પહાડમાંથી એ તો બહુ નાનો પ્રવાહ હોય. ઘણો નાનો પ્રવાહ હોય. પછી નદીના બીજા ..માં નદીના પાણી ભળતા જાય એમ પાણી વધતું જાય અને દરિયામાં જ્યાં ભળે ત્યાં તો પાણી .. થઈ જાય. એક દૃષ્ટાંત. આ દૃષ્ટાંત આપ્યો છે.

**'ઈસ પહાડ સે નદી નીકલતી હૈ. વહાં યદ્યપિ નદી કા ઘાટ...'** ઘાટ નામ પહોળાઈ **'થોડા હોતા હૈ. પરંતુ સમુદ્ર મેં જિસ પ્રકાર ..'** પાણી બહુ ચાલે ને? ફીણ પણ થાય. બહુ પાણી હોય ત્યારે ફીણ-ફીણ (થાય). **'વહ ઉતરોત્તર બઢતી ચલી જાતી હૈ. ઉસપ્રકાર સમ્યગ્દૃષ્ટિ લક્ષ્મી પડી હોતી હૈ.'** શું કહે છે? અરે..! હું તો

ચૈતન્ય છું ને. મારો સ્વભાવ જ જ્ઞાતા અને દૃષ્ટા છે. રાગ મને થાય છે પણ એ મારો અપરાધ છે, હોં! એ પરવસ્તુ તો મારી નથી. ભલે ગૃહસ્થાશ્રમમાં હોય. ઈ કહેશે આગળ. પણ જેને ધર્મ દૃષ્ટિ થાય છે, આ ધર્મ નામ આત્માનો સ્વભાવ, વસ્તુ સ્વભાવ, વસ્તુ સ્વભાવ. અરે..! હું સચ્ચિદાનંદ ચૈતન્ય ચમત્કાર જ્યોતિ આત્મા છું. વિકાર જે વર્તમાન દશામાં થાય એ મારી વર્તમાન દશાની કૃત્રિમતાની ભૂલ છે. મારા સ્વભાવમાં ભૂલ નથી. એમ ભાન થયું, પછી કહે છે, એમાં જે પુણ્યબંધન થઈ જાય, સાચા દેવ, સાચા ગુરુ, સાચા શાસ્ત્ર એની ભક્તિ, એની પૂજા, એની પ્રભાવના, એના પ્રત્યે બહુમાન, વિનય, એનાથી જે પુણ્ય બંધાય, એ પુણ્યથી લક્ષ્મી પહેલી થોડી એને હોય છે. પણ જેમ આગળ વધતો જાય એમ એના પુણ્યના ફાટ વધતા જાય છે. પુણ્ય ઘણું વધતું જાય છે. કેવું?

'**ક્યોંકિ ઈસ પ્રવાહ સે કીર્તિ કે સાથ.. ઈન્દ્ર...**' ઈન્દ્ર થાય છે. સમ્યગ્દૃષ્ટિ. આ વાત કાંઈ જુદી જાતની છે. આત્માનું ભાન થઈને, અખંડ આનંદ છું, શુદ્ધ છું, એવી દૃષ્ટિ થાય જેને સમ્યગ્દર્શન કહે છે. છતાં હજી સ્વરૂપમાં લીનતાનું ચારિત્ર ન હોય તો એને પુણ્યભાવ થાય. દેવ, ગુરુ, શાસ્ત્ર (પ્રત્યે) ભક્તિ (આવે). ઈન્દ્રો પણ ભગવાનની ભક્તિ કરે છે. ઈન્દ્ર એકાવતારી હોય છે. એક જ ભવે મોક્ષ જનારા. માથે ઈન્દ્ર છે. સુધર્મ, ઈશાન એવા બાર સ્વર્ગો છે. એના ઉપર નવ ગ્રૈવેયક, એના ઉપર પાંચ અનુત્તર વિમાન આદિ સ્વર્ગો છે. એ સ્વર્ગોમાં દેવોના વાસ છે. એમાં ઈન્દ્ર જે છે એ તો આત્મજ્ઞાન મનુષ્યપણે પામી, આત્માનું ભાન પામી, અધૂરી દશા પૂર્ણાનંદની પ્રાપ્તિ રહી ગઈ અને વચમાં પુણ્ય બંધાણું, એ પુણ્યને લઈને સ્વર્ગમાં ઈન્દ્ર થાય છે. સમજાય છે કાંઈ? એ ઈન્દ્રની રિદ્ધિ એટલી હોય છે કે અત્યારના રાજા ને મહારાજાની સાથે એની તુલના થઈ શકે નહિ. શેઠી!

આ અત્યારે શું હોય? કરોડ, બે કરોડ, પાંચ કરોડ, દસ કરોડની ધૂળ ક્યાંક હોય. એમાંય પાછા સખ ન હોય. કાં બાયડી મરી ગઈ હોય ને કાં આ હોય, કાં શરીરમાં રોગ હોય. ક્યાંય સખ ન મળે. એક સાંધે ત્યાં તેર તૂટતા હોય. ધૂળ હોય તો છોકરા ન હોય અને છોકરા હોય તો પૈસા ન હોય. એવા. આ તો પૈસા આદિના સાધન ઘણા હોય છતાં એના કરતા ઈન્દ્રની જે ઋદ્ધિ છે એ આત્માના ભાનમાં કૃષિકાર-ખેડુ અનાજ વાવે છે એનો હેતુ એકલા ખડનો સારા ખેડુનો હોતો નથી. સારા ખેડુ કહેવાનો આશય છે કે સાધારણ ખેડુ અનાજ પાકતું હોય ત્યારે એકલા દાંતા માટે પણ વાવે છે. પણ સારો ખેડુ હોય એ દાણા વાવે એની નજરું ખડ ઉપર ન હોય. એ દાણામાં લોથા કેટલા પાકે છે દાણાના એ ઉપર હોય. દરબાર! બરાબર છે?

હમણાં એક વાત થઈ હતી સરકાર તરફથી, હોં! સરકાર તરફથી ઈનામ નીકળ્યું હતું. સારામાં સારો કોઈ માણસ ડુંડા પકવે તો એને ઈનામ મળશે. તો એક માણસે એક બાજરાના દાણામાં એવું કોઈ રીતે કર્યું ને કે, એમાં એક છોડ પાક્યો. એ છોડમાં છન્નું કોર પાક્યા

અને છન્નું કોરે છન્નું ડુંડા. શેઠી! ડુંડા સમજો છો કે નહિ? દાણા હોય છે, લોથા. દાણા લાંબા લાંબા હોય છે ને. એક દાણામાં એક છોડ અને એક છોડમાંથી.. વચમાંથી ફાટે. બહુ પાણી એને મળ્યું હોય તો વચમાં ફણગા ફાટે. ફણગા-ફણગા. એ એક ફણગામાંથી છન્નું ફણગા. ...ચંદજી! છન્નુંએ સાઠા અને એક એક સાઠામાં એક એક ડુંડું. સરકાર પાસે હાજર થયો કે .. એને ઇનામ મળ્યું હતું. એ તો ઠીક હવે ઇનામની-ફીનામની. અહીં તો બીજી વાત કરવી છે.

આ આત્મા જ્ઞાન સ્વરૂપનું ભાન થઈને દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ અને પ્રભાવનાના પ્રમોદમાં રાગની મંદતા કરે, એનું પુણ્ય પહેલું બંધાય. એ પુણ્યનો પ્રવાહ પહેલો થોડો હોય. આગળ વધતાં એટલી પુણ્યની સ્થિતિ થાય (કે) ઇન્દ્ર થાય. આત્માના ભાનમાં.. એ .. વાળાને દૃષ્ટિ ખડ ઉપર ન હોય. સો કળશી અનાજ થાય ત્યાં સો ભરોટા ખડ થાય ખરું. બરાબર છે? ખડ થાય અને અનાજ ન થાય એ જુદી વાત છે. પણ અનાજ થાય ને ખડ ન થાય એમ હોઈ શકે નહિ. સો કળશી અનાજ પાકે ત્યાં સો ભરોટા ખડ હોય. ભરોટા સમજો છો? પંડિતજી! ગાડા-ગાડા. ભાષા તો હિન્દી ને ગુજરાતીમાં ફેર છે ને? શું કહે છે? સમજાય છે? ભરોટા. સો કળશી અનાજ પાકે તો ઘાસના પણ ગાડા ઘણા થાય. ગાડું ગાડું. શું કહે છે? ગાડી.. ગાડી. ... બહુ થાય છે.

એમ આ આત્મા રાગ અને પુણ્ય-પાપના વિકલ્પથી રહિત શુદ્ધ ચૈતન્ય છું, એવી દૃષ્ટિના અંદરમાં મૂળમાં પહોંચ્યો, ધર્મદૃષ્ટિ (થઈ), એની દૃષ્ટિ શુદ્ધતા અને અરાગતાની વીતરાગતા અને નિર્મળતા કેમ પાકે? એના ઉપર એની નજર હોય છે. પણ વચમાં દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, બહુમાન, વિનય અને પૈસા દાનાદિના ખરચવાના ભાવ એવો ધર્મીને આવ્યા વિના રહેતો નથી. એમાં ... ખડ પાકે, હોં! એ ખડ. શેઠી! બરાબર છે? પન્નાલાલજી! સારા કૃષિકારની દૃષ્ટિ ખડ.. ખડ સમજ્યા ને? તમારે શું કહે ખડને? ઘાસ.. ઘાસ. ઠુઠાં. રાડા. એવા નીકળે ને મોટા મોટા બાજરીના, જુવારના. કડબ કહે છે. અમારે પણ કડબ કહે છે. કડબ પાકે એમાં સારા કિસાનની દૃષ્ટિ ન હોય. અત્યારે હવે ખૂટ્યા. પહેલા તો સારા કિસાનના ઘરે વખારુંની વખારું ખડની ભરી હોય. એની એના ઉપર દૃષ્ટિ (નથી). દાણો કેટલો પાકે છે? એમ ધર્મી જીવની દૃષ્ટિ .... કેમ પાકશે એમ નહિ. આ પુણ્ય-પાપના મને ભાવ થાય છે પુણ્યના, એનું શું ફળ થશે એના ઉપર એની દૃષ્ટિ હોતી નથી. એની દૃષ્ટિ તો વિકારરહિત ભગવાન સચ્ચિદાનંદ નિર્મળાનંદ પ્રભુ આત્મા છું, એવી દૃષ્ટિમાં એની દૃષ્ટિ પડી છે. એના પાકમાં તો શુદ્ધતા પાકશે. નિર્મળતા થશે એવી એની દૃષ્ટિ છે. પણ વચમાં જ્યાં સુધી પૂર્ણ વીતરાગ અને અવિકારી દશા આત્મા પ્રાપ્ત ન કરે ત્યારે વચ્ચે દાન, દયા, ભક્તિ, પૂજા એવો ભાવ આવ્યા વિના રહે નહિ. એમાં ખડ બંધાય પુણ્યના, એનાથી ઇન્દ્ર થાય. સમજાણું કાંઈ?

એકવાર ડુંડું જોયું હતું. ડુંડું આવું. (સંવત) ૧૯૯૧માં જામનગર અમે જ્યારે આવ્યા હતા, ૯૧માં. વિરજીભાઈ! ખબર છે? અલિયાદારા. આ અલિયાદારા છે ચાર ગાઉ. ..આવ્યા હતા. એટલે અહીંથી પંદર સો માણસની સ્પેશ્યલ આવી હતી. અમારે આવવાનું હતું બીજે દિ' પણ અહીંનું .. સામે દર્શન કરવા આવે ને એવું હતું ને. આ ૯૧ની સાલની વાત છે. ૯૧. ૨૬ વર્ષ થયા. રાજકોટ ચોમાસું હતું. પછી અહીં આવવું હતું. ત્યાં પંદરસો માણસ લઈને આવ્યા. ચાર માઈલ છે. માણસ ઘણું. ગામડું નાનું. માણસ બહુ આવ્યા. પછી એક બાવો કે કો'ક માણસ લઈને આવ્યો ડુંડું મોટું. એવું કે અઢી હાથ તો એ ડુંડાનું. ડુંડા એટલે દાણાની જમવટ એનું ડુંડું અઢી હાથનું. વિરજીભાઈ! અઢી હાથનું ડુંડું બાજરાનું. આટલા આટલા થાય એમ નહિ. પણ એ બાજરો વિલાયતી હતો, હોં! આ અલિયાદારા છે ને. .. .. ૯૧ની સાલમાં. ત્યાં એક લાવ્યો અંદર. એનો સરીયો હોય ને સરીયો? એ સરીયો નાનો અને ડુંડું મોટું. એવા .. બાજરો. આ ક્યાંનો? કહે, વિલાયતી બાજરો છે. એણે કહ્યું વિલાયતી બાજરો. પણ બાજરો મોટો હોં! એ બાજરામાં જે કસ પાકે છે, અંદરનો વચલો કસ, એ મૂળ બાજરાનો વચલો કસ છે એનું એ ફળ છે અને ઉપર ફોતરી જે ડુંડા પાકે, રાડા, એ દાણાની ઉપરની થુલ હોય ને થુલ. એ ઉપલી થુલનું રાડું હોય. વિરજીભાઈ! સમજાય છે આમાં કાંઈ? શું કહે છે? ક્યાં ...ભાઈ! ક્યાં બેઠા છે? જુઓ! આ.. આ બધા તમારા પૈસાના ઢગલાવાળા ... સમજાણું કાંઈ? એ બાજરાનો કસ છે ને અંદર કસ? જેનો ... એમાંથી ઓલા બાજરામાં કસ પાસે એમાંથી. અને ઉપલી ફોતરી હોય ને બાજરાની, એને છિલકા કહે છે તમારે, છિલકા, એ છિલકાનું રાડુ પાકે.

એમ ભગવાન આત્મા જ્ઞાનાનંદ, પુણ્ય-પાપના વિકલ્પનો રાગ પણ મને કૃત્રિમ છે, હું તો અકૃત્રિમ સચ્ચિદાનંદ નિર્મળાનંદ આત્મા છું. એવી ધર્મીની દૃષ્ટિ થઈ છે એમાંથી તો શુદ્ધતા જ વધતી જાય. પણ સાથે પુણ્યના પરિણામ પણ એવા થતાં જાય જેમાં ખડ થાય. બીજો શબ્દ છે. આ .. જરી ઝીણી વાત છે. ઈન્દ્રો .. અમુક સ્વર્ગ સુધી ઈન્દ્ર હોય છે અને સ્વર્ગ ઉપરાંત બીજા નવ ગ્રૈવેયક ઉપર સ્વર્ગના પાસડા હોય છે એમાં અહમઈન્દ્ર. બધી ઋદ્ધિવાળા સરખા. નાના-મોટા નહિ. નીચલી દશામાં સ્વર્ગ હોય છે ત્યાં તો નાના મોટા બધા હોય. નાચનારા, ઢોલક વગાડનારા, કોઈ દેવ હોય ઈ હાથી થનારા, દેવને હુકમ કરે કે હાથી થાવ. .. ભગવાનને લઈ જવા. એ ભગવાન જ્યારે જન્મે તીર્થંકર થવાના હોય અને એ ભવમાં જ્યારે એને કેવળજ્ઞાન લેવું છે, ત્રણ જ્ઞાન તો સ્વર્ગમાંથી લઈને આવે, એ જન્મે ત્યારે ઈન્દ્રો ઐરાવત એક હાથી બનાવે. હોય તો દેવ. પણ હલકા દેવને હુકમ કરે કે હાથી થા. એ હાથીના રૂપમાં એટલું રૂપ કરે અને .. જરી .. કઠણ પડે છે. પુણ્ય ભાળ્યા નથી અને પુણ્ય જોયા નથી. કાંતિભાઈ! પુણ્ય જોયા નથી જગતે. સાધારણ અત્યારે રાજા અને મહારાજા. ઓલા તો પુણ્ય એવું આત્માનું ભાન કરીને એ પુણ્ય બાંધીને આવે. કહ્યું હતું એકવાર. એવા

રાજકુમાર અને શેઠિયાને ઘરે અવતાર ધારણ કરે કે જેની આસપાસના પત્થરમાં.. જન્મા પછી ફળે. પત્થરના .. નિલમણી હીરા પાકે. રૈયત એટલી આવે કે અન્નદાતા! આ રાજકુમાર કોઈ પૂર્વના પુણ્ય લઈને આવ્યો છે, હોં! અમારા માથા વેરા ને.. શું કહેવાય તમારા? વાસડા વેડા ને.. એ દીધા વિના એ લક્ષ્મી લઈને જ આવ્યા છે. સમજાય છે કાંઈ? જેને ત્યાં જન્મે ત્યાં આસપાસના દરિયામાં માછલા એવા પાકે કે જ્યાં પાણી પડે ત્યાં .. મોતી સાચા પાકે. એ મોતી દસ-દસ હજાર, વીસ-વીસ હજાર એવા પાકે.

આત્માના ભાન ભૂમિકામાં દયા, દાન, કામ, ક્રોધને ઘટાડી અને ભક્તિ, પ્રભાવના આદિ ભાવ કર્યા છે. એના ફળમાં એ અવતરે ત્યાં કુદરતે એ માછલામાં .. પુણ્ય લઈને એવી જાત આવે કે કોઈના ..માંથી અથવા જલસા કરાવીને અમે મોટા છીએ એમ કહેવાનો અવસર એને હોય નહિ. શાંતિભાઈ! સમજાય છે આમાં? આ બે પાંચ હજાર અને દસ હજાર ખર્ચીને પછી ઉભા કરે બે-પાંચ જણા. મોટપ લેવા માટે. પોતે ન કહે. મારા મિત્ર છે, આમ છે, તેમ છે. આમાં પાંચ લાખ ખર્ચ્યા છે. માટે એને કાંઈક અભિનંદન આપે છે કે નહિ? અભિનંદનનું પૂંછડું મોટું આપે ને પછી આ? ધીરુભાઈ! આ તો વાત છે. ... બાપા! અને કાં એની તક્તી નાખે પત્થરની ત્યાં કે ભાઈ, આણે દસ લાખ આપ્યા હતા. એની તક્તી.. અમે જોયું છે, હોં! .. પાછા હોં! ફલાણાના સ્મરણાર્થે અને ફલાણાએ આપ્યા અને એની તક્તી આ. અરે..! તારા પચાસ.. .. સમજાય છે? એવી જેને જિજ્ઞાસા છે એને તો ધર્મદૃષ્ટિ નથી. ધર્મીની દૃષ્ટિ પુણ્યમાં લક્ષ્મી આપે, દાન કરે, રાગ ઘટાડે. દેવ-ગુરુ-શાસ્ત્ર માટે પ્રાણ આપે. પ્રાણ આપે છતાં એનું એને અભિમાન કે અભિલાષા હોય નહિ. એવા જીવને જે પુણ્ય બંધાય એ અહમઈન્દ્ર થાય છે. સાધારણ ઈન્દ્ર થાય. અહમઈન્દ્ર એટલે બધી ઋદ્ધિ સરખી હોય છે. ઝીણી વાત છે. સોળ સ્વર્ગ છે. સોળ સ્વર્ગ ઉપર આમ ઉપર ઉપર આ ચંદ્ર-સૂર્ય, નક્ષત્ર જે દેખાય છે એ તો સ્ફટિક મણિના પત્થરના તળીયા દેખાય છે. આ હેઠે. એમાં દેવો છે. એ ઉપરાંત આ તો જ્યોતિષના દેવ છે. પછી વૈમાનિક દેવ છે. એની અંદરમાં આગળ જતાં બહુ ઉપર જતાં એવા નવ પાસડા મોટા સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથે જોયા છે કે જેમાં બધા ઈન્દ્રો સરખી ઋદ્ધિવાળા હોય. એમાં આ આત્મા જેણે આત્માનું ભાન કર્યું છે અને આવી પ્રભાવના દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિમાં પુણ્ય કર્યું છે એ મરીને અહમઈન્દ્ર થાય. સમજાણું કાંઈ? આગળ જતાં ચક્રવર્તી થાય છે. એટલે? એટલા પુણ્ય એના હોય કે રાડા પાકે રાડા. શાંતિભાઈ! અરે..! આ વાત પણ જગતથી ભારે ઊંધી. અભિલાષા નથી એને.

સારા ખેડુને અનાજની કિંમત છે, ખડની નહિ. એમ ધર્મી જીવને પુણ્યભાવ આવે પણ તેની કિંમત નથી. એની એને અભિલાષા નથી. અભિલાષા તો હું જ્ઞાનાનંદ છું ને. મારી શાંતિ મારા સ્વભાવમાં આનંદ પડ્યો છે. એવી દૃષ્ટિમાં રાગથી અધિકપણે પોતાની દૃષ્ટિને

આત્મામાં સ્થાપી છે. એવા ધર્મીજીવને એવા પુણ્ય વધતા જાય, પહેલું પાણીનું થટ થોડું પછી વધતાં... વધતાં... વધતાં... ચક્રવર્તી (થાય). ઓહો..! એક મનુષ્ય ચક્રવર્તી થાય છે. આ તો રાજા, .. રંક.. ખબર નથી. રામજીભાઈ કહે, આ રાજા .. પહેલા. એ મને અંગ્રેજીની ખબર નથી, એ કહેતા. આપણે રામજીભાઈ વકીલ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એમ કહેતા ને, રામજીભાઈ કહેતા. વકીલ મોટા ખરાને. આપણે રામજીભાઈ નહોતા? ભાઈ તો ઓળખે. બસ્સો રૂપિયાની .. વીસ વર્ષ પહેલા. બસ્સે રૂપિયા હોં! એક કેસના. કોર્ટમાં. પછી છોડી દઈને હવે ત્યાં સોનગઢના પ્રમુખ તરીકે રહે છે ને. અહીં ન આવ્યા. એનો દીકરો કલકત્તા છે ત્યાં ગયા. એ કહેતા હતા, રાજા અને .. રાજા થતા જ નહિ. એનું નામ તમે કીધું એવું કાંઈક કહેતા. મુખી.. મુખી. એવું કાંઈક લખ્યું. હવે તો .. હવે તો બધું સરખું થઈ ગયું. સાલિયાણા સરખા.

આ તો એવા ચક્રવર્તી હોય, જેને સોળ હજાર તો દેવ સેવા કરતા હોય છે. માણસની સેવા દેવ કરે. ઓહોહો..! એ કેવું પુણ્ય! એ આત્માની જ્ઞાન ભૂમિકાને ભાળી અને મહિમા સ્વભાવની થઈ છે અને રાગની મહિમા જેની દૃષ્ટિમાંથી ઉડી ગઈ છે, પુણ્યની મહિમા જેની દૃષ્ટિમાંથી નીકળી ગઈ છે, છતાં એ પુણ્ય એવા બાંધે કે ચક્રવર્તી થાય. સમજાણું કાંઈ? એવો શુભભાવ પુણ્યનો, દાનનો, ભક્તિનો, પ્રભાવનાનો ઈન્દ્રોને પણ આવે છે. અને એ પુણ્યના ફળમાં પાછા નીચે ચક્રવર્તી પુણ્ય થોડા .. ચક્રવર્તીપણે થાય છે. જેને ઘરે સોળ હજાર તો દેવ સેવા કરતા હોય છે. પણ .. ક્યાં હોય છે? અરે..! આ પુણ્ય અને પુણ્યના ફળ એમાં અમે નહિ, હોં! સમજાણું કાંઈ? અમે તો આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છીએ ને. અમારી ઋદ્ધિ તો અમારી પાસે છે ને. 'ચેતન રૂપ અનુપ અમૂરત...' ચેતન રૂપ અનૂપ હું છું એમ ધર્મીને ભાન હોય છે. 'ચેતન રૂપ અનૂપ અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરો.' હું તો પરમાત્માનો સ્વભાવ જે પૂર્ણાનંદનો પ્રગટ થયો છે, એવો મારો અંતર સ્વભાવ છે. 'ચેતન રૂપ અનૂપ અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરો.' ધીરૂભાઈ! નમો સિદ્ધાણં આવે છે કે નહિ? નમો સિદ્ધાણં. એ તો ઘડિયા બોલે, અર્થનો બહુ કઠણ ભાવાર્થ છે. એવા સિદ્ધ અશરીરી પરમાત્મા, એવો હું આત્મા અંતરમાં સ્વભાવમાં છું. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.'

મોહ મહાતમ આતમ અંગ કિયો પર સંગ ...
જ્ઞાનકલા ઊપજી અબ મોકૂ, કહું ગુણ નાટક આગમ કેરો,
તાસુ પ્રસાદ સધે શિવમારગ, વેગે મિટે ઘટવાસ વસેરો.

બનારસીદાસ એક મહા શ્રૃંગારી કવિ હતા. શ્રૃંગારી કવિ હતા. ઘણાં શ્રૃંગારી. એ પુસ્તકો ઘણા બનાવ્યા. એમાં થયો સત્સમાગમ અને થયું આત્માનું ભાન. એ તો શ્રૃંગારી હોય, પાપી

પહેલો હોય, એથી કરીને કાંઈ પાપી ફરી ન શકે એવું કાંઈ નથી. દુનિયા એમ કહે છે કે લ્યો, સો ઉંદર .. શું કહે છે? સો ઉંદર મારીને મીંદડી પાટે બેઠી. ધીરૂભાઈ! ગયા કાળમાં તો આ આવા પાપ કરતો. પાપ કરતો હતો, પણ ફરી શકે છે કે નહિ? આ ફરી શકે .. છે. સમજાય છે કાંઈ? દાખલો આપ્યો નહોતો પાણીનો? પાણીની શીતળતા એવી હોય છે કે અગ્નિના નિમિત્તે પાણી ઊનું થાય. ફદફદિયા પડે એવું ઊનું. પણ એ પાણીનો બોઘડો જો ઊંધો વાળે એવા ને એવા.. તો એ પાણીમાં એવી ઠંડક છે અને શક્તિ છે કે ઉછળતા વખતે પણ એ શક્તિનો નાશ થયો નથી. એવું પાણી ઊનું ધગધગતું હોય, અગ્નિના નિમિત્તે ઉષ્ણ થયું, ગુલાંટ મારે તો અગ્નિનો ગારો કરે. કાંતિભાઈ!

એમ ભગવાન આત્મા દેહદેવળમાં બિરાજતો પ્રભુ ચૈતન્ય આનંદ શીતળતાનો ભંડાર ભર્યો છે. એની દશામાં-હાલતમાં-પર્યાયમાં-અવસ્થામાં-ભલે વિકાર હોય. એ વિકારથી ખદબદ, ખદબત ઉના દેખાય. સમજાય છે કાંઈ? પણ એ વિકારને ટાળવાની તાકાત રાખીને તત્ત્વ પડ્યું છે. એ દૃષ્ટિ આપીને સ્થિરતા થાય તો વિકાર ક્ષણમાં નાશ થાય. પન્નાલાલજી! પણ ભરોસો માણસને નથી. અરે..! પણ હું આવો? બીડી વિના ચાલે નહિ, .. ચાલે નહિ. એક અડદની દાળ સરખી સદડી છાશ ને દાળ સરખી ન થઈ હોય તો ઢિંચણિયા છૂટે. ... ધાનના ધૂળ કરી નાખો છો. તમે કહો ત્યારે લાવીને આપીએ છીએ.. એમ બોલે, દરબાર! તમે કહો ત્યારે આપીએ છીએ, તુરની દાળ આવી, ચોખા આવ્યા.. અત્યારે તો શું કહેવાય તમારે વાસાવડના? પહેલા ઉકા ચોખા આવતા. .. પહેલા આવતા ભાઈ! ..ના ચોખા. પહેલા પચાસ વર્ષ કુંથાના બહુ ઊંચા ચોખા. ઝીણા હતા બહુ ઝીણા. અમારે તો ત્યાં દુકાન ઉપર લાવતા ને. ખાતા ઈ. આ પચાસ વર્ષ પહેલાની વાત છે. કુંથાના બહુ ઝીણા થતા.

કહે છે કે એ કુંથાના ચોખા અને વાસાવડના ચોખા, એની મીઠાશ જગતને લાગે. આહાહા..! અરે..! ભાઈ! એ ચીજમાં સ્વાદ નથી અને તેમાં થતા રાગમાં પણ સ્વાદ નથી. સ્વાદ તો તારા સ્વભાવમાં છે. એવા સ્વભાવની જેને ખબર છે, એની દૃષ્ટિ થઈ છે એને પુણ્ય અને પાપની પ્રીતિ, રુચિ છૂટે. છતાં પુણ્ય થયા વિના રહે નહિ. ભક્તિને કાળે ભક્તિ ઈન્દ્રો આવીને, ભગવાન સર્વજ્ઞ પરમાત્મા જન્મે ત્યારે ઈન્દ્રો આવીને ઘુઘરા બાંધીને નાચે. ભગવાનજીભાઈ! શરમ નહિ આવતી હોય? સમજાણું? જુઓ! .. મૂળચંદજી. આ મુળચંદજી ભક્તિ કરાવશે. છે ચાંદીના વેપારી. .. શું ખાશે? કહો, ઘુઘરા બાંધશે ને .. હાર-બાર પહેરેશે ને.. રસ્તામાં હાથીનો.. નીકળશે ને ત્યારે ખટારામાં બરાબર .. લગાવશે. એ ભાવ પૂર્ણાનંદની પ્રાપ્તિ જે સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ તીર્થંકર આદિ સર્વજ્ઞોને થઈ, એની ભક્તિનો ઉલ્લાસ પણ જ્ઞાનીને હોય છે. અરે..! .. અજ્ઞાનીને પણ આવ્યા વિના રહે નહિ.

અહો..! આ મનુષ્યદેહ પામી અને આત્મા પોતાના સ્વભાવને સમજે નહિ અને સ્વભાવને સમજવા પહેલા પણ રાગની મંદતાના કષાયની મંદતાના લોભની કમીના ભાવ ન કરે તો

એણે મનુષ્યપણું પામીને શું કર્યું? આમ તો કૂતરાય પેટ ભરે છે. રાજા પણ પેટ ભરે અને કૂતરા પણ પેટ ભરે. અહીં તો કહે છે કે ચક્રવર્તી એ થાય છે. એવા પુણ્યના ફળ એના .. હોય. સમજાણું? ચક્રવર્તી.. શું કહે છે? ધર્મી જીવની દૃષ્ટિ આત્મા ઉપર હોવા છતાં એને પુણ્યના ભાવો આવા દાનમાં મુનિને.. વગેરે થાય. એના ફળ તરીકે ઈન્દ્ર, અહમઈન્દ્ર થઈને ચક્રવર્તી થાય. પછી તો છેલ્લે તીર્થંકર આદિ થાય એમ કહ્યું.

ત્રણ લોકના નાથ તીર્થંકર કહેવાય છે, જેને સો ઈન્દ્રો આવીને વંદન અને પૂજન કરે. એવા પુણ્યના ફળ તરીકે એને પદમાં મળે. આત્મા અમે તો આનંદ છીએ ને. આ ઋદ્ધિ પૂર્વના પુણ્યને લઈને મળી એમાં અમે નહિ, હોં! અને અમે જ્યાં છીએ ત્યાં પુણ્ય અને પુણ્યના ફળ અંતરમાં નથી. એવું ભાન રાખીને એને એવા ફળ મળે કે લક્ષ્મી વધતી વધતી તીર્થંકર સુધી વધે. પછી પૂર્ણ થઈને મોક્ષ પામે. પછી તો રાગ ... નાશ કરી આત્મા .... સર્વજ્ઞ રૂપી સરીતા સ્વભાવમાં એકાકાર થઈ, સર્વજ્ઞ દશામાં સમાઈ જાય એનું નામ મોક્ષ કહેવાય છે. સમજાણું કાંઈ?

બીજી વાત.

**प्रायः कुतो गृहगते परमात्मबोधः**
**शुद्धात्मनो भुवि यतः पुरुषार्थसिद्धिः।**
**दानात्पुनर्ननु चतुर्विधतः करस्था**
**सा लीलयैव कृतपात्रजनानुषंगात्।।१५।।**

જરી શું વાત કરે છે આચાર્ય? જંગલમાં સંતો હતા. દિગંબર મુનિઓ, જેને એક વસ્ત્રનો તાણો નહિ અને કમંડળ, મોરપીંછી. જંગલમાં વસતા આત્માના આનંદને ખોલતા હતા. અંતરના આનંદ અતીન્દ્રિય રસને ખોલતા હતા એકાકાર થઈને. એટલી દશા જેને આનંદની હતી. એ આનંદમાં ઝુલતા જરી વિકલ્પ આવ્યો, જગતના ઉદ્ધાર માટે થોડી વાત તો કરું દાનની. અહીં આચાર્ય કહે છે એ આચાર્ય જંગલમાં વસનારા હતા.

કહે છે કે '**ઈસ પરમાત્મા કો જ્ઞાન સે ધર્મ, અર્થ, કામ, મોક્ષરૂપ ચાર પુરુષાર્થોંકી સિદ્ધિ હોતી હૈ. ઉસ પરમાત્મા કા જ્ઞાન સમ્યગ્દષ્ટિકો ઘર મેં રહકર કદાપિ નહીં હો સકતા.**' શું કહે છે? ગૃહસ્થાશ્રમમાં રહીને કેવળજ્ઞાન ન થઈ શકે. સમજાય છે કાંઈ? શું કહે છે? ગૃહસ્થાશ્રમમાં આત્માનું ભાન નથી થઈ શકતું. અને એમાં રાગની મંદતાથી ભક્તિ આદિથી પુણ્ય બંધાય છે. પણ પૂર્ણ પદ... ગૃહસ્થાશ્રમમાં રાગ હોય છે. હજી સ્ત્રી, કુટુંબ પ્રત્યે રાગ થાય છે. તો કહે છે કે એમાં પરમાત્માપદ પ્રાપ્ત થઈ શકતું નથી. સમજાય છે કાંઈ?

કહે છે કે '**સમ્યગ્દષ્ટિ કો ઘરમેં રહકર કદાપિ પરમાત્મપદ કી પૂર્ણ પ્રાપ્તિ નહીં હો સકતી. પરંતુ ઈન પુરુષાર્થોંકી સિદ્ધિ ઉત્તમ આદિ પાત્રોં કો..**' ધર્મીજીવ, ધર્માત્મા,

આત્મજ્ઞાન, સમ્યગ્દૃષ્ટિ .. સ્વરૂપની રમણતા કરનાર ચારિત્રવંત હોય એવા પુરુષોને .. આહાર, ઔષધ, અભય અને શાસ્ત્ર. ચાર પ્રકારના દાન ધર્મી કરે તો તેને ... પુણ્ય ઉપાર્જન કરે છે. સમજાય છે કાંઈ? આહાર. ક્ષુધાવંતને, મુનિઓ ધર્માત્મા આદિને આહાર આપે છે. બહુ .. ભક્તિ.. કરુણાથી નહિ. જેની ભક્તિ હોય એની કરુણા ન હોય. જેની દયા ખાવા જેવી હોય એની કરુણા હોય. આહાહા..!

ધર્માત્મા પુરુષને દેખીને બહુમાન (આવે), ધન્ય અવતાર! આજ મારે ઘરે કલ્પવૃક્ષ આવ્યું. મહા આત્મજ્ઞાન ધર્મને પામેલા જીવો સ્વરૂપના સાધક. સાધુ એટલે સ્વરૂપના સાધક. સહજાનંદ પ્રભુ આત્મા, એને સાધતા... સાધતા... સાધતા.. જે અખંડ દશા હોય એવા ધર્માત્માને દેખીને કહે છે કે ધર્માત્મપદ ગૃહસ્થાશ્રમમાં ન થઈ શકે પણ આહારદાનનો ભાવ તો એને હોઈ શકે. ઔષધ. ઔષધ.. ઔષધ. રોગાદિ હોય તો ઔષધ (આપે). અભય-પ્રાણીને કોઈને ન મારો.. ન મારો. અભય. અને શાસ્ત્ર. એ ચાર દાન. શાસ્ત્રદાન.

આહાર દાનમાં એક ટંકની ક્ષુધા કરે, અંતરમાં રોગનો ત્યાગ થાય, અભયમાં એક ભવના જીવન પ્રાણનો નાશ ન થાય અને શાસ્ત્રદાન અનંતા ... જીવનનો અભાવ કરીને આત્મજ્ઞાન પમાડે એવું શાસ્ત્રજ્ઞાન. ... એવા શાસ્ત્રરૂપ '**શાસ્ત્રકાર કે દાનકે દેનેસ પલભર મેં હો જાતી હૈ.**' પુણ્ય પણ થાય, પુણ્યને લઈને લક્ષ્મી મળે, લક્ષ્મીને લઈને વિષયોની સામગ્રી પણ મળે અને મોક્ષ થવાના નિમિત્તો મનુષ્યદેહ,.. આ હાડકા-હાડકા. આપની ભાષામાં વજ્ર. તમારી ભાષામાં વજ્રકાય કહે. વજ્રઋષભનારાચ. હાડકા એવા મજબૂત મળે હોય તો .. ઉપર ફરે તો હાડકું તૂટે નહિ. એવા જીવને.. પુણ્યને લઈને...

જુઓ! બાહુબલજી. ઋષભદેવ ભગવાનના પુત્ર. છે ને? શ્રવણબેલગોલા. દસ આશ્ચર્યમાનું એક નવમું આશ્ચર્ય છે. ૫૭ ફૂટની પ્રતિમા. નગ્ન દિગંબર. શ્રવણબેલગોલા. મોટા હિન્દુસ્તાનના નેતાઓ અને બહાર દેશના નેતાઓ જેને જોવા આવે છે. જવાહરલાલજી પણ ગયા હતા. જવાહલાલ. આમ જોતા જોતા એવી કોઈ પ્રતિમા... હજાર વર્ષ પહેલાની ડુંગર ઉપર ૫૭ ફૂટની ઊંચી. ... સરકારે હાથ કરી લીધી. કેમ? કે કોઈ આને નુક્સાન ન કરે. એવી ઐતિહાસિક ચીજ. ... મોટા રાજા પુણ્યના પુતળા હતા. મણિરત્નથી ઘડ્યા જાણે શરીર હોય એવા તો શરીર હતા. અને અંતર પવિત્રતા, એટલી એટલી પવિત્રતા.. એકવાર ... મોટા મોટા .. ઓહોહો..! આનામાં કાંઈ વીતરાગતા દેખાય છે! શેઠી! ૫૭ ફૂટ. એક પત્થરની હોં! એક પત્થરની. .. મોટો ડુંગર છે. ડુંગર ઉપર પહેલા તીર્થંકરના બીજા પુત્ર. પહેલા ભરત ચક્રવર્તી બીજા બાહુબલી. પંડિતજી! જોઈ છે? નથી જોઈ. અમે તો ત્રણ દિવસ ગયા હતા. બે કલાક જોઈ.

પછી મને કોઈએ પૂછ્યું કે મહારાજ! શું જોયું તમે ત્રણ દિ'માં? આ જોયું મેં.. ... .. પણ શ્રવણબેલગોલા ગામ છે. મૂડબિદ્રી નહિ. મૂડબિદ્રીમાં તો નાની નાની પ્રતિમાઓ

છે. મૂડબિદ્રીમાં તો પહેલી નાની પ્રતિમાઓ છે. હીરા-માણેકની કરોડોની પ્રતિમાઓ છે. નાની નાની હીરાની, માણેકની. એ તો મૂડબિદ્રી. આ તો શ્રવણબેલગોલા. .. અમે ગયા છીએ. ત્રણ દિ' રહ્યા છીએ ત્યાં. .. બધે ચારે કોર ફર્યા છીએ, હિન્દુસ્તાનમાં ..

અહીં તો બીજું કહેવું હતું, એ બાહુબલીજી ધ્યાનમાં ઊભા છે આમ. એ તો મોટા શરીર હતા. પહેલા તો પાંચશે ધનુષનું શરીર હતું. લોકોને બેસવું કઠણ પડે. ધીરૂભાઈ! સાંભળ્યુ છે પાંચસો ધનુષ? એક ધનુષ ચાર હાથનો. દસ હજાર હાથવાળું. .. પાંચ પાંચ લાખ.. ઈતિહાસમાં.. ધ્યાનમાં મસ્ત. ઉપરથી વીજળી પડે તો પણ ચળે નહિ. એવી સ્થિતિમાં એટલું .. કર્યું પણ જરી એક રહી ગયું મગજમાં કે આ પૃથ્વી ભરતની છે.

બે ભાઈને લડાઈ થઈ હતી. ... રાગ છે ને સંસારનો. લડાઈ થઈ હતી એમાં ભરત ચક્રવર્તી હતા એ હારી ગયા હતા. નહિતર તો મોટા ચક્રવર્તી છે, ન હારે. પણ આનું જબરું પુણ્ય ને.. હારી ગયા પછી પોતે દીક્ષા લીધી. મોટા ભાઈની હાર થઈ, આ સંસાર? છોડ સંસાર. ... ધ્યાનમાં મસ્ત. અંતરની નિધિને ખોજવા.

અહીં શું કહેવું છે? એવું .. લીનતા ક્યારે થાય? એવા શરીર મજબૂત છે એ વખતે એમ કહેવું છે અહીં તો. હાડકા એટલા મજબૂત કે બાર મહિના .. અહીં તો બે ઘડી આમ બેસવું હોય તો કહે કડ દુઃખે છે. બાર મહિના સુધી આમ. હાથમાં વેલડિયું વીટાણી. પ્રત્યક્ષ દેખાય એવું છે. મૂર્તિ તે મૂર્તિ છે.

કોઈએ પૂછયું મને કે શું મહારાજ તમે જોયું? બે જોયું. એની આકૃતિમાં પુણ્યની અથાગતા અને અંતરની એકાગ્રતામાં પવિત્રતાની અથાગતા. વિરજીભાઈ! અંતરમાં એના અથાગ ભાનની પવિત્રતાની અથાગતા અને શરીરની આકૃતિમાં પુણ્યની અથાગતા. કેમ કે રાજકુમાર હતા ને. એ રાજકુમાર તો મોટા .. આ તો સાધારણ.. એકલા પુણ્યના પુતળા. બીજું મારે તો કહેવું છે. એને કેવળજ્ઞાન લેવા ટાણે દેહમાં હાડકા મજબૂત હોય છે. એને વજ્રનારાજ સંઘયણ કહે છે. વજ્ર એટલે હીરા. સમજાય છે? હીરાના એ .. અંદર નાખ્યા હોય. હોય તો હાડકા. પણ હાડકાની મજબૂતાઈ એવી કે ઉપર ગાડા ફરે તો ટૂકડા થાય નહિ. એવા સંઘયણ મળે ક્યારે? કે પૂર્વના પુણ્ય હોય ત્યારે. અને .. ફળમાં .. ઉતરે છે અંદરથી. એક ક્ષણમાં એકાકાર થઈને સર્વજ્ઞ પરમાત્મા અસંખ્ય પ્રદેશે દીવડા થઈ જાય. ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન અને પૂર્ણાનંદની પ્રાપ્તિ. એને મુક્તિ કહે છે. એ મુક્તિ કાળે એને શરીરની હાડકાની મજબૂતાઈ પૂર્વના પુણ્યને લઈને હોયા વિના હોય નહિ. હાડકાની .. મજબૂતાઈ ન હોય તો એને કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાની પણ યોગ્યતા ન હોય. સમજાણું કાંઈ?

એની વાત કરે છે. એવી દશા.... શાસ્ત્ર દાન, અભય દાન, ઔષધ દાન, આહાર દાન. એને જેવા .. પુણ્ય બંધાય એને ભવિષ્યમાં આવા મજબૂત સંઘયણો આદિ મળે અને પોતાનું ધ્યાન પોતામાં .. થઈને કરે. હાડકાની વાત શું કરવા કરી? કે આ પુણ્ય એવું બાંધે છે.

.. છે તો પોતાથી. સમજાય છે? એક મોર હોય ને મોર? એ મગનો ઢગલો હોય અને બેઠો હોય. એ પાંખોથી ઉડવા જાય તો ન ઉડી શકે. કેમ કે હેઠે એને કઠણ નિમિત્ત નથી. આમ કરવા જાય તો .. પણ જ્યાં પત્થર કે લાકડી હોય અને .. ઉડવા જાય, ... થઈને ઊડી જશે. એમ છે તો તાકાત એની. એમ આત્મામાં કેવળજ્ઞાનની તાકાત એ આત્મામાં છે. પણ એના હાડકા એવા મજબૂત હોય કે બે પાંખોથી ઉડે અંદર સમ્યગ્દર્શન અને ચારિત્ર. સ્વરૂપની રમણતા કરતાં અંદર ઉડે, એને આવું સંઘયણ નિમિત્ત તરીકે હોય છે. પંડિતજી! છતાં એ સંઘયણને લઈને .. .. એમ નથી. પણ એવા પૂર્વના પુણ્ય એવા બાંધેલા ધર્મી જીવને હોય તો એવા સહજ શરીર સુંદર, હાડકા મજબૂત અને બધી સામગ્રી અનુકૂળ હોય, છતાં તેનો રુચિ અને પ્રેમ છોડી અને આત્માના અનુભવને વારંવાર કરતા હોય છે. એ જીવો મોક્ષ અલ્પકાળમાં પામે છે.

તો કહે છે કે '.. **પુરુષાર્થોં કે અભિલાષી સમ્યગ્દષ્ટિ કો ઉત્તમ આદિ પાત્ર મેં અવશ્ય દાન દેના ચાહિયે.**' જરૂર ધર્માત્માને, ધર્મી જીવોને એ ... દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરવી અને આ દાન આ પ્રકારનું કરે તો એના પુણ્યના ફળમાં આ પદવી મળે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)